॥ नमोऽस्तु तस्मै जिनशासनाय ॥

श्रुतकेवलि श्रीशय्यंभवसूरिविरचितं

# ॥ श्री दशवैकालिकसूत्रम् ॥

**સભાષાંતર ભાગ-૧ (અધ્ય. ૧)**

નિર્યુક્તિકાર : શ્રુતકેવલી શ્રીભદ્રબાહુસ્વામી
વૃત્તિકાર : ૧૪૪૪ ગ્રન્થરચયિતા શ્રીહરિભદ્રસૂરિજી

**પ્રેરક**

**સિદ્ધાન્તમહોદધિ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સાહેબનાં**
શિષ્યરત્ન
**પ.પૂ.પં. ગુરુદેવશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**

પ્રકાશક
**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
અમદાવાદ

ભાષાંતરકર્તા
**મુનિ ગુણહંસવિજયજી**

સંશોધનકર્તા
**મુનિ ભવ્યસુંદરવિજયજી**

**પ્રકાશક :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન
૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ,
રીલિફ રોડ, અમદાવાદ-૧
ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

**લેખક :**

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબનાં વિનેય
**પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**નાં શિષ્ય
**મુનિશ્રી ગુણહંસવિજયજી**

પ્રથમ પ્રકાશન : વિ.સં. ૨૦૬૬ તા. ૧૫-૧૨-૨૦૦૯
નકલ : ૧૦૦૦

સૂચના : આ પુસ્તક જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલ હોવાથી પુસ્તકનું મૂલ્ય જ્ઞાનખાતે ચૂકવીને માલિકી કરી શકાય.

**મૂલ્ય રૂા. ૨૫૦/-**

**ટાઈપસેટીંગ :**

**અરિહંત ગ્રાફિક્સ**

ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ.

**મુદ્રક :**

**ભગવતી ઓફસેટ**

બારડોલપુરા,અમદાવાદ.

# સમર્પણમ્...

જેઓએ અનેક આગમધરોની ભેટ જિનશાસનને આપી છે.
જેઓએ કરાવેલા આગમામૃતપાનનાં ઓડકાર હજુ પણ ચાલુ જ છે
એવા

પ.પૂ. સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ, આદર્શગચ્છાધિપતિ,
પૂ. ગુરુદેવશ્રી

**આ. પ્રેમસૂરીશ્વરજી મ.સાહેબજીને**

મારો આ પ્રયાસ અર્પણ કરતાં ધન્યતા અનુભવું છું.

લિ. કૃપાકાંક્ષી ગુણહંસવિ.

# પ્રસ્તાવના

દશવૈકાલિક સૂત્ર !

પરમ પાવન પિસ્તાલીશ આગમોમાંનું એક અતિસુંદર આગમ !

૨૧૦૦૦ વર્ષ પાંચમા આરાનાં અંત સુધી જે અખંડ પણે ટકશે !

એનો મહિમા અપરંપાર છે, એ તો એના પરથી જ જણાઈ આવે કે ચૌદપૂર્વધર - શ્રુતકેવલિ - શય્યંભવસૂરિ મહારાજાએ, માત્ર છ મહિનાનું જેનું આયુષ્ય શેષ હતું, તેવા પોતાના દીક્ષિત પુત્ર 'મનક'નાં કલ્યાણને માટે પૂર્વોમાંથી તેને ઉદ્ધૃત કર્યું !

કેવા સુંદર પદાર્થો હશે એમાં, જેને ભણવાથી ૬ મહિનામાં સાધુજીવનનો સાર સમજાઈ જાય...આત્મકલ્યાણ નિશ્ચિત થઈ જાય !

આજે પણ એનો મહિમા અખંડ છે - એના ચાર અધ્યયન અર્થસહિત ભણાય નહીં ત્યાંસુધી મહાવ્રત આરોપણ (વડીદીક્ષા) ન કરવાની પરંપરા છે... એનું પાંચમું પિંડૈષણાઅધ્યયન અર્થસહિત ભણ્યા વિના ગોચરી જવાનો અધિકાર નથી મળતો.

એનું સાતમું વાક્યશુદ્ધિ અધ્યયન અર્થસહિત ભણ્યા વિના દેશના આપવાનો - અરે ! બોલવાનો પણ અધિકાર નથી મળતો... ટંકશાળી અને અર્થશાલિ છે એના વચનો... દરેક સાધુભગવંતે અવશ્ય ભણવા - ગોખવા - સમજવા - ઉતારવા જેવા.

પણ, આ તો ચૌદપૂર્વધર મહર્ષિનાં વચનો...ગંભીર, રહસ્યભરપૂર... અલ્પમતિ એવા આપણે તેનો તાગ શી રીતે પામી શકીએ ?

ઉપકાર કર્યો આપણા પર પૂર્વર્ષિઓએ...ભદ્રબાહુસ્વામી મહારાજાએ...નિર્યુક્તિ રચીને...અગત્સ્યસિંહસૂરિએ ચૂર્ણિ રચીને... હરિભદ્રસૂરિઆદિ મહાપુરુષોએ ટીકાઓ રચીને...

આ વિવરણો પ્રમાણમાં સરળ છે. તાર્કિકશિરોમણિ હરિભદ્રસૂરિ મ.સા.ની ટીકા સૌથી વિસ્તૃત છે. ખૂબ સુંદરપદાર્થો છે, તેમાં...

છતાં, પડતાં કાળને કારણે પ્રાથમિક અભ્યાસીઓને તે પણ સમજવું કઠિન પડે, તે સંભવિત છે.

અને એટલે અનુવાદકાર પૂ.મુ.શ્રી ગુણહંસવિજયજી મ.સા. સરળ ગુજરાતી ભા માં તેનો અનુવાદ પ્રસ્તુત કરી રહ્યા છે.

સ્વયં ઉચ્ચકક્ષાનાં વિદ્વાન્ હોવા છતાં, આવા પ્રાથમિક ગ્રંથ ઉપર અનુવાદ લખવા માટે આટલો પરિશ્રમ વેઠે છે, સમયનો ભોગ આપે છે, તે તેમની પ્રાથમિક અભ્યાસુઓ પરની કરૂણાનું પરિણામ છે. વર્તમાનકાળે અભ્યાસની રૂચિ ધરાવનારાઓને પણ અભ્યાસ કરાવનાર અધ્યાપકોનો સંયોગ સરળતાથી નથી થતો, તેવું ઘણીવાર જોવા મળે છે અને સ્વયં અભ્યાસ કરવામાં કઠિન સ્થળો એ અટકી જવાથી હતોત્સાહ થઈ જાય છે.

એ સમસ્યાનું નિરાકરણ કરવા જ આ અનુવાદ પ્રસ્તુત થઈ રહ્યો છે.

પૂ. હરિભદ્રસૂરિ મહારાજની કઠિન પંક્તિઓને વિસ્તારથી સરળભાષામાં રજૂ કરવા તેમણે ઘણો પુરુષાર્થ કર્યો છે, તે અનુવાદ જોતાં જ સમજાઈ જશે.

પ્રત્યેક સાધુ-સાધ્વીજી ભગવંતો અવશ્ય આ ગ્રંથનો તલસ્પર્શી અભ્યાસ કરે તો તેમનું જીવન સંયમની સુવાસથી મહેંકી ઊઠે, તે બાબતમાં કોઈ શંકા નથી...એટલે મારા સહિત સહુ આ ગ્રંથને ભણે, અને તેમાં આ અનુવાદ સહાયકસાથીની ગરજ સારે... અને તેના દ્વારા વિશુદ્ધસંયમજીવનની પ્રાપ્તિ કરી, પરમપદને નજીક લાવે, એ જ શુભાભિલાષા...

લિ.

મુનિ ભવ્યસુંદરવિજય

* * * नमोऽस्तु तस्मै जिनशासनाय * * *

# બે શબ્દો

દશવૈકાલિક જેવા મહાન સૂત્રની રચના કરી છે ચૌદપૂર્વધર શ્રી શય્યંભવસૂરીશ્વરજી મહારાજાએ ! એના ઉપર નિર્યુક્તિની રચના કરી છે ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીજીએ !

ચૂર્ણિની રચના કરી છે શ્રી જિનદાસગણિમહત્તરજીએ !

.વૃત્તિની રચના કરી છે ૧૪૪૪ ગ્રન્થરચયિતા શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ !

હજારો વર્ષો પૂર્વેનું આ અણમોલ સાહિત્ય કાળના પ્રવાહમાં ક્યાંય ખતમ ન થઈ જાય અને આપણાં સુધી પહોંચે એ માટે એની સુરક્ષા કાજે જબરદસ્ત ભોગ આપ્યો છે હજારો શ્રમણ-શ્રમણીઓએ અને શ્રાવક-શ્રાવિકાઓએ !

મારા જેવા સાધુ પણ આનું ભાષાંતરાદિ કામ સારી રીતે પાર પાડી શકે એ માટે કૃપાબળ-પીઠબળ પૂરું પાડ્યું છે પરમોપકારી પૂજ્યપાદ ભવોદધિતારક ગુરુદેવશ્રીએ !

ભાષાંતરમાં ભૂલો ન રહી જાય એ માટે અક્ષરશઃ બધું જ તપાસી આપવાનો અનહદ ઉપકાર કર્યો છે પૂજ્યપાદ શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ.સાહેબના શિષ્ય મુનિરાજ ભવ્યસુંદરવિજયજીએ !

ત્રણ-ત્રણ પ્રુફો જોવા - ક્રમશઃ ગોઠવવા... વગેરે વગેરે અતિ મહેનત અને ઘણો લાંબો સમય માંગી લેતું કપરું કામ સહર્ષ વધાવી લઈને સંપૂર્ણ કરી દીધું છે વિદ્યાશિષ્ય મુનિરાજ રાજહંસવિજયજીએ !

પ્રકાશનનાં કાર્યમાં ખૂબ ઉલ્લાસથી સહકાર આપ્યો છે તે કમલ પ્રકાશનનાં ગુણવંતભાઈ અને તેમની પ્રેસની ટીમે !

આવી તો ઢગલાબંધ સહાય બાદ જે કામ શક્ય બન્યું છે, એમાં ભાષાંતરકર્તા તરીકેનો યશ લેવાનો મને કોઈ જ હક નથી. આ આખાય કાર્યમાં મારા ભાગે તો ૧% જેટલો ય હિસ્સો માંડ આવે... એટલે જો આ કાર્ય ખરેખર સારું થયેલું લાગે, ઉપયોગી લાગે તો એનો યશ મને આપવાને બદલે આ તમામ ઉત્તમ આત્માઓને જ આપવો એવી મારી નમ્ર વિનંતી છે. હા ! જે કંઈ ક્ષતિઓ હશે, એ મારી જ હશે એ પણ નિશ્ચિત હકીકત જાણવી.

વર્તમાન ૧૫ હજાર સાધુ-સાધ્વીજી ભગવંતો અઘરી ભાષાદિને કારણે આ ગ્રન્થનાં અમૂલ્યપદાર્થોથી વંચિત ન રહી જાય, એ માટે તેઓને ગુજરાતી ભાષામાં સ્પષ્ટતાવાળું ભાષાંતર આપવું જરૂરી લાગ્યું, માટે જ આ ભાષાંતર કર્યું છે. બાકી તો સંયમીઓ

સંસ્કૃતમાં જ અભ્યાસ કરે, ભાષાંતરને ન અડે એ જ અમને ઈષ્ટ છે. ભાષાંતર વિના વૃત્તિ નહી સમજી શકનારાઓ માટે જ આ ભાષાંતર છે, એ ખાસ ધ્યાનમાં લેવું. વળી જો અધ્યાપન કરાવનાર સદ્ગુરુનો યોગ મળે તો એમની પાસે જ જ્ઞાન મેળવવું... એ ન મળે તો જ નાછુટકે ભાષાંતરના સહારે વાંચન કરવાનું છે.

આ ભાષાંતરમાં નિક્ષેપાદિની સમજમાં સરળતા રહે તે માટે પૂ.પં.શ્રી હીરચંદ્રવિજયજી મ.સાહેબના શિષ્યવૃંદે તૈયાર કરેલ અધ્યયનપ્રમાણેના કોષ્ઠકો પણ લીધા છે. કોષ્ઠક તૈયાર કરનાર મહાત્માનો પણ હું સબહુમાન આભાર માનું છું.

પ્રાંતે આ આખાય ભાષાંતરમાં મહાપુરુષોની ઈચ્છા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો મન-વચન-કાયાથી ત્રિવિધે-ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં......

લિ.

મુનિ ગુણહંસવિજય

ભા.સુ. ૧૩ સં. ૨૦૬૫

નમોઽત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

# ખાસ ધ્યાન રાખો...

આ ગ્રંથ વાંચનના અધિકારી યોગોદ્વહન કરી ચૂકેલા પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો જ છે.

તેથી ગૃહસ્થોએ આ ગ્રંથ વાંચવો નહીં.

અનધિકૃત વાંચન જ્ઞાનવરણીય-મોહનીય વિ. કર્મોના બંધ દ્વારા સંસારવર્ધક હોવાથી અહિતકર છે.

પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોએ પણ મુખ્યતયા ગીતાર્થ ગુરુભગવંતો પાસે જ અભ્યાસ કરવાનો છે.

પરંતુ જેમને તેવા સંયોગો ઉપલબ્ધ નથી. તેઓ, પોતાના ગુરુવર્ગની અનુજ્ઞા લઈને આ અનુવાદની સહાય લઈને અભ્યાસ કરી શકે છે.

આ ગ્રંથ માત્ર વાંચી જવા માટે નથી. સાંગોપાંગ અભ્યાસ, ગાથાઓ - અર્થો - પદાર્થોને ગોખીને ઉપસ્થિત કરાશે, તો સંયમજીવનમાં અત્યંત ઉપકારી બનશે.

# પ્રથમો વિરામઃ

-મુનિ રાજહંસવિજય

"શ્રુતકેવલીશ્રી શય્યંભવસૂરિજીએ સંસારીપણાંનાં પોતાના પુત્ર બાળમુનિ મનકનાં શ્રેયને માટે શ્રી દશવૈકાલિકસૂત્રનો પૂર્વોમાંથી ઉદ્ધાર કર્યો અને એના અધ્યયન દ્વારા માત્ર છ મહિનાનાં ટૂંકા ગાળામાં બાળમુનિ પોતાનું કલ્યાણ સાધી ગયા અર્થાત્ સદ્ગતિગામી થયા."

આ વાત ઘણીવાર ગુરુવર્યો પાસે સાંભળતા આત્મહિતનાં સાધકોને પ્રશ્ન થાય કે "માત્ર છ મહિનાનાં ટૂંકા ગાળામાં મનકમુનિએ આ સૂત્રનાં અધ્યયનથી આત્મહિત સાધી લીધું પણ એવું તે શું આ ગ્રંથમાં ગ્રંથકાર પરમર્ષિએ ગુંથ્યું હશે કે જેના અધ્યયને તેઓ આટલા ટૂંકાકાળમાં આત્મહિત સાધી શક્યા ?"

આત્મહિતનાં સાધકોને આ પ્રશ્નનો ઉદ્ભવ થવો સહજ છે પણ આ પ્રશ્નનો ઉત્તર આ ગ્રંથનાં અધ્યયન-પરિશીલન દ્વારા મળી રહે છે. આ ગ્રંથમાં ગ્રંથકારપરમર્ષિએ કઈ કઈ વાતો કહી છે ? એમ ન પૂછો. પણ કઈ કઈ વાતો નથી કહી એમ કહો... અર્થાત્ દશઅધ્યયનોનાં માધ્યમે ગ્રંથકારશ્રીએ તમામ સાધુચર્યાને બતાવી દીધી છે. ગ્રંથકારશ્રીએ કેમ રહેવું, કેમ વર્તવું, કેમ બોલવું, ગોચરચર્યા કેમ કરવી, ગુરુનો વિનય કેવો કરવો એ તો બતાવ્યું જ છે ઉપરાંત કર્મવશ સંયમમાં ઉદ્વિગ્ન થયેલા અને તેથી જ સંયમપરિત્યાગ કરીને સંસારપ્રવેશ કરવા તૈયાર સંયમીને પણ સંયમત્યાગ અને સંસારગમનનાં અપાયો દેખાડીને **रुक जाओ** ની લાલબત્તી દેખાડીને સંયમીનાં આલોક-પરલોક બંનેની રક્ષા કરી છે.

આ તમામ વાતો ગ્રંથકારપરમર્ષિએ તો કરી જ છે. પણ તે જ વાતોના રહસ્યાર્થને શ્રુતકેવલીશ્રી ભદ્રબાહુસ્વામીજીએ નિર્યુક્તિ અને સૂરિપુરંદરશ્રી હરિભદ્રસૂરિજીએ બૃહદ્વૃત્તિ રચીને પ્રગટ કર્યા છે. એ રહસ્યાર્થનો બોધ કરવા આ ગ્રંથનું સાદ્યંત પરિશિલન દરેક આત્મહિતસાધક સંયમીએ કરવું જ રહ્યું !!!

### અધ્યયન-૧

સૂત્રરચનાની અપેક્ષાએ એકદમ અલ્પ સૂત્રોમાં આ અધ્યયન ગુંથાયું છે છતાં આમાં ગ્રંથકારશ્રીએ ગૂઢાર્થોનો મહાસાગર મૂકી દીધો છે... આ અધ્યયનમાં નિર્યુક્તિ-૩૭માં નિર્યુક્તિકારે દ્રુમપુષ્પિકાનાં સમાનાર્થી ખૂબ સુંદર દર્શાવ્યા છે.

નિ.૪૯ - માં જિનવચન આજ્ઞાસિદ્ધ અને તર્કસિદ્ધ છે. અર્થાત્ દરેક જિનવચન તર્કથી

પણ સિદ્ધ = સાબિત થઈ શકે પણ શ્રોતાને આશ્રયીને ક્યાંક આજ્ઞાથી સિદ્ધ કરાય અને ક્યાંક તર્ક = યુક્તિથી સિદ્ધ કરાય. આ પદાર્થ ખૂબ રોચક છે.

નિ. ૫૩ (૧) ચરિત, (૨) કલ્પિત એમ ઉદાહરણનાં બે ભેદ દર્શાવી કલ્પિતઉદાહરણમાં દાર્ષ્ટાન્તિકઅર્થપ્રતિપત્તિજનકત્વ છે એ દેખાડીને તેમાં ઉદાહરણત્વ સિદ્ધ કરી આપ્યું છે.

કલ્પિતઉદાહરણનો પદાર્થ ઉપદેશશૈલીમાં ખૂબ ઉપયોગી બને તેવો છે. નિ. ૫૩ થી નિ. ૮૫ સુધી ઉદાહરણનું તેના ભેદ-પેટાભેદના વર્ણનપૂર્વક ખૂબ વિસ્તારથી વર્ણન કરાયેલ છે.

નિ. ૮૬ થી નિ. ૮૮ સુધી યાપક, સ્થાપક, વ્યંસક, લૂષક એમ ચાર ભેદે હેતુનું ખૂબ સુંદર વર્ણન છે.

આ ઉપરાંત આ અધ્યયનમાં પંચાવયવી અને દશાવયવી અનુમાન દ્વારા "ધર્મ જ ઉત્કૃષ્ટ મંગલ છે." અને "જિનશાસનમાં જ સાધુઓ અહિંસાદિ ધર્મસાધનારા ે." આ બે પદાર્થોને વિદ્વદ્ભોગ્ય ન્યાયશૈલીમાં સુંદર રીતે દર્શાવાયા છે.

આ રીતે પ્રથમ અધ્યયનમાં ન્યાયશૈલીપૂર્વક પરમતનાં નિરાસન અને સ્વમતનાં સ્થાપનાદિદ્વારા દ્રવ્યાનુયોગ-ચરણકરણાનુયોગનું વર્ણન તાત્ત્વિકતાભર્યું કરાયું છે.

॥ श्री शय्यंभवसूरि - हरिभद्रसूरीश्वरजी सद्गुरुभ्यो नमः॥

॥ श्री दशवैकालिक सूत्रम् ॥

॥ वाचना दाता = पूज्य गुरुदेव पंन्यास श्री हीरचंद्र विजयजी महाराजा ॥

## द्रुमपुष्पिका प्रथम अध्ययन

**मंगलम्**
- नाम
- स्थापना
- द्रव्य
- भाव → श्रुतज्ञान मां अनुयोग
  - चरणकरणानुयोग (कालिकश्रुत)
  - धर्मानुयोग (उत्तराध्ययनादि)
  - गणितानुयोग (सूर्यप्रज्ञप्ति)
  - द्रव्यानुयोग (द्वादशांगी)

- १ निक्षेप → (नामादि)
- २ एकार्थिक → (पर्यायवाची)
- ३ निरुक्त → (व्युत्पत्ति)
- ४ विधि → (वक्ता-श्रोतानी)
- ५ प्रवृत्ति → (गुरु-शिष्य अप्रमत्त मां)
- ६ केण → (गुण संपन्न आचार्य वडे) → गुरुणा
- ७ कस्स → (सकल श्रुतज्ञाननुं) → दशवैकालिकस्य
- ८ तद्द्वारभेद → (उपक्रमादि)
- ९ लक्षण
- १० अर्हपर्षद्
- ११ सूत्रार्थ

**अर्थथी अनुयोग**
- १ अपृथक्त्वानुयोग → (एक ज सूत्र मां सर्व चरणादि नी प्ररूपणा)
- २ पृथक्त्वानुयोग → (कोईक सूत्र मां चरणकरणानुयोग ज, " " " धर्मकथानुयोग ज)

**दशवैकालिकस्य**
- १ दश
- २ काल
  - पिण्डार्थ (सामान्यार्थ)
  - विशेषार्थ

**द्रुमपुष्पिका**
- १ उपक्रम
- २ निक्षेप
  - १ ओघनिष्पन्न → १ अध्ययन, २ अक्षीणं, ३ आय, ४ क्षपणा
  - २ नामनिष्पन्न → द्रुमपुष्पिका
  - ३ सूत्रालापकनिष्पन्न
- ३ अनुगम
  - १ सूत्रानुगम
  - २ निर्युक्तिअनुगम
    - १ निक्षेपनिर्युक्ति
    - २ उपोद्घात निर्युक्ति → २४ प्रकारे
    - ३ सूत्रस्पर्शिकनिर्युक्ति
- ४ नय

**धर्म**
- १ नाम
- २ स्थापना
- ३ द्रव्य
  - १ आगम
  - २ नोआगम
    - १ ज्ञशरीर
    - २ भव्यशरीर
    - ३ तद्व्यतिरिक्त
      - १ द्रव्यधर्म (द्रव्यना पर्यायो)
      - २ अस्तिकायधर्म (धर्मास्तिकायादि ना रहेल धर्मो)
      - ३ प्रचारधर्म (आत्मा द्वारा विषय धर्म)
- ४ भाव
  - १ लौकिक → अनेक प्रकारे → [गम्य, पशु, देश, राज्य, पुरवर, गाम, गण, गोष्ठि, राजधर्म]
  - २ कुप्रावचनिक → सावद्य धर्म → [चरक, परिव्राजक]
  - ३ लोकोत्तर
    - १ श्रुतधर्म → [स्वाध्याय]
    - २ चारित्रधर्म → [यतिधर्म १० प्रकारे]

**मंगल**
- १ नाम → मंगल नाम
- २ स्थापना → मंगलनी स्थापना
- ३ द्रव्य → पूर्ण कलशादि
- ४ भाव → धर्म ज

**अहिंसा**
- १ नाम
- २ स्थापना
- ३ द्रव्य
- ४ भाव

| | द्रव्य | भाव |
|---|---|---|
| १ | ✓ | ✓ |
| २ | ✓ | × |
| ३ | × | ✓ |
| ४ | × | × |

चतुर्भंगी

१ एक पुरुषे मृग ने मारवा ना परिणामे मार्यो ते द्रव्य-भाव हिंसा।

२ एक पुरुष ईर्यासमिति पूर्वक चालता भूल थी कीडी आदि पर पग आव्यो।

३ एक पुरुषे मंदमंद प्रकाश मां दोरडा ने सर्प समजी मारवा लाग्यो।

# संजम

- १ जीव
  - १ पृथ्वी, २ अप, ३ तेउ, ४ वायु, ५ वनस्पति, ६ बेइ., ७ तेइ., ८ चउ., ९ पंचेन्द्रिय
  - आ जीवोनु संघट्टणादि मन-वचन-काया थी न करवुं.
- २ अजीव
  - १ पुस्तक दूष्य
    - ① गंडी
    - ② कच्छवी
    - ③ मुष्टि
    - ④ संपुटफलक
    - ⑤ छिवाडी
  - दूष्य
    - अप्रतिलेखित
      - ① तूली
      - ② उवधाणग
      - ③ गंडुवधाण
      - ④ आलिंगिणि
      - ⑤ मसूर
    - २ दुष्प्रतिलेखित
      - ① पल्हवि
      - ② कोयवि
      - ③ पावार
      - ④ णायतप
      - ⑤ दाढिगाली
  - तृण
    - ① शाली
    - ② व्रीहि
    - ③ कोद्रव
    - ④ रालक
    - ⑤ अरण्यतृण
  - * चर्म

## * चर्म

- १ अजा, २ एड, ३ गो, ४ महिषी, ५ मृग
- अपवाद पदे
  - ① तालिका
  - ② खल्लक
  - ③ वर्ध
  - ④ कोशक
  - ⑤ कृति

# तप

- १ बाह्य (६)
- २ अभ्यंतर (६)

## १ अनशन

- १ इत्वर — (उपवास थी छ मास सुधी)
- २ यावत्कथिक
  - १ पादपोगमन
    - १ व्याघातवत् (सिंहादि वखते)
    - २ निर्व्याघातवत् (सूत्रार्थ शिष्य ने हणवी पछी अनशन करे)
  - २ इंगित मरण — (हलन चलन चुद्ध- बधु स्वयंज करे- चौविहार)
  - ३ भक्त परिज्ञा — (तिविहार / चौविहार बीजा द्वारा पण हलन-चलनादि करे.)

## २ उनोदरी

- १ द्रव्ये
  - १ उपकरण
    - १ (जिनकल्पी अने " नी तुलना करता उपकरण अल्प करता जाय.)
    - २ (स्थवीर कल्पी ने- उपकरण वधारे न राखवा.)
  - २ भक्त-पाण
    - १ अल्पाहार (१ थी ८ कोलीया)
    - २ अपार्ध (९ थी १२ कोलीया)
    - ३ दुभाग (१३ थी १६ कोलीया)
    - ४ प्राप्त (१७ थी २४ कोलीया)
    - ५ किंचित् न्यून (२४ थी ३१ कोलीया)
- २ भावे
  - क्रोधादि नुं त्याग

## ३ वृत्तिसंक्षेप
आभिग्रह रूप

- १ द्रव्य (अमुक द्रव्य ने लईश / " " थी ")
- २ क्षेत्र
  - ऋजु, १ प्रत्यागति, ३ गोमूत्रिका, ४ पतंगानी जेम, ५ पेटा, ६ अर्धपेटा, ७ अभ्यंतरशंबुक, ८ बाह्यशंबुक
- ३ काल
  - १ अप्राप्त, २ प्राप्त, ३ अतीत
- ४ भाव
  - १ गातो, रोतो होय विगेरे
  - २ अप्रीति न थाय तेरीते

## ४ रसत्याग

- विगई त्याग

## ५ कायक्लेश

- १ वीरासनादि, २ लोचादि

## ६ संलीनता

- १ इन्द्रिय — [शुभमां जोडवी / अशुभ थी अटकावुं]
- २ कषाय — [उदिरणा न थवा देवी / उदय थाय तो रोकवुं]
- ३ योग — [शुभ योग मां प्रवृत्ति / अशुभ मांथी निवृत्ति]
- ४ विविक्त चर्या — [स्त्री आदि थी रहित वसति मां एषणीय पाटादि नुं ग्रहण करवुं....]

नमोऽत्थु तस्स जिनशासनाय

## अभ्यंतर तप (६ प्रकारे)

१ प्रायश्चित (१०) | २ विनय (७) | ३ वैयावच्च | ४ सज्झाय | ५ ध्यान | ६ काउस्सग्ग

**१ प्रायश्चित (१०)**
- १. आलोचना
- २. प्रतिक्रमण
- ३. मिश्र
- ४. विवेक
- ५. कायोत्सर्ग
- ६. तप
- ७. छेद
- ८. मूल
- ९. अनवस्थाप्य
- १०. पारांचित

**२ विनय (७)**

१ ज्ञान (६) — पांच प्रकारना ज्ञान मा
- १. श्रद्धा
- २. भक्ती
- ३. बहुमान
- ४. दृष्टार्थोनी सम्यग्भावना
- ५. विधिग्रहण
- ६. अभ्यास

२ दर्शन (२५)

१ सुश्रुषा (१०)
- १. सत्कार
- २. अभ्युत्थान
- ३. सन्मान
- ४. आभिग्रह (आसनत्)
- ५. अनुप्रदान (आसनत्)
- ६. कृतिकर्म
- ७. अंजलिग्रह
- ८. अनुगमन
- ९. पर्युपासना
- १०. अनुव्रजन (जता)

२ अनाशातना (१५)
- १. तीर्थंकर
- २. धर्म
- ३. आचार्य
- ४. वाचक
- ५. स्थवीर
- ६. कुल
- ७. गण
- ८. संघ
- ९. सांभोगिक
- १०. क्रिया (आस्तित्ववादे)
- ११. मति ज्ञान
- १२. श्रुत ..
- १३. अवधि ..
- १४. मनःपर्यव ..
- १५. केवल ..

३ चारित्र (५)
- १. सामायिक
- २. छेदोपस्थापनिय
- ३. परिहार विशुद्धि
- ४. सूक्ष्म संपराय
- ५. यथाख्यात

४ मन ५ वचन ६ काया — आचार्य नो विनय
- अकुशल मनादि नु निरोध
- कुशल मनादि नी उदीरणा

(७) औपचारिक
- १. अभ्यासस्थान
- २. छन्दोऽनुवर्तन (इच्छा अनुरूप वर्ते)
- ३. कृतप्रतिकृति
- ४. कारित निमित्तकरण
- ५. दुःखार्त्तगवेषण
- ६. देशकालज्ञता
- ७. सर्वार्थ मां अनुमति

### ३ वैयावच्च (१०)

१ आचार्य (५) | २ उपाध्याय | ३ स्थवीर (३) | ४ तपस्वी | ५ ग्लान | ६ शैक्षक | ७ साधर्मिक (४) | ८ कुल | ९ गण | १० संघ

आचार्य (५)
- १. प्रव्राजनाचार्य
- २. दिशाचार्य
- ३. सूत्रना उद्देशाचार्य
- ४. .. .. समुद्देशाचार्य
- ५. वाचनाचार्य

स्थवीर (३)
- १. जन्मथी
- २. श्रुतथी
- ३. पर्यायथी

साधर्मिक (४) — चतुर्भंगी

| १ प्रवचन थी | २ लिंग थी |
|---|---|
| ✓ | × |
| × | ✓ |
| ✓ | ✓ |
| × | × |

### ४ स्वाध्याय (५)

- १ वाचना — शिष्य ने भणाववुं
- २ पृच्छना — सूत्र अथवा अर्थ नी पृच्छा होय
- ३ परावर्तन — रटन करवुं
- ४ अनुप्रेक्षा — मन थी परावर्तन करवु वचन थी नहीं
- ५ धर्मकथा — धर्मनो अनुयोग करवो

### ५ ध्यान (४)

- १ आर्तध्यान — अतिमात्रा मां इच्छाभिलाषा राज्य-उपभोग-शयन-आसन वाहन-स्त्री-गन्धमाल्य-मणिरत्नादि. फल- तिर्यंचगति
- २ रौद्रध्यान — अनुकंपा न राखे अतिराग करे छेदन-दहन-भंजन-मारण-वध-प्रहार-दमन-विनिकृन्तन द्वारा. फल- अधोगति
- ३ धर्मध्यान — सूत्रार्थ साधन, महाव्रत धारण, बंध-मोक्ष गमन-आगमन चिंता, पंचेन्द्रिय नु उपकार, जीवो पर दया. फल- देवगति
- ४ शुक्ल ध्यान — जेनी इन्द्रियो विषयोमां पराङ्मुख छे, संकल्प-कल्पन-विकल्प-विकार दोषोथी अने त्रण योगो थी गुप्त अंतरात्माथाली. फल- जन्मक्षय

### ६ कायोत्सर्ग (२)

- १ द्रव्य — १ गण, २ देह, ३ उपधि, ४ भक्त
- २ भाव — क्रोधादि नो त्याग.

प्रश्नः आ छः अभ्यंतर तप शा माटे कहेवाय?

उत्तरः १- लौकिक माणसो ओळखी नथी शकता।

२- तंत्रान्तरीयो भाव थी सेवी नथी शकता।

३- मोक्ष नु अंतरंग कारण छे तेथी......।

साध्यसाधनान्वयव्यतिरेक प्रदर्शनम्
"उदाहरणम्"

साध्यधर्मान्वयव्यतिरेक लक्षणम्
"हेतु"

जिनवचन
- १ आज्ञासिद्ध
- २ युक्तिसिद्ध
- उभयसिद्ध (श्रोताने आश्रीने)

पटुधिय
- [हेतु मात्रीपन्यास थी समजावे]
- २ [हेतु विशेना उपन्यास थी समजावे, द्रष्टांत थी समजावे]

मध्यमधिय
- [पंचावयव वाक्य थी समजावे]
- २ [दशावयव वाक्य थी समजावे]

तेमां द्रष्टांत = उदाहरण २ प्रकारे
- चरित-(४)
- २ कल्पित-(४)

- उदाहरण(४)
- २ तद्देश
- ३ तद्दोष
- ४ उपन्यास

उदाहरण(४)
- अपाय
- २ उपाय
- ३ स्थापना卐
- ४ प्रत्युत्पन्नविनाश

अपाय:

| १ द्रव्यथी | २ क्षेत्रथी | ३ कालथी | ४ भावथी |
|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ |
| बे भाई | दशारवर्ग | द्वैपायन | मंडुक्कि- |
| वच्चे द्रव्यना कारणे मारवानी बुद्धि- वैराग्य | प्रम- वध पछी | ऋषि १२ वर्ष पछी द्वारका नाश... | क्षपक कुरगडु मुनि |

उपाय:

| १ द्रव्य: १ लौकिक | २ लोकोत्तर | २ क्षेत्र: लौ. | २ लो. | ३ काल: लौ. | २ लो. | ४ भाव: लौ. | २ लो. |
|---|---|---|---|---|---|---|---|
| द्रव्य माटे सुवर्णना सिक्को उपाय. | मार्ग मा प्रासुकोदक लावा माटे ठंडा थी घरप्रतिमा पत्ना विधि नो उपयोग | लांगल- (हल) थी खेत खेडवुं ते... | विधिपूर्वक अवारे प्रवासादि मां गमन द्वारा तेना भाव ने जाणवा ते.... | नालिका (घडी) थी काल ने जाणवुं | सूत्र पोरिसि आदि द्वारा काल ने जाणवुं | अभय- कुमारे मंत्रीनी कार्य दासके भाग ने समजवो. | द्रव्यानुयोग ने आश्रीने आत्मा ना अस्तित्व नी सिद्धि करवी. |

* चरण-करणानुयोग ने आश्रीने अपाय

१- द्रव्य- कामनी गृहीत वस्त्र-पात्र वगेरे द्रव्य नो पण त्याग करे।

२- क्षेत्र- अशिवादि वाळो क्षेत्र नो त्याग करे।

३- काल- भविष्यमा १२ वर्ष आवनारा अपायो ने जाणीने

४- भाव- क्रोधादि अप्रशस्त भावों नो त्याग करे।

* द्रव्यानुयोग ने आश्रीने अपाय:

द्रव्यादि चतुष्क सहित नित्य आत्मा माननाराओ ने सुख-दुःख रूप संसार नो अभाव केवी रीते थशे? अने वास्तविक सुख-दुःख आत्मा मां नथी होतो पण कल्पित होय छे. तेथी माननाराने तो पण स्वभाव भेद मानवो पडशे, अने भिन्न स्वभाव भेद मानता जतां आत्मा अनित्य बनशे. सुख-दुःख नी कल्पना निरर्थक बनशे।

३- स्थापना उदाहरण 卐
- चरणकरणानुयोग ने आश्रीने
  - लौकिक: [पाटलीपुत्र मां हिंगु शीव]
  - २ लोकोत्तर: [प्रवचन नी वधते हिंगुशीव नी जेम उपाय करे.]
- २ द्रव्यानुयोग ने आश्रीने: [ज्यारे वादमां ओछोज पक्ष स्थापी दोष बताववाने जे रीते स्थापे के जे ग्राह्य बने.]

कत्थ अम्हारिसा पाणी,

दूसमा-दोस-दूसिआ ।

हा अणाहा कहं हुंता,

न हुंतो जइ जिणागमो ॥

દૂષમકાળનાં પ્રભાવથી દોષિત અમારા જેવા જીવો ક્યાં ?
(જિનેશ્વર પરમાત્માની ગેરહાજરીમાં) જો જિનાગમ ન હોત તો
ખરેખર ! અનાથ એવા અમારું શું થાત ??

नमो ऽत्थु णं समणस्स भगवओ महावीरस्स

॥ णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥

# દશવૈકાલિકસૂત્રમ્

॥ अर्हम् ॥

श्रीमद्भद्रबाहुविरचितनिर्युक्तियुतं, श्रीमच्छय्यम्भवसूरिवर्यविहितं,

श्रीहरिभद्रसूरिकृतबृहद्वृत्तियुतं

# ॥ श्री दशवैकालिकम् ॥

जयति विजितान्यतेजाः सुरासुराधीशसेवितः श्रीमान् । विमलस्त्रासविरहितस्त्रिलोकचिन्तामणिर्वीरः ॥१॥

**इहार्थतोऽर्हत्प्रणीतस्य सूत्रतो गणधरोपनिबद्धपूर्वगतोद्धृतस्य शारीरमानसादिकटुकदुःखसंतानविनाशहेतोर्दशकालिकाभिधानस्य शास्त्रस्यातिसूक्ष्ममहार्थगोचरस्य व्याख्या प्रस्तूयते–**

ચતુર્દશપૂર્વધર શ્રીભદ્રબાહુસ્વામીવિરચિતનિર્યુક્તિયુત, સૂરિપુરંદર શ્રીહરિભદ્રસૂરિવિરચિતવૃત્તિયુત, ચતુર્દશપૂર્વધર શ્રીશય્યંભવસૂરિકૃત,

## દશવૈકાલિકસૂત્ર ઉપર શબ્દશઃ વિસ્તૃત ગુજરાતીવિવેચન

## દ્રુમપુષ્પિકાનામનું પ્રથમ અધ્યયન

વિશેષકરીને જિતાયેલા છે અન્યકુતીર્થિકોનાં તેજ જેનાવડે એવા, દેવો અને દાનવોનાં સ્વામીઓવડે સેવાયેલા, શ્રીમાન, નિર્મળ, ત્રાસરહિત, ત્રણલોકમાં ચિંતામણિરત્ન સમાન વીર જય પામે છે. ॥૧॥

અહીં દશવૈકાલિક નામના શાસ્ત્રની વ્યાખ્યા શરુ કરાય છે.

(એ દશવૈકાલિક શાસ્ત્ર કેવું છે ? એના વિશેષણો ટીકામાં દર્શાવ્યા છે કે) અર્થની અપેક્ષાએ અરિહંતો વડે કહેવાયેલ, સૂત્રની અપેક્ષાએ ગણધરોવડે ગૂંથાયેલા પૂર્વગત-પૂર્વોમાંથી ઉદ્ધારાયેલ, શારીરિક અને માનસિક કડવાદુઃખોની પરંપરાનો વિનાશ કરવામાં કારણભૂત, અતિસૂક્ષ્મ અને મોટા અર્થો એ છે વિષય જેનો એવા આ દશવૈકાલિકસૂત્રની વ્યાખ્યા પ્રારંભાય છે. (અરિહંતોએ જ દશવૈકાલિકના બધા અર્થો પ્રરૂપેલા છે. એટલે આ

ગ્રન્થ અર્થની અપેક્ષાએ અરિહંતપ્રણીત છે. જ્યારે ગણધરોએ જે સૂત્રરૂપે પૂર્વો રચ્યા છે, તેમાંથી જ આ ઉદ્ધાર કરાયેલ છે. એટલે સૂત્રની અપેક્ષાએ તે પૂર્વમાંથી ઉદ્ધૃત થયેલું કહેવાય.)

---

**तत्र प्रस्तुतार्थप्रचिकटयिषयैवेष्ट-देवतानमस्कारद्वारेणाशेषविघ्नविनायकापोहसमर्थां परममङ्गलालयामिमां प्रतिज्ञागाथामाह निर्युक्तिकारः –**

सिद्धिगइमुवगयाणं कम्मविसुद्धाण सव्वसिद्धाणं । नमिऊणं दसकालियणिज्जुत्तिं कित्तइस्सामि ॥१॥

---

(હવે આ જે વ્યાખ્યા પ્રારંભાય છે,) તેમાં પ્રસ્તુત અર્થને પ્રકટ કરવાની ઈચ્છાથી જ નિર્યુક્તિકાર ભગવંત ઈષ્ટદેવતાને નમસ્કાર દ્વારા તમામ વિઘ્નોના સમૂહને દૂર કરવામાં સમર્થ, પરમમંગલનાં સ્થાનભૂત એવી આ પ્રથમ પ્રતિજ્ઞાગાથાને કહે છે. (પ્રસ્તુત અર્થ=અતિસૂક્ષ્મ એવો વિશાળઅર્થ. પ્રતિજ્ઞાગાથા એટલે "હું આમ કરીશ..." એવી પ્રતિજ્ઞાને દર્શાવનારી ગાથા.)

(૧) દશવૈકાલિક નિર્યુક્તિ ગાથા-૧, ગાથાર્થ : સિદ્ધિગતિને પામેલા, કર્મોથી વિશુદ્ધ, સર્વસિદ્ધોને નમીને દશકાલિકનિર્યુક્તિનું કીર્તન કરીશ.

---

**व्याख्या-सिद्धिगतिमुपगतेभ्यो नत्वा दशकालिकनिर्युक्तिं कीर्तयिष्यामीति क्रिया । तत्र सिद्ध्यन्ति-निष्ठितार्था भवन्त्यस्यामिति सिद्धिः–लोकाग्रक्षेत्रलक्षणा, तथा चोक्तम्– "इह बोंदिं चइत्ता णं, तत्थ गंतूण सिज्झइ" । गम्यत इति गतिः, कर्मसाधनः । सिद्धिरेव गम्यमानत्वाद्गतिः सिद्धिगतिस्तामुप-सामीप्येन <u>गताः</u>–प्राप्तास्तेभ्यः, सकललोकान्तक्षेत्रप्राप्तेभ्य इत्यर्थः, प्राकृतशैल्या चतुर्थ्यर्थे षष्ठी, यथोक्तम् – "छट्ठीविभत्तीएँ भण्णइ चउत्थी' । तत्र एकेन्द्रियाः पृथिव्यादयः सकर्मका अपि तदुपगमनमात्रमधिकृत्य यथोक्तस्वरूपा भवन्त्यत आह–'<u>कर्मविशुद्धेभ्यः</u>' क्रियते इति कर्म-ज्ञानावरणीयादिलक्षणं तेन विशुद्धा-वियुक्ताः कर्मविशुद्धाः–कर्मकलङ्करहिता इत्यर्थः, तेभ्यः कर्मविशुद्धेभ्यः । आह-एवं तर्हि वक्तव्यं, न सिद्धिगतिमुपगतेभ्यः, अव्यभिचारात्, तथाहि-कर्मविशुद्धाः सिद्धिगतिमुपगता एव भवन्ति, न, अनियतक्षेत्रविभागोपगतसिद्धप्रतिपादनपरदुर्नयनिरासार्थत्वादस्य, तथा चाहुरेके– "रागादिवासनामुक्तं, चित्तमेव निरामयम् । सदाऽनियतदेशस्थं, सिद्ध इत्यभिधीयते**

॥१॥" इत्यलं प्रसङ्गेन । ते च तीर्थादिसिद्धभेदादनेकप्रकारा भवन्ति, तथा चोक्तम् – "तित्थसिद्धा अतित्थसिद्धा तित्थगरसिद्धा अतित्थगरसिद्धा सयंबुद्धसिद्धा पत्तेयबुद्धसिद्धा बुद्धबोहियसिद्धा इत्थीलिंगसिद्धा पुरिसलिंगसिद्धा नपुंसगलिंगसिद्धा सलिंगसिद्धा अन्नलिंगसिद्धा गिहिलिंगसिद्धा एगसिद्धा अणेगसिद्धा" इत्यत आह– 'सर्वसिद्धेभ्यः' सर्वे च ते सिद्धाश्चेति समासस्तेभ्यः, अथवा–'सिद्धिगतिमुपगतेभ्यः' इत्यनेन सर्वथा सर्वगतात्मसिद्धपक्षप्रतिपादनपरदुर्नयस्य व्यवच्छेदमाह, तथाचोक्तमधिकृतनयमतानुसारिभिः– 'गुणसत्त्वान्तरज्ञानान्निवृत्तप्रकृतिक्रियाः । मुक्ताः सर्वत्र तिष्ठन्ति, व्योमवत्तापवर्जिताः ॥१॥" व्यवच्छेदश्चैतेषां सामीप्येन सर्वात्मना सिद्धिगतिगमनाभावात्, 'कर्मविशुद्धेभ्यः' इत्यनेन तु सकर्मकाणिमादि-विचित्रैश्वर्यवत्सिद्धप्रतिपादनपरस्येति, उक्तं च प्रक्रान्तनयदर्शनाभिनिविष्टैः– "अणिमाद्यष्टविधं प्राप्यैश्वर्यं कृतिनः सदा । मोदन्ते सर्वभावज्ञास्तीर्णाः परमदुस्तरम् ॥१॥" इत्यादि, व्यवच्छेदश्चैतेषां कर्मसंयोगेन अनिष्ठितार्थत्वाद्वस्तुतः सिद्धत्वानुपपतेरिति, 'सर्वसिद्धेभ्यः' इत्यनेन तु भङ्ग्यैव सर्वथा अद्वैतपक्षसिद्धप्रतिपादनपरस्येति, तथा चोक्तं प्रस्तुतनयाभिप्रायमतावलम्बिभिः-'एक एव हि भूतात्मा, भूते भूते व्यवस्थितः । एकधा बहुधा चैव, दृश्यते जलचन्द्रवत् ॥१॥" व्यवच्छेदश्चास्य सर्वथा अद्वैते बहुवचनगर्भसर्वशब्दाभावात् (सिद्धिगतिगमनाभावात्) । 'नत्वा' प्रणम्येति, अनेन तु समानकर्तृकयोः पूर्वकाले क्त्वाप्रत्ययविधानान्नित्यानित्यैकान्तवादासाधुत्वमाह, तत्र क्त्वाप्रत्ययार्थानुपपत्तेः, तत्र नित्यैकान्तवादे तावदात्मन एकान्तनित्यत्वादप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभाव-त्वाद्भिन्नकालक्रियाद्वयकर्तृत्वानुपपत्तेः, क्षणिकैकान्तवादे चात्मन उत्पत्तिव्यतिरेकेण व्यापाराभावाद्भिन्नकालक्रियाद्वय-कर्तृत्वानुपपत्तिरेवेत्यलं विस्तरेण, गमनिकामात्रमेवैतदिति । भवति च चतुर्थ्यप्येवं नमनक्रियायोगे, अधिकृतगाथासूत्रान्यथानुपपत्तेः, आप्तश्च निर्युक्तिकारः, 'पित्रे सवित्रे च सदा नमामी'त्येवमादिविचित्रप्रयोगदर्शनाच्च, कर्मणि वा षष्ठी । सर्वसिद्धेभ्यो नत्वा किमित्याह – 'दशकालिकनिर्युक्तिं कीर्त्तयिष्यामि' तत्र कालेन निर्वृत्तं कालिकं, प्रमाणकालेनेति भावः, दशाध्ययनभेदात्मकत्वाद्दशप्रकारं कालिकं प्रकारशब्दलोपाद्दशकालिकं, विशब्दार्थं तूत्तरत्र व्याख्यास्यामः, तत्र निर्युक्तिरिति-निर्युक्तानामेव सूत्रार्थानां युक्तिः-परिपाट्या योजनं निर्युक्तयुक्तिरिति वाच्ये

**युक्तशब्दलोपान्निर्युक्तिस्तां-विप्रकीर्णार्थयोजनां व्याख्यास्यामि कीर्त्तयिष्यामीति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** સિદ્ધિગતિને પામેલાઓને નમીને દશકાલિકનિર્યુક્તિને કીર્તીશ. (દશવૈકાલિક નિર્યુક્તિનું કીર્તન કરીશ.) આ પ્રમાણે ક્રિયા, અન્વય છે. અર્થાત્ સીધું વાક્ય આ રીતે જોડવાનું છે. ગાથાનાં બાકીના શબ્દો તો વિશેષણરૂપે છે.

એમાં પ્રથમ તો સિદ્ધિ શબ્દનો અર્થ કરે છે કે જેમાં જીવો સિદ્ધ થાય, નિષ્ઠિતાર્થ થાય (નિષ્ઠા પામેલા છે = પૂર્ણ થઈ ગયા છે. અર્થો = કાર્યો જેના તે નિષ્ઠિતાર્થ કહેવાય.) તે સિદ્ધિ કહેવાય. એ લોકના અગ્રભાગ રૂપ જે ક્ષેત્ર છે, તે સ્વરૂપ જાણવી.

(**પ્રશ્ન :** લોકાગ્રક્ષેત્ર સિદ્ધિ છે, એવું ક્યા આધારે કહી શકાય ?)

**ઉત્તર :** ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે "અયોગીકેવલીઓ અહીં શરીરને છોડીને, ત્યાં=લોકાગ્રક્ષેત્રમાં જઈને સિદ્ધ થાય છે." એટલે એના આધારે એમ કહી શકાય કે લોકાગ્રક્ષેત્ર એજ સિદ્ધિ છે.

હવે **सिध्धिगति** શબ્દમાં રહેલ **गति** શબ્દનો અર્થ કરે છે.

જયાં જવાય તે ગતિ. (અહીં ખ્યાલ રાખવો કે 'છગન ગામમાં જાય છે.' એ વાક્યમાં આપણને એમ લાગે કે "ગામમાં" સાતમી વિભક્તિ છે. પણ હકીકતમાં તો એ ગમનક્રિયાનું કર્મ છે, માટે એને બીજી વિભક્તિ જ લાગે છે. અને એટલે જયારે એનો કર્મણિપ્રયોગ આવે, ત્યારે પણ બોલાય તો સાતમી જ વિભક્તિ કે જયાં જવાય તે ગતિ પણ હકીકતમાં જયાંથી કર્મનો ઉલ્લેખ હોય છે.)

અહીં કર્મસાધન પ્રયોગ સમજવો. કર્મ એ જ છે સાધન જેમાં એવો આ પ્રયોગ છે. (શબ્દનો વ્યુત્પત્તિ અર્થ અનેકપ્રકારે નીકળતો હોય છે. દા.ત. **यद् भुज्यते तद् भोजनं** અહીં **यद्** થી **भुज्** ધાતુનું કર્મ જ પકડાય છે. અને એ ભોજન કહેવાય. પણ **भुज्यतेऽनेनेति भोजनं** આમ અર્થ કરીએ, તો જેનાવડે (હાથવડે) ખવાય તે ભોજન. અહીં **भुज्** ધાતુનું કરણ પકડાય છે. એટલે ભોજન=હાથ અર્થ થાય. આ કરણસાધન પ્રયોગ કહેવાય. હવે **भुज्यते यस्मै इति भोजनम्** જેને માટે ખવાય તે ભોજન. હવે પેટભરણ માટે ખવાય છે, તો પેટભરણ એ ભોજન બને. આ રીતે કર્મસાધન, કરણસાધન વગેરે અનેકપ્રકારે શબ્દો ખુલે. એટલે અહીં ખુલાસો આપ્યો કે ગતિ શબ્દ કરણસાધનાદિ રૂપ નથી, પરંતુ કર્મસાધન છે. અર્થાત્ જેનાવડે જવાય તે ગતિ. એવો અર્થ ન કરવો. કેમકે એ અર્થ કરીએ તો પગ વગેરેવડે જવાય છે. એટલે પગ જ ગતિ તરીકે લેવાય.

અહીં એ લેવું નથી. એમ **गमनं गतिः** જવું એ ગતિ એમ અર્થ પણ ન કરવો. કેમકે જવાની ક્રિયા એ અહીં ગતિ તરીકે નથી બતાવવી. પરંતુ જ્યાં જવાય છે. એ (ગમનક્રિયાનું) કર્મ જ અહીં ગતિ તરીકે બતાવવું છે. એટલે આ શબ્દ કર્મસાધન છે. કર્મને આધારે બનેલો છે. એમ ખુલાસો સમજવો.

ખ્યાલ રાખવો કે એક જ શબ્દની જુદી જુદી અનેક વ્યુત્પત્તિ થાય, અને એ પ્રમાણે એકજ શબ્દના અનેક અર્થો થાય.

વધુ સ્પષ્ટતા ખાતર નીચે એક દૃષ્ટાન્ત આપું છું.

**साधयतीति साधनः** કર્તૃસાધન શબ્દ છે. સાધનાકરનાર એમ અર્થ થાય, માટે સાધન-કરનાર = કર્તા.

**यत् साध्यते तत् साधनं** કર્મસાધન શબ્દ છે. મોક્ષ સધાય છે, માટે સાધન-મોક્ષ.

**येन साध्यते तत् साधनं** કરણસાધન શબ્દ છે. ચારિત્રવડે સધાય છે, માટે સાધન-ચારિત્ર.

**यस्मै साध्यते तत् साधनं** મોક્ષ સુખમાટે સધાય છે, માટે સાધન-સુખ.

**यस्मात् साध्यते तत् साधनं** જેમાંથી મોક્ષ સધાય તે સાધન. સંસારમાંથી મોક્ષ સધાય, સંસાર=સાધન.

**यस्मिन् साध्यते तत् साधनं** જયાં મોક્ષ સધાય તે સાધન. ૧૫ કર્મભૂમિમાં મોક્ષ સધાય એટલે તે સાધન.

આમ એકજ સાધન શબ્દના જુદા જુદા અનેક અર્થો થાય.)

આમ સિદ્ધિ અને ગતિ એ બે શબ્દના અર્થ કહ્યા.

હવે સમાસ બતાવે છે કે

સિદ્ધિ પોતે જ ગતિ છે. એટલે **सिद्धिरेव गतिः सिद्धिगतिः** એમ સમાસ કરવો. સિદ્ધિ પોતે જ ગતિ શી રીતે ? તેનો ઉત્તર આપે છે કે **गम्यमानत्वात्** કેવલીઓ વડે સિદ્ધિ જ ગમ્યમાન છે. કેવલીઓ શરીર છોડી ત્યાં જ જાય છે, એટલે સિદ્ધિ જ ગમન ક્રિયાનું કર્મ બને છે, માટે એ જ ગતિ કહેવાય.

હવે **उपगतानां** શબ્દનો અર્થ કરે છે.

સિદ્ધિગતિને નજીકથી પામેલા હોય તે **उपगत** કહેવાય. **उप** શબ્દ **सामीप्य** અર્થમાં છે. એનો સાર એ કે આખાય લોકના અન્તભાગને પામેલા.

સિદ્ધિગતિ તો ઘણીમોટી છે. હવે જો માત્ર **गतानां** લખે, અને **उप** શબ્દ ન વાપરે, તો એ મોટા વિસ્તારમાં ગમે ત્યાં ગયેલાઓ પણ **सध्धिगतिं गतानां** ગતાના તરીકે લઈ શકાય. હકીકત એ છે કે પ્રત્યેક સિદ્ધો ચૌદરાજલોકની સૌથીઉપરનાં સ્થાનને બરાબર અડીને રહેલા છે. એનાથી એક આકાશપ્રદેશ પણ દૂર નથી. એટલે આવું લોકાન્ત અને સિદ્ધજીવોનું **सामीप्य** સ્પષ્ટ દર્શાવવા માટે **उप** શબ્દનો વપરાશ કરાયો છે.)

(**પ્રશ્ન :** જેને નમન કરવાના ોય એને તો ચોથી વિભક્તિ લાગે, અહીં છઠ્ઠી કેમ કરી છે ?)

**ઉત્તર :** પ્રાકૃતની શૈલિ પ્રમાણે ચોથી વિભક્તિના અર્થમાં છઠ્ઠી વિભક્તિ થાય છે. પ્રાકૃતભાષા અંગેનો આવો પાઠ જ છે કે "છઠ્ઠી વિભક્તિ વડે જ ચોથીવિભક્તિ કહેવાય છે."

હવે જો સિદ્ધિગતિને નજીકથી પામેલાઓને નમસ્કાર કરવાના હોય તો તો સૂક્ષ્મપૃથ્વી વગેરે સકર્મક=કર્મવાળા એવા પણ એકેન્દ્રિયજીવો સિદ્ધિગતિને નજીકથી પામવા માત્રાની અપેક્ષાએ તો ઉપર કહેલા સ્વરૂપવાળા જ છે. અર્થાત્ તેઓ પણ સકલલોકના અંતભાગને પામેલા જ છે. અને તો પછી એમને પણ નમસ્કાર થઈ જાય. એ તો ઈષ્ટ નથી. એટલે એ જીવોનું નિરાકરણ કરવામાટે ગાથામાં **कम्मविशुद्धाणं** (**कर्मविशुद्धेभ्यः** એ એનું સંસ્કૃત) શબ્દ મૂકેલો છે.

હવે સૌપ્રથમ તો વૃત્તિકાર આ શબ્દનો અર્થ કરે છે.

તેમાં જે કરાય તે કર્મ. એ જ્ઞાનાવરાણાદિ સ્વરૂપ છે. જીવવડે એ કરાય છે. (આ પણ કર્મસાધનપ્રયોગ છે.) તે કર્મવડે જે વિશુદ્ધ-વિયુક્ત-રહિત હોય તે કર્મવિશુદ્ધ કહેવાય. એટલે કે કર્મરૂપી કલંક વિનાના.

આમ કર્મરહિત એવા સિદ્ધિગતિ-ઉપગત જીવો જ અહીં લેવાના છે. એકેન્દ્રિયો કર્મરહિત ન હોવાથી તેઓ લેવાશે નહિં.

**પ્રશ્ન :** તો પછી **एवं तर्हि - कर्मविशुद्धाण** એ પ્રમાણે જ માત્ર કહેવું જોઈએ. **सिध्धिगतिमुपगतेभ्यः** એ શબ્દની કોઈ જરૂર નથી. કેમકે એમાં કોઈ વ્યભિચાર આવતો નથી.

આશય એ કે જે જે સિદ્ધિગતિ-ઉપગત હોય તે તે કર્મરહિત જ હોય. તેવું નથી. એ કર્મસહિત પણ હોઈ શકે છે. એટલે અહીં વ્યભિચાર આવતો હોવાથી તમે કર્મવિશુદ્ધ શબ્દ લીધો. પરંતુ જો માત્ર કર્મવિશુદ્ધ શબ્દ લો, તો કોઈ વ્યભિચાર આવતો નથી. કેમકે

જે જે કર્મવિશુદ્ધ હોય તે તે સિદ્ધિગતિ-ઉપગત જ હોય છે. એટલે કર્મવિશુદ્ધ શબ્દ લખવાથી સિદ્ધિગતિ-ઉપગત આવી જ જવાનું. એ લખવાની જરૂર નથી.

ઉત્તર ના. "અનિયત એવા ક્ષેત્રવિભાગને પામેલાઓ સિદ્ધ હોય છે." એવું પ્રતિપાદન કરવામાં તત્પર જે ખોટો નય છે, તેનું ખંડન કરવા માટે સિદ્ધિગતિ-ઉપગત શબ્દ લખેલો છે, માટે તે શબ્દ કાઢી ન શકાય. એ રાખવો જ પડે.

જુઓ. કેટલાક લોકો કહે છે કે "રાગ વગેરેના સંસ્કારથી મુક્ત, આમય = રોગ = દોષ વિનાનું, કાયમ માટે અચોક્કસ સ્થાને રહેનારું ચિત્ત એજ સિદ્ધ એ પ્રમાણે કહેવાય છે."

હવે આ બધાના મતે તો વિશ્વમાં ગમે તે સ્થાને સિદ્ધો રહેલા હોઈ શકે છે, જે વાત બરાબર નથી. એટલે જો માત્ર **कर्मविशुद्ध** શબ્દ જ લખીએ, તો આ બધાએ માનેલા અનિયતદેશ સ્થાયી સિદ્ધો પણ આવી જાય. એ મંજુર નથી. માટે તેમનું ખંડન કરવા માટે સિદ્ધગતિ-ઉપગત શબ્દ લખેલ છે. સિદ્ધગતિ રૂપ ચોક્કસક્ષેત્રને પામેલા એવા જ કર્મવિશુદ્ધોને અહીં નમસ્કાર કરાય છે. બીજા બધાને નહિં.

(પ્રશ્ન : પણ એમનો મત ખોટો છે, આપણી જ વાત સાચી છે. એ પાછળ યુક્તિ શું ?)

ઉત્તર : હવે આ વાત ઉપર વિસ્તાર વડે સર્યું. (અન્યગ્રન્થોમાંથી એ બધુ જાણી લેવું.)

હવે આ સિદ્ધિગત-ઉપગત, કર્મવિશુદ્ધ સિદ્ધો તો તીર્થસિદ્ધ વગેરે ભેદથી અનેક પ્રકારના છે. કહ્યું છે કે તીર્થસિદ્ધ, અતીર્થસિદ્ધ, તીર્થકરસિદ્ધ, અતીર્થકરસિદ્ધ, સ્વયંબુદ્ધસિદ્ધ, પ્રત્યેકબુદ્ધસિદ્ધ, બુદ્ધબોધિતસિદ્ધ, સ્ત્રીલિંગસિદ્ધ, પુરુષલિંગસિદ્ધ, નપુંસકલિંગસિદ્ધ, સ્વલિંગસિદ્ધ, અન્યલિંગસિદ્ધ, ગૃહિલિંગસિદ્ધ, એકસિદ્ધ, અનેકસિદ્ધ.

એટલે એ બધાય સિદ્ધોને લઈ લેવા માટે **सर्वसिद्धेभ्यः** શબ્દ મૂક્યો છે. **सर्वे च ते सिद्धाश्च** એ પ્રમાણે સમાસ કરવો.

(આ રીતે સિદ્ધિગતિ-ઉપગત, કર્મવિશુદ્ધ, સર્વસિદ્ધ એ ત્રણેય શબ્દો લખવા પાછળનું કારણ દર્શાવી દીધું.

હવે બીજી જ પદ્ધતિથી આ ત્રણેય શબ્દો લખવા પાછળનું કારણ દર્શાવતા કહે છે કે) અથવા તો **सिद्धिगतिमुपगतेभ्यः** એ શબ્દ દ્વારા સર્વપ્રકારે સર્વવ્યાપી આત્મા સિદ્ધ છે." એવા પક્ષનું પ્રતિપાદન કરવામાં તત્પર જે ખોટો નય છે, તેના વ્યવચ્છેદને કહ્યો. (સર્વથા શબ્દ માર્મિક છે. સાંખ્ય કહે છે કે આત્મા માત્ર શરીરમાં જ નથી રહ્યો, પણ

એક આત્મા આખા વિશ્વમાં સર્વત્ર વ્યાપેલો છે. એવી રીતે અનંતાનંત આત્માઓ માટે પણ સમજી લેવું. આની સામે આપણે કહીએ છીએ કે કોઈપણ આત્મા સર્વવ્યાપી નથી, હા ! સિદ્ધજીવો સર્વ પદાર્થના જ્ઞાતા હોવાથી કદાચ જ્ઞાનની અપેક્ષાએ એ સર્વવ્યાપી કહો તો બરાબર. બાકી એ સિદ્ધદ્રવ્ય ખરેખર આખા વિશ્વમાં બધે જ વ્યાપેલું તો ન જ મનાય. એટલે આપણે જ્ઞાનની અપેક્ષાએ હજી પણ સર્વગત સિદ્ધાત્મા માનીએ. પણ સર્વથા=આત્મદ્રવ્યાદિની અપેક્ષાએ પણ સર્વગત સિદ્ધાત્મા તો આપણે નથી જ માનતા. સાંખ્યો તો સર્વથા સર્વગત સિદ્ધાત્મા માને છે. આનું ખંડન કરવા માટે **सिध्धिगतिमुपगतेभ्यः** શબ્દ છે. "સિદ્ધો સર્વવ્યાપી નથી, પણ સિદ્ધિગતિસ્થાયી છે." એ આનો અર્થ છે.

જુઓ ઉપર બતાવેલા દુર્નયના મતને અનુસરનારાઓવડે કહેવાયું છે કે "ગુણ અને સત્ત્વના ભેદનું જ્ઞાન થવાથી દૂર થયેલી છે પ્રકૃતિની ક્રિયા જેઓની એવા મુક્ત જીવો તાપવર્જિત બનેલા છતાં આકાશની જેમ સર્વત્ર રહેલા છે." (ગુણ=સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ. સત્ત્વ = આત્મા = ચેતન. પ્રકૃતિ એટલે સત્ત્વ-રજો-તમોગુણમય પદાર્થ. આ ત્રણ ગુણોનું ઉપાદાન કારણ. જૈનપરિભાષામાં કહીએ તો દેહ-કર્મ એ ત્રણગુણોના સ્થાને છે. જે જીવો જાણે છે કે આત્મા અને દેહ-કર્મ જુદા છે, તેઓ આ ભેદજ્ઞાન દ્વારા વિવેકી બને છે. હવે પ્રકૃતિ = કાર્મણવર્ગણાદિ સમજવા. આ વિવેકી બનેલાઓ હવે ધીમે ધીમે કર્મ બાંધવાના છોડી દે છે. અર્થાત્ પ્રકૃતિની ક્રિયા હવે તેઓમાં થતી નથી. કાર્મણવર્ગણા કર્મરૂપે બની એમાં ોંટતી બંધ થાય છે. અને એટલે જ તેઓ મુક્ત બનેલા કહેવાય છે.

આ માત્ર સ્થૂલદષ્ટાન્તથી ઉપમા સમજવી.)

(**પ્રશ્ન** : પણ સિદ્ધિગતિ-ઉપગત શબ્દ દ્વારા આ સર્વવ્યાપીસિદ્ધ માનનારા મતનો વ્યવચ્છેદ શી રીતે થાય ?)

**ઉત્તર** : આમણે માનેલા મુક્તજીવો સંપૂર્ણપણે બધે રહેલા હોવાથી સિદ્ધિગતિમાં ગમન ઘટી જ ન શકે. આશય એ કે જે જીવ જયાં હાજર જ છે, તે જીવ ત્યાં ગમનકરનાર ન જ બને. પણ અન્યસ્થાને રહેલો જીવ પોતાના અભાવવાળા સ્થાનમાં પહોંચે, ત્યારે એ ગમનકરનાર કહેવાય. હવે આમણે માનેલા સિદ્ધો તો સંપૂર્ણપણે, સર્વ પ્રકારે બધે જ રહેલા છે. ક્યાંય તેમનો અભાવ છે જ નહિં. તો તેઓ "સિદ્ધિગતિમાં ગયેલા, ગતિ કરનારા" શી રીતે બોલાય ? એટલે એમણે માનેલા મુક્તજીવોનો આ શબ્દ વડે વ્યવચ્છેદ થઈ જાય. (અહીં **सर्वात्मना** શબ્દ બેય બાજુ જોડી શકાશે. સંપૂર્ણપણે, સર્વપ્રકારે તેઓ

બધે જ સમીપ છે, તેથી તેઓ સર્વપ્રકારે સિદ્ધિગતિગમનવાળા બની શકતા નથી જ. અર્થાત્ એમનો આખો આત્મા એક સ્થાન સંપૂર્ણ છોડી સિદ્ધિસ્થાનમાં પહોંચે, એ શક્ય જ નથી. કેમકે એ તો પહેલેથી જ ત્યાં રહેલા જ છે...)

"**कर्मविशुद्धेभ्यः**" એ શબ્દવડે તો "કર્મવાળા એવા પણ અણિમાદિ વિચિત્રઐશ્વર્યવાળાઓને સિદ્ધ કહેવામાં તત્પર દુર્નયનો વ્યવચ્છેદ થઈ જાય છે.

જુઓ, "અણિમાદિલબ્ધિવાળાઓ કર્મયુક્ત હોય તો પણ સિદ્ધ છે." એવા પ્રસ્તુત ખોટાનયનાં દર્શનમાં = મતમાં કદાગ્રહવાળાઓવડે કહેવાયું છે કે અણિમાદિ આઠ પ્રકારનાં ઐશ્વર્યને પામીને કૃતકૃત્ય બનેલા, સ્વભાવને જાણનારા, અત્યંતદુઃખથી તરી શકાય એવા સંસારને તરેલા તેઓ સદા આનંદ માણે છે. (અહીં આઠ લબ્ધિની પ્રાપ્તિથી જ કૃતકૃત્યપણું-સર્વભાવજ્ઞતા-તીર્ણતા... માની લીધી છે.) (નાનામાં નાના બની જવાની લબ્ધિ એ અણિમા. એ બધી કુલ ૮ લબ્ધિઓ છે.) (**कृतिनः** એટલે કૃતકૃત્ય બનેલા, સિદ્ધ એવો અર્થ થાય છે.)

પ્રશ્ન : પણ **कर्मविशुद्ध** શબ્દથી આ બધાનો વ્યવચ્છેદ કેવી રીતે થાય ?

ઉત્તર : આમણે માનેલા સિદ્ધો તો કર્મસંયોગ ને લીધે અનિષ્ઠિતઅર્થવાળા = અકૃતકૃત્ય છે. અને એટલે પરમાર્થથી એમાં સિદ્ધત્વ ઘટતું જ ન હોવાથી તેઓનો વ્યવચ્છેદ થઈ જાય છે. ભલે વ્યવહારથી તેઓને લોકો સિદ્ધ કહે. પણ પરમાર્થથી તેઓ સિદ્ધ ન કહેવાય. કેમકે તેઓના બધા જ કાર્યો પૂર્ણ થયેલા નથી. કર્મવિયોગ કરવાનો બાકી છે...

**सर्वसिद्धेभ्यः** એ શબ્દવડે તો ભંગીવડે જ = શાબ્દિક રચનાવડે જ = સીધી રીતે જ સર્વથા અદ્વૈતપક્ષને માન્ય સિદ્ધનું પ્રતિપાદન કરવામાં તત્પર નયનું ખંડન થઈ જાય છે. "આખા વિશ્વમાં માત્ર એક જ આત્મા છે." આવું માનનાર પક્ષ એ અદ્વૈતપક્ષ કહેવાય છે. તેઓ જેવાપ્રકારના સિદ્ધને માને છે, તેવાપ્રકારના સિદ્ધ આપણને માન્ય નથી.

જુઓ. આ અદ્વૈતનયનાં અભિપ્રાયનો મત આલંબનારાઓવડે કહેવાયું છે કે "એક જ ભૂતાત્મા પૃથ્વી, પાણી, અગનિ વગેરે દરેક દરેક ભૂતોમાં રહેલો છે. પાણીમાં ચન્દ્રની જેમ આ ભૂતાત્મા એકપ્રકારે અને અનેકપ્રકારે દેખાય છે. (આકાશમાં ચન્દ્ર એકજ હોવા છતાં જુદા જુદા પાણીમાં એના પ્રતિબિંબો કરોડો પડે. એમ ભૂતાત્મા એક હોવા છતાં તે જુદા જુદા ભૂતોમાં જુદો જુદો દેખાય છે. પરમાર્થથી તો ભૂતાત્મા એકજ છે.)

આ મતનો વ્યવચ્છેદ થઈ જાય છે. કેમકે જો સર્વથા અદ્વૈત હોય, ખરેખર એકજ આત્મા હોય, તો **सर्वसिद्धेभ्यः** માં રહેલો બહુવચનગર્ભિત જે સર્વશબ્દ છે, તેનો જ અભાવ થઈ જાય. (ઘણા બધા સિદ્ધો હોય, તો જ **सर्व** શબ્દ વપરાય ન? એક જ **सिद्ध** હોય તો પછી **सर्व** શબ્દ વાપરવાની કોઈ જરૂર જ ન રહે ને ? એટલે સર્વ શબ્દ બહુવચનગર્ભિત છે અને સર્વથા અદ્વૈતપક્ષમાં એ શબ્દ સંગત ન જ થાય એ સ્વાભાવિક છે.

(વળી જો આત્મા એક જ હોય તો પછી હવે સિદ્ધગતિમાં જશે કે કોણ ? એક આત્મા સિદ્ધ થઈ ગયો, એટલે પછી બીજા કોઈ આત્મા છે જ નહિ, કે જેઓ હવે સિદ્ધગતિમાં જાય...)

આવા સર્વસિદ્ધોને નમીને દશવૈકાલિકનિર્યુક્તિનું કીર્તન કરીશ.

અહીં **नत्वा** એ શબ્દ વડે નિત્યૈકાન્તવાદની અસાધુતા = અસત્યતાને અને અનિત્યૈકાન્તવાદની અસત્યતાને કહી દીધી. કેમકે એક જ કર્તવાળી બે ક્રિયાઓમાં પૂર્વકાળમાં **त्वा** પ્રત્યય થાય છે. આવું થાય છે માટે જ ત્વા પ્રત્યય દ્વારા બેય એકાન્ત મતો મિથ્યા સાબિત થાય છે. કેમકે તે એકાન્તમતોમાં **त्वा** પ્રત્યયનો અર્થ ઘટી શકતો નથી.

("છગન જમીને નિશાળે જાય છે." અહીં ભોજન અને ગમન એ બેય ક્રિયાનો કર્તા એકજ છે. "છગન" અને એટલે પૂર્વકાલીનક્રિયા માટે જમીને-**भुक्त्वा** = **त्वा** પ્રત્યય લગાડાય છે. પણ કર્તા બદલાય તો આ રીતે **त्वा** પ્રત્યય નથી લાગતો. "છગન જમીને મગન નિશાળે જાય છે." આવો પ્રયોગ નથી થતો. કેમકે અહીં બેય ક્રિયાના કર્તા જુદા જુદા છે.

એમ એકજ કર્તા બે ક્રિયા ાથે કરતો હોય ત્યારે પણ **त्वा** ન લાગે. દા.ત. છગન બોલવાનું અને લખવાનું એક સાથે કરતો હોય તો "છગન બોલીને લખે છે કે લખીને બોલે છે.." એમ પ્રયોગ ન થાય. પણ છગન બોલે છે અને બોલતા બોલતા લખે છે. "એમ જ પ્રયોગ થાય. એટલે બે જુદા જુદા કાળમાં થતી ક્રિયાનો એકજ કર્તા હોય, ત્યારે પૂર્વકાલીન ક્રિયા સાથે **त्वा** પ્રત્યય જોડાય...)

સૌપ્રથમ તો નિત્યએકાન્તવાદમાં **त्वा** પ્રત્યય કેમ ન ઘટે ? એ વિચારીએ. એમના મતમાં આત્મા એકાન્તે નિત્ય છે, અને એટલે તે આત્મા અપ્રચ્યુત = નાશ ન પામનાર, અનુત્પન્ન = ઉત્પન્ન ન થનાર, સ્થિર એકજ સ્વભાવવાળો છે. અને એટલે તે આત્મામાં

જુદા જુદા કાળમાં થનારી બે ક્રિયાનું કર્તૃત્વ ઘટી જ ન શકે. (જો ભોજનક્રિયા કરતો હોય તો સદા તે ભોજનક્રિયા જ કર્યા કરે. જો ભોજનક્રિયા પછી ગમનક્રિયા કરે, તો એ આત્માનો સ્થિર-એકસ્વભાવ ન રહ્યો. એનો સ્વભાવ બદલાઈ ગયેલો કહેવાય. હવે એ તો નિત્ય-એકાન્તવાદીઓને માન્ય જ નથી. એટલે એમના મતમાં ક્યારેય બે જુદી જુદી ક્રિયાનો એક કર્તા મળી શકે જ નહી. અને એટલે જ તેઓના મતમાં **त्वा** પ્રત્યયનો અર્થ ઘટી શકે નહિ. કેમકે **त्वा** પ્રત્યયનો અર્થ જ આ છે...)

હવે ક્ષણિક-એકાન્તવાદમાં **त्वा** પ્રત્યય કેમ ન ઘટે ? એ વિચારીએ.

એમના મતમાં તો આત્મા જે ક્ષણે ઉત્પન્ન થયો, એની બીજી જ ક્ષણે ખતમ થઈ જાય છે. આમ આત્માનો ઉત્પત્તિ સિવાય બીજો કોઈ વ્યાપાર જ નથી. તો પછી જુદા જુદા કાળમાં થયેલી બે ક્રિયાઓનું કર્તૃત્વ એમાં ન જ ઘટે. એ સ્વાભાવિક છે. આત્મા ઓછામાં ઓછી બે-ત્રણ ક્ષણ ટકે તો હજી શક્ય બને કે પહેલાસમયે ઉત્પત્તિ, બીજાસમયે ભોજન, ત્રીજાસમયે ગમન... અને તો જ ભિન્ન કાલીન બે ક્રિયાનો એક કર્તા બને. પણ એ તો ઉત્પન્ન થયા પછી બીજી જ ક્ષણે મરી જાય છે. એટલે એમાં બે ક્રિયાનું કર્તૃત્વ જ ઘટે.

અહીં વિસ્તાર વડે સર્યુ.

આ નિરૂપણ તો માત્ર ગમનિકા જ છે. અર્થાત્ અક્ષરાર્થ કરવા પુરતું જ આ નિરૂપણ છે. એટલે એમાં ઝાઝો વિસ્તાર કરવાનો નથી.

(પ્રશ્ન : વ્યાકરણનો નિયમ તો એવો છે કે **नमस्, स्वस्ति, स्वधा, स्वाहा** અવ્યયનાં યોગમાં ચતુર્થીવિભક્તિ થાય. અહીં નમનક્રિયા દર્શાવનાર **नत्वा** શબ્દ ભલે હોય, પણ **नमस्** અવ્યય નથી. નિયમમાં એવું નથી કહ્યું કે "નમનક્રિયાવાચી કોઈપણ શબ્દના યોગમાં ચતુર્થી થાય." પણ માત્ર **नमस्** ના યોગમાં જ ચતુર્થી કરવાની વાત છે. તો અહીં **नत्वा** ના યોગમાં ચતુર્થી કેમ કરી ?

ઉત્તર : આવો એકાંતવાદ ન રાખવો. નમનક્રિયાના યોગમાં આ ઉપર બતાવ્યાપ્રમાણે ચોથી પણ થઈ શકે. જો તમે આ વાત ન માનો તો આ પ્રસ્તુત ગાથા સૂત્ર જ અસંગત બની જશે. કેમકે એમાં તો નમનક્રિયાના યોગમાં જ ચતુર્થી કરેલી છે. (પિતાને અને માતાને સદા નમસ્કાર કરું છું.).

પ્રશ્ન :પણ આ ગાથામાં જ ભૂલ હોય તો ?

ઉત્તર : નિર્યુક્તિકારપુરુષ આપ્તપુરુષ છે, એટલે એમની ગાથામાં ભૂલ હોવાની શંકા

ન કરવી. વળી **पित्रे सवित्रे च...** વગેરે વિચિત્રપ્રયોગોનું પણ દર્શન થાય જ છે. અહીં **नत्वा** અવ્યય નથી, છતાં નમનક્રિયાના યોગમાં **पितृ** શબ્દ અને **सवितृ** શબ્દને ચતુર્થીવિભક્તિ કરેલી દેખાય છે.

અથવા તો આ ષષ્ઠીવિભક્તિ ચતુર્થીનાં અર્થમાં ન સમજવી, પણ કર્મમાં ષષ્ઠી સમજવી. અર્થાત્ એ બીજીવિભક્તિનો જ અર્થ દર્શાવનાર સમજવી. **त्वा** ના યોગમાં તો બીજીવિભક્તિ લાગે જ છે.(સર્વસિદ્ધો નમનક્રિયાનું કર્મ બન્યા છે. એટલે એ અર્થમાં જ અહીં ષષ્ઠી વિભક્તિ છે)

**પ્રશ્ન :** સર્વ સિદ્ધોને નમસ્કાર કરીને શું કરશો ?

**ઉત્તર :** "દશકાલિક નિર્યુક્તિને કીર્તિશ."

હવે આમાં જે કાળવડે બનેલું હોય તે કાલિક કહેવાય. અહીં કાલવડે એટલે પ્રમાણકાળવડે એમ અર્થ સમજવો. (આ શાસ્ત્ર સાંજના સમય રૂપ પ્રમાણકાલ વડે બનેલ હોવાથી એ કાલિક કહેવાય. કાળનાં વિવિધ નિક્ષેપો-ભેદો અને પ્રમાણકાળની સમજણ માટે જુઓ આવ.નિ.)

હવે આ શાસ્ત્રમાં અધ્યયનનાં દશ ભેદો છે. એટલે આ શાસ્ત્ર દશઅધ્યયનસ્વરૂપ છે, અને એટલે દશપ્રકારનું જે કાલિક તે દશકાલિક કહેવાય. સમાસમાં પ્રકાર શબ્દનો લોપ થવાથી દશકાલિક નામ પડે.

જોકે આમ તો **दशवैकालिकं** એમ નામ છે. પણ એમાં જે **वि** શબ્દ છે. (**वि** નો જ **वै** થયો છે.) તેનો અર્થ અમે આગળ કહેશું.

'આ દશકાલિકશાસ્ત્રને વિશે નિર્યુક્તિને કહીશ.

જે સૂત્ર અને અર્થો પરસ્પર નિર્યુક્ત જ છે = નિશ્ચિતસંબંધવાળા જ છે. તે નિર્યુક્તસૂત્રાર્થોની યુક્તિ = ક્રમશઃ જોડાણ કરવું એ નિર્યુક્તયુક્તિ કહેવાય. હવે ખરેખર તો નિર્યુક્તયુક્તિ એમ શબ્દ વાપરવો જોઈએ, પણ વચ્ચેના યુક્તશબ્દનો લોપ થવાથી નિર્યુક્તિ શબ્દ બને. ટુંકમાં વિપ્રકીર્ણ, સૂત્રથી છૂટા-છવાયા રહેલા એવા અર્થોની યોજનાને હું કહીશ.

(ક્યા સૂત્રોનો શો અર્થ છે એ તો નિશ્ચિત જ છે. એટલે એ બે વચ્ચે પરસ્પર સંબંધ પાકો જ હોવાથી તે નિર્યુક્ત કહેવાય. પણ આપણે એ નથી જાણતા કે "કયા સૂત્રનો કયા અર્થ સાથે સંબંધ છે ? એટલે ભદ્રબાહુસ્વામી તે તે સૂત્રોને તે તે અર્થો સાથે ક્રમશઃ જોડી આપે છે, કે જેથી આપણને બોધ થાય. આમ તેઓ નિર્યુક્ત સૂત્રાર્થોની યુક્તિ,

નિર્યુક્તયુક્તિ = નિર્યુક્તિને રચે છે.)

शास्त्राणि चादिमध्यावसानमङ्गलभाञ्जि भवन्तीत्यत आह –

શાસ્ત્રો પ્રારંભમાં, મધ્યમાં અને અંતે એમ ત્રણ જગ્યાએ મંગલવાળા હોય છે એટલે હવે કહે છે કે

आइमज्झवसाणे काउं मंगलपरिग्गहं विहिणा ।

નિર્યુક્તિ-૨ ગાથાર્થ : આદિમાં, મધ્યમાં અને અંતમાં વિધિથી મંગલનો પરિગ્રહ કરીને..... (આ ગાથાનો પૂર્વાર્ધ છે. ઉત્તરાર્ધ આગળ કહેશે.)

व्याख्या-शास्त्रस्यादौ-प्रारम्भे 'मध्ये'-मध्यविभागे 'अवसाने'-पर्यन्ते, किं ?-कृत्वा मङ्गलपरिग्रहम्, कथम् ?–'विधिना' प्रवचनोक्तेन प्रकारेण, आह-किमर्थं मङ्गलत्रयपरिकल्पनम् ? इति, उच्यते, इहादिमङ्गलपरिग्रहः सकलविघ्नापोहेनाभिलषितशास्त्रार्थपारगमनार्थं, तत्स्थिरीकरणार्थं च मध्यमङ्गलपरिग्रहः, तस्यैव शिष्यप्रशिष्यसन्तानाव्यवच्छेदायावसानमङ्गलपरिग्रह इति । अत्र चाक्षेपपरिहारावावश्यकविशेषविवरणादवसेयौ इति । सामान्यतस्तु सकलमपीदं शास्त्रं मङ्गलं, निर्जरार्थत्वात्तपोवत्, न चासिद्धो हेतुः, यतो वचनविज्ञानरूपं शास्त्रं, ज्ञानस्य च निर्जरार्थता प्रतिपादितैव, यत उक्तम्–'जं णेरइओ कम्मं खवेइ बहुयाहिं वासकोडीहिं । तं नाणी तिहि गुत्तो खवेइ ऊसासमेत्तेणं ॥१॥" इत्यादि । इह चादिमङ्गलं द्रुमपुष्पिकाध्ययनादि, धर्मप्रशंसाप्रतिपादकत्वात्तत्स्वरूपत्वादिति, मध्यमङ्गलं तु धर्मार्थकामाध्ययनादि, प्रपञ्चाचारकथाद्यभिधायकत्वात्, चरममङ्गलं तु भिक्ष्वध्ययनादि, भिक्षुगुणाद्यवलम्बनत्वादित्येवमध्ययनविभागतो मङ्गलत्रयविभागो निर्दशितः, अधुना सूत्रविभागेन निदर्श्यते-तत्र चादिमङ्गलम् 'धम्मो मंगल' इत्यादिसूत्रं, धर्मोपलक्षितत्वात्, तस्य च मङ्गलत्वादिति, मध्यममङ्गलं पुनः 'णाणदंसणे'त्यादि सूत्रं, ज्ञानोपलक्षितत्वात्, तस्य च मङ्गलत्वादिति, अवसानमङ्गलं तु 'णिक्खम्ममाणा इय' इत्यादि, भिक्षुगुणस्थिरीकरणार्थं विविक्तचर्याभिधायकत्वात्, भिक्षुगुणानां च मङ्गलत्वादिति । आह-मङ्गलमिति कः शब्दार्थः ?, उच्यते, 'अगिरगिलगिवगिमगीति' दण्डकधातुः, अस्य "इदितो नुम् धातो" (पा० ७-१-५८) रिति नुमि विहिते औणादिकालच्प्रत्ययान्तस्य अनुबन्धलोपे कृते प्रथमैकवचनान्तस्य मङ्गलमितिरूपं

भवति । मङ्ग्यते हितमनेनेति मङ्गलं, मङ्ग्यतेऽधिगम्यते साध्यत इतियावत्, अथवा मङ्ग इति धर्माभिधानं, 'ला आदाने' अस्य धातोर्मङ्गे उपपदे 'आतोऽनुपसर्गे कः'' (पा० ३-२-३) इति कप्रत्ययान्तस्यानुबन्धलोपे कृते ''आतो लोप इटि च'' (पा० ६-४-६४) क्ङिति इत्यनेन सूत्रेणाकारलोपे च कृते प्रथमैकवचनान्तस्यैव मङ्गलमिति भवति, मङ्गं लातीति मङ्गलं, धर्मोपादानहेतुरित्यर्थः, अथवा मां गालयति भवादिति मङ्गलं, संसारादपनयतीत्यर्थः । तच्च नामादि चतुर्विधं, तद्यथा-नाममङ्गलं स्थापनामङ्गलं द्रव्यमङ्गलं भावमङ्गलं चेति, एतेषां च स्वरूपमावश्यकविशेषविवरणादवसेयमिति ॥

---

**ટીકાર્થ :** શાસ્ત્રની આદિમાં, મધ્યવિભાગમાં અને અંતમાં મંગલનો સ્વીકાર શાસ્ત્રમાં કહેલી વિધિવડે કરીને... (વાક્ય અધુરું છે, આગળના ઉત્તરાર્ધ સાથે જોડાશે...)

**પ્રશ્ન :** ત્રણમંગલનું પરિકલ્પન = કથન = નિરૂપણ શા માટે ? એકાદ મંગલ ન ચાલે ?

**ઉત્તર :** અહીં પહેલામંગલનું ગ્રહણ તમામ વિઘ્નોનો નાશકરવા દ્વારા ઈષ્ટશાસ્ત્રનાં અર્થનો પાર પામવા માટે કરાય છે. એ પ્રાપ્ત થયેલા અર્થના સ્થિરીકરણ માટે = ભુલાઈ ન જાય તે માટે મધ્યમમંગલનું ગ્રહણ કરાય છે. અને તે જ શાસ્ત્રાર્થનો શિષ્ય-પ્રશિષ્યની પરંપરામાં અવ્યવચ્છેદ થાય, એ માટે અંતિમ મંગલનું ગ્રહણ કરાય છે.

આ ત્રણમંગલનાં વિષયમાં પ્રશ્ન અને ઉત્તરો આવશ્યકસૂત્રના વિશેષવિવરણથી જાણી લેવા. (અત્રે વિસ્તાર થવાનાં ભયથી એ જણાવતાં નથી.)

સામાન્યથી ખાલી આટલો પદાર્થ સમજી રાખવો કે આ આખુંય શાસ્ત્ર મંગલ છે, કેમકે એ નિર્જરામાટે થાય છે જેમકે તપ.

**પ્રશ્ન :** નિર્જરાર્થત્વ હેતુ શાસ્ત્રરૂપી પક્ષમાં ન રહેતો હોવાથી આ હેતુ અસિદ્ધ છે. (ન્યાયભાષામાં સ્વરૂપાસિદ્ધિદોષ વાળો છે.)

**ઉત્તર :** આમ ન કહેવું. કેમકે શાસ્ત્રએ શ્રુતજ્ઞાનરૂપ છે. અને જ્ઞાનની નિર્જરાર્થતા તો શાસ્ત્રોમાં કહેવાયેલી જ છે. અર્થાત્ "જ્ઞાન નિર્જરાજનક છે" એ વાત તો પ્રસિદ્ધ જ છે. કહ્યું જ છે કે "નારકીનો જીવ ઘણાં બધા કરોડો વર્ષોવડે જે કર્મને ખપાવે, ત્રણગુપ્તિથી ગુપ્ત જ્ઞાની ઉચ્છ્વાસમાત્રવડે કર્મોને ખપાવે."

**પ્રશ્ન :** આ ગ્રન્થમાં પ્રથમમંગલ શું છે ?

**ઉત્તર :** દ્રુમપુષ્પિકાધ્યયનાદિ એ આદિ મંગલ છે.

પ્રશ્ન : આ અધ્યયન મંગલ કેમ કહેવાય ?

ઉત્તર : આ અધ્યયન ધર્મની પ્રશંસાનું પ્રતિપાદનકરનાર હોવાથી મંગલ સ્વરૂપ કહેવાય અને એટલે પ્રથમમંગલ તરીકે એ અધ્યયન ગણી શકાય.

મધ્યમમંગલ તો ધર્માર્થકામાધ્યયનાદિ છે. (છઠ્ઠું અધ્યયન)

પ્રશ્ન : આને મંગલ કેમ કહેવાય ?

ઉત્તર : વિસ્તારથી આચારકથાદિનું નિરૂપણકરનાર આ અધ્યયન હોવાથી તે મંગલ કહેવાય.

ચરમમંગલ તો ભિક્ષુ-અધ્યયાનાદિ છે. (દશમું અધ્યયન) ભિક્ષુનાં ગુણોવગેરેનું આલંબનકરનાર હોવાથી તે મંગલ છે. આ પ્રમાણે અધ્યયનનાં વિભાગદ્વારા ત્રણમંગલોનો વિભાગ દેખાડી દીધો.

હવે સૂત્રનાં વિભાગવડે ત્રણમંગલોનો વિભાગ દેખાડાય છે. તેમાં પ્રથમમંગલ "ધમ્મોમંગલ" એ ગાથાસૂત્ર સમજવું. કેમકે એ સૂત્ર ધર્મથી ઉપલક્ષિત = જણાયેલ = યુક્ત છે. અને ધર્મ મંગલ છે. એટલે ધર્મોપલક્ષિત એ સૂત્ર પણ મંગલ કહેવાય. (એ સૂત્ર ધમ્મો શબ્દથી શરુ થાય છે, એટલે એ ધમ્મો શબ્દથી જ ઓળખાય છે. મોટાભાગે બધા સૂત્રો પ્રથમશબ્દનાં નામે જ ઓળખાતા હોય છે. દા.ત. પંચિંદિય, કલ્લાણકંદં, લોગસ્સ... વગેરે. હવે એ બધાના મૂળ નામો તો જુદા જ છે. છતાં એ સૂત્રો પ્રથમશબ્દથી જ ઓળખાય છે. અત્યારે પણ તેરસનાં દિવસે આપણે બોલીએ છીએ કે "આજે ધમ્મો મંગલ... સજ્ઝાય બોલવાની છે." કોઈ "આજે દ્રુમપુષ્પિકા બોલવાની છે" એમ બોલતું નથી.)

મધ્યમમંગલ તો છટ્ઠા અધ્યયનનું પ્રથમસૂત્ર **णाणदंसण** છે. કેમકે એ જ્ઞાનથી ઉપલક્ષિત છે. (ઉપરની જેમ સમજી લેવું કે એ જ્ઞાનશબ્દથી ઓળખાય છે.) અને જ્ઞાન તો મંગલ છે જ. એટલે આ જ્ઞાનોપલક્ષિત સૂત્ર પણ મંગલ કહેવાય.

અંતિમમંગલ તો **जिहखम्म...** એ દશમાઅધ્યયનની પહેલી ગાથા છે. કેમકે ભિક્ષુનાં ગુણોનાં સ્થિરીકરણમાટે વિવિક્તચર્યાનું નિરૂપણકરનાર આ ગા ા છે, અને ભિક્ષુનાં ગુણો મંગલ છે. (વિવિક્તચર્યાનો અર્થ આગળ દશમાઅધ્યયનમાં આવશે.)

પ્રશ્ન : **मंगलं** આ પ્રમાણેનાં આ શબ્દનો અર્થ શું છે ?

ઉત્તર "**अगि-रगि-लगि-वगि-मगि**" આ પ્રમાણે દંડકધાતુ છે. એમાં **मग्** ધાતુને **नुम्** લગાડીએ, એટલે પછી ઔણાદિકનો **अलच्** પ્રત્યય લાગે. અને બધા

અનુબંધોનો લોપ કરીએ એટલે પ્રથમા-એકવચનાન્ત એ શબ્દનું **मंगलं** એ પ્રમાણે રૂપ બને. (**नुम्** પ્રત્યયમાં બધું જ અનુબંધ છે. અનુબંધ એટલે જે શબ્દમાં જોડવાના ન હોય, માત્ર એના કાર્યો શબ્દમાં થઈ જાય. અનુબંધો નીકળી જાય. અહીં આ બધા અનુબંધોથી **मग्** માં વચ્ચે **ङ्** ઉમેરાય. એટલે **मङ्ग्** બને. અને પછી **अल्** લગાડીએ એટલે **मङ्गलं** બને. અનુબંધોનો લોપ થઈ જવાથી **नुम्-च्** વગેરે વધારાના અક્ષરો નીકળી જાય...)

આ તો કયો પ્રત્યય લાગ્યો ? એની ચર્ચા થઈ.

અર્થ આ પ્રમાણે

જેનાવડે હિત મેળવાય તે મંગલ. **मङ्ग्यते** એટલે મેળવાય, સધાય... એમ અર્થ કરવો. અથવા તો

**मङ्ग** એ શબ્દ જ છે. અને તે ધર્મનો વાચક છે. **ला** ધાતુ મેળવવાના અર્થમાં છે. આ **ला** ધાતુના નજીકના પૂર્વપદ તરીકે મઙ્ગ શબ્દ રાખીએ અને વ્યાકરણનાં નિયમપ્રમાણે **ला** પ્રત્યય કરીએ અને વ્યાકરણનાં નિયમપ્રમાણે **क( अ )** પ્રત્યય કરીએ, એટલે **क** પ્રત્યયાન્ત આ શબ્દમાંથી અનુબંધનો ( **क** નો ) લોપ થયે છતેં અને વ્યાકરણસૂત્ર પ્રમાણે **ला** માંથી **आकार** નો લોપ કરાયે છતે **मङ्ग-ल्-अ-** મંગલ શબ્દ બને.

જે ધર્મને લાવી આપે તે મંગલ. એટલે કે ધર્મની પ્રાપ્તિનું ઉપાદાનકારણ મંગલ કહેવાય.

અથવા ત્રીજો અર્થ આ પ્રમાણે કે

જે મને ભવમાંથી ગાળી નાંખે - બહાર કાઢે તે મંગલ.

તે મંગલ નામાદિ ચારપ્રકારે છે. તે આ પ્રમાણે નામમંગલ-સ્થાપનામંગલ, દ્રવ્યમંગલ અને ભાવમંગલ. આ બધાયનું સ્વરૂપ આવશ્યકના વિશેષવિવરણથી જાણી લેવું.

---

**अमुमेव गाथार्थमुपसंहरन्नाह निर्युक्तिकारः–**

---

નિર્યુક્તિકાર આ જ ગાથાર્થને ઉપસંહરતા કહે છે કે

---

नामाइमंगलंपिय चउव्विहं पन्नवेऊणं ॥२॥

---

**નિર્યુક્તિ-૨ (ઉત્તરાર્ધ) ગાથાર્થ :** ચારપ્રકારનાં નામાદિમંગલને પણ કહીને...

व्याख्या-नामादिमङ्गलं चतुर्विधमपि 'प्रज्ञाप्य' प्ररूप्येति गाथार्थः ॥

ટીકાર્થ : (ગાથાર્થવત્ સ્પષ્ટ છે.)

तत्र समानकर्तृकयोः पूर्वकाले क्त्वाप्रत्ययविधानात् प्रज्ञाप्य किमत आह –

હવે સમાનકર્તાવાળી બે ક્રિયામાં પૂર્વકાલીન ક્રિયાને त्वा પ્રત્યય લાગે. અહીં प्रज्ञाप्य માં त्वा-य( यप् ) લાગ્યો છે એટલે સહજ રીતે પ્રશ્ન થાય કે પ્રસ્તાવના કરીને પછી શું કરશો ?

એ હવે કહે છે.

सुयनाणे अणुओगेणाहिगयं सो चउव्विहो होइ । चरणकरणाणुओगे धम्मे गणिए (काले) य दविए य ॥३॥

નિર્યુક્તિ-૩ ગાથાર્થ : શ્રુતજ્ઞાનમાં અનુયોગવડે અધિકૃત = અધિકાર છે. તે અનુયોગ ચારપ્રકારે છે. ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ, કાલાનુયોગ, દ્રવ્યાનુયોગ.

व्याख्या-श्रुतं च तद् ज्ञानं च श्रुतज्ञानं तस्मिन् श्रुतज्ञाने अनुयोगेनाधिकृतम्, अनुयोगेनाधिकार इत्यर्थः, इयमत्र भावना-भावमङ्गलाधिकारे श्रुतज्ञानेनाधिकारः, तथा चोक्तम् – 'एत्थं पुण अहिगारो सुयणाणेणं जओ सुएणं तु । सेसाणमप्पणोऽविय अणुओगु पईवदिट्ठंतो ॥१॥'' तस्य चोद्देशादयः प्रवर्त्तन्ते इति, उक्तं च–''सुअणाणस्स उद्देसो समुद्देसो अणुन्ना अणुओगो पवत्तइ'' तत्रादावेवोद्दिष्टस्य समुद्दिष्टस्य समनुज्ञातस्य च सतः अनुयोगो भवतीत्यतो निर्युक्तिकारेणाभ्यधायि 'श्रुतज्ञानेऽनुयोगेनाधिकृत'मिति । 'सः' अनुयोगश्चतुर्विधो भवति, कथम् ?-'चरणकरणानुयोगः' चर्यत इति चरणं-व्रतादि, यथोक्तम् – 'वय समणधम्मसंजमवेयावच्चं च बंभगुत्तीओ । णाणादितियं तव कोहनिग्गहाई चरणमेयं ॥१॥'' क्रियते इति करणं-पिण्डविशुद्ध्यादि, उक्तं च – ''पिंडविसोही समिई भावण पडिमा य इंदियनिरोहो । पडिलेहण गुत्तीओ अभिग्गहा चेव करणं तु ॥१॥'' चरणकरणयोरनुयोगश्चरणकरणानुयोगः, अनुरूपो योगोऽनुयोगः-सूत्रस्यार्थेन सार्द्धमनुरूपः सम्बन्धो, व्याख्यानमित्यर्थः, एकारान्तः शब्दः प्राकृतशैल्या प्रथमा( द्वितीया )न्तोऽपि द्रष्टव्यः, यथा 'कयरे आगच्छइ दित्तरूवे' इत्यादि, 'धर्म' इति धर्मकथानुयोगः, 'काले' चेति कालानुयोगश्च गणितानुयोगश्चेत्यर्थः, 'द्रव्ये चे'ति

द्रव्यानुयोगश्च । तत्र कालिकश्रुतं चरणकरणानुयोगः, ऋषिभाषितान्युत्तराध्ययनादीनि धर्मकथानुयोगः, सूर्यप्रज्ञप्त्यादीनि गणितानुयोगः, दृष्टिवादस्तु द्रव्यानुयोग इति, उक्तं च– 'कालियसुअं च इसिभासियाइ तइया य सूरपन्नत्ती । सव्वो य दिट्ठिवाओ चउत्थओ होइ अणुओगो ॥१॥'' इति गाथार्थः ॥ इह चार्थतोऽनुयोगो द्विधा-अपृथक्त्वानुयोगः पृथक्त्वानुयोगश्च, तत्रापृथक्त्वानुयोगो यत्रैकस्मिन्नेव सूत्रे सर्व एव चरणादयः प्ररूप्यन्ते, अनन्तगमपर्यायत्वात्सूत्रस्य, पृथक्त्वानुयोगश्च यत्र क्वचित्सूत्रे चरणकरणमेव क्वचित्पुनर्धर्मकथैवेत्यादि, अनयोश्च वक्तव्यता 'जावंत अज्जवइरा अपुहुत्तं कालियाणुओगस्स । तेणारेण पुहुत्तं कालियसुय दिट्ठिवाए य ॥१॥'' इत्यादेर्ग्रन्थादावश्यकविशेषविवरणाच्चावसेयेति ॥

---

ટીકાર્થ : श्रुतं च तद् ज्ञानं च એ પ્રમાણે કર્મધારય સમાસ કરવો. એ શ્રુતજ્ઞાનમાં અનુયોગ વડે અધિકૃત છે. એટલે કે શ્રુતજ્ઞાનમાં અનુયોગવડે અધિકાર છે. એટલે કે અનુયોગ-વ્યાખ્યાન શ્રુતજ્ઞાનનું કરવાનું છે, અન્યજ્ઞાનોનું નહિ.

અહીં આ ભાવના છે, ભાવમંગલના અધિકારમાં શ્રુતજ્ઞાનવડે અધિકાર છે. કહ્યું છે કે અહીં શ્રુતજ્ઞાન વડે અધિકાર છે. કેમકે શ્રુતવડે બાકીના ચારજ્ઞાનોનો અને પોતાનો પણ અનુયોગ થાય છે. પ્રદીપનું દૃષ્ટાન્ત છે. (જેમ પ્રદીપ પ્રગટેલો હોય તો એ પોતાને પણ પ્રકાશે અને પોતાની આજુબાજુ પડેલા ઘટાદિ પદાર્થોને પણ પ્રકાશે એમ દ્વાદશાંગી વગેરે શ્રુતજ્ઞાન છે. દ્વાદશાંગી પોતે પોતાનો બોધ કરાવે જ છે. જેમ જેમ દ્વાદશાંગી વાંચો, તેમ તેમ એનો બોધ થાય. આમ એ સ્વપ્રકાશક છે જ એટલે પ્રદીપ જેવી છે

હવે મતિ-અવધિ, મનઃપર્યવ-કેવલ આ ચારજ્ઞાનોનું સ્વરૂપ પણ શાસ્ત્રો દ્વારા જ આપણે જાણી શકીએ છીએ. એટલે શ્રુતજ્ઞાન એ ચારેયનો પણ પ્રકાશક છે. આમ પાંચેય જ્ઞાનોમાં શ્રુતજ્ઞાન દ્વારા જ આપણે જાણી શકીએ છીએ. એટલે શ્રુતજ્ઞાન એ ચારેયનો પણ પ્રકાશક છે. આમ પાંચેય જ્ઞાનોમાં શ્રુતજ્ઞાન સ્વપ્રકાશક હોવાથી એ ચઢીયાતું છે. એટલે ભાગમંગલ તરીકે શ્રુતજ્ઞાન લેવાય છે.

દ્વાદશાંગીરૂપ શ્રુતનો આચાર્યવડે કરાતો વ્યાખ્યાનાદિરૂપ અનુયોગ પણ શ્રુત જ છે. એટલે એમ કહી શકાય કે દ્વાદશાંગીરૂપ શ્રુતનો અનુયોગ શ્રુતવડે થાય છે. એટલે કે શ્રુતવડે શ્રુતનો અનુયોગ થાય છે. એમ બાકીના ચારજ્ઞાનોનો અનુયોગ પણ શ્રુતવડે થાય છે. એટલે એમ કહેવાય કે શ્રુતવડે બાકીનાનો પણ અનુયોગ થાય છે.)

આમ નામાદિ ચાર મંગલમાં જ્યારે ભાવમંગલની વિચારણા આવે, ત્યારે શ્રુતજ્ઞાન

ભાવમંગલ તરીકે લેવાય છે. હવે એ શ્રુતજ્ઞાનના જ ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા પ્રવર્તે છે. કહ્યું છે કે શ્રુતજ્ઞાનના ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા અને અનુયોગ પ્રવર્તે છે. (ગુરુ શિષ્યને દશવૈ.નું પ્રથમઅધ્યયન આપે તો એ પ્રથમઅધ્યયનનો ઉદ્દેશો થયો. એ પછી શિષ્ય એને કંઠસ્થ કરી ગુરુને સંભળાવે એટલે ગુરુ એને કહે કે "હવે આને સ્થિર-પરિચિત કર. તારા નામની જેમ આત્મસાત્ છે, એમ આ અધ્યયનને આત્મસાત્ કર..." આ શ્રુતજ્ઞાનનો સમુદ્દેશ કહેવાય. અને જ્યારે શિષ્ય એને અત્યંત સ્થિરપરિચિત કરી દે, એટલે પછી ગુરુ એને રજા આપે કે "હવે આ સૂત્ર બીજાઓને આપવાની પણ તને સંમતિ છે" આ અનુજ્ઞા કહેવાય. પછી ગુરુ એને એ સૂત્રનાં અર્થ વિસ્તારથી વિધિપૂર્વક કહે એનું નામ અનુયોગ.

હવે મતિજ્ઞાનાદિમાં આવું તો કંઈ હોતું નથી કે ગુરુ શિષ્યને પહેલાં મતિજ્ઞાનાદિ આપે. પછી શિષ્ય મતિજ્ઞાનાદિ તૈયાર કરી લે એટલે ગુરુ એની પાસે એ પાકા કરાવે... પછી એ મત્યાદિ બીજાને આપવાની અનુજ્ઞા આપે. અને પછી એના ઉપર વ્યાખ્યાન કરે... આ બધું એ ચારજ્ઞાનોમાં નથી. એટલે એ તો સ્પષ્ટ જ છે કે શ્રુતજ્ઞાનનાં જ ઉદ્દેશાદિ થાય, શેષ ચારજ્ઞાનનાં નહિ.)

હવે એમાં શરુઆતમાં જ ઉદ્દિષ્ટ, સમુદ્દિષ્ટ અને અનુજ્ઞાત બની ચૂકેલા એવા તે શ્રુતનો પછી અનુયોગ થાય, આ કારણસર નિર્યુક્તિકારવડે ગાથામાં કહેવાયું કે "શ્રુતજ્ઞાનમાં અનુયોગવડે અધિકાર છે."

(આખો ક્રમ આ પ્રમાણે છે કે નામાદિ ચાર મંગલ છે, એમાં ભાવમંગલ તરીકે શ્રુતજ્ઞાન છે. એ શ્રુતજ્ઞાનના ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા થઈ જાય પછી એનો અનુયોગ થાય. આમ અનુયોગ શ્રુતજ્ઞાનનો જ થાય. માટે નિર્યુક્તિકારે કહ્યું કે શ્રુતજ્ઞાનમાં જ અનુયોગવડે અધિકાર છે. અર્થાત્ શ્રુતજ્ઞાનનો જ અનુયોગ કરવાનો હોય છે.)

તે અનુયોગ ચાર પ્રકારે છે.

પ્રશ્ન : કેવી રીતે ?

ઉત્તર  આ પ્રમાણે (૧) ચરણકરણાનુયોગ એમાં જે આચરાય તે ચરણ. વ્રતાદિ એ ચરણ છે. કહ્યું છે કે "પાંચવ્રત, ૧૦ શ્રમણધર્મ, ૧૭ સંયમ, ૧૦ વૈયાવચ્ચ, ૯ બ્રહ્મગુપ્તિ, ૩ જ્ઞાનાદિ, ૧૨ તપ, ૪ ક્રોધનિગ્રહાદિ આ ચરણ છે."

જે કરાય તે કરણ. પિંડવિશુદ્ધિ વગેરે કરણ છે. કહ્યું છે કે પિંડવિશુદ્ધિ, (અશનાદિ ૪ની શુદ્ધિ). પાંચ સમિતિ, ૧૨ ભાવના, ૧૨ પ્રતિમા, ૫ ઈંદ્રિયનિરોદ, ૨૫ પ્રતિલેખન, ૩ ગુપ્તિ, ૪ અભિગ્ર. આ કરણ છે.

ચરણ અને કરણનો અનુયોગ એ ચરણકરણાનુયોગ.

અનુરૂપ એવો યોગ તે અનુયોગ કહેવાય. સૂત્રનો અર્થની સાથે અનુરૂપ સંબંધ કરવો એટલે કે સૂત્રનું વ્યાખ્યાન કરવું એ અનુયોગ છે. (જે સૂત્રનો જે અર્થ યોગ્ય ગણાય, તે અર્થ દર્શાવવો એ અનુયોગ...)

પ્રશ્ન :ગાથામાં તો **चरणकरणानुओगे** એમ સાતમીવિભક્તિ કરેલી છે. તમે તો પ્રથમા સમજો છો.

ઉત્તર  અહીં આ શબ્દ **एकरान्त** છે. એ સાચું. પણ પ્રાકૃતશૈલીથી તો એકારાન્તશબ્દ એ પ્રથમાવિભક્તિવાળો પણ હોઈ શકે છે. જુઓ, ઉત્તરાધ્યયનસૂત્રનો પાઠ છે કે "દિપ્તરૂપવા ે આ કોણ આવે છે ?..." અહીં **कयरे** અને **द्वित्तरुवे** બેય **एकारान्त** શબ્દ છે, અને છતાં પ્રથમાન્ત ગાથા છે. તેમ અત્રે પણ સમજવું.

(૨) **धर्म** એટલે ધર્મકથાનુયોગ.

(૩) **काले च** એટલે કાલાનુયોગ, એટલે કે ગણિતાનુયોગ.

(૪) **द्रव्ये च** એટલે દ્રવ્યાનુયોગ.

તેમાં આચારાંગાદિ કાલિકશ્રુત ચરણકરણાનુયોગ છે. (જે, નિશ્ચિતકાળે કાલગ્રહણ લેવાપૂર્વક ભણી શકાય તે કાલિક શ્રુત)

ઉત્તરાધ્યયન વગેરે ઋષિભાષિતસૂત્રો ધર્મકથાનુયોગ

સૂર્યપ્રજ્ઞપ્તિ વગેરે ગણિતાનુયોગ `

દૃષ્ટિવાદ દ્રવ્યાનુયોગ છે.

કહ્યું છે કે "કાલિકશ્રુતો, ઋષિભાષિતો અને ત્રીજાઅનુયોગરૂપ સૂર્યપ્રજ્ઞપ્તિ તથા બધો જ દૃષ્ટિવાદ એ ચોથોઅનુયોગ `." (કાલિકશ્રુતો પહેલો, ઋષિભાષિતાદિ બીજો...)

(આ તો સૂત્રની અપેક્ષાએ અનુયોગ બતાવ્યો.)

અહીં અર્થથી અનુયોગ બે પ્રકારે છે. (૧) અપૃથક્ત્વાનુયોગ (૨) પૃથક્ત્વાનુયોગ.

તેમાં અપૃથક્ત્વાનુયોગ એટલે જેમાં એકજ સૂત્રમાં ચરણકરણ, ધર્મકથાદિ બધાની જ પ્રરૂપણા કરાય.

(**પ્રશ્ન** : એકજ સૂત્રમાં ચારેયની પ્રરૂપણા શક્ય જ શી રીતે બને ? દા.ત. **धम्मो** એ ગાથામાં તો ચરણકરણની જ પ્રરૂપણા શી રીતે શક્ય બને ?)

ઉત્તર : સૂત્ર અનંતગમો અને અનંતપર્યાયોવાળું હોવાથી એકજ સૂત્રમાં ચારેયની પ્રરૂપણા શક્ય છે. અને એ રીતે એક સૂત્રમાં બધાની ભેગી પ્રરૂપણા તે અપૃથક્ત્વાનુયોગ.

પૃથક્ત્વાનુયોગ એટલે જેમાં કોઈ સૂત્રમાં ચરણકરણ જ પ્રરૂપાય, કોઈક સૂત્રમાં વળી ધર્મકથા જ પ્રરૂપાય... વગેરે.

આ બેય પ્રકારના અનુયોગનું સ્વરૂપ તો નીચે બતાવાતી ગાથા દ્વારા અને આવશ્યક વિશેષવિવરણ દ્વારા જાણી લેવું.

એ ગાથા આ પ્રમાણે છે કે જ્યાં સુધી આર્યવ્રજસ્વામી હતા, ત્યાં સુધી કાલિક-અનુયોગનું અપૃથક્ત્વ હતું. ત્યાર પછી કાલિકશ્રુત અને દૃષ્ટિવાદમાં પૃથક્ત્વ શરુ થયું.

---

**इह पुनः पृथक्त्वानुयोगेनाधिकारः, तथा चाह निर्युक्तिकारः –**

---

પ્રસ્તુતમાં = દશવૈકાલિકમાં તો પૃથક્ત્વાનુયોગવડે અધિકાર છે. એટલે કે અહીં તો પૃથક્ત્વાનુયોગ જ લેવાનો છે.

નિર્યુક્તિકાર આજ વાત કરે છે.

---

अपुहुत्तपुहुत्ताइं निद्दिसिउं एत्थ होइ अहिगारो । चरणकरणाणुओगेण तस्स दारा इमे हुंति ॥४॥

---

**નિર્યુક્તિ-૪ ગાથાર્થ :** અપૃથક્ત્વ પૃથક્ત્વને નિર્દેશીને અહીં ચરણકરણાનુયોગવડે અધિકાર છે. તેના આ દ્વારો છે.

---

**व्याख्या-'<u>अपृथक्त्वपृथक्त्वे</u>' लेशतो निर्दिष्टस्वरूपे निर्दिश्य '<u>अत्र</u>' प्रक्रमे भवत्यधिकारः, केन ? –'चरणकरणानुयोगेन' '<u>तस्य</u>' चरणकरणानुयोगस्य '<u>द्वाराणि</u>' प्रवेशमुखानि '<u>अमूनि</u>' वक्ष्यमाणलक्षणानि भवन्तीति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** જે બે અનુયોગોનું સ્વરૂપ અમે ત્રીજીગાથાની વૃત્તિમાં લેશથી દેખાડી દીધું છે, તે અપૃથક્ત્વ-પૃથક્ત્વઅનુયોગનો નિર્દેશ કરી (ઉલ્લેખ કરી) અહીં તો ચરણકરણાનુયોગવડે અધિકાર થાય છે. (આ અનુયોગચતુષ્કમાંથી એક જ અનુયોગનો અહીં અધિકાર લીધો. એટલે એનો અર્થ જ એ કે અહીં પૃથક્ત્વાનુયોગનો અધિકાર છે... અપૃથક્ત્વનો નહિ.)

તે ચરણકરણાનુયોગના દ્વારો = પ્રવેશમુખો આગળ કહેવાતા લક્ષણવાળા છે. (દ્વાર એ પ્રવેશ કરવા માટેનું મુખ કહેવાય. અનુયોગમાં પ્રવેશ કરવા માટેના મુખ સમાન

નીચેના દ્વારો છે. એ દ્વારોના માધ્યમે સહેલાઈથી અનુયોગ કરી શકાય.)

निक्खेवेगट्ठनिरुत्तविही पवित्ती य केण वा कस्स ? । तद्दारभेयलक्खण तयरिहपरिसा य सुत्तत्थो ॥५॥

નિર્યુક્તિ-૫ ગાથાર્થ : (૧) નિક્ષેપ (૨) એકાર્થ (૩) નિરુક્ત (૪) વિધિ (૫) પ્રવૃત્તિ (૬) કોનાવડે ? (૭) કોનો ? (૫) તદ્દ્વારભેદ (૯) લક્ષણ (૧૦) તદર્હપર્ષદા (૧૧) સૂત્રાર્થ.

**व्याख्या-अस्याः प्रपञ्चार्थः आवश्यकविशेषविवरणादवसेयः, स्थानाशून्यार्थं तु सङ्क्षेपार्थः प्रतिपाद्यत इति, 'णिक्खेव'त्ति अनुयोगस्य निक्षेपः कार्यः, तद्यथा-नामानुयोग इत्यादि, 'एगट्ठत्ति' तस्यैव एकार्थिकानि वक्तव्यानि, तद्यथा—अनुयोगो नियोग इत्यादि, 'निरुत्त'त्ति तस्यैव निरुक्तं वक्तव्यम्, अनुयोजनमनुयोगः अनुरूपो वा योग इत्यादि, 'विहि'त्ति तस्यैव विधिर्वक्तव्यो, वक्तुः श्रोतुश्च, तत्र वक्तुः 'सुत्तत्थो खलु पढमो बीओ णिज्जुत्तिमीसिओ भणिओ । तइओ य निरवसेसो एस विही होइ अणुओगे ॥१॥" श्रोतुश्चायम् – "मूयं हुंकारं वा बाढक्कार पडिपुच्छ वीमंसा । तत्तो पसंगपारायणं च परिनिट्ठ सत्तमए ॥१॥"**

**ટીકાર્થ :** આ ગાથાનો વિસ્તારથી અર્થ આવશ્યક વિશેષવિવરણથી જાણી લેવો. સ્થાન શૂન્ય ન રહી જાય એ માટે અહીં સંક્ષેપથી અર્થ કહેવાય છે.

**(૧) નિક્ષેપ** અનુયોગનો નિક્ષેપ કરવો. તે આ પ્રમાણે-નામાનુયોગ, સ્થાપનાનુયોગ...

**(૨) એકાર્થ :** અનુયોગના જ સમાનાર્થી કહેવા. તે આ પ્રમાણે-અનુયોગ, નિયોગ.

**(૩) નિરુક્ત** અનુયોગ શબ્દનો જ વ્યુત્પત્તિ-અર્થ કહેવો. અનુયોજન એટલે અનુયોગ, અનુરૂપ યોગ.... વગેરે.

**(૪) વિધિ :** અનુયોગની જ વિધિ કહેવાની. તેમાં વક્તાની વિધિ અને શ્રોતાની વિધિ કહેવી.

તેમાં વક્તાની વિધિ આ પ્રમાણે છે કે પહેલો સૂત્રનો અર્થ કહેવો. બીજો નિર્યુક્તિમિશ્રિત અર્થ કહેવાયેલો છે. ત્રીજો નિરવશેષ-સંપૂર્ણ કહેવાયેલો છે. અનુયોગમાં આ વિધિ છે. (વક્તા પ્રથમ મૂળસૂત્રનો સીધેસીધો અર્થ જ કહે. ત્યારબાદ જયારે

બીજીવાર કહેવાનો અવસર આવે ત્યારે એ સૂત્રની નિર્યુક્તિઓનો અર્થ પણ સાથે કહે અને જયારે ત્રીજીવાર કહે ત્યારે સૂત્રાર્થ અને નિર્યુક્તિ-અર્થ સિવાયના પણ તેને અનુસરતા જે કોઈ પદાર્થો હોય તે બધા જ પદાર્થો કહે.)

શ્રોતાની વિધિ આ પ્રમાણે છે કે (૧) મૂંગો રહે (૨) હુંકાર કરે. (૩) બાઢંકાર કરે. (૪) પ્રતિપૃચ્છા કરે. (૫) વિમર્શ કરે. (૬) ત્યાર પછી પ્રસંગપારાયણ કરે. (૭) સાતમીવારના શ્રવણમાં પરિનિષ્ઠા પામે. (આનો વિસ્તૃતઅર્થ આવશ્યકમાંથી જાણવો. વિશેષ માત્ર એટલું જ કે જે વ્યુત્પન્ન શિષ્ય હોય તેઓને તો ગુરુ ઉપરબતાવેલ ગુરુની વિધિમુજબ ત્રણવારમાં જ બધા અર્થો આપી દે. પણ મંદબુદ્ધિવાળા શિષ્યને કુલ ૭વાર ગુરુ એકના એક સૂત્રના અર્થ કહે. એટલે એ દરેક શ્રવણ વખતે એ શું શું કરે ? એ દર્શાવતી આ ગાથા છે. દા.ત. પહેલીવાર સાંભળે ત્યારે કંઈપણ ન બોલે, મુંગો મુંગો સાંભળે. બીજીવાર સાંભળે ત્યારે હુંકાર કરે. ત્રીજીવાર સાંભળે ત્યારે "એકદમ બરાબર છે." એમ બોલવું... વગેરે... સાતમીવાર સાંભળ્યા બાદ એ શિષ્ય ગુરુની જેમજ એ પદાર્થ બોલતો થઈ જાય.)

---

**'पवित्ती य'त्ति अनुयोगस्य प्रवृत्तिश्च वक्तव्या, सा चतुर्भङ्गानुसारेण विज्ञेया, उक्तं च – 'णिच्चं गुरू पमाई सीसा य गुरू ण सीसगा तह य । अपमाइ गुरू सीसा पमाइणो दोवि अपमाई ॥१॥ पढमे नत्थि पवित्ती बीए तइए य णत्थि थोवं वा । अत्थि चउत्थि पवित्ती एत्थं गोणीए दिट्ठंतो ॥२॥ अप्पण्हुया उ गोणी णेव य दोद्धा समुज्जओ दोढुं । खीरस्स कओ पसवो ? जइवि य बहुखीरदा सा उ ॥३॥ बितिएऽवि णत्थि खीरं थोवं तह विज्जए व तइएवि । अत्थि चउत्थे खीरं एसुवमा आयरियसीसे ॥४॥ गोणिसरिच्छो उ गुरू दोहा इव साहुणो समक्खाया । खीरं अत्थपवित्ती नत्थि तहिं पढमबितिएसु ॥५॥ अहवा अणिच्छमाणं अवि किं चि उ जोगिणो पवत्तंति । तइए सारंतमी होज्ज पवित्ती गुणित्ते वा ॥६॥ अपमाई जत्थ गुरू सीसाविय विणयगहणसंजुत्ता । धणियं तत्थ पवित्ती खीरस्सव चरिमभंगंमि ॥७॥"**

---

(૫) પ્રવૃત્તિ : અનુયોગની પ્રવૃત્તિ કહેવાની છે. અર્થાત્ કેવી પરિસ્થિતિ હોય તો અનુયોગ સારો-સુંદર થાય ? એ કહેવાનું છે. તે પ્રવૃત્તિ ચારભાંગાઓનાં અનુસારે જાણવી.

(૧) કહ્યું છે કે નિત્ય (અ) ગુરુ પ્રમાદી અને શિષ્યો પણ પ્રમાદી (બ) ગુરુ પ્રમાદી,

શિષ્યો નહિ (ક) ગુરુ અપ્રમાદી, શિષ્યો પ્રમાદી (ડ) બે ય અપ્રમાદી (૨) પહેલા ભાંગામાં અનુયોગની પ્રવૃત્તિ નથી. બીજા અને ત્રીજામાં પણ નથી. અથવા તો થોડી છે. ચો ાભાંગામાં પ્રવૃત્તિ છે. આ વિષયમાં ગાયનું દૃષ્ટાન્ત છે. (૩) ગાય અપ્રસ્નુતા હોય, એટલે કે એના આંચળમાં દૂધ આવ્યું ન હોય, અને દોહનારો ગોવાળ પણ દોહવા માટે ઉદ્યમી ન હોય. તો દૂધનો પ્રસવ કેવી રીતે થાય? ભલે ને તે ગાય ઘણાં દૂધને આપનારી હોય. (ઘણું દૂધ આપનારી ગાય પણ જયાં સુધી એના આંચળમાંથી સહેજ દૂધ ટપકવા ન માંડે... ત્યાં સુધી દૂધ ન આપે...) (૪) બીજામાં પણ, અપ્રસ્નુતા ગાય અને ગોવાળ દોહવામાં ઉદ્યમી એ ભાંગામાં પણ દૂધ નથી. અથવા તો થોડુંક દૂધ હોય. ત્રીજામાં પણ, પ્રસ્નુતાગાય અને ગોવાળ દોહવામાં અનુદ્યમી એ ભાંગામાં દૂધ ન હોય અથવા થોડુંક દૂધ હોય. ચોથામાં, પ્રસ્નુતાગાય અને ગોવાળ દોહવામાટે ઉદ્યમી એ ભાંગામાં દૂધ થાય. આચાર્ય અને શિષ્યમાં આ ઉપમા છે. (૫) ગુરુ ગાય જેવા છે. સાધુઓ દોહનારા ગોવાળ જેવા છે. દૂધ એટલે અર્થ, અનુયોગની પ્રવૃત્તિ. તેમાં પહેલા અને બીજા ભાંગામાં દૂધ નથી. (૬) અથવા (બીજાભાંગામાં) ઉદ્યમી જોગવાળા શિષ્યો અનુયોગ આપવા નહિ ઈચ્છતા એવા પણ ગુરુને કંઈક પ્રવૃત્તિ (અનુયોગ આપવાની) કરાવડાવે (જોગમાં સૂત્રાદિનો અભ્યાસ કરવાનો હોય એટલે તે શિષ્યો ગુરુને વિનંતિ કરી કરીને પણ કંઈક પ્રવૃત્તિ કરાવે.) ત્રીજાભાંગામાં ગુરુ શિષ્યોને સારણા કરે. સ્વાધ્યાય માટે વારંવાર પ્રેરણાદિ કરે અથવા તો શિષ્યો પણ પ્રમાદી હોવા છતાં ગુણવાન હોવાથી ગુરુની આમન્યા જાળવે ત્યાં કંઈક પણ અનુયોગપ્રવૃત્તિ થાય. (શિષ્યોમાં પ્રમાદ હોવાથી સંપૂર્ણપ્રવૃત્તિ તો ન જ થાય.) (૭) જયાં ગુરુ અપ્રમાદી હોય શિષ્યો પણ વિનયનાં સ્વીકારવાળા હોય અર્થાત્ વિનયી હોય. ત્યાં અનુયોગની પ્રવૃત્તિ પુષ્કળ થાય. જેમ છેલ્લા ભાંગામાં દૂધની પ્રવૃત્તિ થાય.

---

**<u>'केण'</u>त्ति केनानुयोगः कर्त्तव्य इति वक्तव्यं, तत्र य इत्थंभूत आचार्यस्तेन कर्त्तव्यः, तद्यथा–'देसकुलजाइरूवी संघयणधिइजुओ अणासंसी । अविकत्थणो अमाई थिरपरिवाडी गहियवक्को ॥१॥ जियपरिसो जियनिद्दो मज्झत्थो देसकालभावन्नू । आसन्नलद्धपइभो णाणाविहदेसभासन्नू ॥२॥ पंचविहे आयारे जुत्तो सुत्तत्थतदुभयविहिण्णू । आहरणहेउकारणणयनिउणो गाहणाकुसलो ॥३॥ ससमयपरसमयविऊ गंभीरो दित्तिमं सिवो सोमो । गुणसयकलिओ जुग्गो पवयणसारं परिकहेउं ॥४॥" आसामर्थः कल्पादवसेयः, प्राथमिकदशकालिकव्याख्याने तु लेशत**

उच्यते - आर्यदेशोत्पन्नः सुखावबोधवाक्यो भवतीति देशग्रहणं, पैतृकं कुलं विशिष्टकुलोद्भवो यथोत्क्षिप्तभारवहने न श्राम्यति, मातृकी जातिः तत्सम्पन्नो विनयान्वितो भवति, रूपवानादेयवचनो भवति, आकृतौ च गुणा वसन्ति, संहननधृतियुक्तो व्याख्यानतपोऽनुष्ठानादिषु न खेदं याति, अनाशंसी न श्रोतृभ्यो वस्त्राद्याकाङ्क्षति, अविकत्थनो बहुभाषी न भवति, अमायी न शाठ्येन शिष्यान् वाहयति, स्थिरपरिपाटी स्थिरपरिचितग्रन्थस्य सूत्रं न गलति, गृहीतवाक्योऽप्रतिघातवचनो भवति, जितपरिषत् परप्रवादिक्षोभ्यो न भवति, जितनिद्रोऽप्रमत्तत्वाद् व्याख्यानरतिर्भवति प्रकामनिकामशायिनश्च शिष्याँश्चोदयति, मध्यस्थः संवादको भवति, देशकालभावज्ञो देशादिगुणानवबुद्ध्याप्रतिबद्धो विहरति देशनां च करोति, आसन्नलब्धप्रतिभो जात्युत्तरादिना निगृहीतः प्रत्युत्तरदानसमर्थो भवति, नानाविधदेशभाषाविधिज्ञो नानादेशजविनेयप्रत्यायनसमर्थो भवति, ज्ञानादिपञ्चविधाचारयुक्तःश्रद्धेयवचनोभवति, सूत्रार्थोभयज्ञः सम्यगुत्सर्गापवाद-प्ररूपको भवति, उदाहरणहेतुकारणनयनिपुणस्तद्गम्यान् भावान् सम्यक् प्ररूपयति नागममात्रमेव, ग्राहणाकुशलः शिष्याननेकधा ग्राहयति, स्वसमयपरसमयवित् सुखं परमताक्षेपमुखेन स्वसमयं प्ररूपयति, गम्भीरो महत्यप्यकार्ये न रुष्यति, दीप्तिमान् परप्रवादिक्षोभमुत्पादयति, शिवो मारिरोगाद्युपद्रवविघातकृद् भवति, सौम्यः प्रशान्तदृष्टितया सकलजनप्रीत्युत्पादको भवति, इत्थंभूत एव गुणशतकलितो योग्यः प्रवचनम्-आगमस्तस्य सारस्तं कथयितुमिति, यतोऽसावनेकभव्यसत्त्वप्रबोधहेतुर्भवति, उक्तं च-"गुणसुट्ठिअस्स वयणं घयमहुसित्तोव्व पावओ भाइ । गुणहीणस्स न सोहइ णेहविहीणो जह पईवो ॥१॥" तथा चान्येनाप्युक्तम्-"क्षीरं भाजनसंस्थं न तथा वत्सस्य पुष्टिमावहति । आवल्गमानशिरसो यथा हि मातृस्तनात्पिबतः ॥१॥ तद्वत्सुभाषितमयं क्षीरं दुःशीलभाजनगतं तु । न तथा पुष्टिं जनयति यथा हि गुणवन्मुखात्पीतम् ॥२॥ शीतेऽपि यत्नलब्धो न सेव्यतेऽग्निर्यथा श्मशानस्थः । शीलविपन्नस्य वचः पथ्यमपि न गृह्यते तद्वत् ॥३॥ चारित्रेण विहीनः श्रुतवानपि नोपजीव्यते सद्भिः । शीतलजलपरिपूर्णः कुलजैश्चाण्डालकूप इव ॥४॥"

---

(૬) કેન : કોનાવડે અનુયોગ કરવાયોગ્ય છે ? એ આ દ્વારમાં કહેવાનું છે. તેમાં જે આવાપ્રકારના આચાર્ય હોય, તેમણે અનુયોગ કરવો જોઈએ. તે આ પ્રમાણે (૧)

દેશકુલજાતિરૂપવાળા, સંઘયણાદિથી યુક્ત, અનાશંસી, અવિકત્થન, અમાયાવી, સ્થિરપરિપાટી, ગ્રાહ્યવાક્ય (૨) જિતપર્ષદ્, જિતનિદ્ર, મધ્યસ્થ, દેશકાલભાવજ્ઞ, આસન્નલબ્ધપ્રતિજ્ઞ, નાનાવિધ દેશભાષાજ્ઞ (૩) પંચવિધ આચારમાં યુક્ત, સૂત્રાર્થતદુભયવિધિના જ્ઞાતા, દૃષ્ટાન્ત-હેતુ-કારણ-નયમાં નિપુણ, ગ્રાહણાકુશલ (૪) સ્વસમય, પરસમયજ્ઞાતા, ગંભીર, દિપ્તિમાન, શિવ, સૌમ્ય, સેંકડો ગુણોથી યુક્ત આચાર્ય પ્રવચનનાં સારને કહેવાને માટે યોગ્ય છે.

આ ચારગાથાનો અર્થ બૃહત્કલ્પમાંથી જાણી લેવો. દશકાલિકના પ્રાથમિકવ્યાખ્યાનમાં તો લેશથી એ અર્થ કહેવાય છે.

(૧) આર્યદેશમાં ઉત્પન્ન થયેલા આચાર્ય સુખેથી સમજી શકાય એવા વાક્યવાળા હોય એટલે દેશ શબ્દનું ગ્રહણ કરેલ છે. (આર્યભાષા ઉપર પક્કડ સ્વાભાવિક હોય, એટલે બધા સહેલાઈથી સમજી શકે. અંગ્રેજ માણસ દીક્ષા લઈ આચાર્ય બને તો એના વાક્યો સમજવા કપરા પડે.)

(૨) પિતાસંબંધી કુલ હોય, વિશિષ્ટકુલમાં ઉત્પત્તિવાળા આચાર્ય ઉપાડેલા ભારને વહન કરવામાં થાકે નહિ.

(૩) માતાસંબંધી જાતિ હોય. જાતિસંપન્ન આચાર્ય વિનયવાળા હોય.

(૪) રૂપવાન આદેયવચનવાળા હોય. (રૂપવાનનાં વચનને બધા જલ્દી સ્વીકારે) વળી આકૃતિમાં ગુણો વસે છે.

(૫) સંઘયણ અને ધૃતિવા ા આચાર્ય વ્યાખ્યાન-તપોડનુષ્ઠાન વગેરેમાં ખેદ ન પામે.

(૬) અનાશંસી આચાર્ય શ્રોતાઓ પાસેથી વસ્ત્રાદિની અપેક્ષા ન રાખે.

(૭) અવિકત્થન આચાર્ય બહુ બોલનારા ન હોય.

(૮) અમાયી આચાર્ય કપટથી શિષ્યોનું સંચાલન ન કરે.

(૯) સ્થિરપરિપાટી આચાર્ય એટલે જેણે ગ્રન્થ-સૂત્રને સ્થિર-પરિચિત કર્યા છે તે. તેવા આચાર્યનું સૂત્ર ગળી ન જાય, ભુલાઈ ન જાય.

(૧૦) ગૃહીતવાક્યવાળા આચાર્ય પ્રતિઘાત ન પામે, નિષ્ફળ ન જાય તેવા વચનવાળા હોય.

(૧૧) જિતપર્ષદ્ આચાર્ય બીજા પ્રવાદીઓવડે ક્ષોભ પામનારા ન હોય.

(૧૨) જિતનિદ્ર આચાર્ય અપ્રમત્ત હોવાથી વ્યાખ્યાનમાં રતિ = રુચિવાળા હોય.

અને એકાદ દિન વધારે ઉંઘનારા અને રોજે રોજ વધારે ઉંઘનારા એ બે ૫ પ્રકારનાં શિષ્યોને પ્રેરણા કરી શકનારા હોય.

(૧૩) મધ્યસ્થ આચાર્ય સંવાદક, સમાધાન કરાવનાર, ઝઘડો મટાડનાર હોય.

(૧૪-૧૫-૧૬) દેશ-કાલ-ભાવજ્ઞાતા આચાર્ય દેશાદિગુણોને જાણીને પ્રતિબંધ, રાગ વિના વિચરે અને દેશના આપે.

(૧૭) આસન્નલબ્ધપ્રતિભ આચાર્ય અન્યવાદીઓવડે ખોટાઉત્તરાદિવડે પરેશાન કરાયેલા છતાં સામે ઉત્તર આપવામાટે સમર્થ બને. (એકવાદી બીજાવાદીને તોડી પાડવા જે કુતર્ક કરે તેને જાતિ કહે છે...એ બધું નિરૂપણ ન્યાયમાં આવે છે. આચાર્ય આવા આક્રમણો સામે જડબાતોડ જવાબ આપવા સમર્થ હોય.)

(૧૮) જુદા જુદા દેશની જુદી જુદી ભાષાઓનાં જ્ઞાતા આચાર્ય જુદા જુદા દેશમાં ઉત્પન્ન થયેલા શિષ્યોને પદાર્થો સમજાવવા સમર્થ બને. (દરેકને પોતપોતાની ભાષામાં સમજાવે.)

(૧૯ થી ૨૩) જ્ઞાનાદિ પાંચપ્રકારના આચારવાળા આચાર્ય શ્રદ્ધેયવચનવાળા હોય, અર્થાત્ બધા એમનાં વચન ઉપર શ્રદ્ધા કરે.

(૨૪-૨૫-૨૬) સૂત્ર-અર્થ-ઉભયનાં જ્ઞાતા આચાર્ય સમ્યગ્રીતે ઉત્સર્ગ અને અપવાદનાં પ્રરૂપક હોય.

(૨૭ થી ૩૦) ઉદાહરણ, હેતુ, કારણ, નયમાં નિપુણ આચાર્ય ઉદાહરણાદિવડે જાણવાયોગ્ય પદાર્થોને ઉદાહરણાદિ દર્શાવવા દ્વારા સમ્યક્રીતે પ્રરૂપી શકે એ માત્ર આગમની જ પ્રરૂપણા ન કરે. (અર્થાત્ શાસ્ત્રમાં કહ્યું છે એટલે જ સાચું, એમ જ ન કહેતાં તર્કથી પણ સાબિત કરે)

(૩૧) ગ્રાહણાકુશલ, પદાર્થો સમજાવવામાં ચતુર આચાર્ય અનેકપ્રકારે શિષ્યોને પદાર્થો ગ્રહણ કરાવે.

(૩૨) સ્વસમય અને પરસમયનાં  તા આચાર્ય સહેલાઈથી પરમતનું ખંડન કરવા દ્વારા સ્વમતને પ્રરૂપે.

(૩૩) ગંભીર આચાર્ય બીજા પ્રવાદીઓમાં  ોભને ઉત્પન્ન કરે.

(૩૪) દીપ્તિમાન્ આચાર્ય બીજા પ્રવાદીઓમાં  ોભને ઉત્પન્ન કરે.

(૩૫) શિવ આચાર્ય મારિ, રોગ વગેરે ઉપદ્રવોનો વિઘાત કરનારા હોય.

(૩૬) સૌમ્ય આચાર્ય પ્રશાન્તદૃષ્ટિવાળા હોવાથી તમામ લોકોને પ્રીતિ

ઉત્પન્નકરનારા થાય.

આવા સેંકડો ગુણોથી યુક્ત આચાર્ય જ આગમનાં સારને કહેવાને માટે સુપાત્ર છે. કેમકે આ આચાર્ય અનેક ભવ્યજીવોના બોધનું કારણ બને છે.

કહ્યું છે કે ગુણોમાં સારી રીતે સ્થિર રહેલાનું વચન ઘી અને મધુથી સિંચાયેલા અગ્નિ જેવું દૈદિપ્યમાન, સુંદર લાગે. ગુણહીનનું વચન તો તેલ વિનાના દિપકની જેમ ન શોભે.

બીજાઓવડે પણ કહેવાયું છે કે (૧) વાસણમાં રહેલું દૂધ તેવાપ્રકારની પુષ્ટિ વાછરડાને ન આપે, કે જેવાપ્રકારની પુષ્ટિ હલતા,ચંચળ મસ્તકવાળા, માતાના સ્તનમાંથી પીતા વાછરડાને એ દૂધ આપે. (૨) એ દૂધની જેમ જ ખરાબ આચારવાળા રૂપ વાસણમાં રહેલું સુંદરવચન રૂપી દૂધ તેવા પ્રકારની પુષ્ટિ ન આપે, જેવા પ્રકારની પુષ્ટિને ગુણવાનના મુખમાંથી પીવાયેલું સુંદરવચન રૂપી દૂધ આપે. (૩) જેમ ઠંડીમાં પણ યત્નથી મેળવાયેલો, શ્મશાનમાં રહેલો અગ્નિ વપરાશમાં નથી લેવાતો તેમ ચારિત્રભ્રષ્ટનું હિતકારીવચન પણ ગ્રહણ નથી કરાતું. (૪) ચારિત્રથી રહિત શ્રુતવાન હોય તો પણ સજ્જનોવડે આશ્રય કરાતો નથી. જેમકે કુલવાનોવડે શીતજલથી ભરેલો ચાંડાલનો કુવો આશ્રય નથી કરાતો.

---

**'<u>कस्स</u>'त्ति कस्यानुयोग ? इति वक्तव्यं, तत्र सकलश्रुतज्ञानस्याप्यनुयोगो भवति, अमुं पुनः प्रारम्भमाश्रित्य दशकालिकस्येति । अत्राह-ननु 'दसकालियनिज्जुत्ति कीत्तइस्सामित्ति' अस्मादेव वचनतः प्रकृतद्वारार्थस्यावगतत्वात् तदुपन्यासोऽनर्थक इति, न, अधिकृतनिक्षेपादिद्वारकलापस्याशेषश्रुतस्कन्धविषयत्वात्, तद्बलेनैव च निर्युक्तिकारेणापि तथोपन्यस्तत्वात्, अस्मादेव स्थानादन्यत्राप्यादौ शास्त्राभिधानपूर्वक उपन्यासः क्रियत इति भावना । व्याख्यातं लेशतो निर्युक्तिगाथादलं, पश्चार्द्धं त्वध्ययनाधिकारे यथाऽवसरं व्याख्यास्यामः, यतस्तत्रैवोपक्रमाद्यनुयोगद्वारानुपूर्व्यादितद्भेदसूत्रादिलक्षणतदर्हपर्षदादयश्च वक्तुं शक्यन्ते, नान्यत्र, निर्विषयत्वादित्यलं प्रसङ्गेन ॥**

---

(૭) **कस्य** : કોનો અનુયોગ કરવાનો ? એ કહેવાનું છે. તેમાં તમામે તમામ શ્રુતજ્ઞાનનો અનુયોગ થઈ શકે છે. પણ આ જે પ્રારંભ કર્યો છે, એને આશ્રયીને તો દશકાલિકનો અનુયોગ કરવાનો છે.

પ્રશ્ન :પહેલી જ નિર્યુક્તિગાથામાં **दशकालियनिज्जुत्ति कित्तइस्सामि** એમ કહેલું. હવે એ વચનથી જ આ **कस्य** નામના પ્રસ્તુતદ્વારનો અર્થ જણાઈ જ ગયેલો છે કે "કોનો

અનુયોગ કરવાનો છે ?" અને એટલે આ દ્વારનો ઉપન્યાસ નકામો બની રહે છે.

ઉત્તર : આ પ્રસ્તુત જે નિક્ષેપાદિદ્વારોનો સમૂહ છે. એ તમામે તમામ શ્રુતસ્કન્ધોમાટે આ જ દ્વારો છે. હા ! માત્ર દશવૈકાલિકમાટેનો જ આ દ્વારસમૂહ હોત તો તો તમારી વાત બરાબર કે એ નકામો બને. પણ આ દ્વારસમૂહ તો બધે જ એક સરખો જ કહેવાનો છે. એટલે અહીં પણ **कस्स** દ્વાર તો આવે જ છે. નિર્યુક્તિકારે પણ આ દ્વારના બલથી જ પહેલીગાથામાં **दशकालिय** એ પ્રમાણે ઉપન્યાસ કરેલો છે. એટલે કે **कस्स** દ્વારને નજર સામે રાખીને જ નિર્યુક્તિકારે પ્રથમગાથામાં **दशकालिय** નો ઉલ્લેખ કરી લીધો છે. ભાવના=સાર એ કે "આ **कस्स** નામના દ્વારરૂપી સ્થાનથી જ બીજા પણ ગ્રન્થોમાં શરુઆતમાં શાસ્ત્રનું નામ લેવાપૂર્વક ઉપન્યાસ કરાય છે."

આમ લેશથી પમી નિર્યુક્તિ ગાથાનો એક અંશ વ્યાખ્યાન કરાયો. હવે જે એનો પશ્ચાર્ધ છે, કે જેમાં ૮ થી ૧૧ દ્વારો છે. એનું તો અધ્યયનના અધિકારમાં જયારે જેનો અવસર આવશે, ત્યારે વ્યાખ્યાન કરશું.

પ્રશ્ન : એ દ્વારોનું વર્ણન અધ્યયનનાં અધિકારમાં કેમ ? અહીં કેમ નહિ ?

ઉત્તર અધ્યયનનાં અધિકારમાં જ ઉપક્રમાદિ અનુયોગદ્વારો અને તેના આનુપૂર્વ્યાદિવગેરે ભેદો (૮ મું દ્વાર), સૂત્રાદિનું લક્ષણ (૯મું દ્વાર), તેને યોગ્ય પર્ષદા વગેરે (૧૦મું દ્વાર) કહેવા શક્ય છે. અન્યત્ર એ કહેવા શક્ય નથી. કેમકે ત્યાં એ દ્વારો વિષય વિનાના બની જાય છે. (અધ્યયન શરુ થાય તો એના ઉપક્રમાદિ દ્વારોની વિચારણા થાય, તે અધ્યયનાત્મક સૂત્ર કેવું હોવું જોઈએ ? એની વિચારણા થાય.. તેને યોગ્યપર્ષદા વગેરેની વિચારણા થાય. પણ અધ્યયન જ ન હોય તો આ બધાની વિચારણા કોને આધારે કરવી ? એટલે આ બધાનો વિષય અધ્યયન છે, માટે અધ્યયનનો અધિકાર શરુ થયાબાદ આ બધા દ્વારોનું વર્ણન કરીશું.)

અહીં વિસ્તાર વડે સર્યું.

---

**साम्प्रतं प्रकृतयोजनामेवोपदर्शयन्नाह निर्युक्तिकारः –**

---

હવે નિર્યુક્તિકાર પ્રકૃત=પ્રસ્તુતની યોજનાને જ દેખાડતા કહે છે કે

---

एयाइँ परूवेउं कप्पे वण्णियगुणेण गुरुणा उ । अणुओगो दसवेयालियस्स विहिणा कहेयव्वो ॥६॥

---

નિર્યુક્તિ-૬ ગાથાર્થ  આ બધાની પ્રરૂપણા કરીને કલ્પમાં વર્ણવાયેલા ગુણોવાળા ગુરુએ વિધિપૂર્વક દશકાલિકનો અનુયોગ કહેવો.

---

व्याख्या–'एतानि' निक्षेपादिद्वाराणि 'प्ररूप्य' व्याख्याय कल्पे वर्णितगुणेन गुरुणा, षट्त्रिंशद्गुणसमन्वितेनेत्यर्थः। अनुयोगो दशवैकालिकस्य 'विधिना' प्रवचनोक्तेन 'कथयितव्य' आख्यातव्य इति गाथार्थः । सम्प्रत्यजानानः शिष्यः पृच्छति –यदि दशकालिकस्यानुयोगस्ततस्तद्दशकालिकं भदन्त ! किमङ्गमङ्गानि ? श्रुतस्कन्धः श्रुतस्कन्धाः ? अध्ययनमध्ययनानि ? उद्देशक उद्देशका ? इत्यष्टौ प्रश्नाः, एतेषां मध्ये त्रयो विकल्पाः खलु प्रयुज्यन्ते, तद्यथा–दशकालिकं श्रुतस्कन्धः अध्ययनानि उद्देशकाश्चेति, यतश्चैवमतो दशादीनां निक्षेपः कर्त्तव्यः, तद्यथा-दशानां कालस्य श्रुतस्कन्धस्याध्ययनस्य उद्देशकस्य चेति,

---

ટીકાર્થ : નિક્ષેપાદિદ્વારોની વ્યાખ્યા કરીને પછી કલ્પમાં વર્ણવાયેલા ગુણોવાળા એટલે કે ૩૬ ગુણોવાળા આચાર્ય એ દશવૈકાલિકનો અનુયોગ પ્રવચનમાં કહેલી વિધિવડે કહેવો જોઈએ. આ પ્રમાણે ગાથાર્થ થયો.

હવે અજ્ઞાની શિષ્ય પૂછે છે કે જો દશકાલિકનો અનુયોગ કરવાનો છે, તો હે ભદન્ત ! આ દશકાલિક (૧) એક અંગરૂપ છે. કે (૨) ઘણાં અંગો રૂપ છે ? (૩) એક શ્રુતસ્કંધરૂપ છે કે (૪) ઘણાં શ્રુતસ્કંધો રૂપ છે ? (૫) એક અધ્યયનરૂપ છે કે (૬) ઘણાં અધ્યયનો રૂપ છે ? (૭) એક ઉદ્દેશ રૂપ છે ? કે (૮) ઘણાં ઉદ્દેશારૂપ છે. આ પ્રમાણે આઠ પ્રશ્નો છે.

આ આઠની અંદર ત્રણવિકલ્પો દશકાલિકમાં જોડાય છે. તે આ પ્રમાણે દશકાલિક એ શ્રુતસ્કંધ છે, ઘણાં અધ્યયનો રૂપ છે, ઘણાં ઉદ્દેશાઓ રૂપ છે. (બાકીના પાંચ વિકલ્પો દશકાલિકમાં ન ઘટે. એ અંગ પણ નથી, કે ઘણાં અંગોરૂપ પણ નથી...વગેરે.)

હવે જે કારણથી દશકાલિક એ શ્રુતસ્કંધ, અધ્યયન, ઉદ્દેશકરૂપ છે. તે કારણથી દશ વગેરે શબ્દોનો નિક્ષેપ કરવો જોઈએ. દશનો, કાલનો, શ્રુતસ્કન્ધનો, અધ્યયનનો અને ઉદ્દેશકનો આ પાંચ શબ્દનો નિક્ષેપ કરવો જોઈએ.

---

तथा चाह निर्युक्तिकारः–

दसकालियंति नामं संखाए कालओ य निद्देसो । दसकालियसुअखंधं अज्झयणुद्देसं

निक्खिविउं ॥७॥

આ જ વાત નિર્યુક્તિકાર કહે છે.

નિર્યુક્તિ-૭ ગાથાર્થ : દશકાલિક એ પ્રમાણે નામ છે. સંખ્યા અને કાલથી આ નિર્દેશ છે. દશ, કાલિક, શ્રુત, સ્કંધને તથા અધ્યયન, ઉદ્દેશને નિક્ષેપીને...

व्याख्या-'दशकालिकं' प्राग्निरूपितशब्दार्थम् 'इति' एवंभूतं यत् 'नाम' अभिधानं, इदं किम् ?-संख्यानं संख्या तया, तथा 'कालतश्च' कालेन चायं-'निर्देशः' निर्देशनं निर्देशः, विशेषाभिधानमित्यर्थः, अस्य च निबन्धनं विशेषेण वक्ष्यामः 'मणगं पडुच्च' इत्यादिना ग्रन्थेन, यतश्चैवमतः 'दसकालियं'ति कालेन निर्वृत्तं कालिकं दशशब्दस्य कालशब्दस्य च निक्षेपः, निर्वृत्तार्थस्तु निक्षेपः, तथा श्रुतस्कन्धं तथाऽध्ययनं 'उद्देशं' तदेकदेशभूतं, किम् ?-निक्षेप्तुमनुयोगोऽस्य कर्त्तव्य इति गाथार्थः ॥

ટીકાર્થ : પૂર્વે જેનો શબ્દાર્થ કહી દીધો છે, એ દશકાલિક એ પ્રમાણેનું જે નામ છે, તે સંખ્યા અને કાલથી બનેલું છે. અર્થાત્ આ નામનો નિર્દેશ સંખ્યા અને કાલવડે છે. (**दश** એ સંખ્યા છે. **कालिक** માં કાલ શબ્દ છે. એ બે વડે આ નામ બનેલ છે.) અર્થાત્ આ વિશેષ નામ છે. (સામાન્ય નામ તો શ્રુતસ્કન્ધ વગેરે છે.) આ ગ્રન્થનું આ નામ પડવાનું કારણ વિશેષથી અમે આગળ **मणंग पडुच्च** એ વગેરે ગ્રન્થવડે કહીશું.

આમ જે કારણથી તે દશકાલિક વિશેષનામ છે. તેથી દશશબ્દનો અને કાલશબ્દનો નિક્ષેપ કરવો જોઈએ.

નિક્ષેપ નિર્વૃતઅર્થવાળો છે. અર્થાત્ નિક્ષેપ શબ્દનો અર્થ કહેવાઈ ગયો છે.

તથા શ્રુતસ્કંધને, અધ્યયનને અને અધ્યયનના એક ભાગભૂત એવા ઉદ્દેશને નિક્ષેપવાને માટે (નિક્ષેપીને) આ દશકાલિકનો અનુયોગ કરવો જોઈએ.

तत्र 'यथोद्देशं निर्देश' इति न्यायादधिकृतशास्त्राभिधानोपयोगित्वाच्च दशशब्दस्यैवादौ निक्षेपः प्रदर्श्यते-तत्र दशैकाद्यायत्ता वर्त्तन्ते, एकाद्यभावे दशानामप्यभावाद्, अत एकस्यैव तावन्निक्षेपप्रतिपिपादयिषयाऽऽह-

णामं ठवणा दविए माउयपयसंगहेक्कए चेव । पज्जवभावे य तहा सत्तेए एक्कगा होंति ॥८॥

તેમાં જે ક્રમથી પદાર્થોનું ઉચ્ચારણ કરેલ હોય, તે જ ક્રમથી તેમનું વર્ણન કરવું

જોઈએ. એ ન્યાયથી અને પ્રસ્તુતશાસ્ત્રનું નામ પડવામાં ઉપયોગી હોવાથી દશ શબ્દનો જ સૌથીપહેલા નિક્ષેપ દેખાડાય છે. તેમાં દશ એ એક, બે, ત્રણ વગેરેને આધીન વર્તે છે. કેમકે એક વગેરેનાં અભાવમાં દશનો પણ અભાવ જ થઈ જાય. એટલે સૌપ્રથમ તો એક શબ્દનાં જ નિક્ષેપનું પ્રતિપાદન કરવાની ઈચ્છાથી કહે છે કે

નિર્યુક્તિ-૮ ગાથાર્થ (૧) નામ (૨) સ્થાપના (૩) દ્રવ્ય (૪) માતૃકાપદ (૫) સંગ્રહ-એક (૬) પર્યાય (૭) ભાવ આ સાત એક છે.

---

व्याख्या-इहैक एव एककः, तत्र 'नामैककः' एक इति नाम 'स्थापनैककः' एक इति स्थापना, 'द्रव्यैककं' त्रिधा-सचित्तादि, तत्र सचित्तमेकं पुरुषद्रव्यं, अचित्तमेकं रूपकद्रव्यं, मिश्रं तदेव कटकादिभूषितं पुरुषद्रव्यमिति, 'मातृकापदैककम्' एकं मातृकापदं, तद्यथा–'उप्पन्ने इ वे'त्यादि, इह प्रवचने दृष्टिवादे समस्तनयवादबीजभूतानि मातृकापदानि भवन्ति, तद्यथा–'उप्पन्नेइ वा विगमेइ वा धुवेइ वा' अमूनि च (वा) मातृकापदानि 'अ आ इ ई' इत्येवमादीनि, सकलशब्दव्यवहारव्यापकत्वा-न्मातृकापदानि, इह चाभिधेयवल्लिङ्गवचनानि भवन्तीति कृत्वेत्थमुपन्यासः, 'सङ्ग्रहैककः' शालिरिति, अयमत्र भावार्थः–सङ्ग्रहः-समुदायः तमप्याश्रित्यैकवचनगर्भशब्दप्रवृत्तेः, तथा चैकोऽपि शालिः शालिरित्युच्यते बहवोऽपि शालयः शालिरिति, लोके तथादर्शनात्, अयं चादिष्टानादिष्टभेदेन द्विधा-तत्रानादिष्टो यथा शालिः, आदिष्टो यथा कलमशालिरित, एवमादिष्टानादिष्टभेदावुत्तरद्वारेष्वपि यथारूपमायोज्यौ, 'पर्यायैककः' एकः पर्यायः, पर्यायो विशेषो धर्म इत्यनर्थान्तरं, स चानादिष्टो वर्णादिः आदिष्टः कृष्णादिरिति । अन्ये तु समस्तश्रुतस्कन्धवस्त्वपेक्षयेत्थं व्याचक्षते-अनादिष्टः श्रुतस्कन्धः आदिष्टो दशकालिकाख्य इति, अन्यस्त्वनादिष्टो दशकालिकाख्यः आदिष्टस्तु तदध्ययनविशेषो द्रुमपुष्पिकादिरिति व्याचष्टे,न चैतदतिचारु, दशकालिकाभिधानत एवादेशसिद्धेः । 'भावैककः' एको भावः, स चानादिष्टो भाव इति, आदिष्टस्त्वौदयिकादिरिति । सप्त एते अनन्तरोक्ता एकका भवन्ति, इह च किल यस्माद्दश पर्याया-अध्ययनविशेषाः सङ्ग्रहैककेन संगृहीतास्तस्मात्तेनाधिकारः, अन्ये तु व्याचक्षते-यतः किल श्रुतज्ञानं क्षायोपशमिके भावे वर्त्तते तस्माद्भावैककेनाधिकार इति गाथार्थः ॥

---

ટીકાર્થ : અહીં એક એજ એકક છે. (ગાથામાં एककगा લખેલ છે, એટલે એમાં

**एकक** સંસ્કૃત થાય. એમાં વધારાના **क** નો કોઈ વિશેષઅર્થ નથી લેવાનો.) તેમાં **નામએકક** એટલે એક એ પ્રમાણે નામ. **સ્થાપનાએકક** એટલે એક એ પ્રમાણે સ્થાપના. **દ્રવ્યએકક** ત્રણ પ્રકારે છે. સચિત્તાદિ. તેમાં સચિત્ત એક એટલે એક પુરુષરૂપી દ્રવ્ય. અચિત એક એટલે એક રૂપિયારૂપી દ્રવ્ય. મિશ્રએક એટલે તે જ કડા વિગેરેથી વિભૂષિત પુરુષદ્રવ્ય.

માતૃકાપદ-એકક એટલે એક માતૃકાપદ. તે આ પ્રમાણે **उप्पन्नेइ वा** વગેરે.

(**પ્રશ્ન** : આ પદોને માતૃકાપદ કેમ કહેવાય છે ?)

**ઉત્તર** : આ પ્રવચનમાં = શાસનમાં દૃષ્ટિવાદ નામના ૧૨માં અંગમાં તમામે તમામ નયવાદોના બીજભૂત એવા ત્રણ માતૃકાપદો છે. તે આ પ્રમાણે **उप्पन्नेइ वा विगमेइ वा धूवेइ वा** (પ્રભુ પહેલાં આ ત્રિપદી ગણધરોને આપે, એના આધારે ગણધરો દ્વાદશાંગી રચે. એટલે આ ત્રણ પદો આખીય દ્વાદશાંગીના જનેતા હોવાથી તેને માતૃકાપદ કહી શકાય. તેમાંથી કોઈપણ એકપદ માતૃકાપદ એકક કહેવાય.) અથવા તો **अ, आ, इ, ई....** વગેરે અક્ષરો એ માતૃકાપદ જાણવા કેમકે તમામે તમામ શબ્દ વ્યવહારોમાં આ બારાખડી જ વ્યાપક છે. શબ્દવ્યવહારોમાં બારાખડીની બહારનો કોઈ શબ્દ-અક્ષર આવતો જ નથી. એટલે આ બધા માતૃકાપદ કહેવાય. તેમાંથી કોઈપણ એક પદ માતૃકાપદ કહેવાય.

(**પ્રશ્ન** : તમે **मातृकापदानि** એમ બહુવચનનો પ્રયોગ અને વળી નપુંસકલિંગ પ્રયોગ કરો છો. ગાથામાં તો એકવચનાન્ત પ્રયોગ છે, અને પુલ્લિગ છે. **माउयपयसंगहेक्कए** એમ **एक्कए-एककः** એ એકવચનાન્ત અને પુલ્લિગ શબ્દ જ વાપરેલ છે. તમે કેમ લિંગ અને વચનો બદલી **मातृकापदानि** એમ ઉપન્યાસ કર્યો ?)

**ઉત્તર** : અહીં **अ,आ** વગેરે પદો અભિધેય, માતૃકાપદથી કહેવા યોગ્ય છે. તે બધા અનેક છે અને બધા પદ રૂપ હોવાથી નપુંસકલિંગ છે. એટલે **पद** વગેરે પદો બહુ હોવાથી અને પદ શબ્દ નપુંસકલિંગ હોવાથી અમે **मातृकापदानि** એ પ્રમાણે બહુવચનાન્ત નપુંસકલિંગ પ્રયોગનો ઉપન્યાસ કરેલ છે. કેમકે લિંગ અને વચન અભિધેય પ્રમાણે થાય.

**સંગ્રહએકક** એટલે "**शालिः**" એ પ્રમાણે.

અહીં આ ભાવાર્થ છે. સંગ્રહ એટલે સમુદાય.. તે સમુદાયને પણ આશ્રયીને એકવચન ગર્ભિત શબ્દની પ્રવૃત્તિ થતી હોવાથી અહીં **शालिः** એ સંગ્રહ-એકક કહેવાય.

જુઓ. એક શાલિ પણ **शालिः** એ પ્રમાણે કહેવાય છે, અને ઘણાં બધા પણ

શાલિઓ **शालिः** એ પ્રમાણે કહેવાય છે. લોકમાં એવા પ્રકારનાં પ્રયોગ દેખાતા હોવાથી આ વાત માનવી પડે. (જનનો સમૂહ **जनता** એકવચનથી ઓળખાય છે. ધાન્યોનો સમૂહ **राशिः** એકવચનથી ઓળખાય. રાંધેલા ચોખાનો સમૂહ **ओदनं** એકવચનથી ઓળખાય. હજારો-લાખો દૂધના ટીપાંઓનો સમૂહ **दुग्धं** એકવચનથી ઓળખાય. આ બધું જ સંગ્રહ-એકક છે.)

આ સંગ્રહ એ આદિષ્ટ અને અનાદિષ્ટ ભેદથી બે પ્રકારે છે. તેમાં અનાદિષ્ટ (વિશેષનામ વિનાનો) દા.ત. **शालिः** અને **आदिष्ट** (વિશેષનામોલ્લેખવાળો) દા.ત. **कलमशालि.** આ રીતે આદિષ્ટ અને અનાદિષ્ટ ભેદો આગળના દ્વારોમાં પણ જ્યાં જે રીતે સંગત થાય ત્યાં તે રીતે જોડી દેવા.

**પર્યાયએકક** એટલે એક પર્યાય. પર્યાય કહો, વિશેષ કહો કે ધર્મ કહો એ બધા અનર્થાન્તર, અર્થાન્તર વિનાના, એકજ અર્થવાળા = સમાનાર્થી છે. હવે અનાદિષ્ટપર્યાય વર્ણાદિ છે. અને આદિષ્ટપર્યાય કૃષ્ણાદિ છે.

બીજા લોકો આખાય શ્રુતસ્કંધરૂપી વસ્તુની અપેક્ષાએ આ પ્રમાણે કહે છે કે "અનાદિષ્ટપર્યાય શ્રુતસ્કંધ અને આદિષ્ટપર્યાય દશકાલિક નામનો છે." બીજા કોઈક વળી "અનાદિષ્ટપર્યાય દશકાલિકનામનો અને આદિષ્ટપર્યાય તો દશકાલિકનાં અધ્યયનવિશેષરૂપ દ્રુમપુષ્પિકાદિ છે" એમ કહે છે.

આ મત બહુ સારો નથી. કેમકે **दशकालिक** એ નામથી જ આદેશની-વિશેષની સિદ્ધિ થઈ જવાથી તે અનાદિષ્ટપર્યાય ન કહેવાય. ( (૧) ગ્રન્થકારે અનાદિષ્ટપર્યાયાદિ તરીકે વર્ણ-કૃષ્ણવર્ણાદિ લીધા. (૨) અન્યમત નં.૧ દશકાલિક નામ આદિષ્ટ ગણે છે. (૩) અન્યમત નં.૨ દશકાલિક નામ અનાદિષ્ટ ગણે છે. વૃત્તિકારશ્રી અન્યમત નં.૨ ને વધુ સારો નથી માનતા. અર્થાત્ અન્યમત નં.૧ને જ વધુ સારો ગણે છે. પોતે તો વર્ણાદિને જ પર્યાય તરીકે લીધા હોવાથી આ બે મતથી બહાર જ છે.)

**ભાવ-એકક** એટલે એક ભાવ. હવે અનાદિષ્ટભાવ એટલે ભાવ અને આદિષ્ટભાવ એટલે ઔદયિક વગેરે.

આ હમણાં કહેલા સાત એકક છે. આ દશવૈ.માં જે કારણથી અધ્યયનવિશેષરૂપ દશપર્યાયો સંગ્રહ-એકકવડે સંગ્રહ કરાયેલા છે, તે કારણથી સંગ્રહ-એકકવડે અધિકાર છે. (દશકાલિક એ દશ-અધ્યયનના સમૂહરૂપ છે, અને એ સમૂહને **दशकालिक** આમ એકવચનાન્ત શબ્દથી લીધો છે. એટલે અહીં સંગ્રહ-એકક નો ઉપયોગ થયો છે.)

બીજા લોકો તો એમ કહે છે કે જે કારણથી શ્રુતજ્ઞાન એ ક્ષાયોપશમિક ભાવમાં વર્તે છે. તે કારણથી ભાવ-એકકવડે અધિકાર છે.

---

इदानीं द्व्यादीन् विहाय दशशब्दस्यैव निक्षेपं प्रतिपादयन्नाह–

णामं ठवणा दविए खित्ते काले तहेव भावे अ । एसो खलु निक्खेवो दसगस्स उ छव्विहो होइ ॥९॥

---

હવે બે-ત્રણ-ચાર વગેરેને છોડીને દશ શબ્દનાં જ નિક્ષેપનું પ્રતિપાદન કરતાં કહે છે કે

નિર્યુક્તિ-૯. ગાથાર્થ : (૧) નામ (૨) સ્થાપના (૩) દ્રવ્ય (૪) ક્ષેત્ર (૫) કાળ અને (૬) ભાવ દશકનો આ છ પ્રકારનો નિક્ષેપ થાય.

---

व्याख्या-आह-किमिति द्व्यादीन् विहाय दशशब्दः उपन्यस्तः ?, उच्यते, एतत्प्रतिपादनादेव द्व्यादीनां गम्यमानत्वात्, तत्र नामस्थापने सुगमे, द्रव्यदशकं दश द्रव्याणि सचित्ताचित्तमिश्राणि मनुष्यरूपककटकादिविभूषितानीति, क्षेत्रदशकं दश क्षेत्रप्रदेशाः, कालदशकं दश कालाः, वर्त्तनादिरूपत्वात्कालस्य दशावस्थाविशेषा इत्यर्थः वक्ष्यति च–'बाला किड्डा मंदे'त्यादिना, भावदशकं दश भावाः, ते च सान्निपातिकभावे स्वरूपतो भावनीयाः, अथ चैत( वैत ) एव विवक्षया दशाध्ययनविशेषा इति, 'एष' एवंभूतः खलु 'निक्षेपो' न्यासो दशशब्दस्य बहुवचनान्तत्वाद्दशानां षड्विधो भवति, तत्र खलुशब्दोऽवधारणार्थः, एष एव प्रक्रान्तोपयोगीति, तुशब्दो विशेषणार्थः, किं विशिनष्टि ?–नायं दशशब्दमात्रस्य, किन्तु तद्वाच्यस्यार्थस्यापीति गाथार्थः ॥

---

ટીકાર્થ : પ્રશ્ન :બે વગેરેને છોડીને સીધો જ દશશબ્દ કેમ દેખાડાયો ?

ઉત્તર : દશનાં પ્રતિપાદન દ્વારા જ બે વગેરે જણાઈ જતાં હોવાથી બે વગેરે છોડી દશનો ઉપન્યાસ કર્યો છે. તેમાં નામસ્થાપના દશ સુગમ છે. દ્રવ્યદશક તો ૧૦ મનુષ્યો એ સચિત્તદ્રવ્યદશક, ૧૦રૂપિયાએ અચિત્તદ્રવ્યદશક અને કટકાદિવિભૂષિત ૧૦ મનુષ્યો એ મિશ્ર દ્રવ્યદશક.

ક્ષેત્રદશક એટલે દશ ક્ષેત્રપ્રદેશો, આકાશપ્રદેશો.

કાલદશક એટલે દશ કાળ લેવાના એ વર્તનાદિ રૂપ હોવાથી અહીં દશ અવસ્થા

વિશેષો એ કાલદશક કહેવાય. (પદાર્થોનું જુના નવા વગેરે રૂપે જે વર્તવું એ વર્તનાદિ જ પોતે કાળ છે.) આગળ **बाला किड्डा** વગેરે ૧૦ દશાવિશેષોને કહેશે.

ભાવદશક એટલે દશભાવો. તે સાન્નિપાતિકભાવમાં, મિશ્રભાવમાં સ્વરૂપતઃ જાણવા. (એક એક ભાવો તો કુલ ઔદયિકાદિ પાંચ જ છે. પણ એના દ્વિ-સંયોગી-ત્રિસંયોગીવગેરે ભાંગા કરીએ તો કુલ ૨૬ ભાંગા થાય. તેમાંથી ૧૫ ઘટે છે. એમાંથી કોઈપણ દશભાવ લઈ શકાય. આમ ૧૦ ભાવો સાન્નિપાતિકભાવમાં જ મળે છે.)

અથવા તો અમુકવિવક્ષાથી આ દશકાલિકનાં દરેક અધ્યયનો ક્ષાયોપશમિકભાવરૂપ હોવાથી આ વિશેષપ્રકારનાં દશ અધ્યયનો એજ ભાવદશક તરીકે લઈ શકાય.

દશશબ્દનો આવાપ્રકારનો ષડ્વિધ નિક્ષેપ થાય છે. ગાથામાં **दशगस्स** એકવચનાન્ત શબ્દ વાપરેલ છે. હકીકતમાં **दस** એ બહુવચનાન્ત શબ્દ હોવાથી **दशानां** એમ સમજી લેવું.

ગાથામાં જે **उ-तु** શબ્દ છે. તે જકાર અર્થવાળો છે. એટલે કે આ દશકનિક્ષેપ જ પ્રસ્તુતમાં ઉપયોગી છે. (**दशकालिक** માં **दश** શબ્દ છે, એટલે પ્રસ્તુતમાં એના જ નિક્ષેપા વધુ ઉપયોગી છે. એક વગેરેના નહિ.)

ગાથામાં જે **उ-तु** શબ્દ છે. એ વિશેષઅર્થ દર્શાવવા માટે છે.

**પ્રશ્ન :** એ શું વિશેષઅર્થ દર્શાવે છે ?

**ઉત્તર :** આ માત્ર દશશબ્દનો નિક્ષેપ નથી, પણ દશ શબ્દથી વાચ્ય દશસચિત્ત, દશ-અચિત્તાદિ પદાર્થોનો પણ આ પ્રમાણે નિક્ષેપ સમજવો. આ વિશેષાર્થને **तु** શબ્દ દેખાડે છે.

---

**साम्प्रतं प्रस्तुतोपयोगित्वात्कालस्य कालदशकद्वारे विशेषार्थप्रतिपिपादयिषयेदमाह—**

बाला किड्डा मंदा बला य पन्ना य हायणि पवंचा । पब्भार मम्मुही सायणी य दसमा उ कालदसा ॥१०॥

---

હવે કાલ એ પ્રસ્તુતમાં ઉપયોગી હોવાથી કાલદશકદ્વારમાં વિશેષ અર્થને બતાવવાની ઈચ્છાથી આ ૧૦મું ગાથાસૂત્ર કહે છે.

**નિર્યુક્તિ-૧૦ ગાથાર્થ :** (૧) બાલા (૨) ક્રીડા (૩) મંદા (૪) બલા (૫) પ્રજ્ઞા (૬) હાયની (૭) પ્રપંચા (૮) પ્રાગ્ભાર (૯) મૃન્મુખી (૧૦) શાયિની આ કાલદશ છે.

व्याख्या-बाला क्रीडा च मन्दा च बला ( च ) प्रज्ञा च हायिनी ईषत्प्रपञ्चा प्राग्भारा मृन्मुखी शायिनी तथा । एता हि दश दशाः—जन्त्ववस्थाविशेषलक्षणा भवन्ति । आसां च स्वरूपमिदमुक्तं पूर्वमुनिभिः—'जायमित्तस्स जंतुस्स, जा सा पढमिया दसा । ण तत्थ सुहदुक्खाइं, बहुं जाणंति बालया ॥१॥ बिइयं च दसं पत्तो, णाणाकिड्डाहिं किड्डइ । न तत्थ कामभोगेहिं, तिव्वा उप्पज्जई मई ॥२॥ तइयं च दसं पत्तो, पंच कामगुणे नरो । समत्थो भुंजिउं भोए, जइ से अत्थि घरे धुवा ॥३॥ चउत्थी उ बला नाम, जं नरो दसमस्सिओ । समत्थो बलं दरिसिउं, जइ होइ निरुवद्दवो ॥४॥ पंचमिं तु दसं पत्तो, आणुपुव्वीइ जो नरो । इच्छियत्थं विचिंतेइ, कुडुंबं वाऽभिकंखई ॥५॥ छट्ठी उ हायणी नाम, जं नरो दसमस्सिओ । विरज्जइ य कामेसु, इंदिएसु य हायई ॥६॥ सत्तमिं च दसं पत्तो, आणुपुव्वीइ जो नरो । निट्ठुहइ चिक्कणं खेलं, खासइ य अभिक्खणं ॥७॥ संकुचियवलीचम्मो, संपत्तो अट्ठमिं दसं । णारीणमणभिप्पेओ, जराए परिणामिओ ॥८॥ णवमी मम्मुही नाम, जं नरो दसमस्सिओ । जराघरे विणस्संतो, जीवो वसइ अकामओ ॥९॥ हीणभिन्नसरो दीणो, विवरीओ विचित्तओ । दुब्बलो दुक्खिओ सुवइ, संपत्तो दसमिं दसं ॥१०॥" इत्यलं विस्तरेणेति गाथार्थः ॥

---

ટીકાર્થ : બાલા, ક્રીડા.... આ દશ દશાઓ છે. એટલે જન્તુની વિશેષઅવસ્થારૂપ આ દશવસ્તુઓ છે.

આ દશાનું સ્વરૂપ પૂર્વના મુનિઓવડે આ કહેવાયેલું છે.

(૧) ઉત્પન્ન જ થયેલા જીવની જે દશા, તે પહેલી દશા કહેવાય. તેમાં લકો સુખદુઃખને વધારે જાણતા નથી.

(૨) બીજી દશાને પામેલો જીવ જુદી જુદી ક્રીડાઓવડે રમે છે. ત્યાં કામભોગોમાં તીવ્રમતિ ઉત્પન્ન થતી નથી.

(૩) ત્રીજી દશાને પામેલો નર પાંચપ્રકારનાં કામગુણોને = શબ્દાદિને અને ભોગોને ભોગવવા માટે સમર્થ બને છે, જો તેના ઘરમાં એ કામગુણો = ભોગો ધ્રુવ = શાશ્વત હોય તો. (ન હોય તો ન જ ભોગવે ને ?)

(૪) ચોથી બલા નામની દશા છે. જે દશાને આશ્રયીને રહેલો જીવ બલ દેખાડવા માટે સમર્થ બને છે, જો તે નિરૂપદ્રવ હોય.

(૫) ક્રમશઃ પાંચમી દશાને પામેલો જે માણસ હોય તે ઈચ્છિતઅર્થને ચિંતવે,

અથવા તો કુટુંબને ઈચ્છે.

(૬) છઠ્ઠી હાયની નામની દશા છે.જે દશાને પામેલો નર કામોમાં વૈરાગ્ય પામે છે, અને ઈન્દ્રિયોમાં હાનિ પામે છે.

(૭) ક્રમશઃ સાતમી દશાને પામેલો જે નર હોય, તે ચિકણા કફને થુંકે અને વારંવાર ખાંસી ખાય.

(૮) આઠમી દશાને પામેલો જીવ સંકોચાયેલ વલી-ચર્મવાળો થાય (મોઢાવગેરે ઉપર ચામડીઓ સંકોચાઈ જવાથી બધી કરચલીઓ પડી જાય.) સ્ત્રીઓને અનિષ્ટ બને. ઘડપણથી પરિણમેલો બને.

(૯) મૃન્મુખી નામની નવમી દશા છે. જે દશાને પામેલો નર ઘડપણનાં ઘરમાં વિનાશ પામતો છતોં કશી ઈચ્છા વિનાજ સંસારમાં વસે છે.

(૧૦) દશમી દશાને પામેલો જીવ હીન અને ભિન્ન સ્વરવાળો, દીન, વિપરીત, વિચિત્તક, દુર્બલ અને દુઃખી થયેલો છતોં ઉંઘી રહે. (સ્વર ધીમો પડે અને ભેદાઈ જાય, ટુકડા ટુકડારૂપે સ્વર નીકળે.સ્વભાવ આખો વિપરીત થાય. એનું ચિત્ત કાબુમાં ન રહે...)

વિસ્તાર વડે સર્યું. (દરેક દશા ૧૦-૧૦ વર્ષ ગણવી. ૧૦૦ વર્ષના આયુષ્યની અપેક્ષાએ આ વર્ણન સમજવું.)

---

इदानीं कालनिक्षेपप्रतिपादनायाह –

दव्वे अद्ध अहाउअ उवक्कमे देसकालकाले य । तह य पमाणे वण्णे भावे पगयं तु भावेणं ॥११॥

---

હવે કાલ શબ્દના નિક્ષેપનું પ્રતિપાદન કરવા માટે કહે છે.

નિર્યુક્તિ-૧૧ ગાથાર્થ : (૧) દ્રવ્ય (૨) અદ્ધા (૩) યથાયુષ્ક (૪) ઉપક્રમ (૫) દેશ (૬) કાળ (૭) પ્રમાણ (૮) વર્ણ (૯) ભાવકાળ છે. ભાવકાળ વડે પ્રકૃત છે. (બધા સાથે કાળશબ્દ જોડી દેવો.)

---

व्याख्या–'द्रव्य' इति वर्त्तनादिलक्षणो द्रव्यकालो वाच्यः, 'अद्धे'ति चन्द्रसूर्यादिक्रियाविशिष्टोऽर्द्धतृतीयद्वीपसमुद्रान्तर्वर्त्त्यद्धाकालः समयादिलक्षणो वाच्यः, तथा 'यथायुष्ककालो' देवाद्यायुष्कलक्षणो वाच्यः, तथा 'उपक्रमकालः' अभिप्रेतार्थसामीप्यानयनलक्षणः सामाचार्यायुष्कभेदभिन्नो वाच्यः, तथा देशकालो

वाच्य:, देश: प्रस्तावोऽवसरो विभाग: पर्याय इत्यनर्थान्तरम्, ततश्चाभीष्टवस्त्ववाप्त्यवसर: काल इत्यर्थ:, तथा कालकालो वाच्य:, तत्रैक: कालशब्द: प्रागिनरूपितशब्दार्थ एव, द्वितीयस्तु सामयिक:, कालो मरणमुच्यते, मरणक्रियाया: कलनं काल इत्यर्थ:, च: समुच्चये, तथा 'प्रमाणकाल:' अद्धाकालविशेषो दिवसादिलक्षणो वाच्य:, तथा वर्णकालो वाच्य:, वर्णश्चासौ कालश्चेति, 'भावे'त्ति औदयिकादिभावकाल: सादिसपर्यवसानादिभेदभिन्नो वाच्य इति । प्रकृतं तु 'भावेने'ति भावकालेन, इह पुनर्दिवसप्रमाणकालेनाधिकार:, तत्रापि तृतीयपौरुष्या, तत्रापि बह्वतिक्रान्तयेति । आह-यदुक्तं–'पगयं तु भावेणंति' तत्कथं न विरुध्यते इति ?, उच्यते, क्षायोपशमिकभावकाले शय्यम्भवेन निर्व्यूढं प्रमाणकाले चोक्तलक्षण इत्यविरोध:, अथवा प्रमाणकालोऽपि भावकाल एव, तस्याद्धाकालस्वरूपत्वात्, तस्य च भावत्वादिति गाथासमुदायार्थ: ॥ अवयवार्थस्तु सामायिकविशेषविवरणादवसेय: ।

---

ટીકાર્થ : (૧) વર્તનાદિલક્ષણવાળો દ્રવ્યકાળ કહેવો. (દ્રવ્યો જુના નવા થાય, એ દ્રવ્યોનું જુના નવા થવાવણું એ વર્તના છે. એ દ્રવ્યાત્મક કાળ છે.)

(૨) ચંદ્ર અને સૂર્યવગેરેની ક્રિયાથી વિશિષ્ટ, અઢિદ્વીપ-સમુદ્રની અંદર રહેનાર અદ્ધાકાળ છે. તે સમય આવલિકા વગેરે રૂપ જાણવો.

(૩) દેવાદિના આયુષ્કરૂપ કાળ એ યથાયુષ્કકાળ કહેવાય.

(૪) ઈષ્ટઅર્થને નજીક લાવવા રૂપ જે કાળ તે ઉપક્રમકાલ કહેવાય તે સામાચારી-ઉપક્રમકાલ અને આયુષ્કઉપક્રમકાલ એમ બે ભેદથી ભિન્ન જાણવો. એટલે કે આ બે ભેદવાળો જાણવો. (ઓઘસામાચારીને પૂર્વોમાંથી ઉદ્ધૃત કરીને ઓઘનિર્યુક્તિ રચાઈ. એટલે ૨૦માં વર્ષે મળનારી સામાચારી પહેલા જ દિવસે મળનારી કરાઈ. આમ સામાચારીરૂપ ઈષ્ટ અર્થને નજીક લાવવામાં આવ્યો એટલે આ સામાચારી ઉપક્રમકાળ કહેવાય. અને વર્તમાનઆયુષ્ય ૧૦૦ વર્ષનું હોય. પણ એને ઘા લાગે તો ૬૦માં વર્ષે પૂર્ણ થાય. એટલે પરભવનું આયુષ્ય ૪૦ વર્ષ વહેલું ઉદયમાં આવી જાય એ આયુષ્કોપક્રમકાળ કહેવાય...)

(૫) દેશકાળ : દેશ = પ્રસ્તાવ = અવસર = વિભાગ = પર્યાય આ બધા સમાનાર્થી શબ્દો છે. એટલે ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિનો અવસર રૂપીકાળ એ દેશકાળ. (ઈષ્ટ એવી દીક્ષા પામવાનો દિવસ આવી પડે એ દેશકાળ કહેવાય...)

(૬) કાલકાલ કહેવાનો છે. તેમાં એક (બીજો) કાલશબ્દ તો પૂર્વે નિરૂપણ કરેલા

શબ્દાર્થવાળો જ છે. બીજો કાલશબ્દ (પહેલો) એ સામયિક = શાસ્ત્રીય છે. શાસ્ત્રીયપરિભાષામાં કાલ એટલે મરણ કહેવાય છે. મરણક્રિયાનું કલન=થવું એ મરણકાલ કહેવાય.

ગાથામાં ચ શબ્દ છે, તે સમુચ્ચય અર્થમાં

(૭) **પ્રમાણકાલ** દિવસવગેરેરૂપ એક વિશેષપ્રકારનો અદ્ધાકાળ જ પ્રમાણકાલ કહેવાય છે. (સમય, આવલિકા, એ બધો અદ્ધાકાળ છે. દિવસ-પક્ષ વગેરે પણ અદ્ધાકાળ છે. પણ આ દિવસાદિ રૂપ અદ્ધાકાળ પ્રમાણકાળ તરીકે ઓળખાય છે. લોકમાં સમયાદિકાળવડે વ્યવહાર થતો નથી, માટે એ પ્રમાણભૂતકાળમાં નથી ગણાતા. પણ દિવસાદિ કાળ એ લોકવ્યવહારમાં ઉપયોગી છે, માટે એ પ્રમાણકાળ કહેવાય છે.)

(૮) **વર્ણકાળ :** વર્ણરૂપી કાલ એ વર્ણકાલ. કાળો રંગ-વર્ણ એ વર્ણકાળ કહેવાય.

(૯) **ભાવકાલ :** સાદિ-સાંત, સાદિ-અનંત વગેરે ભેદોથી જુદા જુદા પ્રકારનો એવો ઔદયિકાદિભાવકાળ કહેવો. (સિદ્ધ થાય તેઓને ક્ષાયિકભાવ સાદિ-અનંત છે. એટલે એ સાદિ અનંતરૂપી કાળ એ ક્ષાયિકભાવકાળ કહેવાય. એમ અન્યભાવોમાં પણ સમજી લેવું.)

ભાવકાલવડે પ્રકૃત છે. (દશકાલિકસૂત્ર એ ક્ષાયોપશમિકભાવ છે, એટલે એનો કાળ એ ભાવકાલ કહેવાય.) અહીં **दशकालिक** શબ્દમાં આવેલા **काल** શબ્દમાં તો દિવસપ્રમાણકાલવડે અધિકાર છે. તેમાં પણ ત્રીજીપોરિસીવડે અધિકાર છે. તેમાં પણ ઘણી પસાર થઈ ચૂકેલી ત્રીજીપોરિસીવડે અધિકાર છે. (શય્યંભવસૂરિએ દિવસના ત્રીજાપ્રહરના અંતરૂપી પ્રમાણકાળમાં આ દશાધ્યયનાત્મક ગ્રન્થ રચ્યો છે. એટલે પ્રમાણકાલવડે બનેલો આ ગ્રન્થ હોવાથી અહીં પ્રમાણકાળનો અધિકાર જ ગણાય.)

**પ્રશ્ન** ગાથામાં લખેલ છે કે ભાવકાલવડે અધિકાર છે, અને તમે કહો છો કે દિવસપ્રમાણકાલવડે અધિકાર છે. તો આ બે વાત શું પરસ્પર વિરોધી નથી લાગતી ?

**ઉત્તર :** બે ય કાળ લઈ શકાય છે. શય્યંભવસૂરિએ ક્ષાયોપશમિકભાવકાલમાં રહીને આ ગ્રન્થ પૂર્વોમાંથી ઉદ્ધર્યો છે. એટલે ભાવકાળ પણ લેવાય અને એ ત્રીજીપોરિસીનાં અંતભાગરૂપ પ્રમાણકાલમાં ઉદ્ધર્યો છે એટલે પ્રમાણકાળનો અધિકાર પણ ગણાય. એટલે કોઈ વિરોધ નથી.

અથવા તો બીજો ઉત્તર એ કે પ્રમાણકાલ પણ ભાવકાલ જ છે. કેમકે પ્રમાણકાલ (સમય-આવલિકાદિ સ્વરૂપ) અદ્ધાકાળરૂપ જ છે અને અદ્ધાકાલ તો ચન્દ્રસૂર્યાદિક્રિયાત્મક

હોવાથી એ પર્યાય-ભાવરૂપ છે અને એટલે એ ભાવકાળ જ કહેવાય. અથવા ક્રિયા પણ ઔદયિકભાવથી થાય છે તેથી (ગુણ અને ક્રિયા એ બે ય દ્રવ્યના ભાવો, પર્યાયો, ધર્મો છે...)

ગાથાનો સમુદાયાર્થ કહ્યો. અવયવાર્થ તો સામાયિકવિશેષવિવરણથી જાણી લેવો. (આવ. ના પ્રથમ- અધ્યયન-સામાયિકની વૃત્તિમાંથી જાણી લેવો.)

---

**तथा चाह निर्युक्तिकार:—**

सामाइयअणुकमओ वण्णेउं विगयपोरिसीए ऊ। निज्जूढं किर सेज्जंभवेण दसकालियं तेणं ॥१२॥

---

નિર્યુક્તિકાર આ જ વાત કરે છે કે

નિર્યુક્તિ-૧૨ ગાથાર્થ : સામાયિકના અનુક્રમથી વર્ણન કરવાને માટે શય્યંભવસૂરિ વડે વિગતપોરિસીમાં નિર્યૂઢ કરાયું, તેથી તે દશકાલિક છે.

---

**व्याख्या—सामायिकम्-आवश्यकप्रथमाध्ययनं तस्यानुक्रमः-परिपाटीविशेषः सामायिके वाऽनुक्रमः सामायिकानुक्रमः ततः सामायिकानुक्रमतः-सामायिकानुक्रमेण वर्णयितुम्, अनन्तरोपन्यस्तगाथाद्वाराणीति प्रक्रमाद् गम्यते, विगतपौरुष्यामेव, तुशब्दस्यावधारणार्थत्वात्, 'निर्यूढं' पूर्वगतादुद्धृत्य विरचितं, किलशब्दः परोक्षाप्तागमवादसंसूचकः शय्यम्भवेन चतुर्दशपूर्वविदा 'दशकालिकं' प्राग्निरूपिताक्षरार्थं 'तेन' कारणेनोच्यत इति गाथार्थः ॥ (श्रुतस्कन्धयोस्तु निक्षेपश्चतुर्विधो द्रष्टव्यो यथाऽनुयोगद्वारेषु, स्थानाशून्यार्थं किञ्चिदुच्यते) इह नोआगमतः ज्ञशरीरभव्यशरीरव्यतिरिक्तं द्रव्यश्रुतं पुस्तकपत्रन्यस्तं, अथवा सूत्रमण्डजादि, भावश्रुतं त्वागमतो ज्ञाता उपयुक्तः, नोआगमतस्त्विदमेव दशकालिकं, नोशब्दस्य देशवचनत्वात्, एवं नोआगमतो ज्ञशरीरभव्यशरीरव्यतिरिक्तो द्रव्यस्कन्धः सचेतनादिः, तत्र सचित्तो द्विपदादिः, अचित्तो द्विप्रदेशिकादिः, मिश्रः सेनादि( दे )र्देशादिरिति, तथा भावस्कन्धस्त्वागमतस्तदर्थोपयोगपरिणाम एव, नोआगमतस्तु दशकालिकश्रुतस्कन्ध एवेति, नोशब्दस्य देशवचनत्वादिति, इदानीमध्ययनोद्देशकन्यासप्रस्तावः, तं चानुयोगद्वारप्रक्रमायातं प्रत्यध्ययनं यथासम्भवोघनिष्पन्ने निक्षेपे लाघवार्थं वक्ष्याम इति ॥ ततश्च यदुक्तं-'दसकालिय सुअक्खंधं अज्झयणुद्देस णिक्खिविउं' अनुयोगोऽस्य/**

कर्त्तव्य इति, तदंशतः सम्पादितमिति ।

---

**ટીકાર્થ :** સામાયિક એ છ આવશ્યકોનું પ્રથમ અધ્યયન છે, તેના ક્રમથી ૧૧મી ગાથામાં કહેલા દ્વારોને વર્ણવવાને માટે વિગતપોરિસીમાં જ પૂર્વગત-પૂર્વમાંથી ઉદ્ધરીને આ દશકાલિક રચાયું છે.

ગાથામાં સામાયિકનો અનુક્રમ કે સામાયિકમાં અનુક્રમ એ બેય સમાસ થઈ શકશે. ગાથામાં **वण्णेउं** શબ્દ છે, પણ કોને વર્ણવવા માટે ? અહીં **वर्ण्** ધાતુનાં કર્મનો ઉલ્લેખ નથી. પરંતુ જે વિષય ચાલી રહ્યો છે, તેના ઉપરથી જણાય છે કે આ ગાથાની બરાબર પૂર્વે જ ઉપન્યાસ કરાયેલી ગાથાનાં જે દ્વારો છે. તેને વર્ણવવાને માટે... ગાથામાં उ = तु છે, તે અવધારણ-અર્થવાળો છે એટલે વિગતપોરિસીમાં જ. એ પ્રમાણે અર્થ થાય. (પૂર્વગત એટલે જ પૂર્વ)

સામાયિકમાં જે પ્રમાણે આ નવ દ્વારોનું વર્ણન કરેલ છે, તે જ પ્રમાણે એ નવ દ્વારોનું વર્ણન કરવા માટે શય્યંભવસૂરિએ આ સૂત્ર નિર્મૂઢ કરેલ છે.)

ગાથામાં જે **किर** શબ્દ છે, એ પરોક્ષ આપ્ત-આગમવાદનો સંસૂચક છે. (શય્યંભવસૂરિ એ આપ્તપુરુષ છે. પણ ભદ્રબાહુસ્વામીને તો એ પ્રત્યક્ષ નથી, પરોક્ષ છે. આવા પરોક્ષ આપ્તપુરુષનાં આગમસંબંધી આ વાદ છે કે એમણે આ આગમ સાંજના સમયે બનાવ્યું... વગેરે. ભદ્રબાહુસ્વામીએ આ બધું સાક્ષાત્ નથી જોયું. એટલે **किर** શબ્દથી એ સૂચવે છે કે "આ પરોક્ષઆપ્તનાં આગમનો વાદ છે."

શય્યંભવસૂરિ ચૌદપૂર્વધર હતા. દશકાલિકનો શબ્દાર્થ પૂર્વે કહી દીધો છે.

ટુંકમાં વિગતપોરિસીમાં આ બનાવાયેલ છે, માટે તે **દશકાલિક** કહેવાય છે. (દશ અધ્યયન છે, માટે દશ શબ્દનો ઉલ્લેખ છે.)

**શ્રુત** અને **સ્કન્ધ** આ બે શબ્દનો નિક્ષેપ ચાર પ્રકારે જાણવો કે જે રીતે અનુયોગદ્વારોમાં વર્ણવેલો છે. સ્થાન શૂન્ય ન રહે તે માટે કંઈક કહેવાય છે કે અહીં નો-આગમતઃ જ્ઞશરીરભવ્યશરીરવ્યતિરિક્ત દ્રવ્યશ્રુત એ પુસ્તક-પાનામાં રહેલું શ્રુત જાણવું.

અથવા તો **સૂત્ર** શબ્દનો બીજો અર્થ થાય છે દોરો. એ દોરો અંડજાદિ અનેકપ્રકારે છે. (પક્ષીઓની રૂંવાટીમાંથી બનતો દોરો એ અંડજસૂત્ર... અંડજ = પક્ષી.

ભાવશ્રુત તો આગમથી જ્ઞાતા અને ઉપયુક્ત. નો-આગમતઃ તો આ જ દશકાલિક. નો શબ્દ અહીં દેશવાચક છે. (દશકાલિક એ સંપૂર્ણપણે જ્ઞાનાત્મક નથી, પણ અક્ષરાત્મક પણ છે. એટલે તે નોઆગમતઃ ભાવશ્રુત છે. કંઈક દેશમાં આગમ=જ્ઞાનરૂપ ન હોવાથી

નોઆગમતઃ ભાવશ્રુત છે.)

શ્રુતની જેમ સ્કન્ધની વિચારણા કરીએ તો નો-આગમતઃ જ્ઞશરીરભવ્યશરીર વ્યતિરિક્ત દ્રવ્યસ્કન્ધ સચિત્તાદિ છે. તેમાં દ્વિપદ-મનુષ્ય વગેરે. સચિત્તસ્કન્ધ છે, બે પ્રદેશનો બનેલો સ્કન્ધ...વગેરે અચિત્તદ્રવ્યસ્કન્ધ છે. સેના વગેરે, દેશ વગેરે મિશ્રસ્કન્ધ છે. (સૈનિકો સચિત્ત, શસ્ત્રો અચિત્ત...)

ભાવસ્કન્ધ તો આગમતઃ વિચારીએ તો સ્કન્ધશબ્દનાં અર્થમાં ઉપયોગરૂપ પરિણામ એ જ ભાવસ્કંધ છે. નો-આગમતઃ તો દશકાલિક શ્રુતસ્કન્ધ જ સમજવો નો શબ્દ દેશવાચક છે. (દશકાલિક એ ઉપયોગાત્મક હોય તો ભાવ-આગમ, શબ્દાત્મક હોય તો દ્રવ્ય. એ ઉભયાત્મક છે માટે નોઆગમતઃ ભાવસ્કન્ધ કહેવાય)

હવે અધ્યયન-ઉદ્દેશક આ બેનો ન્યાસ કરવાનો અવસર છે. પણ અનુયોગદ્વારનાં પ્રક્રમથી આવેલ દરેકે દરેક અધ્યયનમાં અને લાઘવ થાય તે માટે ઓઘનિષ્પન્ન નિક્ષેપમાં જે રીતે સંભવે એ રીતે કહેશું. (જયારે જયારે અધ્યયન આવશે, ત્યારે અધ્યયન-ઉદ્દેશ શબ્દનો ન્યાસ કરવો જ પડવાનો. એમાં ઓઘનિષ્પન્ન નિક્ષેપમાં અધ્યયન શબ્દનો નિક્ષેપ કરવાનો હોય છે. એટલે ત્યારે જ અમે કરશું.)

એટલે હવે જે અમે કહેલું કે "દશ,કાલિક, શ્રુત, સ્કન્ધ, અધ્યયન, ઉદ્દેશનો નિક્ષેપો કરીને આનો અનુયોગ કરવો (ગાથા-૭) તે અંશતઃ સંપાદિત કર્યું. (અધ્યયન અને ઉદ્દેશનું બાકી હોવાથી સંપૂર્ણ રીતે એ સંપાદિત થયેલું ન કહેવાય. માટે અંશતઃ કહ્યું છે.)

---

**साम्प्रतं प्रस्तुतशास्त्रसमुत्थवक्तव्यताभिधित्सयाह–**

जेण व जं व पडुच्चा जत्तो जावंति जह य ते ठविया । सो तं च तओ ताणि य तहा य कमसो कहेयव्वं ॥१३॥

---

હવે પ્રસ્તુતશાસ્ત્રની ઉત્પત્તિ સંબંધી કહેવાયોગ્ય પદાર્થોને કહેવાની ઈચ્છાથી કહે છે.

**નિર્યુક્તિ-૧૩ ગાથાર્થ :** (૧) જેનાવડે (૨) જેને આશ્રયીને (૩) જયાંથી (૪) જેટલા (૫) જે રીતે તે સ્થાપિત કરાયા. તેનાવડે, તેને, ત્યાંથી, તેટલા અને તે રીતે ક્રમશઃ કહેવાયોગ્ય છે.

---

**व्याख्या**-'येन वा' आचार्येण 'यद्वा' वस्तु 'प्रतीत्य' अङ्गीकृत्य 'यतो वा' आत्मप्रवादादिपूर्वतो 'यावन्ति वा' अध्ययनानि 'यथा च' येन प्रकारेण 'तानि' अध्ययनानि 'स्थापितानि' न्यस्तानि, स च - आचार्यः तच्च-वस्तु ततः–तस्मात्पूर्वात्

तानि च-अध्ययनानि तथा च-तेनैव प्रकारेण 'क्रमशः' क्रमेणानुपूर्व्या 'कथयितव्यं' प्रतिपादयितव्यमिति गाथासमासार्थः ॥

---

ટીકાર્થ : જે આચાર્યવડે, જે વસ્તુનો અંગીકાર કરીને, જે આત્મપ્રવાદાદિપૂર્વમાંથી, જેટલા અધ્યયનો જે પ્રકારે તે ૧૦ અધ્યયનો સ્થાપિત કરાય, તે આચાર્ય, તે વસ્તુ, તે પૂર્વ, તે અધ્યયનો અને તે પ્રકાર... ક્રમશઃ પ્રતિપાદન કરવા યોગ્ય છે.

આ ગાથાનો સંક્ષેપથી અર્થ કહ્યો.

---

अवयवार्थं तु प्रतिद्वारं निर्युक्तिकार एव यथाऽवसरं वक्ष्यति । तत्राधिकृतशास्त्रकर्त्तुः स्तवद्वारेणाद्यद्वारावयवार्थप्रतिपादनायाह —

सेज्जंभवं गणधरं जिणपडिमादंसणेण पडिबुद्धं । मणगपिअरं दसकालियस्स निज्जूहगं वंदे ॥१४॥ दारं ॥

---

હવે એ દરેક અવયવનો અર્થ તો દરેકે દરેક દ્વારને આશ્રયીને નિર્યુક્તિકાર જ જ્યારે જેનો અવસર આવશે ત્યારે કહેશે.

તેમાં પ્રસ્તુતશાસ્ત્રનાં કર્તાનું સ્તવન કરવા દ્વારા **येन** નામના પહેલાદ્વારનાં અવયવનાં અર્થનું પ્રતિપાદન કરવા માટે કહે છે.

નિર્યુક્તિ-૧૪ ગાથાર્થ : જિનપ્રતિમાનાં દર્શનવડે પ્રતિબોધ પામેલ, મનકનાં પિતા, દશકાલિકનાં નિર્યૂહક ગણધર શય્યંભવસૂરિને હું વંદુ છું.

---

व्याख्या—'सेज्जंभव'मिति नाम 'गणधर'मिति अनुत्तरज्ञानदर्शनादिधर्मगणं धारयतीति गणधरस्तं, 'जिनप्रतिमादर्शनेन प्रतिबुद्धं'तत्र रागद्वेषकषायेन्द्रियपरीषहोपसर्गादिजेतृत्वाज्जिनस्तस्य प्रतिमा-सद्भावस्थापनारूपा तस्या दर्शनमिति समासः, तेन-हेतुभूतेन, किम् ?—'प्रतिबुद्धं' मिथ्यात्वाज्ञाननिद्रापगमेन सम्यक्त्वविकाशं प्राप्तं 'मनकपितर'मिति मनकाख्यापत्यजनकं 'दशकालिकस्य' प्राग्निरूपिताक्षरार्थस्य 'निर्यूहकं' पूर्वगतोद्धृतार्थविरचनाकर्त्तारं 'वन्दे' स्तौमि इति गाथाक्षरार्थः ॥

---

ટીકાર્થ : **सेज्जंभवम्** એ નામ છે. અનુતર એવા જ્ઞાન-દર્શનાદિ ધર્મોનાં ગણને જે ધારે તે ગણધર. તેમને..... જિનપ્રતિમાનાં દર્શનવડે પ્રતિબુદ્ધ... તેમાં રાગદ્વેષકષાય, ઈન્દ્રિય, પરિષહ, ઉપસર્ગાદિના વિજેતા હોવાથી તે તીર્થકરો જિન કહેવાય. તેમની પ્રતિમા એટલે એમના આકારવાળી પ્રતિમા, સદ્ભાવસ્થાપના, તેનું દર્શન... આ પ્રમાણે

સમાસ થાય.

આ દર્શન અહીં હેતુ તરીકે છે. તે દર્શન વડે પ્રતિબોધ પામેલા એટલે કે એ દર્શન વડે મિથ્યાત્વ-અજ્ઞાનરૂપી નિદ્રાનો નાશ થવાથી સમ્યક્ત્વના વિકાસને પામેલા...

મનક નામના પુત્રના પિતા...

પૂર્વે જેનો અર્થ કહી ગયા છે તે દશકાલિકના નિર્યૂહક એટલે કે પૂર્વોમાંથી ઉદ્ધાર કરાયેલા અર્થોની વિશિષ્ટરચનાને કરનારાને હું સ્તવું છું.

આ પ્રમાણે ગાથાના અક્ષરોનો અર્થ થયો.

---

**भावार्थः** कथानकादवसेयः, तच्चेदम्-"एत्थ वद्धमाणसामिस्स चरमतित्थगरस्स सीसो तित्थसामी सुहम्मो नाम गणधरो आसी, तस्सवि जंबूणामो, तस्सवि य पभवोत्ति, तस्सऽन्नया कयाइ पुव्वरत्तावरत्तम्मि चिंता समुप्पन्ना-को मे गणहरो होज्जत्ति ?, अप्पणो गणे य संघे य सव्वओ उवओगो कओ, ण दीसइ कोइ अव्वोच्छित्तिकरो, ताहे गारत्थेसु उवउत्तो, उवओगे कए रायगिहे सेज्जंभवं माहणं जन्नं जयमाणं पासइ, ताहे राअगिहं णगरं आगंतूणं संघाडयं वावारेइ-जन्नवाडगं गंतुं भिक्खट्ठा धम्मलाहेह, तत्थ तुब्भे अदिच्छाविज्जिहिह, ताहे तुब्भे भणिज्जह-"अहो कष्टं तत्त्वं न ज्ञायते" इति, तओ गया साहू अदिच्छाविया अ, तेहिं भणिअं-'अहो कष्टं तत्त्वं न ज्ञायते', तेण य सेज्जंभवेण दारमूले ठिएण तं वयणं सुअं, ताहे सो विचिंतेइ-एए उवसंता तवस्सिणो असच्चं ण वयंतित्तिकाउं अज्झावगसगासं गंतु भणइ-किं तत्तं ?, सो भणइ-वेदाः, ताहे सो असिं कड्डिऊण भणइ-सीसं ते छिंदामि जइ मे तुमं तत्तं न कहेसि, तओ अज्झावओ भणइ-पुण्णो मम समओ, भणियमेयं वेयत्थे-परं सीसच्छेए कहियव्वंति, संपयं कहयामि जं एत्थ तत्तं, एतस्स जूवस्स हेट्ठा सव्वरयणामयी पडिमा अरहओ सा धुव्वत्ति अरहओ धम्मो तत्तं, ताहे सो तस्स पाएसु पडिओ, सो य जन्नवाडओवक्खेवो तस्स चेव दिण्णो, ताहे सो गंतूणं ते साहु गवेसमाणो गओ आयरियसगासं, आयरियं वंदित्ता साहुणो (य) भणइ-मम धम्मं कहेह, ताहे आयरिया उवउत्ता-जहा इमो सोत्ति, ताहे आयरिएहिं साहुधम्मो कहिओ, संबुद्धो पव्वइओ सो, चउद्दसपुव्वी जाओ । जया य सो पव्वइओ तया य तस्स गुव्विणी महिला होत्था, तम्मि य पव्वइए लोगो णियल्लओ तंतमस्सति-जहा तरुणाए भत्ता पव्वइओ अपुत्ताए, अवि अत्थि तव किंचि पोट्टेत्ति पुच्छइ, सा भणइ-उवलक्खेमि मणगं, तओ समएण दारगो जाओ । ताहे णिव्वत्तबारसाहस्स

नियल्लोहिं जम्हा पुच्छिज्जंतीए मायाए से भणिअं 'मणगं'ति तम्हा मणओ से णामं कयंति । जया सो अट्ठवरिसो जाओ ताहे सो मातरं पुच्छइ-को मम पिआ ?, सा भणइ-तव पिआ पव्वइओ, ताहे सो दारओ णासिऊणं पिउसगासं पट्ठिओ । आयरिया य तं कालं चंपाए विहरंति, सोऽवि अ दारओ चंपयमेवागओ, आयरिएण य सण्णाभूमिं गएण सो दारओ दिट्ठो, दारएण वंदिओ आयरिओ, आयरियस्स य तं दारगं पिच्छंतस्स णेहो जाओ, तस्सवि दारगस्स तहेव, तओ आयरिएहिं पुच्छियं-भो दारगा ! कुतो ते आगमणंति ?, सो दारगो भणइ-रायगिहाओ, आयरिएण भणियं-रायगिहे तुमं कस्स पुत्तो नत्तुओ वा ?, सो भणइ-सेज्जंभवो नाम बंभणो तस्साहं पुत्तो, सो य किर पव्वइओ, तेहिं भणियं-तुमं केण कज्जेण आगओऽसि ?, सो भणइ-अहंपि पव्वइस्सं, पच्छा सो दारओ भणइ-तं तुम्हे जाणह ?, आयरिया भणंति-जाणेमो, तेण भणियं !-सो कहिंति ?, ते भणंति-सो मम मित्तो एगसरीरभूतो, पव्वयाहि तुमं मम सगासे, तेण भणियं-एवं करोमि । तओ आयरिया आगंतुं पडिस्सए आलोअंति-सच्चित्तो पडुप्पन्नो, सो पव्वइओ, पच्छा आयरिया उवउत्ता-केवतिकालं एस जीवइत्ति ?, णायं जावं छम्मासा, ताहे आयरियाणं बुद्धी समुप्पन्ना-इमस्स थोवगं आउं, किं कायव्वंति ?, तं चउद्दसपुव्वी कम्हिवि कारणे समुप्पन्ने णिज्जूहति, दसपुव्वी पुण अपच्छिमो अवस्समेव णिज्जूहइ, ममंपि इमं कारणं समुप्पन्नं, तो अहमवि णिज्जूहामि, ताहे आढत्तो णिज्जूहिउं, ते उ णिज्जूहिज्जंता वियाले णिज्जूढा थोवावसेसे दिवसे, तेण तं दसवेयालियं भणिज्जति" । अनेन च कथानकेन न केवलं 'येन वे'त्यस्यैव द्वारस्य भावार्थोऽभिहितः, किन्तु यद्वा प्रतीत्यैतस्यापीति,

---

ભાવાર્થ તો કથાનકથી જાણી લેવો.

તે કથાનક આ છે.

અહીં ચરમતીર્થંકર વર્ધમાનસ્વામીનાં શિષ્ય, તીર્થના સ્વામી સુધર્મ નામના ગણધર હતા. તેમના પણ જંબૂ નામના ગણધર હતા. તેમના પણ પ્રભવ નામના ગણધર હતા. તેમને ક્યારેક એકવાર પૂર્વરાત્રિ અને અપરરાત્રિમાં (સાંજે વહેલી સવારે અથવા મધ્યરાત્રિએ) ચિંતા થઈ કે "મારો ગણધર કોણ થશે ?" એમણે પોતાના ગણમાં, સંઘમાં બધે જ ઉપયોગ મૂકાયો. પણ શાસનની અવ્યવચ્છિત્તિને કરનારો કોઈ ન દેખાયો. ત્યારે ગૃહસ્થોમાં ઉપયોગ મૂક્યો. ઉપયોગ મૂક્યો એટલે રાજગૃહમાં યજ્ઞ કરતા શય્યંભવ

બ્રાહ્મણને જુએ છે. ત્યારે રાજગૃહ નગરમાં આવીને સંઘાટકને મોકલે છે કે યજ્ઞના સ્થાનમાં જઈને ભિક્ષાને માટે ધર્મલાભ આપો. ત્યાં તમે નિષેધ કરાશો. ત્યારે તમારે કહેવું કે "અરે કષ્ટ છે કે તત્ત્વ જણાતું નથી." ત્યારપછી સાધુઓ ગયા અને યજ્ઞના માણસો વડે નિષેધ કરાયા. સાધુઓવડે કહેવાયું કે **अहो कष्टंतत्वं न ज्ञायते** " બારણાં પાસે રહેલા શય્યંભવવડે તે વચન સંભળાયું. ત્યારે તે વિચારે છે કે "આ ઉપશાંત તપસ્વીઓ અસત્ય ન બોલે એટલે શય્યંભવ અધ્યાપકની પાસે જઈને કહે છે કે "તત્ત્વ શું છે ?" અધ્યાપક કહે છે "વેદો તત્ત્વ છે." ત્યારે તે તલવાર ખેંચીને બોલે છે કે "જો તું મને તત્ત્વ નહિ કહે તો તારું મસ્તક છેદી નાંખીશ." ત્યારે અધ્યાપક કહે છે કે "મારો સમય પૂર્ણ થયો. વેદનાં અર્થમાં આ કહેવાયું છે કે "મસ્તક કપાઈ જવાનો પ્રસંગ ઉભો થાય ત્યારપછી સાચી વાત કહી દેવી. હવે હું તને એ કહી દઉં છું. કે જે અહીં તત્ત્વ છે. આ જે યજ્ઞનો થાંભલો છે, તેની નીચે સર્વરત્નોની બનેલી. અરિહંતની પ્રતિમા છે. તે શાશ્વત છે. એટલે અરિહંતનો ધર્મ તત્ત્વ છે. ત્યારે શય્યંભવ તે અધ્યાપકનાં પગમાં પડ્યો. યજ્ઞપાટકની બધી જ સામગ્રી તે અધ્યાપકને આપી દીધી. ત્યારબાદ તે જઈને સાધુઓને શોધતો શોધતો આચાર્ય પાસે ગયો. આચાર્યને અને સાધુઓને વંદન કરીને કહે છે કે "મને ધર્મ કહો." ત્યારે આચાર્ય ઉપયોગ મૂકે છે કે "આ જ તે શય્યંભવ છે" ત્યારે આચાર્યવડે સાધુધર્મ કહેવાયો. તે શય્યંભવ પ્રતિબોધ પામ્યો અને તેણે દીક્ષા લીધી. ચૌદપૂર્વી થયો. જયારે તેણે દીક્ષા લીધી, ત્યારે તેની પત્ની ગર્ભવતી હતી. તેણે દીક્ષા લીધી એટલે એના સ્વજન લોકો આક્રંદ કરે છે કે "યુવાન સ્ત્રી પુત્ર વગરની હતી અને એના પતિએ દીક્ષા લીધી." બધા એ સ્ત્રીને પુછે છે કે "શું તારા પેટમાં કંઈક છે ?" ત્યારે તેણી કહે છે કે "મનાક્-કંઈક પેટમાં હોય એવું લાગે છે." ત્યારબાદ અમુક કાળ ગયો એટલે એને ત્યાં પુત્ર થયો. ત્યારબાદ જયારે બાર દિવસપૂર્ણ થાય ત્યારે જે કારણથી સ્વજનોની પૃચ્છા વખતે તે પુત્રની માતાવડે કહેવાયેલું કે "મણગં-મનાક્-કંઈક" છે. તે કારણથી તે પુત્રનું મનક એ પ્રમાણે નામ કરાયું. જયારે તે આઠ વર્ષનો થયો ત્યારે તે માતાને પુછે છે કે "મારા પિતા કોણ છે ?" તેણી કહે છે કે "તારા પિતા દીક્ષિત થયા છે." ત્યારે તે પુત્ર ભાગીને પિતા પાસે પ્રયાણ કરી ગયો. આચાર્ય તે સમયે ચંપા નગરીમાં વિચરે છે. તે બાળક પણ ચંપામાં જ આવ્યો. સંજ્ઞાભૂમિ-સ્થંડિલ ગયેલા આચાર્ય વડે તે બાળક દેખાયો. બાળકવડે આચાર્ય વંદાયા. તે બાળકને જોતા આચાર્યને સ્નેહ થયો. તે બાળકને પણ તે જ પ્રમાણે આચાર્ય પ્રત્યે સ્નેહ થયો. તેથી આચાર્યે પૃચ્છા કરી કે "પુત્ર ! તારું આગમન ક્યાંથી છે ?" તે બાળક કહે છે "રાજગૃહમાંથી" આચાર્ય વડે

કહેવાયું કે રાજગૃહમાં તું કોનો પુત્ર કે પૌત્ર છે ? તે કહે છે કે શય્યંભવ નામના બ્રાહ્મણ છે, તેમનો હું પુત્ર છું. તેમણે દીક્ષા લીધી છે." આચાર્ય વડે કહેવાયું "તું ક્યા કામ માટે અહીં આવેલો છે ?" તે કહે "હું પણ દીક્ષા લઈશ." પછી તે બાળક કહે છે કે "તમે શય્યંભવને જાણો છો ?" આચાર્ય કહે "જાણું છું." બાળક વડે કહેવાયું "તે ક્યાં છે ?" આચાર્ય કહે છે કે "તે મારો મિત્ર છે, મારા એક શરીરરૂપ થયેલો છે. અર્થાત્ મારાથી અભિન્ન છે. તું મારી પાસે દીક્ષા લે. બાળકે કહ્યું સારું. આ પ્રમાણે કરીશ. ત્યારપછી આચાર્ય પાછા ફરીને ઉપાશ્રયમાં આલોચના કરે છે કે "સચિત્તવસ્તુ પ્રાપ્ત થઈ." તે બાળકે દીક્ષા લીધી. પછી આચાર્યે ઉપયોગ મૂક્યો. આ બાળક કેટલો કાળ જીવશે ? જાણ્યું કે છ માસ જ જીવશે. ત્યારે આચાર્યને બુદ્ધિ ઉત્પન્ન થઈ કે ''આનું આયુષ્ય થોડુંક જ છે. શું કરવું ? ચૌદપૂર્વી કોઈપણ કારણ ઉત્પન્ન થાય તો પૂર્વમાંથી પદાર્થોનો ઉદ્ધાર કરીને નવા ગ્રન્થ રચવાનું કામ કરે. છેલ્લા દશપૂર્વી તો અવશ્ય નિર્યૂહણા કરે. મારે પણ આ કારણ ઉત્પન્ન થયું છે તેથી હું પણ નિર્યૂહણા કરું." ત્યારે આચાર્યે નિર્યૂહણા કરવાનો પ્રારંભ કર્યો. તે આચાર્ય નિર્યૂહણા કરતાં કરતાં સાંજના સમયે દિવસ થોડોક જ બાકી હતો ત્યારે નિર્યૂહણા કરી રહ્યા. (ત્રીજા પ્રહરના અંતે શરુઆત. અને ચોથાપ્રહરના અંત પૂર્વે સમાપ્તિ) તે કારણથી આ શાસ્ત્ર દશવૈકાલિક કહેવાય છે. (પ્રમાણકાલ વડે બનેલ હોવાથી કાલિક, પણ સાંજના સમયરૂપ વિકાલમાં બનેલ હોવાથી વૈકાલિક...

આ કથાનક વડે માત્ર **येन** એ દ્વારનો જ ભાવાર્થ નથી કહેવાયો, પરંતુ જ **यद्वा प्रतीत्य** એ દ્વારનો પણ ભાવાર્થ કહેવાઈ ગયો.

---

**तथा चाह निर्युक्तिकारः–**

मणगं पडुच्च सेज्जंभवेण निज्जूहिया दसऽज्झयणा । वेयालियाइ ठविया तम्हा दसकालियं णामं ॥१५॥ दारं ॥

---

નિર્યુક્તિકાર આ જ વાત કરે છે કે

**નિર્યુક્તિ-૧૫ ગાથાર્થ** મનકને આશ્રયીને શય્યંભવ વડે દશ અધ્યયનો નિર્યૂહણા કરાયા, અને તે વિકાલમાં પૂર્ણ કરાયા તે કારણથી દશ(વૈ)કાલિક નામ છે.

---

**व्याख्या–'<u>मनकं प्रतीत्य</u>' मनकाख्यमपत्यमाश्रित्य '<u>शय्यम्भवेन</u>' आचार्येण '<u>निर्यूढानि</u>' पूर्वगतादुद्धृत्य विरचितानि '<u>दशाध्ययनानि</u>' द्रुमपुष्पिकादीनि '<u>वेयालियाइ ठविय</u>'त्ति विगतः कालो विकालः विकलनं वा विकाल इति, विकालोऽसकलः**

खण्डश्चेत्यनर्थान्तरम्, तस्मिन् विकाले-अपराण्हे 'स्थापितानि' न्यस्तानि द्रुमपुष्पिकादीन्यध्ययनानि यतः तस्माद्दशकालिकं नाम, व्युत्पत्तिः पूर्ववत्, दशवैकालिकं वा, विकालेन निर्वृत्तम्, संकाशादिपाठाच्चातुरर्थिकष्ठक्( पा०४-२-८० ) तद्धितेष्वचामादे( पा०७-२-११७ )रित्यादिवृद्धेर्वैकालिकं, दशाध्ययननिर्माणं च तद्वैकालिकं च दशवैकालिकमिति गाथार्थः ॥ एवं येन वा यद्वा प्रतीत्येति व्याख्यातम्,

---

ટીકાર્થ : મનક નામના પુત્રને આશ્રયીને શય્યંભવ આચાર્ય વડે પૂર્વમાંથી ઉદ્ધરીને દ્રુમપુષ્પિકા વગેરે દશ અધ્યયનો વિશેષરીતે રચાયા છે. વિકાલ-વિગત એવો કાલ. અથવા તો વિકલન એટલે વિકાલ વિકાલ-અસંપૂર્ણ, ટુકડો એ સમાનાર્થી શબ્દ છે. તે વિકાલમાં = સાંજના સમયે (દિવસના એક ટુકડા જેટલા ભાગમાં) સ્થાપિત કરાયા, પૂર્ણ કરાયા. જે કારણથી આવું છે, તે કારણથી દશકાલિક એ નામ છે. એની વ્યુત્પત્તિ પૂર્વની જેમ સમજી લેવી.

અથવા તો दशवैकालिकं શબ્દ સમજવો. વિકાલ વડે જે બનેલું હોય તે વૈકાલિક. પાણિનિ વ્યાકરણનાં સૂત્રોનાં આધારે वि ની वै વૃદ્ધિ થવાથી વૈકાલિક શબ્દ બન્યો. વિકાલે થયેલું એવું જે દશઅધ્યયનનું નિર્માણ તે દશવૈકાલિક.

આમ (૧) યેન (૨) યદ્વા પ્રતીત્ય એ બે દ્વારા વ્યાખ્યાન કરાયા.

---

इदानीं यतो निर्व्यूढानीत्येतद् व्याचिख्यासुराह –

आयप्पवायपुव्वा निज्जूढा होइ धम्मपन्नत्ती । कम्मप्पवायपुव्वा पिंडस्स उ एसणा तिविहा ॥१६॥

सच्चप्पवायपुव्वा निज्जूढा होइ वक्कसुद्धी उ । अवसेसा निज्जूढा नवमस्स उ तइयवत्थूओ ॥१७॥

बीओऽवि अ आएसो गणिपिडगाओ दुवालसंगाओ । एअं किर णिज्जूढं मणगस्स अणुग्गहट्ठाए ॥१८॥

---

હવે (૩) यतः-यस्मात्- જેમાંથી નિર્યૂઢ કરાયેલા છે. એ ત્રીજાદ્વારનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાવાળા કહે છે કે

**નિર્યુક્તિ-૧૬ ગાથાર્થ** આત્મપ્રવાદ પૂર્વમાંથી ધર્મપ્રજ્ઞપ્તિ નિર્યૂઢ છે. કર્મપ્રવાદપૂર્વમાંથી પિંડની ત્રણપ્રકારની એષણા નિર્યૂઢ થયેલી છે.

નિર્યુક્તિ-૧૭ ગાથાર્થ : સત્યપ્રવાદપૂર્વમાંથી વાક્યશુદ્ધિ નિર્યૂઢ છે. બાકીના અધ્યયનો નવમા પૂર્વની ત્રીજી વસ્તુમાંથી નિર્યૂઢ છે.

નિર્યુક્તિ-૧૮ ગાથાર્થ : બીજો પણ આદેશ = મત છે કે દ્વાદશાંગીરૂપ ગણિપિટકમાંથી મનકનાં અનુગ્રહને માટે આ શાસ્ત્ર નિર્યૂઢ થયેલું છે.

---

व्याख्या—इहात्मप्रवादपूर्वं—यत्रात्मनः संसारिमुक्ताद्यनेकभेदभिन्नस्य प्रवदनमिति, तस्मान्निर्व्यूढा भवति धर्मप्रज्ञप्तिः, षड्जीवनिका इत्यर्थः, तथा कर्मप्रवादपूर्वात्, किम् ?-पिण्डस्य तु एषणा त्रिविधा, निर्व्यूढेति वर्त्तते, कर्मप्रवादपूर्वं नाम-यत्र ज्ञानावरणीयादिकर्मणो निदानादिप्रवदनमिति तस्मात्, किम् ?—पिण्डस्यैषणा त्रिविधा-गवेषणाग्रहणैषणाग्रासैषणाभेदभिन्ना निर्व्यूढा, सा पुनस्तत्रामुना सम्बन्धेन पतति-आधाकर्मोपभोक्ता ज्ञानावरणीयादिकर्मप्रकृतीर्बध्नाति, उक्तं च—'आहाकम्मं णं भुंजमाणे समणे अट्ठकम्मपगडीओ बंधइ' इत्यादि, शुद्धपिण्डोपभोक्ता वा शुभा बध्नातीत्यलं प्रसङ्गेन, प्रकृतं प्रस्तुमः, सत्यप्रवादपूर्वान्निर्व्यूढा भवति वाक्यशुद्धिस्तु, तत्र सत्यप्रवादं नाम-यत्र जनपदसत्यादेः प्रवदनमिति, वाक्यशुद्धिर्नाम सप्तममध्ययनम्, 'अवशेषाणि' प्रथमद्वितीयादीनि निर्व्यूढानि नवमस्यैव प्रत्याख्यानपूर्वस्य तृतीयवस्तुन इति । द्वितीयोऽपि चादेशः 'आदेशो' विध्यन्तरं 'गणिपिटकाद्' आचार्यसर्वस्वाद् 'द्वादशाङ्गाद्' आचारादिलक्षणात् 'इदं' दशकालिकं, किलेति पूर्ववत्, निर्व्यूढमिति च, किमर्थम् ?—'मनकस्य' उक्तस्वरूपस्य अनुग्रहार्थमिति गाथात्रयार्थः ॥ एवं यत इति व्याख्यातम्,

---

ટીકાર્થ : અહીં આત્મપ્રવાદપૂર્વ એટલે જેમાં સંસારી-મુક્ત વગેરે અનેકભેદો વડે જુદા જુદા પ્રકારના આત્માનું પ્રવદન = વિસ્તારથી કથન કરવામાં આવે તે. તેમાંથી ધર્મપ્રજ્ઞાપ્તિ એટલે કે ષટ્જીવનિકા નામનું ચોથું અધ્યયન નિર્વ્યૂઢ કરાયેલ છે. તથા કર્મપ્રવાદપૂર્વમાંથી પિંડની ત્રણ પ્રકારની એષણા નિર્વ્યૂઢ કરાયેલી છે. ગાથામાં ઉત્તરાર્ધમાં નિર્વ્યૂઢ શબ્દ નથી. પણ પૂર્વાર્ધમાં રહેલો નિર્વ્યૂઢ શબ્દ અહીં પણ જોડી દેવો.

આશય એ છે કે કર્મપ્રવાદ પૂર્વ એટલે જેમાં જ્ઞાનાવરણીયાદિ કર્મનું કારણ વગેરે શું છે તેનું વિસ્તારથી વર્ણન હોય તે કર્મપ્રવાદપૂર્વ. તેમાંથી પિંડની ગવેષણા-ગ્રહણૈષણા અને ગ્રાસૈષણારૂપી ત્રણ ભેદથી ત્રણ પ્રકારની એષણા નિર્વ્યૂઢ કરાયેલી છે.

પ્રશ્ન : કર્મપ્રવાદપૂર્વમાં જો કર્મનું જ વર્ણન હોય તો ત્યાં વળી આ ત્રણ એષણાનું

વર્ણન ક્યાંથી હોય ? અને તો પછી એ પૂર્વમાંથી એષણા નિર્વ્યૂઢ કરાયેલી બને જ શી રીતે ?

ઉત્તર : એષણા વળી એ પૂર્વમાં આ સંબંધથી રહેલી છે કે "આધાકર્મને વાપરનારો સાધુ જ્ઞાનાવરણીયાદિ કર્મપ્રકૃતિઓને બાંધે છે." કહ્યું છે કે આધાકર્મ વાપરનારો શ્રમણ આઠ કર્મપ્રકૃતિઓને બાંધે છે... વગેરે.. એટલે કર્મબંધનાં નિદાન તરીકે તે પૂર્વમાં આધાકર્માદિનું વર્ણન આવે, એટલે એમાંથી પિંડૈષણા નામનું પાંચમું અધ્યયન નિર્યૂઢ કરાયેલું થાય.

અથવા તો શુદ્ધપિંડનો ઉપભોગકરનાર સાધુ શુભપ્રકૃતિઓને બાંધે.... એ રીતે પણ એ એષણાઓ તે પૂર્વમાં પડે છે... અહીં વિસ્તારવડે સર્યું. મૂળવાત પર આવીએ. સત્યપ્રવાદપૂર્વમાંથી વાક્યશુદ્ધિ નામનું સાતમું અધ્યયન નિર્વ્યૂઢ થયેલ છે. તેમાં સત્યપ્રવાદ એટલે જેમાં જનપદ સત્ય વગેરેનું પ્રવદન = વિસ્તારથી = સારીરીતે કથન છે, તે પૂર્વ. વાક્યશુદ્ધિ એટલે સાતમું અધ્યયન. બાકીનાં પહેલા-બીજાવગેરે અધ્યયનો નવમા પ્રત્યાખ્યાનપૂર્વની ત્રીજી વસ્તુમાંથી ઉદ્ધૃત છે.

કયા અધ્યયનો શેમાંથી નીકળ્યા ? એ વિષયમાં બીજો પણ મત છે. આદેશ એટલે બીજી વિધિ-બીજો અભિપ્રાય. તે એ કે આચાર્યના સર્વસ્વભૂત જે આચારાંગ-સૂયગડાંગાદિ દ્વાદશ અંગો છે, તેમાંથી આ દશકાલિક નીકળે છે. અને શય્યંભવસૂરિ વડે નિર્વ્યૂઢ કરાયેલ છે. ગાથામાં રહેલો **किर = किल** શબ્દ પૂર્વની જેમ પરોક્ષાપ્તાગમવાદ સંસૂચક સમજવો.

આ શા માટે નિર્વ્યૂઢ કરાયેલ છે ? તે કહે છે કે જેનું સ્વરૂપ પૂર્વે કહી ગયા છીએ. તે મનકના ઉપર અનુગ્રહ કરવા માટે આ કરાયેલ છે.

આ રીતે **यतः** એ દ્વાર વ્યાખ્યાન કરાયું.

---

**अधुना यावन्तीत्येतत्प्रतिपाद्यते –**

दुमपुप्फियाइया खलु दस अज्झयणा सभिक्खुयं जाव । अहिगारेवि य एत्तो वोच्छं पत्तेयमेक्केक्के ॥१९॥ दारं ॥

---

હવે **यावन्ति** દ્વાર વ્યાખ્યાન કરાય છે.

નિર્યુક્તિ : ૧૯ ગાથાર્થ : દ્રુમપુષ્પિકાથી માંડીને સભિક્ષુક સુધીના દશ અધ્યયનો છે. હવે દરેકે દરેકમાં (અર્થ) અધિકારને પણ કહીશું.

---

व्याख्या–तत्र द्रुमपुष्पिकेति प्रथमाध्ययननाम, तदादीनि दशाध्ययनानि 'सभिक्खुयं जाव'त्ति सभिक्ष्वध्ययनं यावत्, खलुशब्दो विशेषणार्थः, किं विशिनष्टि?– तदन्ये द्वे चूडे, यावन्तीति व्याख्यातं । यथा चेत्येतत् पुनरधिकाराभिधानद्वारेणैव च व्याचिख्यासुः सम्बन्धकत्वेनेदं गाथादलमाह-अधिकारानपि चातो वक्ष्ये प्रत्येकमेकैकस्मिन् अध्ययने, तत्र अध्ययनपरिसमाप्तेर्योऽनुवर्त्तते सोऽधिकार इति गाथार्थः ॥

---

**टीકાર્થ** : તેમાં દ્રુમપુષ્પિકા એ પહેલાઅધ્યયનનું નામ છે. તે આદિમાં છે જેને એવા કુલ દશ અધ્યયનો છે. દશમું અધ્યયન સભિક્ષુ છે.

**खलु** શબ્દ વિશેષઅર્થ દર્શાવવા માટે છે ?

**પ્રશ્ન** : એ શું વિશેષાર્થ બતાવે છે.

**ઉત્તર** : માત્ર ૧૦ અધ્યયન જ નથી, પણ એ સિવાયની બે ચૂડા = ચૂલિકા પણ છે.

**यावन्ति** એ દ્વારનું વ્યાખ્યાન થઈ ગયું.

હવે **यथा च** એ દ્વાર વ્યાખ્યાન કરાય છે. આ દ્વારનું તો તે તે અધ્યયનમાં કયા કયા અર્થાધિકારો છે ? એના કથન દ્વારા જ વ્યાખ્યાન કરવાની ઈચ્છાવાળા નિર્યુક્તિકાર સંબંધ કરાવનાર તરીકે આ ગાથાદલને કહે છે કે હવે પછી એકેએક અધ્યયનમાં દરેકના અધિકારોને, અર્થાધિકારોને, વિષયને પણ કહીશ. (એક પદાર્થના નિરૂપણ બાદ બીજા પદાર્થનું નિરૂપણ શરુ થાય ત્યારે તે બે પદાર્થો વચ્ચે સંબંધ જોડી આપીને પછી એ નિરૂપણ શરુ કરાય...)

**પ્રશ્ન** : અધિકાર એટલે શું ?

**ઉત્તર** : અધ્યયનની પરિસમાપ્તિ થાય ત્યાંસુધી (**तत्र** શબ્દ પછી **आ** અવ્યય છૂટો પડે છે, તેનો અર્થ ત્યાંસુધી એમ થાય.) જે અનુવર્તે, વિદ્યમાન હોય તે અધિકાર. (ટુંકમાં તે તે આખા અધ્યયનનો વિષય એ અધિકાર તરીકે કહેવાશે. આગળની ગાથાઓ દ્વારા એ સ્પષ્ટ થઈ જશે.)

---

पढमे धम्मपसंसा सो य इहेव जिणसासणम्मित्ति । बिइए धिइए सक्का काउं जे एस धम्मोत्ति ॥२०॥

तइए आयारकहा उ खुड्डिया आयसंजमोवाओ । तह जीवसंजमोऽवि य होइ चउत्थंमि

अज्झयणे ॥२१॥

भिक्खविसोही तवसंजमस्स गुणकारिया उ पंचमए । छट्ठे आयारकहा महई जोग्गा महयणस्स ॥२२॥

वयणविभत्ती पुण सत्तमम्मि पणिहाणमट्ठमे भणियं । णवमे विणओ दसमे समाणियं एस भिक्खुत्ति ॥२३॥

---

નિર્યુક્તિ-૨૦ ગાથાર્થ : પ્રથમમાં ધર્મપ્રશંસા છે. તે અહીં જ જિનશાસનમાં જ છે. બીજામાં ધૃતિ વડે જ આ ધર્મ કરવા માટે જીવો સમર્થ છે. (એ અધિકાર છે)

નિર્યુક્તિ-૨૧ ગાથાર્થ : ત્રીજામાં ક્ષુલ્લક = નાની આચારકથા છે. આત્મસંયમનો ઉપાય છે. તથા ચોથા અધ્યયનમાં જીવસંયમ પણ છે.

નિર્યુક્તિ-૨૨ ગાથાર્થ : પાંચમામાં ભિક્ષાવિશુદ્ધિ તપ-સંયમને ગુણકારિણી છે એ અધિકાર છે. છઠ્ઠામાં મહાજનને યોગ્ય મોટી આચારકથા છે.

નિર્યુક્તિ-૨૩ ગાથાર્થ  સાતમામાં વચનવિભક્તિ છે. આઠમામાં પ્રણિધાન કહેવાયેલ છે. નવમામાં વિનય છે. દશમામાં ઉપસંહાર છે કે "આ ભિક્ષુ છે."

---

व्याख्या—प्रथमाध्ययने कोऽर्थाधिकार इत्यत आह—'धर्मप्रशंसा' दुर्गतौ प्रपतन्तमात्मानं धारयतीति धर्मः तस्य प्रशंसा-स्तवः सकलपुरुषार्थानामेव धर्मः प्रधानमित्येवंरूपा, तथाऽन्यैरप्युक्तम्—"धनदो धनार्थिनां प्रोक्तः, कामिनां सर्वकामदः । धर्म एवापवर्गस्य, पारम्पर्येण साधकः ॥१॥" इत्यादि । स चात्रैव-जिनशासने धर्मो नान्यत्र, इहैव निरवद्यवृत्तिसद्भावाद्, एतच्चोत्तरत्र न्यक्षेण वक्ष्यामः । धर्माभ्युपगमे च सत्यपि मा भूदभिनवप्रव्रजितस्याधृतेः सम्मोह इत्यतस्तन्निराकरणार्थाधिकारवदेव द्वितीयाध्ययनम्, आह च—द्वितीयेऽध्ययनेऽयमर्थाधिकारः—धृत्या हेतुभूतया शक्यते कर्त्तुम्, 'जे' इति पूरणार्थो निपातः 'एष' जैनो धर्म इति, उक्तं च—"जस्स धिई तस्स तवो जस्स तवो तस्स सोग्गई सुलहा । जे अधितिमंत पुरिसा तवोवि खलु दुल्लहो तेसिं ॥१॥" सा पुनर्धृतिराचारे कार्या न त्वनाचारे इत्यतस्तदर्थाधिकारवदेव तृतीयाध्ययनम्, आह च-तृतीयेऽध्ययने कोऽर्थाधिकार इत्यत आह—आचारगोचरा कथा आचारकथा, सा चेहैवाणुविस्तरभेदात्, य(अ)त आह—'क्षुल्लिका' लघ्वी, सा च 'आत्मसंयमोपायः' संयमनं संयमः आत्मनः संयम आत्मसंयमस्तदुपायः, उक्तं च—"तस्यात्मा संयमो यो हि, सदाचारे रतः सदा । स एव धृतिमान् धर्मस्तस्यैव च जिनोदितः ॥१॥" इति, स चाचारः

षड्जीवनिकायगोचरः प्राय इत्यतश्चतुर्थमध्ययनम्, अथवाऽऽत्मसंयमः- तदन्यजीवपरिज्ञानपरिपालनमेव तत्त्वत इत्यतस्तदर्थाधिकारवदेव चतुर्थमध्ययनम्, आह च–'तथा जीवसंयमोऽपि च' भवति चतुर्थेऽध्ययनेऽर्थाधिकार इति, अपिशब्दादात्मसंयमोऽपि तद्भावभाव्येव वर्त्तते, उक्तं च–'छसु जीवनिकाएसुं, जे बहु संजए सया । से चेव होइ विण्णेए, परमत्थेण संजए ॥१॥" इत्यादि । एवमेव च धर्म्मः, स च देहे स्वस्थे सति सम्यक् पाल्यते, स चाहारमन्तरेण प्रायः स्वस्थो न भवति, स च सावद्येतरभेद इत्यनवद्यो ग्राह्य इत्यतस्तदर्थाधिकारवदेव पञ्चममध्ययनमिति, आह च–'भिक्षाविशोधिस्तपःसंयमस्य गुणकारिकैव पञ्चमेऽध्ययनेऽर्थाधिकार' इति, तत्र भिक्षणं भिक्षा तस्याः विशोधिः–सावद्यपरिहारेणेतरस्वरूपकथनमित्यर्थः, तपःप्रधानः संयमस्तपःसंयमस्तस्य गुणकारिकैवेयं वर्त्तत इति, उक्तं च-से संजए समक्खाए, निरवज्जाहार जे विऊ । धम्मकायट्ठिए सम्मं, सुहजोगाण साहए ॥१॥" इत्यादि । गोचरप्रविष्टेन च सता स्वाचारं पृष्टेन तद्विदापि न महाजनसमक्षं तत्रैव विस्तरतः कथयितव्यः, अपि तु आलये, गुरवो वा कथयन्तीति वक्तव्यमतस्तदर्थाधिकारवदेव षष्ठमध्ययनमिति, आह च–षष्ठेऽध्ययनेऽर्थाधिकारः आचारकथा साऽपि महती, न क्षुल्लिका, 'योग्या' उचिता 'महाजनस्य' विशिष्टपरिषद इत्यर्थः, वक्ष्यति च – "गोअरग्गपविट्ठे उ न निसिएज्ज कत्थई । कहं च न पबंधिज्जा चिट्ठित्ताण व संजए ॥१॥" इत्यादि । आलयगतेनापि तेन गुरूणा (वा) वचनदोषगुणाभिज्ञेन निरवद्यवचसा कथयितव्य इत्यतस्तदर्थाधिकारवदेव सप्तममध्ययनमिति, आह च– "वयणविभत्ती"त्यादि, वचनस्य विभक्तिर्वचनविभक्तिः, विभजनं विभक्तिः- एवंभूतमनवद्यमित्थंभूतं च सावद्यमित्यर्थः, पुनःशब्दः शेषाध्ययनार्थाधिकारेभ्यः अस्याधिकृतार्थाधिकारस्य विशेषणार्थ इति सप्तमेऽध्ययनेऽर्थाधिकार इति, उक्तं च– "सावज्जणवज्जाणं वयणाणं जो ण याणइ विसेसं । वोत्तुं पि तस्स न खमं किमंग पुण देसणं काउं ? ॥१॥" इत्यादि । तच्च निरवद्यं वचः आचारे प्रणिहितस्य भवति इत्यतस्तदर्थाधिकारवदेवाष्टममध्ययनमिति, आह च – प्रणिधानमष्टमेऽध्ययनेऽर्थाधिकारत्वेन 'भणितम्' उक्तम्, प्रणिधानं नाम-विशिष्टश्चेतोधर्म इति, उक्तं च– "पणिहाणरहियस्सेह, निरवज्जंपि भासियं । सावज्जतुल्लं विन्नेयं, अज्झत्थेणेह संवुडं ॥१॥" इत्यादि । आचारप्रणिहितश्च यथोचितविनयसम्पन्न एव भवतीत्यतस्त-

दर्थाधिकारवदेव नवममध्ययनमिति, आह च–"नवमेऽध्ययने विनयोऽर्थाधिकारः" इति, उक्तं च–"आयारपणिहाणंमि, से सम्मं वट्टई बुह। णाणादीणं विणीए जे, मोक्खट्ठा णिव्विगिच्छए ॥१॥" इत्यादि । एतेषु एव नवस्वध्ययनार्थेषु यो व्यवस्थितः स सम्यग् भिक्षुरित्यनेन सम्बन्धेन सभिक्ष्वध्ययनमिति, आह च–'दशमेऽध्ययने समाप्तिं नीतमिदं साधुक्रियाभिधायकं शास्त्रम्' एतत्क्रियासमन्वित एव भिक्षुर्भवत्यत आह-एष भिक्षुरिति गाथाचतुष्टयार्थः ॥

---

ટીકાર્થ : પહેલાઅધ્યયનમાં શું અર્થાધિકાર છે ? એ કહે છે કે દુર્ગતિમાં પડતા આત્માને ધારી રાખે, અટકાવે તે ધર્મ. તેની પ્રશંસા એટલે કે સ્તુતિ. જેમકે તમામ પુરુષાર્થોમાં ધર્મ જ પ્રધાન છે. એવી રીતે પ્રશંસા કરવી તે. બીજાઓ વડે પણ કહેવાયું છે કે ધર્મ ધનાર્થીઓને ધન આપનાર કહેવાયો છે. કામીઓને સર્વકામોને, ઈષ્ટવસ્તુઓને આપનાર કહેવાયેલો છે. ધર્મ જ પરંપરાએ મોક્ષનો સાધક છે.

તે ધર્મ અહીં જ જિનશાસનમાં છે, અન્યત્ર નહિ. કેમકે અહીં જ ૪૨ દોષરહિત ગોચરી રૂપ નિરવદ્ય, નિષ્પાપ, નિર્દોષ વૃત્તિનો = આજીવિકાનો સદ્ભાવ છે.

આ વાત અમે આગળ વિસ્તારથી કરીશું. (ન્યક્ષેણ શબ્દ અવ્યય છે, ત્રીજી વિભક્તિ ન સમજવી.)

ધર્મનો સ્વીકાર કરાયે છતે પણ એ નૂતનદીક્ષિતને અધૃતિના કારણે સંમોહ ન થાઓ એ માટે તે અધૃતિના (સંમોહના) નિરાકરણ રૂપી અર્થના અધિકારવાળું જ બીજું અધ્યયન છે. કહ્યું છે કે બીજા અધ્યયનમાં આ અર્થાધિકાર છે કે - કારણભૂત ધીધૃતિ વડે આ જૈનધર્મ કરવો શક્ય છે. ગાથામાં **जे** શબ્દ પૂરણ માટે કરાયેલો નિપાત છે. (ગાથાછંદ તુટતો હોય તો અક્ષરની પૂર્તિ માટે આવા અર્થ વગરના અક્ષરો પણ મૂકવામાં આવે. એને **पूरणार्थ निपात** કહેવાય...) (ત્રીજી વિભક્તિ **सह** અર્થમાં પણ લાગે. એટલે **धृत्या** માં કોઈ એવો અર્થ ન સમજી બેસે. એ માટે **हेतुभूतया** એમ ખુલા ો કર્યો છે કે અહીં હેતુભૂત ધૃતિ લેવાની છે. અર્થાત્ ત્રીજી વિભક્તિ હેતુના અર્થમાં છે.)

કહ્યું છે કે "જેની પાસે ધૃતિ છે. તેની પાસે તપ છે, તેને સદ્ગતિ સુલભ છે. જે અધૃતિવાળા પુરુષો છે, તેઓને તપ પણ દુર્લભ છે."

તે વળી ધૃતિ આચારમાં કરવાની છે. અનાચારમાં નહીં. એટલે આચારાર્થનાં અધિકારવાળું જ ત્રીજું અધ્યયન છે ગાથામાં કહ્યું જ છે કે ત્રીજા અધ્યયનમાં કયો અર્થાધિકાર છે ? અનાચારમાં કયો અર્થાધિકાર છે ? એનો ઉત્તર આપે છે કે આચારસંબંધી

કથા તે આચાર કથા. હવે એ આચારકથા આ જ ગ્રન્થમાં સંક્ષેપ અને વિસ્તાર એમ બે ભેદથી કહેવાના છે આથી કહે છે કે ત્રીજા અધ્યયનમાં નાની આચારકથા કહેવાની છે. તે આચારકથા આત્મસંયમનો ઉપાય છે. સારી રીતે નિયંત્રિત થવું એ સંયમ. આત્માનો સંયમ તે આત્મસંયમ. તેનો ઉપાય આચારકથા છે. (અર્થાત્ આચાર છે.) કહ્યું છે કે "તેનો આત્મા સંયમ છે, જે સદા સદાચારમાં રત છે. તે જ ધૃતિવાળો છે, તેની પાસે જિનોદિત ધર્મ છે.'

તે આચાર પ્રાયઃ કરીને ષટ્જીવનિકાયસંબંધી હોય છે, એટલે એનું ચોથું અધ્યયન છે. અથવા તો આત્મસંયમ એટલે ખરેખર તો પોતાના સિવાયના બાકીના જીવોનું સારી રીતે જ્ઞાન કરવા દ્વારા તે જીવોનું પરિપાલન કરવું તે જ છે. એટલે તે અર્થનાં અધિકારવાળું જ ચોથું અધ્યયન છે. ગાથામાં કહ્યું જ છે કે ચોથા- અધ્યયનમાં જીવસંયમ એ અર્થાધિકાર છે. **जीवसंयमोऽपि**માં જે **अपि** શબ્દ છે., તેનાથી આત્મસંયમ પણ અર્થાધિકાર તરીકે ચોથા અધ્યયનમાં સમજી લેવો. આત્મસંયમ જીવસંયમની હાજરીમાં જ થનારો છે. એટલે જીવસંયમભાવભાવી હોવાથી જીવસંયમની સાથે તે પણ આ અધ્યયનમાં અર્થાધિકાર બની રહે છે. કહ્યું છે કે "જે બુધપુરુષો ષટ્જીવનિકાયમાં સદા સંયમવાળા હોય છે, તે જ પરમાર્થથી સંયત, સંયમી જાણવા..." અને આ રીતે જ ષટ્કાયની યતનાથી જ ધર્મ છે. અને તે ધર્મ દેહ સ્વસ્થ હોતે છતેં સમ્યક્ રીતે પાળી શકાય છે. અને તે દેહ પ્રાયઃ કરીને આહાર વિના સ્વસ્થ થતો નથી. તે આહાર સાવદ્ય અને ઈતર, નિરવદ્ય એમ બે ભેદવાળો છે, એટલે એ બેમાંથી નિરવદ્ય આહાર ગ્રહણ કરવો જોઈએ. માટે તે નિર્દોષઆહારરૂપી અર્થનાં અધિકારવાળું જ પાંચમું અધ્યયન છે. કહ્યું છે કે "ભિક્ષાવિશુદ્ધિ તપઃસંયમને ગુણકારિણી જ છે." એ પાંચમા અધ્યયનમાં અર્થાધિકાર છે.

તેમાં માંગવું એ ભિક્ષા તેની વિશોધિ એટલે સાવદ્યનાં ત્યાગવડે ઈતર = નિરવદ્યસ્વરૂપનું કથન કરવું તે.

તપપ્રધાન સંયમ તે તપઃસંયમ, તેને ગુણ કરનારી જ આ ભિક્ષાવિશોધિ છે. કહ્યું છે કે "તે સાધુ કહેવાયેલો છે કે જે નિરવદ્યઆહારને જાણે છે. જે સમ્યક્ રીતે ધર્મકાયમાં, ધર્મસાધક શરીરમાં રહેલો છે અને શુભયોગોનો સાધક છે." વગેરે...

ગોચરી માટે નીકળેલો સાધુ કોઈક વડે પોતાનો, સાધુનો આચાર પુછાય તો પણ તે સાધુ સ્વાચારનો જ્ઞાતા હોવા છતાં પણ એ મહાજનની વચ્ચે ત્યાં ગોચરી સ્થાને જ વિસ્તારથી સ્વાચાર ન કહે પરંતુ ઉપાશ્રયમાં આવ્યા બાદ (તેઓને ઉપાશ્રયમાં બોલાવીને) પોતાનો આચાર કહે. અથવા (લોકો પુછે કે "તમારો આચાર શું છે ?" તો) "અમારા

ગુરુજનો તમને એ આચાર કહેશે " એમ આ સાધુએ કહેવું જોઈએ. એટલે સાધ્વાચાર રૂપી અર્થનાં અધિકારવાળું જ છઠ્ઠું અધ્યયન છે.

ગાથામાં કહ્યું જ છે કે "છઠ્ઠા અધ્યયનમાં અર્થાધિકાર - આચારકથા છે. તે પણ મોટી. નાની નહિ. જે કથા વિશિષ્ટપર્ષદાને ઉચિત છે."

આગળ કહેશે કે "ગોચરી માટે પ્રવેશેલો સાધુ ક્યાંય પણ બેસે નહિ. કે ઉભો રહીને પણ કથાને, વાતચીતને પ્રકર્ષથી ન બાંધે (અર્થાત્ લાંબો કાળ સુધી વાતચીત ન કરે.)"

ઉપાશ્રયમાં રહેલા એવા પણ તે સાધુએ કે ગુરુએ વચનનાં દોષ અને ગુણોના જ્ઞાનવાળા છતાં નિરવદ્યવચન વડે જ આચાર કહેવો... એટલે નિરવદ્યવચનરૂપી અર્થના અધિકારવાળું જ સાતમું અધ્યયન છે. ગાથામાં કહ્યું છે કે વચનવિભક્તિ એ અર્થાધિકાર છે. વચનની વિભક્તિ એટલે વચનવિભક્તિ. વિભાગ કરવો એ વિભક્તિ. આવા પ્રકારનું વચન અનવદ્ય છે અને આવાપ્રકારનું વચન એ સાવદ્ય છે... વગેરે. ગાથામાં જે પુનઃશબ્દ છે, તે બાકીના અધ્યયનોનાં અર્થાધિકારો કરતાં આ પ્રસ્તુત વચનવિભક્તિરૂપ અર્થાધિકારની વિશેષતા દર્શાવવા માટે છે એટલે સાતમા અધ્યયનમાં આ અર્થાધિકાર કહેવાયો.

કહ્યું છે કે "સાવદ્ય અને નિરવદ્યવચનોના વિશેષને, ભેદને જે જાણતો નથી. તેને તો બોલવું પણ ઉચિત નથી. તો પછી દેશના કરવાની તો વાત જ શી ?"

હવે આવું નિરવદ્યવચન તો આચારમાં પ્રણિધાનવાળાને હોય છે એટલે પ્રણિધાનરૂપી અર્થના અધિકારવાળું જ આઠમું અધ્યયન છે. કહ્યું છે કે, આઠમા અધ્યયનમાં પ્રણિધાન અર્થાધિકાર તરીકે કહેવાયેલ છે. પ્રણિધાન એટલે ચિત્તનો વિશિષ્ટધર્મ. (સંકલ્પ / નિશ્ચય)

કહ્યું છે કે "(આચારમાં) પ્રણિધાનરહિત સાધુનું અહીં નિરવદ્ય પણ વચન સાવદ્યતુલ્ય જાણવું." (**अध्यात्मार्थेनेह संवृत्तं ?**) વગેરે..

આચારપ્રણિધાનવાળો તો ઉચિત વિનયસંપન્ન સાધુ જ બની શકે. એટલે વિનયરૂપી અર્થનાં અધિકારવાળું જ આ નવમું અધ્યયન છે. ગાથામાં કહ્યું છે કે "નવમા અધ્યયનમાં વિનય અર્થાધિકાર છે" કહ્યું છે કે તે બુધ આચારપ્રણિધાનમાં સમ્યક્ રીતે વર્તે છે, કે વિચિકિત્સા, ફલશંકા, સંયમચંચળતા વિનાનો જે સાધુ મોક્ષને માટે જ્ઞાનાદિમાં વિનયવાળો બનેલો હોય."

આ નવ અધ્યયનાર્થોમાં જે વ્યવસ્થિત હોય તે સમ્યગ્ભિક્ષુ છે... આમ આ સંબંધ

વડે સભિક્ષુ અધ્યયન આવ્યું છે. ગાથામાં કહ્યું છે કે દશમા અધ્યયનમાં આ સાધુક્રિયાઅભિધાયક શાસ્ત્ર સમાપ્તિને પામેલું છે. આ શાસ્ત્રમાં કહેવાયેલી ક્રિયાથી યુક્ત હોય તે જ ભિક્ષુ છે... આથી કહે છે કે "આ ભિક્ષુ છે." આ ચાર ગાથાનો અર્થ થયો.

**स एवंगुणयुक्तोऽपि भिक्षुः कदाचित् कर्मपरतन्त्रत्वात्कर्मणश्च बलत्वा( वत्त्वा )त्सीदेत् ततस्तस्य स्थिरीकरणं कर्त्तव्यमतस्तदर्थाधिकारवदेव चूडाद्वयमित्याह–**

दो अज्झयणा चूलिय विसीययंते थिरीकरणमेगं । बिइए विवित्तचरिया असीयणगुणाइरेगफला ॥२४॥

હવે આવાપ્રકારના ગુણોથી યુક્ત એવો પણ તે સાધુ ક્યારેક કર્મની પરતંત્રતાના લીધે અને કર્મની બલવત્તાના લીધે સંયમમાં સીદાય, શિથિલ થાય તો પછી તેનું સ્થિરીકરણ કરવું જોઈએ. એટલે સ્થિરીકરણરૂપ અર્થના અધિકારવાળી જ બે ચૂડા છે, એ વાત હવે કહે છે કે

**નિર્યુક્તિ-૨૪ ગાથાર્થ** બે અધ્યયનો ચૂલિકા છે. સંયમમાં સીદાતો હોતે છતે સ્થિરીકરણ એ એક અને બીજીમાં અસીદનગુણનાં અતિરેકરૂપી ફલવાળી વિવિક્તચર્યા છે.

**व्याख्या-द्वे अध्ययने, किम् ? – '<u>चूडा</u>' चूडेव चूडा, तत्र प्रमादवशाद्विषीदति सति साधौ संयमे स्थिरीकरणम् '<u>एकं</u>' प्रथमं स्थिरीकरणफलमित्यर्थः, तथा च तत्रावधावनप्रेक्षिणः साधोः दुष्प्रजीवित्वनरकपातादयो दोषा वर्ण्यन्त इति। तथा च द्वितीयेऽध्ययने विविक्तचर्या वर्ण्यते, किंभूता ?–'<u>असीदनगुणातिरेकफला</u>' तत्र '<u>विविक्तचर्या</u>' एकान्तचर्या-द्रव्यक्षेत्रकालभावेष्वसम्बद्धता, उपलक्षणं चैषाऽनियतचर्यादीनामिति, असीदनगुणातिरेकः फलं यस्याः सा तथाविधेति गाथार्थः ॥**

**ટીકાર્થ :** આ શાસ્ત્રનાં છેલ્લા બે અધ્યયનો ચૂડા છે. શિખર છે. જેમ મંદિર ઉપર શિખર હોય, તેમ આ શાસ્ત્રની સૌથી ઉપર આ બે અધ્યયનો હોવાથી એ ચૂડા જેવા છે. એટલે તે ચૂડા કહેવાય છે. તેમાં પ્રમાદના કારણે સાધુ સીદાતો હોય તો એને સંયમમાં સ્થિર કરવો એ પ્રથમ અધ્યયન છે. એટલે કે પ્રથમ અધ્યયન સ્થિરીકરણરૂપી ફલવાળું છે. અને આ વાત સાચી છે. કેમકે તે અધ્યયનમાં દીક્ષા છોડવાની ઈચ્છાવાળા સાધુનાં

દીક્ષા છોડ્યા બાદ દુ:ખેથી જીવન જીવાય... નરકમાં પતન થાય... વગેરે દોષો દર્શાવાયા છે.

બીજા અધ્યયનમાં વિવિક્તચર્યા વર્ણવાય છે. તે કેવી છે ? એ દર્શાવે છે કે અસીદનગુણાતિરેક ફલવાળી છે. એમાં વિવિક્તચર્યા એટલે એકાન્તચર્યા એટલે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવોમાં અસંબદ્ધતા. (ક્યાંય ચોંટી ન જવું. તમામ દ્રવ્યાદિથી તદન અળગાપણું. કોઈમાં પણ આસક્તિ નહિં.)

આ વિવિક્તચર્યા અનિયતચર્યાદિનું ઉપલક્ષણ છે. (અર્થાત્ આ શબ્દ દ્વારા અનિયતચર્યા પણ સમજી લેવી.)

સંયમમાં અસીદનરૂપી ગુણનો અતિરેક = ઉત્કર્ષ = પ્રકર્ષ એ છે ફળ જેનું એવી આ વિવિક્તચર્યા છે.

---

दसकालिअस्स एसो पिंडत्थो वण्णिओ समासेणं । एत्तो एक्केक्कं पुण अज्झयणं कित्तइस्सामि ॥२५॥

---

નિર્યુક્તિ-૨૫ ગાથાર્થ : સંક્ષેપથી આ દશકાલિકનો પિંડાર્થ કહેવાયો. હવે પછી એક એક અધ્યયનને કીર્તીશ.

---

**व्याख्या-'<u>दशकालिकस्य</u>' प्राग्निरूपितशब्दार्थस्य '<u>एषः</u>' अनन्तरोदितः '<u>पिण्डार्थः</u>' सामान्यार्थो '<u>वर्णितः</u>' प्रतिपादितः '<u>समासेन</u>' संक्षेपेण, अतः ऊर्ध्वं पुनरेकैकमध्ययनं '<u>कीर्त्तयिष्यामि</u>' प्रतिपादयिष्यामीति, पुनःशब्दस्य व्यवहित उपन्यास इति गाथार्थः ॥**

---

ટીકાર્થ : પૂર્વે નિરૂપાયેલ શબ્દાર્થવાળા દશકાલિકનો આ (૨૪મી ગાથા સુધી કહેવાયેલો) સામાન્યઅર્થ સંક્ષેપથી કહેવાઈ ગયો. હવે પછી એકે-એક અધ્યયનનું પ્રતિપાદન કરીશ. **पुनः** શબ્દ ગાથામાં **एक्कक्कं** પછી લખેલો છે, પણ ખરેખર **एत्तो** પછી એનો ઉપન્યાસ કરવાનો છે.

---

**तत्र प्रथमाध्ययनं द्रुमपुष्पिका, अस्य च चत्वार्यनुयोगद्वाराणि भवन्ति, तद्यथा-उपक्रमो निक्षेपोऽनुगमो नयः, एषां चतुर्णामप्यनुयोगद्वाराणामध्ययनादावुपन्यासः तथेत्थं च क्रमोपन्यासे प्रयोजनमावश्यकविशेषविवरणादवसेयं स्वरूपं च प्रायश इति । प्रकृताध्ययनस्य च शास्त्रीयोपक्रमे आनुपूर्व्यादिभेदेषु स्वबुद्ध्याऽवतारः कार्यः,**

**अर्थाधिकारश्च वक्तव्यः, तथा चाह निर्युक्तिकारः–**

पढमज्झयणं दुमपुप्फियंति चत्तारि तस्स दाराइं । वण्णेउवक्कमाई धम्मपसंसाइ अहिगारो ॥२६॥

---

તેમાં પ્રથમ અધ્યયન દ્રુમપુષ્પિકા છે. એના ચાર અનુયોગદ્વારો છે. ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય. આ ચારેય અનુયોગદ્વારોનો અધ્યયનની શરુઆતમાં ઉપન્યાસ અને આ જ ક્રમથી ઉપન્યાસ કરવામાં પ્રયોજન... એ બધું આવશ્યકવિશેષવિવરણથી જાણી લેવું. પ્રાયઃ તેનું સ્વરૂપ પણ ત્યાંથી જ જાણી લેવું.

પ્રકૃત = અધ્યયનનો શાસ્ત્રીય ઉપક્રમ કરીએ, ત્યારે આનુપૂર્વી વગેરે ભેદોમાં તમારે પોતાની બુદ્ધિથી અવતાર કરી દેવો. (અર્થાત્ પ્રકૃત = અધ્યયન ક્યા ક્યા ભેદોમાં અંતર્ભાવ પામે છે... એ બધું જોડી દેવું.) અને અર્થાધિકાર પણ કહેવો.

નિર્યુક્તિકાર આ જ વાત કરે છે કે

**નિર્યુક્તિ-૨૬ ગાથાર્થ :** પ્રથમ અધ્યયન દ્રુમપુષ્પિકા છે. તેના ઉપક્રમાદિ ચારદ્વારોને વર્ણવીને અહીં ધર્મપ્રશંસા વડે અધિકાર છે.

---

**व्याख्या-प्रथमाध्ययनं द्रुमपुष्पिकेति, अस्य नामनिष्पन्ननिक्षेपावसर एव शब्दार्थं वक्ष्यामः, चत्वारि तस्य 'द्वाराणि' अनुयोगद्वाराणि किम् ?–वर्णयित्वोपक्रमादीनीति, किम् ?–धर्मप्रशंसयाऽधिकारो वाच्य इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** દ્રુમપુષ્પિકા પ્રથમ અધ્યયન છે. એનો શબ્દાર્થ અમે નામનિષ્પન્ન નિક્ષેપનાં અવસરે જ કહીશું. તેના ઉપક્રમાદિ ચારદ્વારોને વર્ણવીને પછી ધર્મપ્રશંસા વડે અધિકાર કહેવો.

---

**तथा निक्षेपः, स च त्रिविधः, तद्यथा–ओघनिष्पन्नो नामनिष्पन्नः सूत्रालापकनिष्पन्नश्चेति, तत्रौघः–सामान्यं श्रुताभिधानम्, तथा चाह निर्युक्तिकारः–**

ओहो जं सामन्नं सुआभिहाणं चउव्विहं तं च । अज्झयणं अज्झीणं आय ज्झवणा य पत्तेअं ॥२७॥

---

તથા નિક્ષેપ કહેવાનો છે.

નિક્ષેપ ત્રણ પ્રકારે છે. (૧) ઓઘનિષ્પન્ન (૨) નામનિષ્પન્ન (૩) સૂત્રાલાપકનિષ્પન્ન.

તેમાં ઓઘ એટલે શ્રુતનું સામાન્ય નામ.

આ જ વાત નિર્યુક્તિકાર કહે છે કે

**નિર્યુક્તિ-૨૭ ગાથાર્થ :** ઓઘ એટલે શ્રુતનું જે સામાન્ય નામ. તે ચાર પ્રકારે છે. (૧) અધ્યયન (૨) અક્ષીણ (૩) આય (૪) ક્ષપણા. આ દરેકે દરેક... (૨૮મી ગાથા સાથે જોડાણ છે.)

---

**व्याख्या-ओघो यत्सामान्यं '<u>श्रुताभिधानं</u>' श्रुतनाम चतुर्विधं तच्च, कथम् ?– अध्ययनमक्षीणमायः क्षपणा च इदं च '<u>प्रत्येकं</u>' पृथक् पृथक् ॥**

---

**ટીકાર્થ :** ઓઘ એટલે શ્રુતનું જે સામાન્ય નામ હોય તે. તે ચાર પ્રકારે છે. અધ્યયન અક્ષીણ, આય અને ક્ષપણા.

આ ચારેય નામોને જુદા જુદા...

---

**किम् ?**

नामाइ चउब्भेयं वण्णेऊणं सुआणुसारेणं । दुमपुप्फिअ आओज्जा चउसुंपि कमेण भावेसुं ॥२८॥

---

(**પ્રશ્ન :** ચારેય નામોને જુદા જુદા શું કરવાના ?)

**નિર્યુક્તિ-૨૮ ગાથાર્થ : ઉત્તર** નામાદિચાર ભેદવાળા શ્રુતને અનુસારે વર્ણવીને ક્રમશઃ ચારેયભાવોમાં દ્રુમપુષ્પિકા જોડવી.

---

**व्याख्या-नामादिचतुर्भेदं वर्णयित्वा, तद्यथा-नामाध्ययनं स्थापनाध्ययनं द्रव्याध्ययनं भावाध्ययनं चेति, एवमक्षीणादीनामपि न्यासः कर्त्तव्यः, '<u>श्रुतानुसारेण</u>' अनुयोगद्वाराख्यसूत्रानुसारेण, किम् ?–'<u>द्रुमपुष्पिका आयोज्या</u>' प्रकृताध्ययनं सम्बन्धनीयम्, चतुर्ष्वप्यध्ययनादिषु क्रमेण भावेष्विति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** એ જુદા જુદા ચારેય નામોને નામસ્થાપનાદિ ચાર ભેદપૂર્વક વર્ણવીને... તે આ પ્રમાણે નામાધ્યયન, સ્થાપનાધ્યયન, દ્રવ્યાધ્યયન, ભાવાધ્યયન. એમ અક્ષીણાદિનો પણ ઉપન્યાસ કરવો. આ બધું અનુયોગદ્વાર નામના સૂત્રના અનુસારે કરવું.

આમ કરીને પછી અધ્યયનાદિ ચારેય ભાવોમાં ક્રમશઃ પ્રકૃત અધ્યયન જોડી દેવું.

(આશય એટલો કે અધ્યયનના ચાર નિક્ષેપા, અક્ષીણાદિના ચાર નિક્ષેપા દર્શાવીને એ પછી આ દ્રુમપુષ્પિકાઅધ્યયન ભાવઅધ્યયન-ભાવઅક્ષીણ, ભાવઆય વગેરે રૂપ

છે... એમ દર્શાવી શકાય.)

---

**साम्प्रतं भावाध्ययनादिशब्दार्थं प्रतिपादयन्नाह–**

अज्झप्पस्साणयणं कम्माणं अवचओ उवचिआणं । अणुवचओ अ नवाणं तम्हा अज्झयणमिच्छंति ॥२९॥

अहिगम्मंति व अत्था इमेण अहिगं च नयणमिच्छंति । अहिगं च साहु गच्छइ तम्हा अज्झयणमिच्छंति ॥३०॥

जह दीवा दीवसयं पइप्पई सो अ दिप्पई दीवो । दीवसमा आयरिया दिप्पंति परं च दीवंति ॥३१॥

नाणस्स दंसणस्सऽवि चरणस्स य जेण आगमो होई । सो होई भावआओ आओ लाहो त्ति निद्दिट्ठो ॥३२॥

अट्ठविहं कम्मरयं पोराणं जं खवेइ जोगेहिं । एयं भावज्झयणं नेअव्वं आणुपुव्वीए ॥३३॥

---

હવે ભાવઅધ્યયનાદિ શબ્દોનાં અર્થને દેખાડતાં કહે છે. (નામ-સ્થાપનાધ્યયનાદિ અહીં દેખાડતાં નથી.)

**નિર્યુક્તિ-૨૯ ગાથાર્થ :** અધ્યાત્મનું આનયન, ઉપચિત કર્મોનો અપચય અને નવા કર્મોનો અનુપચય. તે કારણથી તેને અધ્યયન તરીકે ઈચ્છે છે.

**નિર્યુક્તિ-૩૦ ગાથા ' :** આના વડે અર્થો જણાય છે, અધિકનયનને ઈચ્છે છે. સાધુ અધિક જાય છે, તેથી તેને અધ્યયન તરીકે ઈચ્છે છે.

**નિર્યુક્તિ-૩૧ ગાથાર્થ :** જેમ એક દીપમાંથી સો દીપ પ્રગટે અને તે દીપ (સ્વયં) દીપે. દીપસમ આચાર્ય સ્વયં દીપે અને બીજાને દીપાવે.

**નિર્યુક્તિ-૩૨ ગાથાર્થ :** જેના વડે જ્ઞાન, દર્શન અને ચારિત્રનો આગમ થાય તે ભાવ-આય છે. આય એટલે લાભ એમ કહેવાય છે.

**નિર્યુક્તિ-૩૩ ગાથાર્થ :** જે કારણથી યોગો વડે આઠ પ્રકારના જુનાકર્મને ખપાવે છે. તે ક્રમશઃ ભાવાધ્યયન જાણવું

---

**व्याख्या–आसां गमनिका-इह प्राकृतशैल्या छान्दसत्त्वाच्च अज्झप्पस्साणयणं पकारस( स्स )कारआकारणकारलोपे अज्झयणं ति भण्णइ, तच्च संस्कृतेऽध्ययनम्, भावार्थस्त्वयं-अधि आत्मनि वर्तत इति निरुक्तादध्यात्मं चेतः तस्यानयनम्**

आनीयतेऽनेनेत्यानयनम्, इह कर्ममलरहितः खल्वात्मैव चेतःशब्देन गृह्यते, यथाऽवस्थितस्य शुद्धस्य चेतस आनयनमित्यर्थः, तथा चैतदभ्यासाद्भवत्येव, किम् ?– 'कर्मणां' ज्ञानावरणीयादीनाम् 'अपचयो' ह्रासः, किंविशिष्टानाम् ? –'उपचितानां' मिथ्यात्वादिभिरुपदिग्धानां बद्धानामितिभावः, तथा 'अनुपचयश्च' अवृद्धिलक्षणः 'नवानां' प्रत्यग्राणां कर्मणाम्, यतश्चैवं तस्मात् प्राकृतशैल्याऽध्यात्मानयनमेवाध्ययनमिच्छन्त्याचार्या इति गाथार्थः ॥

---

ટીકાર્થ : આ ચાર ગાથાઓનો અક્ષરાર્થ આ પ્રમાણે છે. અહીં પ્રાકૃતશૈલિનાં કારણે અને આર્ષપ્રયોગ હોવાના કારણે (અથવા તો છંદપદ્ધતિના કારણે) એમ સમજવું કે જે **अज्झप्पस्साणयणं** શબ્દ છે. તેમાં **प** કાર, **स्स** કાર અને **आ** કાર, **ण** કારનો લોપ થાય છે અને એટલે **अज्झयणं** એમ કહેવાય છે. તે સંસ્કૃતમાં અધ્યયન કહેવાય.

ભાવાર્થ તો આ છે કે અધ્યાત્મ શબ્દમાં **अधि** શબ્દ છે, **अधि** એટલે જ **आत्मनि** જે આત્મામાં વર્તતું હોય તે અધ્યાત્મ. આ પ્રમાણે વ્યુત્પત્તિઅર્થ પ્રમાણે અધ્યાત્મ એટલે ચિત્ત. (તે આત્મામાં વર્તે છે, માટે.) તે ચિત્તનું આનયન. અહીં **आनयन** એટલે લાવવું એમ ભાવઅર્થ નથી લેવાનો. પણ જેના વડે લવાય તે આનયન એમ અર્થ લેવો.

આ અધ્યયન વડે અધિ=ચિત્તનું આનયન થાય છે, તો જે દ્રુમપુષ્પિકા વડે ચિત્તનું આનયન થાય છે તે દ્રુમપુષ્પિકા જ અધ્યયન કહેવાય.

અહીં કર્મમલરહિત એવો આત્મા જ **चेतस्** શબ્દથી ગ્રહણ કરાય છે. એટલે સાર એ કે વાસ્તવિક શુદ્ધ ચિત્તનું આનયન જેના દ્વારા થાય તે **अधि** (ચિત્ત) અયન, અધ્યયન કહેવાય.

ખરેખર આનાં અભ્યાસથી થાય જ છે...

પ્રશ્ન : શું થાય છે ?

ઉત્તર : જ્ઞાનાવરણીયાદિ કર્મોનો હ્રાસ થાય છે.

પ્રશ્ન : તે કેવા પ્રકારના છે ? કયા વિશેષણથી વિશિષ્ટ છે ?

ઉત્તર : મિથ્યાત્વ વગેરે વડે બંધાયેલા એવા તે કર્મોનો નાશ થાય છે.

તથા નવા કર્મોની વૃદ્ધિ ન થવારૂપ અનુપચય થાય છે, જે કારણથી આવું છે. તે કારણથી પ્રાકૃતશૈલિથી તો અધ્યાત્મનું આનયન એ જ અધ્યયન કહેવાય છે. (અમુક શબ્દો લોપાઈ જાય એટલે પ્રાકૃતમાં **अध्ययनं** જ કહેવાય છે.)

'अधिगम्यन्ते' परिच्छिद्यन्ते वा अर्था अनेनेत्यधिगमनमेव प्राकृतशैल्या तथाविधार्थप्रदर्शकत्वाच्चास्य वचसोऽध्ययनमिति, तथा अधिकं च नयनमिच्छन्त्यस्याप्य( पि तथाविधा )र्थप्रदर्शकत्वादेव वचसोऽयमर्थः, 'अय वय' इत्यादिदण्डकधातुपाठान्नीतिर्नयनम्, भावे ल्युट्प्रत्ययः, परिच्छेद इत्यर्थः, अधिकं नयनमधिकनयनं चार्थतोऽध्ययनमिच्छन्ति, चशब्दस्य च व्यवहित उपन्यासः, अधिकं च साधुर्गच्छति, किमुक्तं भवति ?—अनेन करणभूतेन साधुर्बोधसंयममोक्षान् प्रत्यधिकं गच्छति, यस्मादेवं तस्मादध्ययनमिच्छन्ति, इह च सर्वत्र अधिकं नयनमध्ययनमित्येवं योजना कार्येति गाथार्थः ॥

---

જેના વડે અર્થો જણાય તે અધિગમન. એ અધિગમન શબ્દ જ પ્રાકૃતશૈલિથી અધ્યયન કહેવાય છે. વળી આ અધિગમનરૂપી વચન તેવા પ્રકારના અર્થને જ જણાવનાર હોવાથી પણ અધ્યયન કહેવાય. (બંને શબ્દો ેક્કસ અર્થને જણાવનાર બને છે. અધિ + ગમ્ ધાતુ છે, તો અહીં **अधि + इ** ધાતુ છે. બેય ગત્યર્થક ધાતુઓ છે અને બેયને **अधि** ઉપસર્ગ લાગેલ છે.)

તથા અધિકનયનને (વધુ શાસ્ત્રબોધ- વધુ મોક્ષ તરફ લઈ જવું તે.) ઈચ્છે છે, એટલે અધિકનયન શબ્દ બને. હવે આ શબ્દ પણ તેવા પ્રકારના અર્થને જણાવનાર હોવાથી આ અર્થ થાય. અહીં **अय वय...** વગેરે દંડકધાતુપાઠ દ્વારા દ્વારા નીતિ, નયન અર્થ થાય છે. ભાવમાં **अनट्** પ્રત્યય લાગ્યો છે. એનો અર્થ થાય બોધ. અધિકબોધ એ અધિકનયન. એને અર્થથી મહાપુરુષો અધ્યયન તરીકે ઈચ્છે છે. **च** શબ્દનો વ્યવહિત ઉપન્યાસ છે. (નયન શબ્દ પછી **च** મૂકવાનો છે. પણ ગાથામાં **नयन** શબ્દની પૂર્વે **च** શબ્દની પછી મૂકેલો છે.)

તથા સાધુ અધિક જાય છે. એટલે કે કરણભૂત આ અધ્યયન વડે સાધુ બોધ, સંયમ અને મોક્ષ પ્રત્યે અધિક જાય છે, જે કારણથી આ પ્રમાણે છે, તે કારણથી અધ્યયન તરીકે પૂર્વપુરુષો ઈચ્છે છે.

અહીં બધે જ **अधिकं नयनं = अध्ययनं** એ પ્રમાણે યોજના કરી દેવી.

---

इदानीमक्षीणम्-तच्च भावाक्षीणमिदमेव, शिष्यप्रदानेऽप्यक्षयत्वात्, तथा चाह-यथा दीपाद्दीपशतं प्रदीप्यते, स च दीप्यते दीपः, एवं 'दीपसमा' दीपतुल्या आचार्या दीप्यन्ते स्वतो विमलमत्याद्युपयोगयुक्तत्वात् 'परं च' विनेयं 'दीपयन्ति'

प्रकाशयन्त्युज्ज्वलं वा कुर्वन्तीति गाथार्थः ॥

હવે અક્ષીણ શબ્દ કહેવાય છે. તે ભાવ અક્ષીણ આ શાસ્ત્ર જ છે. કેમકે શિષ્યને આપવા છતાં પણ આ ક્ષય પામતો નથી.

આ જ વાત કહે છે કે જેમ એકદીપમાંથી ૧૦૦ દીપ પ્રગટે અને તે દીપ દીપે. એમ આચાર્ય પણ દીપતુલ્ય છે. તેઓ સ્વયં વિમલમતિ વગેરેનાં ઉપયોગથી યુક્ત હોવાથી દીપે છે અને વિનેયને શિષ્યને પ્રકાશિત કરે છે અથવા ઉજ્જવલ કરે છે.

इदानीमायः – स च भावत इदमेव, यत आह–'ज्ञानस्य' मत्यादेः 'दर्शनस्य' चौपशमिकादेः 'चरणस्य च' सामायिकादेः 'येन' हेतुभूतेन 'आगमो भवति' प्राप्तिर्भवति स भवति भावायः, आयो लाभ इति निर्दिष्टः, अध्ययनेन च हेतुभूतेन ज्ञानाद्यागमो भवतीति गाथार्थः ॥

હવે आय કહેવાય છે. તે आय ભાવથી આ અધ્યયન જ છે. કેમકે જેના વડે મત્યાદિની જ્ઞાનની, ઔપશમિકાદિ સમ્યગ્દર્શનની અને સામાયિકાદિ ચારિત્રની પ્રાપ્તિ થાય છે. તે ભાવઆય થાય છે. આય એટલે લાભ કહેવાયેલો છે. આશય એ છે કે હેતુભૂત એવા આ અધ્યયનથી જ્ઞાનાદિની પ્રાપ્તિ થાય છે. તેથી ભાવઆય આ અધ્યયન જ છે.

अधुना क्षपणा, साऽपि भावत इदमेवेति, आह च –'अष्टविधम्' अष्टप्रकारं कर्मरजः, तत्र जीवगुण्डनपरत्वात्कर्मैव रजः कर्मरजः 'पुराणं' प्रागुपात्तं 'यत्' यस्मात्क्षपयति 'योगैः' अन्तःकरणादिभिरध्ययनं कुर्वन् तस्मादिदमेव कारणे कार्योपचारात् क्षपणेति । तथा चाह-इदं भावाध्ययनं 'नेतव्यं' योजनीयम् 'आनुपूर्व्या' परिपाट्या अध्ययनाक्षीणादिष्विति गाथार्थः ॥

હવે ક્ષપણા, તે પણ ભાવથી આ અધ્યયન જ છે. એજ વાત ગાથામાં કહે છે કે આઠ પ્રકારની જે કર્મરૂપી રજ પૂર્વે ભેગી કરાયેલી છે, તેને જે કારણથી મન-વચન-કાયા વડે આનાં અધ્યયનને કરતો જીવ ખપાવી દે છે તે કારણથી આ અધ્યયનરૂપી કારણમાં ક્ષપણા રૂપી કાર્યનો ઉપચાર કરીને અધ્યયન પોતે જ ક્ષપણા કહેવાય.

કર્મ એ જીવને ગુંડી નાંખનાર = જીવને વ્યાપ્ત કરી દેનાર હોવાથી રજ કહેવાય છે.

આ જ વાત કહે છે કે આ ભાવ-અધ્યયન ક્રમશઃ અધ્યયન-અક્ષીણ-આય-ક્ષપણામાં

જોડી દેવું.

उक्त ओघनिष्पन्नो निक्षेप:, साम्प्रतं नामनिष्पन्न उच्यते—तत्रौघनिष्पन्नेऽध्ययनं नामनिष्पन्ने द्रुमपुष्पिकेति, आह-द्रुम इति कः शब्दार्थ: ?, उच्यते, 'दु द्रु गतौ' इत्यस्य द्रुरस्मिन् देशे विद्यत इति तदस्यास्त्यस्मिन्निति ( पा० ५-२-९४ ) मतुपि प्राप्ते 'दुद्रुभ्यां म:' ( पा० ५-२-१०८ ) इति मप्रत्ययान्तस्य द्रुम इति भवति ।

આમ ઓઘનિષ્પન્ન નિક્ષેપ કહેવાયો.

હવે નામનિષ્પન્ન નિક્ષેપ કહેવાય છે.

એમાં ઓઘનિષ્પન્નમાં અધ્યયન, નામનિષ્પન્નમાં દ્રુમપુષ્પિકા શબ્દ આવે.

પ્રશ્ન : દ્રુમઃ આ શબ્દનો અર્થ શું છે ?

ઉત્તર : द्रु ધાતુ ગતિઅર્થમાં વપરાય છે. એને વ્યાકરણના નિયમ પ્રમાણે म લાગે, એટલે द्रुम શબ્દ બને.

साम्प्रतं द्रुमपुष्पनिक्षेपप्ररूपणायाह —

णामदुमो ठवणदुमो दव्वदुमो चेव होइ भावदुमो । एमेव य पुप्फस्स वि चउव्विहो होइ निक्खेवो ॥३४॥

હવે દ્રુમ અને પુષ્પ શબ્દના નિક્ષેપની પ્રરૂપણા કરવા માટે કહે છે કે

**નિર્યુક્તિ-૩૪-ગાથાર્થ :** નામદ્રુમ, સ્થાપનાદ્રુમ, દ્રવ્યદ્રુમ, ભાવદ્રુમ. આ જ રીતે પુષ્પનો પણ ચાર પ્રકારે નિક્ષેપ થાય.

व्याख्या-'नामद्रुमो' यस्य द्रुम इति नाम द्रुमाभिधानं वा, 'स्थापनाद्रुमो' द्रुम इति स्थापना, 'द्रव्यद्रुमश्चैव भवति भावद्रुम:' तत्र द्रव्यद्रुमो द्विधा—आगमतो नोआगमतश्च, आगमतो ज्ञाताऽनुपयुक्त:, नोआगमतस्तु ज्ञशरीरभव्यशरीरोभयव्यतिरिक्तस्त्रिविध:, तद्यथा-एकभविको बद्धायुष्कोऽभिमुखनामगोत्रश्च, तत्रैकभविको नाम य एकेन भवेनानन्तरं द्रुमेषूत्पत्स्यते, बद्धायुष्कस्तु येन द्रुमनामगोत्रे कर्मणी बद्धे इति, अभिमुखनामगोत्रस्तु येन ते नामगोत्रे कर्मणी उदीरणावलिकायां प्रक्षिप्ते इति, अयं च त्रिविधोऽपि भाविभावद्रुमकारणत्वाद्द्रव्यद्रुम इति, भावद्रुमोऽपि द्विविध:-आगमतो नोआगमतश्च, तत्रागमतो ज्ञातोपयुक्त:, नोआगमतस्तु द्रुम एव द्रुमनामगोत्रे कर्मणी

**वेदयन्निति । '<u>एवमेव च</u>' यथा द्रुमस्य तथा किम् ?–'<u>पुष्पस्यापि</u>' वस्तुतस्तद्विकारभूतस्य चतुर्विधो भवति निक्षेप इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** જેનું દ્રુમ એ પ્રમાણે નામ હોય તે વસ્તુ અથવા તો એ વસ્તુનું દ્રુમ એ પ્રમાણે નામ એ બેય નામદ્રુમ કહેવાય.

'દ્રુમ' એ પ્રમાણે સ્થાપના એ સ્થાપનાદ્રુમ છે.

દ્રવ્યદ્રુમ બે પ્રકારે છે. આગમતઃ અને નો-આગમતઃ

આગમતઃ દ્રવ્યદ્રુમ દ્રુમશબ્દાર્થનો જ્ઞાતા અને તેમાં અનુપયોગવાળો આત્મા.

નો-આગમતઃ દ્રવ્યદ્રુમ જ્ઞશરીર-ભવ્યશરીર-ઉભયવ્યતિરિક્ત ત્રણ પ્રકારે છે. (જ્ઞશરીર અને ભવ્યશરીરનું વર્ણન અત્રે કરતા નથી. સીધુ જ ઉભયવ્યતિરિક્ત નામના ત્રીજાભેદનું વર્ણન કરે છે કે એ ભેદ ત્રણ પ્રકારે છે.... અમે અત્રે પહેલા બે ભેદના અર્થ બતાવીએ છીએ કે દ્રુમશબ્દાર્થને જાણનારાનું મૃતક જ્ઞશરીરદ્રવ્યદ્રુમ. દ્રુમશબ્દાર્થને ભવિષ્યમાં જાણનાર બાળક ભવ્યશરીરદ્રવ્યદ્રુમ. હવે ઉભયવ્યતિરિક્ત ગ્રન્થકાર જ બતાવશે.)

તે આ પ્રમાણે, એકભવિક, બદ્ધાયુષ્ક અને અભિમુખનામગોત્ર.

તેમાં એકભવિક એટલે જે એક ભવ પછી તરત જ દ્રુમમાં ઉત્પન્ન થવાનો હોય તે. બદ્ધાયુષ્પક એટલે જેના વડે દ્રુમભવનાં નામકર્મ અને ગોત્રકર્મ બંધાયેલ હોય તે. અભિમુખનામગોત્ર એટલે જેના વડે તે નામગોત્રકર્મ ઉદીકરણવલિકામાં નાંખી દેવાયા હોય તે.

આ ત્રણેય પ્રકારના જીવ ભવિષ્યમાં થનારા ભાવદ્રુમનું = સાચાદ્રુમનું કારણ હોવાથી દ્રવ્યદ્રુમ કહેવાય.

(દા.ત. જે મનુષ્ય આ ભવમાં મરીને પછીના જ ભવમાં વૃક્ષ તરીકે ઉત્પન્ન થવાનો હોય તે મનુષ્ય આ ભવમાં મનુષ્ય તરીકે જન્મ્યો ત્યારથી જ એકભવિક દ્રવ્યદ્રુમ કહેવાય. એ પછી આ મનુષ્યંભવમાં ૪૦-૫૦ વર્ષ પસાર થયા બાદ જ્યારે વૃક્ષભવ સંબંધી આયુષ્ય-નામ-ગોત્રાદિ કર્મો બાંધી લે ત્યારે તે બદ્ધાયુષ્ક દ્રવ્યદ્રુમ પણ કહેવાય. અને જ્યારે આ મનુષ્યભવમાં અંતે મરવાનો સમય નજીક આવે. આ ભવની છેલ્લી એક આવલિકા જ બાકી હોય, અને એ આવલિકામાં વૃક્ષભવમાં ઉદયમાં આવનારા કર્મો આવીને ગોઠવાઈ ગયા હોય, ઉદયમાં આવવાની રાહ જ જોતા હોય... ત્યારે અભિમુખનામગોત્ર દ્રવ્યદ્રુમ પણ કહેવાય...)

ભાવદ્રુમ પણ બે પ્રકારે છે. આગમતઃ અને નો-આગમતઃ

તેમાં આગમતઃ ભાવદ્રુમ જ્ઞાતા અને ઉપયુક્ત.

નો-આગમતઃ ભાવદ્રુમ દ્રુમનામગોત્રકર્મને વેદતો દ્રુમ, દ્રુમજીવ પોતે જ.

જે રીતે દ્રુમના ચાર નિક્ષેપા કર્યા, તે જ રીતે ખરેખર તો એ દ્રુમના જ વિકારભૂત એવા પુષ્પનો પણ ચારપ્રકારનો નિક્ષેપ થાય. (વૃક્ષ ઉપર પુષ્પો ઉગે, એટલે પુષ્પ એ વૃક્ષનો જ એક વિકાર, અવયવ.... છે.)

---

**साम्प्रतं नानादेशजविनेयगणासम्मोहार्थमागमे द्रुमपर्यायशब्दान् प्रतिपादयन्नाह–**

दुमा य पायवा रुक्खा, अगमा विडिमा तरू । कुहा महीरुहा वच्छा, रोवगा रुंजगावि अ ॥३५॥

---

હવે જુદા જુદા દેશમાં ઉત્પન્ન થયેલા શિષ્યોના સમૂહને સંમોહ ન થાય એ માટે આગમમાં દ્રુમશબ્દના પર્યાયવાચી, સમાનાર્થી શબ્દોને કહે છે. (જુદા જુદા દેશમાં દ્રુમ માટે જુદા જુદા શબ્દો વપરાતા હોય, એટલે તે તે દેશમાં ઉત્પન્ન થયેલા શિષ્યો તે તે શબ્દથી જ ઘડાયેલા હોય. દ્રુમ શબ્દથી નહિ. એટલે આગમમાં એ બધાં સમાનાર્થી બતાવી દેવાય, તો તે તે દેશના શિષ્યો સમજી શકે કે દ્રુમ એટલે આપણા દેશમાં જેને પાદપ, રુક્ખ.... કહેતાં હતા તે...)

**નિર્યુક્તિ-૩૫ ગાથાર્થ :** દ્રુમ, પાદપ, વૃક્ષ, અગમ, વિટપી, તરુ, કુહ, મહીરુહ, વચ્છ, રોપક અને રુંજક...

---

**व्याख्या-द्रुमाश्च पादपा वृक्षा अगमा विटपिनः तरवः कुहा महीरुहा वच्छा रोपका रुञ्जकादयश्च । तत्र द्रुमान्वर्थसंज्ञा पूर्ववत्, पद्भ्यां पिबन्तीति पादपा इत्येवमन्येषामपि यथासम्भवमन्वर्थसंज्ञा वक्तव्या, रूढिदेशीशब्दा वा एत इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** દ્રુમ, પાદપ..... અને રુંજક વગેરે વૃક્ષનાં સમાનાર્થી શબ્દો છે. તેમાં દ્રુમ શબ્દની વ્યાકરણ પ્રમાણે વ્યુત્પત્તિઅર્થવાળી સંજ્ઞા તો પૂર્વની જેમ જાણવી. (વ્યાકરણોના નિયમો પ્રમાણે આ શબ્દ કેવી રીતે બન્યો એ પૂર્વની માફક સમજી લેવું.)

જે બે પગ વડે પીએ તે પાદપ. (વૃક્ષનાં પગ મૂળ છે. એના વડે તે પાણી પીએ છે એટલે પાદપ) આ રીતે બાકીના શબ્દોની પણ અન્વર્થસંજ્ઞા જે રીતે સંભવિત હોય તે રીતે કહેવી.

(પ્રશ્ન :પણ બધા શબ્દોમાં આ અન્વર્થસંજ્ઞા નથી મળતી...)

ઉત્તર : અથવા તો આ રૂઢિશબ્દો, દેશીશબ્દો જાણવા. (વ્યાકરણનાં નિયમ પ્રમાણે નહિ, પણ રૂઢિથી બનેલા શબ્દો, તે તે દેશને અનુસારે પ્રસિદ્ધ થયેલા શબ્દો જાણવા.)

---

इदानीं पुष्पैकार्थिकप्रतिपादनायाह –

पुप्फाणि अ कुसुमाणि अ फुल्लाणि तहेव होंति पसवाणि । सुमणाणि अ सुहुमाणि अ पुप्फाणं होंति एगट्ठा ॥३६॥

---

હવે પુષ્પશબ્દના સમાનાર્થી શબ્દોનું પ્રતિપાદન કરવા માટે કહે છે કે

**નિર્યુક્તિ-૩૬-ગાથાર્થ :** પુષ્પ, કુસુમ, ફુલ્લ, પ્રસવ, સુમન, સૂક્ષ્મ આ પુષ્પોના સમાનાર્થી શબ્દો છે.

---

**व्याख्या–पुष्पाणि कुसुमानि चैव फुल्लानि प्रसवानि च सुमनांसि चैव 'सुक्ष्माणि' सूक्ष्मकायिकानि चेति ॥ साम्प्रतमेकवाक्यतया द्रुमपुष्पिकाध्ययनशब्दार्थ उच्यते-द्रुमस्य पुष्पं द्रुमपुष्पम्, अवयवलक्षणः षष्ठीसमासः, द्रुमपुष्पशब्दस्य 'प्रागिवात्कः' (पा० ५-३-७) इति वर्त्तमाने अज्ञाते (७३) कुत्सिते (७४) (के) संज्ञायां कनि (७५) ति कनि प्रत्यये नकारलोपे च कृते द्रुमपुष्पक इति, प्रातिपदिकस्य स्त्रीत्वविवक्षायाम् "अजाद्यतष्टाप्" (४-१-४) इति टाप्प्रत्ययेऽनुबन्धलोपे च कृते "प्रत्ययस्थात् कात्पूर्वस्यात इदाप्यसुपः (पा० ७-३-४४) इतीत्त्वे कृते "अकः सवर्णे दीर्घः" (पा० ६-१-१०१) इति दीर्घत्वे परगमने च द्रुमपुष्पिकेति भवति, द्रुमपुष्पोदाहरणयुक्ता द्रुमपुष्पिकेति, द्रुमपुष्पिका चासौ अध्ययनं चेति समानाधिकरणस्तत्पुरुषः, द्रुमपुष्पिकाध्ययनमिति ॥**

---

**ટીકાર્થ :** પુષ્પ ... સૂક્ષ્મકાયિકો એ પુષ્પશબ્દના સમાનાર્થી શબ્દો છે.

આમ દ્રુમ અને પુષ્પ એ બે શબ્દોનું જુદું જુદું વ્યાખ્યાન કરી લીધું. હવે એ બેયનું એકવાક્ય બને એ રીતે દ્રુમપુષ્પિકા અધ્યયનનો અર્થ કહેવાય છે.

દ્રુમનું પુષ્પ તે દ્રુમપુષ્પ અહીં પુષ્પ એ દ્રુમનો અવયવ છે. એટલે આ ષષ્ઠીતત્પુરુષ સમાસ અવયવલક્ષણવાળો ષષ્ઠીસમાસ ગણવો.

આને વ્યાકરણનાં નિયમ પ્રમાણે **कन्** પ્રત્યય લાગે, તેમાંથી ન કારનો લોપ થાય. એટલે દ્રુમપુષ્પક શબ્દ બને. એને સ્ત્રીલિંગમાં કરીએ એટલે વ્યાકરણનાં નિયમ પ્રમાણે **पुष्पिका** શબ્દ બને.

એનો અર્થ એ કે દ્રુમપુષ્પનાં ઉદાહરણથી યુક્ત જે હોય તે દ્રુમપુષ્પિકા.

દ્રુમપુષ્પિકારૂપ આ અધ્યયન આ પ્રમાણે સમાનાધિકરણતત્પુરુષ થાય. (બે યની વિભક્તિ એક સરખી હોય, તો એ સમાનાધિકરણ કહેવાય. આ સમાસ જ કર્મધારય તરીકે ઓળખાય છે. અહીં એને સમાનાધિકરણ તત્પુરુષ કહ્યો છે.)

આ પ્રમાણે દ્રુમપુષ્પિકા અધ્યયન શબ્દ થયો.

હવે આ દ્રુમપુષ્પિકા અધ્યયન શબ્દ થયો.

---

**अस्य चैकार्थिकानि प्रतिपादयन्नाह –**

दुमपुप्फिआ य आहारएसणा गोअरे तया उंछो । मेस जलूगा सप्पे वणऽक्खइसुगोलपुत्तुदए ॥३७॥

---

હવે આ દ્રુમપુષ્પિકાનાં સમાનાર્થી શબ્દોનું પ્રતિપાદન કરતાં કહે છે કે

નિર્યુક્તિ-૩૭ ગાથાર્થ  દ્રુમપુષ્પિકા, આહાર-એષણા, ગોચર, ત્વગ્, ઉંછ, મેષ, જલુકા, સર્પ, વ્રણ, અક્ષ, ઇષુ, ગોલ, પુત્ર, પાણી (આ સમાનાર્થી શબ્દો છે.)

---

**व्याख्या-तत्र द्रुमपुष्पोदाहरणयुक्ता द्रुमपुष्पिकेति, वक्ष्यति च–"जहा दुमस्स पुप्फेसु" इत्यादि, तथा आहारस्यैषणा आहारैषणा, एषणाग्रहणाद् गवेषणादिग्रहः, ततश्च तदर्थसूचकत्वादाहारैषणेति, तथा गोचरः सामयिकत्वाद् गोरिव चरणं गोचरोऽन्यथा गोचारः, तदर्थसूचकत्वाच्चाधिकृताध्ययनविशेषो गोचर इति, एवं सर्वत्र भावना कार्येति, भावार्थस्तु यथा गौश्चरत्येवमविशेषेण साधुनाऽप्यटितव्यं, न विभवमङ्गीकृत्योत्तमाधममध्यमेषु कुलेष्विति, वणिग्वत्सकदृष्टान्तेन वेति, तथा 'त्वगिति' त्वगिवासारं भोक्तव्यमित्यर्थसूचकत्वात् त्वगुच्यत इति, उक्तं च परममुनिभिः–"जहा चत्तारि घुणा पण्णत्ता, तंजहा–तयक्खाए छल्लिक्खाए कट्ठक्खाए सारक्खाए, एवामेव चत्तारि भिक्खुगा पन्नत्ता, तंजहा–तयक्खाए छल्लिक्खाए कट्ठक्खाए सारक्खाए, तयक्खाए णामं एगे नो सारक्खाए सारक्खाए णामं एगे नो तयक्खाए एगे तयक्खाए वि सारक्खाए वि एगे नो तयक्खाए णो सारक्खाए । तयक्खायसमाणस्स णं भिक्खुस्स सारक्खायसमाणे तवे भवइ, एवं जहा ठाणे तहेव दट्ठव्वं" । भावार्थस्तु भावतस्त्वक्कल्पासारभोक्तुः कर्मभेदमङ्गीकृत्य वज्रसारं तपो भवति, तथा 'उंछम्' इति अज्ञातपिण्डोञ्छसूचकत्वादिति,**

ટીકાર્થ : (૧) આ સમાનાર્થીઓમાં જે દ્રુમપુષ્પના ઉદાહરણથી યુક્ત હોય તે દ્રુમપુષ્પિકા કહેવાય. મૂળસૂત્રમાં આગળ કહેશે કે "જે રીતે દ્રુમનાં પુષ્પો વિશે..." વગેરે.

(૨) આહારની એષણા તે આહારૈષણા. અહીં એષણાના ગ્રહણ દ્વારા ગવેષણાદિનો સ્વીકાર કરવો.

(૩) અહીં **गोचर** શબ્દ શાસ્ત્રાનુસારી શબ્દ છે, (વ્યાકરણાનુસારી નહિ) એટલે અર્થ આ પ્રમાણે થાય કે ગાયની જેમ ચરવું એ ગોચર. જો આ શબ્દ સામયિક ન લેતાં વ્યાકરણ પ્રમાણે લેવો હોય તો ગોચર નહિ, પણ ગોચાર થાય. એ અર્થને સૂચવનાર હોવાથી આ પ્રસ્તુત વિશેષઅધ્યયન પણ ગોચર કહેવાય. આ રીતે આગળ પણ બધે વિચારણા કરી લેવી. ભાવાર્થ તો આ પ્રમાણે છે કે જે રીતે ગાય ચરે, એમ સાધુએ પણ અવિશેષ પણે ઘરોમાં ફરવું. અર્થાત્ બધા જ ઘરોને એકસમાન ગણીને વિચરવું. પણ વૈભવની અપેક્ષાએ ઉત્તમ,અધમ અને મધ્યમ એવા કુલોને વિશે ન વિચરવું. (અર્થાત્ વૈભવવાળા કુલોમાં ગોચરી જવું, બાકીના કુલો હીન ગણી ત્યાં ન જવું... આવી રીતે સાધુ ન વિચરે.)

અથવા તો વાણિયાનાં વાછરડાનાં દૃષ્ટાન્ત વડે સાધુ વિચરે. (પોતાને ચારો આપનારી રૂપવતી પુત્રવધુઓ ઉપર વાછરડાની લેશ પણ નજર નથી. પરંતુ માત્ર ભોજન ઉપર દૃષ્ટિ છે. એમ સાધુ ગોચરી વહોરાવનાર સ્ત્રી વગેરે તરફ નજર ન નાંખે, પણ માત્ર ભોજન ઉપર ઉપયોગ રાખે.)

(૪) ફોતરા જેવું અસાર ખાવું "આ પ્રમાણે અર્થને સૂચવનાર હોવાથી આ અધ્યયન પણ ત્વક્ કહેવાય છે. પરમમુનિઓ વડે કહેવાયું છે કે ચાર ઘુણો કહેવાયેલા છે. તે આ પ્રમાણે (અ) ત્વચા-ઉપરનો જ ભાગ ખાનાર. (બ) છાલ ખાનાર (ક) લાકડું ખાનાર (ડ) સારપદાર્થ ખાનાર. (લાકડામાં થતાં કીડાઓ ઘુણ કહેવાય છે. એમાં કેટલાક કીડા લાકડાનો માત્ર ઉપરનો ભાગ, ચામડી જ ખાનારા હોય, કેટલાક વૃક્ષની ઉપરની છાલ ખાઈ જાય. કેટલાક છાલની પણ અંદરનું લાકડું ખાઈ જાય. કેટલાક લાકડામાં રહેલ સારભૂત, કડક ભાગ હોય તે ખાઈ જાય.)

એ જ રીતે ચાર ઘુણો કહેવાયેલા છે. (અ) ત્વચાને ખાનાર (બ) છાલને ખાનાર (ક) કાષ્ઠને ખાનાર (ડ) સારને ખાનાર.

કેટલાંક એવા છે કે જે ત્વચાને ખાનાર છે, પણ સારને ખાનારા નથી.

કેટલાંક એવા છે કે જે સારને ખાનાર છે, પણ ત્વચાને ખાનારા નથી.

કેટલાંક એવા છે કે જે ત્વચાને પણ ખાનારા છે, અને સારને પણ ખાનારા છે.

કેટલાંક એવા છે કે જે ત્વચાને પણ ખાનારા નથી, અને સારને પણ ખાનારા નથી.

(જે સુકી-પાકી વિગઈરહિત તુચ્છ વસ્તુઓને વાપરે તે ત્વચાને ખાનાર કહેવાય. જે વિગઈ-પ્રણીતભોજન વાપરે તે સારને ખાનાર કહેવાય... એ પ્રમાણે અર્થ જોડવો...)

\ત્વચા ખાનારા ઘુણ જેવા ભિક્ષુનો સારને ખાનારા ઘુણના જેવો થાય છે. આમ જે રીતે સ્થાનાંગસૂત્રમાં બતાવેલ છે, તેજ પ્રમાણે જોઈ લેવું.

ભાવાર્થ આ પ્રમાણે છે કે ભાવથી, હૃદયના પરિણામથી જે ત્વચા જેવી અસાર વસ્તુ ખાય, તેને કર્મભેદની અપેક્ષાએ વ્રજ જેવો તપ થાય. (ગરીબો પણ અસાર ખાય છે, પણ ભાવથી નથી ખાતા, માટે એમને કર્મક્ષય ન થાય... જેમ વજ્ર બધી વસ્તુને તોડી નાંખે. તેમ આ સાધુનો તપ વજ્ર જેવો બનીને જોરદાર કર્મક્ષય કરે...)

(૫) ઉંછ : અજ્ઞાતપિંડ રૂપી ઉંછને સૂચવનાર હોવાથી આ અધ્યયન ઉંછ કહેવાય. (ગૃહસ્થો ખબર ન હોય કે સાધુ આજે ગોચરી આવવાના છે. અને એટલે એ સાધુ અજ્ઞાત કહેવાય. એ સાધુ ત્યાં જઈ જે પિંડ મેળવે તે અજ્ઞાતપિંડ કહેવાય. તેમાં દોષની સંભાવના અલ્પ છે.

---

/ **तथा '<u>मेष</u>' इति यथा मेषोऽल्पेऽप्यम्भसि अनुद्वालयन्नेवाम्भः पिबति, एवं साधुनाऽपि भिक्षाप्रविष्टेन बीजाक्रमणादिष्वनाकुलेन भिक्षा ग्राह्येत्येवंविधार्थसूचकत्वादधिकृताभिधानप्रवृत्तिरिति, तथा '<u>जलौका</u>' इति अनेषणाप्रवृत्तदायकस्य मृदुभावनिवारणार्थसूचकत्वादिति, तथा '<u>सर्प</u>' इति यथाऽसावेकदृष्टिर्भवत्येवं गोचरगतेन संयमैकदृष्टिना भवितव्यमित्यर्थसूचकत्वादिति, अथवा-यथा द्रागस्पृशन् सर्पो बिलं प्रविशत्येवं साधुनाऽप्यनास्वादयता भोक्तव्यमिति, तथा '<u>व्रण</u>' इत्यरक्तद्विष्टेन व्रणलेपदानवद्भोक्तव्यम्, तथा '<u>अक्ष</u>' इत्यक्षोपाङ्गदानवच्चेति, उक्तं च– "व्रणलेपाक्षोपाङ्गवदसङ्गयोगभरमात्रयात्रार्थम् । पन्नग इवाभ्यवहरेदाहारं पुत्रपलवच्च ॥१॥" इत्यादि,**

---

(૬) **મેષ** : જેમ ઘેંટો થોડા પણ પાણીમાં એ પાણીને ડહોળ્યા વિના જ પાણીને પીએ, એમ ભિક્ષા માટે પ્રવેશેલા સાધુ વડે પણ બીજ ઉપર પગ મૂકવા વગેરે રૂપ ક્રિયાઓમાં આકુળ, વ્યાકુળ થયા વિના ભિક્ષા ગ્રહણ કરવી... આવા પ્રકારના અર્થને સૂચવનાર હોવાથી આ અધ્યયનમાં પ્રસ્તુત **मेष** એ પ્રમાણે નામની પ્રવૃત્તિ થઈ છે.

(૭) **જલૌકા :** અનેષણામાં પ્રવૃત્ત થયેલા દાયક = દાતાને મૃદુભાવ વડે નિવારવો... એ અર્થને સૂચવનાર આ અધ્યયન હોવાથી એ જલૌકા કહેવાય. (માણસ માંદો પડે ત્યારે અત્યારે જેમ બ્લડટેસ્ટ કરાવે છે. એમ પૂર્વે વૈદ્યો જળો નામના બેઈન્દ્રિયજીવનો ઉપયોગ કરતાં. એને માંદા માણસના શરીર ઉપર યોગ્ય સ્થાને મૂકતા. એ જળો માણસને બિલકુલ પીડા આપ્યા વિના ખરાબ લોહીને ચૂસી લેતો... પ્રસ્તુતમાં ગોચરી વહોરાવનાર બહેન સચિત્તનો સંઘટ્ટો આદિ કરવા જઈ રહ્યા હોય તો એમને અટકાવવાના છે પણ મોટેથી રાડ પાડી-બુમો પાડી, ઉતાવળે બોલીને એ ગભરાઈ જાય એમ અટકાવવા નથી. પણ ખૂબ જ કોમળતાથી, એ બહેનને પીડા ન થાય તે રીતે અટકાવવાના છે... આમ અહીં સાધુએ જળો જેવા બની ખરાબ લોહી જેવી અનેષણાને એ બહેનમાંથી દૂર કરવાની છે... આ અર્થ બતાવનાર આ અધ્યયન હોવાથી એ જલૌકા કહેવાય.)

(૮) **સર્પ :** જેમ સાપ એકદૃષ્ટિવાળો હોય, એમ ગોચરી ગયેલો સાધુ સંયમમાં એકદૃષ્ટિવાળો બને... આ પ્રમાણે અર્થને સૂચવનાર હોવાથી આ અધ્યયન સર્પ કહેવાય છે.. અથવા તો સર્પ બિલને સ્પર્શ કર્યા વિના જ ઝડપથી બિલમાં પ્રવેશે, એમ સાધુએ પણ આસ્વાદ કર્યા વિના જ વાપરવું. (સર્પ માત્ર નીચેના ભાગને અડે, આજુબાજુ ન અડે.... એમ સાધુ પણ ખોરાકને સીધે સીધો પેટમાં ઉતારે, મોઢામાં ડાબી-જમણી બાજુ ફેરવ્યા ન કરે.)

(૯) **વ્રણ :** રાગ-દ્વેષરહિત સાધુ ઘા ઉપર લેપ લગાડવાની માફક વાપરે. (જેટલો લેપ ઘા ઉપર જરૂરી હોય, એટલો જ લગાડાય. વધુ નહિ. એમ જેટલું ઓછું વાપરવાથી શરીર ટકી રહે એટલું જ વાપરે. વધુ નહિ.)

(૧૦) **અક્ષઃ** અક્ષના ઉપાંગોમાં, અવયવોમાં તેલનું દાન કરવાની જેમ વાપરે. (જેમ ગાડાના અક્ષના અવયવોમાં તેલ પીવડાવવું પડે કે જેથી તે ઘસાઈ ન જાય, અને ગાડું જલ્દી ચાલે પણ એમાં જરૂરિયાત પુરતું જ તેલ લગાડાય. વધુ નહિ. એમ શરીર ઘસાઈ ન જાય એ માટે જરૂર પુરતું તેલ લગાડવું, વધું નહિ.) પ્રશમરતિપ્રકરણે જ કહ્યું છે કે અસંગયોગના ભાર માત્રના નિર્વાહને માટે સર્પની જેમ આહારને વાપરવો. એ પણ પુત્રના માંસની જેમ વાપરવો, વ્રણમાં લેપની જેમ અને અક્ષમાં ઉપાંગની જેમ વાપરવું. વગેરે..

---

**तथा 'इसु'त्ति तत्र 'इषुः' शरो भण्यते, तत्र सूचनात्सूत्रमिति कृत्वा "जह**

रहिओऽणुवउत्तो इसुणा लक्खं ण विंधइ तहेव । साहू गोअरपत्तो संजमलक्खम्मि नायव्वो ॥१॥" 'गोल' इति "जह जउगोलो अगणिस्स णाइदूरे ण आवि आसन्ने । सक्कइ काऊण तहा संजमगोलो गिहत्थाणं ॥१॥ दूरे अणेसणाऽदंसणाइ इयरम्मि तेणसंकाइ । तम्हा मियभूमीए चिट्ठिज्जा गोयरग्गगओ ॥१॥ 'पुत्र' इति पुत्रमांसोपमया भोक्तव्यम्, सुसमादृष्टान्तोऽत्र वक्तव्यः । 'उदक'मिति पूत्युदकोपमानतः खल्वन्नपानमुपभोक्तव्यमिति, अत्रोदाहरणम्—जहा एगेणं वाणियएणं दारिद्दुक्खाभिभूएणं कहंवि हिंडंतेणं रयणदीवं पावित्ता तेलुक्कसुंदरा अणग्घेया रयणा समासादिआ, सो अ ते चोराकुलदीहद्धाणभएण ण सक्कइ णित्थारिऊणमुवओगभूमिमाणेउं, तओ सो बुद्धिकोसल्लेण ताणि एगम्मि पएसे ठवेऊण अण्णे जरपाहाणे घेत्तुं पट्ठिओ गहिल्लगवेसेणं "रयणवाणिओ गच्छइ त्ति" भावितेण तिण्णि वारे, जाहे कोई ण उट्ठइ ताहे थेत्तूण पलाओ, अडवीए तिव्वतिसाए गहिओ जाव कुहियपाणिअं छिल्लरं विणट्ठं पासइ, तत्थवि बहवे हरिणादयो मआ, तेण तं सव्वं उदगं वसा जायं, ताहे तं तेण अणुस्सासियाए अणासायंतेण पीअं, नित्थारियाणि यऽण्णेण रयणाणि । एवं रयणत्थाणगाणि णाणदंसणचरित्ताणि चोरत्थाणिआ विसया कुहिओदगत्थाणिआणि फासुगेसणिज्जाणि अंतपंताणि आहाराइयाणि आहारंतेण । ताहे तब्बलेण जहा वाणियगो इह भवे सुही जाओ, एवं साहू वि सुही भविस्सइत्ति । अडवित्थाणीअं संसारं णित्थरेइत्ति । एवमेतान्यर्थैकार्थिकानि, अर्थाधिकारा एवान्ये इति गाथार्थः । उक्तो नामनिष्पन्नः,

---

(૧૧) ઈષુ : ઈષુ એટલે શર, બાણ. અહીં "સૂત્ર તો માત્ર સૂચન કરનાર જ હોય." એવો નિયમ હોવાથી આખો ભાવાર્થ આ પ્રમાણે સમજવો કે જેમ ઉપયોગ વિનાનો રથિક, બાણાવલી બાણ વડે લક્ષ્યને ન વિંધી શકે. તે જ પ્રમાણે ગોચરી ગયેલો સાધુ પણ જો ઉપયોગરહિત હોય તો એ સંયમલક્ષ્યને વિશે (વિંધવાની ક્રિયા ન કરી શકનારો) જાણવો. અર્થાત્ સંયમ પાળી ન શકે.

(૧૨) ગોલ : જેમ લાખનો ગોળો અગ્નિની વધુ દૂર કે વધુ નજીક કરવો શક્ય નથી. તેમ સંયમરૂપી ગોળો ગૃહસ્થો રૂપી અગ્નિની વધુ દૂર કે વધુ નજીક કરવો શક્ય નથી. (લાખનો ગોળો અગ્નિથી જરાક દૂર રાખી પીગળાવવામાં આવે, પછી એ પીગળેલા લાખથી કવર વગેરે સીલ કરાય. હવે જો એ ગોળો ઘણો દૂર રાખો તો થોડો પણ ન પીગળે, કડક જ રહે. અને તો પછી એનાથી સીલ કરવાદિ કોઈપણ કામ ન થાય. અને જો અગ્નિને એકદમ સ્પર્શાવી દઈએ તો એ બળી જ જાય. એટલે એનાથી પણ કામ ન

થાય. માટે વધુ દૂર નહિ અને વધુ નજીક નહિ... એ રીતે એ ગો ે રાખવો પડે.)

જો ગોચરી ગયેલો સાધુ ઘણો દૂર ઉભો રહે, તો શ્રાવિકા વગેરે દ્વારા થતી સચિત્ત સંઘટ્ટાદિરૂપ અનેષણાને જોઈ ન શકે. અને જો ઘણો નજીક જાય તો સાધુ ઉપર ચોર હોવાની શંકા થાય. તેથી ગોચરીભૂમિ ગયેલો સાધુ પ્રમાણસરભૂમિમાં ઉભો રહે.

(૧૩) પુત્ર : પુત્રનાં માંસની ઉપમા વડે વાપરવું. અર્થાત્ પિતા પુત્રનું માંસ જે રીતે ખાય, એ રીતે સાધુ ખોરાક ખાય. (ના-છૂટકે તદ્દન અનાસક્તિથી ખાય.) આ વિષયમાં સુસમાનું દૃષ્ટાન્ત કહેવું. (ચિલાતિપુત્રનું દૃષ્ટાન્ત છે. એમાં મરી ગયેલી સુસમાપુત્રીનું માંસ ખાઈ અને લોહી પીને એના પિતા અને ભાઈ ભરજંગલમાં પોતાનું જીવન બચાવે છે...)

(૧૪) ઉદક : ખરાબપાણીની ઉપમાથી અન્ન અને પાન વાપરવા. આમાં દૃષ્ટાન્ત આ પ્રમાણે છે. દારિદ્રયનાં દુઃખથી હેરાન થયેલો વાણિયો કોઈપણ રીતે ભટકતો ભટકતો રત્નદ્વીપને પામીને ત્યાં ત્રણલોકમાં સુંદર અને જેની કિંમત ન આંકી શકાય એવા રત્નો પામ્યો. ઉપયોગ કરી શકવા યોગ્ય સ્થાનમાં લાવવા સમર્થ બનતો નથી. તેથી તે તે બુદ્ધિની કુશળતા વડે તે રત્નોને એક પ્રદેશમાં સ્થાપીને = દાટીને બીજા જુના-ખરાબ પત્થરોને લઈને ગાંડાનો વેષ ધારણ કરીને પ્રયાણ કરવા લાગ્યો. રત્નનો વેપારી જાય છે..." એ પ્રમાણે ેલતો બોલતો જાય... આ રીતે ત્રણવાર એને આખા માર્ગને ભાવિત કરી દીધો. હવે ચોરોએ ત્રણવારમાં જોયું કે આ તો ગાંડો છે અને પથરા લઈને જાય છે..." એટલે ત્રીજીવારમાં કોઈ એણે પકડવા ઉભા થતાં નથી. આમ જયારે કોઈપણ ઉભા થતાં નથી. ત્યારે પછી તે વાણિયો સાચા રત્નોને લઈને એ જ નાટક કરીને ત્યાંથી આગળ ભાગી ગયો. હવે જંગલમાં તીવ્ર તરસ વડે વ્યાપ્ત બન્યો, ત્યાં ખરાબ પાણીવાળા, ખલાસ થઈ ચૂકેલા છિલ્લરને (નાના સરોવર જેવા સ્થાનને) જુએ છે. તેમા પણ ઘણાં હરણ વગેરે મરેલા પડ્યા છે. તેના કારણે તે બધું પાણી ચરબી થઈ ગયું છે. ત્યારે તે વાણિયાએ શ્વાસ લીધા વિના અને સ્વાદ લીધા વિના તે પાણી પીધું. (શ્વાસ લે તો ખરાબગંધનાં કારણે બધું ઉલ્ટી જ થઈ જાય, અને સ્વાદ લે તો પણ ખરાબ સ્વાદનાં કારણે બધું ઉલ્ટી થાય.) આ રીતે એણે બધા રત્નો જંગલમાંથી ઈષ્ટસ્થાને પહોંચાડયા.

આ રીતે જ્ઞાન-દર્શન-ચારિત્ર રત્ન જેવા છે. વિષયસુખો ચોર જેવા છે. અચિત્ત અને નિર્દોષ એવા અંત-પ્રાંત આહારાદિ કુથિત-ખરાબ પાણી જેવા છે. જેમ તે પાણીના બળથી વાણિયો આ ભવમાં સુખી થયો. એમ સાધુ પણ સુખી થશે. એટલે કે અટવી જેવા આ સંસારનો નિસ્તાર પામશે.

આમ આ ૧૪ અર્થની અપેક્ષાએ સમાનાર્થી શબ્દો બતાવ્યા. આ ૧૪ એ બીજા અર્થાધિકારો જ છે. (ધર્મપ્રશંસા રૂપ એક અર્થાધિકાર તો આગળ બતાવી ગયા. હવે આ ૧૪ એ અધ્યયનનાં બીજા અર્થાધિકારો જ સમજવા.)

નામનિષ્પન્ન નિક્ષેપ કહેવાઈ ગયો.

---

**साम्प्रतं सूत्रालापकनिष्पन्नस्यावसरः, स च प्राप्तलक्षणोऽपि न निक्षिप्यते, कस्मात् कारणात् ?, यस्मादस्ति इह तृतीयमनुयोगद्वारमनुगमाख्यं, तत्र निक्षिप्त इह निक्षिप्तो भवति, इह निक्षिप्तो वा तत्र निक्षिप्तो भवति, तस्माल्लाघवार्थं तत्रैव निक्षेप्स्यामः । अत्र चाक्षेपपरिहारावावश्यकविशेषविवरणादवसेयौ,**

---

હવે સૂત્રાલાપકનિષ્પન્નનો અવસર છે.

તે જોકે પ્રાપ્ત થયેલા લક્ષણવાળો છે, અર્થાત્ તે કહેવાનો બરાબર અવસર આવી ચૂક્યો છે. છતાં અત્યારે એ નિક્ષેપ કરાતો નથી.

પ્રશ્ન : શા માટે ?

ઉત્તર : અહીં અનુગમ નામનું ત્રીજું અનુયોગદ્વાર છે. ત્યાં આ સૂત્રાલાપકનિષ્પન્ન નિક્ષેપ કરાય, એટલે અહીં પણ નિક્ષિપ્ત બની જાય. અથવા અહીં નિક્ષિપ્ત કરાય. તો ત્યાં નિક્ષિપ્ત બની જાય. તેથી લાઘવ માટે ત્યાંજ અમે નિક્ષેપ કરશું. (આશય એ કે નામનિષ્પન્ન પછી પણ સૂત્રાલાપકનિષ્પન્ન નિક્ષેપ થાય અને અનુગમ દ્વારમાં પણ સૂત્રાનુગમમાં થાય. આમ બે જગ્યાએ થઈ શકે. બેમાંથી કોઈપણ એકજગ્યાએ કરીએ એટલે એ સિવાયની જગ્યાએ એ નિક્ષેપ થઈ ગયેલો જ ગણાય. એટલે અમે લાઘવ માટે કહેશું...)

આ વિષયમાં પ્રશ્ન અને ઉત્તર આવશ્યકનાં વિશેષવિવરણથી જાણી લેવા.

---

**साम्प्रतमनुगमः, स च द्विधा-सूत्रानुगमो निर्युक्त्यनुगमश्च, तत्र निर्युक्त्यनुगमस्त्रिविधः, तद्यथा-निक्षेपनिर्युक्त्यनुगमः उपोद्घातनिर्युक्त्यनुगमः सूत्रस्पर्शिकनिर्युक्त्यनुगमश्चेति, तत्र निक्षेपनिर्युक्त्यनुगमो गतः, य एषोऽध्ययनादिनिक्षेप इति, उपोद्घातनिर्युक्त्यनुगमस्तु द्वारगाथाद्वयादवसेयः, तच्चेदम्—उद्देसे निद्देसे य निग्गमे खित्तकालपुरिसे य । कारण पच्चय लक्खण नए समोयारणाऽणुमए ॥१॥ किं कइविहं कस्स कहिं केसु कहं केच्चिरं हवइ कालं । कइसंतरमविरहियं भवागरिस फासण निरुत्ती ॥२॥ अस्य च द्वारगाथाद्वयस्य समुदायार्थोऽवयवार्थश्चावश्यकविशेष-**

विवरणादेवावसेय इति। प्रकृतयोजना पुनस्तीर्थकरोपोद्घातमभिधायार्यसुधर्मस्य च तत्प्रवचनस्य पश्चाज्जम्बूनाम्नस्ततः प्रभवस्य ततोऽप्यार्यशय्यम्भवस्य पुनर्यथा तेनेदं निर्व्यूढमिति तथा कथनेन कार्या इति । आह च – "जेण व जं च पडुच्चे"त्यादिना यत्पूर्वमुक्तं तदत्रैव क्रमप्राप्ताभिधानत्वात् तत्रायुक्तमिति, न, अपान्तरालोपोद्घात-प्रतिपादकत्वेन तत्राप्युपयोगित्वादिति, आह–एवमपि महासम्बन्धपूर्वकत्वाद-पान्तरालोपोद्घातस्यात्रैवाभिधानं न्याय्यमिति, न, प्रस्तुतशास्त्रान्तरङ्गत्वेन तत्राप्युपयोगित्वादिति कृतं प्रसङ्गेन, अक्षरगमनिकामात्रफलत्वात्प्रयासस्य । गत उपोद्घातनिर्युक्त्यनुगमः,

---

હવે ત્રીજું અનુગમદ્વાર છે.

તે બે પ્રકારે છે. સૂત્રાનુગમ અને નિર્યુક્ત્યનુગમ.

તેમાં નિર્યુક્ત્યનુગમ ત્રણ પ્રકારે છે. તે આ પ્રમાણે (૧) નિક્ષેપનિર્યુક્ત્યનુગમ, ઉપોદ્ઘાત નિર્યુક્ત્યનુગમ, સૂત્રસ્પર્શિકનિર્યુક્ત્યનુગમ.

એમાં નિક્ષેપનિર્યુક્ત્યનુગમ તો થઈ ગયો કે જે આ અધ્યયનાદિનો નિક્ષેપ કરાયો. (અધ્યયનાદિનો નિક્ષેપ એ જ નિક્ષેપનિર્યુક્ત્યનુગમ છે.)

ઉપોદ્ઘાતનિર્યુક્ત્યનુગમ તો બે દ્વારગાથા વડે જાણવો.

તે બે ગાથા આ પ્રમાણે છે.

(૧) ઉદ્દેશ (૨) નિર્દેશ (૩) નિર્ગમ (૪) ક્ષેત્ર (૫) કાળ (૬) પુરુષ (૭) કારણ (૮) પ્રત્યય (૯) લક્ષણ (૧૦) નય (૧૧) સમવતારણા (૧૨) અનુમત (૧૩) કિં (૧૪) કતિવિધ (૧૫) કસ્ય (૧૬) ક્વ (૧૭) કેષુ (૧૮) કથં (૧૯) કિયચ્ચિરં કાલ થાય ? (૨૦) કતિ (૨૧) સાન્તર (૨૨) અવિરહિત (૨૩) ભવ (૨૪) આકર્ષ (૨૫) સ્પર્શના (૨૬) નિરુક્તિ.

આ બે દ્વાર ગાથાનો સમુદાયાર્થ અને અવયવાર્થ. આવશ્યકનાં વિશેષવિવરણથી જ જાણી લેવો. (દરેક દરેક શબ્દનો સ્વતંત્ર અર્થ એ અવયવાર્થ. અને બધાનો સારભૂત અર્થ તે સમુદાયાર્થ...)

પ્રસ્તુત દશવૈકાલિકશાસ્ત્રમાં તો આ દ્વારોની યોજના આ પ્રમાણે જ કહેવી કે પહેલાં તીર્થકરનાં ઉપોદ્ઘાતને કહી પછી આર્યસુધર્મનો અને તેમના પ્રવચનનો, પછી જમ્બૂસ્વામીનો, પછી પ્રભવસ્વામીનો, ત્યાર પછી આર્યશય્યંભવનો ઉપોદ્ઘાત કરવો અને

જે રીતે તેમના વડે આ ગ્રન્થ નિર્વ્યૂઢ કરાયો છે તે રીતે કથન વડે પ્રકૃતયોજના કરવી.

**પ્રશ્ન :** જો આ બધું અહીં કહેવાનું હોય તો **जेण व जं च पडुच्च** વગેરે ગાથા વડે જે પૂર્વે કહેવાયું. તે બધાનું કથન તો ખરેખર અહીં જ ક્રમથી પ્રાપ્ત થયેલ છે. અર્થાત્ એ બધું પહેલા નહિ, પણ અહીં કહેવું જોઈએ. અને એટલે પૂર્વે તેનું કથન અયોગ્ય છે.

**ઉત્તર :** જોકે મુખ્ય ઉપોદ્ઘાત અહીં હોવાથી એ અહીં ઉપયોગી થાય. પણ વચ્ચે આવતા ઉપોદ્ઘાતનું પ્રતિપાદક તે પૂર્વે કરેલ નિરૂપણ હતું એટલે એ ત્યાં પણ ઉપયોગી હોવાથી તે અયોગ્ય ન ગણાય.

**પ્રશ્ન :** પણ તોય અપાન્તરાલ-ઉપોદ્ઘાતનું પણ ખરેખર અહીં જ કથન કરવું ન્યાય્ય છે. કેમકે એ મહાસંબંધપૂર્વકનું થાય છે. (વચ્ચે અપાન્તરાલ ઉપોદ્ઘાત કહ્યો, તે મહાસંબંધ પૂર્વક ન જ બને. અત્યારે કહો તો એ મહાસંબંધપૂર્વક બને. એટલે તેનું કથન અહીં જ કરવું જોઈએ.) (મહાસંબંધ = તીર્થંકરથી શરૂ કરીને શય્યંભવસૂરિ સુધીનો)

**ઉત્તર :** આ વાત બરાબર નથી. અપાન્તરાલઉપોદ્ઘાત પ્રસ્તુતશાસ્ત્રનું આંતરિક અંગ હોવાથી ત્યાં પણ ઉપયોગી જ હોવાથી એનું ત્યાં કથન ન્યાય્ય જ છે.

અહીં પ્રસંગ વડે સર્યું. (અમારે લંબાણ કરવું નથી) કેમકે અમારો પ્રયાસ અક્ષરોનો બોધ કરાવવા રૂપ ફલવાળો જ છે. (એટલે વધુ લંબાણ કરતાં નથી.)

(આશય એટલો જ છે કે **जं जेणं**... એ ગાથા જો અહીં કહત, તો એ મુખ્ય ઉપોદ્ઘાતનાં સ્થાને જ ઉપોદ્ઘાતની પ્રતિપાદક બનત. અને એટલે મોટાસંબંધપૂર્વક એ અહીં આવેલી કહેવાત. કેમકે ક્રમશઃ ઉપોદ્ઘાત આવ્યો છે, એટલે ઉપોદ્ઘાત કહેનારી ગાથા અહીં મહાસંબંધપૂર્વકની બને. પણ આપણે તો વચ્ચે જ એ ગાથા કહી દીધી. એટલે એ ગાથા અપાન્તરાલ-ઉપોદ્ઘાતની પ્રતિપાદક બની. એટલે પૂર્વપક્ષને એ ઉચિત ન લાગ્યું. પણ આપણે કહ્યું કે ગાથા અપાન્તરાલ-ઉપોદ્ઘાતની પ્રતિપાદક છે, અને અપાન્તરાલ-ઉપોદ્ઘાત પ્રસ્તુતશાસ્ત્રનું એક અંદરનું અંગ છે. એટલે ત્યાં તેનું તેનું કથન ઉપયોગી જ ગણાય...)

ઉપોદ્ઘાતનિર્યુક્ત્યનુગમ થઈ ગયો.

---

**साम्प्रतं सूत्रस्पर्शिकनिर्युक्त्यनुगमावसरः, स च सूत्रे सति भवति, आह-यद्येवमिहोपन्यासोऽनर्थकः, न, निर्युक्तिसामान्यादिति, सूत्रं च सूत्रानुगमे, स चावसरप्राप्त एव, इह चास्खलितादिप्रकारं शुद्धं सूत्रमुच्चारणीयम्, तद्यथा-अस्खलितममिलितमव्यत्याम्रेडितमित्यादि यथाऽनुयोगद्वारेषु, ततस्तस्मिन्नुच्चरिते सति**

**केषाञ्चिद्भगवतां साधूनां केचनार्थाधिकारा अधिगता भवन्ति, केचन त्वनधिगताः, तत्रानधिगताधिगमायाल्पमतिविनेयानुग्रहाय च प्रतिपदं व्याख्येयम् । व्याख्यालक्षणं चेदम्-संहिता च पदं चैव, पदार्थः पदविग्रहः । चालनाप्रत्यवस्थानं, व्याख्या तन्त्रस्य षड्विधा ॥१॥ इत्यलं प्रसङ्गेन, प्रकृतं प्रस्तुमः । किं च प्रकृतम् ?, सूत्रानुगमे सूत्रमुच्चारणीयमिति,**

---

હવે સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ-અનુગમનો અવસર છે. અને તેતો સૂત્ર આપ્યા બાદ જ થાય.

**પ્રશ્ન :** જો સૂત્ર આપ્યા બાદ જ આ સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ-અનુગમ થતો હોય, તો પછી અહીં તેનો ઉપન્યાસ નકામો જ બની જાય.

**ઉત્તર :** ના. અહીં સામાન્યથી બધી નિર્યુક્તિઓ બતાવવાની હોવાથી બેની સાથે આ ત્રીજીનો પણ ઉપન્યાસ કરી દીધો છે. એટલે એ દૃષ્ટિએ એ નિરર્થક નથી. હા ! પરમાર્થથી તો એ સૂત્ર બાદ જ શરુ થાય.

હવે સૂત્ર તો સૂત્રાનુગમમાં જ આવે.

અને સૂત્રાનુગામ તો અવસરપ્રાપ્ત જ છે.

અહીં અસ્ખલિતાદિપ્રકારવાળું શુદ્ધ સૂત્ર ઉચ્ચારવું જોઈએ. તે આ પ્રમાણે અસ્ખલિત, અમિલિત, અવ્યત્યામ્રેડિત વગેરે... જે રીતે અનુયોગદ્વારોમાં બતાવેલું છે, તે રીતે સમજી લેવું.

તેથી આ રીતે સૂત્ર ઉચ્ચારાયે છતે કેટલાંક સાધુભગવંતોને કેટલાંક અર્થાધિકારો જણાઈ ગયેલા થાય. કેટલાંક અર્થાધિકારો ન જણાય. તેમાં નહિ જણાયેલા અર્થાધિકારોનો બોધ કરાવવા માટે અને અલ્પબુદ્ધિવાળા શિષ્યો ઉપર ઉપકાર કરવા માટે એ સૂત્રનાં પ્રત્યેક પદોની વ્યાખ્યા કરવાની હોય છે.

વ્યાખ્યાનું લક્ષણ આ છે કે (૧) સંહિતા (૨) પદ (૩) પદાર્થ (૪) પદવિગ્રહ (૫) ચાલના (૬) પ્રત્યવસ્થાન. આ પ્રમાણે વ્યાખ્યા છ પ્રકારે છે.

પ્રસંગ વડે સર્યુ.

પ્રસ્તુતવાતને કહીશું.

**પ્રશ્ન :** પ્રસ્તુત શું છે ?

**ઉત્તર :** સૂત્રાનુગમમાં સૂત્ર ઉચ્ચારવું જોઈએ.

तच्चेदं सूत्रम् –

**धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो । देवावि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥१॥**

---

તે આ સૂત્ર છે.

ગાથાર્થ : અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મ ઉત્કૃષ્ટમંગલ છે. દેવો પણ તેને નમે છે કે જેના મનમાં સદા ધર્મ છે.

---

व्याख्या–तत्रास्खलितपदोच्चारणं संहिता, सा पाठसिद्धैव । अधुना पदानि-धर्मः मङ्गलम् उत्कृष्टम् अहिंसा संयमः तपः देवाः अपि तं नमस्यन्ति यस्य धर्मे सदा मनः । तत्र "धृञ् धारणे" इत्यस्य धातोर्मप्रत्ययान्तस्येदं रूपं धर्म इति । मङ्गलरूपं पूर्ववत् । तथा "कृष् विलेखने" इत्यस्य धातोरुत्पूर्वस्य निष्ठान्तस्येदं रूपमुत्कृष्टमिति । तथा "तृहि हिंसि हिंसायाम्" इत्यस्य "इदितो नुम् धातोः" ( पा० ७-१-५८ ) इति नुमि कृते स्त्र्यधिकारे टाबन्तस्य नञ्पूर्वस्येदं रूपं यदुताहिंसेति । तथा "यमु उपरमे" इत्यस्य धातोः संपूर्वस्याप्प्रत्ययान्तस्य संयम इति रूपं भवति । तथा "तप सन्तापे" इत्यस्य धातोरसुन्प्रत्ययान्तस्य तप इति । तथा "दिवु क्रीडाविजिगीषाव्यवहारद्युतिस्तुति-स्वप्नकान्तिगतिषु" इत्यस्य धातोरच्प्रत्ययान्तस्य जसि देवा इति भवति । अपिशब्दो निपातः । तदित्येतस्य सर्वनाम्नः पुंस्त्वविवक्षायां द्वितीयैकवचनं तमिति भवति । तथा नमसित्यस्य प्रातिपदिकस्य "नमोवरिवश्चित्रङः क्यच्" ( पा० ३-१-१९ ) इति क्यजन्तस्य लट् क्रियान्तादेशस्ततश्च नमस्यन्तीति भवति । तथा यदितिसर्वनाम्नः षष्ठ्यन्तस्य यस्येति भवति । धर्मः पूर्ववत् । सदेति सर्वस्मिन् काले "सर्वैकान्यकियत्तदः काले दा"( पा०५-३-१५ )इति दाप्रत्ययः "सर्वस्य सोऽन्यतरस्यां दि" ( पा०५-३-१६ ) इति स आदेशः सदा । तथा "मन ज्ञाने"इत्यस्य धातोरसुन्प्रत्ययान्तस्य मन इति भवति । इति पदानि ।

---

ટીકાર્થ : શાસ્ત્રની છ પ્રકારની જે વ્યાખ્યા બતાવી. તેમાં (૧) સંહિતા એટલે અસ્ખલિતપણે પદોનું ઉચ્ચારણ કરવું તે. અને એ સંહિતા તો ઉપરનો શાસ્ત્રપાઠ-સૂત્ર બોલવા વડે જ સિદ્ધ થઈ ગઈ.

હવે (૨) પદો જોઈએ. धर्मः, मंगलं, उत्कृष्ट, अहिंसा, संयमः, तपः, देवाः,

अपि, तं, नमस्यन्ति, यस्य, धर्मे सदा मनः ।

તેમાં धृ ધાતુ ધારણકરવું અર્થમાં છે. એ ધાતુને म પ્રત્યય લગાડતા, म પ્રત્યયાન્ત એ ધાતુનું આ રૂપ બને કે **धर्मः** ।

मंगल શબ્દનું રૂપ પૂર્વ બનાવ્યું તે પ્રમાણે मङ्गं लाति, मां गालयति पापात्...વગેરે)

**कृप्** ધાતુ વિલેખન કરવું-ખેડવું એ અર્થમાં છે उद् ઉપસર્ગપૂર્વકના અને નિષ્ઠાઅન્તવાળા त પ્રત્યયાન્ત એ ધાતુનું **उत्कृष्टं** એ રૂપ થયું.

**तृह्, हिस्** ધાતુ હિંસા અર્થમાં છે. આ ધાતુને વ્યાકરણના નિયમ પ્રમાણે **अप्** પ્રત્યય લાગે. અને સ્ત્રીલિંગનો અધિકાર હોય તો એમાં **टाब्** = **आ** પ્રત્યય લાગે. અને એને પાછું **नञ्** લગાડીએ એટલે **न+हिंस्+आ** = **अहिंसा** રૂપ બને.

**यम्** ધાતુ અટકવું એ અર્થમાં છે. **सं** ઉપસર્ગપર્વકનો યમ્ ધાતુ **अप्** પ્રત્યયાન્ત લઈએ ત્યારે તેનું **संयम** એ રૂપ બને.

**तप्** ધાતુ સંતાપવુ-તપાવવું અર્થમાં છે. **असुन्** પ્રત્યયાન્ત આ ધાતુનું **तपः** એ રૂપ બને. તથા **दिव्** ધાતુ ક્રીડા-વિજિગીષા, વ્યવહાર, દ્યુતિ,સ્તુતિ, સ્વાન, કાન્તિ, ગતિ આ આઠ અર્થોમાં વપરાય છે. **अय्** પ્રત્યાયાન્ત આ ધાતુનું **देव** રૂપ બને, અને તેને **जस्**-પ્રથમાબહુવચનનો પ્રત્ય લાગે, એટલે **देवाः** એ પ્રમાણે થાય.

**अपि** શબ્દ નિપાત છે.

**तद्** એ પ્રમાણે સર્વનામની પુરુષલિંગની વિવક્ષા કરીએ ત્યારે દ્વિતીયા એકવચન રૂપ **तम्** થાય.

**नम्** એ પ્રમાણે આ પ્રાતિપદિકને વ્યાકરણના નિયમ પ્રમાણે **क्यज्** પ્રત્યય લાગે. અને **क्यज्** અન્તવાળા **लट्** પ્રત્યય લાગે. તેનો **अन्त** આદેશ થાય... એટલે **नमस्यन्ति** રૂપ બને.

**यद्** એ પ્રમાણે જે સર્વનામ છે, ષષ્ઠી અન્તવાળાનું **यस्य** એ પ્રમાણે રૂપ બને.

**धर्मः** શબ્દ પૂર્વની જેમ સમજી લેવો.

**सदा** એટલે સર્વકાળમાં. સર્વ સર્વનામને **दा** પ્રત્યય લાગીને **सर्व**નો સ થતા **सर्व** રૂપ બને.

यद् એ શબ્દ પૂર્વની જેમ સમજી લેવો.

सदा નો स આદેશ થયો છે.

તથા मन् ધાતુ જ્ઞાન અર્થમાં છે. એ ધાતુનું असुन् પ્રત્યયાન્ત मन એ પ્રમાણે રૂપ બને.

આ પ્રમાણે પદો થયા.

---

साम्प्रतं पदार्थ उच्यते-तत्र दुर्गतौ प्रपतन्तमात्मानं धारयतीति धर्मः, तथा चोक्तम् – "दुर्गतिप्रसृतान् जीवान्, यस्माद्धारयते ततः । धत्ते चैतान् शुभे स्थाने, तस्माद् धर्म इति स्मृतः ॥१॥" मङ्गयते हितमनेनेति मङ्गलमित्यादि पूर्ववत्, 'उत्कृष्टं' प्रधानम्, न हिंसा अहिंसा प्राणातिपातविरतिरित्यर्थः, 'संयमः' आश्रवद्वारोपरमः, तापयत्यनेकभवोपात्तमष्टप्रकारं कर्मेति तपः-अनशनादि, दीव्यन्तीति देवाः क्रीडन्तीत्यादि भावार्थः, अपिः सम्भावने देवा अपि मनुष्यास्तु सुतरां, 'त'मित्येवंविशिष्टं जीवं, नमस्यन्तीति प्रकटार्थम्, यस्य जीवस्य किम् ?–'धर्मे' प्रागभिहितस्वरूपे 'सदा' सर्वकालं 'मन' इत्यन्तःकरणम् । अयं पदार्थ इति । पदविग्रहस्तु परस्परापेक्षसमासभाक्पदपूर्वकत्वेनेह निबन्धनाभावान्न प्रदर्शित इति । चालनाप्रत्यवस्थाने तु प्रमाणचिन्तायां यथावसरमुपरिष्टाद् वक्ष्यामः ।

---

હવે (૩) પદાર્થ કહેવાય છે. તેમાં

દુર્ગતિમાં અત્યંત પડતાં આત્માને જે ધારી રાખે તે ધર્મ. કહ્યું છે કે 'દુર્ગતિ તરફ સરકી રહેલા જીવોને જે કારણથી તે અટકાવી રાખે છે અને ત્યારબાદ એ જીવોને શુભ સ્થાનમાં સ્થાપિત કરે છે, તે કારણથી તે ધર્મ કહેવાય છે.'

જેના વડે હિત પ્રાપ્ત કરાય તે મંગલ... એ બધું પૂર્વની જેમ સમજી લેવું.

ઉત્કૃષ્ટ એટલે પ્રધાન.

અહિંસા એટલે પ્રાણાતિપાતની વિરતિ.

સંયમ એટલે આશ્રવદ્વારોનો ઉપરમ, ત્યાગ, અટકવું તે.

અનેક ભવોથી એકઠા કરેલા આઠ પ્રકારના કર્મને જે તપાવે તે તપ. તે અનશનાદિ છે. જેઓ ક્રીડા કરે તે દેવો. (અહીં दिव् ધાતુ ક્રીડા કરવી વગેરે અર્થમાં લેવો.)

अपि શબ્દ સંભાવના અર્થમાં છે. જો દેવો પણ નમે, તો મનુષ્ય તો અવશ્ય નમે જ.

**तम्** એટલે આવા પ્રકારના વિશેષણવાળા જીવને. (કયું વિશેષણ ? એ તરત જ કહેશે.) **नमस्यन्ति** શબ્દ સ્પષ્ટઅર્થવાળો છે.

જે જીવનું પૂર્વે કહેલા સ્વરૂપવાળા ધર્મમાં સદા માટે અન્તઃકરણ હોય તેને તેઓ નમે આ પ્રમાણે પદાર્થ થયો.

(૪) પદવિગ્રહ તો એકબીજાનાં અપેક્ષાવાળા એવા સમાસવાળા પદોપૂર્વક જ થાય. એટલે કે જો સમાસમાં રહેલા, પરસ્પર અપેક્ષાવાળા પદો હોય તો જ પછી તે પદોનો વિગ્રહ કરવો પડે. એક પદને બીજા પદ સાથે કઈ રીતની અપેક્ષા છે ? એ સમાસ છૂટો પાડીને બતાવવું પડે. (દા.ત. **राजपुरुषः** માં **राज्ञः पुरुष** એમ ષષ્ઠીતત્પુરુષ કરવો ? કે **राजा एव पुरुषः** એમ કર્મધારય ? એ બેય અપેક્ષાઓ સંભાવિત છે. વૃત્તિકાર યોગ્ય અર્થ જોઈ એ સમાસ ખોલી આપે...) અને અહીં તો પદાવિગ્રહનું આ કારણ, સમાસવાળા પદો જ નથી, એટલે અત્રે પદવિગ્રહ પણ દેખાડ્યો નથી. (ગાથામાં કોઈ સમાસવાળા પદો નથી.)

(૫) (૬) ચાલના અને પ્રત્યવસ્થાન તો જયારે પ્રમાણ અંગેની વિચારણા થશે, ત્યારે યોગ્યઅવસરે અમે ઉપર=આગળ કહેશું.

---

**प्रवृत्तिः पुनस्तयोरमुनोपायेनेति प्रदर्शनायाह –**

कत्थइ पुच्छइ सीसो कहिंचऽपुट्ठा कहंति आयरिया । सीसाणं तु हियट्ठा विपुलतरागं तु पुच्छाए ॥३८॥

---

**પ્રશ્ન** :પણ ચાલના=પ્રશ્ન અને પ્રત્યવસ્થાન=ઉત્તર આ બેની પ્રવૃતિ થાય શી રીતે ?

**ઉત્તર** : તે બેની પ્રવૃત્તિ તો આ ઉપાય વડે થાય... એ ઉપાયને દેખાડવા માટે કહે છે કે

**નિર્યુક્તિ-૩૮ ગાથાર્થ** : ક્યાંક શિષ્ય પૂછે, ક્યાંક નહિ પૂછાયેલા આચાર્ય શિષ્યોનાં હિત માટે કહે. શિષ્ય પૃચ્છા કરે તો ગુરુ ઘણું વધુ કહે.

---

**व्याख्या–क्वचित्किञ्चिदनवगच्छन् पृच्छति शिष्यः कथमेतदिति इयमेव चालना, गुरुकथनं प्रत्यवस्थानम्, इत्थमनयोः प्रवृत्तिः । तथा क्वचिदपृष्टा एव सन्तः पूर्वपक्षमाशङ्क्य किञ्चित्कथयन्त्याचार्याः, तत्प्रत्यवस्थानमिति गम्यते, किमर्थं**

कथयन्त्यत आह-शिष्याणामेव हितार्थम्, तुशब्द एवकारार्थः, तथा 'विपुलतरं तु' प्रभूततरं तु कथयन्ति 'पुच्छाए'त्ति शिष्यप्रश्ने सति, पटुप्रज्ञोऽयमित्यवगमादिति गाथार्थः ॥ एवं तावत्समासेन, व्याख्यालक्षणयोजना । कृतेयं प्रस्तुते सूत्रे, कार्यैवमपरेष्वपि ॥१॥ ग्रन्थविस्तरदोषान्न, वक्ष्याम उपयोगि तु । वक्ष्यामः प्रतिसूत्रं तु, यत् सूत्रस्पर्शिकाऽधुना ॥२॥ प्रोच्यतेऽनुगमनिर्युक्तिविभागश्च विशेषतः । सामायिकवृद्धाष्याज्ज्ञेयस्तत्रोदितं यतः ॥३॥ "होइ कयत्थो वोत्तुं सपयच्छेअं सुअं सुआणुगमो । सुत्तालावगनासो नामादिण्णासविणिओगं ॥१॥ सुत्तप्फासिअनिज्जुत्तिणिओगो सेसओ पयत्थाइ । पायं सोच्चिय नेगमणयाइमयगोअरो होइ ॥२॥ एवं सुत्ताणुगमो सुत्तालावगकओ अ निक्खेवो । सुत्तप्फासिअणिज्जुत्ति णया अ समगं तु वच्चन्ति ॥३॥" इत्यलं प्रसङ्गेन, गमनिकामात्रमेतत् ।

---

ટીકાર્થ : ગુરુ જયારે વાચના આપે ત્યારે કોઈક સ્થાનમાં કંઈક ન જાણી-સમજી શકતો શિષ્ય પૂછે કે આ કેવી રીતે ? આ જ ચાલના છે.

એ પછી ગુરુ એને જે ઉત્તર આપે તે પ્રત્યવસ્થાન.

આમ આ રીતે ચાલના અને પ્રત્યવસ્થાનની પ્રવૃત્તિ થાય.

ક્યાંક એવું પણ બને કે શિષ્ય વડે કશું જ નહિ પુછાયેલા એવા જ આચાર્ય જાતે પૂર્વપક્ષની આશંકા ઉભી કરી અને પછી તેનો કંઈક પ્રત્યુત્તર આપે. એ પ્રત્યુત્તર પણ પ્રત્યવસ્થાન છે એમ અહીં સમજી લેવું.

પ્રશ્ન : શિષ્ય વડે અપૃષ્ટ આચાર્ય શા માટે સામેથી આ રીતે કહે ?

ઉત્તર : શિષ્યોનાં જ હિતને માટે કહે. तु શબ્દ एव કાર અર્થવાળો છે.

જયારે શિષ્ય જ પ્રશ્ન કરે ત્યારે તો ગુરુ કંઈક નહિ, પણ ઘણું વધારે કહે કેમકે શિષ્ય સામેથી સુંદર પ્રશ્નો કરે, એટલે ગુરુને એવો ખ્યાલ આવી જાય કે આ તીવ્રપ્રજ્ઞાવાળો છે અને એટલે એની પાત્રતા જાણી વધુ કથન કરે.

• આમ અહીં પ્રસ્તુતસૂત્રમાં સંક્ષેપથી વ્યાખ્યાલક્ષણની યોજના કરી. (ષડ્વિધ વ્યાખ્યા કરી) એ રીતે બીજા પણ સૂત્રોમાં યોજના કરવી.

• ગ્રન્થનો વિસ્તાર થવારૂપ દોષથી અમે નહી કહીએ. હા દરેક સૂત્રમાં જે ઉપયોગી હશે, તે કહેશું હવે સૂત્રસ્પર્શિકા નિર્યુક્તિ કહેવાય છે.

• અનુગમનિર્યુક્તિનો વિભાગ વિશેષથી કહેવાય છે, તે સામાયિકઅધ્યયનનાં

બૃહદ્ભાષ્યથી જાણી લેવો. કેમકે એ ત્યાં કહેવાયેલો છે.

● સૂત્રાનુગમ પદચ્છેદપૂર્વક = પદો જુદા દર્શાવવાપૂર્વક સૂત્રને કહીને કૃતાર્થ થઈ જાય છે. સૂત્રાલાપકનિષ્પન્નનિક્ષેપ નામાદિન્યાસનો વિનિયોગ કહીને કૃતાર્થ થાય છે.

● બાકીનો સૂત્રસ્પર્શિકનિર્યુક્તિનો નિયોગ, કથન પદાર્થાદિને કહીને કૃતાર્થ થાય છે. પ્રાયઃ કરીને તે જ સૂત્રસ્પર્શિકનિર્યુક્તિકથન નૈગમાદિનયના વિષયવાળો હોય.

(સૂત્રાનુગમમાં પદચ્છેદપૂર્વક સૂત્ર બોલવાનું હોય. સૂત્રાલાપકનિષ્પન્ન નિક્ષેપમાં નામસ્થાપનાદિ નિક્ષેપ કરવાનો હોય અને સૂત્રસ્પર્શિકનિર્યુક્તિમાં પદાર્થ, ચાલના... બતાવવાના હોય.)

● આ રીતે સૂત્રાનુગમ સૂત્રાલાપકકૃત નિક્ષેપ, સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ અને નયો એ બધા સાથે જ ચાલે છે. (નય એ અનુયોગનું ૪થું દ્વાર છે.)

પ્રસંગ વડે સર્યું. આ તો ગમનિકામાત્ર છે. (સામાન્ય નિર્દેશ છે.)

---

**तत्र धर्मपदमधिकृत्य सूत्रस्पर्शिकनिर्युक्तिप्रतिपादनायाह –**

णामंठवणाधम्मो दव्वधम्मो अ भावधम्मो अ । एएसिं नाणत्तं वुच्छामि अहाणुपुव्वीए ॥३९॥

---

તેમાં ધર્મપદને આશ્રયીને સૂત્રસ્પર્શિકનિર્યુક્તિનું (વિસ્તરાર્થ) પ્રતિપાદન કરવા માટે કહે છે કે

**નિર્યુક્તિ-૩૯ ગાથાર્થ :** નામ અને સ્થાપના ધર્મ, દ્રવ્યધર્મ અને ભાવધર્મ. હવે ક્રમશઃ આ ચારધર્મોનાં ભેદને કહીશ.

---

**व्याख्या–'णामंठवणाधम्मो'त्ति अत्र धर्मशब्दः प्रत्येकमभिसम्बध्यते, नामधर्मः स्थापनाधर्मो द्रव्यधर्मो भावधर्मश्च। एतेषां 'नानात्वं' भेदं 'वक्ष्ये' अभिधास्ये 'यथानुपूर्व्या' यथानुपरिपाट्येति गाथार्थः ।**

---

**ટીકાર્થ : णामठवणाधम्मो** અહીં ધર્મશબ્દ **નામ** અને **સ્થાપના** એ બેય શબ્દો સાથે જોડવો નામધર્મ, સ્થાપનાધર્મ, દ્રવ્યધર્મ અને ભાવધર્મ.

આ ચારધર્મોનાં ભેદને ક્રમ પ્રમાણે કહીશ.

साम्प्रतं नामस्थापने क्षुण्णत्वादागमतो नोआगमतश्च ज्ञात्रनुपयुक्तज्ञशरीरेतर-भेदांश्चानादृत्य ज्ञशरीरभव्यशरीरव्यतिरिक्तद्रव्यधर्माद्यभिधित्सयाऽऽह–

दव्वं च अत्थिकायप्पयारधम्मो अ भावधम्मो अ । दव्वस्स पज्जवा जे ते धम्मा तस्स दव्वस्स ॥४०॥

---

હવે નામસ્થાપના તો પ્રસિદ્ધ હોવાથી એનો અનાદર કરીને અને આગમતઃ જ્ઞાતા-અનુપયુક્તરૂપ દ્રવ્યધર્મ તથા નો-આગમતઃ જ્ઞશરીર દ્રવ્યધર્મ, ઈતર = ભવ્યશરીરદ્રવ્યધર્મ આ ભેદોનો અનાદર કરીને જ્ઞશરીરભવ્યશરીરવ્યતિરિક્ત એવા દ્રવ્યધર્મ વગેરેને કહેવાની ઈચ્છાથી કહે છે.

નિર્યુક્તિ-૪૦ ગાથાર્થ : દ્રવ્ય, અસ્તિકાય અને પ્રચારધર્મ તથા ભાવધર્મ. દ્રવ્યનાં જે પર્યાયો, તે દ્રવ્યનાં ધર્મ કહેવાય.

---

व्याख्या–इह त्रिविधोऽधिकृतो धर्मः, तद्यथा-द्रव्यधर्मः अस्तिकायधर्मः प्रचारधर्मश्चेति । तत्र द्रव्यं चेत्यनेन धर्मधर्मिणोः कथञ्चिद्-भेदाद् द्रव्यधर्ममाह, तथास्तिकाय इत्यनेन तु सूचनात् सूत्रमितिकृत्वा उपलक्षणत्वादवयव एव समुदायशब्दोपचारादस्तिकायधर्म इति, प्रचारधर्मश्चेत्यनेन ग्रन्थेन द्रव्यधर्मदेशमाह । भावधर्मश्चेत्यनेन तु भावधर्मस्य स्वरूपमाह ॥ साम्प्रतं प्रथमोद्दिष्टद्रव्यधर्मस्वरूपा-भिधित्सयाऽऽह-द्रव्यस्य पर्याया-ये उत्पादविगमादयस्ते धर्मास्तस्य द्रव्यस्य, ततश्च द्रव्यस्य धर्मा द्रव्यधर्मा इत्यन्यासंसक्तैकद्रव्य-धर्माभावप्रदर्शनार्थो बहुवचननिर्देश इति गाथार्थः ॥

---

ટીકાર્થ : અહીં પ્રસ્તુત દ્રવ્યધર્મ, તદ્વ્યતિરિક્ત દ્રવ્યધર્મ ત્રણ પ્રકારનો છે. (૧) દ્રવ્યધર્મ (૨) અસ્તિકાયધર્મ (૩) પ્રચારધર્મ.

તેમાં ગાથામાં **द्रव्यं** એ શબ્દ વડે દ્રવ્યધર્મને કહ્યો છે. આમ તો દ્રવ્યનો ધર્મ એ દ્રવ્યધર્મ કહેવાય. દ્રવ્ય એ દ્રવ્યધર્મ ન કહેવાય. એટલે **दव्वं च** આટલું લખવાથી ન ચાલે. પણ દ્રવ્યરૂપી ધર્મી અને તેમાં રહેલા ધર્મો એ બે વચ્ચે કોઈક અપેક્ષાએ અભેદ છે. અને એટલે દ્રવ્યરૂપી ધર્મી પણ દ્રવ્યધર્મ તરીકે કહી શકાય. અને માટે **दव्वधम्मो** શબ્દ લખવાને બદલે **दव्वं च** શબ્દ લખેલ છે.

તથા ગાથામાં **अस्तिकाय** શબ્દ લખ્યો છે, પણ **अस्तिकायधर्म** નથી લખ્યું. ખરેખર

તો એ જ દર્શાવવું જોઈએ. "સૂત્ર માત્ર સૂચન જ કરે." એ ન્યાય છે અને એટલે એ સૂચન અનુસારે બીજી બાબતો જાતે સમજી લેવાની હોય છે. અને માટે આ **अस्तिकाय** શબ્દ ઉપલક્ષણ રૂપ સમજવો. અને એટલે **अस्तिकायधर्म** રૂપ આખા શબ્દના એક અવયવરૂપ જે **अस्तिकाय** શબ્દ છે. તે અવયવમાં જ **अस्तिकायधर्म** રૂપ આખા શબ્દનો ઉપચાર કરવાથી અહીં **अस्तिकाय** શબ્દથી **अस्तिकायधर्म** લેવાનો છે.

(જે શબ્દ પોતાના અર્થ સાથે બીજા અર્થને પણ સૂચવનારો બને, તે શબ્દ ઉપલક્ષણ કહેવાય. દા.ત. ગુરુ શિષ્યને કહે કે "પાણી લાવો" એટલે શિષ્ય પાણી-પાત્રી-લુણું એ ત્રણેય લઈ જાય. અહીં પાણી શબ્દથી શિષ્યે પાત્રી-લુણુંનો પણ બોધ કરી લીધો. તો પાણી શબ્દ પોતાનો અર્થ પાણી અને પાત્રી-લુણું એ બીજા બે અર્થ આમ ત્રણ અર્થને જણાવનાર બન્યો. એટલે તે ઉપલક્ષણ કહેવાય. પ્રસ્તુતમાં **अस्तिकाय** શબ્દ **अस्तिकायधर्म** ને જણાવનાર છે, એટલે તે ઉપલક્ષણ છે.

તથા કોઈકનું નામ શીલદર્શન છે. ગુરુ એને માત્ર શીલ શબ્દથી બોલાવે તો પણ એનો અર્થ તો બધા શીલદર્શન જ સમજે છે. એટલે શીલદર્શન આખું નામ શીલ નામના એકજ અવયવથી કહેવાઈ જતું હોવાથી અહીં અવયવમાં સમુદાયનો ઉપચાર કરેલો કહેવાય. )

ગાથામાં જે પ્રચારધર્મ શબ્દ છે, એના વડે દ્રવ્યધર્મનો એકદેશ-ભાગ કહ્યો. દ્રવ્યધર્મ ઘણો મોટો છે, એના એક ભાગરૂપ જ આ પ્રચારધર્મ છે.)

"ભાવધર્મ" એ શબ્દ વડે ભાવધર્મનું સ્વરૂપ કહ્યું.

હવે સૌથી પહેલાં દર્શાવેલ દ્રવ્યધર્મનાં સ્વરૂપને કહેવાની ઈચ્છાથી કહે છે કે દ્રવ્યનાં જે ઉત્પાદ-વિગમ વગેરે પર્યાયો છે, તે દ્રવ્યનાં ધર્મો કહેવાય. તેથી **द्रव्यधर्माः** આમ દ્રવ્યધર્મો કહેવાયા.

**પ્રશ્ન** આપણે તો **द्रव्यधर्म** બતાવવાનો હતો. અહીં **द्रव्यधर्माः** કેમ બતાવ્યા. અર્થાત્ દ્રવ્યના ઘણાં બધા ધર્મો બતાવવાની શી જરૂર ? એક જ ધર્મ બતાવવાની વાત હતી ને ?

ઉત્તર : જો અમે **द्रव्यधर्म** એમ એકવચનથી નિર્દેશ કરીએ, તો કદાચ કોઈક એમ સમજે કે એવું પણ કોઈ દ્રવ્ય છે કે જેમાં માત્ર એક ધર્મ પણ રહેલો હોય. અર્થાત્ એ ધર્મ બીજા ધર્મોથી અસંસક્ત હોય છે." પણ હકીકત એ છે કે અન્યધર્મોથી અસંસક્ત એવો એક દ્રવ્યધર્મ ક્યાંય નથી. કેમકે કોઈપણ દ્રવ્યમાં અનંતા ધર્મો છે. એટલે કોઈપણ ધર્મ

અન્યધર્મોથી સંસક્ત જ બને.

આમ અન્યધર્મોથી અસંસક્ત એવા એક દ્રવ્યધર્મનો અભાવ દર્શાવવા માટે અમે અહીં બહુવચનનો નિર્દેશ કરેલો છે.

---

इदानीमस्तिकायादिधर्मस्वरूपप्रतिपिपादयिषयाऽऽह–

धम्मत्थिकायधम्मो पयारधम्मो य विसयधम्मो य । लोइयकुप्पावयणिअ लोगुत्तर लोगऽणेगविहो ॥४१॥

---

હવે અસ્તિકાયાદિ ધર્મનાં સ્વરૂપનું પ્રતિપાદન કરવાની ઈચ્છાથી કહે છે.

નિર્યુક્તિ-૪૧ ગાથાર્થ ધર્માસ્તિકાયધર્મ, પ્રચારધર્મ, વિષયધર્મ, લૌકિક-કુપ્રાવચનિક, લોકોત્તર (એમ ત્રણ ભાવધર્મ છે.) લૌકિક અનેક પ્રકારનો છે..

---

व्याख्या–धर्मग्रहणाद् धर्मास्तिकायपरिग्रहः, ततश्च धर्मास्तिकाय एव गत्युपष्टम्भकोऽसंख्येयप्रदेशात्मकः अस्तिकायधर्म इति । अन्ये तु व्याचक्षते–धर्मास्तिकायादिस्वभावोऽस्तिकायधर्म इति, एतच्चायुक्तम्, तत्र धर्मास्तिकायादीनां द्रव्यत्वेन तस्य द्रव्यधर्माव्यतिरेकादिति । तथा प्रचारधर्मश्च विषयधर्म एव, तुशब्दस्यैवकारार्थत्वात्, तत्र प्रचरणं प्रचारः, प्रकर्षगमनमित्यर्थः, स एवात्मस्वभावत्वाद्धर्मः प्रचारधर्मः, स च किम् ?–विषीदन्त्येतेषु प्राणिन इति विषया-रूपादयस्तद्धर्म एव, तथा च वस्तुतो विषयधर्म एवायं यद्रागादिमान् सत्त्वस्तेषु प्रवर्त्तत इति, चक्षुरादीन्द्रियवशतो रूपादिषु प्रवृत्तिः प्रचारधर्म इति हृदयम्, प्रधानसंसारनिबन्धनत्वेन चास्य प्राधान्यख्यापनार्थं द्रव्यधर्मात् पृथगुपन्यासः । इदानीं भावधर्मः, स च लौकिकादिभेदभिन्न इति, आह च–लौकिकः कुप्रावचनिकः लोकोत्तरस्तु, अत्र 'लोगोऽणेगविहो'त्ति लौकिकोऽनेकविध इति गाथार्थः ॥

---

ટીકાર્થ : ગાથામાં જે ધર્મ શબ્દ છે, તેના ગ્રહણ દ્વારા ધર્માસ્તિકાયનું ગ્રહણ કરવું. એટલે અર્થ આ પ્રમાણે થશે કે ગતિ કરવામાં આધાર આપનાર, અસંખ્યપ્રદેશાત્મક ધર્માસ્તિકાય જ અસ્તિકાયધર્મ છે.

કેટલાકો એમ કહે છે કે "ધર્માસ્તિકાયાદિનો જે ગતિ-ઉપષ્ટંભકતાદિ સ્વરૂપ સ્વભાવ છે. એ જ અસ્તિકાયધર્મ છે." પણ આ વાત બરાબર નથી. કેમકે ધર્માસ્તિકાય વગેરે તો દ્રવ્યરૂપ જ છે. અને એટલે એમનો સ્વભાવ તો દ્રવ્યધર્મ જ બની જાય. એનાથી જુદો

ન રહે. એટલે ધર્માસ્તિકાયનો સ્વભાવ દ્રવ્યધર્મમાં આવી જતો હોવાથી એ ન લેવો. પણ ધર્માસ્તિકાય પોતે જ અસ્તિકાયધર્મ તરીકે લેવો.

તદ્વ્યતિરિક્ત દ્રવ્યનિક્ષેપનું વર્ણન ચાલે છે. તેમાં ત્રણ ભેદ છે.

એક દ્રવ્યધર્મ = દ્રવ્યનાં ઉત્પાદાદિ પર્યાયો.

બીજો અસ્તિકાયધર્મ = જો ધર્માસ્તિકાયનાં ગતિસહાયક સ્વભાવને અસ્તિકાયધર્મ કહેવાનો હોય તો તે પ્રથમપ્રકારમાં આવી જ જાય છે એટલે અહીં ધર્માસ્તિકાય પોતે જ ધર્મનો દ્રવ્યનિક્ષેપ છેં. (**द्रव्यं च तद् धर्मं च**)

ત્રીજો પ્રચારધર્મ છે, પ્રચારધર્મ તરીકે વિષયધર્મ જ આવે. **तु** શબ્દ **एवं** અર્થવાળો હોવાથી અમે જ- કારનો પ્રયોગ કરેલ છે. તેમાં પ્રચરણ એટલે પ્રચાર, એટલે કે પ્રકર્ષથી ગમન એજ પ્રચાર. તે પ્રકર્ષગમન જ આત્માનો સ્વભાવ હોવાથી ધર્મરૂપ છે. એટલે એ પ્રચારધર્મ બને.

પ્રશ્ન : પણ એ પ્રચારધર્મ તરીકે કઈ વસ્તુ આવે ?

ઉત્તર : વિષયધર્મ જ પ્રચારધર્મ બને. જેમાં પ્રાણીઓ વિશેષથી સીદાય, પીડાય તે રૂપાદિ એ વિષય છે. તેમનો ધર્મ (જીવને પોતાના તરફ આકર્ષવાનો) એ વિષયધર્મ કહેવાય. એજ પ્રચારધર્મ છે. આશય એ છે કે પરમાર્થથી તો આ વિષયધર્મ જ છે કે રાગાદિવાળો જીવ તે વિષયોમાં પ્રવર્તે છે. સારાંશ એ કે ચક્ષુ વગેરે ઈન્દ્રિયોનાં વશથી રૂપાદિમાં જીવની પ્રવૃતિ એ પ્રચારધર્મ કહેવાય.

પ્રશ્ન : પ્રચાર ધર્મ રૂપ વિષયધર્મ એ દ્રવ્યધર્મનો જ એક અંશ છે, એ તમે કહી ગયા છો. તો એનો દ્રવ્યધર્મમાં જ સમાવેશ થઈ જતો હોવાથી જુદો બતાવવાની શી જરૂર ?

ઉત્તર : વિષયધર્મ સંસારનું પ્રધાનકારણ છે, અને એટલે એની પ્રધાનતા છે, એ દર્શાવવા માટે જ વિષયધર્મનો દ્રવ્યધર્મ કરતા જુદો ઉપન્યાસ કરેલો `

આમ વ્યતિરિક્ત દ્રવ્યધર્મના ત્રણ ભેદો કહેવાઈ ગયા.

હવે ભાવધર્મ કહેવાય છે. તે લૌકિકાદિ ભેદથી અનેક પ્રકારનો છે. ગાથામાં કહ્યું છે કે લૌકિક, કુપ્રાવચનિક અને લોકોત્તર. એમ ત્રણ પ્રકારે ભાવધર્મ છે.

એમાં લૌકિક અનેક પ્રકારનો છે.

---

**तदेवानेकविधत्वमुपदर्शयन्नाह–**

गम्मपसुदेसरज्जे पुरवरगामगणगोट्ठिराईणं । सावज्जो उ कुतित्थियधम्मो न जिणेहि उ

पसत्थो ॥४२॥

એ અનેકવિધત્વને જ દેખાડતાં કહે છે કે-

નિર્યુક્તિ-૪૨ ગાથાર્થ ગમ્ય, પશુ, દેશ, રાજ્ય, પુરવર, ગ્રામ, ગણ, ગોષ્ઠી, રાજ, કુતિર્થિકધર્મ સાવદ્ય છે કારણ કે જિનેશ્વરો વડે પ્રશંસાયો નથી.

व्याख्या—तत्र गम्यधर्मो-यथा दक्षिणापथे मातुलदुहिता गम्या उत्तरापथे पुनरगम्यैव, एवं भक्ष्याभक्ष्यपेयापेयविभाषा कर्त्तव्येति, पशुधर्मो-मात्रादिगमनलक्षणः, देशधर्मो देशाचारः, स च प्रतिनियत एव नेपथ्यादिलिङ्गभेद इति, राज्यधर्मः-प्रतिराज्यं भिन्नः, स च करादिः, पुरवरधर्मः-प्रतिपुरवरं भिन्नः क्वचित्किञ्चिद्विशिष्टोऽपि पौरभाषाप्रदानादिलक्षणः सद्वितीया योषिद्देहान्तरं गच्छतीत्यादिलक्षणो वा, ग्रामधर्मः-प्रतिग्रामं भिन्नः, गणधर्मो-मल्लादिगणव्यवस्था, यथा समपादपातेन विषमग्रह इत्यादि, गोष्ठीधर्म्मो-गोष्ठीव्यवस्था, इह च समवयसां समुदायो गोष्ठी, तद्व्यवस्था पुनर्वसन्तादाविदं कर्त्तव्यमित्यादिलक्षणा, राजधर्मो-दुष्टेतरनिग्रहपरिपालनादिरिति । भावधर्मता चास्य गम्यादीनां विवक्षया भावरूपत्वात् द्रव्यपर्यायत्वाद्वा, तस्यैव च द्रव्यानपेक्षस्य विवक्षितत्वात्, लौकिकैर्वा भावधर्मत्वेनेष्टत्वात्, देशराज्यादिभेदश्चैकदेश एवानेकराज्यसम्भव इत्येवं स्वधिया भाव्यम् इत्युक्तो लौकिकः, कुप्रावचनिक उच्यते— असावपि सावद्यप्रायो लौकिककल्प एव, यत आह—"सावज्जो उ" इत्यादि, अवद्यं-पापं सहावद्येन सावद्यं, तुशब्दस्त्वेवकारार्थः, स चावधारणे, सावद्य एव, कः?— 'कुतीर्थिकधर्मः' चरकपरिव्राजकादिधर्म इत्यर्थः, कुत एतदित्याह — न 'जिनैः' अर्हद्भिः तुशब्दादन्यैश्च प्रेक्षापूर्वकारिभिः 'प्रशंसितः' स्तुतः, सारम्भपरिग्रहत्वात्, अत्र बहु वक्तव्यम्, तत्तु नोच्यते, गमनिकामात्रफलत्वात् प्रस्तुतव्यापारस्येति गाथार्थः ॥

ટીકાર્થ : અનેક લૌકિકધર્મોમાં (૧) ગમ્યધર્મ એટલે દા.ત. દક્ષિણભાગમાં મામાની દીકરી ગમ્ય છે. (પરણી શકાય છે) અને ઉત્તરભાગમાં વળી અગમ્ય જ છે. એ રીતે ભક્ષ્ય -અભક્ષ્ય અને પેય-અપેયની વિચારણા પણ કરી લેવી.

(૨) પશુધર્મ : માતા વગેરે સાથે પાપસેવન કરવું તે.

(૩) દેશધર્મ : દેશનો આચાર. તે તો તે તે દેશનો ચોક્કસપ્રકારનો હોય છે. વેષભૂષા વગેરે ચિહ્નોનાં ભેદવાળો હોય છે. (તે તે નેપથ્યથી તે તે દેશવાસીઓ ઓળખાતા હોય છે, એટલે તે નેપથ્ય લિંગ કહેવાય છે.)

(૪) રાજ્યધર્મ : દરેક રાજ્યમાં જુદો હોય છે. તે કર વગેરે રૂપ છે.

(૫) પુરવર ધર્મ : તે દરેક મોટા નગરોમાં જુદો જુદો હોય છે. ક્યાંક કોઈક વિશેષણવાળો પણ હોય છે. એ નગરજનની ભાષા, પ્રદાન વગેરે સ્વરૂપ અથવા તો આવો પણ ધર્મ હોય કે સ્ત્રી બીજી કોઈ વ્યક્તિની સાથે જ (એકલી નહિ) બીજાના ઘરે જઈ શકે.

(૬) ગ્રામધર્મ : દરેક ગામમાં જુદો જુદો હોય છે.

(૭) ગણધર્મ : મલ્લ વગેરે ગણની વ્યવસ્થા. એ ગણધર્મ. દા.ત. સરખા પાદનાં પાત વડે વિષમ રીતે ગ્રહ કરવું.... વગેરે. (બે મલ્લ સામ સામે સરખે સરખા પગ રાખીને ઉભા રહે. પણ એકબીજાનો હાથ-ખભો વિચિત્ર રીતે જુદી જુદી રીતે પકડે.)

(૮) ગોષ્ઠીધર્મ : ગોષ્ઠી-ટોળકી- ગ્રુપની વ્યવસ્થા. અહીં સરખી ઉંમરવાળાઓનો સમુદાય એ ગોષ્ઠી. તેની વ્યવસ્થા વળી "વસન્ત વગેરે ઋતુમાં આ કરવું.." વગેરે સ્વરૂપ છે.

(૯) રાજધર્મ : દુષ્ટનો નિગ્રહ અને સારાઓનું પરિપાલન કરવા વગેરે રૂપ છે.

પ્રશ્ન : આ બધા ભાવધર્મ કેમ કહેવાય ?

ઉત્તર : આ ગમ્ય,પશુ,દેશ વગેરે પદાર્થો અમુક અપેક્ષાએ ભાવરૂપ છે અથવા તો દ્રવ્યનાં પર્યાયરૂપ છે. એટલે એ બધા ભાવધર્મ કહેવાય.

પ્રશ્ન : જો આ બધા દ્રવ્યનાં પર્યાય હોય, તો દ્રવ્યનાં પર્યાયો તો આગળ દ્રવ્યધર્મ કહેવાયા છે. તો પછી એને ભાવધર્મ કહેવાય જ કેમ ?

ઉત્તર : દ્રવ્યની અપેક્ષા વિનાના એવા પર્યાયની જ અહીં વિવક્ષા કરાયેલી હોવાથી એને દ્રવ્યધર્મ ન કહેતાં ભાવધર્મ કહેલા છે. આશય એ કે જો કે એ દ્રવ્યધર્મ છે, છતાં અહીં દ્રવ્યને સંપૂર્ણ ગૌણ બનાવી પર્યાયને જ મુખ્ય બનાવી ભાવધર્મ કહેવાયો છે.

અથવા તો બીજીવાત એ કે લૌકિકો એને ભાવધર્મ તરીકે ઈચ્છે છે. એટલે તે ભાવધર્મ છે.

પ્રશ્ન : દેશ અને રાજય વચ્ચે શું ભેદ ?

ઉત્તર એક દેશમાં જ અનેક રાજયોનો સંભવ છે. એટલે દેશ મોટો, રાજય નાના... આમ દેશરાજયાદિનો ભેદ સ્વબુદ્ધિથી વિચારી લેવો.

આ પ્રમાણે લૌકિકધર્મ કહેવાયો.

હવે કુપ્રાવચનિક કહેવાય છે.

આ ધર્મ પણ લગભગ સાવદ્ય જ છે, અને લૌકિક જેવો જ છે. કેમકે કહ્યું છે કે **सावज्जो उ** એમાં અવદ્ય એટલે પાપ. પાપની સાથે જે હોય તે સાવદ્ય. **तु** શબ્દ **एव** અર્થવાળો છે. **एव** અવધારણ અર્થમાં છે.

આશય એ કે કુપ્રાવચનિક ધર્મ સાવદ્ય જ છે.

**પ્રશ્ન :** એ કયો ધર્મ છે ?

**ઉત્તર :** ચરક, પરિવ્રાજક વગેરેનો ધર્મ એ કુપ્રાવચનિક ધર્મ છે.

**પ્રશ્ન :** એ બધા કેમ કુપ્રાવચનિક ધર્મ કહેવાય ? શા માટે સાવદ્ય કહેવાય ?

ઉત્તર અરિહંતો અને બીજા પણ બુદ્ધિપૂર્વક કામ કરનારાઓ વડે આ ધર્મ સ્તવાયેલો નથી. કેમકે તે આરંભ અને પરિગ્રહવાળો છે. અહીં જો કે ગાથામાં **अन्यैश्च** લખેલ નથી. પણ **तु** શબ્દ દ્વારા અમે એ પણ લઈ લીધા છે.

**પ્રશ્ન :** પણ એ બધા આરંભ-પરિગ્રહવાળા અને જૈનધર્મ નહિ... આ બધું કેવી રીતે માનવું ?

**ઉત્તર :** આ વિષયમાં ઘણું કહેવા જેવું છે. પણ એ કહેવાતું નથી. કેમકે અમારો પ્રસ્તુત વ્યાપાર શબ્દાર્થબોધ કરાવવા માત્ર ફલવાળો છે.

---

**उक्तः कुप्रावचनिकः, साम्प्रतं लोकोत्तरं प्रतिपादयन्नाह—**

**दुविहो लोगुत्तरिओ सुअधम्मो खलु चरित्तधम्मो अ । सुअधम्मो सज्झाओ चरित्तधम्मो समणधम्मो ॥४३॥**

---

કુપ્રાવચનિક કહેવાઈ ગયો.

હવે લોકોત્તર ભાવધર્મનું પ્રતિપાદન કરતાં કહે છે કે

**નિર્યુક્તિ-૪૩ ગાથાર્થ :** લોકોત્તર ધર્મ બે પ્રકારે છે. (૧) શ્રુતધર્મ (૨) ચારિત્રધર્મ. શ્રુતધર્મ સ્વાધ્યાય છે. ચારિત્રધર્મ શ્રમણધર્મ છે.

---

**व्याख्या-द्विविधो-द्विप्रकारो 'लोकोत्तरो' लोकप्रधानो, धर्म इति वर्त्तते, तथा चाह—श्रुतधर्मः खलु चारित्रधर्मश्च, तत्र श्रुतं-द्वादशाङ्गं तस्य धर्मः श्रुतधर्मः, खलुशब्दो विशेषणार्थः, किं विशिनष्टि ?- स हि वाचनादिभेदाच्चित्र इति, आह च-श्रुतधर्मः स्वाध्यायः—वाचनादिरूपः, तत्त्वचिन्तायां धर्महेतुत्वाद्धर्म इति । तथा चारित्रधर्मश्च, तत्र "चर गतिभक्षणयोः" इत्यस्य "अर्त्तिलूधूसूखनसहचर इत्रन्" (पा० ३-२-१८४)**

इतीत्रन्प्रत्ययान्तस्य चरित्रमिति भवति, चरन्त्यनिन्दितमनेनेति चरित्रं क्षयोपशमरूपं तस्य भावश्चारित्रम्, अशेषकर्मक्षयाय चेष्टेत्यर्थः, ततश्चारित्रमेव धर्मः चारित्रधर्म इति । चः समुच्चये । अयं च श्रमणधर्म एवेत्याह-चारित्रधर्मः श्रमणधर्म इति, तत्र श्राम्यतीति श्रमणः 'कृत्यल्युटो बहुलम्' (पा० ३-३-११३) इति वचनात् कर्त्तरि ल्युट्, श्राम्यतीति-तपस्यतीति, एतदुक्तं भवति-प्रव्रज्यादिवसादारभ्य सकलसावद्ययोगविरतौ गुरूपदेशादनशनादि यथाशक्त्याऽऽप्राणोपरमात्तपश्चरतीति, उक्तं च-"यः समः सर्वभूतेषु, त्रसेषु स्थावरेषु च । तपश्चरति शुद्धात्मा, श्रमणोऽसौ प्रकीर्तितः ॥१॥" इति, तस्य धर्मः स्वभावः श्रमणधर्मः, स च क्षान्त्यादिलक्षणो वक्ष्यमाण इति गाथार्थः ।

---

**ટીકાર્થ :** લોકોત્તર એટલે કે લોકપ્રધાન ધર્મ બે પ્રકારે છે. શ્રુતધર્મ અને ચારિત્રધર્મ. તેમાં શ્રુત એટલે દ્વાદશાંગી. તેનો ધર્મ તે શ્રુતધર્મ. **खलु** શબ્દ વિશેષણ અર્થવા ો છે.

**પ્રશ્ન :** શું વિશેષણાર્થ દર્શાવે છે ?

**ઉત્તર :** સ્વાધ્યાયરૂપ શ્રુત તત્ત્વચિંતામાં ઉપયોગી છે, અને તત્ત્વચિંતા થાય એટલે ધર્મ થાય. આમ તત્ત્વચિંતામાં ધર્મનો હેતુ હોવાથી તે શ્રુત ધર્મ છે.

લોકોત્તર ભાવધર્મનો બીજો ભેદ છે. ચારિત્રધર્મ.

તેમાં **चर्** ધાતુ ગતિ અને ભક્ષણ એ બે અર્થમાં વપરાય છે, આ ધાતુને વ્યાકરણના નિયમ પ્રમાણે ઈત્રન્ પ્રત્યય લાગવાથી ઈત્રન્ પ્રત્યયાન્ત ચર ધાતુનું **चरित्र** રૂપ થાય છે.

જેના વડે જીવ અનિંદિતપણે ચરે તે ચરિત્ર. એ ક્ષયોપશમરૂપ છે. તેનો ભાવ-તત્પણું એટલે ચારિત્ર. તમામ કર્મોનો ક્ષય કરવા માટે ચેષ્ટા એ પ્રમાણે અર્થ થાય. એટલે ચારિત્ર એ જ ધર્મ... આમ ચારિત્રધર્મ શબ્દ બને.

**च** શબ્દ સમુચ્ચય અર્થમાં છે.

આ ચારિત્રધર્મ તરીકે શ્રમણધર્મ જ છે. એ જ વાત ગાથામાં કરે છે કે "ચારિત્રધર્મ શ્રમણધર્મ છે."

તેમાં **श्राम्यति इति श्रमणः** એમ કર્તા અર્થમાં **अनट्** પ્રત્યય લાગ્યો છે. **श्राम्यति** એટલે **तपस्यति ।**

કહેવાનો ભાવ એ છે કે દીક્ષાનાં દિવસથી માંડીને તમામ સાવદ્યયોગોની વિરતિ થયે છતે ગુરુનાં ઉપદેશ પ્રમાણે પોતાની શક્તિ પ્રમાણે જ્યાંસુધી પ્રાણોનો વિનાશ ન

થાય ત્યાંસુધી જે અનશનાદિ તપને આચરે તે શ્રમણ.

કહ્યું છે કે જે ત્રસ અને સ્થાવર, સર્વજીવોમાં સમભાવવા ો જે શુદ્ધઆત્મા તપને આચરે છે, એ શ્રમણ કહેવાયેલો છે."

તેનો ધર્મ એટલે કે સ્વભાવ એ શ્રમણધર્મ કહેવાય. તે ક્ષમા વગેરે રૂપ આગળ કહેવાશે.

---

**उक्तो धर्मः, साम्प्रतं मङ्गलस्यावसरः, तच्च प्राग्निरूपितशब्दार्थमेव, तत्पुनर्नामादिभेदतश्चतुर्धा, तत्र नामस्थापने क्षुण्णत्वात्साक्षादनादृत्य द्रव्यभावमङ्गलाभिधित्सयाऽऽह–**

दव्वे भावेऽवि अ मंगलाइं दव्वम्मि पुण्णकलसाई । धम्मो उ भावमंगलमेत्तो सिद्धित्ति काऊणं ॥४४॥

---

ધર્મ કહેવાઈ ગયો.

હવે મંગલનો અવસર છે. તે તો પૂર્વે નિરૂપેલા શબ્દાર્થવાળો છે. તે વળી નામાદિ ભેદથી ચાર પ્રકારે છે. તેમાં નામ-સ્થાપના સરળ હોવાથી સાક્ષાત્ આદર ન કરીને (સાક્ષાત્ ન દર્શાવીને) દ્રવ્ય અને ભાવમંગલને કહેવાની ઈચ્છાથી કહે છે કે

**નિર્યુક્તિ-૪૪ ગાથાર્થ :** દ્રવ્યમાં મંગલ અને ભાવમાં મંગલ દ્રવ્યમાં પૂર્ણકલશાદિ અને ધર્મ એ ભાવમંગલ છે, એનાથી સિદ્ધિ થાય છે. એમ હોવાથી.

---

**व्याख्या–'द्रव्यं' इति द्रव्यमधिकृत्य 'भाव' इति भावं च मङ्गले अपिशब्दान्नामस्थापने च । तत्र 'दव्वम्मि पुण्णकलसाई' द्रव्यमधिकृत्य पूर्णकलशादि, आदिशब्दात् स्वस्तिकादिपरिग्रहः, धर्मस्तु तुशब्दोऽवधारणे धर्म एव भावमङ्गलं । कुत एतदित्यत आह–'अतः' अस्माद्धर्म्मात्क्षान्त्यादिलक्षणात् 'सिद्धिरितिकृत्वा' मोक्ष इतिकृत्वा, भवगालनादिति गाथार्थः ॥ अयमेव चोत्कृष्टं-प्रधानं मङ्गलम्, एकान्तिकत्वादात्यन्तिकत्वाच्च, न पूर्णकलशादि, तस्य नैकान्तिकत्वादनात्यन्तिकत्वाच्च ॥**

---

**ટીકાર્થ :** દ્રવ્યની અપેક્ષાએ અને ભાવની અપેક્ષાએ મંગલ હોય છે. **अपि** શબ્દથી નામસ્થાપના મંગલ પણ છે. (ગાથાની અવતરણિકામાં જ કહ્યું છે કે નામસ્થાપના સાક્ષાત્ નથી દર્શાવવાના. અહીં દેખાય છે કે નામસ્થાપનાનો સાક્ષાત્ આદર નથી

કરેલો, માત્ર એનો **अपि** શબ્દથી જ ઉલ્લેખ કરેલો છે.)

તેમાં દ્રવ્યને આશ્રયીને પૂર્ણકલશાદિ મંગલ છે. **आदि** શબ્દથી સાથિયો વગેરેનો પરિગ્રહ કરવો.

ધર્મ જ ભાવમંગલ છે. ગાથામાંનો **तु** શબ્દ અવધારણમાં

પ્રશ્ન : ધર્મ જ કેમ ભાવમંગલ છે ?

ઉત્તર : ક્ષમા વગેરેરૂપ ધર્મથી મોક્ષ થાય છે, માટે તે ભાવધર્મ છે. ટુંકમાં ક્ષમા વગેરે જીવને ભવમાંથી ગાળી નાંખે છે. બહાર કાઢે છે, માટે ભાવધર્મ છે.

આ ભાવધર્મ જ ઉત્કૃષ્ટ-પ્રધાન છે. કેમકે તે એકાન્તિક છે અને આત્યન્તિક છે. પૂર્ણકલશાદિ ઉત્કૃષ્ટમંગલ નથી. કેમકે તે અનૈકાન્તિક છે અને અનાત્યન્તિક છે. (ફલ અવશ્ય આપે તે એકાન્તિક. કોઈપણ વિઘ્નો જેને ખતમ ન કરી શકે. જે પોતાનું ફળ સંપૂર્ણ આપે તે આત્યન્તિક...)

---

**साम्प्रतं 'यथोद्देशं निर्देश' इतिकृत्वा हिंसाविपक्षतोऽहिंसा, तां प्रतिपादयन्नाह –**

हिंसाए पडिवक्खो होइ अहिंसा चउव्विहा सा उ । दव्वे भावे अ तहा अहिंसऽजीवाइवाओत्ति ॥४५॥

---

હવે ગાથામાં જે ક્રમથી શબ્દોનો ઉલ્લેખ હોય તે ક્રમથી તેનું વર્ણન કરવું એમ હોવાથી હિંસાનાં વિપક્ષ તરીકે જે **अहिंसा** છે, તેનું પ્રતિપાદન કરતાં કહે છે કે ( **धम्मो मंगलमुक्किट्ठं** આટલા શબ્દો પછી **अहिंसा** શબ્દ આવેલો છે. એટલે તેનું જ વર્ણન કરાય છે..)

**નિર્યુક્તિ-૪૫ ગાથાર્થ :** હિંસાનો પ્રતિપક્ષ અહિંસા છે તે ચાર પ્રકારે છે. દ્રવ્યમાં અને ભાવમાં, અહિંસા-અજીવાતિપાત સમાનાર્થી શબ્દો છે.

---

**व्याख्या–तत्र प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा, अस्याः हिंसायाः किम् ?-प्रतिकूलः पक्षः प्रतिपक्षः-अप्रमत्ततया शुभयोगपूर्वकं प्राणाव्यपरोपणमित्यर्थः, किम् ?-भवत्यहिंसेति, तत्र 'चतुर्विधा' चतुष्प्रकारा अहिंसा, 'दव्वे भावे अ'त्ति द्रव्यतो भावतश्चेत्येको भङ्गः, तथा द्रव्यतो नो भावतः तथा न द्रव्यतो भावतः, तथा न द्रव्यतो न भावत इति तथाशब्दसमुच्चितो भङ्गत्रयोपन्यासः, अनुक्तसमुच्चयार्थकत्वादस्येति, उक्तं च "तथा समुच्चयनिर्देशावधारणसादृश्यप्रकारवचनेष्वित्यादि", तत्रायं**

भङ्गकभावार्थः–द्रव्यतो भावतश्चेति, "जहा केइ पुरिसे मिअवहपरिणामपरिणए मियं पासित्ता आयन्नाइड्डियकोदंडजीवे सरं णिसिरिज्जा, से अ मिए तेण सरेण विद्धे मए सिआ, एसा दव्वओ हिंसा भावओवि" । या पुनर्द्रव्यतो न भावतः सा खल्वीर्यादिसमितस्य साधोः कारणे गच्छत इति, उक्तं च–"उच्चालिअम्मि पाए इरियासमिअस्स संकमट्ठाए । वावज्जेज्ज कुलिंगी मरिज्ज तं जोगमासज्जा ॥१॥ न य तस्स तण्णिमित्तो बंधो सुहुमो वि देसिओ समए । जम्हा सो अपमत्तो सा य पमाओत्ति निद्दिट्ठा ॥२॥" इत्यादि । या पुनर्भावतो न द्रव्यतः, सेयम्-जहा केवि पुरिसे मंदमंदप्पगासप्पदेसे संठियं ईसिवलिअकायं रज्जुं पासित्ता एस अहित्ति तव्वहपरिणामपरिणए णिकड्ढियासिपत्ते दुअं दुअं छिंदिज्जा एसा भावओ हिंसा न दव्वओ ॥ चरमभङ्गस्तु शून्य इति, एवंभूतायाः हिंसायाः प्रतिपक्षोऽहिंसेति । एकार्थिकाभिधित्सयाऽऽह–'अहिंसऽजीवाइवाओत्ति' न हिंसा अहिंसा, न जीवातिपातः अजीवातिपातः, तथा च तद्वतः स्वकर्मातिपातो भवत्येव, अजीवश्च कर्मेति भावनीयमिति । उपलक्षणत्वाच्चेह प्राणातिपातविरत्यादिग्रह इति गाथार्थः ॥

---

**ટીકાર્થ :** અહિંસાનું વર્ણન કરવાનું છે એમાં પ્રમત્તયોગથી પ્રાણનું વ્યપરોપણ-વિનાશ એ હિંસા. એ હિંસાનો પ્રતિકૂલ એવો પક્ષ-પ્રતિપક્ષ એટલે કે. અપ્રમત્તપણા વડે શુભયોગપૂર્વક પ્રાણોનો અવિનાશ એ અહિંસા છે.

તેમાં અહિંસા ચાર પ્રકારે છે.

(૧) દ્રવ્યથી અને ભાવથી એ એક ભાંગો.

(૨) દ્રવ્યથી અહિંસા ભાવથી નહિ એ બીજો ભાંગો.

(૩) દ્રવ્યથી અહિંસા નહિ. ભાવથી અહિંસા ત્રીજો ભાંગો.

(૪) દ્રવ્યથી અહિંસા નહિ, ભાવથી અહિંસા નહિ એ ચોથો ભાંગો.

અહીં ગાથામાં તો પહેલો ભાંગો જ બતાવેલો છે. પણ જે **તથા** શબ્દ છે, એના વડે બાકીના ત્રણ ભાંગાનો સમુચ્ચય=સંગ્રહ થઈ જાય છે. એટલે તથા શબ્દથી સમુચ્ચય પામેલો એવો ત્રણ ભાંગાનો ઉપન્યાસ જાણવો.

**પ્રશ્ન : તથા** શબ્દ માત્રથી નહિ કહેવાયેલા ત્રણ ભાંગા શી રીતે લેવાય ?

**ઉત્તર : તથા** શબ્દ અનુક્તનો સમુચ્ચય કરવાના અર્થવાળો જ છે. એટલે એના દ્વારા અનુક્ત બાબતોનો પણ સમુચ્ચય થઈ જાય. કહ્યું છે કે **તથા** શબ્દ સમુચ્ચય, નિર્દેશ,

અવધારણ, સાદશ્ય અને પ્રકાર વચનોને વિશે વપરાય છે. અર્થાત્ આટલા અર્થોમાંથી કોઈપણ અર્થ દર્શાવવા માટે **તથા** નો પ્રયોગ થઈ શકે.

**પ્રશ્ન :** આ ચાર ભાંગા તો બતાવ્યા, પણ એનો ભાવાર્થ અમને ન સમજાયો.

**ઉત્તર** ભાંગાઓનો ભાવાર્થ આ `

**(૧) દ્રવ્યથી અને ભાવથી હિંસા :** કોઈક પુરુષ હરણનો વધ કરવાના પરિણામથી પરિણત,યુક્ત બનેલા હોય અને તે હરણને જોઈને કાન સુધી ખેંચાયેલ છે ધનુષ્યની દોરી જેના વડે એવો થઈને બાણને છોડે અને તે હરણ તે બાણ વડે વીંધાયેલો છતોં મૃત્યુ પામે. આ દ્રવ્યથી હિંસા અને ભાવથી પણ હિંસા છે.

**(૨) દ્રવ્યથી હિંસા અને ભાવથી હિંસાનો અભાવ :** ઈર્યાસમિતિવાળો સાધુ કારણસર જતો હોય તો એના દ્વારા જે હિંસા થાય તે આમાં ગણાય. કહ્યું છે કે ચાલવાનો માટે ઈર્યાસમિતિવાળા સાધુનો પગ ઉંચે કરાયે છતેં, વિકલેન્દ્રિય જીવ વ્યાપાદન પામે, તે જોગને આશ્રયીને મૃત્યુ પામે. તે સાધુને તે હિંસાનિમિત્તક સૂક્ષ્મ પણ બંધ શાસ્ત્રમાં દેખાડયો નથી. કેમકે તે સાધુ અપ્રમત્ત છે. અને હિંસા તો 'પ્રમાદ' એ પ્રમાણે નિર્દેશાયેલી છે. અર્થાત્ પ્રમાદ જ હિંસા કહેવાયેલ છે.

**(૩) ભાવથી હિંસા અને દ્રવ્યથી હિંસાનો અભાવ :** કોઈક પુરુષ મંદમંદ પ્રકાશવાળા પ્રદેશમાં રહેલ કંઈક વળેલી કાયાવાળી દોરડીને જોઈને 'આ સર્પ છે' એ પ્રમાણે સમજી તેનો વધ કરવાના પરિણામથી યુક્ત બને, અસિ=તલવાર ખેંચી કાઢે અને જલ્દી જલ્દી એ દોરડીને છેદી નાંખે. તો આ ભાવથી હિંસા છે. દ્રવ્યથી નથી.

છેલ્લો ભાંગો શૂન્ય છે. (જયાં દ્રવ્યથી પણ હિંસા નથી અને ભાવથી પણ હિંસા નથી. એને હિંસાનો ચોથો શી રીતે કહેવાય ? એટલે એ ભાંગાનો અભાવ કહ્યો છે.)

આવા પ્રકારની હિંસાનો પ્રતિપક્ષ તે અહિંસા છે.

અહિંસાના સમાનાર્થી શબ્દોને કહેવાની ઈચ્છાથી કહે છે કે અહિંસા, અ-જીવાતિપાત. અર્થાત્ જીવાતિપાતનો અભાવ. (અથવા તો અજીવનો અતિપાત. અજીવનો નાશ એ અહિંસા)

**પ્રશ્ન :** અજીવાતિપાત અહિંસા શી રીતે કહેવાય ?

**ઉત્તર** અહિંસાવાળાને પોતાના કર્મનો અતિપાત=વિનાશ થાય જ છે અને કર્મ અજીવ છે. એટલે અજીવાતિપાત અહિંસાવાળાને અવશ્ય થતો હોવાથી એ તેનો સમાનાર્થી કહેવાય. આ રીતે વિચારી લેવું.

આ બે સમાનાર્થીશબ્દો ઉપલક્ષણ હોવાથી બીજા પણ પ્રાણાતિપાતવિરતિ વગેરે સમાનાર્થી શબ્દોનું ગ્રહણ કરી લેવું.

---

**साम्प्रतं संयमव्याचिख्यासयाऽऽह –**

पुढविदगअगणिमारुयवणस्सईबितिचउपणिंदिअज्जीवे । पेहोपेहपमज्जणपरिट्ठवणमणोवई काए ॥४६॥

---

હવે સંયમનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાથી કહે છે કે

નિર્યુક્તિ-૪૬ ગાથાર્થ પૃથ્વી, પાણી, અગ્નિ, પવન, વનસ્પતિ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય, અજીવ, પ્રેક્ષા, ઉપેક્ષા, પ્રમાર્જન, પરિષ્ઠાપન, મન, વચન, કાયા આ ૧૭ પ્રકારના સંયમ છે.

---

**व्याख्या–पुढवाइयाण जाव य पंचिंदिय संजमो भवे तेसिं । संघट्टणादि ण करे तिविहेणं करणजोएणं ॥१॥ अज्जीवेहिं जेहिं गहिएहिं असंजमो इहं भणिओ । जह पोत्थदूसपणए तणपणए चम्मपणए अ ॥२॥ गंडी कच्छवि मुट्ठी संपुडफलए तहा छिवाडी अ । एयं पोत्थयपणयं पण्णत्तं वीअराएहिं ॥३॥ बाहल्लपुहुत्तेहिं गंडी पोत्थो उ तुल्लगो दीहो । कच्छवि अंते तणुओ मज्झे पिहुलो मुणेअव्वो ॥४॥ चउरंगुलदीहो वा वट्टागिति मुट्ठिपोत्थगो अहवा । चउरंगुलदीहो चिअ चउरस्सो होइ विण्णेओ ॥५॥ संपुडओ दुगमाई फलगा वोच्छं छिवाडिमेत्ताहे । तणुपत्तोसिअरूवो होइ छिवाडी बुहा बेंति ॥६॥ दीहो वा हस्सो वा जो पिहुलो होइ अप्पबाहल्लो । तं मुणिअ समयसारा छिवाडिपोत्थं भणंतीह ॥७॥ दुविहं च दूसपणअं समासओ तंपि होइ नायव्वं । अप्पडिलेहियदूसं दुप्पडिलेहं च विण्णेयं ॥८॥ अप्पडिलेहिअदूसे तूली उवधाणगं च णायव्वं । गंडुवधाणालिंगिणि मसूरए चेव पोत्तमए ॥९॥ पल्हवि कोयवि पावार णवतए तहय दाढिगालीओ । दुप्पडिलेहिअ दूसे एवं बीअं भवे पणगं ॥१०॥ पल्हवि हत्थुत्थरणं कोयबओ रूअपूरिओ पडओ । दढगालि धोइ पोत्ती सेस पसिद्धा भवे भेदा ॥११॥ तणपणगं पुण भणियं जिणेहिं कम्मट्ठगंठिदहणेहिं । साली वीही कोद्दव रालग रण्णेतणाइं च ॥१२॥ अय एल गावि महिसी मियाणमजिणं च पंचमं होइ । तलिया खल्लग कोसग कित्ती य बितिए य ॥१३॥ तह विअडहिरण्णाइं ताइँ न गेण्हइ असंजमं साहू । ठाणाइ जत्थ चेए पेह पमज्जित्तु तत्थ करे ॥१४॥ एसा पेह उवेहा पुणोवि दुविहा**

उ होइ नायव्वा । वावारावावारे वावारे जह उ गामस्स ॥१५॥ एसो उविक्खगो हू अव्वावारे जहा विणस्संतं । किं एयं नु उविक्खसि ? दुविहाएवित्थ अहियारो ॥१६॥ वावारुव्विक्ख तहिं संभोइय सीयमाण चोएइ। चोएई इयरं पिहु पावयणीअम्मि कज्जम्मि ॥१७॥ अव्वावारउवेक्खा णवि चोएइ गिहिं तु सीअंतं । कम्मेसु बहुविहेसुं संजम एसो उवेक्खाए ॥१८॥ पडिसागरिए अपमज्जिएसु पाएसु संजमो होइ । ते चेव पमज्जंते असागरिएँ संजमो होइ ॥१९॥ पाणाईसंसत्तं भत्तं पाणमहवा वि अविसुद्धं । उवगरणभत्तमाई जं वा अइरित्त होज्जाहि ॥२०॥ तं परिट्ठप्पविहीए अवहट्टुसंजमो भवे एसो । अकुसलमणवइरोहो कुसलाण उदीरणं चेव ॥२१॥ जुयलं मणवइसंजम एसो काए पुण जं अवस्सकज्जम्मि । गमणागमणं भवइ तं उवउत्तो कुणइ सम्मं ॥२२॥ तव्वज्जं कुम्मस्स व सुसमाहियपाणिपायकायस्स । हवइ य काइयसंजम चिट्ठंतस्सेव साहुस्स ॥२३॥ उक्तः संयमः । आह-अहिंसैव तत्त्वतः संयम इतिकृत्वा तद्भेदेनास्याभिधानम-युक्तम्, न, संयमस्याहिंसाया एव उपग्रहकारित्वात्, संयमिन एव भावतः खल्वहिंसक-त्वादिति कृतं प्रसङ्गेन ।

---

ટીકાર્થ : (૧) પૃથ્વીથી માંડીને પંચેન્દ્રિય સુધીના જે નવ જીવભેદો છે, તેઓનો મન,વચન,કાયા એ ત્રણ કરણના યોગ વડે સંઘટ્ટો વગેરે ન કરવો એ સંયમ છે.

(૨) જે ગ્રહણ કરાયેલા અજીવો વડે અહીં અસંયમ કહેવાયેલો છે જેમકે પુસ્તકપંચક, વસ્ત્રપંચક, તૃણપંચક, ચર્મપંચક... (એ બધાનો ત્યાગ એ અજીવસંયમ છે.)

(૩) ગંડી, કચ્છપી, મુષ્ઠી, સંપુટફલક તથા સૃપાટિકા... વીતરાગો વડે એ પુસ્તકપંચક કહેવાયેલ છે.

(૪) જાડાઈ અને પહોળાઈ વડે ગંડીપુસ્તક સમાન હોય છે અને લાંબુ પુસ્તક હોય તો એ ગંડી કહેવાય. (દા.ત. ૧ ફુટની પહોળાઈ હોય અને ૧ ફુટની જાડાઈ હોય અને ૩ ફુટ જેટલું લાંબુ પુસ્તક હોય તો એ ગંડી કહેવાય.)

કચ્છપી અંતના ભાગમાં પહોળાઈની અપેક્ષાએ પાતળું અને મધ્યમાં પૃથુ = પહોળું હોય.

(૫) ચાર અંગુલ લંબાઈવાળું, ગોળ આકૃતિવાળું પુસ્તક એ મુષ્ટિપુસ્તક કહેવાય. અથવા ચાર અંગુલ લંબાઈવાળું ચોરસ પુસ્તક મુષ્ટિપુસ્તક જાણવું.

(૬) બે વગેરે ફલક પાટીયાવાળું પુસ્તક સંપુટ કહેવાય. (વર્તમાનમાં પુસ્તકો સંપુટ

તરીકે ઓળખી શકાય. જેમ દાબડા વગેરેના ઉપર-નીચેના બે ભાગ બંધ થાય, અંદર આભૂષણ રહે. એમ પુસ્તક પણ એવા પ્રકારના હોય. જોકે અત્યારના પુસ્તકોમાં ત્રણ બાજુ ખુલ્લી હોય. છતાં બે પાટીયા ભેગા થતા હોવાથી એને સંપુટપુસ્તક જેવું કહી શકાય. પ્રાચીનકાળમાં પણ એને જ સંપુટ કહેતા હશે ? કે થોડોક આકારભેદ હશે ? એ વિચારણીય છે.)

હવે સૃપાટિકાપુસ્તકને કહેશું. પાતળા પત્ર=પાનાવાળું અને ઉંચુ પુસ્તક એ સૃપાટિકા તરીકે બુધપુરુષો કહે છે.

(૭) જે પુસ્તક લાંબુ હોય કે ટુંકુ હોય પણ જે અલ્પજાડાઈવાળું પહોળું હોય તે પુસ્તકને શાસ્ત્રસાર જાણી ચૂકેલાઓ સૃપાટિકાપુસ્તક કહે છે.

(૮) સંક્ષેપથી દૂષ્યપંચક બે પ્રકારે છે. તે પણ અપ્રતિલેખનીય અને દુષ્પ્રતિલેખનીય એ બે ભેદથી જાણવું.

(૯) અપ્રતિલેખ્યદુષ્યમાં તુલી, ઉપધાનક, ગંડોપધાન, આલિંગિની અને મસુરક. વસ્ત્રમય આ પાંચ વસ્તુ અપ્રતિલેખ્ય છે. (રૂ ભરેલી રજાઈ કે ગાદલું એ તુલી. માથા નીચેનું ઓશીકું એ ઉપધાનક. શ્રીમંતોને માટેનું ગાલનીચે મૂકવાનું ઓશીકું એ ગંડોપધાન, અનેક રાણીઓને રાજા રોજ તો સંતોષ ન આપી શકે એટલે બધાને પુરુષ પ્રમાણ લંબાઈવાળું-રૂ ભરેલું સાધનવિશેષ અપાય, જેના દ્વારા રાણીઓ સંતોષ પામે તે આલિંગિની.)

(૧૦) પ્રહલાદિ, કુતુપિ, પ્રવારક, નવત્વક્ તથા દઢગાલિકા આ પ્રમાણે દુષ્પ્રતિલેખ્ય બીજું દૂષ્ય-પંચક છે.

(૧૧) પ્રહલાદિ-હસ્તાસ્તરણ (હાથના મોજા), કુતુપ = રૂથી ભરેલ વસ્ત્ર, દઢગાલી = ધૌતપોત બાકીના ભેદો પ્રસિદ્ધ છે.

(૧૨) આઠ કર્મોરૂપી ગ્રન્થિને બાળી નાંખનારા જિનો વડે તૃણપંચક કહેવાયેલ છે. શાલિ, વ્રીહિ, કોદ્રવ, રાલક, અરણ્યતૃણો.(આનું ઘાસ લેવું.)

(૧૩) ઘેંટા, બકરા, ગાય, ભેંસ હરણાનું ચામડું એમ પાંચ ચર્મ છે. તલિકા, ખલ્લક, વર્ધ, કોશક કૃતિ આ બીજા પાંચ ચર્મ છે. (આ ચર્મપંચકાદિનું વર્ણન પ્રવચન સારોદ્ધારમાંથી જોઈ લેવું.)

(૧૪) છૂટાછવાયા પ્રગટ પડેલા સુવર્ણાદિ જે હોય, તે અસંયમરૂપ હોવાથી સાધુ તેને ગ્રહણ ન કરે. (છૂપાવાયેલા સુવર્ણાદિને તો ચોરવા ન જ જાય...) જે સ્થાન ઉપર



* * * न मोऽस्तु तस्मै जिनशासनाय * * *

સ્થાન=ઉભા રહેવું, બેસવું વગેરે કરવાની ઈચ્છા કરે, તેને જોઈ-પ્રમાર્જીને પછી જ તે સ્થાન ઉપર સ્થાન ઉપવેશનાદિ કરે. (એ પ્રેક્ષા છે.)

(૧૫) આ પ્રેક્ષા છે. ઉપેક્ષા બે પ્રકારે જાણવી. વ્યાપારોપેક્ષા અને અવ્યાપારોપેક્ષા. વ્યાપારોપેક્ષા દા.ત. ગામનો.

(૧૬) આ ઉપેક્ષક છે = કાળજી કરનારો છે. (૧૫મી ગાથાનો **गामस्स** શબ્દ ૧૬મી ગાથા સાથે જોડાયેલો છે.) અવ્યાપારોપેક્ષા દા.ત. આ કાર્યના વિનાશ કરનારાને કહેવું કે તું શા માટે ઉપેક્ષે છે ? અર્થાત્ એની કાળજી કરતો નથી ?

અહીં ઉપેક્ષાસંયમમાં બંને પ્રકારની ઉપેક્ષાનો અધિકાર છે.

(૧૭) **વ્યાપારોપેક્ષા :** આમાં સીદાતા સાંભોગિક સાધુઓને પ્રેરણા કરે. પ્રાવચનિક કાર્ય આવી પડે= શાસનનું કામ આવી પડે તો અસાંભોગિકને પણ પ્રેરણા કરે.

(૧૮) **અવ્યાપારોપેક્ષા :** ઘણાં પ્રકારના કાર્યોમાં સીદાતા ગૃહસ્થને પ્રેરણા ન કરે (કે તમે આ કાર્ય કરો...) આ ઉપેક્ષાનો સંયમ છે.

(૧૯) જો ગૃહસ્થ હાજર હોય તો પાદપ્રમાર્જન ન કરવામાં સંયમ છે અને જો સાગારિક, ગૃહસ્થ ન હોય તો પાદપ્રમાર્જન કરવામાં સંયમ છે. (ગામમાં પ્રવેશ, નિર્ગમાદિ વખતે પાદપ્રમાર્જન કરવાની જે વિધિ છે, તે અંગે આ કથન છે.)

(૨૦) ભોજન કે પાણી જીવ વગેરેથી સંસક્ત વહોરાઈ જાય, અથવા તો (આધાકર્માદિદોષથી) અવિશુદ્ધ વહોરાઈ જાય. અથવા તો જે ઉપકરણ-ભોજનાદિ વધી પડેલા હોય...

(૨૧) દુષ્ટ તેનું પરિષ્ઠાપન કરવાની વિધિ કરવાથી અપહૃત્યસંયમ થાય. તથા દુષ્ટ અને દુષ્ટ વચનનું રુંધન અને શુભ મન-વચનની ઉદીરણા.

(૨૨) આ મન-વચન સંયમરૂપ બે સંયમ છે. કાયસંયમમાં વળી આ પ્રમાણે કે અવશ્ય કરવાયોગ્ય કાર્યમાં ` ગમનાગમન કરવું પડે, તેને ઉપયોગપૂર્વક સમ્યક્ રીતે કરે.

(૨૩) પણ જો એવું કોઈ કાર્ય ન હોય તો પછી સાધુ કાચબાની જેમ હાથ,પગ,શરીરને સુસમાહિત, સંકુચિત, નિયંત્રિત, સ્થિર કરી દે. આવા સ્થિર રહેલા સાધુને કાયસંયમ થાય.

૧૭ પ્રકારનો સંયમ કહેવાઈ ગયો.

**પ્રશ્ન :** પરમાર્થથી તો અહિંસા પોતે જ સંયમ છે. એટલે અહિંસા શબ્દથી સંયમ

આવી જ જાય. એટલે અહિંસાથી ભેદ પાડીને સંયમનું કથન અયોગ્ય છે.

ઉત્તર : ના. સંયમ અહિંસાને જ ઉપકાર કરનાર હોવાથી તે જુદું બતાવેલ છે.

પ્રશ્ન : સંયમ શી રીતે અહિંસોપકારી બને ?

ઉત્તર  સંયમી જે ખરેખર ભાવથી અહિંસક છે. એટલે સંયમ અહિંસોપકારક કહેવાય.

પ્રસંગ વડે સર્યું.

---

**साम्प्रतं तपः प्रतिपाद्यते–तच्च द्विधा-बाह्यमाभ्यन्तरं च । तत्र तावद्बाह्यप्रतिपादनायाह–**

अणसणमूणोअरिआ वित्ती संखेवणं रसच्चाओ । कायकिलेसो संलीणया य बज्झो तवो होइ ॥४७॥

---

હવે તપનું પ્રતિપાદન કરાય છે.

તે બે પ્રકારે છે. બાહ્ય અને અભ્યન્તર.

તેમાં સૌપ્રથમ તો બાહ્યતપનું પ્રતિપાદન કરવા માટે કહે છે કે

નિર્યુક્તિ-૪૭ ગાથાર્થ  અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ, સંલીનતા આ બાહ્યતપ છે.

---

**व्याख्या–न अशनमनशनम्-आहारत्याग इत्यर्थः, तत्पुनर्द्विधा-इत्वरं यावत्कथिकं च, तत्रेत्वरं-परिमितकालं, तत्पुनश्चरमतीर्थकृत्तीर्थे चतुर्थादिषण्मासान्तम्, यावत्कथिकं त्वाजन्मभावि, तत्पुनश्चेष्टाभेदोपाधिविशेषतस्त्रिधा, तद्यथा-पादपोपगमनमिङ्गितमरणं भक्तपरिज्ञा चेति, तत्रानशनिनः परित्यक्तचतुर्विधाहारस्याधिकृतचेष्टाव्यतिरेकेण चेष्टान्तरमधिकृत्यैकान्तनिष्प्रतिकर्मशरीरस्य पादपस्येवोपगमनं सामीप्येन वर्त्तनं पादपोपगमनमिति, तच्च द्विधा-व्याघातवन्निर्व्याघातवच्च, तत्र व्याघातवन्नाम यत्सिंहाद्युपद्रवव्याघाते सति क्रियत इति, उक्तं च –"सीहादिसु अभिभूओ पादवगमणं करेइ थिरचित्तो । आउम्मि पहुप्पंते विआणिउं नवरि गीअत्थो ॥१॥" इत्यादि, निर्व्याघातवत्पुनर्यत्सूत्रार्थतदुभयनिष्ठितः शिष्यान्निष्पाद्योत्सर्गतः द्वादश समाः कृतपरिकर्मा सन्काल एव करोति, उक्तं च 'चत्तारि विचित्ताइं विगईनिज्जूहियाइं चत्तारि । संवच्छरे अ दोण्णि उ एगंतरिअं च आयामं ॥१॥ णाइविगिट्ठो अ तवो छम्मासे**

परिमिअं च आयामं । अन्ने वि अ छम्मासे होइ विगिट्ठं तवोकम्मं ॥२॥ वासं कोडीसहियं आयामं काउ आणुपुव्वीए । गिरिकंदरं तु गंतुं पायवगमणं अह करेइ ॥३॥" इत्यादि । तथा इङ्गिते प्रदेशे मरणमिङ्गितमरणम्, इदं च संहननापेक्षमनन्तरोदितम-शक्नुवतश्चतुर्विधाहारविनिवृत्तिरूपं स्वत एवोद्वर्त्तनादिक्रियायुक्तस्यावगन्तव्यमिति, उक्तं च – "इंगिअदेसंमि सयं चउव्विहाहारचायणिप्फण्णं । उव्वत्तणादिजुत्तं णाण्णेण उ इंगिणीमरणं ॥१॥" इत्यादि । भक्तपरिज्ञा पुनस्त्रिविधचतुर्विधाहारविनिवृत्तिरूपा, सा नियमात्सप्रतिकर्मशरीरस्यापि धृतिसंहननवतो यथासमाधि भावतोऽवगन्तव्येति, उक्तं च–"भत्तपरिण्णाणसणं तिविहाहाराइचायनिप्फण्णं । सपडिक्कम्मं नियमा जहासमाहिं विणिद्दिट्ठं ॥१॥" इत्यादि उक्तमनशनम्,

---

ટીકાર્થ : (૧) અનશન : અશન (ખાવું) નહિ તે અનશન. અર્થાત્ આહારનો ત્યાગ. તે બે પ્રકારે છે. (અ) ઈત્વર (બ) યાવત્કથિક.

તેમાં ઈત્વર એટલે પરિમિતકાલ માટેનું તપ. તે વળી છેલ્લા તીર્થંકરનાં તીર્થમાં ઉપવાસથી માંડીને છ માસ સુધીનું છે. (આ બધું ઈત્વર અનશન કહેવાય.)

યાવત્કથિક તો જ્યાં સુધી આ જન્મ-ભવ રહે, ત્યાં સુધીનું હોય છે. તે વળી ચેષ્ટાનાં ભેદરૂપ ઉપાધિવિશેષથી ત્રણ પ્રકારે છે. (જેમ સ્ફટિક એક છે. પણ કાળો-લીલો-પીળો રંગ એ સ્ફટિકને કાળું-લીલું-પીળું કહેવડાવે. આ રંગ ઉપાધિ કહેવાય. એમ મૃત્યુ સુધી આહારત્યાગરૂપી યાવત્કથિક અનશન એકજ છે. પરંતુ તેમાં ત્રણ પ્રકારની ચેષ્ટાઓ જુદી જુદી છે. એટલે આ ચેષ્ટાભેદને લીધે એકજ પ્રકારનું અનશન ત્રણ પ્રકારે ઓળખાય છે, એટલે ચેષ્ટાભેદ એ વિશેષપ્રકારની ઉપાધિ કહેવાય.)

તે આ પ્રમાણે (૧) પાદપોપગમન (૨) ઈંગિતમરણ (૩) ભક્તપરિજ્ઞા.

(૧) પાદપોપગમનઃ તેમાં છોડાયેલા છે ચાર પ્રકારના આહાર જેના વડે તેવા અને અધિકૃત કોઈપણ એક ચેષ્ટા સિવાય બાકીની ચેષ્ટાઓની અપેક્ષાએ એકાન્તે પ્રતિકર્મ વિનાનું શરીર છે. જેનું = તેવા અનશનીનું વૃક્ષની જેમ ઉપગમન. એટલે કે વૃક્ષની અત્યંત સમાનાર્થી, સામીપ્યથી વર્તન એ પાદપોપગમન કહેવાય. (આ સાધુ અનશન સ્વીકારતી વખતે જો બેઠેલો હોય તો બેઠેલો જ રહે, ઉભો હોય તો ઉભો જ રહે, ઉભડગ પગે હોય તો મૃત્યુ સુધી એ રીતે જ રહે. આમ અનશન સ્વીકાર વખતની જે એની ચેષ્ટા હોય તે અધિકૃતચેષ્ટા ગણવી. આ સાધુ મૃત્યુ સુધી પોતાની મેળે હવે બીજી કોઈપણ ચેષ્ટા ન કરે. ધારોકે બેઠેલો સાધુ ઉભો થાય કે ઉંઘે તો એણે ચેષ્ટા કરીને શરીરમાં પ્રતિકર્મ

કર્યું કહેવાય. શરીરને શાતા આપી કહેવાય. પણ આ તો કોઈપણ ચેષ્ટા કરતો જ નથી. એટલે ચેષ્ટાની દૃષ્ટિએ તે સંપૂર્ણપણે નિષ્પ્રતિકર્મશરીરવાળો છે. તથા જેમ વૃક્ષ પોતાની મેળે કંઈપણ હલન-ચલન ન કરે, એમ આ સાધુ પણ પોતાની મેળે કંઈપણ હલન-ચલનાદિ ન કરે. માટે એ પાદપનું અત્યંત સદૃશ વર્તન, ઉપગમન કરનાર છે.)

આ પાદપોપગમન બે પ્રકારે છે. (અ) વ્યાઘાતવત્ (બ) નિર્વ્યાઘાતવત્.

તેમાં વ્યાઘાતવત્ એટલે સિંહ વગેરેના ઉપદ્રવરૂપ વ્યાઘાત થાય ત્યારે જે જે અનશન કરાય તે કહ્યું છે કે સિંહ વગેરે વડે અભિભૂત થયેલો સ્થિરચિત્તવાળો સાધુ જો પોતાનું આયુષ્ય પૂર્ણાહૂતિ પામતું હોય તો એ જાણીને પાદપોપગમન કરે. પણ આ માત્ર ગીતાર્થ જ સાધુ કરે. (આશય એ કે સિંહ વગેરેનો ઉપદ્રવ આવે અને ગીતાર્થ સાધુ જ્ઞાનથી જાણે કે "હું આમાંથી બચી શકવાનો જ નથી." તો પછી તે આ અનશન સ્વીકારી લે. અગીતાર્થ આ ન સ્વીકારે. કેમકે ગમે તે કારણે જો એ સિંહ તેને ન મારે, તો પછી એ સાધુ શું કર? હવે મરવું જ પડે. કેમકે પાદપોપગમનમાં કોઈ આગાર-છૂટ નથી. એટલે અગીતાર્થો તો તે વખતે સાગાર અનશન કરે કે "આ ઉપદ્રવમાંથી મુક્ત ન થાઉં ત્યાં સુધીનું મારે અનશન...")

નિર્વ્યાઘાતવાળું અનશન તો તે છે કે જે સૂત્ર, અર્થ, તદુભયમાં નિષ્ઠા પામે, સાધુ શિષ્યોને તૈયાર કરીને ઉત્સર્ગમાર્ગે બાર વર્ષ સુધી પરિકર્મ, સંલેખના કરી ચૂકેલો છતો યોગ્યકાલે જ કરે. કહ્યું છે કે પહેલા ચાર વર્ષ વિચિત્ર પ્રકારના તપ કરે. (પણ પારણાઓમાં વિગઈઓ વાપરી શકે.) બીજા ચાર વર્ષ વિગઈનો સંપૂર્ણ ત્યાગ કરે. (વિચિત્રતપ પણ કરે...) પછી બે વર્ષ એકાંતરે આંબિલ કરે. પછી છ માસ અતિજોરદાર તપ (અઠ્ઠમાદિ) ન કરે અને પરિમિત આંબિલ કરે. (અર્થાત્ આ છમાસ ઉપવાસ-છઠ્ઠ કરે અને પારણા કરે ત્યારે ઉણોદરીવાળા આંબિલ કરે...) એ પછી બીજા છ માસ વિકૃષ્ટ = અઠ્ઠમ વગેરે તપ કરે. (કુલ ૪-૪-૨-છમાસ-છમાસ=૧૧ વર્ષ થયા.) પછી એક વર્ષ સુધી કોટિસહિત આંબિલ કરે. અર્થાત્ આંબિલના પારણે આંબિલ કરે. એટલે કે ૩૬૦ દિન સળંગ આંબિલ કરે. (કોટિસહિતનો અર્થ જ આ છે.)

આ પ્રમાણે ક્રમશઃ કરીને પછી પર્વતની ગુફામાં જઈને પાદપોપગમન અનશનને કરે.

(૨) ઈંગિતમરણ : ઈંગિત = નિશ્ચિત કરાયેલ પ્રદેશમાં મરણ તે ઈંગિતમરણ કહેવાય.

**પ્રશ્ન :** આ અનશન કોણ કરી શકે ? (શક્તિના અભાવે)

ઉત્તર : સંઘયણની અપેક્ષાએ પૂર્વે જ કહેવાઈ ગયેલ પાદપોપગમન અનશન કરવા માટે જે અસમર્થ હોય, પોતાની મેળે જ પડખું ફેરવવા વગેરે રૂપ ક્રિયાવાળા તેને ચાર પ્રકારના આહારની સંપૂર્ણ નિવૃત્તિ રૂપ આ અનશન જાણવું.

કહ્યું છે કે "ઈંગિતદેશમાં ચારપ્રકારના આહારના ત્યાગથી નિષ્પન્ન અને જાતે જ ઉદ્‌વર્તનાદિ ક્રિયાથી યુક્ત પણ બીજા વડે એ ક્રિયા ન કરાવાય તે ઈંગિતમરણ કહેવાય."

(ગુફા વગેરે કોઈક અમુક ભાગમાં આ સાધુ રહે, ત્યાં ચાર આહારનો ત્યાગ કરીને રહે. સ્વયં ઉદ્‌વર્તનાદિ પડખું ફેરવવું વિ... ક્રિયા કરી શકે, પણ કોઈની પણ સહાય ન લે..)

(૩) ભક્તપરિજ્ઞા  ત્રણ પ્રકારના આહારનો ત્યાગ કે ચાર પ્રકારના આહારના ત્યાગ એમ બેય પ્રકારે આ ભક્તપરિજ્ઞા હોય છે. આ ભક્તિપરિજ્ઞા અવશ્ય સપ્રતિક્રમશરીરવાળાને પણ ધૃતિ અને સંઘયણવાળાને સમાધિ પ્રમાણે ભાવથી જાણવી. (આશય એ કે આ સાધુ ધૃતિ અને સારાસંઘયણવાળો હોય. એ સંઘયણ ભલે છટ્ઠું હોય પણ એકંદરે સારું હોય તથા આ સાધુ બીજાની સહાય લઈને પણ ગમનાદિ ક્રિયા કરતો હોય. આવા સાધુને પણ સમાધિ ટકે તો ભાવથી આ ભક્તપરિજ્ઞા સમજવું. સમાધિ ન હોય તો પછી એ અનશન ભાવથી અનશન ન ગણાય.

કહ્યું છે કે "ભક્તપરિજ્ઞા અનશન ત્રિવિધાહાર વગેરેનાં ત્યાગથી નિષ્પન્ન છે. તે નિયમા સપ્રતિકર્મ, પ્રતિકર્મવાળું હોય છે અને સમાધિ પ્રમાણે કહેવાયેલું છે. જે રીતે સમાધિ રહે તે રીતે અનશન કરે એવો ભાવ છે." (ત્રિવિધ, ચતુર્વિધ, પ્રતિકર્મતા ઈ..ની છૂટ વિ. સાગાર...)

---

अधुना ऊनोदरता-ऊनोदरस्य भाव ऊनोदरता, सा पुनर्द्विविधा-द्रव्यतो भावतश्च, तत्र द्रव्यत उपकरणभक्तपानविषया, तत्रोपकरणे जिनकल्पिकादीनामन्येषां वा तदभ्यासपराणामवगन्तव्या, न पुनरन्येषाम्, उपध्यभावे समग्रसंयमाभावाद् अतिरिक्ताग्रहणतो वोनोदरतेति, उक्तं च–"जं वट्टइ उवयारे उवगरणं तं सि होइ उवगरणं । अइरेगं अहिगरणं अजयं अजओ परिहरंतो ॥१॥" इत्यादि । भक्तपानोनोदरता पुनरात्मीयाहारादिमानपरित्यागवतो वेदितव्या, उक्तं च – "बत्तीसं किर कवला आहारो कुच्छिपूरओ भणिओ । पुरिसस्स महिलिआए अट्ठावीसं हवे कवला ॥१॥ कवलाण य परिमाणं कुक्कुडिअंडयपमाणमेत्तं तु । जो वा अविगिअवयणो वयणम्मि छुहेज्ज वीसत्थो ॥२॥" इत्यादि, एवं व्यवस्थिते सत्यूनोदरता अल्पाहारादिभेदतः पञ्चविधा

भवति, उक्तं च-अप्पाहार अवड्ढा दुभाग पत्ता तहेव किंचूणा । अट्ठ दुवालस सोलस चउवीस तहेक्कतीसा य ॥१॥ अयमत्र भावार्थः-अल्पाहारोनोदरता नामैककवलादारभ्य यावदष्टौ कवला इति, अत्र चैककवलमाना जघन्या, अष्टकवलमाना पुनरुत्कृष्टा, शेषभेदा मध्यमा च, एवं नवभ्य आरभ्य यावद् द्वादश कवलास्तावदपार्धोनोदरता जघन्यादिभेदा भावनीया इति, एवं त्रयोदशभ्य आरभ्य यावत्षोडश तावद् द्विभागोनोदरता, एवं सप्तदशभ्य आरभ्य यावच्चतुर्विंशतिस्तावत्प्राप्ता, इत्थं पञ्चविंशतेरारभ्य यावदेकत्रिंशत्तावत्किञ्चिदूनोदरता, जघन्यादिभेदाः सुधियाऽवसेयाः, एवमनेनानुसारेण पानेऽपि वाच्याः, एवं योषितोऽपि द्रष्टव्या इति, भावोनोदरता पुनः क्रोधादिपरित्याग इति, उक्तं च-"कोहाईणमणुदिणं चाओ जिणवयणभावणाओ अ । भावेणोणोदरिआ पण्णत्ता वीअरागेहिं ॥१॥" इत्यादि । उक्तोनोदरता,

---

(૨) ઉણોદરી : ઉણોદરનો ભાવ=પણું એ ઉણોદરતા. તે બે પ્રકારે છે. દ્રવ્યથી અને ભાવથી. તેમાં દ્રવ્યથી ઉણોદરી ઉપકરણ, ભોજન, પાન સંબંધી છે. તેમાં ઉપકરણમાં જિનકલ્પિક વગેરેને અથવા તો જિનકલ્પનો અભ્યાસ કરવામાં લાગેલા અન્યસાધુઓને આ ઉપકરણઉણોદરી જાણવી. (તેઓ પાત્ર, કપડાં વિ. પણ ઉપકરણો ઓછા કરી દે, એટલે એ રીતે તેમને ઉપકરણની ઉણોદરી ગણાય.)

પણ એ સિવાયના સ્થવિરકલ્પી સાધુઓને આ ઉપકરણ-ઉણોદરી નથી. કેમકે જો તેઓ જરૂરી ઉપધિમાંથી કોઈપણ ઉપધિ ઓછી કરે તો ઉપધિના અભાવમાં સંપૂર્ણસંયમ ન ટકે. એટલે એમણે આ ઉપકરણ ઉણોદરી ન લેવાય.

અથવા તો ૧૪ કરતાં વધારાની (સુવિહિતો જેને ઔપગ્રહિક ઉપધિ તરીકે ધારણ કરે છે) ઉપધિનો ત્યાગ કરવા દ્વારા આ સ્થવિરકલ્પીઓને ઉપકરણ-ઉણોદરી ઘટી શકે છે. કહ્યું છે કે 'જે ઉપકરણ ઉપકારમાં વર્તે, તે ઉપકરણ કહેવાય. અયત સાધુ, અયતનાથી જે વધારાના ઉપકરણનો પરિભોગ = ઉપયોગ કરે, તે ઉપકરણ અધિકરણ કહેવાય.'

ભક્તપાન-ઉણોદરી વળી પોતાના આહારાદિનાં પ્રમાણનો પરિત્યાગવાળાને જાણવી. કહ્યું છે કે "પુરુષને બત્રીસ કોળીયા આહાર પેટ ભરનારો કહેવાયો છે. સ્ત્રીઓને ૨૮ કોળીયા આહાર પેટ ભરનારો થાય."

કોળીયાનું પ્રમાણ કુકડીના ઈંડાના માપ જેટલું જ જાણવું. અથવા તો અવિકૃતમુખવાળો = વધુ નહિ ફાડેલા મુખવા ો વિશ્વસ્ત = શાંતિવાળો મુખમાં જે નાંખે તે કોળીયાનું માપ. (ઉતાવળો માણસ મોઢું મોટું કરી મોટા-મોટા કોળીયા મોઢામાં

મૂકે... એ કોળીયાનું માપ ન ગણાય.)

હવે આ રીતે ૩૨ કોળીયા એ પુરુષનો આહાર હોવાની વ્યવસ્થા છે એટલે ઉણોદરી તો અલ્પાહાર વગેરે ભેદથી પાંચ પ્રકારે થાય. ૩૨ કોળીયા સંપૂર્ણ આહાર છે, એ વાપરનારાને ઉણોદરી ન કહેવાય. પણ એ સંપૂર્ણ આહારની અપેક્ષાએ ઉણોદરી પાંચ પ્રકારે થાય. કહ્યું છે કે અલ્પાહાર, અપાર્ધા, દ્વિભાગા, પ્રાપ્તા, કિંચિદુના આ પાંચ ઉણોદરી છે. ક્રમશઃ ૮,૧૨,૧૬,૨૪ અને ૩૧ કોળીયાવાળી માનવી.

અહીં આ ભાવાર્થ છે. કે અલ્પાહાર, ઉણોદરી એટલે એક કોળીયાથી માંડીને આઠ કોળીયા લેવા તે. (અલ્પઆહાર લેવા દ્વારા બાકીનું ઉદર ઉન-ન્યૂન રખાયું છે જેમાં તેવી આ અલ્પાહારોણોદરી કહેવાય.)

આ અલ્પાહાર-ઉણોદરીમાં ત્રણ ભેદ છે. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ.

એમાં ૧ કોળીયો લો તો જઘન્યઅલ્પાહાર-ઉણોદરી.

૮ કોળીયા લો તો ઉત્કૃષ્ટઅલ્પાહાર-ઉણોદરી.

૨ થી ૭ કોળીયા લો તો મધ્યમઅલ્પાહાર-ઉણોદરી.

એ રીતે ૯થી માંડીને ૧૨ કોળીયા સુધી અપાર્ધ-ઉણોદરી છે. તે પણ જઘન્યાદિભેદ વિચારી લેવા. (૯ કોળીયા જઘન્ય અપાર્ધા, ૧૨ કોળીયા ઉત્કૃષ્ટ અપાર્ધા, ૧૦-૧૧ મધ્યમ-અપાર્ધા).

એમ ૧૩ થી માંડીને ૧૬ સુદી દ્વિભાગા-ઉણોદરી કહેવાય. (૧૩ જઘન્યા, ૧૬ ઉત્કૃષ્ટા, ૧૪-૧૫ મધ્યમા દ્વિભાગા.)

એમ ૧૭ થી માંડીને ૨૪ સુધી પ્રાપ્તા-ઉણોદરી. (૧૭ જઘન્યા, ૨૪ ઉત્કૃષ્ટા, ૧૮-૧૯-૨૦-૨૧-૨૨-૨૩ મધ્યમાપ્રાપ્તા.)

આમ ૨૫ થી માંડીને ૩૧ સુધી કિંચિદુના-ઉણોદરી. (૨૫ જઘન્યા, ૩૧ ઉત્કૃષ્ટા, ૨૬ થી ૩૦ મધ્યમા કિંચિદુનોણોદરી)

જઘન્ય વગેરે ભેદો બુદ્ધિમાન વડે જાણી લેવાયોગ્ય છે.

આમ આ અનુસારે પાનમાં પણ આ ઉણોદરી ભેદો કહેવાય.

આ બધા પુરુષમાં બતાવ્યા.

એમ સ્ત્રીઓમાં ૨૮ના આધારે સમજી લેવા.

આમ દ્રવ્ય-ઉણોદરી પૂર્ણ થઈ.

ભાવ-ઉણોદરી તો વળી ક્રોધાદિના પરિત્યાગ રૂપ છે. કહ્યું છે કે "જિનવચનની

ભાવના દ્વારા રોજે રોજ ક્રોધાદિનો પરિત્યાગ કરવો. એ વીતરાગો વડે ભાવથી ઉણોદરી કહેવાઈ છે."

ઉણોદરી કહેવાઈ ગઈ.

---

इदानीं वृत्तिसंङ्क्षेप उच्यते-स च गोचराभिग्रहरूपः, ते चानेकप्रकाराः, तद्यथा-द्रव्यतः क्षेत्रतः कालतो भावतश्च, तत्र द्रव्यतो निर्लेपादि ग्राह्यमिति, उक्तं च-'लेवडमलेवडं वा अमुगं दव्वं च अज्ज घिच्छामि । अमुगेण व दव्वेणं अह दव्वाभिग्गहो नाम ॥१॥ अट्ठ उ गोअरभूमी एलुगविक्खंभमित्तगहणं च । सग्गामपरग्गामे एवइय घरा य खित्तम्मि ॥२॥ उज्जुअ गंतुंपच्चागई अ गोमुत्तिआ पयंगविही । पेडा य अद्धपेडा अब्भितरबाहिसंबुक्का ॥३॥ काले अभिग्गहो पुण आदी मज्झे तहेव अवसाणे । अप्पत्ते सइकाले आदी बिइ मज्झ तइअंते ॥४॥ दिंतगपडिच्छयाणं भवेज्ज सुहुमं पि मा हु अचियत्तं । इति अप्पत्तअतीते पवत्तणं मा य तो मज्झे ॥५॥ उक्खित्तमाइचरगा भावजुआ खलु अभिग्गहा होंति । गायन्तो अ रुअंतो जं देइ निसन्नमादी वा ॥६॥ ओसक्कण अहिसक्कणपरंमुहालंकिओ नरो वावि । भावण्णयरेण जुओ अह भावाभिग्गहो णाम ॥७॥" उक्तो वृत्तिसंक्षेपः,

---

(૩) વૃત્તિસંક્ષેપ : તે ગોચરીનાં અભિગ્રહરૂપ છે. તે અભિગ્રહો અનેક પ્રકારે છે. તે આ પ્રમાણે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી, ભાવથી !

તેમાં દ્રવ્યથી અભિગ્રહ આ પ્રમાણે કે "લેપ વિનાની જ વસ્તુ લેવી..."

કહ્યું છે કે (૧) લેપવાળું કે લેપવિનાનું, અમુક દ્રવ્ય આજે ગ્રહણ કરીશ. અથવા તો વાટકી વગેરે અમુક દ્રવ્યો વડે જ અપાતું ગ્રહણ કરીશ." આ દ્રવ્યાભિગ્રહ છે. (૨) આઠ ગોચરીભૂમિઓ, ઉંબરાના વિષ્કંભ માત્રનું ગ્રહણ (એક પગ ઉંબરાની બહાર એક પગ અંદર...) સ્વગામમાં, પરગામમાં, આટલા જ ઘરો... આ બધા ક્ષેત્રાભિગ્રહો છે. (આઠમાંથી અમુક ગોચરભૂમિ મુજબ જ ગોચરી લઈશ, સ્વગામમાં જ જઈશ, પરગામમાં જ જઈશ.... વગેરે અભિગ્રહો સંભવે.)

(૩) ઋજુ ગત્વાપ્રત્યાગતિ, ગોમૂત્રિકા, પતંગવિથી, અર્ધપેટા, અભ્યંતરશુંબકા, બાહ્યશંબુકા આ આઠ ગોચરભૂમિઓ છે.

ઋજુ : ઉપાશ્રયની એક લાઈનમાં રહેલા ઘરોમાં જ ગોચરી જાય.

ગત્વાપ્રત્યાગતિ : ઉપાશ્રયની એક લાઈનનાં ઘરો પુરા કરી પછી બીજી લાઈનનાં

ઘરો કરી પાછો ઉપાશ્રયમાં આવે.

ગોમૂત્રિકા : ઉપાશ્રયની વારાફરતી સામ સામેનાં ઘરોમાં જાય.

પતંગવિથી : અનિશ્ચિતપણે ગમે તે પદ્ધતિથી છૂટા-છવાયા ઘરોમાં જાય.

પેટા : પેટીનાં આકારે ગોઠવાયેલા ઘરોમાં જાય. વચ્ચેના ઘરો હોય તે છોડી દે.

અર્ધપેટા : અડધી પેટીનાં આકાર સુધીનાં જ ઘરોમાં જાય. પછીના ઘરોમાં ન જાય.

અભ્યંતરશંબુકા : ગોળાકારે અંદરથી બહાર તરફ વહોરવા જવું.

બાહ્યશંબુકા : ગોળાકારે બહારથી અંદરની તરફ વહોરવા જવું.

(૪) કાલમાં અભિગ્રહ વળી આદિકાળમાં, મધ્યકાળમાં અને અવસાનકાળમાં થાય. સાધુઓને વહોરાવવાનો કાળ પ્રાપ્ત થયો ન હોય ત્યારે જ વહોરવું એ આદિકાલાભિગ્રહ, કાળમાં જ વહોરવાનો અભિગ્રહ એ બીજો અને કાળ પસાર થઈ ગયા બાદ અંતે વહોરવાનો અભિગ્રહ એ ત્રીજો. ("હમણાં યાચકો, સંન્યાસીઓ આવશે, આપણે દાન આપશું" આવું જે સમયે ગૃહસ્થો સ્મરણ કરતાં હોય તે સ્મૃતિકાળ કહેવાય. રસોઈ બની રહી હોય કે બની ગઈ હોય ત્યારે ગૃહસ્થો આવું વિચારે... અથવા તો સ્મૃતિગ્રંથમાં દર્શાવેલો ભિક્ષાકાળ એ સ્મૃતિકાળ. લોકો એ કાળમાં ગોચરી વહોરાવવાની અનુકૂળતાવાળા હોય. ટુંકમાં રસોઈ તૈયાર હોય... એ કાળ સ્મૃતિકાળ ગણવાનો છે.)

(૫) ભિક્ષા આપનાર અને ભિક્ષા લેનારને સૂક્ષ્મ પણ અપ્રીતિ ન થાઓ એ માટે અપ્રાપ્તકાળમાં કે અતીતકાળમાં પ્રવર્તન ન કરવું (ગોચરી માટે ન જવું) અર્થાત્ મધ્યકાળમાં ગોચરી જવું જોઈએ. (અપ્રાપ્ત કે અતીતકાળમાં દાતા કશું ન આપી શકવા બદલ દુઃખ પામે, અને ભિક્ષુ કશું ન મેળવી શકવા બદલ દુઃખ પામે. માટે ભિક્ષુએ મધ્યકાળમાં જવું જોઈએ.)

(૬) ઉત્ક્ષિપ્તચરક વગેરે ભાવયુક્ત અભિગ્રહો છે. (પોતે ગોચરી માટે પહોંચે એ વખતે દાતાએ પૂર્વેથી જે વસ્તુ હાથમાં ઉપાડી લીધી હોય, માત્ર તેને જ ગ્રહણ કરનારા ઉત્ક્ષિપ્તચરક કહેવાય.) એમ ગાતો ગાતો કે રડતો રડતો અથવા તો બેઠો બેઠો જે આપે તે લેવું.

(૭) આગળની તરફ આવતો આવતો આપે, પાછળની તરફ જતો જતો માણસ આપે, મોઢું અવળી દિશામાં કરીને વહોરાવે કે આભૂષણોથી વિભૂષિત થયેલો છતાં વહોરાવે. આવા કોઈપણ પ્રકારના ભાવ વડે યુક્ત નર વહોરાવે, તો લેવું... એ ભાવાભિગ્રહ છે.

વૃત્તિસંક્ષેપ કહેવાઈ ગયો.

**साम्प्रतं रसपरित्याग उच्यते-तत्र रसा: क्षीरादयस्तत्परित्यागस्तप इति, उक्तं च- "विगइं विगईभीओ विगइगयं जो उ भुंजए साहू। विगई विगइसहावा विगई विगइं बला णेइ ॥१॥ विगई परिणइधम्मो मोहो जमुदिज्जए उदिण्णे अ। सुट्ठुवि चित्तजयपरो कहं अकज्जे ण वट्टिहिति ? ॥२॥ दावानलमज्झगओ को तदुवसमट्ठयाइ जलमाई। सन्तेवि ण सेविज्जा ? मोहाणलदीविएसुवमा ॥३॥" इत्यादि, उक्तो रसपरित्यागः,**

હવે રસત્યાગ કહેવાય છે.

તેમાં રસ એટલે દૂધ વગેરે. તેનો ત્યાગ એ તપ છે.

● અપ્રાપ્તકાળે ગોચરી જાય તો દાયકને દુઃખ થાય. ન આપી શક્યો વિ...

જો પોતાને મળી જાય તો પછી યાચકોને ન મળે. તેથી તેઓને દુઃખ થાય... આવી સંભાવના વધુ લાગે છે.

કહ્યું છે કે "વિગતિભીત, દુર્ગતિથી ગભરાયેલો જે સાધુ વિગઈઓને કે વિકૃતિગતોને = નિવીયાતાને વાપરે છે. (તેણે સમજી રાખવું કે) વિગઈઓ (અને નિવીયાતાઓ) વિકૃતિસ્વભાવવાળી છે, અર્થાત્ મનમાં ખરાબવિચારો ઉત્પન્ન કરવાના સ્વભાવવાળી છે. (માટેજ) વિગઈ બળજબરીથી જીવને દુર્ગતિમાં લઈ જાય છે."

(૨) વિગઈ પરિણતિધર્મવાળી, અશુભ આત્મપરિણામ ઉત્પન્ન કરવાના સ્વભાવવાળી છે. કેમકે વિગઈથી મોહ ઉદય પામે છે અને મોહ ઉદય પામે તો ખૂબ સારી રીતે ચિત્તનો વિજય કરવામાં તત્પર બનેલો જીવ પણ અકાર્યમાં કેમ પ્રવૃત્તિ ન કરે ?

(૩) દાવાનળની મધ્યમાં રહેલો કયો માણસ દાવાનળનાં ઉપશમને માટે ત્યાં વિદ્યમાન એવા પણ પાણી વગેરેને ન સેવ? (અર્થાત્ દાવાનળથી બચવા પાણીનો ઉપયોગ કરે જ.) મોહરૂપી અગ્નિથી બળેલા જીવમાં આ ઉપમા છે. (અર્થાત્ જો અંદર કામાગ્નિ પ્રદીપ્ત હોય, તો જીવ તેના ઉપશમને માટે સ્ત્રી વગેરે નિમિત્ત મળતાં જ દોષ સેવી જ બેસે.) વગેરે.

રસત્યાગ કહેવાઈ ગયો.

**साम्प्रतं कायक्लेश उच्यते-स च वीरासनादिभेदाच्चित्र इति, उक्तं च-"वीरासण उक्कुडुगासणाइ लोआइओ य विण्णेओ। कायकिलेसो संसारवासनिव्वेअहेउत्ति ॥१॥ वीरासणाइसु गुणा कायनिरोहो दया अ जीवेसु। परलोअमई अ तहा बहुमाणो चेव**

अन्नेसिं ॥२॥ णिस्संगया य पच्छापुरकम्मविवज्जणं च लोअगुणा । दुक्खसहत्तं नरगादिभावणाए य निव्वेओ ॥३॥" तथाऽन्यैरप्युक्तम्–"पश्चात्कर्म पुरःकर्म (मई)र्यापथपरिग्रहः । दोषा ह्येते परित्यक्ताः, शिरोलोचं प्रकुर्वता ॥१॥" इत्यादि । गतः कायक्लेशः,

---

હવે કાયક્લેશ કહેવાય છે. તે વીરાસન વગેરે ભેદેથી અનેક પ્રકારે છે.

કહ્યું છે કે (૧) વીરાસન, ઉત્કુટુકાસન વગેરે તથા લોચ વગેરે એ કાયક્લેશ જાણવા. આ તપ સંસારવાસથી નિર્વેદ = વૈરાગ્યને ઉત્પન્ન કરાવનાર છે.

(૨) વીરાસનાદિ કાયક્લેશમાં આ પ્રમાણે ગુણો છે. (ક) કાયાનો નિરોધ = કાયગુપ્તિ (ખ) જીવોને વિશે દયા (હલનચલનાદિ ઘટવાથી જીવવિરાધના ઘટે) (ગ) પરલોકમતિ (કાયગુપ્તિવાળાને એકાગ્રતા દ્વારા પરલોકાદિ સંબંધી શુભવિચારો પ્રગટે...) (ઘ) બીજાઓ ઉપર બહુમાન થાય. (આ કાયગુપ્તિ પૂર્વમાં જે મહાપુરુષોએ સેવી હોય તેઓ ઉપર બહુમાન થાય. એક તો એવું બને કે એ મહાપુરુષોએ આ કાયગુપ્તિ સેવી છે, તો આપણે પણ સેવીએ..." એમ વિચારથી વીરાસનાદિ થાય. આમાં બહુમાન સ્પષ્ટ જ છે. અથવા તો એ કાયગુપ્તિ કર્યા બાદ બહુમાન થાય કે "અહો ! પૂર્વના મહાપુરુષોએ કેવો સુંદર આ તપ દર્શાવ્યો.)

(૩) લોચનાં ગુણો આ પ્રમાણે છે (ક) નિસ્સંગતા (વાળોનો સંગ ગયો, માટે.) (ખ) પશ્ચાત્કર્મ અને પૂર્વકર્મનો ત્યાગ (વાળ જો કપાવીએ, તો કપાવતા પૂર્વે અને પછી પાણી વગેરે જીવવિરાધનાની શક્યતા છે.) વળી (ગ) દુઃખને સહન કરવાનું મળે. (ઘ) (જો લોચમાં આવું દુઃખ છે, તો નારકાદિમાં તો કેવા ભયંકર દુઃખો હશે ? માટે ખરેખર આ સંસારમાં રહેવા જેવું જ નથી... એમ) નરકાદિની ભાવના વડે નિર્વેદ પ્રગટે. સંસારવૈરાગ્ય પ્રગટે.

વળી બીજાઓ વડે પણ કહેવાયું છે કે, 'મસ્તકનાં લોચને કરનારો આ દોષોને ત્યજી ચૂકેલો બને છે. પશ્ચાત્કર્મ, પૂર્વકર્મ, ઈર્યાપથનો સ્વીકાર. (લોચ ન કરાવે અને હજામ પાસે વાળ કપાવે તો વાળ કાપ્યા બાદ હાથાદિ ધોવામાં જલહિંસા થાય. વાળ કાપતાં પૂર્વે અસ્ત્રો ધોવામાં પણ હિંસા થાય. અને હજામ પાસે જવા રૂપ જે ઈર્યાપથસ્વીકાર, તેનો પણ ત્યાગ થાય. હજામ પાસે જવું જ ન પડે.)

કાયક્લેશ પૂર્ણ થયો.

---

साम्प्रतं संलीनतोच्यते इयं चेन्द्रियसंलीनतादिभेदाच्चतुर्विधेति, उक्तं च–

"इंदिअकसायजोए पडुच्च संलीणया मुणेयव्वा । तहय विवित्ताचरिआ पण्णत्ता वीअरागेहिं ॥१॥" तत्र श्रोत्रादिभिरिन्द्रयैः शब्दादिषु सुन्दरेतरेषु रागद्वेषाकरणमिन्द्रिय-संलीनतेति, उक्तं च –"सद्देसु अ भद्दयपावएसु सोअविसयमुवगएसु । तुट्ठेण व रुट्ठेण व समणेण सया ण होअव्वं ॥१॥" एवं शेषेन्द्रियेष्वपि वक्तव्यम्, यथा–"रूवेसु अ भद्दगपावएसु" इत्यादि । उक्तेन्द्रियसंलीनता, अधुना कषायसंलीनता - सा च तदुदयनिरोधोदीर्णविफलीकरणलक्षणेति, उक्तं च–"उदयस्सेव निरोहो उदयं पत्ताण वाऽफलीकरणं । जं इत्थ कसायाणं कसायसंलीनता एसा ॥१॥" इत्यादि, उक्ता कषायसंलीनता, साम्प्रतं योगसंलीनता-सा पुनर्मनोयोगादीनामकुशलानां निरोधः कुशलानामुदीरणमित्येवंभूतेति, उक्तं च–"अपसत्थाण निरोहो जोगाणमुदीरणं च कुसलाणं । कज्जम्मि य विहिगमणं जोए संलीणया भणिआ ॥१॥" इत्यादि । उक्ता योगसंलीनता, अधुना विविक्तचर्या, सा पुनरियम् –"आरामुज्जाणादिसु थीपसुपंडगविवज्जिएसु जं ठाणं । फलगादीण य गहणं तह भणियं एसणिज्जाणं ॥१॥" गता विविक्तचर्या, उक्ता संलीनता ।

---

હવે સંલીનતા કહેવાય છે.

આ સંલીનતા ઈન્દ્રિયસંલીનતા વગેરે ભેદથી ચાર પ્રકારે છે.

કહ્યું છે કે ઈન્દ્રિય, કષાય અને યોગને આશ્રયીને સંલીનતા જાણવી. તથા વિવિક્તચર્યા વીતરાગો વડે કહેવાયેલી છે. (એ પણ સંલીનતા જ છે.)

તેમાં સારા કે ખરાબ એવા શબ્દ, રૂપ, ગંધાદિ વિષયોમાં કાન વગેરે ઈન્દ્રિયો વડે રાગ અને દ્વેષ ન કરવા એ ઈન્દ્રિયસંલીનતા.

કહ્યું છે કે 'શ્રોત્રના વિષયને પામેલા એવા સારા અને ખરાબ શબ્દોને વિશે સાધુએ સદા માટે ખુશ કે દુઃખી થવું ન જોઈએ.'

એમ બાકીની ઈન્દ્રિયોમાં પણ સમજી લેવું. દા.ત. रूपेसु अ भद्दगपावगेसु ઈન્દ્રિયસંલીનતા કહેવાઈ ગઈ.

હવે કષાયસંલીનતા કહેવાય છે. તે બે પ્રકારની છે. (૧) કષાયોના ઉદયને અટકાવવો તે. (૨) ઉદયમાં આવી ચૂકેલા કષાયોને નિષ્ફળ કરવા તે. (સ્થૂલભાષામાં કહીએ તો મનમાં પણ કષાય ન જાગવા દેવો તે ઉદયનિરોધ ! જ્યારે મનમાં જાગેલા કષાયોને વચન-કાયામાં ન જવા દેવા... એ ઉદીર્ણવિફલીકરણ કહેવાય.)

કહ્યું છે કે 'અહીં કષાયોનાં ઉદયનો જ જે નિરોધ કરવો કે ઉદયને પામેલા કષાયોને ફળરહિત કરવા એ કષાયસંલીનતા છે'... વગેરે.

કષાયસંલીનતા કહેવાઈ ગઈ.

હવે યોગસંલીનતા કહેવાય છે.

તે આવા પ્રકારની છે કે (૧) અકુશલ એવા મનોયોગાદિનો નિરોધ કરવો અને કુશલ એવા મનોયોગાદિને ઉદીરવા = પ્રગટ કરવા. કહ્યું છે કે "અપ્રશસ્તયોગોનો નિરોધ અને કુશલયોગોનું ઉદીરણાકરણ તથા કામ આવી પડે ત્યારે વિધિપૂર્વક ગમન કરવું એ યોગને વિશે સંલીનતા કહેવાયેલી છે..." વગેરે...

યોગસંલીનતા કહેવાઈ ગઈ.

હવે વિવિક્તચર્યા કહેવાય છે.

તે વળી આ છે કે સ્ત્રી,પશુ,નપુંસકથી રહિત એવા બગીચા, ઉદ્યાન વગેરેમાં જે રહેવું અને એષણીય = નિર્દોષ પાટ-પાટલાદિનું ગ્રહણ કરવું એ વિવિક્તચર્યા છે.

વિવિક્તચર્યા કહેવાઈ ગઈ.

સંલીનતા કહેવાઈ ગઈ.

---

**'बज्झो तवो होही' इति एतदनशनादि बाह्यं तपो भवति, लौकिकैरप्यासेव्यमानं ज्ञायत इतिकृत्वा बाह्यमित्युच्यते विपरीतग्राहेण वा कुतीर्थिकैरपि क्रियत इतिकृत्वा इति गाथार्थः ॥ उक्तं बाह्यं तपः,**

---

ગાથામાં **बज्झ तवो होही** લખેલ છે. એનો અર્થ આ પ્રમાણે કે આ અનશનાદિ એ બાહ્યતપ છે.

**પ્રશ્ન :** આને બાહ્યતપ કેમ કહો છો ?

**ઉત્તર :** આસેવન કરાતાં આ તપને લૌકિકો-અજૈનો પણ તપ તરીકે જાણી શકે છે માટે એ બાહ્ય કહેવાય છે. અથવા કુતીર્થિકો પણ ઉંધી રીતે ગ્રહણ કરવા વડે આ તપને કરે છે. માટે એ બાહ્યતપ કહેવાય છે. (તેઓ મોક્ષ માટે નહિ, પણ બીજી-ત્રીજી ઈચ્છાથી તપ કરે છે. વળી વિધિપૂર્વક નહિ, પણ જેમતેમ એ તપ કરે છે.)

આ બાહ્યતપ કહ્યો.

---

**इदानीमाभ्यन्तरमुच्यते । तच्च प्रायश्चित्तादिभेदमिति, आह च –**

पायच्छित्तं विणओ वेआवच्चं तहेव सज्झाओ । झाणं उस्सग्गोऽवि अ अब्भितरओ तवो होइ ॥४८॥

---

હવે આભ્યન્તરતપ કહેવાય છે.

તે પ્રાયશ્ચિત્ત વગેરે ભેદવા ો

એ જ હવે કહે છે કે

નિર્યુક્તિ-૪૮ ગાથાર્થ : પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને ઉત્સર્ગ આ અભ્યન્તર તપ છે.

---

**व्याख्या-तत्र पापं छिनत्तीति पापच्छित्, अथवा यथावस्थितं प्रायश्चित्तं शुद्धमस्मिन्निति प्रायश्चित्तमिति, उक्तं च – "पावं छिंदइ जम्हा पायच्छित्तंति भण्णए तम्हा । पाएण वावि चित्तं विसोहई तेण पच्छित्तं ॥१॥" तत्पुनरालोचनादि दशधेति, उक्तं च – "आलोयणपडिक्कमणे मीसविवेगे तहा विउस्सग्गे । तवछेअमूलअणवट्ठया य पारंचिए चेव ॥१॥" भावार्थोऽस्या आवश्यकविशेषविवरणादवसेय इति । उक्तं प्रायश्चित्तं,**

---

**ટીકાર્થ :** આ આભ્યન્તરતપમાં પહેલું તપ છે **पायच्छित्** - પાપને છેદે તે **पापच्छित्** (પ્રાકૃતમાં એ પાયચ્છિત્તં એમ લખાય.) અથવા તો આ તપ હોતે છતેં પ્રાયઃ ચિત્ત યથાવસ્થિત શુદ્ધ થાય છે. એટલે આ પ્રાયશ્ચિત્ત કહેવાય. (પાપ પૂર્વે જેવું શુદ્ધ હતું. પાપકર્યા બાદ પ્રાયશ્ચિત્ત કરવાથી એ ચિત્ત પૂર્વના જેવું જ શુદ્ધ થાય છે.)

કહ્યું છે કે 'જે કારણથી આ તપ પાપને છેદે છે, તે કારણથી તે પાયચ્છિતં કહેવાય છે. અથવા તો પ્રાયઃ કરીને ચિત્તને વિશુદ્ધ કરે છે, તે કારણથી તે પ્રાયશ્ચિત્ત છે.'

તો પ્રાયશ્ચિત્ત આલોચના વગેરે દશ પ્રકારે છે. કહ્યું છે કે "આલોચન, પ્રતિક્રમણ, તદુભય, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, મૂલ, અનવસ્થાપ્ય અને પારાંચિક."

આનો ભાવાર્થ આવશ્યકસૂત્રનાં વિશેષવિવરણથી જાણી લેવો. (આવશ્યક ઉપરની પૂજ્ય હરિભદ્રસૂરિજીની વૃત્તિમાંથી જાણી લેવો.)

પ્રાયશ્ચિત્ત કહેવાઈ ગયું.

---

**साम्प्रतं विनय उच्यते-तत्र विनीयतेऽनेनाष्टप्रकारं कर्मेति विनय इति, उक्तं च – "विनयफलं शुश्रूषा गुरुशुश्रूषाफलंश्रुतज्ञानम् । ज्ञानस्य फलं विरतिर्विरतिफलं चाश्रवनिरोधः ॥१॥ संवरफलं तपोबलमथ तपसो निर्जरा फलं दृष्टम् ।**

तस्मात्क्रियानिवृत्तिः क्रियानिवृत्तेरयोगित्वम् ॥२॥ योगनिरोधाद्भवसन्ततिक्षयः सन्तितक्षयान्मोक्षः । तस्मात्कल्याणानां सर्वेषां भाजनं विनयः ॥३॥'' स च ज्ञानादिभेदात् सप्तधा, उक्तं च – ''णाणे दंसणचरणे मणवइकाओवयारिओ विणओ । णाणे पंचपगारो मइणाणाईण सद्दहणं ॥१॥ भत्ती तह बहुमाणो तद्दिट्ठत्थाण सम्मभावणया । विहिगहणब्भासोवि अ एसो विणओ जिणाभिहिओ ॥२॥ सुस्सूसणा अणासायणा य विणओ अ दंसणे दुविहो । दंसणगुणाहिएसुं कज्जइ सुस्सूसणाविणओ ॥३॥ सक्कारब्भुट्ठाणे सम्माणासण अभिग्गहो तह य । आसणअणुप्पयाणं किइकम्मं अंजलिगहो अ ॥४॥ एंतस्सणुगच्छणया ठिअस्स तह पज्जुवासणा भणिया । गच्छंताणुव्वयणं एसो सुस्सूसणाविणओ ॥५॥ इत्थ य सक्कारो-थुणणवंदणादि अब्भुट्ठाणं-जओ दीसइ तओ चेव कायव्वं, संमाणो वत्थपत्तादीहिं पूअणं, आसणाभिग्गहो पुण-अच्छंतस्सेवायरेणासणाणयणपुव्वगं उवविसह एत्थत्ति भण्णंति, आसणअणुप्पदाणं तु ठाणाओ ठाणं संचारणं, किइकम्मादओ पगडत्था । अणासायणाविणओ पुण पण्णरसविहो, तंजहा–''तित्थगर धम्म आयरिअ वायगे थेर कुलगणे संधे । संभोइय किरियाए मइणाणाईण य तहेव ॥१॥'' एत्थ भावणा-तित्थगराणमणासायणाए तित्थगरपन्नत्तस्स धम्मस्स अणासायणाए । एवं सर्वत्र द्रष्टव्यम् । ''कायव्वा पुण भत्ती बहुमाणो तह य वण्णवाओ अ । अरिहंतमाइयाणं केवलणाणावसाणाणं ॥१॥'' उक्तो दर्शनविनयः, साम्प्रतं चारित्रविनयः– ''सामाइयाइचरणस्स सद्दहाणं तहेव काएणं । संफासणं परूवणमह पुरओ भव्वसत्ताणं ॥१॥ मणवइकाइयविणओ आयरियाईण सव्वकालंपि । अकुसलमणोनिरोहो कुसलाण उदीरणं तहय ॥२॥'' इदानीमौपचारिकविनयः, स च सप्तधा, – अब्भासऽच्छणछंदाणुवत्तणं कयपडिकिई तहय । कारियणिमित्तकरणं दुक्खत्तगवेसणा तहय ॥१॥ तह देसकालजाणण सव्वत्थेसु तहयणुमई भणिया । उवआरिओ उ विणओ एसो भणिओ समासेणं ॥२॥ तत्थ अब्भासऽच्छणं आएसत्थिणा णिच्चमेव आयरियस्स अब्भासे-अदूरसामत्थे अच्छेअव्वं, छंदोऽणुवत्तियव्वो, कयपडिकिई णाम पसण्णा आयरिया सुत्तत्थतदुभयाणि दाहिंति ण णाम निज्जरत्ति आहारादिणा जइयव्वं, कारियणिमित्तकरणं सम्ममत्थपदमहेज्जाविएण विणएण विसेसेण वट्टिअव्वं, तयट्ठाणुट्ठाणं च कायव्वं, सेस भेदा पसिद्धा । उक्तो विनयः,

હવે વિનય કહેવાય છે.

તેમાં જેના વડે આઠ પ્રકારનું કર્મ દૂર કરાય તે વિનય. કહ્યું છે કે "(૧) વિનયનું ફલ શુશ્રૂષા છે. ગુરુ શુશ્રૂષાનું ફલ શ્રુતજ્ઞાન છે. જ્ઞાનનું ફલ વિરતિ છે. વિરતિનું ફલ આશ્રવનિરોધ છે. (અર્થાત્ સંવર છે.) (૨) સંવરનું ફલ તપોબલ છે. તપનું ફલ નિર્જરા જોવાયેલું છે. તેનાથી ક્રિયાની નિવૃત્તિ થાય અને ક્રિયાનિવૃત્તિથી અયોગિપણું પ્રાપ્ત થાય. (૩) યોગનિરોધથી ભવપરંપરાનો ક્ષય થાય, ભવપરંપરાનાં ક્ષયથી મોક્ષ થાય. તેથી વિનય તમામ કલ્યાણોનું ભાજન છે."

તે વિનય જ્ઞાનાદિ ભેદથી સાત પ્રકારે છે.

કહ્યું છે કે

"(૧) જ્ઞાનમાં વિનય, દર્શનમાં વિનય, ચારિત્રમાં વિનય, મન-વચન અને કાયામાં વિનય, ઔપચારિક વિનય આમ સાત પ્રકારે વિનય છે. જ્ઞાનમાં વિનય પાંચ પ્રકારે છે. (ક) મતિજ્ઞાનાદિની શ્રદ્ધા. (૨) (ખ) જ્ઞાનીની ભક્તિ (ગ) જ્ઞાની ઉપર બહુમાન (ઘ) જ્ઞાન વડે દેખાડાયેલા અર્થોની સમ્યગ્ રીતે ભાવના કરવી. (ચ) વિધિપૂર્વક જ્ઞાનનું ગ્રહણ કરવામાં અભ્યાસ, પ્રયત્ન પણ કરવો. જિન વડે કહેવાયેલો આ વિનય છે.

(૩) દર્શનમાં વિનય બે પ્રકારે છે. • સુશ્રુષાવિનય • અનાશાતના વિનય. સમ્યગ્દર્શન ગુણથી અધિક એવા આત્માઓને વિશે સુશ્રૂષાવિનય કરાય છે. (એ નીચે પ્રમાણે છે.) (૪) (ક) સત્કાર (ખ) અભ્યુત્થાન (ગ) સન્માન (ઘ) આસન-અભિગ્રહ (ચ) આસન-અનુપ્રદાન (છ) કૃતિકર્મ (જ) અંજલિગ્રહ. (૫) (ઝ) આવતાં હોય ત્યારે સામે જવું (ટ) આવીને સ્થિર રહ્યા હોય તો પર્યુપાસના (પગદબાવવાદિરૂપ) કરવી (ઠ) એ જતા હોય તો પાછળ જવું. આ સુશ્રુષાવિનય છે."

(ઉપર ગાથામાં બતાવેલા સુશ્રુષાવિનયનાં પ્રકારોનો સ્પષ્ટ અર્થ વૃત્તિમાં હવે દર્શાવે છે કે)

આમાં સત્કાર એટલે સ્તવના કરવી, વંદન કરવા વગેરે.

અભ્યુત્થાન એટલે એ ગુણાધિક મુનિ જેવા દેખાય કે તરત જ ઉભા થઈ જવું.

સન્માન એટલે વસ્ત્રપાત્રાદિ વડે પૂજન.

આસનાભિગ્રહ એટલે એ મુનિ ઉભા ોય, તો તરત આદરથી આસન લઈ આવવાપૂર્વક એમ કહેવું કે "અહીં બિરાજો"

આસન-અનુપ્રદાન એટલે એક સ્થાનેથી બીજા સ્થાને આસન લઈ જવું. (દર્શનાધિક મુનિ આપણી પાસેથી બીજા પાસે જાય, તો ત્યાં પણ એમને આસન પાથરી આપવું...)

કૃતિકર્મ વગેરે વિનયો પ્રગટ-અર્થવાળા છે. (કૃતિકર્મ એટલે પગનું પ્રક્ષાલન કરવું... વગેરે. **અંજલિપ્રગ્રહ** એટલે એમની સામે હાથ જોડીને ઉચિત વિનયપૂર્વક બેસવું તે. **પર્યુપાસના** એટલે પગ દબાવવા... વગેરે... બાકી બધું સ્પષ્ટ જ છે.)

અનાશાતના દર્શનવિનય વળી પંદર પ્રકારે છે.

તે આ પ્રમાણે, તીર્થંકર, ધર્મ, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, કુલ, ગણ, સંઘ, સાંભોગિક, ક્રિયા, મતિજ્ઞાનાદિ પંચક આ પંદરનો અનાશાતના વિનય સમજવાનો છે.

અહીં ભાવના = સ્પષ્ટ અર્થ એ છે કે તીર્થંકરની આશાતના ન કરવી. તીર્થંકર વડે કહેવાયેલ ધર્મની આશાતના ન કરવી... એમ સર્વત્ર સમજી લેવું. (અહીં ક્રિયા એટલે પ્રતિક્રમણાદિ ક્રિયાઓ પણ સમજી શકાય. ઉપરાંત **स्यादस्ति आत्मा नित्यः** આવું બોલનારાઓ ક્રિયાવાદી કહેવાયા છે, ત્યાં આત્માનાં અસ્તિત્વાદિરૂપ ક્રિયાઓ પણ ક્રિયા તરીકે દર્શાવી છે. એ પણ લઈ શકાય. એ પદાર્થોનું ખંડન કરવું એ પણ તે ક્રિયાની આશાતના છે...)

અરિહંતથી માંડીને કેવલજ્ઞાન સુધીના પદાર્થોની ભક્તિ કરવી, એમના પર બહુમાન કરવું, એમનો વર્ણવાદ (પ્રશંસા) કરવો. (ભક્તિનો અર્થ યથોચિત કરવો.)

દર્શનવિનય કહેવાઈ ગયો.

હવે ચારિત્રવિનય કહેવાય છે.

(૧) સામાયિકાદિ પાંચ ચારિત્રોની શ્રદ્ધા કરવી, કાયા વડે તેની સ્પર્શના કરવી. તથા ભવ્યજીવોની આગળ તેની પ્રરૂપણા કરવી.

(૨) આચાર્યાદિનો સર્વકાલ માટે મન,વચન,કાયા સંબંધી વિનય કરવો. અકુશલમનનો નિરોધ કરવો અને કુશલ મન,વચન, કાયાની ઉદીરણા કરવી.

(આ ચારિત્રવિનય કહેવાઈ ગયો.)

હવે ઔપચારિકવિનય કહેવાય છે.

તે સાત પ્રકારે છે.

(૧) નજીકમાં રહેવું, ઈચ્છાને અનુસરવું, કૃતિપ્રતિકૃતિ, કારિતનિમિત્તકરણ, દુઃખાર્તગવેષણા, (૨) દેશકાલજ્ઞાન, સર્વ અર્થોમાં અનુમતિ કહેવાયેલી છે. સંક્ષેપથી આ ઉપચારિકવિનય કહેવાયો.

(ઉપરના જ સાત પ્રકારના ઔપચારિક વિનયનો સ્પષ્ટ અર્થ હવે દર્શાવે છે.)

• નજીકમાં રહેવું એટલે એમ સમજવું કે આચાર્યના આદેશની ઈચ્છાવાળા શિષ્યો

કાયમ માટે આચાર્યની નજીકમાં જ રહેવું. ( **अदूरासन्ने**- ઘણું દૂર પણ નહિ, અતિનજીક પણ નહિ એ રીતે નજીકમાં રહેવું. નજીકમાં હોય તો આચાર્ય એને આદેશ કરી શકે અને તો એ આદેશનું પાલન કરવાનો લાભ મળે.)

● આચાર્યની ઈચ્છાને અનુસરવું.

● કૃતપ્રતિકૃતિ એટલે "પ્રસન્ન થયેલા આચાર્ય મને સૂત્ર, અર્થ, તદુભય આપશે, કદાચ ન આપે તો પણ નિર્જરા તો થવાની જ છે." એ પ્રમાણે વિચારી આહારાદિ વડે આચાર્યની સેવામાં યત્ન કરવો. (કૃત = શિષ્ય ગુરુની વૈયાવચ્ચ કરે તે. પ્રતિકૃતિ એટલે એના બદલામાં ગુરુ ભણાવે તે... આ રીતે કૃતપ્રતિકૃતિનો શબ્દાર્થ સમજવો. શિષ્ય વડે **કૃતની** = કરાયેલ વૈયાવચ્ચની **પ્રતિકૃતિ** = ગુરુ વડે કરાતી પ્રતિકૃતિ એટલે કે પ્રત્યુપકાર...)

● કારિતનિમિત્તકરણ એટલે આચાર્ય વડે જે શિષ્યને સારી રીતે અર્થપદો, પદાર્થો, શાસ્ત્રો ભણાવાયા છે. એ શિષ્યે વિશેષથી આચાર્ય પ્રત્યે વિનય વડે વર્તવું જોઈએ. (કેમકે આચાર્યશ્રી એ શિષ્ય ઉપર ઉપકાર કરી ચૂકેલા છે.) (કારિત એટલે ગુરુ વડે ભણાવાયું છે તે. તે નિમિત્તે શિષ્ય એમની વૈયાવચ્ચ કરે એ કારિતના નિમિત્તથી કરણ કહેવાય.) અને તેમના કાર્યો કરી આપવા જોઈએ.

બાકીના ભેદો પ્રસિદ્ધ છે.

(પ્રસિદ્ધ ભેદો તરીકે દુઃખાર્તગવેષણાદિ લેવાના છે. એમાં દુઃખથી આર્ત થયેલા એટલે કે રોગાદિથી પીડાતા ગુર્વાદિની કાળજી કરવી તે દુઃખાર્તગવેષણા ! દેશકાલજ્ઞાન એટલે ગુરુને કયો દેશ, કયો કાળ અનુકૂળ છે, એ દેશકાળને અનુસારે એમને કયું દ્રવ્ય અનુકૂળ છે... આ બધી જ માહિતી મેળવવી એ પણ એક પ્રકારનો વિનય છે. તથા **सर्वार्थेषु अनुमति** એટલે ગુરુ કોઈપણ આજ્ઞા કરે એ તમામે તમામ આજ્ઞાઓમાં સંમતિ જ આપવી, એમાં ના ન પાડવી. એ આ પણ એક વિનય છે.) વિનય કહેવાઈ ગયો.

---

**इदानीं वैयावृत्त्यम्–तत्र व्यापृतभावो वैयावृत्त्यमिति, उक्तं च–"वेआवच्चं वावडभावो इह धम्मसाहणणिमित्तं । अण्णादियाण विहिणा संपायणमेस भावत्थो ॥१॥ आयरिअ उवज्झाए थेर तवस्सी गिलाणसेहाणं । साहम्मियकुलगणसंघसंगयं तमिह कायव्वं ॥२॥ तत्थ आयरिओ पंचविहो, तंजहा-पव्वावणायरिओ दिसायरिओ सुत्तस्स उद्देसणायरिओ सुत्तस्स समुद्देस्सणायरिओ वायणायरिओत्ति, उवज्झाओ पसिद्धो चेव, थेरो नाम जो गच्छस्स संठितिं करेइ, जाइसुअपरियायाइसु वा थेरो,**

**तवस्सी नाम जो उग्गतवचरणरओ, गिलाणो नाम रोगाभिभूओ, सिक्खगो णाम जो अहुणा पव्वइओ, साहम्मिओ णाम एगो पवयणओ ण लिंगओ, एगो लिंगओ ण पवयणओ, एगो लिंगओ वि पवयणओ वि, एगो ण लिंगओ ण पवयणओ, कुलगणसंघा पसिद्धा चेव ।**

---

હવે વૈયાવચ્ચ કહેવાય છે.

તેમાં વ્યાપૃતભાવ એટલે વૈયાવચ્ચ. ટુંકમાં ગુર્વાદિના કાર્યોમાં વિશેષથી પરોવાઈ જવું, વ્યાપારિત થઈ જવું એ વ્યાપૃતભાવ કહેવાય.

કહ્યું છે કે "(૧) વૈયાવચ્ચ એટલે વ્યાપૃતભાવ ! આ જિનશાસનમાં ધર્મને સાધવાને માટે વિધિપૂર્વક અન્નાદિનું દાન કરવું, સંપાદન કરવું તે વૈયાવચ્ચ છે. આ પ્રમાણે વૈયાવચ્ચશબ્દનો ભાવાર્થ છે. (ગુર્વાદિને અન્નાદિ આપીએ, તો એમાં આપણાં પણ ધર્મની સિદ્ધિ થાય અને ગુર્વાદિને પણ શરીરાદિ સ્વસ્થ થવાથી ધર્મ કરવામાં અનુકૂળતા આવે. આમ એમના પણ ધર્મની સિદ્ધિ થાય. આમ બંને રીતે ધર્મને સાધવાને માટે આ વૈયાવચ્ચ કરાય.

અથવા તો એવો અર્થ પણ થાય કે ધર્મનું સાધન શરીર છે, અને તેનું નિમિત્ત વૈયાવચ્ચ છે. અન્નાદિસંપાદનરૂપ વૈયાવચ્ચ દ્વારા ગુર્વાદિનું શરીર ટકે છે, એ સ્પષ્ટ છે.)

(૨) તે વૈયાવચ્ચ અહીં આચાર્ય-ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન, શૈક્ષ, સાધર્મિક, કુલ, ગણ અને સંઘસંબંધી કરવાનું છે. અર્થાત્ આચાર્યદિનું વૈયાવચ્ચ કરવાનું છે." (એ આચાર્યાદિનું જ અત્રે વર્ણન કરે છે.)

- તેમાં આચાર્ય પાંચ પ્રકારનાં

તે આ પ્રમાણે

(૧) દીક્ષા આપનાર આચાર્ય

(૨) જેનું દિગ્બંધન થાય, તે દિગાચાર્ય (અર્થાત્ જે આચાર્યનાં શિષ્ય તરીકે નામ જાહેર થાય તે.)

(૩) સૂત્રનો ઉદ્દેશો કરાવે તે ઉદ્દેશાચાર્ય.

(૪) સૂત્રનો સમુદ્દેશ કરાવે તે સમુદ્દેશાચાર્ય

(૫) વાચના આપનાર વાચનાચાર્ય.

- ઉપાધ્યાય તો પ્રસિદ્ધ જ છે.



नमोऽस्तु तस्मै जिनशासनाय

● સ્થવિર એટલે ગચ્છની સંસ્થિતિને કરે. (ગચ્છને વ્યવસ્થિત કરે, ગચ્છનાં સાધુ અસ્થિર હોય તો સ્થિર કરે.)

અથવા તો જાતિ, શ્રુત, પર્યાય વગેરેમાં સ્થિર જાણવો. (ઉંમરથી મોટો એ જાતિસ્થવિર, વધુ ભણેલો શ્રુતસ્થવિર અને વધુ દીક્ષાપર્યાયવા ો પર્યાયસ્થવિર...)

● શિક્ષક એટલે જે હમણાં દીક્ષિત થયો હોય તે.

● સાધર્મિકમાં ચતુર્ભંગી થાય.

(૧) પ્રવચનથી સાધર્મિક છે, લિંગથી નથી (શ્રાવક-શ્રાવિકાઓ)

(૨) લિંગથી સાધર્મિક છે, પ્રવચનથી નથી (નિહ્નવો...)

(૩) લિંગથી સાધર્મિક છે, પ્રવચનથી પણ સાધર્મિક છે. (સાચો સાધુ)

(૪) લિંગથી સાધર્મિક નથી, પ્રવચનથી સાધર્મિક નથી. (અજૈન ગૃહસ્થાદિ)

● કુલ, ગણ અને સંઘ પ્રસિદ્ધ જ છે.

---

**इदानीं सज्झाओ, सो अ पंचविहो-वायणा पुच्छणा परिअट्टणा अणुप्पेहा धम्मकहा, वायणा नाम सिस्सस्स अज्झावणं, पुच्छणा सुत्तस्स अत्थस्स वा हवइ, परिअट्टणा नाम परिअट्टणंति वा अब्भस्सणंति वा गुणणंति एगट्ठा, अणुप्पेहा नाम जो मणसा परिअट्टेइ णो वायाए, धम्मकहा णाम जो अहिंसाइलक्खणं सव्वण्णुपणीअं धम्मं अणुओगं वा कहेइ, एसा धम्मकहा । गतः स्वाध्यायः**

---

હવે સ્વાધ્યાય કહેવાય છે.

તે પાંચ પ્રકારે છે. વાચન, પૃચ્છના, પરાવર્તના, અનુપેક્ષા, ધર્મકથા.

● વાંચના એટલે શિષ્યને ભણાવવો તે.

● પૃચ્છા સૂત્રની કે અર્થની થાય. (પુસ્તકો ન હોવાથી, મૌખિક પઠન ચાલતું હોવાથી સૂત્રમાં શંકાદિ થાય તો ગુરુને પુછવું પડે. અર્થમાં તો પૃચ્છા સ્પષ્ટ જ છે.)

● પરિવર્તના એટલે પરિવર્તન કે અભ્યસન કે ગુણન આ સમાનાર્થી છે.

● અનુપ્રેક્ષા એટલે મનથી પરાવર્તન = પુનરાવર્તન કરે, પણ વચનથી ન કરે તે.

● ધર્મકથા એટલે જે સાધુ અહિંસાદિલક્ષણવાળા સર્વજ્ઞકથિત ધર્મને કહે તે કથન કે અનુયોગ, વ્યાખ્યાન એ ધર્મકથા !

સ્વાધ્યાય કહેવાઈ ગયો.

इदानीं ध्यानमुच्यते–तत्पुनरार्त्तादिभेदाच्चतुर्विधम्, तद्यथा-आर्त्तध्यानं रौद्रध्यानं धर्मध्यानं शुक्लध्यानं चेति, तत्र "राज्योपभोगशयनासनवाहनेषु, स्त्रीगन्धमाल्यमणिरत्नविभूषणेषु । इच्छाभिलाषमतिमात्रमुपैति मोहाद्, ध्यानं तदार्त्तमिति तत्प्रवदन्ति तज्ज्ञाः ॥१॥ संछेदनैर्दहनभञ्जनमारणैश्च, बन्धप्रहारदमनैर्विनिकृन्तनैश्च । यो याति रागमुपयाति च नानुकम्पां, ध्यानन्तु रौद्रमिति तत्प्रवदन्ति तज्ज्ञाः ॥२॥ सूत्रार्थसाधनमहाव्रतधारणेषु, बन्धप्रमोक्षगमनागमहेतुचिन्ता । पञ्चेन्द्रियव्युपरमश्च दया च भूते, ध्यानं तु धर्ममिति तत्प्रवदन्ति तज्ज्ञाः ॥३॥ यस्येन्द्रियाणि विषयेषु पराङ्मुखानि, सङ्कल्पकल्पनविकल्पविकारदोषैः । योगैः सदा त्रिभिरहो निभृतान्तरात्मा, ध्यानोत्तमं प्रवरशुक्लमिदं वदन्ति ॥४॥ आर्त्ते तिर्यगि( गग )तिस्तथा गतिरधो ध्याने तु रौद्रे सदा, धर्मे देवगतिः शुभं बत फलं शुक्ले तु जन्मक्षयः । तस्माद् व्याधिरुगन्तके हितकरे संसारनिर्वाहके, ध्याने शुक्लवरे रजःप्रमथने कुर्यात् प्रयत्नं बुधः ॥५॥" इति । उक्तं समासतो ध्यानं, विस्तरतस्तु ध्यानशतकादवसेयमिति ।

---

હવે ધ્યાન કહેવાય છે.

તે ધ્યાન વળી આર્ત વગેરે ભેદથી ચાર પ્રકારે છે.

તે આ પ્રમાણે, આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુકલધ્યાન.

તેમાં

● "રાજયોપભોગ, શયન, આસન, વાહનમાં તથા સ્ત્રી, ગન્ધમાલ્ય (સુગંધી પુષ્પમાળાદિ), મણિ, રત્ન, વિભૂષણોમાં મોહના કારણે જીવ જે અતિવધુ પ્રમાણમાં ઈચ્છાભિલાષને, તૃષ્ણાને પામે તે આર્તધ્યાન છે." આ પ્રમાણે આર્તધ્યાનને જાણનારાઓ તે ઈચ્છાભિલાષરૂપ આર્તધ્યાનને કહે છે. (तज्ज्ञाः = आर्तध्यानज्ञातारः, तत्=आर्तध्यानं)

● "છેદવાની ક્રિયાઓ વડે, બાળવું, ભાગવું, મારવું એ ક્રિયાઓ વડે, બંધ-પ્રહાર-દમનો વડે, કાપી નાંખવાની પ્રવૃત્તિઓ વડે જે રાગને પામે, અનુકંપાને ન પામે તેનું ધ્યાન રૌદ્રધ્યાન છે." આ પ્રમાણે રૌદ્રધ્યાનજ્ઞાતાઓ રૌદ્રધ્યાનને જણાવે છે (કહે છે. દર્શાવે છે.)

●"સૂત્રાર્થને સાધવામાં અને મહાવ્રતોને ધારણ કરવામાં ધર્મધ્યાન છે. તથા બંધ અને મોક્ષ રૂપ જે સંસારમાં ગમનના અને અગમનના હેતુઓ છે, તેની ચિંતા-ચિંતન

એ ધર્મધ્યાન છે. (બંધ એ સંસારમાં ગમનનું કારણ છે, અને કર્મનો મોક્ષ, ક્ષય એ સંસારમાં અગમનનું કારણ ` આ બધા પદાર્થોનું ચિંતવન એ ધર્મધ્યાન છે. અથવા બંધ, મોક્ષ તથા ગમનાગમ હેતુ = સંસારમાં એકગતિમાંથી બીજી ગતિમાં જવા-આવવા રૂપ પરિભ્રમણના હિંસાદિ રૂપ કારણો... આ ત્રણનું ચિંતન એ ધર્મધ્યાન છે.) પાંચ ઈન્દ્રિયોને વિશેષથી કાબુમાં લેવી અને જીવો ઉપર દયા કરવી એ ધર્મધ્યાન છે" આ પ્રમાણે ધર્મધ્યાનને જાણનારાઓ એ ધર્મધ્યાનને દર્શાવે છે.

● જેની ઈન્દ્રિયો શબ્દાદિ વિષયોને વિશે સંકલ્પની કલ્પના અને વિકલ્પરૂપ વિકાર વગેરે દોષો વડે પરાઙ્મુખ છે. તથા મન,વચન, કાયારૂપ ત્રણ યોગો વડે જેનો અન્તરાત્મા સ્થિર છે. વિદ્વાનો તે આત્માનાં આ ધ્યાનને બધા જ ધ્યાનોમાં ઉત્તમ-શ્રેષ્ઠ શુક્લધ્યાન કહે છે. ("મારે આ ખાવાનું જોઈએ જ છે. તો આમ મેળવાય વગેરે વિચારો એ સંકલ્પની કલ્પના કહેવાય. તથા "હું આ ખાવું ? કે પેલું ખાઉં ? વગેરે વિચારો એ વિકલ્પરૂપી વિકારો છે. અથવા તો "હું આ સામે પડેલા રસગુલ્લા ખાઈ જાઉં " વગેરે વિચારો એ સંકલ્પ, જ્યારે અશક્ય એવા પણ સુખો માટે "આ બધા મને મળશે..." એવી વિચારણા એ કલ્પના કહેવાય. "હું આ ખાઉં કે પેલું ખાઉં ? અથવા મને આ મળશે કે નહિ મળે ?... એ વિચારો પણ વિકલ્પ કહેવાય. વિષયોનાં ભોગ વખતે માનસિક તીવ્રલાલસાઓ એ વિકાર... આમ યથાયોગ્ય અર્થ વિચારવો.)

● આર્તધ્યાન કરવામાં તિર્યંચગતિ થાય, રૌદ્રધ્યાન કરવામાં સદા અધોગતિ-નરકગતિ થાય. ધર્મધ્યાન કરવામાં ખરેખર દેવગતિ રૂપ શુભફલ મળે. શુક્લધ્યાન કરવામાં જન્મનો ક્ષય થાય. તેથી વ્યાધિ અને રોગનો અંત કરનાર, હિતકારી, સંસારમાંથી પાર ઉતારનાર, કર્મરજને ખતમ કરનાર શ્રેષ્ઠ શુક્લધ્યાનમાં બુધપુરુષે પ્રયત્ન કરવો જોઈએ.

(વ્યાધિ અને રોગ એ બે શબ્દો આમ તો સમાનાર્થી છે. છતાં કોઈક કોઈક અપેક્ષાએ એમની વ્યાખ્યામાં ભેદ પણ દર્શાવી શકાય. દા.ત. વ્યાધિ એટલે ઘા-ચાળો વગેરેરૂપ બાહ્યમુશ્કેલી અને રોગ એટલે તાવ-માથાનો દુઃખાવો વગેરેરૂપ આંતરમુશ્કેલી.. (વ્યાધિ એટલે આંતરિક દોષો અને રોગો એટલે શરીરાદિ બાહ્યદોષો...)

સંક્ષેપથી ધ્યાન કહેવાઈ ગયું.

વિસ્તારથી ધ્યાનશતકમાંથી જાણી લેવું.

---

साम्प्रतं व्युत्सर्गः, स च द्विधा-द्रव्यतो भावतश्च, द्रव्यतश्चतुर्धा-गणशरीरोपध्याहार-

भेदात्, भावतश्चित्रः, क्रोधादिपरित्यागरूपत्वात्तस्येति, उक्तं च–"दव्वे भावे अ तहा दुहा विसग्गो चउव्विहो दव्वे । गणदेहोवहिभत्ते भावे कोहादिचाओ त्ति ॥१॥ काले गणदेहाणं अतिरित्तासुद्धभत्तपाणाणं । कोहाइयाण सययं कायव्वो होइ चाओ त्ति ॥२॥" उक्तो व्युत्सर्गः,

---

હવે વ્યુત્સર્ગ કહેવાય છે. (વ્યુત્સર્ગ એટલે ત્યાગ)

તે બે પ્રકારે છે. દ્રવ્યથી અને ભાવથી.

દ્રવ્યથી વ્યુત્સર્ગ ચાર પ્રકારે છે. ગણવ્યુત્સર્ગ, શરીરવ્યુત્સર્ગ, ઉપધિવ્યુત્સર્ગ અને આહારવ્યુત્સર્ગ. આમ ગણાદિ ચારભેદથી ચાર પ્રકારે છે.

ભાવથી વ્યુત્સર્ગ અનેક પ્રકારે છે. કેમકે ભાવવ્યુત્સર્ગ ક્રોધાદિદોષોનાં પરિત્યાગરૂપ છે. (અને ક્રોધાદિ દોષો અનેક હોવાથી તેના ત્યાગરૂપ વ્યુત્સર્ગ પણ અનેક પ્રકારનો બને.)

કહ્યું છે કે (૧) દ્રવ્યમાં અને ભાવમાં એમ બે પ્રકારે વ્યુત્સર્ગ છે. દ્રવ્યમાં ચાર પ્રકારે છે. ગણ, ઉપધિ, દેહ, ભોજન એ ચારની અપેક્ષાએ ચાર પ્રકારે છે. ભાવવ્યુત્સર્ગ એટલે ક્રોધાદિનો પરિત્યાગ કરવો તે.

(૨) યોગ્યકાળે ગચ્છ અને દેહનો ત્યાગ કરવાનો હોય છે. વધી પડેલા ભક્તપાનનો તથા અશુદ્ધ, દોષિત ભક્ત-પાનનો ત્યાગ કરવાનો હોય છે. ક્રોધાદિનો સતત ત્યાગ કરવાનો હોય છે. (શાસ્ત્રાધ્યયન થઈ જાય, શિષ્યો તૈયાર થઈ જાય, ગચ્છ સાચવનાર પણ તૈયાર થાય તે કાળે આચાર્ય ગચ્છનો ત્યાગ કરી જિનકલ્પ સ્વીકારે, શરીર ક્ષીણ થાય, આયુ અલ્પ હોય તો અનશન કરી દેહનો ત્યાગ કરે... અકાળે ગચ્છ-દેહનો ત્યાગ કરવાનો નથી, એ દર્શાવવા માટે **काले** શબ્દ લખેલો છે.

વ્યુત્સર્ગ કહેવાઈ ગયો. (આમ તો કાયોત્સર્ગ શબ્દ અભ્યન્તરતપ તરીકે પ્રસિદ્ધ છે, પણ એને બદલે વ્યુત્સર્ગ શબ્દ વધુ ઉચિત લાગે છે. કાયોત્સર્ગ એટલે કાયાનો ઉત્સર્ગ એમ એકજ ભેદ મળે. ગણનો ત્યાગ, ભક્તપાનાદિનો ત્યાગ વગેરે બધાનો સંગ્રહ કરવાનો રહી જાય. જ્યારે વ્યુત્સર્ગ શબ્દથી બધા જ લઈ શકાય. વ્યુત્સર્ગ એટલે ત્યાગ ! કોનો ત્યાગ ? એ પ્રશ્નના ઉત્તર રૂપે કાયા, ગણ વગેરે બધી વસ્તુનો ત્યાગ ગણી શકાય.)

---

'अब्भितरओ तवो होइ'त्ति, इदं प्रायश्चित्तादि व्युत्सर्गान्तमनुष्ठानं लौकिकैरनभिलक्ष्यत्वात्तन्त्रान्तरीयैश्च भावतोऽनासेव्यमानत्वान्मोक्षप्राप्त्यन्तर-

ङ्गत्वाच्चाभ्यन्तरं तपो भवतीति गाथार्थः ॥ शेषपदानां प्रकटार्थत्वात् सूत्रपदस्पर्शिका निर्युक्तिकृता नोक्ता, स्वधिया तु विभागे( न )स्थापनीयेति ॥

---

નિર્યુક્તિગાથામાં લખ્યું છે કે **अब्भितरओ तवो होइ** એનો ભાવાર્થ એ છે કે પ્રાયશ્ચિત્તથી માંડીને વ્યુત્સર્ગ સુધીનું આ અનુષ્ઠાન અભ્યન્તરતપ છે. કેમકે (૧) લૌકિકો એને જાણી શકતા નથી, તપ તરીકે ઓળખી શકતા નથી. (લૌકિકો પ્રાયશ્ચિત્તાદિને "આ તપ છે" એ પ્રમાણે નથી ઓળખતા.) (૨) અન્યધર્મીઓ આ બધાનું ભાવથી આસેવન કરતાં નથી. (કદાચ બાહ્યદૃષ્ટિએ દેખાય કે તેઓ પ્રાયશ્ચિત્તાદિ કરે છે, પણ એ ભાવપ્રાયશ્ચિત્તાદિ નથી બનતાં.)

(૩) આ પ્રાયશ્ચિત્તાદિ મોક્ષની પ્રાપ્તિનું આંતરિકઅંગ-કારણ છે. (બાહ્યતપ અભ્યંતરતપ દ્વારા મોક્ષકારણ છે. જ્યારે અભ્યન્તરતપ સાક્ષાત્ મોક્ષકારણ છે.)

(**धम्मो मङ्गलं** આ ગાથામાં ધર્મ-મંગલ વગેરે પદોનો અર્થ દર્શાવતી નિર્યુક્તિ ગાથાઓ તો નિર્યુક્તિકારે દર્શાવી દીધી, કે જે સૂત્રપદ-સ્પર્શિકા નિર્યુક્તિ કહેવાય. એમાં તપ પદની પણ સૂત્રપદસ્પર્શિકા નિર્યુક્તિગાથા કહેવાઈ ગઈ. હવે **देवा वि तं...** વગેરે પદોની સૂત્રપદસ્પર્શિકા નિર્યુક્તિ કહેવાઈ નથી. એટલે વૃત્તિકાર એનો ભાવાર્થ દર્શાવે છે કે) **देवा वि तं.** વગેરે જે બાકીનાં પદો છે, તેનો અર્થ પ્રગટ હોવાથી નિર્યુક્તિકારે એ પદોની સૂત્રપદસ્પર્શિકા નિર્યુક્તિ કહી નથી. આપણે આપણી બુદ્ધિ વડે = વિભાગ વડે સ્થાપિત કરવી. અર્થાત્ એક એક પદની જુદી જુદી નિર્યુક્તિગાથાઓ આપણે આપણી બુદ્ધિથી વિચારી લેવી.

---

**अत्राह–'धर्मो मङ्गलमुत्कृष्ट'मित्यादौ धर्मग्रहणे सति अहिंसासंयमतपोग्रहणमयुक्तं, तस्याहिंसासंयमतपोरूपत्वाव्यभिचारादिति, उच्यते, न, अहिंसादीनां धर्मकारणत्वाद्धर्म्मस्य च कार्यत्वात्कार्यकारणयोश्च कथञ्चिद्भेदात्, कथंचिद्भेदश्च तस्य द्रव्यपर्यायोभयरूपत्वात्, उक्तं च –''णत्थि पुढवीविसिट्ठो घडोत्ति जं तेण जुज्जइ अणण्णो । जं पुण घडुत्ति पुव्वं नासी पुढवीइ तो अन्नो ॥१॥'' इत्यादि, गम्यादिधर्मव्यवच्छेदेन तत्स्वरूपज्ञापनार्थं वाऽहिंसादिग्रहणमदुष्टमित्यलं विस्तरेण ॥**

---

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે "ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે." એ વગેરે ગાથામાં તમે **ધર્મ** શબ્દનું ગ્રહણ કરેલું જ છે, એટલે અહિંસા, સંયમ અને તપ શબ્દનું ગ્રહણ કરવું અયોગ્ય છે. કેમકે ધર્મનો અહિંસા-સંયમ તપોરૂપત્વ સાથે વ્યભિચાર નથી. અર્થાત્ ધર્મ અહિંસા,

સંયમ અને તપરૂપ છે. જયાં જયાં ધર્મશબ્દ લઈએ, ત્યાં અહિંસા, સંયમ અને તપ આવી જ જાય. એટલે એ જુદા બતાવવાની જરૂર નથી. (એટલે ગાથામાં જે **अहिंसा संजमो तवो** શબ્દ લખેલો છે, એ ન લખવો જોઈએ. (દા.ત. તીર્થકરો મહાન છે, પ્રભુવીર મહાન છે" એમ બોલીએ એટલે પ્રશ્ન થાય જ કે તીર્થંકરોમાં પ્રભુવીર આવી જ ગયા, તો પછી "પ્રભુવીર મહાન છે" એમ બોલીએ એટલે પ્રશ્ન થાય જ કે તીર્થંકરોમાં પ્રભુવીર આવી જ ગયા, તો પછી પ્રભુવીર મહાન છે" એ બોલવાની જરૂર જ નથી.)

એનો ઉત્તર આપે છે કે તમારી વાત બરાબર નથી. અહિંસા, સંયમ અને તપ એ ધર્મનાં કારણ છે, અને ધર્મ કાર્ય છે. માટે ધર્મશબ્દ અને અહિંસાદિ શબ્દ.... એ બંનેનું ગ્રહણ કરવું જ પડે.

(પ્રશ્ન : ધર્મકાર્ય છે અને અહિંસાદિ કારણ છે એ વાત સાચી. પણ એટલે બંનેનું ગ્રહણ કરવું જ પડે એવું થોડું છે ? જેમ દીપક કારણ છે, પ્રકાશ કાર્ય છે. છતાં દીપકનું ગ્રહણ કરો તો પ્રકાશ એની મેળે સમજાઈ જ જાય. બંને અભિન્ન જેવા છે...)

ઉત્તર : કાર્ય અને કારણ વચ્ચે કોઈક અપેક્ષાએ ભેદ હોવાથી ધર્મ અને અહિંસાદિનું ગ્રહણ કરવું જરૂરી છે.

પ્રશ્ન : કાર્ય અને કારણ વચ્ચે કોઈક અપેક્ષાએ ભેદ છે એવું શી રીતે કહેવાય ?

ઉત્તર ધર્મ એ દ્રવ્યપર્યાય ઉભયરૂપ હોવાથી ધર્મરૂપી કાર્ય અને અહિંસાદિરૂપ કારણો વચ્ચે કથંચિત્ ભેદ સિદ્ધ થાય છે.

કહ્યું છે કે "જે કારણથી ઘટ પૃથ્વી-માટીથી જુદો નથી (માટીથી તદ્દન જુદો એવો માટીઘટ અનુભવાતો જ નથી) તે કારણથી ઘટ પૃથ્વીથી અનન્ય = અભિન્ન છે. પણ જે કારણથી ઘટ બનતા પૂર્વે એજ માટી "ઘટ" એ પ્રમાણે ન હતી, તે કારણથી ઘટ પૃથ્વીથી જુદો છે." (અહીં માટી કારણ છે, એ દ્રવ્ય છે. ઘટ કાર્ય છે, એ પર્યાય છે. એ બે વચ્ચે અપેક્ષાએ ભેદ અને અપેક્ષાએ અભેદ છે. એમ પ્રસ્તુતમાં અહિંસાદિ એ કારણ છે અને ધર્મ એ કાર્ય છે. એ બે વચ્ચે કથંચિદ્ભેદ માની શકાય છે. જો કે માટી પણ અપેક્ષાએ પર્યાય છે છતાં અહીં અમુકદષ્ટિએ એને દ્રવ્ય કહેલ છે એમ જાણવું)

(પ્રશ્ન : માટીરૂપી કારણ એ દ્રવ્ય છે અને ઘટરૂપી કાર્ય પર્યાય છે જયારે અહીં અહિંસાદિરૂપ કારણ એ પર્યાય છે, ધર્મરૂપી કાર્ય એ દ્રવ્ય છે. એટલે માટીઘટનું દૃષ્ટાન્ત અહીં સંગત થતું નથી. અહિંસા અને ધર્મ વચ્ચે અવયવ-અવયવીભાવ છે. અહિંસાદિ ધર્મના અવયવ છે, ધર્મ અહિંસાદિનો અવયવી છે.)

ઉત્તર : અથવા તો એમ સમજવું કે જો માત્ર ધર્મશબ્દ જ લખે, તો અહિંસાદિ ધર્મની જેમ ગમ્ય વગેરે ધર્મ પણ ધર્મશબ્દથી લેવાઈ જાય, એ યોગ્ય નથી. લૌકિકધર્મ ધર્મ તરીકે નથી લેવાના, કેમકે એ ધર્મ મંગલ જ નથી. એટલે ગમ્ય વગેરે ધર્મોનો વ્યવચ્છેદ કરવા દ્વારા ધર્મનાં વાસ્તવિક સ્વરૂપને જણાવવાને માટે અહિંસાદિનું ગ્રહણ કરેલું છે અને એટલે તે ગ્રહણ અદુષ્ટ છે. અર્થાત્ ધર્મશબ્દ લખવા છતાં એની સાથે અહિંસાદિશબ્દ લીધા છે, તે પણ યોગ્ય જ છે.

અહીં વિસ્તાર વડે સર્યું.

---

**आह-अहिंसासंयमतपोरूपो धर्मो मङ्गलमुत्कृष्टमित्येतद्वचः किमाज्ञा-सिद्धमाहोस्विद्युक्तिसिद्धमपि ?, अत्रोच्यते, उभयसिद्धं, कुतो ?, जिनवचनत्वात्, तस्य च विनेयसत्त्वापेक्षयाऽऽज्ञादिसिद्धत्वात्, आह च निर्युक्तिकारः–**

जिणवयणं सिद्धं चेव भण्णए कत्थई उदाहरणं । आसज्ज उ सोयारं हेऊऽवि कहिंचि भण्णेज्जा ॥४९॥

---

**પ્રશ્ન :** "અહિંસાસંયમતપરૂપ ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે" આ પ્રમાણેનું આ વચન શું આજ્ઞાસિદ્ધ છે ? કે પછી યુક્તિસિદ્ધિ પણ છે ? (જેમાં કોઈ તર્ક ન હોય, માત્ર "પ્રભુની આજ્ઞા છે, માટે સાચું" એ રીતે જે માનવાનું હોય તે આજ્ઞાસિદ્ધવચન કહેવાય. જ્યારે જે વચન તર્કથી સાચું કરાતું હોય તે યુક્તિસિદ્ધિ કહેવાય. એ ખ્યાલ રાખવો કે જે ખરેખર યુક્તિસિદ્ધ હોય તે આજ્ઞાસિદ્ધ તો હોયજ. એકલું યુક્તિસિદ્ધવચન કોઈજ ન હોય. માટે તો ત્યાં **अपि** શબ્દ લખેલો છે.)

આમાં ઉત્તર અપાય છે.

**ઉત્તર :** આ વચન ઉભયસિદ્ધ છે. અર્થાત્ આજ્ઞાસિદ્ધ અને તર્કસિદ્ધ પણ

**પ્રશ્ન :** કેવી રીતે ?

**ઉત્તર :** આ વચન જિનવચન છે, માટે તે ઉભયસિદ્ધ છે. (જે જે જિનવચન હોય તે તે ઉભયસિદ્ધ હોય, પ્રસ્તુતવચન પણ જિનવચન છે, માટે તે પણ ઉભયસિદ્ધ છે.)

(**પ્રશ્ન :** જો બધા જિનવચનો ઉભયસિદ્ધ હોય, તો શાસ્ત્રમાં જે અમુક ભેદો પાડેલા છે કે "અમુક વચનો આજ્ઞાસિદ્ધ અને અમુકવચનો યુક્તિસિદ્ધ એ ભેદ શી રીતે સંગત થશે ? કેમકે બધા જ વચનો ઉભયસિદ્ધ છે.)

**ઉત્તર :** જિનવચન વિનેય = વાળી શકાય = સમજાવી શકાય = વિનયવાળા જીવની

અપેક્ષાએ આજ્ઞાસિદ્ધ, યુક્તિસિદ્ધ બને છે. (બાકી પરમાર્થથી તો એ ઉભયસિદ્ધ જ હોય.) આશય એ કે શ્રોતા જો યુક્તિ સમજવા સમર્થ ન હોય, તો એને જિનવચન દર્શાવીને એમ કહેવાય કે "સર્વજ્ઞે આ વાત કરી છે. માટે સાચી છે." એને યુક્તિ ન બતાવાય. જ્યારે જેઓ યુક્તિ સમજવા સક્ષમ હોય તેને યુક્તિ પણ કહેવાય. આમ અમુકની અપેક્ષાએ વચન આજ્ઞાસિદ્ધ બને, અમુકની અપેક્ષાએ યુક્તિસિદ્ધ પણ બને...)

નિર્યુક્તિકાર કહે છે કે

નિર્યુક્તિ-૪૯ ગાથાર્થ : જિનવચન સિદ્ધ જ છે. ક્યાંક ઉદાહરણ કહેવાય છે શ્રોતાને આશ્રયીને ક્યારેક હેતુ પણ કહેવાય.

---

व्याख्या—जिनाः प्राग्निरूपितस्वरूपाः तेषां वचनं तदाज्ञया सिद्धमेव-सत्यमेव प्रतिष्ठितमेव अविचार्यमेवेत्यर्थः, कुतः ?, जिनानां रागादिरहितत्वात्, रागादिमतश्च सत्यवचनासम्भवात्, उक्तं च—"रागाद्वा द्वेषाद्वा मोहाद्वा वाक्यमुच्यते ह्यनृतम् । यस्य तु नैते दोषास्तस्यानृतकारणं किं स्यात् ? ॥१॥" इत्यादि, तथापि तथाविधश्रोत्रपेक्षया तत्रापि भण्यते क्वचिदुदाहरणम्, तथा आश्रित्य तु श्रोतारं हेतुरपि क्वचिद्भण्यते, न तु नियोगतः, तुशब्दः श्रोतृविशेषणार्थः, किंविशिष्टं श्रोतारम् ?-पटुधियं मध्यमधियं च, न तु मन्दधियम् इति, तथाहि-पटुधियो हेतुमात्रोपन्यासादेव प्रभूतार्थाय गतिर्भवति, मध्यमधीस्तु तेनैव बोध्यते, न त्वितर इत्यर्थः । तत्र साध्यसाधनान्वयव्यतिरेकप्रदर्शनमुदाहरणमुच्यते, दृष्टान्त इत्यर्थः, साध्यधर्मान्वयव्यतिरेकलक्षणश्च हेतुः, इह च हेतुमुल्लङ्घ्य प्रथममुदाहरणाभिधानं न्यायानुगतत्वात्तद्बलेनैव हेतोः साध्यार्थसाधकत्वोपपत्तेः क्वचिद्धेतुमनभिधाय दृष्टान्त एवोच्यत इति न्यायप्रदर्शनार्थं वा, यथा गतिपरिणामपरिणतानां जीवपुद्गलानां गत्युपष्टम्भको धर्म्मास्तिकायः, चक्षुष्मतो ज्ञानस्य दीपवत्, उक्तं च—"जीवानां पुद्गलानां च, गत्युपष्टम्भकारणम् । धर्मास्तिकायो ज्ञानस्य, दीपश्चक्षुष्मतो यथा ॥१॥" तथा क्वचिद्धेतुरेव केवलोऽभिधीयते न दृष्टान्तः, यथा मदीयोऽयमश्वो, विशिष्टचिह्नोपलब्ध्यन्यथानुपपत्तेरित्यलं प्रसङ्गेनेति गाथार्थः ॥

---

ટીકાર્થ : જિન એટલે જેમનું સ્વરૂપ પૂર્વે કહેવાઈ ગયેલું છે તે. તેઓનું જે વચન છે, તે આજ્ઞા વડે સિદ્ધ જ છે, સત્ય જ છે, પ્રતિષ્ઠિત જ છે, અવિચાર્ય જ છે. (એમાં કોઈ જ વિચાર નહિ કરવાનો. એ સર્વજ્ઞે કહ્યું છે, એટલે સાચું જ માની લેવાનું)

પ્રશ્ન : એ કેમ સાચું જ છે ?

ઉત્તર : કેમકે જિનેશ્વરો રાગાદિરહિત છે. એટલે તેમનું વચન સાચું જ હોય.

પ્રશ્ન : જિન રાગાદિરહિત છે, એટલે જિનવચન સત્ય કેમ કહેવાય ?

ઉત્તર જે રાગાદિવાળા હોય એને સત્યવચનનો સંભવ નથી, એટલે કે રાગાદિવાળાનું જ વચન અસત્ય બને. કહ્યું છે કે રાગથી, દ્વેષથી કે મોહથી ખોટું વાક્ય કહેવાય છે. જેને આ દોષો નથી. તેને અસત્યનું કારણ શું થાય ? વગેરે.

પ્રશ્ન જો જિનવચન સાચું જ હોય, તો એને સાચું સાબિત કરવા દૃષ્ટાન્તાદિ બતાવવાની શી જરૂર?

ઉત્તર : જિનવચન સાચું હોવા છતાં પણ તેવા પ્રકારના શ્રોતાની અપેક્ષાએ સાચા એવા પણ જિનવચનમાં કોઈક સ્થાને ઉદાહરણ કહેવાય છે. તથા શ્રોતાને આશ્રયીને ક્યાંક હેતુ પણ કહેવાય છે. પણ નિયોગથી = એકાંતથી દૃષ્ટાન્ત હેતુ કહેવા જ એવું નથી.

ગાથામાં જે **आसज्ज उ** માં **तु** છે. તે શ્રોતાનું એક વિશેષણ દર્શાવવા માટે છે.

પ્રશ્ન : કેવા પ્રકારનાં વિશેષણવાળા શ્રોતાની અપેક્ષાએ ઉદાહરણાદિ કહેવાય છે ?

ઉત્તર : પટુ-તીવ્રબુદ્ધિવાળા અને મધ્યમબુદ્ધિવાળા શ્રોતાની અપેક્ષાએ ઉદાહરણાદિ કહેવાય છે. પરંતુ મંદબુદ્ધિની અપેક્ષાએ નહિ.

તે આ પ્રમાણે-તીવ્રબુદ્ધિવાળાઓની હેતુમાત્રનો ઉપન્યાસ = કથન કરવાથી જ પ્રભૂત-અર્થને માટે ગતિ થાય છે. (અર્થાત્ તીવ્રબુદ્ધિવાળાઓને દૃષ્ટાન્તાદિ કહેવાની જરૂર નહિ, માત્ર "અહીં ધૂમ છે" એમ માત્ર હેતુનું કથન કરીએ કે તરત જ "અહીં અગ્નિ છે." એ પ્રમાણે બોધ એમને થઈ જ જાય.)

જે મધ્યમબુદ્ધિવાળો છે, તે તો દૃષ્ટાન્ત વડે જ બોધ પમાડાય છે. અર્થાત્ એ માત્ર હેતુકથનથી બોધ ન પામે પણ સાથે દૃષ્ટાન્ત આપીએ તો એ તેના વડે બોધ પામે ( **तेनैव बोध्यते...** એ પ્રમાણે પાઠ છે, પણ **दृष्टान्तेनैव बोध्यते** એવો પાઠ વધુ સંગત જણાય છે. જો **तेनैव बोध्यते** એ પાઠ માનીએ, તો **मध्यमबुद्धिरपि** એવો પાઠ વધુ સંગત ગણાય. જેથી પટુબુદ્ધિ હેતુ વડે બોધ કરાય, મધ્યમબુદ્ધિ પણ હેતુ વડે જ બોધ કરાય એમ સંગત અર્થ નીકળે. પણ એમ કરવામાં પટુધી અને મધ્યમધી વચ્ચે ભેદ ન રહે. અને "દૃષ્ટાન્તનું કથન કરવું." એ વાત કહેવાની રહી જ જાય. એટલે **दृष्टान्तेनैव** પાઠ સંગત લાગવાથી એ પ્રમાણે અર્થ લીધો છે.)

પણ જે ઈતર=જઘન્યબુદ્ધિવાળો છે, તે હેતુ અને દૃષ્ટાન્ત વડે પણ બોધ ન પામે. એટલે જ શ્રોતા તરીકે પટુધી, મધ્યમધી એમ બે જ લેવા.

(પ્રશ્ન : હેતુ અને ઉદાહરણની વાત આવી છે, તેમાં ઉદાહરણ એટલે શું ?)

ઉત્તર : સાધ્ય અને સાધનનાં અન્વય અને વ્યતિરેકનું પ્રદર્શન એ ઉદાહરણ કહેવાય. (અન્વય=સદ્ભાવ, વ્યતિરેક = અભાવ. "મહાનસમાં ધૂમ-વહ્નિ છે" આમ દર્શાવવું એ સાધ્ય અને સાધનનાં અન્વયનું પ્રદર્શન છે. જયારે "હ્રદમાં વહ્નિ નથી, ધૂમ પણ નથી" આમ દર્શાવવું એ સાધ્ય અને સાધનનાં વ્યતિરેકનું પ્રદર્શન છે. આ પ્રદર્શન એ જ ઉદાહરણ કહેવાય.)

ઉદાહરણ એટલે દૃષ્ટાન્ત.

સાધ્યધર્મની સાથે અન્વય અને વ્યતિરેક એ જ લક્ષણ છે જેનું એવો જે પદાર્થ હોય તે હેતુ બને. (વહ્નિ સાધ્યધર્મ છે. વહ્નિ હોય ત્યાં જ ધૂમ હોય છે, એ રીતે ધૂમનો વહ્નિ સાથે અન્વય છે. અને વહ્નિનાં અભાવમાં ધૂમનો અભાવ જ હોય એ ધૂમને વહ્નિ સાથે વ્યતિરેક છે. આમ ધૂમ સાધ્યધર્મ સાથે અન્વયવ્યતિરેકલક્ષણવાળો બન્યો માટે ધૂમ એ હેતુ કહેવાય. તથા સાધ્યને ધર્મ કહ્યો છે, કેમકે પર્વતાદિ રૂપ પક્ષમાં, ધર્મીમાં એને સિદ્ધ કરવાનો હોય છે, એટલે તે ધર્મ વિશેષણ, રહેનાર, આધેય તરીકે દર્શાવાયો છે.)

(પ્રશ્ન : અનુમાનમાં પહેલાં હેતુનું અને પછી દૃષ્ટાન્તનું કથન કરાય છે. દા.ત. પર્વતો વહિનમાન્ ધૂમાત્ મહાનસવત્ અહીં ધૂમ હેતુ પહેલાં જણાવેલો છે અને મહાનસ દૃષ્ટાન્ત પછી બતાવાય છે. જયારે પ્રસ્તુત ૪૯મી ગાથામાં પહેલાં **उदाहरण** શબ્દનો ઉલ્લેખ કર્યો છે, અને પછી **हेतु** શબ્દનો. તો એ શી રીતે યોગ્ય ગણાય ?)

ઉત્તર : અહીં ૪૯મી ગાથામાં હેતુનું ઉલ્લંઘન કરીને પહેલા ઉદાહરણનું કથન કર્યું છે તે એટલા માટે કે (૧) ઉદાહરણ ન્યાયથી અનુગત છે. અર્થાત્ જયાં ધૂમ ત્યાં વહ્નિ... એ વ્યાપ્તિરૂપ ન્યાય આ દૃષ્ટાન્તમાં છે, અને એ ઉદાહરણમાં રહેલ ન્યાયનાં બલથી જ ધૂમાદિ હેતુ વહ્નિરૂપ સાધ્યપદાર્થના સાધક બની શકે છે. જો ન્યાય ન હોય, તો ધૂમ વહ્નિસાધક તરીકે ન સંભવે. આમ ન્યાયની મુખ્યતા હોવાથી અને દૃષ્ટાન્ત ન્યાયવાન્ હોવાથી પ્રથમ દૃષ્ટાન્તનું કથન કરાયેલ છે.

(૨) અથવા તો ગ્રન્થકાર એવો ન્યાય દર્શાવવા માંગે છે કે "બધી જગ્યાએ હેતુ કહેવો જ પડે એમ નહિ પરંતુ કોઈક જગ્યાએ હેતુનું કથન કર્યા વિના માત્ર દૃષ્ટાન્ત જ કહેવાય છે." આમ આ ન્યાય દર્શાવવા માટે જ જાણી જોઈને નિર્યુક્તિકારે પ્રથમ હેતુને બદલે ઉદાહરણનું કથન કરી દીધું છે.

(પ્રશ્ન : હેતુ વિના પણ ઉદાહરણ કહી શકાય, એવું તમે દર્શાવી શકશો ?)

ઉત્તર : જુઓ. આ પ્રમાણે અનુમાન થાય છે કે ગતિરૂપી પરિણામથી પરિણત થયેલા જીવો અને પુદ્ગલોને ગતિ કરવામાં સહાયક ધર્માસ્તિકાય છે. જેમ ચક્ષુવાળાને જ્ઞાન કરવામાં દીપક સહાયક બને છે તેમ. (**गतिपरिणामपरिणत** એટલે ગમનક્રિયા કરવા અભિમુખ બનેલા જીવપુદ્ગલો)

કહ્યું છે કે 'જીવો અને પુદ્ગલોને ગતિ કરવામાં ઉપષ્ટંભ-સહાય કરનાર ધર્માસ્તિકાય છે જેમ ચક્ષુવાળાને જ્ઞાન કરવામાં દીપક સહાયક બને છે.' (અહીં માત્ર દૃષ્ટાન્ત જ દર્શાવાયું છે, હેતુ દેખાડાયો નથી.)

તથા કોઈક સ્થળે માત્ર હેતુ જ કહેવાય છે, દૃષ્ટાન્ત નહિ. દા.ત. આ અશ્વ મારો છે. જો એ મારો ન હોય તો એના ઉપર જે વિશિષ્ટચિહ્નનાં દર્શન થાય છે, તે ન ઘટે, માટે એ મારો છે. (અન્યથા- જો એ મારો ન હોય તો... ઘોડા ઉપર માણસે અમુક ચોક્કસ નિશાની હોય તો એ એના દ્વારા પોતાના ઘોડાને ઓળખી શકે. પણ અહીં "આવી નિશાનીવાળા જે જે હોય, તે બધા મારા" એમ કોઈ દૃષ્ટાન્ત આપી શકતો નથી. કેમકે આવી નિશાની માત્ર પોતાના એક જ ઘોડા પર છે. એટલે બીજી કોઈપણ વસ્તુ એ દૃષ્ટાન્ત તરીકે દેખાડી શકતો નથી કે જેમાં નિશાની અને મદીયત્વને એ દર્શાવી શકે.)

હવે આ વિષયમાં પ્રસંગ વડે = આવી પડેલાં પદાર્થને વધુ કહેવા વડે સર્યું.

---

**तथा –**

**कत्थइ पंचावयवं दसहा वा सव्वहा न पडिसिद्धं । न य पुण सव्वं भणइ हंदी सविआरमक्खायं ॥५०॥**

---

તથા

**નિર્યુક્તિ-૫૦ ગાથાર્થ** ક્યાંક પંચ અવયવવાળું વાક્ય કહેવાય છે, ક્યાંક દશ અવયવવાળું કહેવાય છે. બધું જ કહેવાતું નથી. ખરેખર પ્રતિપક્ષપૂર્વક દૃષ્ટાંત કહેવાયું છે.

---

**व्याख्या-श्रोतारमेवाङ्गीकृत्य क्वचित्पञ्चावयवं '<u>दशधा वे</u>'ति क्वचिद्दशावयवं, '<u>सर्वथा</u>' गुरुश्रोत्रपेक्षया न प्रतिषिद्धमुदाहरणाद्यभिधानमिति वाक्यशेषः, यद्यपि च न प्रतिषिद्धं तथाप्यविशेषेणैव, न च पुनः सर्वं भण्यते उदाहरणादि, किमित्यत आह–'<u>हंदी सविआरमक्खायं</u>' हन्दीत्युपप्रदर्शने, किमुपप्रदर्शयति ?, यस्मादिहान्यत्र च शास्त्रान्तरे '<u>सविचारं</u>' सप्रतिपक्षमाख्यातं साकल्यत उदाहरणाद्यभिधानमिति गम्यते, पञ्चावयवाश्च**

प्रतिज्ञादयः, यथोक्तम्–"प्रतिज्ञाहेतूदाहरणोपनयनिगमनान्यवयवाः' ( न्यायद० १-१-३२ ) । दश पुनः प्रतिज्ञाविभक्त्यादयः, वक्ष्यति च –"ते उ पइण्णविहत्ती" इत्यादि । प्रयोगाश्चैतेषां लाघवार्थमिहैव स्वस्थाने दर्शयिष्याम इति गाथार्थः ॥

---

**ટીકાર્થ :** શ્રોતાને જ આશ્રયીને ક્યાંક પંચ અવયવવાળું તો ક્યાંક દશ અવયવવાળું વાક્ય કહેવાય છે. પરંતુ સર્વથા એટલે કે ગુરુ અને શ્રોતાની અપેક્ષાએ ઉદાહરણાદિનું અભિધાન પ્રતિષિદ્ધ નથી. (આશય એ છે કે ગુરુને દૃષ્ટાન્તાદિ આવડતાં હોય અને કહેવાની અનુકૂળતા પણ હોય તથા શિષ્ય સમજવા માટે લાયક હોય તો ગુરુ શિષ્યને ઉદાહારણાદિનું કથન કરે. "ઉદાહરણાદિ ન જ કહેવા" એવો એકાંત નિષેધ નથી. ગુરુ-શ્રોતાની અપેક્ષાએ ઉદાહરણાદિ અભિધાન પણ માન્ય જ છે.)

(ગાથામાં **न पडिसिद्धं** લખેલ છે, પણ "શું પ્રતિષિદ્ધ નથી ?" એ લખેલ નથી. એટલે વૃત્તિકાર કહે છે કે) **उदाहरणाद्यभिधानं** એ પ્રમાણે વાક્યશેષ સમજવો. અર્થાત્ આટલું ઉપરનાં વાક્યમાં બહારથી લાવવું.

(**પ્રશ્ન :** જો પ્રતિષિદ્ધ નથી, તો બધે જ ઉદાહરણાદિ કહેવા જ જોઈએ ને ? એમાં વાંધો શું ?)

**ઉત્તર :** જો કે પ્રતિષેધ નથી કર્યો એ વાત સાચી, તો પણ એ સામાન્યથી જ અપ્રતિષિદ્ધ છે. વિશેષથી અપ્રતિષિદ્ધ નથી. (અર્થાત્ "ઉદાહરણાદિ કહેશો. તો ચાલશે. વાંધો નથી." એમ કહેલ છે. પણ "ઉદાહરણ કહેવા જ પડશે" એમ કહેલ નથી એ આનો સાર છે.)

(એ જ વાત સ્પષ્ટ રીતે કરે છે કે) ઉદાહરણાદિ બધું જ કહેવાનું એમ નહિં.

**પ્રશ્ન :** આવું તમે શી રીતે કહી શકો ?

**ઉત્તર :** જે કારણથી આ શાસ્ત્રમાં અને બીજા શાસ્ત્રમાં પ્રતિપક્ષપૂર્વક સાકલ્યથી ઉદાહરણાદિનું અભિધાન કહેવાયેલ છે. (આશય એ છે કે સાકલ્યથી = બધા જ અવયવો સહિત ઉદાહરણાદિનું અભિધાન કરવાનું પણ જણાવ્યું છે, અને એનો પ્રતિપક્ષ એટલે કે સાકલ્યથી ઉદાહરણાદિ-અભિધાન ન કરવાનું પણ જણાવ્યું છે. આમ બેય વાત જણાવેલ હોવાથી એકેયમાં એકાંત ન મનાય.)

• **हन्दि** શબ્દ ઉપપ્રદર્શનમાં છે. એ શબ્દ શું ઉપપ્રદર્શન કરે છે ? એ દર્શાવે છે કે "આ શાસ્ત્રમાં અને અન્યશાસ્ત્રમાં **हन्दि** થી આટલી વાત દર્શાવાય છે.

• **सप्रतिपक्षमाख्यातं** લખેલ છે, પણ શું **आख्यात** છે ? એ દર્શાવેલ નથી. એટલે વૃત્તિકાર લખે છે કે **साकल्यत उदाहरणाद्यभिधानं** એટલું તમારે સ્વયં સમજી લેવું

**પ્રશ્ન** : પણ પંચાવયવ ક્યા છે ?

**ઉત્તર** : પ્રતિજ્ઞા વગેરે એ પાંચ અવયવો છે.

કહ્યું છે કે "(૧) પ્રતિજ્ઞા (૨) હેતુ (૩) ઉદાહરણ (૪) ઉપનય (૫) નિગમન એ પાંચ અવયવો છે."

**પ્રશ્ન** : દશ અવયવો ક્યા છે ?

**ઉત્તર** : પ્રતિજ્ઞાવિભક્તિ વગેરે દશ અવયવો છે. આગળ **ते उ पइण्ण...** એ કથન દ્વારા ૧૦ અવયવો કહેશે.

એ પાંચ અને દશ અવયવોનાં પ્રયોગો આ જ ગ્રન્થમાં લાઘવને માટે સ્વસ્થાને દેખાડશું. (અત્યારે જે દેખાડીએ અને એનું ખરેખર સ્થાન આવે ત્યારે પણ દેખાડીએ તો એમાં ગૌરવ થાય. એટલે ટુંકાણમાં પતે, એ માટે અત્યારે ન કહેતાં જ્યારે તેની પ્રરૂપણા કરવાનો અવસર આવશે ત્યારે કહીશું.)

---

**साम्प्रतं यदुक्तम् –"जिणवयणं सिद्धं चेव भण्णई कत्थई उदाहरणं" इत्यादि, तत्रोदाहरणहेत्वोः स्वरूपाभिधित्सयाऽऽह–**

तत्थाहरणं दुविहं चउव्विहं होइ एक्कमेक्कं तु ॥ हेऊ चउव्विहो खलु तेण उ साहिज्जए अत्थो ॥५१॥

---

પૂર્વે કહી ગયા કે "જિનવચન સિદ્ધ જ છે. ક્યાંક ઉદાહરણ કહેવાય છે." હવે તે જ ઉદાહરણ અને હેતુનાં સ્વરૂપને કહેવાની ઈચ્છાથી કહે છે કે –

**નિર્યુક્તિ-૫૧ ગાથાર્થ** : તેમાં ઉદાહરણ બે પ્રકારે છે. તે એક એક ચાર પ્રકારે છે. હેતુ ચાર પ્રકારે છે. તેના વડે અર્થ સિદ્ધ કરાય છે.

---

**व्याख्या-तत्रशब्दो वाक्योपन्यासार्थो निर्धारणार्थो वा, उदाहरणं पूर्ववत्, तच्च मूलभेदतो 'द्विविधं' द्विप्रकारं, चरितकल्पितभेदात्, उत्तरभेदतस्तु चतुर्विधं भवति, तयोर्द्वयोरेकैकमुदाहरणमाहरण १तद्देश२तद्दोषो३पन्यास४भेदात्, तच्च वक्ष्यामः, तथा हिनोति-गमयति जिज्ञासितधर्मविशिष्टानर्थानिति हेतुः, स 'चतुर्विधः' चतुष्प्रकारः, खलुशब्दो व्यक्तिभेदादनेकविधश्चेति विशेषणार्थः, तुशब्दस्य पुनःशब्दार्थत्वात् तेन**

**पुनर्हेतुना साध्यार्थाविनाभावबलेन 'साध्यते' निष्पाद्यते ज्ञाप्यते वा 'अर्थः' प्रतिज्ञार्थ इति गाथार्थः ॥**

---

ટીકાર્થ : ગાથામાં રહેલો તત્ર શબ્દ વાક્યનો ઉપન્યાસ કરવા માટે છે. અથવા તો નિર્ધારણ માટે છે. (કેટલાંક શબ્દોનો વપરાશ ક્યાંક એવી રીતે થતો હોય છે કે જેમાં એનો સ્વતંત્ર કોઈ અર્થ ન હોય, છતાં એ બોલ્યા પછી જ વાક્યની શરુઆત સંગત થતી હોય... ત્યારે તે શબ્દો વાક્યોપન્યાસ માટે વપરાયેલા ગણાય. નિર્ધારણ એટલે નિશ્ચય ! ઉદાહરણાદિ પદાર્થમાં નિશ્ચયાત્મકતા દેખાડવા માટે તત્ર શબ્દ છે.

ઉદાહરણ શબ્દ પૂર્વની જેમ સમજવો.

તે ઉદાહરણ મૂલભેદથી બે પ્રકારે છે. ચરિતઉદાહરણ અને કલ્પિતઉદાહરણ એમ બે ભેદ દ્વારા તેના મૂલભેદ બે છે.

ઉત્તરભેદથી એ ચાર પ્રકારે છે.

આ મૂલભેદના જે બે ઉદાહરણ કહ્યા, તેમાં એક-એક ઉદાહરણ ચાર પ્રકારે છે. (૧) આહરણ (૨) તદ્દેશ (૩) તદ્દોષ (૪) ઉપન્યાસ. તે અમે આગળ કહીશું.

(હવે હેતુની વ્યાખ્યા કરે છે કે) હેતુ શબ્દ હિ ધાતુ પરથી બનેલો છે. હિ ધાતુનો અર્થ જણાવવું - બોધ કરાવવો. એમ પણ થાય. જે વસ્તુ જિજ્ઞાસિતધર્મથી વિશિષ્ટ એવા અર્થને જણાવે તે હેતુ ! (પર્વતમાં વહ્નિ છે કે નહિ ? એ જાણવાની ઈચ્છા થાય ત્યારે જિજ્ઞાસિત-જાણવા માટે ઈચ્છાયેલ ધર્મ વહ્નિ બને. એનાથી વિશિષ્ટ એવો પર્વત બને. ધૂમ "પર્વતો વહ્નિમાન્" આ પદાર્થને જણાવે છે એટલે ધૂમ જિજ્ઞાસિતધર્મથી વિશિષ્ટ એવા અર્થોને જણાંવનાર બને છે માટે તે હેતુ કહેવાય.)

તે હેતુ ચાર પ્રકારે છે.

ગાથામાં રહેલો **खलु** શબ્દ વિશેષઅર્થ દર્શાવવા માટે છે. એ વિશેષઅર્થ આ પ્રમાણે છે કે હેતુ ભલે ચાર પ્રકારનો કહ્યો, બાકી વ્યક્તિભેદની અપેક્ષાએ તો અનેક પ્રકારનો છે. (દા.ત. ઘણાં ધૂમોને ધૂમ તરીકે એક હેતુ પણ કહેવાય અને દરેક ધૂમ જુદો જુદો હોવાથી હજારો ધૂમો હજારો હેતુ બને. એમ સર્વત્ર સમજી લેવું.)

ગાથામાં જે **तु** શબ્દ છે, એ **पुनः** ના અર્થમાં છે. એટલે અર્થ આ પ્રમાણે થશે કે તે વળી હેતુ વડે સાધ્યાર્થ સાથે અવિનાભાવનાં બલ દ્વારા (સાધ્ય વિના ન રહેવાપણું એ સાધ્યાર્થાવિનાભાવ કહેવાય) પ્રતિજ્ઞાનો અર્થ નિષ્પાદન કરાય છે. અથવા તો જણાવાય છે.

(**पर्वतो वह्निमान्** આ પ્રતિજ્ઞા છે, તેનો અર્થ વહ્નિ એ પ્રતિજ્ઞાર્થ કહેવાય. એ જ સાધ્યાર્થ કહેવાય. તથા **निष्पाद्यते** નો અર્થ ઉત્પન્ન કરાય છે" એમ જો કરીએ તો ધૂમ વડે વહ્નિ ઉત્પન્ન કરાતો ન હોવાથી પદાર્થ સ્પષ્ટ રહે. એટલે વૃત્તિકારે જ "**ज्ञाप्यते वा**" શબ્દ દ્વારા બીજો વિકલ્પ દર્શાવ્યો છે. "જણાવાય છે" એ અર્થ લેવામાં વાંધો નથી. ધૂમ વડે વહ્નિ જણાવાય તો છે જ.)

---

**साम्प्रतं नानादेशजविनेयगणहितायोदाहरणैकार्थिकप्रतिपिपादयिषयाऽऽह–**

नायमुदाहरणंतिअ दिट्ठंतोवम निदरिसणं तहय । एगट्ठं तं दुविहं चउव्विहं चेव नायव्वं ॥५२॥

---

હવે જુદા જુદા દેશમાં ઉત્પન્ન થયેલા શિષ્યોનાં સમૂહનાં હિતને માટે ઉદાહરણ શબ્દનાં સમાનાર્થીઓનું પ્રતિપાદન કરવાની ઈચ્છાથી કહે છે કે

નિર્યુક્તિ-૫૨ ગાથાર્થ : જ્ઞાત, ઉદાહરણ, દૃષ્ટાન્ત, ઉપમા, નિદર્શન આ સમાનાર્થી શબ્દો છે. તે બે પ્રકારનો અને ચાર પ્રકારનો જાણવો.

---

**व्याख्या-ज्ञायतेऽस्मिन् सति दार्ष्टान्तिकोऽर्थ इति ज्ञातम्, अधिकरणे निष्ठाप्रत्ययः, तथोदाह्रियते प्राबल्येन गृह्यतेऽनेन दार्ष्टान्तिकोऽर्थ इति उदाहरणम्, दृष्टमर्थमन्तं नयतीति दृष्टान्तः, अतीन्द्रियप्रमाणादृष्टं संवेदननिष्ठां नयतीत्यर्थः, उपमीयतेऽनेन दार्ष्टान्तिकोऽर्थ इत्युपमानम्, तथा च 'निदर्शनं' निश्चयेन दर्श्यतेऽनेन दार्ष्टान्तिक एवार्थ इति निदर्शनम्, 'एगट्ठं'ति इदमेकार्थम् एकार्थिकजातम्, इदं च तत्प्रागुपन्यस्तं द्विविधमुदाहरणं चतुर्विधं चैवाङ्गीकृत्य ज्ञातव्यं प्रत्येकमपि, सामान्यविशेषयोः कथञ्चिदेकत्वाद्, अत एव सामान्यस्यापि प्राधान्यख्यापनार्थमेकवचनाभिधानम् एकार्थमिति, अत्र बहु वक्तव्यं तत्तु नोच्यते ग्रन्थविस्तरभयाद्, गमनिकामात्रमेवैतदिति गाथार्थः ॥**

---

ટીકાર્થ : (૧) આ હોતે છતે દાર્ષ્ટાન્તિક એવો અર્થ જણાય છે એ પ્રમાણે એ જ્ઞાત કહેવાય. (મહાનસ છે, માટે જ પર્વતમાં વહ્નિરૂપ દાર્ષ્ટાન્તિક અર્થ જણાય છે.) **ज्ञा** ધાતુને જે **त** (નિષ્ઠાપ્રત્યય) લાગ્યો છે, તે અધિકરણ અર્થમાં લાગેલો છે. (માટે જ સપ્તમીમાં શબ્દ ખોલ્યો છે.) (૨) ઉદાહરણ કરાય છે એટલે કે પ્રબલતાથી ગ્રહણ કરાય છે દાર્ષ્ટાન્તિક અર્થ આના વડે એ ઉદાહરણ. (મહાનસ વડે વહ્નિ પ્રબલતાથી, દૃઢતાથી ગ્રહણ કરાય છે. માટે મહાનસ ઉદાહરણ કહેવાય.) (૩) જોવાયેલા અર્થને અંત પમાડે

તે દૃષ્ટાન્ત. સાર એ છે કે અતીન્દ્રિયપ્રમાણ વડે નહિ જોવાયેલા અર્થને સંવેદનનિષ્ઠા પમાડે તે **દૃષ્ટાન્ત.** (પર્વતમાં વહ્નિ ઈન્દ્રિયો વડે જોવાયો નથી. અનુમાનાદિ રૂપ જે અતીન્દ્રિય પ્રમાણો છે, એના વડે પણ હજી સુધી વહ્નિ જોવાયો નથી. પરંતુ મહાનસરૂપ દૃષ્ટાન્ત દ્વારા પછી સંવેદન થાય છે કે "પર્વતમાં વહ્નિ છે." આમ અતીન્દ્રિય પ્રમાણથી નહિ જોવાયેલા વહ્નિને સંવેદનનો વિષય બનાવવાનું કામ મહાનસ કરે છે, એટલે એ દૃષ્ટાન્ત બને છે.)

(આમાં **दृष्टमर्थमन्तं नयति** એમ જે લખેલું છે, તેમાં **दृष्ट** શબ્દ છે. જ્યારે એનો પરમાર્થ દર્શાવ્યો ત્યારે **अतीन्द्रियप्रमाणादृष्टं** એમ અદૃષ્ટ શબ્દ લઈ લીધો છે. આમ બેય પરસ્પર વિરુદ્ધ જણાય છે. એની સામે બે સમાધાન લાવી શકાય.

• **दृष्ट** - પ્રત્યક્ષપ્રમાણ વડે મહાનસાદિમાં દેખાયેલ એવો વહ્નિ, જ્યારે **अदृष्ट** - અનુમાનાદિ પ્રમાણ વડે પર્વતમાં હજી સુધી સિદ્ધ ન થયેલો એવો વહ્નિ ! આ રીતે બેયમાં ભેદ પાડી શકાય છે. સ્પષ્ટાર્થ એવો થશે કે વહ્નિ મહાનસાદિમાં પ્રત્યક્ષ જોવાયેલો છે, પરંતુ પર્વતમાં પ્રત્યક્ષ કે અનુમાનાદિ વડે જોવાયેલો નથી. મહાનસદૃષ્ટાન્ત પર્વતમાં પણ વહ્નિનું સંવેદન કરાવે છે.

• જો **अतीन्द्रियप्रमाणदृष्टं** એવો પાઠ લઈએ, તો બેય બાજુ દૃષ્ટ શબ્દ જ આવવાથી વિરોધ ન લાગે. એનો અર્થ આ પ્રમાણે થાય કે પર્વતમાં વહ્નિ એ પ્રત્યક્ષપ્રમાણ વડે જોવાયેલો છે. પણ આ રીતે અનુમાન વડે જોવાયેલા અર્થનું સંવેદન કરાવવાનું કામ તો મહાનસ જ કરે છે. જ્યાંસુધી દૃષ્ટાન્તનો ઉલ્લેખ ન થાય ત્યાંસુધી ધૂમ વડે વહ્નિનું અનુમાન થાય પણ એ દૃઢ ન બને. જ્યારે દૃષ્ટાન્ત દ્વારા જે અનુમાન દૃઢ બને. એટલે એમ કહી શકાય કે દૃષ્ટાન્ત એ અતીન્દ્રિયપ્રમાણદૃષ્ટ પદાર્થનું સંવેદનની નિષ્ઠા-પરાકાષ્ઠા પમાડે છે...)

(૪) ઉપમાન  આના વડે દાર્ષ્ટાન્તિક અર્થ ઉપમિત કરાય છે -  ણાય છે એ ઉપમાન.

(૫) **નિદર્શન :** આના વડે દાર્ષ્ટાન્તિક જ અર્થ નિશ્ચયથી દેખાડાય છે, એ નિદર્શન.

આ બધા સમાનાર્થીશબ્દોનો સમૂહ છે.

આ જે સમાનાર્થી બતાવ્યા છે, એ પૂર્વે દર્શાવેલ એવા બે પ્રકારનાં દરેકે દરેક ઉદાહરણો જ્ઞાત, ઉદાહરણ, દૃષ્ટાન્ત, ઉપમા, નિદર્શન એમ પાંચેય સ્વરૂપ ગણી શકાય છે.

(પ્રશ્ન : ચરિત અને કલ્પિત એમ બે પ્રકારે ઉદાહરણ દર્શાવ્યા. એ દરેક પાછા આહરણ-તદ્દેશ-તદ્દોષ અને ઉપન્યાસ ભેદથી ચાર-ચાર પ્રકારે બતાવ્યા. આમ આ રીતે વિચારીએ તો ઉદાહરણ શબ્દ એ સામાન્યવાચક છે. ઉદાહરણ શબ્દથી ચરિતના ચાર ભેદ અને કલ્પિતના ચારભેદ એમ બધું જ લેવાય જ્યારે ચરિત-કલ્પિત-આહરણ-તદ્દેશ... વગેરે શબ્દો વિશેષવાચક છે. ચરિત શબ્દ બોલીએ તો કલ્પિત ન જ આવે. તદ્દેશ બોલીએ તો આહરણ-તદ્દોષ વગેરે ન જ આવે... આમ ચરિતાદિ બે અને આહરણાદિ ચાર એ બધા જ્ઞાત-ઉદાહરણાદિ રૂપ જાણવા." પણ એ યોગ્ય નથી. ચરિતાદિ વિશેષરૂપ છે, જ્ઞાતાદિપંચક સામાન્યરૂપ છે. વિશેષને સામાન્યરૂપ શી રીતે માની શકાય ?)

ઉત્તર : સામાન્ય અને વિશેષ એ બે કોઈક અપેક્ષાએ એક જ હોવાથી ચરિતાદિ વિશેષો પણ જ્ઞાન-ઉદાહરણાદિ સામાન્યરૂપ જાણવા. (સીધી વાત છે કે ક્ષત્રિય એ વિશેષ પ્રકારનો મનુષ્ય છે. અને તે ક્ષત્રિયશબ્દની જેમ માત્ર મનુષ્યશબ્દથી પણ ઓળખાય જ છે. "ક્ષત્રિય મનુષ્ય ન કહેવાય, ક્ષત્રિય જ કહેવાય." એ વાત તો બરાબર નથી જ. ક્ષત્રિય અને મનુષ્ય વચ્ચે કથંચિત્ અભેદ છે જ.)

સામાન્ય અને વિશેષ કોઈક અપેક્ષાએ એક છે, માટે જ તો સામાન્યની પણ પ્રધાનતા દર્શાવવા માટે ગાથામાં એકવચનનું અભિધાન કરેલ છે કે **एकार्थम्** પણ **एकार्थानि** નથી લખ્યું. (જ્ઞાતાદિ પાંચ શબ્દો હોવા છતાં **एकार्थम्** એમ એકવચનાન્ત પ્રયોગ કરીને એ પાંચેયને એકરૂપ જ જણાવ્યા છે. બધાને પરસ્પર અભિન્ન-સામાન્ય જ જણાવ્યા છે. એનાદ્વારા સામાન્યની પ્રધાનતાનું પ્રખ્યાન થાય છે. જો **एकार्थानि** લખે, તો એમાં આ પાંચેય પરસ્પર જુદા છે, એવો અર્થ નીકળે. કેમકે તો જ બહુવચન થાય. અને જુદા પદાર્થો વિશેષરૂપ ગણાય. સામાન્યરૂપ નહિ...)

આ વિષયમાં ઘણું કહેવાનું છે, પણ એ અમે કહેતા નથી. કેમકે બધું કહેવા જોઈએ તો ગ્રન્થનો વિસ્તાર થઈ જવાનો ભય રહે છે. જ્યારે આ ટીકા તો માત્ર ગમનિકા જ છે. અર્થાત્ નિર્યુક્તિઓનો શબ્દાર્થ જણાવવા પુરતી જ આ ટીકા છે. વિસ્તાર કરવાનો નથી.

• **तत्प्रागुपन्यस्तं** માં **तत्** એ ગાથામાં રહેલો **तं** શબ્દ લેવાયેલો છે, એનો જ અર્થ કર્યો છે કે **प्रागुपन्यस्तम्** ।)

---

**साम्प्रतं यदुक्तं 'तत्रोदाहरणं द्विविध'मित्यादि, तद्द्वैविध्यादिप्रदर्शनायाह–**

चरिअं च कप्पिअं वा दुविहं तत्तो चउव्विहेक्केक्कं । आहरणे तद्देसे तद्दोसे चेवुवन्नासे ॥५३॥

હવે ૫૧મી ગાથામાં કહેલું કે ઉદાહરણ દ્વિવિધ છે...વગેરે. હવે તે દ્વિવિધતાદિનું પ્રદર્શન કરવાને માટે કહે છે કે

નિર્યુક્તિ-૫૩ ગાથાર્થ : ચરિત અને કલ્પિત એમ બે પ્રકારે ઉદાહરણ છે. તેમાંથી એક એક પાછું ચાર પ્રકારે છે. આહરણ, તદ્દેશ, તદ્દોષ, ઉપન્યાસ.

व्याख्या–चरितं च कल्पितं चे( वे )ति द्विविधमुदाहरणम्, तत्र चरितमभिधीयते यद्वृत्तं, तेन कस्यचिद् दार्ष्टान्तिकार्थप्रतिपत्तिर्जन्यते, तद्यथा-दुःखाय निदानं, यथा ब्रह्मदत्तस्य । तथा कल्पितं स्वबुद्धिकल्पनाशिल्पनिर्मितमुच्यते, तेन च कस्यचिद्दार्ष्टान्तिकार्थप्रत्तिपत्तिर्जन्यते, यथा-पिप्पलपत्रैरनित्यतायामिति, उक्तं च – "जह तुब्भे तह अम्हे तुब्भेवि अ होहिहा जहा अम्हे । अप्पाहेइ पडंतं पंडुअपत्तं किसलयाणं ॥१॥ णवि अत्थि णवि अ होही उल्लावो किसलपंडुपत्ताणं । उवमा खलु एस कया भविअजणविबोहणट्ठाए ॥२॥" इत्यादि । आह-इदमुदाहरणं दृष्टान्त उच्यते, तस्य च साध्यानुगमादि लक्षणमिति, उक्तं च–"साध्येनानुगमो हेतोः, साध्याभावे च नास्तिता । ख्याप्यते यत्र दृष्टान्तः, स साधर्म्येतरो द्विधा ॥१॥" अस्य पुनस्तल्लक्षणाभावात् कथमुदाहरणत्वमिति ?, अत्रोच्यते, तदपि कथञ्चित्साध्यानुगमादिना दार्ष्टान्तिकार्थप्रतिपत्तिजनकत्वात्फलत उदाहरणम्, इहापि च सोऽस्त्येवेतिकृत्वा किं नोदाहरणतेति ?। साध्यानुगमादि लक्षणमपि सामान्यविशेषोभयरूपानन्तधर्मात्मके वस्तुनि सति कथञ्चिद्भेदवादिन एव युज्यते, नान्यस्य, एकान्तभेदाभेदयोस्तदभावादिति, तथाहि–सर्वथा प्रतिज्ञादृष्टान्तार्थभेदवादिनोऽनुगमतः खलु घटादौ कृतकत्वादेरनित्यत्वादिप्रतिबन्धदर्शनमपि प्रकृतानुपयोग्येव, भिन्नवस्तुधर्मत्वात्, सामान्यस्य च परिकल्पितत्वादसत्त्वाद्, इत्थमपि च तद्बलेन साध्यार्थप्रतिबन्धकल्पनायां सत्यामतिप्रसङ्गादित्यत्र बहु वक्तव्यं तत्तु नोच्यते ग्रन्थविस्तरभयादिति, एवं सर्वथा अभेदवादिनोऽप्येकत्वादेव तदभावो भावनीय इति, अनेकान्तवादिनस्त्वनन्तधर्मात्मके वस्तुनि तत्तद्धर्मसामर्थ्यात्तत्तद्वस्तुनः प्रतिबन्धबलेनैव तस्य तस्य वस्तुनो गमकं भवति, अन्यथा ततस्तस्मिंस्तत्प्रतिपत्त्यसम्भव इति कृतं प्रसङ्गेन, प्रकृतं प्रस्तुमः-चरितं च कल्पितं चे( वे )त्यनेन विधिना द्विविधम्, पुनश्चतुर्विधं-चतुष्प्रकारमेकैकम्, कथमत आह–'उदाहरणं तद्देशः तद्दोषश्चैव उपन्यास' इति । तत्रोदाहरणशब्दार्थ उक्त एव, तस्य



नमोऽस्तु तस्मै जिनशासनाय

**देशस्तद्देशः, एवं तद्दोषः, उपन्यसनमुपन्यासः, स च तद्वस्त्वादिलक्षणो वक्ष्यमाण इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** ચરિત અને કલ્પિત એમ બે પ્રકારે ઉદાહરણ છે. તેમાં ચરિત તે કહેવાય કે જે બનેલું હોય અર્થાત્ જે પ્રસંગ ખરેખર બનેલો હોય. તે ચરિત વડે કોઈકને દાર્ષ્ટાન્તિક અર્થનો બોધ ઉત્પન્ન થાય છે. (દૃષ્ટાન્તગ્રાહ્ય અર્થ તે દાર્ષ્ટાન્તિક અર્થ)

દા.ત. નિયાણું દુઃખને માટે થાય છે. જેમકે બ્રહ્મદત્તનું નિયાણું એને દુઃખકારી બન્યું. (બ્રહ્મદત્તનો પ્રસંગ બનેલો જ છે, એટલે એ ચરિત કહેવાય. તેના વડે નિયાણાંની દુઃખકારિતા સિદ્ધ થાય છે.)

કલ્પિત એટલે સ્વબુદ્ધિની કલ્પનારૂપી શિલ્પ વડે બનાવાયેલ હોય તે કહેવાય. તેના વડે પણ કોઈકને દાર્ષ્ટાન્તિક અર્થનો બોધ થાય છે. દા.ત. પીપળાનાં પાંદડાઓ વડે અનિત્યતાને વિશે બોધ થાય છે. કહ્યું છે કે ● "જેવા તમે છો, તેવા અમે હતા. તમે પણ તેવા થશો જેવા અમે છીએ." પડતું એવું ફીક્કું પાંદડું કિશલયોને = નૂતનકુંપણો = કોમળ પાંદડાઓને ઠપકો આપે છે. ખરેખર વાત તો એ છે કે કિસલય અને ફીકકા પાંદડાનો સંવાદ થયો નથી અને થશે પણ નહિ. (છતાં ઉપર બે જણ વચ્ચે વાતચીત દર્શાવાઈ છે) એ તો ભવ્યજનોના વિબોધને માટે આ ઉપમા કરાયેલી છે. ● (અહીં કિસલય, પાંદડા વચ્ચેનો સંવાદ એ કલ્પિત દૃષ્ટાન્ત છે, એના દ્વારા જીવો સંસારનાં સઘળા પદાર્થોની અનિત્યતાનો બોધ પામી વૈરાગ્ય પામે છે. (પીંપળ પાન ખરંતા, હસતી કૂંપળિયા, મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુલિયા)

**પ્રશ્ન :** આ ઉદાહરણ એ દૃષ્ટાન્ત કહેવાય છે. અને દૃષ્ટાન્તનું લક્ષણ છે. સાધ્યાનુગમ વગેરે. કહ્યું જ છે કે

● હેતુનો સાધ્ય સાથે અનુગમ (સાધ્યની સાથે રહેવું = સાધ્યને અનુસરવું = સાધ્ય હોય ત્યાં જ રહેવું.) અને સાધ્યનાં અભાવમાં હેતુની નાસ્તિતા જેમાં કહેવાય છે તે દૃષ્ટાન્ત છે. તે બે પ્રકારે છે. (૧) સાધર્મ્ય દૃષ્ટાન્ત (૨) વૈધર્મ્ય દૃષ્ટાન્ત. (**यत्र धूमः तत्र वह्निः यथा महानसे** આ સાધર્મ્ય દૃષ્ટાન્ત છે. અને **यत्र वह्न्यभावः तत्र धूमाभावः यथा ह्रदे** આ વૈધર્મ્યદૃષ્ટાન્ત છે. હેતુ અને સાધ્યનાં સદ્ભાવવાળો પદાર્થ સાધર્મ્યદૃષ્ટાન્ત બને, જ્યારે હેતુ અને સાધ્યનાં અભાવવાળો પદાર્થ વૈધર્મ્યદૃષ્ટાન્ત બને.)

**પ્રશ્ન :** એ થાય છે કે આ કલ્પિતઉદાહરણ તો સ્વયં જ કલ્પિત હોવાથી એમાં સાધ્યહેતુસદ્ભાવ કે ઉભયાભાવરૂપ લક્ષણ જ ન ઘટે અને તો પછી ઉદાહરણનાં લક્ષણનો

જ આ કલ્પિતમાં અભાવ હોવાથી એ કલ્પિતઉદાહરણ ઉદાહરણ કહેવાય જ શી રીતે ?

ઉત્તર : (તમે કહ્યું કે મહાનસાદિ દૃષ્ટાન્ત તો સાધ્યાનુગમાદિવાળા છે અને એ રીતે પર્વતમાં વહ્નિની પ્રતિપત્તિ કરાવનારા છે, માટે એ તો વાસ્તવિક દૃષ્ટાન્ત ગણાય. પણ) આ મહાનસાદિરૂપ ઉદાહરણ પણ કંઈ સીધે સીધા તો સાધ્યાનુગમાદિવાળા નથી જ. આપણે પર્વતમાં વહ્નિની સિદ્ધિ કરવાની છે. એટલે સાધ્ય તો પર્વતમાં સિદ્ધ થનારો વહ્નિ જ બને. હવે એ તો મહાનસમાં નથી જ. મહાનસનો વહ્નિ જુદો જ છે, અને એ કંઈ સાધ્યરૂપ નથી, એ તો પ્રત્યક્ષસિદ્ધ છે. એટલે સાધ્યાનુગમાદિ લક્ષણ તો મહાનસાદિમાં પણ સ્પષ્ટ ઘટતું નથીજ. એટલે એ રીતે તો એ પણ ઉદાહરણ ન કહેવાય. ત્યાં એમ જ કહેવું પડે કે પર્વતીયવહ્નિ અને મહાનસીયવહ્નિ વચ્ચે વહ્નિત્વેન સમાનતા છે. એટલે એ દૃષ્ટિએ મહાનસમાં સાધ્યનો અનુગમ માની શકાય. અને એના દ્વારા મહાનસ દાર્ષ્ટાન્તિક અર્થની = વહ્નિની પ્રતીતિને ઉત્પન્ન કરે છે. આમ સાધ્યાર્થની પ્રીતીતિરૂપ જે દૃષ્ટાન્તનું ફળ છે, તે અત્રે મળતું હોવાથી ફલની અપેક્ષાએ મહાનસાદિ પણ ઉદાહરણ કહેવાય છે.

હવે આમ જો મહાનસાદિ પણ ફલતઃ ઉદાહરણ હોય, સ્વરૂપતઃ નહિ. તો આ કલ્પિત દૃષ્ટાન્ત સ્થળે પણ અનિત્યતાદિ સાધ્યાર્થની પ્રતિપત્તિ થાય જ છે.તો એમાં પણ ફલની અપેક્ષાએ ઉદાહરણતા કેમ ન મનાય? માની જ શકાય છે. જેમ કલ્પિતદૃષ્ટાન્તમાં સાધ્યાનુગમાદિ લક્ષણ નથી, તેમ ચરિતમાં ફલતઃ ઉદાહરણ મનાય છે, તેમ કલ્પિતને પણ ફલતઃ ઉદાહરણ માની શકાય છે. કેમકે બંને સ્થળે સાધ્યાર્થની પ્રતિપત્તિ થાય છે.

((ઉપરનાં વિવેચનમાં **तदपि** માં **तद्** થી ચરિતોદાહરણ લીધેલ છે, અને **इहापि-कल्पितोदाहरणेऽपि** એમ અર્થ લીધેલ છે જયારે **तदपि** માં તત્‌થી કલ્પિતોદાહરણ લઈને પણ અર્થ કરી શકાય. તે આ પ્રમાણે જેમ ચરિતમાં સાધ્યાનુગમાદિ છે, એમ કલ્પિતમાં પણ કોઈક અપેક્ષાએ સાધ્યાનુગમાદિ છે જ. અને એટલે કલ્પિત પણ આપેક્ષિક સાધ્યાનુગમાદિ દ્વારા દાર્ષ્ટાન્તિક અર્થનો બોધ કરાવનાર હોવાથી ફલતઃ ઉદાહરણ કહી શકાય છે. ભલે કિસલય + પત્રો વચ્ચે સંવાદ નથી, પણ બેયમાં કાર્યત્વ અને અનિત્યત્વ આ બે ધર્મો રહેલા છે. કાર્યત્વ ધર્મ વડે અનિત્યત્વ સાધ્યની પ્રતીતિ ત્યાં થાય છે, અને એ દ્વારા સંસારનાં સઘળા અનિત્ય પદાર્થોમાં અનિત્યત્વની પ્રતીતિ થાય છે. આમ કલ્પિતને ફલતઃ ઉદાહરણ માનવામાં કોઈ જ વાંધો નથી.

કોઈ કહે કે "કલ્પિતમાં ક્યાં દાર્ષ્ટાન્તિક અર્થની પ્રતિપત્તિ થાય છે ?" તો એનો ઉત્તર આપે છે કે ચરિતની જેમ કલ્પિતમાં પણ દાર્ષ્ટાન્તિકાર્થપ્રતિપત્તિ છે જ, એટલે તે ઉદાહરણ કેમ ન બને ?"

આમ બે રીતે પ્રસ્તુતપંક્તિનો અર્થ ઘટી શકે છે. અમને પ્રથમ રીત વધુ તર્કસંગત લાગે છે...)

(દૃષ્ટાન્તમાં સાધ્યાનુગમાદિ કથંચિત્ જ છે, એવું જે કહ્યું. એજ વાતને સ્પષ્ટ રીતે દર્શાવે છે કે) સાધ્યાનુગમાદિ રૂપ જે દૃષ્ટાન્તલક્ષણ છે, તે પણ સામાન્યવિશેષઉભયરૂપ અનન્તધર્માત્મક એવી વસ્તુ હોતે છતે કોઈક અપેક્ષાએ વસ્તુનો ભેદ માનનારાઓને જ ઘટે છે, પણ બીજાને નહિ. એકાન્તભેદમાં કે એકાન્ત અભેદમાં સાધ્યાનુગમાદિ લક્ષણનો અભાવ છે.

(દરેક વસ્તુ સામાન્ય-વિશેષ ઉભયાત્મક છે, અને અનંતધર્માત્મક છે. આવી વસ્તુનો બીજી વસ્તુથી અપેક્ષાએ ભેદ છે અને અપેક્ષાએ અભેદ છે. આવું જે માને તે જ દૃષ્ટાન્તમાં સાધ્યાનુગમાદિ માની શકે. આમાં વહ્નિ વહ્નિરૂપ સામાન્ય છે, પણ મહાનસીયત્વ કે પર્વતીયત્વરૂપે વિશેષ છે. તથા વહ્નિમાં દ્રવ્યત્વ, પદાર્થત્વ, ધૂમકારણત્વ, પ્રકાશકત્વ, તેજસ્ત્વ, વહ્નિત્વ... વગેરે વગેરે અનંતધર્મો રહેલા છે, ધર્મ અને ધર્મી વચ્ચે અભેદ ગણીએ તો વહ્નિ અનંતધર્માત્મક છે, એમ કહેવાય.)

**પ્રશ્ન :** જેઓ સર્વથા ભેદવાદી છે, તેઓને શા માટે સાધ્યાનુગમાદિ લક્ષણ સંગત ન થાય ?

**ઉત્તર :** જુઓ "**पर्वतो वह्निमान्**" આ પ્રતિજ્ઞાનો અર્થ રૂપ જે વહ્નિ છે તે અને મહાનસાદિમાં રહેલો જે વહ્નિ છે તે, બે વચ્ચે સર્વથા ભેદ હોય તો (એટલે કે પર્વતીયવહ્નિ અને મહાનસીયવહ્નિ વચ્ચે એકાંતે ભેદ હોય તો) એટલે કે પર્વતીયવહ્નિ અને મહાનસીય વહ્નિ વચ્ચે એકાંતે ભેદ હોય તો મુશ્કેલી એ થાય છે કે અનુગમ દ્વારા = સદ્ભાવ દ્વારા = હાજરી દ્વારા ઘટાદિમાં કૃતકત્વાદિ ધર્મની અનિત્યત્વાદિ સાથે વ્યાપ્તિનું જે દર્શન થાય છે, તે પણ પ્રસ્તુતમાં તો અનુપયોગી જ બને. (આશય એ છે કે **संसारसुखं अनित्यं कृतकत्वात् घटवत्** એ રીતે અનુમાન કરીએ તો ઘટરૂપી દૃષ્ટાન્તમાં કૃતકત્વ હેતુ અને અનિત્યત્વ સાધ્યની અન્વયવ્યાપ્તિ તો દેખાય જ છે. પ્રતિબન્ધ = વ્યાપ્તિ. અનુગમતઃ = અન્વયતઃ = હકારાત્મક રૂપે. પરંતુ એ વ્યાપ્તિનું દર્શન થાય તો પણ એ સંસારસુખમાં અનિત્યત્વની સિદ્ધિ માટે તદ્દન અનુપયોગી છે.)

**પ્રશ્ન** શા માટે અનુપયોગી છે ? ઘટમાં અન્વયવ્યાપ્તિના દર્શન દ્વારા જ સંસારસુખમાં અનિત્યતાની સિદ્ધિ થાય છે.

**ઉત્તર :** એ નહિ થઈ શકે. કેમકે બેય વસ્તુધર્મો ભિન્ન છે. અર્થાત્ ઘટમાં રહેલ

અનિત્યત્વ = કૃતકત્વ અને સુખમાં રહેલ અનિત્યત્વ = કૃતકત્વ ભિન્ન જ છે. (વસ્તુ રૂપ ધર્મ ! સાધ્ય અને હેતુ બેય ધર્મ છે.) આશય એ છે કે ઘટમાં કૃતકત્વની અનિત્યત્વ સાધ્ય સાથે વ્યાપ્તિ ભલે હો, પણ ઘટમાં રહેલ કાર્યત્વ અને સંસારસુખમાં રહેલ કાર્યત્વ બંને જુદા જ છે. એટલે ઘટમાં રહેલ કાર્યત્વને ઘટમાં રહેલ અનિત્યત્વ સાથે સંબંધ = વ્યાપ્તિ છે. પણ એને આધારે સંસારસુખમાં રહેલ કાર્યત્વને પણ અનિત્યત્વ સાથે સંબંધ છે, એવું શી રીતે કહેવાય ? બંને અનિત્યત્વ અને બંને કાર્યત્વ એ સાવ જ એકબીજાથી અલગ છે.

દા.ત. કાર્યત્વ અને ધૂમ બેય તદ્દન જુદા છે. તો એવું કોઈ નથી કહેતું કે "ઘટમાં કાર્યત્વ અને અનિત્યત્વ છે, તો પછી એને આધારે ધૂમનો પણ અનિત્યત્વ સાથે સંબંધ છે." કેમકે કાર્યત્વ અને ધૂમ સાવ જુદા જ છે. તો એ જ પ્રમાણે બે કાર્યત્વ પણ પરસ્પર અલગ છે, એટલે ઘટનાં કાર્યત્વનો અનિત્યત્વ સાથે સંબંધ જોઈને કંઈ સંસારસુખના કાર્યત્વનો અનિત્યત્વ સાથે સંબંધ = પ્રતિબંધ = વ્યાપ્તિ માની ન શકાય.

**પ્રશ્ન** ઘટીયકાર્યત્વ અને સુખકાર્યત્વ આ બેય કાર્યત્વત્વધર્મથી સમાન છે, આ સમાનતા = સામાન્યને લઈને જ ઘટીયકાર્યત્વ અને સુખકાર્યત્વ વચ્ચે અભેદ માની શકાય છે. એટલે જ દૃષ્ટાન્ત = ઘટમાં રહેલ કાર્યત્વ-અનિત્યત્વ એ હેતુ-સાધ્યરૂપ માનવામાં કોઈ વાંધો નથી. એટલે સાધ્યાનુગમાદિ લક્ષણ સંગત થાય છે.

**ઉત્તર :** (તમારા મતે તો એકાંતભેદ માનેલો હોવાથી) સામાન્ય પદાર્થ પરિકલ્પિત = કાલ્પનિક છે, અને એટલે તે અસત્ છે. એટલે અસત્ પદાર્થને લઈને તમે દૃષ્ટાન્તમાં વ્યાપ્તિનું દર્શન પ્રકૃતોપયોગી માની જ ન શકો.

આશય એ કે સામાન્ય પદાર્થ હોત તો તો વ્યાપ્તિદર્શન એના બલથી પક્ષમાં સાધ્યની સિદ્ધિ કરાવી શકે. પણ સામાન્ય પદાર્થ જ નથી. એટલે એના આધારે પક્ષમાં સાધ્યસિદ્ધિ થઈ ન શકે.

આ રીતે સામાન્ય અસત્ હોવા છતાં પણ જો એ સામાન્યના બલથી હેતુની સાધ્યાર્થ સાથે વ્યાપ્તિ = સંબંધ = પ્રતિબંધની કલ્પના કરવામાં આવશે તો અતિપ્રસંગ આવશે.

(અતિપ્રસંગ આ પ્રમાણે - ઘટીયકાર્યત્વ અને સુખાદિકાર્યત્વ વચ્ચે સામાન્ય અસત્ છે, છતાં તમે એ અસત્ સામાન્યનાં બલથી સુખાદિકાર્યત્વની સુખાદિ-અનિત્યતા સાથે વ્યાપ્તિ માનીને સુખાદિમાં અનિત્યતાની સિદ્ધિ કરશો તો હવે ધૂમ અને જલ વચ્ચે સામાન્ય અસત્ છે, છતાં ત્યાં પણ એ અસત્ સામાન્યનાં બલથી ધૂમની વહ્નિ સાથેની વ્યાપ્તિનાં દર્શનને આધારે જલની પણ વહ્નિ સાથે વ્યાપ્તિ સિદ્ધ થઈ શકશે. અને તો પછી હ્રદાદિમાં જલની સાથે વહ્નિની હાજરી માનવાની આપત્તિ આવે. આને અતિપ્રસંગ

કહેવાય.)

આ વિષયમાં ઘણું કહેવાનું છે, પણ ગ્રન્થનો વિસ્તાર થઈ જવાના ભયથી એ કહેતાં નથી.

આ જ પ્રમાણે સર્વથા અભેદવાદીઓને પણ બેય વસ્તુની એકતા જ હોવાથી સાધ્યાનુગમાદિ લક્ષણનો અભાવ વિચારી લેવો. (મહાનસમાં ધૂમ અને વહ્નિ છે, માટે પર્વતમાં પણ ધૂમ સાથે વહ્નિ છે એમ દૃષ્ટાન્ત દ્વારા સિદ્ધ કરાય છે. પરંતુ મહાનસ અને પર્વતમાં રહેલ ધૂમ એકજ છે. તથા બેય વહ્નિ પણ એક જ છે, તો પછી એકના આધારે બીજી જગ્યાએ પ્રતિબન્ધની સિદ્ધિ કરવાની જ ન રહે ને ? એક સ્થળે જો પ્રતિબન્ધ સિદ્ધ છે, તો સર્વત્ર એ પ્રતિબંધ સિદ્ધ જ છે, એને સિદ્ધ કરવાની જરૂર નથી. માટે એકાન્ત અભેદવાદીમાં પણ દૃષ્ટાન્ત વગેરે પદાર્થો સિદ્ધ થતાં નથી...)

જે અનેકાન્તવાદીઓ છે, કથંચિત્ ભેદાભેદવાદી છે, તેઓના મતે કોઈ દોષ નથી. અનંતધર્માત્ક વસ્તુ તેઓ માને છે, એટલે તે તે ધર્મના સામર્થ્યથી તે તે વસ્તુની વ્યાપ્તિના બલથી તે તે વસ્તુને જણાવનાર તે દૃષ્ટાન્ત બને. (ધૂમ અનન્તધર્માત્મક છે. એટલે પર્વત અને મહાનસનાં ધૂમો પર્વતીયધૂમત્વ અને મહાનસીયધૂમત્વરૂપ ભિન્ન ધર્મોની અપેક્ષાએ ભિન્ન છે. પણ એ બેય ધૂમોમાં ધૂમત્વ ધર્મ એકજ છે. આમ ધૂમત્વધર્મના સામર્થ્યથી ધૂમની વહ્નિ સાથે વ્યાપ્તિ છે. એટલે તે વ્યાપ્તિનાં બલથી જ દૃષ્ટાન્ત એ વહ્નિનો બોધ કરાવનાર બને.)

જો આ વાત ન માનીએ, તો દૃષ્ટાન્ત દ્વારા પક્ષમાં સાધ્યની પ્રતિપત્તિનો સંભવ નથી. (ઉપર દર્શાવેલ પદ્ધતિ પ્રમાણે જ દૃષ્ટાન્ત દ્વારા પક્ષમાં સાધ્યની સિદ્ધિ થાય, બાકી એકાન્તભેદ કે એકાન્તઅભેદ માનો તો દૃષ્ટાન્ત દ્વારા પક્ષમાં સાધ્યની સિદ્ધિ સંભવિત નથી.)

અહીં પ્રસંગ વડે સર્યું.

પ્રસ્તુત પદાર્થ કહીએ છીએ.

ચરિત અને કલ્પિત એમ આ વિધિથી બે પ્રકારે દૃષ્ટાન્ત છે. એ એકેક પાછું ચાર પ્રકારે છે. ઉદાહરણ, તદ્દેશ, તદ્દોષ અને ઉપન્યાસ.

તેમાં ઉદાહરણશબ્દનો અર્થ તો કહી જ દીધો છે.

ઉદાહરણનો દેશ તે તદ્દેશ.

એ રીતે ઉદાહરણનો દોષ તે તદ્દોષ.

ઉપન્યાસ કરવો એનું નામ ઉપન્યાસ. તે તદ્વસ્તુઉપન્યાસવગેરે લક્ષણવાળો આગળ કહેવાશે.

- ઉદાહરણ
  - ચરિત
    - આહરણ
    - તદ્દેશ
    - તદ્દોષ
    - ઉપન્યાસ
  - કલ્પિત
    - આહરણ
    - તદ્દેશ
    - તદ્દોષ
    - ઉપન્યાસ

---

**साम्प्रतमुदाहरणमभिधातुकाम आह –**

चउहा खलु आहरणं होइ अवाओ उवाय ठवणा य । तहय पडुप्पन्नविणासमेव पढमं चउविगप्पं ॥५४॥

---

હવે ઉદાહરણ = આહરણને કહેવાની ઈચ્છાવાળા કહે છે કે

નિર્યુક્તિ- ૫૪ ગાથાર્થ : આહરણ ચાર પ્રકારે છે. (૧) અપાય (૨) ઉપાય (૩) સ્થાપના (૪) પ્રત્યુત્પન્નવિનાશ. પ્રથમ ચાર પ્રકારે છે.

---

**व्याख्या-चतुर्धा खलु उदाहरणं भवति, अथवा चतुर्धा खलु उदाहरणे विचार्यमाणे भेदा भवन्ति, तद्यथा-अपायः उपायः स्थापना च तथा च प्रत्युत्पन्नविनाशमेवेति, स्वरूपमेषां प्रपञ्चेन भेदतो निर्युक्तिकार एव वक्ष्यति, तथा चाह–'प्रथमम्' अपायोदाहरणं 'चतुर्विकल्पं' चतुर्भेदम् । तत्रापायश्चतुःप्रकारः, तद्यथा-द्रव्यापायः क्षेत्रापायः कालापायो भावापायश्च इति गाथार्थः ॥ तत्र द्रव्यादपायो द्रव्यापायः, अपायः-अनिष्टप्राप्तिः द्रव्यमेव वा अपायो द्रव्यापायः, अपायहेतुत्वादित्यर्थः, एवं क्षेत्रादिष्वपि भावनीयम् ।**

---

ટીકાર્થ : ઉદાહરણ ચાર પ્રકારે છે. અથવા તો ઉદાહરણ વિચારાતે છતે એમાં ચાર ભેદો થાય છે. તે આ પ્રમાણે, અપાય, ઉપાય, સ્થાપના અને પ્રત્યુત્પન્ન વિનાશ.

આ ચારેયનું સ્વરૂપ વિસ્તારથી પેટાભેદપૂર્વક નિર્યુક્તિકાર જ આગળ કહેશે.

એજ કહે છે કે પ્રથમ એટલે કે અપાયોદાહરણરૂપ પ્રથમભેદ ચાર પ્રકારનો છે. (અપાયોદાહરણની વિચારણા કરવાની છે.) તેમાં અપાય ચાર પ્રકારે છે. તે આ

પ્રમાણે દ્રવ્યાપાય, ક્ષેત્રાપાય, કાલાપાય, ભાવાપાય. એ ચાર પ્રકારનાં અપાયને આશ્રયીને અપાયોદાહરણ પણ ચાર પ્રકારે છે.) તેમાં દ્રવ્યથી અપાય તે દ્રવ્યાપાય, અપાય એટલે અનિષ્ટની પ્રાપ્તિ.

અથવા તો દ્રવ્ય પોતે જ અપાય તે દ્રવ્યાપાય.

પ્રશ્ન : દ્રવ્ય પોતે જ અપાય શી રીતે બને ? અપાય એટલે તો અનિષ્ટપ્રાપ્તિ અર્થ છે. દ્રવ્ય અને અનિષ્ટપ્રાપ્તિ આ બે વસ્તુ જુદી છે.

ઉત્તર દ્રવ્ય એ અપાયનું = અનિષ્ટપ્રાપ્તિનું હેતુ હોવાથી તે સ્વયં દ્રવ્યાપાય કહેવાય. (કારણમાં કાર્યનો ઉપચાર કરેલો છે.)

એ પ્રમાણે ક્ષેત્ર વગેરેમાં પણ વિચારી લેવું.

---

साम्प्रतं द्रव्यापायप्रतिपादनायाह –

दव्वावाए दोन्नि उ वाणिअगा भायरो धणनिमित्तं । वहपरिणएक्कमेक्कं दहंमि मच्छेण निव्वेओ ॥५५॥

---

હવે દ્રવ્યાપાયનું પ્રતિપાદન કરવા માટે કહે છે કે

નિર્યુક્તિ-૫૫ ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

---

व्याख्या-द्रव्यापाये उदाहरणं द्वौ तु, तुशब्दादन्यानि च, वणिजौ भ्रातरौ '<u>धननिमित्तं</u>' धनार्थं वधपरिणतौ '<u>एकैकम्</u>' अन्योऽन्यं ह्रदे मत्स्येन निर्वेद इति गाथाक्षरार्थः ॥ भावार्थस्तु कथानकादवसेयः, तच्चेदम्-एगंमि संनिवेसे दो भायरो दरिद्दप्पाया, तेहिं सोरट्ठं गंतूण साहस्सिओ णउलओ रूवगाणं विढविओ, ते अ सयं गामं संपत्थिया, इंता तं णउलयं वारएण वहंति, जया एगस्स हत्थे तदा इयरो चिंतेइ–"मारेमि णवरमेए रूवगा ममं होंतु' एवं बीओ चिंतेइ 'जहाऽहं एअं मारेमि' ते परोप्परं वहपरिणया अज्झवस्संति । तओ जाहे सग्गामसमीवं पत्ता तत्थ नईतडे जिट्ठेअरस्स पुणराविति जाया–'धिरत्थु ममं, जेण मए दव्वस्स कए भाउविणासो चिंतिओ' परुण्णो, इअरेण पुच्छिओ, कहिओ, भणई–ममंपि एयारिसं चित्तं होंतं, ताहे एअस्स दोसेणं अम्हेहिं एअं चिंतिअंतिकाउं तेहिं सो णउलओ दहे छूढो, ते अ घरं गया, सो अ णउलओ तत्थ पडंतो मच्छएण गिलिओ, सो अ मच्छो मेएण मारिओ, वीहीए ओयारिओ । तेसिं च भाउगाणां भगिणी मायाए वीहिं पट्ठविआ जहा मच्छे आणेह जं

भाउगाणं ते सिज्झंति, ताए अ समावत्तीए सो चेव मच्छओ आणीओ, चेडीए फालितीए णउलओ दिट्ठो, चेडीए चिंतिअं-एस णउलओ मम चेव भविस्सइत्ति उच्छंगे कओ, ठविज्जंतो य थेरीए दिट्ठो णाओ अ, तीए भणियं-किमेअं तुमे उच्छंगे कयं ?, सावि लोहं गया ण साहइ, ताओ दोवि परोप्परं पहयातो, सा थेरी ताए चेडीए तारिसे मम्मप्पएसे आहया जेण तक्खणमेव जीवियाओ ववरोविया, तेहिं तु दारएहिं सो कलहवइअरो णाओ, स णउलओ दिट्ठो, थेरी गाढप्पहारा पाणविमुक्का निस्सट्ठं धरणितले पडिया दिट्ठा, चिंतिअ च णेहिं—इमो सो अवायबहुलो अ( ण )त्थोत्ति । एवं दव्वं अवायहेउत्ति ॥ लौकिका अप्याहुः—"अर्थानामर्जने दुःखमर्जितानां च रक्षणे । आये दुःखं व्यये दुःखं, धिग् द्रव्यं दुःखवर्धनम् ॥१॥ अपायबहुलं पापं, ये परित्यज्य संश्रिताः । तपोवनं महासत्त्वास्ते धन्यास्ते तपस्विनः ॥२॥" इत्यादि । एतावत्प्रकृतोपयोगि । तओ तेसिं तमवायं पिच्छिऊण णिव्वेओ जाओ, तओ तं दारियं कस्सइ दाऊण निव्विण्णकामभोआ पव्वइयत्ति गाथार्थः ॥

---

ટીકાર્થ : દ્રવ્યાપાયમાં બે જણ ઉદાહરણ છે. तु શબ્દથી સમજવું કે માત્ર બેજ નહિ, પણ બીજા પણ ઉદાહરણ છે. (એજ કહે છે કે) બે વણિકભાઈઓ ધનને માટે એકબીજાને મારી નાંખવાની ઈચ્છાવાળા બન્યા. એમાં સરોવરમાં માછલા વડે વૈરાગ્ય પામ્યા. આ ગાથાનો અક્ષરાર્થ દર્શાવ્યો. (એનાથી સ્પષ્ટતા થતી નથી. માટે કહે છે કે) ભાવાર્થ તો કથાનકથી જાણવો.

તે કથાનક આ પ્રમાણે છે. (ખ્યાલ રાખવો કે "દ્રવ્યાપાયમાં બે ઉદાહરણ છે" એમ જે કહ્યું એનો અર્થ એવો નથી કે એમાં "બે વાર્તાઓ કહેવાશે." પરંતુ એકજ વાતમાં બે વ્યક્તિઓ અને तु શબ્દથી બીજાઓ પણ દ્રવ્યથી અપાય પામેલા હોવાથી એ વ્યક્તિઓ જ ઉદાહરણ તરીકે ગણેલ છે.ટુંકમાં દ્રવ્યાપાય અંગેની વાર્તા એક, પણ એમાં ઉદાહરણભૂત બનનારા બે... વધારે.)

એક સંનિવેશમાં બે ભાઈઓ ગરીબ જેવા હતા. (ગામ-નગર-શેરી વગેરેની માફક પૂર્વકાળમાં અમુક પદ્ધતિનાં સ્થાન સંનિવેશ શબ્દથી ઓળખાતા.) તેઓએ સૌરાષ્ટ્રમાં જઈને ૧ હજારનો નકુલક કમાઈ લીધો. (એક હજાર રૂપિયા ભરેલો એક પ્રકારનો થેલો-ઝોળી) તેઓ પોતાના ગામ તરફ પાછા ફર્યા. પાછા ફરતી વખતે તેઓ વારાફરતી એ નકુલકને વહન કરે છે. જયારે એકના હાથમાં નકુલક હોય ત્યારે બીજો વિચારી છે કે "આને જો મારી નાંખુ" આમ પરસ્પર વધ કરવા તૈયાર થયેલા તેઓ વિચાર કરી રહ્યા

છે, ત્યારે જ્યારે તેઓ પોતાના ગામની પાસે આવ્યા ત્યારે નદીના કિનારે નાનાભાઈનું પુનરાવર્તન થયું. (અર્થાત્ ખરાબ વિચારોમાંથી એ પાછો સારા વિચારોમાં પ્રવેશ્યો.) એ વિચારે છે કે "મને ધિક્કાર હો કે જે મારા વડે ધનને માટે ભાઈની હત્યા કરવાનો વિચાર કરાયો." એ રડવા લાગ્યો. મોટાભાઈએ પૃચ્છા કરી, નાનાએ બધી વાત કરી. મોટો કહે "મને પણ આવા જ પ્રકારનો વિચાર આવેલો. તેથી લાગે છે કે આ ધનના પાપેજ આપણે આ વિચાર કર્યો છે" એમ વિચારીને તેઓએ તે નકુલકને સરોવરમાં ફેંકી દીધો. તેઓ ઘરે ગયા. તે નકુલક સરોવરમાં પડતો હતો, તેને માછલાએ ગળી લીધો. તે માછલાને માછીમારે પકડીને મારી નાંખ્યો અને માછલા વેંચવાની ગલી, રસ્તા પર એ માછલાને લાવીને મૂક્યો.

આ બાજુ આ બે ભાઈઓની બહેનને એની માતાએ આ જ માછલાનાં બજારમાં મોકલી કે "માછલા લાવ, કે જેથી તારા ભાઈઓ માટે ભોજન બનાવું." તે બહેને ભવિતવ્યતાથી તે જ માછલો ખરીદીને ઘરે લાવ્યો. જ્યારે દાસી માછલાને ફાડતી હતી ત્યારે એણે નકુલક જોયો. છોકરીએ = દાસીએ વિચાર્યું કે "આ નકુલક મારો જ થશે." એટલે એણે પોતાના ખોળામાં એને છુપાવ્યો એ રીતે મુકાતો નકુલક માતાએ જોયો અને એને ખબરપડી ગઈ. માએ કહ્યું કે "તે ખોળામાં આ શું છુપાવ્યું છે" દાસી પણ લોભને પામી, કંઈ ન બોલી, ત્યારે બંનેએ પરસ્પર પ્રહાર કર્યો. તે માતા દાસી વડે તેવા પ્રકારના મર્મપ્રદેશમાં મરાઈ કે જેથી તે જ ક્ષણે એ માતા મૃત્યુ પામી. પેલા બે ભાઈઓએ = છોકરાઓએ તે ઝઘડાનો પ્રસંગ જાણ્યો. તે નકુલને જોયો. ગાઢપ્રહારથી પ્રાણવિમુક્ત બનેલી અને જડ બનીને ધરતીતલ ઉપર પડેલી માતાને જોઈ. તે બે જણે વિચાર્યું કે "આ તે જ અપાયથી ભરપૂર ધન છે."

આમ દ્રવ્ય અપાયનું કારણ બને છે.

લૌકિકો પણ કહે છે કે "ધનને એકઠું કરવામાં દુઃખ છે. એકઠા થયેલા ધનનું રક્ષણ કરવામાં દુઃખ છે. ધનનાં લાભમાં દુઃખ છે. ધનનાં વ્યયમાં દુઃખ છે. દુઃખને વધારનાર દ્રવ્યને ધિક્કાર હો. અપાયોથી ભરેલાં પાપરૂપ એવા દ્રવ્યને સંપૂર્ણપણે ડીને જેઓ તપોવનમાં રહેલા છે. તે મહાસત્ત્વશાળીઓ ધન્ય છે, તેઓ તપસ્વી છે." વગેરે.

દ્રવ્યાપાય આહરણ બતાવવાનું હતું, એમાં આટલું જ ઉપયોગી છે. (એ પછી અધુરી વાર્તાનું સમાપન કરતા કહે છે કે) ત્યાર પછી તે અપાયને જોઈને તે બેને વૈરાગ્ય થયો. ત્યારબાદ તે છોકરી કોઈકને આપીને (પરણાવીને) કામભોગથી વૈરાગ્ય પામેલા તેણે દીક્ષા લીધી.

इदानीं क्षेत्राद्यपायप्रतिपादनायाह –

खेत्तंमि अवक्कमणं दसारवग्गस्स होइ अवरेणं । दीवायणो अ काले भावे मंडुक्किआखवओ ॥५६॥

હવે ક્ષેત્રાદિ અપાયોનાં પ્રતિપાદનને માટે કહે છે કે

નિર્યુક્તિ-૫૬ ગાથાર્થ : દશારવર્ગનું અન્ય તરફ અપસર્પણ થાય છે એ ક્ષેત્રાપાયમાં ગણવું. કાલાપાયમાં દ્વૈપાયન અને ભાવાપાયમાં દેડકીસંબંધી તપસ્વીસાધુ. (દષ્ટાન્ત છે.)

व्याख्या-तत्र क्षेत्र इति द्वारपरामर्शः, ततश्च क्षेत्रादपायः क्षेत्रमेव वा तत्कारणत्वादिति । तत्रोदाहरणमपक्रमणम्-अपसर्पणं 'दशारवर्गस्य' दशारसमुदायस्य भवति 'अपरेण' अपरत इत्यर्थः, भावार्थः कथानकादवसेयः, तच्च वक्ष्यामः । 'द्वैपायनश्च काले' द्वैपायनऋषिः, काल इत्यत्रापि कालादपायः कालापायः काल एव वा तत्कारणत्वादिति, अत्रापि भावार्थः कथानकगम्य एव, तच्च वक्ष्यामः । 'भावे मंडुक्किकाक्षपक' इत्यत्रापि भावादपायो भावापायः स एव वा तत्कारणत्वादिति, अत्रापि च भावार्थः कथानकादवसेयः, तच्च वक्ष्याम इति गाथाक्षरार्थः ॥ भावार्थ उच्यते-खित्तापाओदाहरणं दसारा हरिवंसरायाणो एत्थ महई कहा जहा हरिवंसे । उवओगियं चेव भण्णए, कंसंमि विणिवाइए सावायं खेत्तमेयंतिकाऊण जरासंघरायभएण दसारवग्गो महुराओ अवक्कमिऊण बारवइं गओत्ति । प्रकृतयोजनां पुनर्निर्युक्तिकार एव करिष्यति, किमकाण्ड एव नः प्रयासेन ?। कालावाए उदाहरणं पुण-कण्हपुच्छिएण भगवयाऽरिट्ठणेमिणा वागरियं-बारसहिं संवच्छरेहिं दीवायणाओ बारवईणयरीविणासो, उज्जोततराए णगरीए परंपरएण सुणिऊण दीवायणपरिव्वायओ मा णगरिं विणासेहामित्ति कालावधिमण्णओ गमेमित्ति उत्तरावहं गओ, सम्मं कालमाणमयाणिऊण य बारसमे चेव संवच्छरे आगओ, कुमारेहिं खलीकओ, कयणिआणो देवो उववण्णो, तओ य णगरीए अवाओ जाओत्ति, णण्णहा जिणभासियंति ।

ટીકાર્થ : ગાથામાં ક્ષેત્ર શબ્દ છે, એ ક્ષેત્રાપાયરૂપ દ્વારને જણાવનાર છે. તેથી અર્થ આ પ્રમાણે થશે કે ક્ષેત્રથી અપાય તે ક્ષેત્રાપાય. અથવા તો અપાયનું કારણ હોવાને લીધે ક્ષેત્ર પોતેજ અપાય.

તેમાં- ક્ષેત્રાપાયમાં ઉદાહરણ એ છે દશારસમુદાયનું પશ્ચિમદિશામાં અપસર્પણ થયું. આનો ભાવાર્થ કથાનકથી જાણવો. તે કથાનક આગળ કહીશું.

દ્વૈપાયનઋષિ કાલાપાયમાં દૃષ્ટાન્ત છે.

ગાથામાં **काले** શબ્દ લખેલ છે, અહીં પણ આ પ્રમાણે સમજી લેવું કે કાલથી અપાય તે કાલાપાય અથવા તો કાલ પોતે જ અપાયનું કારણ હોવાથી અપાય કહેવાય. અહીં પણ ભાવાર્થ કથાનકથી જાણવો. તે કથાનક અમે કહીશું.

આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ કહેવાઈ ગયો.

હવે ભાવાર્થ કહેવાય છે.

ક્ષેત્રાપાયનું ઉદાહરણ આપવાનું છે. દશારો એટલે હરિવંશનાં રાજાઓ. આમાં ઘણી મોટીકથા છે. હરિવંશમાં એ આખી કથા બતાવી છે અહીં તો જેટલું ઉપયોગી છે એટલું જ કહીએ છીએ કે કંસ મરાયો ત્યારે "આ ક્ષેત્ર અપાયવાળું છે" એમ વિચારી જરાસંઘરાજાનાં ભયથી દશારવર્ગ મથુરામાંથી નીકળીને દ્વારકા નગરીમાં ગયો. (કંસ જરાસંઘનો જમાઈ હતો.)

(પ્રશ્ન : આમાં મથુરાક્ષેત્ર `ત્રાપાય બન્યું એ તો બરાબર પણ પ્રસ્તુતમાં એનો અર્થ શું જોડવાનો ?)

ઉત્તર : પ્રકૃતની યોજના તો નિર્યુક્તિકાર જ કરશે. અકાળે જ અમારે પ્રયાસ કરીને શું કામ છે ?

કાલાપાયમાં ઉદાહરણ આ પ્રમાણે છે કે "કૃષ્ણ વડે પુછાયેલા ભગવાન અરિષ્ટનેમિએ જણાવ્યું કે "બાર વર્ષ પછી દ્વૈપાયન દ્વારા દ્વારવતી = દ્વારકાનગરીનો વિનાશ થશે."

આ વાત ઉદ્યોતતરા નગરીમાં રહેલા દ્વૈપાયનપરિવ્રાજકે પરંપરાએ સાંભળી. એ સાંભળીને "હું નગરનો વિનાશ કરનારો ન બનું એ માટે ૧૨ વર્ષની કાલમર્યાદા સુધી અન્યસ્થાને જતો રહું" એમ વિચારીને ઉત્તરાપથમાં જતો રહ્યો. એ પછી કાલનાં પ્રમાણને સમ્યક્ રીતે જાણ્યા વિના બારમે જ વર્ષે પાછો આવી ગયો. કુમારોએ એને પરેશાન કર્યો. નિયાણું કરીને એ દેવ તરીકે ઉત્પન્ન થયો. અને તેના દ્વારા નગરી ઉપર અપાય થયો. ખરેખર જિન વડે ભાષિત વસ્તુ ખોટી ન જ પડે.

---

**भावावाए उदाहरणं खमओ-एगो खमओ चेल्लएण समं भिक्खायरियं गओ, तेण तत्थ मंडुक्कलिया मारिआ, चिल्लएण भणिअं-मंडुक्कलिआ तए मारिआ, खवगो भणइ-**

रे दुट्ठ सेह ! चिरमइआ चेव एसा, ते गआ, पच्छा रत्तिं आवस्सए आलोइंताण खमगेण सा मंडुक्कलिया नालोइया ताहे चिल्लएण भणिअं-खमगा ! तं मंडुक्कलियं आलोएहि, खमओ रुट्ठो तस्स चेल्लयस्स खेलमल्लयं घेत्तूण उद्धाइओ, अंसियालए खंभे आवडिओ वेगेण इंतो, मओ य जोइसिएसु उववन्नो, तओ चइत्ता दिट्ठीविसाणं कुले दिट्ठीविसो सप्पो जाओ, तत्थ य एगेण परिहिंडंतेण नगरे रायपुत्तो सप्पेण खइओ, अहितुंडएण विज्जाओ सव्वे सप्पा आवाहिआ, मंडले पवेसिआ भणिया-अण्णे सव्वे गच्छंतु, जेण पुण रायपुत्तो खइओ सो अच्छउ, सव्वे गया, एगो ठिओ, सो भणिओ-अहवा विसं आवियह अहवा एत्थ अग्गिमि णिवडाहि, सो अ अगंधणो, सप्पाणं किल दो जाईओ-गंधणा अगंधणा य, ते अगंधणा माणिणो, ताहे सो अग्गिमि पविट्ठो, ण य तेण तं वंतं पच्चाइयं, रायपुत्तोवि मओ, पच्छा रण्णा रुट्ठेण घोसावियं रज्जे-जो मम सप्पसीसं आणेइ तस्साहं दीणारं देमि, पच्छा लोगो दीणारलोभेण सप्पे मारेउं आढत्तो, तं च कुलं जत्थ सो खमओ उप्पन्नो तं जाइसरं रत्तिं हिंडइ दिवसओ न हिंडइ, मा जीवे देहामित्तिकाउं, अण्णया आहितुंडिगेहिं सप्पे मग्गंतेहिं रत्तिचरेण परिमलेण तस्स खमगसप्पस्स बिलं दिट्ठंति दारे से ठिओ, ओसहिओ आवाहेइ, चिंतेइ-दिट्ठो मे कोवस्स विवाओ, तो जइ अहं अभिमुहो णिगच्छामि तो दहिहामि, ताहे पुच्छेण आढत्तो निप्फिडिउं, जत्तियं निप्फेडेइ तावइयमेव आहिंडओ छिंदेइ, जाव सीसं छिण्णं, मओ य, सो सप्पो देवयापरिग्गहिओ, देवयाए रण्णो सुमिणए दरिसणं दिण्णं-जहा मा सप्पे मारेह पुत्तो ते नागकुलाओ उव्वट्टिऊण भविस्सइ, तस्स दारयस्स नागदत्तनामं करेज्जाहि सो अ खमगसप्पो मरित्ता तेण पाणपरिच्चाएण तस्सेव रण्णो पुत्तो जाओ, जाए दारए णामं कयं णागदत्तो,खुड्डुलओ चेव सो पव्वइओ, सो अ किर तेण तिरियाणुभावेण अतीव छुहालुओ, दोसीणवेलाए चेव आढवेइ भुंजिउं जाव सूरत्थमणवेलं, उवसंतो धम्मसद्धिओ य, तम्मि अ गच्छे चत्तारि खमगा, तंजहा-चाउम्मासिओ तिमासिओ दोमासिओ एगमासिओत्ति, रत्तिं च देवया वंदिउं आगया, चाउम्मासिओ पढमट्ठिओ, तस्स पुरओ तेमासिओ, तस्स पुरओ दोमासिओ, तस्स पुरओ एगमासिओ, ताण य पुरओ खुड्डुओ । सव्वे खमगे अतिक्कमित्ता ताए देवयाए खुड्डुओ वंदिओ, पच्छा ते खमगा रुट्ठा, निग्गच्छंती अ गहिया चाउम्मासिअखमएण पोत्ते, भणिआय अणेण-कडपूयणि ! अम्हे तवस्सिणो ण वंदसि, एयं कूरभायणं वंदसित्ति, सा देवया भणइ-अहं

भावखमयं वंदामि, ण पूआसक्कारपरे माणिओ अ वंदामि, पच्छा ते चेल्लयं तेण अमरिसं वहंति, देवया चिंतेइ-मा एए चेल्लयं खरंटेहिंति, तो सण्णिहिआ चेव अच्छामि, ताहं पडिबोहेहामि, बितिअदिवसे अ चेल्लओ संदिसावेऊण गओ दोसीणस्स, पडिआगओ आलोइत्ता चाउम्मासियखमगं णिमंतेइ, तेण पडिग्गहे से णिच्छूढं, चेल्लओ भणइ-मिच्छामिदुक्कडं जं तुब्भे मए खेलमल्लओ ण पणामिओ, तं तेण उप्पराउ चेव फेडित्ता खेलमल्लए छूढं, एवं जाव तिमासिएणं जाव एगमासिएणं णिच्छूढं, तं-तेण तहा चेव फेडिअं, अडुयालित्ता लंबणे गिण्हामित्तिकाउं खमएण चेल्लओ बाहं गहिओ, तं तेण तस्स चेल्लगस्स अदीणमणसस्स विसुद्धपरिणामस्स लेस्साहिं विसुज्झमाणीहिं तदावरणिज्जाणं कम्माणं खएण केवलनाणं समुप्पण्णं, ताहे सा देवया भणइ-किह तुब्भे वंदिअव्वा ? जेणेवं कोहाभिभूआ अच्छह, ताहे ते खमगा संवेगमावण्णा मिच्छामिदुक्कडंति, अहो बालो उवसंतचित्तो अम्हेहिं पावकम्मेहिं आसाइओ, एवं तेसिंपि सुहज्झवसाणेणं केवलनाणं समुप्पण्णं, एवं पसंगओ कहियं कहाणयं, उवणओ पुण कोहादिगाओ अपसत्थभावाओ दुग्गइए अवाओ त्ति ॥

---

ભાવઅપાયમાં તપસ્વી સાધુ ઉદાહરણ છે. તેના વડે દેડકી મરાઈ.

એક તપસ્વી નાનાસાધુ સાથે ગોચરી ગયો. તેના વડે દેડકી મરાઈ. નાનાએ કહ્યું કે "તમારા વડે દેડકી મરાઈ." તપસ્વી કહે કે "રે ! દુષ્ટ - નૂતન દીક્ષિત ! આ તો પહેલેથી મરેલી જ હતી. (ઘણાં લાંબાકાળથી મરેલી જ હતી.) પછી તે બેય જણ જતાં રહ્યા. પછી રાત્રે પ્રતિક્રમણમાં જ્યારે આલોચના કરતાં હતાં ત્યારે તપસ્વીએ દેડકીની આલોચના ન કરી કે "મારાથી દેડકી મરેલી" એટલે નાનાસાધુએ કહ્યું કે "તપસ્વી ! તે દેડકીની આલોચના કરો." તપસ્વી ગુસ્સે થયો અને કફ માટેનો પ્યાલો પકડી નાના તરફ દોડ્યો. વેગથી આવતો તે અંસીના સ્થાનભૂત થાંભલા ઉપર અથડાયો (કેટલાક થાંભલાઓ ઉપર ખીલા જેવા ઉપસેલા ભાગો શોભારૂપે કરવામાં આવતા હોય છે. એ અંસી શબ્દથી સમજવા.) મર્યો અને જ્યોતિષ્કદેવોમાં ઉત્પન્ન થયો. ત્યાંથી આવીને દષ્ટિવિષસર્પોનાં કુલમાં દષ્ટિવિષ સર્પ થયો. ત્યાં નગરમાં આમ તેમ ફરતા એક સાપે રાજપુત્રને ડંખ માર્યો, ગારુડિકે વિદ્યા દ્વારા બધાં સર્પોને બોલાવ્યા. મંડલમાં (ગો ાકાર સ્થાનવિશેષમાં) પ્રવેશ કરાવીને કહ્યું કે "બાકીના બધાં સાપો જતાં રહો. જેણે આ રાજપુત્રને ડંખ માર્યો હોય તે અહીં રહો." બધા સાપો જતાં રહ્યા. એક સર્પ રહ્યો. ગારુડિકે તેને કહ્યું કે કાં તો ઝેર પી જાઓ અથવા તો આ અગ્નિમાં કુદી પડો." તે સર્પ

અગંધનકુળનો હતો. સાપોની બે જાતિઓ છે. ગંધન અને અગંધન. અગંધન નાગો અભિમાની હોય છે. (વમેલું ઝેર ફરી ચાટતા નથી) ત્યારે તે સર્પ અગ્નિમાં પ્રવેશ્યો. પણ તે સાપે તે વમેલું ઝેર પાછું ન પીધું. રાજપુત્ર પણ મરી ગયો. પછી ગુસ્સે થયેલા રાજાએ રાજયમાં ઘોષણા કરાવી કે જે મને સાપનું મસ્તક આપશે, તેને હું એક સોનામહોર આપીશ. પછી તો લોકો સોનામહોરનાં લોભથી સાપોને મારવા લાગ્યા.

હવે જયાં પેલો તપસ્વી સર્પ થયો હતો, તે કુલ જાતિસ્મરણજ્ઞાનવાળું હતું, તે કુલનાં સાપો રાતે જ બહાર ફરે, દિવસે ન ફરે. એમ વિચારીને કે "અમે જીવોને બાળનારા ન બનીએ." (જો દિવસે બહાર ફરે તો એમની આંખમાં સૂર્યકિરણો પડતાં જ એમાંથી આગ છૂટે અને જીવો મરે.)

એકવખત ગારુડિકો સાપોને શોધતા હતાં, ત્યારે તેમણે રાત્રે ફેલાયેલ સુગંધ દ્વારા તે તપસ્વીસર્પનું દર જોઈ લીધું અને તેના દ્વાર પાસે ગારુડિક ઉભો રહ્યો. ઔષધિ વડે એને બોલાવે છે. (સર્પો ગંધ દ્વારા આકર્ષાય એટલે ચોક્કસ પ્રકારની ઔષધિની ગંધથી ગારુડિક તે સર્પને બહાર ખેંચી લાવવા પ્રયત્ન કરે છે.)

સર્પ વિચારે છે કે "મેં ક્રોધનો વિપાક જોઈ લીધો છે. તેથી જો હું મોઢું બહાર રાખીને નીકળીશ, તો (મારી આંખોમાં સૂર્યકિરણો પડતાની સાથે જ બહાર ઉભેલાઓને) બાળનારો બનીશ." એટલે સાપ પુંછડા વડે બહાર નીકળવા લાગ્યો. (સુગંધને પરવશ બનીને નીકળવું તો પડે જ). એના શરીરનો જેટલો જેટલો ભાગ બહાર નીકળે છે, એટલા એટલા ભાગને ગારુડિક છેદી નાંખે છે. એમ છેલ્લે એનું મસ્તક પણ છેદાયું. એ મર્યો. તે સર્પ દેવતાથી પરિગૃહીત હતો (દેવાધિષ્ઠિત હતો) એટલે સર્પનાં મરવાથી તેમાં રહેલાં દેવે રાત્રે સ્વપ્નમાં રાજાને દર્શન આપ્યું કે "તું સાપોને ન માર. નાગકુલમાંથી બહાર નીકળીને એક આત્મા તારો પુત્ર થશે. તે પુત્રનું નાગદત્ત નામ કરજે."

તે તપસ્વીસર્પ મરીને તે પ્રાણત્યાગ દ્વારા તે જ રાજાનો પુત્ર થયો. દીકરા તરીકે એનો જન્મ થયો ત્યારે એનું નાગદત્ત નામ રખાયું. નાનો હતો ત્યારે જ એણે દીક્ષા લીધી. સાધુ પૂર્વનાં તિર્યંચ-સાપભવનાં પ્રભાવથી અત્યંત ભૂખ્યો હતો. સવારનાં સમયથી વાપરવાનું શરુ કરે કે છેક સૂર્યાસ્ત સમય સુધી વાપરે. પણ એ ઉપશાંત હતો, ધર્મ ઉપર શ્રદ્ધાવાળો હતો. તે ગચ્છમાં ચાર તપસ્વી હતાં. તે આ પ્રમાણે ચાતુર્માસિક તપસ્વી, ત્રિમાસિક તપસ્વી, દ્વિમાસિક તપસ્વી અને એકમાસિક તપસ્વી. (ચાર મહિનાનાં ઉપવાસ વાળો તપસ્વી.... એમ બધામાં અર્થ લેવો.) રાત્રે દેવતા (નાગદત્તને) વંદન કરવા માટે આવી. ચાતુર્માસિક તપસ્વી સૌથી પહેલો રહેલો હતો, એની આગળ ત્રિમાસિક, તેની

આગળ દ્વિમાસિક, તેની આગળ એકમાસિક રહેલો હતો. તે બધાની આગળ (સૌથી છેલ્લે) ક્ષુલ્લકસાધુ હતો.

તે દેવતાએ બધા તપસ્વીઓને ઓળંગીને ક્ષુલ્લકસાધુને વંદન કર્યા. પછી તે તપસ્વીઓ ગુસ્સે થયા. જ્યારે દેવતા પાછી નીકળતી હતી ત્યારે ચાતુર્માસિક તપસ્વીએ એને વસ્ત્રને વિશે પકડી. (અર્થાત્ એના કપડાં પકડયા.)

અને તપસ્વીએ દેવતાને કહ્યું કે "કટપૂતના ! તું તપસ્વી એવા અમને વંદન નથી કરતી અને આ રોજ ભાજન ભરીને ભાત ખાનારાને વંદન કરે છે ?" તે દેવતા કહે છે કે "હું ભાવતપસ્વીને વાંદુ છું. પૂજા અને સત્કારમાં તત્પર એવા માનીઓને વંદન નથી કરતી."

પછી તે તપસ્વીઓ ક્ષુલ્લકસાધુ પ્રત્યે ઈર્ષ્યા-દ્વેષ વહન કરે છે. દેવતા વિચારે છે કે "આ તપસ્વીઓ ક્ષુલ્લકને ખખડાવે નહિ = પરેશાન ન કરે એ માટે હું ક્ષુલ્લકની નજીકમાં જ રહું અને પછી આ તપસ્વીઓને પ્રતિબોધ પમાડું."

બીજા દિવસે ક્ષુલ્લક રજા લઈને સવારે જ ગોચરી લેવા ગયો. પાછો ફરીને, ગોચરી આલોવીને ચાતુર્માસિક તપસ્વીને નિમંત્રણ આપે છે. તેણે તો એના પાત્રમાં થુંક્યું. ક્ષુલ્લક કહે છે કે મેં તમને કફ-થુંક માટેનો પ્યાલો ન આપ્યો એ બદલ મિચ્છામિદુક્કડં" પછી ક્ષુલ્લકે તે થુંક ગોચરીની ઉપરથી જ દૂર કરીને કફના પ્યાલામાં નાંખી દીધું. એમ ત્રિમાસિક, દ્વિમાસિક અને એકમાસિક તપસ્વીએ પણ થુંક્યું. તે ક્ષુલ્લકે તે જ પ્રમાણે તે થુંક દૂર કર્યું.

આ વખતે "બળજબરીથી આના હાથને પકડું (અને એને મરડું)" એમ વિચારી તપસ્વીએ ક્ષુલ્લકનો હાથ પકડ્યો. તે જ વખતે અદીનમનવાળા, વિશુદ્ધ થતી લેશ્યાઓ વડે વિશુદ્ધપરિણામવાળા તે ક્ષુલ્લકને કેવલજ્ઞાનને અટકાવનાર કર્મનો ક્ષય થવાથી કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.

ત્યારે તે દેવતા તપસ્વીઓને કહે છે કે તમને શી રીતે વંદન કરું ? કેમકે તમે તો આ પ્રમાણે ક્રોધથી અભિભૂત રહો છો. ત્યારે તે સંવેગને પામેલા તે તપસ્વીઓ મિચ્છામિદુક્કડં કરે છે. "અરેરે ! ઉપશાંતચિત્તવાળા બાલસાધુને પાપી એવા અમે આશાતના કરી." આ રીતે શુભઅધ્યવસાય વડે તેઓને પણ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.

આ પ્રમાણે પ્રસંગતઃ કથાનક કહેવાયું.

ઉપનય આ પ્રમાણે કરવો કે ક્રોધ વગેરે અપ્રશસ્તભાવથી દુર્ગતિમાં અપાય થાય છે.

(ઉપનય એટલે દૃષ્ટાન્તને દાર્ષ્ટાન્તિકમાં ઘટાવવું તે.)

परलोकचिन्तायां प्रकृतोपयोगितां दर्शयन्नाह –

सिक्खगअसिक्खगाणं संवेगथिरट्ठयाइ दोण्हंपि । दव्वाईया एवं दंसिज्जंते अवाया उ ॥५७॥

(પ્રશ્ન : દ્રવ્યાપાયાદિરૂપ દૃષ્ટાન્તોનો પ્રસ્તુતમાં ઉપયોગ શું છે ?)

**નિર્યુક્તિ-૫૭ ગાથાર્થ :** ઉત્તર : શિક્ષક અને અશિક્ષક બંનેયનાં સંવેગ અને સ્થૈર્ય માટે આ પ્રમાણે દ્રવ્ય વગેરે અપાયો દેખાડાય છે.

**व्याख्या–'शिक्षकाशिक्षकयोः' अभिनवप्रव्रजितचिरप्रव्रजितयोः अभिनवप्रव्रजितगृहस्थयोर्वा संवेगस्थैर्यार्थं द्वयोरपि द्रव्याद्या 'एवम्' उक्तेन प्रकारेण वक्ष्यमाणेन वा दर्श्यन्ते अपाया इति, तत्र संवेगो-मोक्षसुखाभिलाषः स्थैर्यं पुनः अभ्युपगतापरित्यागः, ततश्च कथं नु नाम दुःखनिबन्धनद्रव्याद्यवगमात्तयोः संवेगस्थैर्ये स्यातां ? द्रव्यादिषु चाप्रतिबन्ध इति गाथार्थः ॥**

**ટીકાર્થ :** નૂતન દીક્ષિત અને ચિરદીક્ષિત અથવા તો નૂતનદીક્ષિત અને ગૃહસ્થ આ બેયને સંવેગ અને સ્થિરતા ઉત્પન્ન કરાવવા માટે કહેલા પ્રકાર વડે કે વક્ષ્યમાણ પ્રકાર વડે દ્રવ્યાદિ અપાયો દેખાડવા જોઈએ. (**अशिक्षक** શબ્દથી ચિરદીક્ષિત અથવા તો ગૃહસ્થ એમ બે અર્થ લીધા છે.)

તેમાં સંવેગ એટલે મોક્ષસુખનો અભિલાષ.

સ્થિરતા એટલે સ્વીકારેલા સંયમાદિનો અપરિત્યાગ.

સાર એ કે "દુઃખનાં કારણભૂત એવા દ્રવ્ય વગેરેનો બોધ થવા દ્વારા ઉપરોક્ત બે જણને સંવેગ અને સ્થિરતા શી રીતે થાય ? અને દ્રવ્યાદિમાં પ્રતિબંધ = મમત્વનો અભાવ શી રીતે થાય ?" એ માટે દ્રવ્યાદિ અપાયો ઉપયોગી થાય છે.

तथा चाह –

दविअं कारणगहिअं विगिंचिअव्वमसिवाइखेत्तं च । बारसहिं एस्सकालो कोहाइविवेग भावम्मि ॥५८॥

આ જ વાત કરે છે કે

નિર્યુક્તિ-૫૮ : ગાથાર્થ : કારણસર ગ્રહણ કરાયેલ દ્રવ્ય પરઠવી દેવું. અસિવાદિ ક્ષેત્ર છોડી દેવું. બારવર્ષ પહેલા (તે તે સ્થાન) છોડવું ભાવમાં ક્રોધાદિનો વિવેક = ત્યાગ કરવો.

---

व्याख्या–इहोत्सर्गतो मुमुक्षुणा द्रव्यमेवाधिकं वस्त्रपात्राद्यन्यद्वा कनकादि न ग्राह्यं, शिक्षकाहिसंदिष्टादिकारणगृहीतमपि तत्परिसमाप्तौ परित्याज्यम्, अत एवाह-द्रव्यं कारणगृहीतं, किम् ? 'विकिंचितव्यं' परित्याज्यम्, अनेकैहिकामुष्मिकापायहेतुत्वात्, दुरन्ताग्रहाद्यपायहेतुता च मध्यस्थैः स्वधिया भावनीयेति । एवमशिवादिक्षेत्रं च, परित्याज्यमिति वर्त्तते, अशिवादिप्रधानं क्षेत्रमशिवादिक्षेत्रम्, आदिशब्दादूनोदरताराजद्विष्टादिपरिग्रहः, परित्याज्यं चेदमनेकैहिकामुष्मिकापायसम्भवादिति । तथा द्वादशभिर्वर्षैरेष्यत्कालः, परित्याज्य इति वर्त्तते, तत एवापायसम्भवादिति भावना, एतदुक्तं भवति-अशिवादिदुष्ट एष्यत्कालः द्वादशभिर्वर्षैरनागतमेवोज्झितव्य इति, उक्तं च – "संवच्छरबारसएण होहिति असिवंति ते तओ णिंति । सुत्तत्थं कुव्वंता अतिसयमादीहिं नाऊणं ॥१॥" इत्यादि । तथा 'क्रोधादिविवेको भाव' इति क्रोधादयोऽप्रशस्तभावास्तेषां विवेकः–नरकपातनाद्यपायहेतुत्वात्परित्यागः, भाव इति-भावापाये, कार्य इत्ययं गाथार्थः ॥ एवं तावद्द्रस्तुतश्चरणकरणानुयोगमधिकृत्यापायः प्रदर्शितः,

---

ટીકાર્થ : જિનશાસનમાં ઉત્સર્ગમાર્ગ તો એ છે કે મુમુક્ષુએ વસ્ત્રપાત્રાદિ દ્રવ્ય અધિક ન લેવું જોઈએ, કે સુવર્ણાદિરૂપ દ્રવ્ય ન લેવું જોઈએ. પરંતુ નૂતનદીક્ષિતને માટે વસ્ત્રપાત્રાદિ અધિક રાખવા પડે એટલે કે સર્પાદિ વડે સાધુ ડંસ પામે ત્યારે ઝેર ઉતારવા માટે સુવર્ણાદિ રાખવા પડે તો... આમ શિક્ષક, અહિસંદષ્ટ વગેરે કારણોસર અધિકવસ્ત્રાદિ કે સુવર્ણાદિ ગ્રહણ કરેલા હોય તો પણ તે કારણની પરિસમાપ્તિ થઈ જાય તો એ અધિકવસ્ત્રાદિ, કનકાદિ ત્યાગી દેવા જોઈએ. (નૂતનદીક્ષિત થનાર ઉપકરણાદિ લઈને જ આવે એવું તે કાળમાં ન હતું. ગચ્છે નૂતનદીક્ષિતને વસ્ત્રાદિ ઉપધિ પૂરી પાડવાની રહેતી. એટલે નૂતનદીક્ષિત થવાદિ કારણોસર ગચ્છમાં વધુ ઉપધિ પણ રાખવાની જરૂર પડતી. એમ સર્પ કરડે તો એમાં સુવર્ણ ખૂબ ઉપયોગી બને છે. આમાં **अधिक** શબ્દ વસ્ત્રપાત્રાદિ સાથે જોડવો, કનકાદિ સાથે નહિ. તથા અધિકવસ્ત્રાદિને શિક્ષકરૂપી કારણ સાથે અને કનકાદિને અહિસંદષ્ટાદિ કારણ સાથે સંબંધ જોડવો. ટીકામાં **संदिष्ट** શબ્દ દેખાય છે. પણ **संदष्ट** પાઠ વધુ સંગત લાગે છે.)

આ જ કારણસર નિર્યુક્તિકાર કહે છે કે કારણસર ગ્રહણ કરેલ દ્રવ્ય ત્યાગી દેવું. કેમકે એ દ્રવ્ય અનેક આલોકસંબંધી અપાયો અને પરલોકસંબંધી અપાયોનું કારણ છે.

(પ્રશ્ન : આ દ્રવ્ય અપાયોનું કારણ શી રીતે બને ?)

ઉત્તર કનકાદિ દ્રવ્ય હોય તો એમાં ભયંકર આસક્તિ થાય, દ્રવ્યના કારણે ચોરાદિથી ઉપદ્રવ થાય. આમ દ્રવ્ય દુરન્ત આગ્રહાદિરૂપ અપાયોનું કારણ બને જ છે. આ વાત મધ્યસ્થોએ સ્વબુદ્ધિથી વિચારી લેવી. (આગ્રહ એટલે રાગ, આસક્તિ, "આ મારું છે" એવો મમત્વભાવ. દુરન્ત એટલે જેનો અન્ત દુઃખેથી, મુશ્કેલીથી થાય તે.)

આ રીતે અશિવાદિક્ષેત્ર પણ છોડી દેવું.

(અહીં ગાથામાં **विगिंचिअव्वं - परित्याज्यं** શબ્દ છે, પણ એ તો **द्रव्यं** શબ્દ સાથે એકવાર જોડી દીધો છે. એટલે **अशिवादिक्षेत्रं** શબ્દની સાથે જોડવા માટેનો **परित्याज्यं** શબ્દ તો છે જ નહિ, માટે વૃત્તિકાર કહે છે કે) **परित्याज्यं-विगिंचिअव्वं** શબ્દ અહીં વર્તે છે. અર્થાત્ એ શબ્દ **अशिवादिक्षेत्रं** સાથે પણ જોડવાનો `

અશિવાદિની પ્રધાનતાવાળું ક્ષેત્ર તે અશિવક્ષેત્ર.

**आदि** શબ્દથી ઉણોદરી (ગોચરી ઓછી મળવાથી પેટપૂરણ ન થવું) રાજદ્વેષ વગેરેનો પરિગ્રહ કરવો. અર્થાત્ આ બધાની પ્રધાનતાવાળા ક્ષેત્રો છોડી દેવા.

પ્રશ્ન : આ બધું શા માટે છોડવું ?

ઉત્તર : આવા `ત્ર ોડી દેવા, કેમકે તેમાં અનેક ઐહિક અને પારલૌકિક અપાયોનો સંભવ છે.

તથા બાર વર્ષ પૂર્વે ભવિષ્યકાળ છોડી દેવો.

અહીં પણ **विगिंचिअव्वं** શબ્દ નથી, પણ એ પૂર્વેનો શબ્દ અહીં પણ વર્તમાન જ સમજવો. (કાળ છોડવો એનો અર્થ એ કે "દુષ્ટકાળવાળું સ્થાન છોડવું. કાળની પ્રધાનતાને લઈને એમાં કાળનો ત્યાગ કરેલો ગણાય.)

પ્રશ્ન : ભવિષ્યકાળ કેમ છોડી દેવો ?

ઉત્તર **तत एव**- તે કારણથી જ. (પૂર્વે જણાવી ગયા છે તે કારણથી જ)

પ્રશ્ન : ભાવ એ છે કે અપાયનો સંભવ હોવાથી ભવિષ્યકાળ છોડી દેવો.

(ઉપર **तत एव** અને **अपायसंभवादिति भावना** એ બેને જુદા પાડીને અર્થ દર્શાવ્યો છે. બીજો અર્થ આ પ્રમાણે થાય કે "તે ભવિષ્યકાળથી જ અપાયનો સંભવ હોવાથી તે

કાળ છોડી દેવો એ પ્રમાણે ભાવના છે." આમાં આખું વાક્ય એકજ બની રહે છે.)

કહેવાનો આશય એ છે કે આશિવાદિથી દુષ્ટ બનનાર ભવિષ્યકાળ બાર વર્ષની પહેલાં જ છોડી દેવો. (ટુંકમાં જે સ્થાને આશિવાદિ ઉપદ્રવ થવાનો ોય, તે સ્થાન અશિવ થવાના સમય પહેલાં જ બાર વર્ષ પૂર્વે છોડી દેવું.)

તથા ક્રોધ વગેરે જે અપ્રશસ્તભાવો છે, તેનો વિવેક કરવો. એટલે કે એ ભાવો નરકપાત વગેરે અપાયોનું કારણ હોવાથી તેમનો પરિત્યાગ કરવો.

ભાવાપાયનાં વિષયમાં આ રીતે ભાવોનો ત્યાગ કરવો.

આમ આ તો પરમાર્થથી ચરણકરણાનુયોગને આશ્રયીને અપાય દેખાડયો. (ઉપરના દૃષ્ટાન્તોમાં ચારિત્રાચાર સંબંધી જ અપાયો અને અપાયત્યાગની વાત કરી છે.)

---

**साम्प्रतं द्रव्यानुयोगमधिकृत्य प्रदर्श्यते –**

दव्वादिएहिं निच्चो एगंतेणेव जेसिं अप्पा उ । होइ अभावो तेसिं सुहदुहसंसारमोक्खाणं ॥५९॥

---

હવે દ્રવ્યાનુયોગને આશ્રયીને દર્શાવાય છે. (તાત્ત્વિકપદાર્થોસંબંધી અપાય અને તેનો ત્યાગ શી રીતે થાય ? એ બધા પદાર્થો દર્શાવે છે.)

**નિર્યુક્તિ-૫૯ ગાથાર્થ :** જેઓના મતે આત્મા દ્રવ્યાદિ વડે એકાંતે નિત્ય છે. તેઓને સુખ-દુઃખ સંસાર અને મોક્ષનો અભાવ થાય. (અર્થાત્ આ બધા પદાર્થો સંગત ન થવા રૂપ અપાય આવે.)

---

**व्याख्या–'द्रव्यादिभिः' द्रव्यक्षेत्रकालभावैः नारकत्वविशिष्टक्षेत्रवयोऽवस्थितत्वाप्रसन्नत्वादिभिः 'नित्यः' अविचलितस्वभावः 'एकान्तेनैव' सर्वथैव 'येषां' वादिनाम् 'आत्मा' जीवः तुशब्दादन्यच्च वस्तु भवति-संजायते 'अभावः' असंभवः 'तेषां' वादिनां केषाम् ?–'सुखदुःखसंसारमोक्षाणाम्' तत्राह्लादानुभवरूपं क्षणं सुखम्, तापानुभवरूपं दुःखम्, तिर्यग्नरनारकामरभवसंसरणरूपः संसारः, अष्टप्रकारकर्मबन्धवियोगो मोक्षः, तत्र कथं पुनस्तेषां वादिनां सुखाद्यभावः ?, आत्मनोऽप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावत्वाद्, अन्यथात्वापरिणतेः सदैव नारकत्वादिभावाद्, अपरित्यक्ताप्रसन्नत्वे पूर्वरूपस्य च प्रसन्नत्वेनाभवनाद्, एवं शेषेष्वपि भावनीयमिति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** જે વાદીઓનાં મતે જીવ અને એ સિવાયની બીજી વસ્તુઓ પણ દ્રવ્ય, ક્ષેત્ર,

કાલ અને ભાવ વડે એકાંતે અવિચલિતસ્વભાવવાળી = નિત્ય છે, તેઓને સુખ,દુઃખ, સંસાર અને મોક્ષનો અભાવ થાય. આમાં નારકત્વ, તિર્યંચત્વ એ બધા દ્રવ્ય ગણાય.

પહેલી નારક વગેરે વિશિષ્ટસ્થાનો એ ક્ષેત્ર ગણાય.

બાલપણ-યૌવન વગેરે વયની અવસ્થાઓ એ કાળ ગણાય.

પ્રસન્નતા વગેરે એ ભાવ ગણાય.

જેઓ એમ માને છે કે જીવ આ બધા પ્રકારે એકાંતે નિત્ય છે, એને સુખાદિ ન ઘટવાની આપત્તિ આવે. (જીવ એકાંતે નિત્ય છે, એનો અર્થ એ થાય કે એ જો નારક છે, તો કાયમ માટે નારક જ રહે. પહેલી નારકમાં હોય તો કાયમ માટે પહેલી નારકમાં જ રહે. ૨૦ વર્ષનો હોય તો કાયમ માટે તેવો જ રહે. પ્રસન્ન હોય તો કાયમ માટે પ્રસન્ન જ રહે.)

સુખાદિ ચાર વસ્તુમાં -

આહ્લાદના અનુભવરૂપ ક્ષણ એ સુખ.

તાપના અનુભવરૂપ ક્ષણ એ દુઃખ.

તિર્યંચ, મનુષ્ય, નારક અને દેવભવમાં ફરવું એ સંસાર.

આઠ પ્રકારનાં કર્મોનાં બંધથી વિયોગ એ મોક્ષ.

પ્રશ્ન એકાંત નિત્યવાદીઓને સુખાદિનો અભાવ થવાની આપત્તિ શી રીતે આવે ?

ઉત્તર : એમના મતે આત્મા અપ્રચ્યુત = નાશ ન પામનાર, અનુત્પન્ન = ઉત્પન્ન ન થનાર સ્થિર એકજ સ્વભાવવાળો હોવાથી સુખાદિનો અભાવ થવાની આપત્તિ આવે.

પ્રશ્ન : એમના મતે આત્મા એકાંત નિત્ય છે, એ વાત સાચી. પણ સુખાદિ, અભાવ શી રીતે ? એ સમજાતું નથી.

ઉત્તર : એ નિત્ય હોવાથી પોતાના વિદ્યમાન સ્વરૂપ સિવાય બીજા રૂપે તો પરિણામ ન જ પામે. અર્થાત્ એ જો નારકરૂપ હોય તો નારક સિવાય બીજા તિર્યંચાદિ રૂપે એ ન જ થાય. અને એટલે એ કાયમ માટે નારકાદિ રૂપે જ રહે. આમ ચારગતિમાં ભમવારૂપ સંસાર એને ન જ ઘટે.

હવે સુખની વિચારણા કરીએ તો જે અપ્રસન્ન હોય તે કાયમ અપ્રસન્ન જ રહે, એટલે

એ પ્રસન્નતાને ત્યાગે તો નહિ જ. અને અપ્રસન્નતાને છોડ્યા વિના એ પૂર્વરૂપ = અપ્રસન્નાવસ્થાવાળો જીવ પ્રસન્ન તરીકે ન જ બને. એટલે એ સુખી થાય જ નહિ. આમ સુખ ન ઘટે.

આમ સંસાર અને સુખનો અભાવ શી રીતે થાય ? એ દર્શાવી દીધું. એ પ્રમાણે મોક્ષ અને દુઃખ પણ વિચારી લેવું. (જે સંસારી હોય તે કાયમ સંસારી જ રહે એટલે એનો મોક્ષ ન જ ઘટે. એમ જે સુખી છે. એ કાયમ સુખી જ રહે એટલે એને દુઃખ પણ ન જ ઘટે.)

---

ततश्चैवम् –

सुहदुक्खसंपओगो न विज्जई निच्चवायपक्खंमि । एगंतुच्छेअंमि अ सुहदुक्खविगप्पणमजुत्तं ॥६०॥

---

આ પ્રમાણે

નિર્યુક્તિ-૬૦ ગાથાર્થ : નિત્યવાદનાં પક્ષમાં સુખ અને દુઃખનો સંપ્રયોગ ન ઘટે. એકાંતઉચ્છેદપક્ષમાં સુખ અને દુઃખનું વિકલ્પન અયુક્ત છે.

---

व्याख्या–सुखदुःखसंप्रयोगः, सम्यक् संगतो वा प्रयोगः संप्रयोगः अकल्पित इत्यर्थः 'न विद्यते' नास्ति न घटत इत्यर्थः, क्व ?–'नित्यवादपक्षे' नित्यवादाभ्युपगमे संप्रयोगो न विद्यते, कल्पितस्तु भवत्येव, यथाऽऽहुर्नित्यवादिनः–"प्रकृत्युपधानतः पुरुषस्य सुखदुःखे स्तः, स्फटिके रक्ततादिवद् बुद्धिप्रतिबिम्बाद्वाऽन्ये" इति, कल्पितत्वं चास्य आत्मनस्तत्त्वत एव तथापरिणतिमन्तरेण सुखाद्यभावाद् उपधानसन्निधावप्यन्थोपले रक्ततादिवत्, तदभ्युपगमे चाभ्युपगमक्षतिः, बुद्धिप्रतिबिम्बपक्षेऽप्यविचलितस्यात्मनः सदैवैकस्वभावत्वात् सदैवैकरूपप्रतिबिम्बापत्तेः, स्वभावभेदाभ्युपगमे चानित्यत्वप्रसङ्ग इति । मा भूदनित्यैकान्तग्रह इत्यत आह – 'एकान्तेन' सर्वथा उत्–प्राबल्येन छेदो–विनाशः एकान्तोच्छेदः–निरन्वयो नाश इत्यर्थः, अस्मिंश्च किम् ?–सुखदुःखयोर्विकल्पनं सुखदुःखविकल्पनम्, 'अयुक्तम्' अघटमानकम्, अयमत्र भावार्थः–एकान्तोच्छेदेऽपि सुखाद्यनुभवितुस्तत्क्षण एव सर्वथोच्छेदादहेतुकत्वात्तदुत्तरक्षणस्योत्पत्तिरपि न युज्यते, कुतः पुनस्तद्विकल्पनमिति गाथार्थः ॥

ટીકાર્થ : સમ્યગ્ એવો પ્રયોગ અથવા તો સંગત થાય તેવો પ્રયોગ તે સંપ્રયોગ કહેવાય. એનો ભાવાર્થ એ કે અકાલ્પનિક, વાસ્તવિક,

અકલ્પિત સુખદુઃખ ન ઘટે.

પ્રશ્ન : શેમાં ન ઘટે ?

ઉત્તર નિત્યવાદનો સ્વીકાર કરીએ તો અકલ્પિત સુખાદિ ન ઘટે. કલ્પિત તો તેઓના મતમાં છે જ. કેમકે નિત્યવાદીઓ કહે છે કે • પ્રકૃતિના ઉપધાનથી, સંબંધથી, સામીપ્યથી પુરુષને સુખ અને દુઃખ થાય છે. જેમ સ્ફટિકમાં રક્તતાદિ થાય છે તેમ કેટલાકો એમ કહે છે કે બુદ્ધિના પ્રતિબિંબથી પુરુષને સુખ-દુઃખાદિ થાય છે. • (જેમ સ્ફટિક તદ્દન નિર્મળ છે, પણ એની નજીકમાં લાલવસ્ત્ર મુકીએ તો એના કારણે સ્ફટિક લાલ થાય. એમ આત્મા-પુરુષ સુખદુઃખાદિ વિનાનો છે. પરંતુ પ્રકૃતિતત્ત્વ એની સાથે જોડાય એટલે પુરુષમાં સુખ-દુઃખાદિ દેખાય. જેમ સ્ફટિકમાં દેખાતી લાલાશ ખરેખર તો વસ્ત્રની જ છે, તેમ પુરુષમાં દેખાતા સુખદુઃખાદિ એ ખરેખર તો પ્રકૃતિના જ છે. આપણે જેમ કાર્મણવર્ગણાદિ પદાર્થો માનીએ છીએ, એમ સાંખ્યો પ્રકૃતિ વગેરે પદાર્થોની કલ્પના કરે છે. તેમના જ મતમાં કેટલાકો એમ કહે છે કે જેમ દર્પણ નિર્મળ છે, એની સામે કોઈ માણસ ઉભો રહે તો એના મુખનું પ્રતિબિંબ દર્પણમાં પડે. હવે એ મુખ ઉપર જે સારા-નરસા ડાઘો હોય તે પેલા દર્પણમાં પણ દેખાય. એમ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલ બુદ્ધિતત્ત્વમાં જ સુખ અને દુઃખ રહેલા છે. આત્મા દર્પણ જેવો છે, પણ એ બુદ્ધિતત્ત્વનું આત્મામાં પ્રતિબિંબ પડે છે, એટલે બુદ્ધિમાં રહેલા સુખ અને દુઃખ આત્મામાં પણ દેખાય છે.)

પ્રશ્ન : પણ એમણે માનેલા આ સુખ-દુઃખ ખોટા = કાલ્પનિક છે = વાસ્તવિક નથી. એમ કયા આધારે કહી શકાય ?

ઉત્તર : એમના મતમાં સુખ-દુઃખાદિ કલ્પિત જ બને છે, કેમકે જો આત્મા સ્વયં પરમાર્થથી સુખરૂપે પરિણામ પામતો ન હોય તો એને સુખાદિનો અભાવ જ માનવો પડે. દા.ત. લાલવસ્ત્રાદિરૂપ ઉપધાનની સન્નિધિ થવા છતાં પણ જેમ અન્ય-પત્થરમાં રક્તતાદિ નથી થતાં તેમ. (આશય એ છે કે સ્ફટિક અને લોખંડ, આ બેયની પાસે લાલવસ્ત્ર મૂકવામાં આવે તો સ્ફટિકમાં લાલાશ જણાય છે, લોખંડમાં લાલાશ થતી નથી. આનો અર્થ જ એ કે એ વખતે લોખંડ અને સ્ફટિકમાં ચોક્કસ કોઈક ભેદ તો છે જ. એટલે એમાં માનવું જોઈએ કે સ્ફટિક પોતે પોતાનો શુદ્ધસ્વભાવ બદલીને રક્તસ્વભાવને કોઈક રીતે ગ્રહણ તો કરે જ છે. લોખંડમાં એવું થતું નથી, માટે એ રક્તતાને ધારણ કરતો નથી.

જો સ્ફટિક પણ પોતાના મૂળસ્વભાવમાં જ હોય, એમાં લેશ પણ ફર્ક ન પડ્યો હોય તો લોખંડની માફક એમાં પણ લાલાશ અનુભવાવી ન જોઈએ.

પ્રસ્તુતમાં પ્રકૃતિમાં રહેલ સુખ-દુઃખાદિ આત્મામાં દેખાય છે, એમ માનીએ તો પણ આવું તો માનવું જ જોઈએ કે આત્મા સ્વયં પણ સુખરૂપે પરિણામ પામેલો જ છે. તો જ એમાં સુખની અનુભૂતિ થાય. અર્થાત્ આત્માનાં પૂર્વસ્વભાવ કરતાં ઉત્તરસ્વભાવ જુદાનો બન્યો જ છે. તો જ એમાં પૂર્વે સુખ ન હોવું અને પછી સુખ હોવું એ સંગત થાય.)

**પ્રશ્ન :** ચાલો, માની લઈએ કે પૂર્વે અસુખી આત્મા તેવા પ્રકારે સુખરૂપે પરિણમે છે... બોલો. હવે તો સુખાદિ પદાર્થ વાસ્તવિક કહેવાશે ને ? હવે તો એ કાલ્પનિક નહિ ને ?

**ઉત્તર :** બરાબર પણ આ રીતે "પૂર્વે અસુખી આત્મા સુખરૂપે પરિણમે છે" એમ સ્વીકારશો, તો તો તમારો જે અભ્યુપગમ-મત છે કે આત્મા નિત્ય છે. તેની ક્ષતિ-હાનિ થાય. કેમકે અસુખી આત્મા સુખી થાય તો એ નિત્ય ન રહ્યો, અનિત્ય બની ગયો.

આમ પ્રકૃતિના ઉપધાનની આત્માને સુખદુઃખ માનવાની વાત બરાબર નથી.

જે બુદ્ધિના પ્રતિબિંબની માન્યતાવાળો પક્ષ છે, તેમાં પણ આ જ વાંધો આવે કે આત્મા તો નિત્ય, અવિચલિત છે. એટલે તે કાયમ માટે એકજ સ્વભાવવાળો રહે. અને એટલે જો એમાં બુદ્ધિનું પ્રતિબિંબ માનો તો કાયમ માટે એકજ પ્રકારનું પ્રતિબિંબ માનવાની આપત્તિ આવે. કેમકે જો પ્રતિબિંબ બદલાય તો તો પૂર્વે જુદા પ્રતિબિંબવાળો આત્મા હવે અલગ પ્રતિબિંબવાળો બન્યો, અને તો પછી એ નિત્ય જ ન ગણાય. એટલે એને નિત્ય માનવો હોય તો કાયમ માટે એકજ પ્રતિબિંબ માનવું જરૂરી બને. અને તો પછી કાં તો માત્ર સુખનું કે માત્ર દુઃખનું જ પ્રતિબિંબ માનવું પડે. અને તો પછી આત્મા માત્ર સુખી કે માત્ર દુઃખી જ માનવો પડે. જે માન્ય નથી.

હવે જો અહીં પણ એમ માનો કે "આત્મા પૂર્વે સુખપ્રતિબિંબવા ો હોવાથી સુખસ્વભાવવાળો અને પછી દુઃખ પ્રતિબિંબવાળો બનવાથી દુઃખસ્વભાવવાળો બને છે. આમ એનો સ્વભાવ બદલાઈ જાય છે, અને એ રીતે આત્મામાં સુખ અને દુઃખ બંને સંગત થાય."

પણ આ રીતે જો સ્વભાવભેદ માનશો તો એ આત્મા અનિત્ય માનવાનો પ્રસંગ આવે.

પ્રશ્ન : આ રીતે આત્માને નિત્ય માનવામાં અનેક આપત્તિ આવે છે, તો અમે આત્માને અનિત્ય જ માનશું.

ઉત્તર : આ રીતે અનિત્ય-એકાન્તનો સ્વીકાર ન થઈ જાય એ માટે હવે કહે છે કે એકાન્તે અનિત્યતા માનવામાં પણ સુખદુ:ખની કલ્પના અસંગત બને છે.

ગાથામાં **एगंतुच्छेअंमि** શબ્દ લખેલ છે. એનો અર્થ આ પ્રમાણે કરાય કે **एकान्तेन** - સર્વથા **उत्** પ્રબલતાથી **छेद** વિનાશ એટલે એકાન્ત-ઉચ્છેદ. અર્થાત્ નિરન્વય-નાશ. (નાશ બે પ્રકારનો છે, સાન્વયનાશ અને નિરન્વયનાશ સુવર્ણઘટ તોડીને સુવર્ણમુકુટ કરાય, તો સુવર્ણમુકુટમાં ઘટનો નાશ છે, પણ સુવર્ણઘટમાં જે સુવર્ણ છે, એ તો સુવર્ણમુકૂટમાં પણ છે. એટલે અહીં સુવર્ણનો અન્વય છે, ઘટનો નાશ છે. તો આ ઘટનાશ સુવર્ણના અન્વયવાળો હોવાથી સાન્વયનાશ કહેવાય. એકાન્ત-અનિત્યવાદીઓ આવો સાન્વયનાશ નથી માનતા. તેઓ કહે છે કે સુવર્ણઘટમાં જે સુવર્ણ છે અને ઘટ છે, તે બંને ખતમ થઈ જાય છે. સુવર્ણમુકૂટની ઉત્પત્તિ થાય છે તેમાં મુકૂટ તો નવો છે જ, પણ સુવર્ણ પણ તદન નવું જ છે. ઘટનું સુવર્ણ જ મુકૂટ સુવર્ણ રૂપ નથી. ઘરનું સુવર્ણ સર્વથા ખતમ જ થઈ ચૂક્યું છે.

આવા પ્રકારનો નિરન્વયનાશ એ જ એકાન્તોચ્છેદ કહેવાય છે. એ જિનમતને માન્ય નથી. તે શા માટ? તે જ બતાવે છે કે એકાન્તોચ્છેદમાં સુખ-દુ:ખ નથી ઘટતાં, માટે તે મત માન્યં નથી.")

પ્રશ્ન : એકાન્ત-ઉચ્છેદ મતમાં સુખ-દુ:ખ નથી ઘટતાં એવું આપશ્રી ક્યા આધારે કહો છો ?

ઉત્તર એકાન્તનિત્યવાદની જેમ એકાન્તોચ્છેદમતમાં પણ વાંધો એ આવે કે સુખાદિનો અનુભવ કરનાર જે છે, તેનો તો તે જ ક્ષણે - સુખાનુભવસ્થળે જ સંપૂર્ણપણે ઉચ્છેદ થઈ જાય છે. હવે એનો સંપૂર્ણપણે ઉચ્છેદ થઈ જાય તો પછી ઉત્તરક્ષણની ઉત્પત્તિનું કારણ કોણ બને ? કોઈ હાજર ન હોવાથી કારણ કોણ ગણાય? આમ ઉત્તરક્ષણની ઉત્પત્તિ હેતુ વિના જ થયેલી માનવી પડે. હેતુ વિના તો વસ્તુની ઉત્પત્તિ ન જ ઘટે. આમ ઉત્તરક્ષણ અહેતુક બની જતી હોવાથી ઉત્તરક્ષણની ઉત્પત્તિ સંગત થતી નથી.

હવે જો ઉત્તરક્ષણની ઉત્પત્તિ પણ સંગત ન થાય તો પછી તેનું વિકલ્પન તો ઘટે જ શી રીતે ?

(દા.ત. પ્રથમ સમયે આત્મા સુખને અનુભવે છે, તો એ આત્મા પોતે સુખં કહેવાય.

હવે સુખનો અનુભવ કર્યા બાદ બીજા સમયે એવો વિકલ્પ થાય કે "હું સુખી થયો." આને જ સુખવિકલ્પન કહેવાય છે. જેમ પ્રથમ સમયે ઘટનો અનુભવ થાય કે "**अयं घटः**" અને એ પછીની ક્ષણે એનો વિકલ્પ થાય કે **घटानुभवज्ञानवान् अहं** તેમ અહીં સમજવાનું છે. એમાં "હું સુખી થયો" એવી પ્રતીતિ એ જ સુખવિકલ્પન છે. એ પ્રતીતિવાળો આત્મા સુખવિકલ્પન ક્ષણ કહેવાય.

પણ મુશ્કેલી એ છે કે પ્રથમસમયની સુખક્ષણ સર્વથા ખતમ થાય તો બીજા સમયની સુખવિકલ્પનક્ષણની ઉત્પત્તિ શી રીતે થાય ? કેમકે એનો હેતુ જ **વિદ્યમાન નથી.**

**घटज्ञानवानहं** વિકલ્પ સ્થળે તો આત્મા આ વિકલ્પનું **કારણ છે. એ વિદ્યમાન** છે. એટલે વિકલ્પોત્પત્તિ માની શકીએ. પણ બૌદ્ધમતે **તો પૂર્વક્ષણનો સર્વ**થા વિનાશ જ થઈ જવાથી કારણ જ અસત્ બની જતા ઉત્તરક્ષણ-**વિકલ્પક્ષણની ઉત્**પત્તિ જ શી રીતે થાય ?

પણ એ વિકલ્પક્ષણને બધા અનુભવે **તો છે જ, માટે એકાન્ત** અનિત્યવાદ યોગ્ય નથી. સુખવિકલ્પન એટલે "હું સુખી છું" **એવો વિચાર.**

દુ:ખવિકલ્પન એટલે "હું દુ:ખી છું" એવો **વિચાર**.

એને માટે સુખ-દુ:ખની હાજરી જરૂરી છે, **જ્યારે** ક્ષણિકમતે એનો સર્વથા વિનાશ માનેલો હોવાથી એ વિકલ્પન ઘટતાં નથી.)

---

**उक्तोऽपायः, साम्प्रतमुपाय उच्यते-तत्रोप-सामीप्येन (आयः) विवक्षितवस्तुनोऽविकललाभहेतुत्वाद्वस्तुनो लाभ एवोपायः-अभिलषितवस्त्ववाप्तये व्यापारविशेष इत्यर्थः, असावपि चतुर्विध एव, तथा चाह –**

एमेव चउविगप्पो होइ उवाओऽवि तत्थ दव्वंमि । धातुव्वाओ पढमो नंगलकुलिएहिं खेत्तं तु ॥६१॥

---

આ પ્રમાણે અપાય ઉદાહરણ કહેવાઈ ગયું.

હવે ઉપાય કહેવાય છે.

તેમાં **उप** એટલે સામીપ્યથી = નજીકથી

**आय** એટલે લાભ. પરંતુ પ્રસ્તુતમાં વિવક્ષિતવસ્તુનાં સંપૂર્ણ લાભનું કારણ હોવાથી વસ્તુનો લાભ જ ઉપાય કહેવાય છે. (આશય એ છે કે ખરેખર તો વિવક્ષિતવસ્તુનાં લાભનું કારણ એ જ ઉપાય કહેવાય. વિવક્ષિતવસ્તુનો લાભ એ કંઈ ઉપાય ન કહેવાય. પરંતુ લાભમાં લાભકારણનો ઉપચાર કરીને વિવક્ષિતવસ્તુનો લાભ જ ઉપાય શબ્દથી

ઓળખાવાયો છે.)

પરમાર્થ એ છે કે ઈચ્છાયેલ વસ્તુની પ્રાપ્તિ માટેનો વ્યાપારવિશેષ એ ઉપાય. આ ઉપાય પણ ચાર પ્રકારનો જ છે. (અપાય તો ચાર પ્રકારનો છે જ. પણ...) એજ વાત કરે છે કે

નિર્યુક્તિ-૬૧ ગાથાર્થ : અપાયની જેમ ઉપાય પણ ચાર પ્રકારનો છે. દ્રવ્યમાં પ્રથમ ધાતુવાદ. નંગલ અને કુલિકો વડે ક્ષેત્ર...

---

व्याख्या–'एवमेव' यथा अपायः, किम् ?-'चतुर्विकल्पः' चतुर्भेदः भवत्युपायोऽपि, तद्यथा-द्रव्योपायः क्षेत्रोपायः कालोपायः भावोपायश्च, तत्र 'द्रव्य' इति द्वारपरामर्शः द्रव्योपाये विचार्ये 'धातुर्वादः' सुवर्णपातनोत्कर्षलक्षणो द्रव्योपायः 'प्रथम' इति लौकिकः, लोकोत्तरे त्वध्वादौ पटलादिप्रयोगतः प्रासुकोदककरणम्, क्षेत्रोपायस्तु लाङ्गलादिना क्षेत्रोपक्रमणे भवति, अत एवाह-'लाङ्गलकुलिकाभ्यां क्षेत्रम्' उपक्रम्यत इति गम्यते, ततश्च लाङ्गलकुलिके तदुपायो लौकिकः, लोकोत्तरस्तु विधिना प्रातरशनाद्यर्थमटनादिना क्षेत्रभावनम्, अन्ये तु योनिप्राभृतप्रयोगतः काञ्चनपातनोत्कर्षलक्षणमेव सङ्घातप्रयोजनादौ द्रव्योपायं व्याचक्षते, विद्यादिभिश्च दुस्तराध्वतरणलक्षणं क्षेत्रोपायमिति (अत्र च प्रथमग्रहणपदार्थोऽतिरिच्यमान इवाभाति, पाठान्तरं वा 'धाउव्वाओ भणिओ'त्ति अत्र च कथञ्चिदविरोध एवेति गाथार्थः)॥ ?

---

ટીકાર્થ : જે રીતે અપાય ચાર પ્રકારનો છે, તે જ રીતે ઉપાય પણ ચાર પ્રકારનો છે. તે આ પ્રમાણે દ્રવ્યોપાય, ક્ષેત્રોપાય, કાલોપાય અને ભાવોપાય.

તેમાં દ્રવ્ય શબ્દ ગાથામાં લખેલો છે, તે દ્રવ્યોપાય દ્વારને સૂચવવા માટેનો છે. એ દ્રવ્યોપાયનો વિચાર કરીએ તો લૌકિક દ્રવ્યોપાય સુવર્ણપાતન અને સુવર્ણોત્કર્ષરૂપ છે. (ઔષધિ વગેરેનાં પ્રયોગથી સુવર્ણ બનાવવું = માટી વિ. કાચીધાતુ છૂટી પાડવી એ સુવર્ણપાતન. અને સુવર્ણને વધારવું = વધુ ને વધુ સુવર્ણ મેળવવું અથવા તો સુવર્ણ શુદ્ધ કરવું એ સુવર્ણોત્કર્ષ. આ બે દ્રવ્યોપાય છે. સુવર્ણરૂપ દ્રવ્યને મેળવવાના ઉપાયો છે.

લોકોત્તર દ્રવ્યોપાય આ પ્રમાણે છે કે માર્ગ વગેરેમાં પટલાદિનાં પ્રયોગથી અચિત્તપાણી કરવું તે. (આશય એ છે કે ગાઢકારણસર જંગલાદિ જેવા તદ્દન નિર્જનસ્થાનોમાંથી વિહાર કરવો પડે તો ત્યાં રસ્તામાં પાણીની જરૂર પડે ત્યારે પાણી ક્યાંથી લાવવું ? કોણ અચિત્ત પાણી કરી આપે ? કટોકટિનાં પ્રસંગો આવવાના હોય

તો સાધુઓ વિહાર પૂર્વે જ પોતાની પાસે છાશથી ખરડાયેલા વસ્ત્રના ટુકડાદિને તૈયાર કરીને રાખી લે. અર્થાત્ છાશ લાવી એમાં ચોક્ખું કપડું બરાબર પલાળી રાખે. એ પછી એ કપડું નીચોવ્યા વિના સુકવી દે. એ કપડું છાશથી ભાવિત થઈ જાય એટલે એને પોતાની પાસે રાખી લઈ વિહાર કરે. રસ્તામાં પાણીની જરૂર પડે તો તળાવ વગેરેનાં સચિત્તપાણીને જુદું કાઢી તેમાં એ કપડું નાંખી વ્યવસ્થિત હલાવે... એ કપડા દ્વારા અમુક કાળે તે પાણી અચિત્ત બની જાય. આવું ગીતાર્થો ગાઢ કારણસર ખૂબજ યતનાપૂર્વક કરતાં.) આમ અચિત્તપાણીરૂપી દ્રવ્યની પ્રાપ્તિ માટેનો આ ઉપાય દર્શાવાયો.

હળ વગેરે વડે ક્ષેત્રને ખેડવામાં આવે તે ક્ષેત્રોપાય કહેવાય. (ખેતીને યોગ્ય એવા ક્ષેત્રની પ્રાપ્તિનો ઉપાય આ હળાદિથી જમીન ખેડવી એ જ બને ને ?) આથી જ નિર્યુક્તિકાર કહે છે કે લાંગલ = હળ અને કુલિક=કોદાળી વડે ક્ષેત્ર ખેડાય છે. **उपक्रम्यते** શબ્દ ગાથામાં લખેલો નથી, તે બહારથી સમજી લેવો.) આથી હળ અને કુલિક એ ક્ષેત્રનો ઉપાય બને. આ લૌકિક ક્ષેત્રોપાય બને.

લોકોત્તર ક્ષેત્રોપાય આ પ્રમાણે છે કે "સવારે અશનાદિને માટે વિધિપૂર્વક અટનાદિ કરવા દ્વારા ક્ષેત્રને ભાવિત કરવું તે." (ક્ષેત્રપ્રત્યુપેક્ષકો સવાર-બપોર-સાંજ વિધિપૂર્વક ગોચરીચર્યા કરવા દ્વારા એ ક્ષેત્રનાં લોકોને ગોચરી વહોરાવવાદિ ક્રિયા વડે ભાવિત કરી દે. અર્થાત્ ગચ્છને અનુકૂલક્ષેત્રની પ્રાપ્તિનો ઉપાય આ ક્ષેત્રભાવન કરવું તે બને.)

અહીં કેટલાકો લોકોત્તર દ્રવ્યોપાય આ રીતે દર્શાવે છે કે "સંઘાતપ્રયોજન વગેરેમાં યોનિપ્રાભૃતનાં પ્રયોગ દ્વારા સુવર્ણપતન-ઉત્કર્ષ એ જ દ્રવ્યોપાય છે."

(યોનિપ્રાભૃત ગ્રન્થમાં કઈ કઈ વસ્તુઓના સંયોગથી કઈ કઈ વસ્તુઓ બની શકે એનું વિસ્તૃત વર્ણન છે. એમાં "સુવર્ણોત્પત્તિ શી રીતે કરી શકાય ?" એ માટેના પણ પ્રયોગો બતાવેલા જ છે. એ પ્રયોગો દ્વારા સુવર્ણોત્પત્તિ કરી શકાય. સંઘાતપ્રયોજનાદિ (?) કાર્ય આવી પડે ત્યારે આ સુવર્ણોત્પત્તિ કરી શકાય.)

જ્યારે દુઃખેથી પાર કરી શકાય એવા માર્ગને વિદ્યા વગેરે વડે પાર કરવો એ ક્ષેત્રોપાય છે. (અનુકૂલક્ષેત્રને પામવાનો ઉપાય આ બની રહે છે)

(**પ્રશ્ન** : આ ૬૧મી ગાથાનો ઉત્તરાર્ધ આ પ્રમાણે છે કે "ધાતુર્વાદ એ પ્રથમ છે, લાંગલાદિ વડે ક્ષેત્ર." આમાં ક્ષેત્રોપાયનું વર્ણન કરવામાં બે વિકલ્પો ઉપર દર્શાવ્યા. એમાં પ્રથમવિકલ્પમાં આ આખો ઉત્તરાર્ધ ક્ષેત્રોપાયમાં ગણાવાયો છે. અર્થાત્ (૧) ધાતુર્વાદ એ ક્ષેત્રોપાયમાં પ્રથમ દૃષ્ટાન્ત છે. (૨) લાંગલાદિ વડે ક્ષેત્રોપક્રમણ એ

ક્ષેત્રોપાયમાં બીજું દૃષ્ટાન્ત છે. આમ આ વિકલ્પમાં તો **पढमो** શબ્દ બરાબર ઘટે છે. બે દૃષ્ટાન્ત છે, એટલે **पढमो** શબ્દ સંગત થાય છે. પણ બીજા વિકલ્પમાં આ **पढमो** શબ્દ નહિ ઘટે. કેમકે એમાં ધાતુર્વાદ દ્રવ્યોપાય તરીકે અને લાંગલાદિ એ ક્ષેત્રોપાય ગણેલ છે. એટલે આમાં દ્રવ્યોપાય પણ એક અને ક્ષેત્રોપાય પણ એક... એટલે આમાં કોઈમાં પણ બે દૃષ્ટાન્ત છે જ નહિ કે **पढमो** શબ્દ વાપરવો પડે. એક જ વસ્તુમાં બે દૃષ્ટાન્ત આપ્યા હોત તો **पढमो** શબ્દ **द्वितीय** નો વ્યવચ્છેદ કરવા સંગત થાય, પણ એવું તો છે જ નહિ.)

ઉત્તર : સાચી વાત છે. આ બીજા વ્યાખ્યાનમાં **पढमो** શબ્દનું ગ્રહણ વધારાનું લાગે છે. અથવા તો ત્યાં **भणिओ** પાઠાંતર છે. એ પાઠાંતર પ્રમાણે બીજું વ્યાખ્યાન લઈએ તો અપેક્ષાએ કોઈ જ વિરોધ નથી.

---

कालो अ नालियाइहिं होइ भावंमि पंडिओ अभओ । चोरस्स कए नट्टिं वड्डकुमारिं परिकहेइ ॥६२॥

---

**નિર્યુક્તિ-૬૨ ગાથાર્થ :** નાલિકાદિ વડે કાલ હોય છે, ભાવમાં પંડિતઅભય ચોરને માટે નૃત્યમાં વૃદ્ધકુમારીની કથા કહે છે.

---

**व्याख्या—कालश्च नालिकादिभिः ज्ञायत इति शेषः, नालिका-घटिका आदिशब्दाच्छङ्कवादिपरिग्रहः, ततश्च नालिकादयः कालोपायो लौकिकः, लोकोत्तरस्तु सूत्रपरावर्त्तनादिभिस्तथा भवति, 'भावे' चेति द्वारपरामर्शत्वाद्भावोपाये विचार्ये निदर्शनं, क इत्याह—'पण्डितो' विद्वान् 'अभयः' अभयकुमारस्तथा चाह—चौरनिमित्तं नर्त्तक्यां (नाट्ये) वड्ड (वृद्ध) कुमारीं, किम् ?, त्रिकालगोचरसूत्रप्रदर्शनार्थमाह-परिकथयति, ततश्च यथा तेनोपायतश्चौरभावो विज्ञातः एवं शिक्षकादीनां तेन तेन विधिनोपायत एव भावो ज्ञातव्य इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** કાલ નાલિકા વગેરે વડે જણાય છે. **ज्ञायते** શબ્દ બહારથી ઉમેરવો. નાલિકા એટલે ઘડી. આદિ શબ્દથી શંકુ વગેરેનો પરિગ્રહ કરવો. એટલે નાલિકા વગેરે કાલ જાણવા માટેનો લૌકિક ઉપાય છે. (ઘડી વડે તો ૪૮ મિનિટનો કાળ જણાય જ છે. શંકુની છાયા વડે પણ કાલ જણાય છે.)

લોકોત્તર સૂત્રનાં પરાવર્તન વગેરે વડે કાલોપાય છે. અર્થાત્ સૂત્રનું પરાવર્તન એ કાલ જાણવા માટેનો લોકોત્તર ઉપાય છે. (સૂત્રપરાવર્તન દ્વારા જિનકલ્પી ચોક્કસ સમય

જાણી શકે કે મેં આટલો પાઠ કર્યો, માટે આટલો સમય થયો.)

ગાથામાં **भावे** શબ્દ લખેલો છે, એ ભાવોપાયદ્વારને સુચવવા માટે હોવાથી એનો અર્થ સમજવો કે ભાવોપાય. ટુંકમાં ભાવોપાયની વિચારણા કરીએ. વિદ્વાન અભયકુમાર દૃષ્ટાન્ત છે. એજ વાત કરે છે કે નાટ્યમાં અભય ચોરને પકડવા મટે મોટી ઉંમરની કુંવારી સ્ત્રીની વાર્તા કરે છે.

(પ્રશ્ન : એ પ્રસંગ તો ભૂતકાળમાં થઈ ગયો ોવાથી અભયે કહ્યું એમ ભૂતકાળનો પ્રયોગ કરવો જોઈએ ને ?)

ઉત્તર "સૂત્ર ત્રણકાલવિષયક છે" એ દર્શાવવા માટે **परिकथयति** એમ વર્તમાનકાળનો પ્રયોગ કરેલો છે. (નિર્યુક્તિકાર ભદ્રબાહુસ્વામી તો પ્રભુવીરની સાતમી પાટે છે. તે વખતે અભયકુમારનો પ્રસંગ ભૂતકાળ બની ચૂક્યો હતો. છતાં એમણે વર્તમાનકાળનો પ્રયોગ કર્યો છે. કેમકે નિર્યુક્તિ પણ અપેક્ષાએ સૂત્ર જ છે. અને સૂત્ર ત્રણેયકાળસંબંધી હોય. અર્થાત્ ભૂત-વર્તમાન કે ભવિષ્ય એ ત્રણેયકાળ સૂત્ર માટે સરખા છે. એટલે સૂત્રમાં ભૂત માટે પણ વર્તમાન અને ભવિષ્ય માટે પણ વર્તમાનનો પ્રયોગ કરી શકાય ખરો. એમાં કોઈ જ દોષ નથી.)

જેમ અભયકુમારે ઉપાય દ્વારા ચોરનો ભાવ જાણી લીધો, એમ ગુરુએ પણ તે તે વિધિ વડે ઉપાયપૂર્વક નૂતનદીક્ષિતાદિનો ભાવ જાણી લેવો (અને તે અનુસારે એમનું હિત થાય તેવા પ્રકારની પ્રવૃત્તિ કરવી)

---

**नवरं भावोवाए उदाहरणं-रायगिहं णाम णयरं, तत्थ सेणिओ राया, सो भज्जाए भणिओ जहा मम एगखंभं पासायं करेहि, तेण वड्ढइणो आणत्ता, गया कट्ठच्छिदगा, तेहिं अडवीए सलक्खणो सरलो महइमहालओ दुमो दिट्ठो, धूवो दिण्णो, जेणेस परिग्गहिओ रुक्खो सो दरिसावेउ अप्पाणं, तो णं ण छिंदोमोत्ति, अह ण देइ दरिसावं तो छिंदामोत्ति, ताहे तेण रुक्खवासिणा वाणमंतरेण अभयस्स दरिसावो दिण्णो, अहं रण्णो एगखंभं पासायं करेमि, सव्वोउयं च आरामं करेमि सव्ववणजाइउवेयं, मा छिंदहत्ति, एवं तेण कओ पासाओ ।**

---

(આ ગાથામાં બીજી બધી બાબતો કહેવાઈ ગઈ છે.) માત્ર ભાવોપાયમાં ઉદાહરણ આ પ્રમાણે છે કે રાજગૃહ નામનું નગર હતું. ત્યાં શ્રેણિક રાજા હતો. તે પત્ની ચેલ્લણા વડે કહેવાય કે "મારા માટે એક થાંભલાવાળો મહેલ કરાવી આપો." તેણે સુથારોને

આજ્ઞા કરી. તેઓ (મહેલ બનાવવા) લાકડા છેદવા ગયા. તેઓએ જંગલમાં લક્ષણયુક્ત, સરળ, ઘણું મોટું વૃક્ષ જોયું. એમણે ધૂપ કર્યું અને બોલ્યા કે "જે દેવાદિએ આ વૃક્ષનો પરિગ્રહ-આશ્રય કર્યો હોય તે પોતાની જાતને દેખાડો. તો અમે આને છેદશું નહિ. જો દર્શન નહિ આપે તો અમે છેદી નાંખશું." ત્યારે વૃક્ષમાં રહેનારા તે વાણવ્યંતરે અભયને દર્શન આપ્યા. કહ્યું કે "હું રાજાને એક થાંભલાવાળો મહેલ કરાવી આપીશ. સર્વઋતુવાળું (સર્વઋતુઓસંબંધી પુષ્પોવાળું) તમામ વનસ્પતિનાં જાતિઓવાળું આરામ (બગીચો) કરીશ. તમે વૃક્ષને છેદતા નહિ."

આ પ્રમાણે તેણે પ્રાસાદ કર્યો.

---

अन्नया एगाए मायंगीए अकाले अंबयाण दोहलो, सा भत्तारं भणइ-मम अंबयाणि आणेहि, तदा अकालो अंबयाणं, तेण ओणामिणीए विज्जाए डालं ओणामियं, अंबयाणि गहिआणि, पुणो अ उण्णमणीए उण्णामियं, पभाए रण्णा दिट्ठं, पयं ण दीसइ, को एस मणुसो अतिगओ ?, जस्स एसा एरिसी सत्तित्ति सो मम अंतेउरंपि धरिसेहित्तिकाउं अभयं सद्दावेऊण भणइ-सत्तरत्तस्स अब्भंतरे जइ चोरं णाणेसि तो णत्थि ते जीविअं । ताहे अभओ गवेसिउं आढत्तो, णवरं एगंमि पएसे गोज्जो रमिउकामो, मिलिओ लोगो, तत्थ गंतुं अभओ भणति-जाव गोज्जो मंडेइ अप्पाणं ताव ममेगं अक्खाणगं सुणेह जहा कहिंपि णयरे एगो दरिद्दसिट्ठी परिवसति, तस्स धूया वुड्ढकुमारी अईव रूविणी य, वरणिमित्तं कामदेवं अच्चेइ, सा य एगंमि आरामे चोरिए पुप्फाणि उच्चेंती आरामिएण दिट्ठा, कयत्थिउमाढत्ता, तीए सो भणिओ-मा मइं कुमारिं विणासेहि, तवावि भयणीभाणिज्जीओ अत्थि, तेण भणिआ-एक्काए ववत्थाए मुयामि, जइ णवरं जम्मि दिवसे परिणेज्जसि तद्दिवसं चेव भत्तारेण अणुग्घाडिया समाणी मम सयासं एहिसि तो मुयामि, तीए भणिओ-एवं हवउत्ति, तेण विसज्जिआ अन्नया परिणीआ, जाहे अपवरके पवेसिआ ताहे भत्तारस्स सब्भावं कहेइ, विसज्जिया वच्चइ, पट्ठिया आरामं, अंतरा अ चोरेहिं गहिया, तेसिंपि सब्भावो कहिओ, मुक्का, गच्छंतीए अंतरा रक्खसो दिट्ठो, जो छण्हं मासाणं आहारेइ, तेण गहिया, कहिए मुक्का, गया आरामियसगासं, तेण दिट्ठा, सो संभंतो भणइ-कहमागयासि ?, ताए भणिअं मया कओ सो पुव्विं समओ, सो भणइ-कहं भत्तारेण मुक्का ?, ताहे तस्स तं सव्वं कहिअं, अहो सच्चपइन्ना एसा महिलत्ति, एत्तिएहिं मुक्का किहाहं दुहामित्ति तेण

विमुक्का, पडियंती अ गया सव्वेसिं तेसिं मज्झेणं, आगता तेहिं सव्वेहिं मुक्का, भत्तारसगासं अणहसमग्गा गया । ताहे अभओ तं जणं पुच्छइ-अक्खह एत्थ केण दुक्करं कयं ?, ताहे इस्सालुया भणंति-भत्तारेण, छुहालुया भणंति-रक्खसेणं, पारदारिया भणंति-मालागारेणं, हरिएसेण भणिअं-चोरेहिं, पच्छा सो गहिओ, जहा एस चोरोत्ति । एतावत्प्रकृतोपयोगि । जहा अभएण तस्स चोरस्स उवाएण भावो णाओ एवमिहवि सेहाणमुवट्ठायंतयाणं उवाएण गीअत्थेण विपरिणामादिणा भावो जाणिअव्वोत्ति, किं एए पव्वावणिज्जा नवत्ति, पव्वाविएसुवि तेसु मुंडावणाइसु एमेव विभासा, यदुक्तम् - "पव्वाविओ सियत्ति अ मुंडावेउं न कप्पइ" इत्यादि । कहाणयसंहारो पुण-चोरो सेणियस्स उवणीओ, पुच्छिएण सब्भावो कहिओ, ताहे रण्णा भणियं-जइ नवरं एयाओ विज्जाओ देहि तो न मारेमि, देमित्ति अब्भुवगए आसणे ट्ठिओ पढई, न ठाई, राया भणई-किं न ठाई ?, ताहे तं मायंगो भणइ-जहा अविणएणं पढसि, अहं भूमीए तुमं आसणे, णीयतरे उवविट्ठो, ठियातो सिद्धाओ य विज्जाओत्ति । कृतं प्रसङ्गेन । एवं तावल्लौकिकमर्थाक्षिप्तं चरणकरणानुयोगं चाधिकृत्योक्ता द्रव्योपायादयः,

---

એકવાર એક ચંડાલણને અકાળે આંબાઓનો દોહદ થયો, તેણી એના પતિને કહે છે કે "મારા માટે કેરીઓ લાવી આપો." તે વખતે કેરીઓનો અકાળ હતો. ચંડાલે અવનામિનીવિદ્યા વડે ડાળને નમાવી, કેરીઓ લીધી, ફરી ઉન્નામિનીવિદ્યા વડે ડાળને ઉંચી કરી દીધી. સવારે રાજાએ જોયું. (કેરી ચોરાયેલી દેખાઈ પણ ચોરના) પગ દેખાતા નથી. શ્રેણિકે વિચાર્યું કે "આ કયો માણસ અંદર ઘુસ્યો હશે ? જેની આવા પ્રકારની શક્તિ છે, તે તો મારા અંતઃપુરને પણ ભ્રષ્ટ કરી દે" એમ વિચારીને શ્રેણિકે અભયને બોલાવીને કહ્યું કે "સાત રાતની અંદર જો તું ચોરને પકડી નહિ લાવે તો તારું જીવન નહિ રહે." ત્યારે અભયે તપાસ કરવાની શરુઆત કરી. આ બાજુ એક સ્થાને એક નૃત્યકાર નૃત્ય કરવાની ઈચ્છાવાળો હતો. લોક ભેગો થયો. ત્યાં જઈને અભય કહે છે કે "જ્યાંસુધી નૃત્યકાર પોતાને શણગારે, ત્યાંસુધી મારી એક વાર્તાને સાંભળો કે કોઈક નગરમાં એક ગરીબ શેઠ રહેતો હતો. તેની દીકરી મોટી ઉંમરની પણ કુંવારી હતી અને અત્યંત રૂપવાળી હતી. એ વરને માટે કામદેવની પૂજા કરે છે. તેણી એક બગીચામાં ચોરી વડે પુષ્પોને ચૂંટતી હતી ત્યારે બગીચાવાળા વડે જોવાઈ. માળીએ એને પરેશાન કરવાની શરુઆત કરી. તેણીએ માળીને કહ્યું કે "કુંવારી એવી મને તું ભ્રષ્ટ ન કર. તારે પણ બહેન-ભાણી હશે." તેણે કહ્યું કે "એક વ્યવસ્થા નક્કી કરે તો તને છોડી દઉં. તે માત્ર

એટલું જ કે જે દિવસે તું પરણે તે જ દિવસે પતિ વડે નહિ ભોગવાયેલી તારે મારી પાસે આવવું. તો હું તને છોડું" તેણીએ કહ્યું કે "સારું. એ પ્રમાણે થાઓ." માળીએ તેને છોડી મૂકી. એકવાર એના લગ્ન થયા. જ્યારે ઓરડામાં પતિ પાસે પ્રવેશી ત્યારે એણે પતિને બધી સાચી વાત જણાવી પતિએ એને માળી પાસે જવાની રજા આપી. તેણી ત્યાં જાય છે. બગીચા તરફ પ્રયાણ કરે છે. વચ્ચે ચોરોએ એને પકડી. સ્ત્રીએ તેઓને પણ સાચી વાત કરી. ચોરોએ પણ છોડી મૂકી. વચ્ચે રાક્ષસને જોયો. તે છ માસે આહાર કરે છે. રાક્ષસે આને પકડી. સાચી વાત કહેવાયે છતેં છોડી મૂકી. આ રીતે તે માળી પાસે પહોંચી. માળીએ જોઈ. એ સ્તબ્ધ થઈ ગયો, પૃચ્છા કરે છે કે "તું કેવી રીતે અહીં આવી ?" તેણીએ કહ્યું કે "મેં પહેલા તે પ્રતિજ્ઞા કરેલી (કે મારે લગ્ન પછીની પ્રથમરાત્રિએ તારી પાસે આવવું) તેથી આવી છું."

તે કહે છે કે "પતિએ તને કેવી રીતે અહીં આવવા ેડી મૂકી ?" ત્યારે તેણીએ માળીને તે બધી જ વાત કહી. માળી વિચારે છે કે "આશ્ચર્ય છે કે આ સ્ત્રી સત્યપ્રતિજ્ઞાવાળી છે. હવે જો આટલા બધાએ એને છોડી દીધી, તો હું એને શા માટે દુઃખી કરું" એમ વિચારી તેણે પણ એને છોડી મૂકી.

પાછી ફરતી તેણી રાક્ષસ-ચોરાદિ બધાની વચ્ચેથી ગઈ. પણ બધાએ તેને છોડી મૂકી એટલે એ સહેજ પણ નુકસાન ન પામેલી સંપૂર્ણ થયેલી છતી પતિની પાસે પહોંચી ગઈ.

આટલી કથા કહીને અભય તે લોકોને પુછે છે કે કહો ! આમાં સૌથી વધુ દુષ્કર કામ કોણે કર્યું ?" ત્યારે ઈર્ષ્યાળુઓ કહે છે કે "પતિએ દુષ્કર કર્યું." ભુખ્યાઓ કહે છે કે ''રાક્ષસે કર્યું." પરસ્ત્રીગમન કરનારાઓ કહે છે કે "માળીએ દુષ્કર કર્યું." ચંડાળે કહ્યું કે "ચોરોએ દુષ્કર કર્યું."

અભયને ખ્યાલ આવી ગયો કે આ જ ચોર છે. એટલે એને પકડી લીધો. (પરસ્ત્રીગમન કરનારાઓ કદિ પરસ્ત્રી ત્યાગી ન શકતા હોય એટલે એમને એ ખૂબજ દુષ્કર લાગે. ચોરો ધન-ધાન્યાદિ મળે તો એને છોડી ન શકતા હોય એટલે એમને ધનાદિનો ત્યાગ કરનાર વધુ દુષ્કરકારી લાગે. ભુખ્યાઓને એમ જ લાગે કે કડકડતી ભૂખમાં ભોજન છોડવું સૌથી વધુ દુષ્કર... આમ વ્યક્તિ જેવો હોય તેના ભાવ પણ તેવા પ્રકારે થતાં હોય. અભયે આને અનુસારે જ ટુચકો કરીને પેલાને પકડી લીધો.)

ભાવોપાયરૂપ પ્રસ્તુતવાતમાં આટલું જ કથાનક ઉપયોગી છે કે જેમ અભયે ઉપાય વડે તે ચોરનો ભાવ જાણી લીધો, એમ અહીં પણ વડીદીક્ષા અપાતાં નૂતનદીક્ષિતોનો ભાવ ગીતાર્થે વિપરિણામાદિ વડે જાણી લેવો. એનાથી નક્કી કરવું કે "શું આ લોકો

દીક્ષા માટે લાયક છે ? કે નથી ?"

(ગીતાર્થ સાધુ અમુક ઉપાય વડે જાણી શકે કે આ નૂતનનો પરિણામ વિપરીત તો નથી થયો ને ? અર્થાત્ પૂર્વે એને ચારિત્રપરિણામ હતો તે હવે ખલાસ નથી થયો ને ? એને સંસારની રુચિ જાગી નથી ને ? જો ઉપાય વડે એમ જણાય કે નૂતનને વિપરિણામ થયો છે. તો એને વડીદીક્ષા ન આપે, અટકાવે, લંબાવે અને જો ઉપાય વડે એમ જણાય કે એનો સંયમપરિણામ અકબંધ છે." તો એને વડીદીક્ષા આપે. આમ વિપરિણામાદિ દ્વારા નૂતનનો ભાવ જાણી શકાય.)

નૂતનોને વડીદીક્ષા અપાઈ ગયા બાદ મુંડન કરાવવા વગેરે કાર્યોમાં પણ આ જ વિભાષા સમજી લેવી. (અર્થાત્ પાત્રતાની પરીક્ષા કરી યોગ્ય લાગે તો મુંડન કરાવાય, નહિ તો નહિ. આનું નામ જ વિભાષા)

કહ્યું છે કે "નૂતનસાધુ વડીદીક્ષાવાળો બને" એ પછી એ મુંડન કરાવવાને માટે કદાચ ન પણ કલ્પે." વગેરે.

કથાનકનો અંત આ પ્રમાણે છે કે ચોર શ્રેણિકની પાસે લવાયો. શ્રેણિકે પૃચ્છા કરી ત્યારે ચોરે સાચી વાત કહી. ત્યારે રાજાએ કહ્યું કે "જો તું આ બે વિદ્યાઓ આપી દે તો તને ન મારું." ચોરે આ વાત સ્વીકારી કે "હું વિદ્યા આપીશ." એટલે શ્રેણિક આસન ઉપર બેસીને વિદ્યાને બોલે છે પણ એને એ આવડતી નથી. રાજા કહે છે કે "મને કેમ વિદ્યા ચડતી નથી?" ત્યારે માતંગે કહ્યું કે "તમે અવિનયથી ભણો છો. હું ભૂમિ ઉપર છું, તમે આસન ઉપર છો." શ્રેણિક પછી ચોર કરતાં પણ વધુ નીચા આસને બેઠો. ત્યારે તેને વિદ્યા ચડી ગઈ અને સિદ્ધ પણ થઈ ગઈ.

વિસ્તાર વડે સર્યું.

આમ આ તો લૌકિકને આશ્રયીને અને અર્થાપત્તિથી ખેંચાઈ આવેલા ચરણકરણાનુયોગને આશ્રયીને દ્રવ્યોપાય વગેરે કહેવાયા. (નિર્યુક્તિગાથામાં લગભગ લૌકિક દ્રવ્યોપાય, ક્ષેત્રોપાય... દેખાડેલા છે. વૃત્તિકારે એને અનુસરીને ચારિત્રને આશ્રયીને પણ દ્રવ્યોપાયાદિ બતાવી દીધા છે. છેલ્લે ભાવમાં પણ નિર્યુક્તિમાં અભયનું દૃષ્ટાન્ત છે. વૃત્તિકારે અર્થાપત્તિથી નૂતનદીક્ષિતનાં ભાવ જાણવાદિ વાત કરી, એ ચારિત્રને લઈને ભાવોપાય દર્શાવ્યો.)

---

**साम्प्रतं द्रव्यानुयोगमधिकृत्य प्रदर्श्यन्त इति । तत्राप्युपायदर्शनतो नित्यानित्यैकान्तवादयोः सुखादिव्यवहाराभावप्रसङ्गेन तथा प्रत्यक्षगोचरातिक्रान्तेश्च**

वस्तुत आत्माभाव एवेति मा भूच्छिष्यकाणां मतिविभ्रमोऽत उपायत एवात्मास्तित्वमभिधातुकाम आह –

एवं तु इहं आया पच्चक्खं अणुवलब्भमाणोऽवि । सुहदुक्खमाइएहिं गिज्झइ हेऊहिं अत्थित्ति ॥६३॥

---

હવે દ્રવ્યાનુયોગને આશ્રયીને ઉપાય દેખાડાય છે.

તેમાં પણ પૂર્વે ઉપાયો દેખાડવા દ્વારા એ વાત દર્શાવેલી કે "નિત્યએકાન્તવાદમાં કે અનિત્યએકાન્તવાદમાં સુખાદિવ્યવહારનો અભાવ થવાનો પ્રસંગ આવે." હવે જો સુખાદિનો અભાવ જ થાય તો તો સુખદુઃખાદિ વિના આત્માનો પણ પરમાર્થથી તો અભાવ જ થાય. જો સુખ દુઃખ જ ન હોય તો આત્મા શી રીતે હોય ? એટલે આ રીતે શિષ્યોને એવો મતિવિભ્રમ = ખોટીબુદ્ધિ થવાની શક્યતા છે કે દર્શાવેલી યુક્તિઓ દ્વારા એકાન્તનિત્યવાદ કે એકાન્તઅનિત્યવાદમાં સુખાદિવ્યવહારનો અભાવ થવાનો પ્રસંગ આવતો હોવાથી ખરેખર તો આત્માનો જ અભાવ સિદ્ધ થાય છે.

વળી (આત્મા પ્રત્યક્ષથી દેખાતો નથી. એટલે પ્રત્યક્ષવિષયને ઉલ્લંઘી ચૂકેલ આત્મા દ્રવ્ય છે, એટલે પણ શિષ્યોને એવો મતિવિભ્રમ થાય કે) આત્મામાં પ્રત્યક્ષવિષયનું અતિક્રમણ થતું હોવાથી = આત્મા પ્રત્યક્ષથી ન દેખાતો હોવાથી પરમાર્થથી આત્માનો અભાવ જ છે."

આવો મતિવિભ્રમ શિષ્યોને ન થાય, તે માટે ઉપાય દ્વારા જ આત્માનાં અસ્તિત્વને કહેવાની ઈચ્છાવાળા કહે છે કે

નિર્યુક્તિ-૬૩ ગાથાર્થ : આ જ પ્રમાણે અહીં પ્રત્યક્ષથી ન દેખાતો એવો પણ આત્મા સુખદુઃખાદિ હેતુઓ વડે ગ્રહણ થાય છે કે "આત્મા છે"

---

**व्याख्या–एवमेव यथा धातुवादादिभिर्द्रव्यादि 'इह' अस्मिँल्लोके 'आत्मा' जीवः 'प्रत्यक्ष'मिति तृतीयार्थे द्वितीया प्रत्यक्षेण 'अनुपलभ्यमानोऽपि' अदृश्यमानोऽपि 'सुखदुःखादिभिः' आदिशब्दात् संसारपरिग्रहो गृह्यते 'हेतुभिः' युक्तिभिः 'अस्ति' विद्यत इति-एवं गृह्यते, तथाहि-सुखदुःखानां धर्मत्वाद्धर्मस्य चावश्यमनुरूपेण धर्मिणा भवितव्यं, न च भूतसमुदायमात्र एव देहोऽस्यानुरूपो धर्म्मी, तस्याचेतनत्वात् सुखादीनां च चेतनत्वादिति, अत्र बहु वक्तव्यमिति गाथार्थः ॥**

---

ટીકાર્થ : જેમ ધાતુવાદાદિ ઉપાયો વડે દ્રવ્યાદિ પ્રાપ્ત થાય છે, તેમ આ લોકમાં

પ્રત્યક્ષથી નહિ દેખાતો એવો પણ આત્મા સુખ,દુઃખાદિ યુક્તિઓ વડે ગ્રહણ કરાય છે. અર્થાત્ "આત્મા છે" એ પ્રમાણે આત્માના અસ્તિત્વનું ગ્રહણ થાય છે.

● ગાથામાં **प्रत्यक्षम्** લખેલ છે, એમાં બીજીવિભક્તિ ત્રીજીવિભક્તિનાં અર્થમાં છે. એટલે **प्रत्यक्षेण** એ પ્રમાણે અર્થ લેવો.

● **सुखदुःखादिभिः**માં જે **आदि** શબ્દ છે, તેનાથી **संसार** નો પરિગ્રહ કરવો.

(પ્રશ્ન : સુખાદિ વડે આત્માની સિદ્ધિ થાય, એમ કહ્યું પણ એ સ્પષ્ટ રીતે સમજાયું નહિ.)

ઉત્તર : સુખ, દુઃખ એ ધર્મ છે. અને ધર્મને અનુરૂપ એવો ધર્મી અવશ્ય હોય જ. કેમકે ધર્મ ધર્મી વિના રહેતો નથી.

(પ્રશ્ન : સુખાદિ ધર્મનાં ધર્મી તરીકે શરીર જ માની લઈએ તો ? આત્મા માનવાની શી જરૂર ?)

ઉત્તર : શરીર તો પૃથ્વી, જલ, અગ્નિ વગેરે ભૂતનાં સમૂહ માત્રરૂપ જ છે. આવો દેહ સુખાદિ ધર્મોનો અનુરૂપ ધર્મી ન હોઈ શકે કેમકે દેહ અચેતન-જડ છે. જ્યારે સુખાદિ ચેતન છે. ચેતનાત્મક ધર્મોનો ધર્મી અચેતન શી રીતે હોઈ શકે ?

(રૂપાદિ ધર્મો સ્વયં જડ છે, એટલે એમનો ધર્મી ઘટાદિ જડપદાર્થો હોય એમાં કોઈ જ વાંધો નથી. પણ સુખાદિ તો ચેતનરૂપ છે. એટલે જ શરીરને એનો ધર્મી માનવો બરાબર નથી.)

આ વિષયમાં ઘણું કહેવાનું છે. (પણ વિસ્તારનાં ભયથી કહેતાં નથી.)

---

जह वऽस्साओ हत्थिं गामा नगरं तु पाउसा सरयं । ओदइयाउ उवसमं संकंती देवदत्तस्स ॥६४॥

---

**નિર્યુક્તિ-૬૪ ગાથાર્થ :** અથવા તો જે રીતે દેવદત્તની અશ્વમાંથી હાથીમાં, ગામમાંથી નગરમાં, પ્રાવૃટ્ કાલમાંથી શરદકાલમાં ઔદયિકભાવમાંથી ઔપશમિકભાવમાં સંક્રાન્તિ થાય છે.

---

**व्याख्या-'यथावे'ति प्रकारान्तरदर्शने 'अश्वात्' घोटकात् 'हस्तिनं' गजं ग्रामात् नगरं तु प्रावृषः शरदं प्रावृट्कालाच्छरत्कालमित्यर्थः, औदयिकाद् भावाद् 'उपशम'मित्यौपशमिकं 'संक्रान्तिः' संक्रमणं सङ्क्रान्तिः कस्य ? –देवदत्तस्य,**

प्रत्यक्षेणेति शेषः ॥

---

ટીકાર્થ : ગાથામાં રહેલા **वा** શબ્દ બીજા પ્રકારને દર્શાવવા માટે છે. (આત્મસિદ્ધિ માટે એક યુક્તિ છે જે ઉપર આપી જ દીધી છે. હવે બીજી યુક્તિ બતાવવી છે. એટલે એ દર્શાવવા જ **वा** શબ્દ મૂક્યો છે.)

જેમ દેવદત્તની ઘોડા ઉપરથી હાથી ઉપર સંક્રાન્તિ પ્રત્યક્ષથી દેખાય છે. ગામમાંથી નગરમાં સંક્રાન્તિ પ્રત્યક્ષથી જણાય છે. પ્રાવૃટ ઋતુમાંથી શરદમાં સંક્રાન્તિ પ્રત્યક્ષથી દેખાય છે. ઔદયિકભાવમાંથી (ક્રોધાદિમાંથી) ઔપશમિકભાવમાં (ક્ષમાઆદિમાં) સંક્રાન્તિ પ્રત્યક્ષથી જણાય છે.

**प्रत्यक्ष** શબ્દ ગાથામાં નથી, તે બહારથી સમજી લેવો.

---

एवं सउ जीवस्सवि दव्वाईसंकमं पडुच्चा उ। अत्थित्तं साहिज्जइ पच्चक्खेणं परोक्खंपि ॥६५॥

---

નિર્યુક્તિ- ૬૫ ગાથાર્થ : એ જ પ્રમાણે વિદ્યમાન જીવનું પણ દ્રવ્યાદિસંક્રમને આશ્રયીને અસ્તિત્વ સિદ્ધ કરાય છે. પ્રત્યક્ષ વડે પરોક્ષ પણ સાધી શકાય છે.

---

व्याख्या–'<u>एवं</u>' यथा देवदत्तस्य तथा, किम् ?–'<u>सतो</u>' विद्यमानस्य जीवस्यापि द्रव्यादिषु संक्रमः, आदिशब्दात् क्षेत्रकालभावपरिग्रहः, तं '<u>प्रतीत्य</u>' आश्रित्य '<u>अस्तित्वं</u>' विद्यमानत्वं '<u>साध्यते</u>' अवस्थाप्यते । आह-सतोऽस्तित्वसाधनमयुक्तम्, न, अव्युत्पन्नविप्रतिपन्नविषयत्वात् साधनस्य, '<u>प्रत्यक्षेण</u>' अश्वादिसंक्रमेण, सर्वथा साक्षात्परिच्छित्तिमङ्गीकृत्य '<u>परोक्षमपि</u>' अप्रत्यक्षमपि, अवग्रहादिस्वसंवेदनतो लेशतस्तु प्रत्यक्षमेवैतत्, एतदुक्तं भवति-यथा अश्वादिसङ्क्रान्तिर्न देवदत्ताख्यं धर्मिणमतिरिच्य वर्त्तते, एवमियमप्यौदारिकाद्वैक्रियेतिर्यग्लोकादूर्ध्वलोके परिमितवर्षायुष्क-पर्यायादपरिमितवर्षायुष्कपर्याये चारित्रभावादविरतभावे च सङ्क्रान्तिर्न जीवाख्यं धर्मिणमन्तरेणोपपद्यत इति वृद्धा व्याचक्षते । अन्ये तु द्वितीयगाथापश्चार्द्धं पाठान्तरतोऽन्यथा व्याचक्षते-तत्रायमभिसम्बन्धः, –'एवं तु इहं आये' त्यादिगाथयोपायत एवात्मास्तित्वमभिधायाधुनोपायत एव सुखदुःखादिभाव-सङ्गतिनिमित्तं नित्यानित्यैकान्तपक्षव्यवच्छेदेनात्मानं परिणामिनमभिधित्सुराह–'जह वऽस्साओ' गाथाव्याख्या पूर्ववत् ॥

ટીકાર્થ : જે રીતે ૬૪મી ગાથામાં બતાવ્યા પ્રમાણે વિદ્યમાન એવા જ દેવદત્તનું દ્રવ્ય-ક્ષેત્રાદિમાં સંક્રમણ થાય છે. એમ વિદ્યમાન એવા જીવનું પણ દ્રવ્યાદિમાં સંક્રમણ થાય છે. આદિશબ્દથી ક્ષેત્ર, કાળ, ભાવનો પરિગ્રહ કરવો. આ સંક્રમને આધારે જીવનું અસ્તિત્વ સિદ્ધ કરાય છે.

પ્રશ્ન : જો જીવ વિદ્યમાન જ છે, તો પછી એના અસ્તિત્વની સિદ્ધિ કરવી અયુક્ત છે. (કા.કે., સિદ્ધસાધન દોષ લાગે)

ઉત્તર : ના. અમે જીવને સત્ માનીએ છીએ. પણ જેઓ જીવ છે એ વાત જાણતાં નથી અથવા તો એની યુક્તિનાં જાણકાર નથી એમને જીવનું અસ્તિત્વ જણાવવા અનુમાન કરાય છે. તથા જે વિપ્રતિપન્ન છે, એટલે કે "જીવ છે જ નહિ" એવી ઉંધી માન્યતાવાળા છે, એમને માટે અનુમાન કરાય છે.

(સાધન એટલે અનુમાન.

'પર્વતમાં વહ્નિ છે' એવું જે જાણતો નથી. ધૂમથી વહ્નિ સિદ્ધ કરાય... આ બધી જેની પાસે આવડત નથી. એ અવ્યુત્પન્ન ગણાય.

"પર્વતમાં વહ્નિ છે જ નહિ" એવી માન્યતાવા ો જે હોય તે વિપ્રતિપન્ન ગણાય.

આપણે પર્વતમાં વહ્નિ છે એ જાણતાં હોઈએ તો પણ અવ્યુત્પન્ન કે વિપ્રતિપન્નને સમજાવવા માટે અનુમાન કરી શકાય છે.)

પ્રત્યક્ષ વડે - અશ્વાદિસંક્રમ વડે પરોક્ષ-અપ્રત્યક્ષ એવી પણ વસ્તુ ગ્રહણ કરાય છે. (અહીં અશ્વાદિસંક્રમ પ્રત્યક્ષ છે, આત્મા પરોક્ષ છે. અશ્વાદિસંક્રમ દ્વારા પરોક્ષ આત્માની સિદ્ધિ કરવાની છે.) ખ્યાલ રાખવો કે અહીં આત્માને પરોક્ષ કહ્યો છે, એ તો સર્વપ્રકારે સાક્ષાત્ બોધ આત્માનો થતો નથી, એ અપેક્ષાએ એને અપ્રત્યક્ષ કહ્યો છે. બાકી એ કંઈ સર્વથા અપ્રત્યક્ષ નથી. દરેક આત્માને પોતાનામાં અવગ્રહ-ઈહાદિ રૂપ જે જ્ઞાન થાય છે. એ એમનો પોતાનો ગુણ છે. અને એ ગુણ દ્વારા તેઓ પોતાના આત્માનું સંવેદન કરે જ છે. કેમકે ગુણ અને ગુણી અપેક્ષાએ અભિન્ન છે. આમ અવગ્રાહાદિ રૂપ સ્વયંના સંવેદનથી લેશથી તો આ આત્મતત્ત્વ પ્રત્યક્ષ જ છે.

કહેવાનો ભાવ એ છે કે

જેમ અશ્વમાંથી હાથીમાં સંક્રમણ કરવાની ક્રિયા દેવદત્ત નામના ધર્મી વિના થતી નથી. એમ આ ઔદારિકશરીરમાંથી વૈક્રિયમાં સંક્રમણ પામવાની ક્રિયા, તિર્યંચલોકમાંથી ઉર્ધ્વલોકમાં સંક્રમણ પામવાની ક્રિયા, પરિમિતવર્ષનાં આયુષ્યવાળા પર્યાયથી

અપરિમિતવર્ષનાં આયુષ્યવાળા પર્યાયમાં સંક્રમણ પામવાની ક્રિયા, ચારિત્રભાવમાંથી અવિરતપણાંમાં સંક્રમણ પામવાની ક્રિયા જીવ નામના ધર્મી વિના સંભવી શકતી નથી આ પ્રમાણે વૃદ્ધપુરુષો કહે છે.

પ્રસ્તુત ગાથા-૬૫નું ઉત્તરાર્ધ "**अत्थित्तं साहिज्जइ पच्चक्खेणं परोक्खंपि**" આ પ્રમાણે છે. હવે કેટલાંક લોકો આ ૬૪-૬૫ એમ જે બે ગાથા છે, તેમાં બીજી ગાથાનાં પશ્ચાર્ધનું પાઠાન્તર દ્વારા બીજી રીતે વ્યાખ્યાન કરે છે. તેમના મતે ૬૫મી ગાથાનો ઉત્તરાર્ધ આ પ્રમાણે છે કે **परिणामो साहिज्जइ पच्चक्खेणं परोक्खे वि** ॥ (એ ગાથા અહીં ૬૬મી ગાથા તરીકે દર્શાવવાના છે.)

હવે આ પાઠાન્તર પ્રમાણે શ્લોક લઈએ તો એમાં પૂર્વની ગાથાઓ થેનો એનો સંબંધ આ પ્રમાણે થશે કે **एवं** એ ૬૩મી ગાથા વડે ઉપાય દ્વારા જ આત્માનાં અસ્તિત્વને જણાવી દીધું. એ જણાવી દીધા બાદ ઉપાય દ્વારા જ સુખદુઃખાદિ પદાર્થોની સંગતિનાં નિમિત્તભૂત એવા પરિણામી આત્માને નિત્યાનિત્ય-એકાન્ત પક્ષના વ્યચ્છેદ વડે કહેવાની ઈચ્છાવાળા નિર્યુક્તિકાર **जह व अस्साओ** એ ૬૪મી ગાથા કહે છે. (આત્માને પરિણામી=કથંચિત્નિત્ય કથંચિત્અનિત્ય માનીએ તો જ સુખદુઃખાદિ પદાર્થો સંગત થાય. એકાન્તનિત્ય કે એકાન્તઅનિત્યવાદમાં સંગત ન થાય એ આપણે જોઈ જ ગયા છીએ. એટલે પરિણામી આત્મા સુખાદિ પદાર્થોની સંગતિનું નિમિત્ત છે અને એકાન્તવાદનાં ખંડન દ્વારા જ આ પરિણામીઆત્મા સિદ્ધ થાય છે.)

એ ગાથાની વ્યાખ્યા તો પૂર્વની જેમ જ સમજી લેવી. હવે ૬૫મી જે ગાથા કહી ગયા. તેની જગ્યાએ આ ૬૬મી ગાથા સમજવી.

---

एवं सउ जीवस्सवि दव्वाईसंकमं पडुच्चा उ । परिणामो साहिज्जइ पच्चक्खेणं परोक्खेवि ॥६६॥

---

**નિર્યુક્તિ-૬૬ ગાથાર્થ :** આ પ્રમાણે દ્રવ્યાદિસંક્રમને આશ્રયીને વિદ્યમાન એવા જીવનો પણ પરિણામ સિદ્ધ કરાય છે. પ્રત્યક્ષથી પરોક્ષમાં પણ અનુમાન કરી શકાય છે.

---

**व्याख्या-पूर्वार्द्धं पूर्ववत्, पश्चार्द्धभावना पुनरियम्-न ह्येकान्तनित्यानित्य-पक्षयोर्दृष्टाऽपि द्रव्यादिसङ्क्रान्तिर्देवदत्तस्य युज्यते इत्यतस्तद्भावान्यथानुपपत्त्यैव परिणामसिद्धेरिति, उक्तं च–"नार्थान्तरगमो यस्मात्, सर्वथैव न चागमः । परिणामः प्रमासिद्ध, इष्टश्च खलु पण्डितैः ॥१॥ घटमौलिसुवर्णार्थी, नाशोत्पादस्थितिष्वयम् ।**

शोकप्रमोदमाध्यस्थ्यं, जनो याति सहेतुकम् ॥२॥ पयोव्रतो न दध्यत्ति, न पयोऽत्ति दधिव्रतः । अगोरसव्रतो नोभे, तस्माद्वस्तु त्रयात्मकम् ॥३॥" इति गाथाद्वयार्थः ॥

---

ટીકાર્થ : આમાં પૂર્વાર્ધ તો પૂર્વની જેમજ સમજવો. પશ્ચાર્ધની ભાવના આ પ્રમાણે છે કે દેવદત્તની પ્રત્યક્ષથી દેખાતી એવી પણ દ્રવ્યાદિસંક્રાન્તિ એકાન્તનિત્યપક્ષમાં અને એકાન્તઅનિત્યપક્ષમાં ન સંભવે. આમ હોવાથી દ્રવ્યાદિસંક્રાન્તિરૂપ પદાર્થ આત્માને પરિણામી માન્યા વિના ઘટતો જ ન હોવાથી પરિણામની સિદ્ધિ થઈ જાય છે. (દેવદત્ત ઘોડા પરથી હાથી પર ચડે છે... એ બધું પ્રત્યક્ષ દેખાતું હોવાથી એ તો માનવું જ પડે. હવે એ પદાર્થ એકાન્તમતમાં ઘટતો નથી. પણ આત્માને પરિણામી માનીએ તો જ ઘટે છે. એટલે આ પ્રત્યક્ષ દેખાતાં પદાર્થને સંગત કરવા માટે આત્માને પરિણામવા ો માનવો જ પડે એ નિશ્ચિત હકીકત છે.)

કહ્યું છે કે

● "જે કારણથી સર્વથા અર્થાન્તરગમન નથી. (માટીમાંથી ઘટ બન્યો, ત્યારે ઘટ એ અર્થાન્તર કહેવાય. માટી સર્વપ્રકારે અર્થાન્તરગમન કરતી નથી. અર્થાત્ માટી સર્વથા નાશ પામી જાય છે એવું નથી.) તથા સર્વપ્રકારે આગમ નથી. (ઘટપર્યાય જે નવો આવે છે, તે તદ્દન નવો જ નથી આવતો. એમાં પૂર્વકાળનું કંઈક જુનું તત્ત્વ પણ છે જ.) પરિણામ પ્રમા વડે = સાચાજ્ઞાન વડે સિદ્ધ છે અને પંડિતોને પણ તે ઈષ્ટ છે.

(આશય એ છે કે પૂર્વપર્યાયનો સર્વથા વિનાશ નથી થતો પણ અપેક્ષાએ અવિનાશ પણ છે.

ઉત્તરપર્યાયની સર્વથા ઉત્પત્તિ નથી થતી. પણ અપેક્ષાએ અનુત્પત્તિ પણ છે. આમ કોઈક અપેક્ષાએ નિત્ય રહેવું અને કોઈક અપેક્ષાએ ઉત્પાદ-વિનાશ પામવું એ પરિણામી નિત્ય પદાર્થનું સ્વરૂપ છે.)

● ઘટ, મુકૂટ અને સુવર્ણની ઈચ્છાવાળો આ લોક ઘટનાશમાં, મુકૂટોત્પાદમાં અને સુવર્ણની સ્થિરતામાં હેતુપૂર્વકના શોક-પ્રમોદ અને માધ્યસ્થ્યને પામે છે.

(સોનીએ સુવર્ણઘટ ઓગાળીને સુવર્ણમુકૂટની રચના કરી. એમાં ઘટાર્થી છોકરી ઘટનાશ થવારૂપી હેતુનાં કારણે જ શોક પામે છે. મુકૂટાર્થી છોકરો મુકૂટોત્પત્તિ થવારૂપી હેતુનાં કારણે માધ્યસ્થ્યને પામે છે. ઘટાવસ્થામાં એ વસ્તુ ઘટ પણ છે અને સુવર્ણ પણ છે. પણ મુકૂટરૂપ નથી. મુકૂટાવસ્થામાં એ વસ્તુ મુકૂટ પણ છે. સુવર્ણ પણ છે. પણ ઘટ નથી... આનો અર્થ જ એ કે પૂર્વાવસ્થામાંથી માત્ર ઘટાંશનો જ નાશ થયો છે,

ઉત્તરાવસ્થામાં માત્ર મુકૂટની જ ઉત્પત્તિ થઈ છે. સુવર્ણનો નાશ કે સુવર્ણની ઉત્પત્તિ નથી થઈ. ઉભયાવસ્થામાં સુવર્ણ વિદ્યમાન જ છે.)

• દૂધ જ વાપરવાનાં વ્રતવાળો દધિ ન ખાય. દધિ જ ખાવાના વ્રતવાળો દૂધ ન ખાય. જ્યારે ગોરસભિન્ન જ વસ્તુ ખાવાનાં વ્રતવાળો તો બંને ન ખાય. માટે વસ્તુ ઉત્પાદ, વ્યય, સ્થિરતા એમ ત્રણ સ્વરૂપ છે."

(અહીં પણ દૂધમાંથી દહીં બને, ત્યારે દૂધ ભલે નાશ પામે, પણ ગોરસ નાશ નથી પામતો. કેમકે દધિ પણ ગોરસ જ છે, માટે જ તો અગોરસવ્રતવાળો દધિ નથી ખાતો. એમ દહીંની ભલે ઉત્પત્તિ થઈ, પણ ગોરસની ઉત્પત્તિ નથી થઈ. કેમકે પૂર્વકાળમાં ગોરસ છે જ...)

આમ બે ગાથાનો ૬૪ અને ૬૫ નાં સ્થાને ૬૬ એમ બે ગાથાનો અર્થ કહેવાઈ ગયો.

---

उक्तमुपायद्वारमधुना स्थापनाद्वारमभिधित्सुराह—

ठवणाकम्मं एक्कं दिट्ठंतो तत्थ पोंडरीअं तु । अहवाऽवि सन्नढक्कणहिंगुसिवकयं उदाहरणं ॥६७॥

---

ઉપાયદ્વાર કહેવાઈ ગયું.

હવે સ્થાપનાદ્વારને કહેવાની ઈચ્છાવાળા કહે છે કે

નિર્યુક્તિ- ૬૭ ગાથાર્થ સ્થાપનાકર્મ એક છે. તેમાં દૃષ્ટાન્ત પુંડરીક છે. અથવા સ્થંડિલ જે ઢાંકતા હિંગુશિવથી બનેલું દૃષ્ટાન્ત છે.

---

**व्याख्या-स्थाप्यते इति स्थापना तया तस्यास्तस्यां वा कर्म-सम्यगभीष्टार्थप्ररूपणलक्षणा क्रिया स्थापनाकर्म, 'एक'मिति तज्जात्यपेक्षया 'दृष्टान्तो' निदर्शनं 'तत्र' स्थापनाकर्मणि 'पौण्डरीकं तु' तुशब्दात्तथाभूतमन्यच्च, तथा च पौण्डरीकाध्ययने पौण्डरीकं प्ररूप्य प्रक्रिययैवान्यमतनिरासेन स्वमतं स्थापितमिति, अथवेत्यादि पश्चार्द्धं सुगमम्, लौकिकं चेदमिति गाथाक्षरार्थः ॥ भावार्थस्तु कथानकादवसेयः, तच्चेदम्-जहा एगम्मि णगरे एगो मालायारो सण्णाइओ करंडे पुप्फे घेत्तूण वीहीए एइ, सो अईव अच्चइओ, ताहे तेण सिग्घं वोसिरिऊणं सा पुप्फपिडिगा तस्सेव उवरि पल्हत्थिया, ताहे लोओ पुच्छइ-किमेयंति ?, जेणित्थ पुप्फाणि छड्डेसित्ति, ताहे सो भणइ-अहं आलोविओ, एत्थ हिंगुसिवो नामं, एतं तं वाणमंतरं हिंगुसिवं नाम**

उप्पन्नं, लोएण परिग्गहियं, पूया से जाया, खाइगयं अज्जवि तं पाडलिपुत्ते हिंगुसिवं नाम वाणमंतरं । एवं जइ किंचि उड्डाहं पावयणीयं कयं होज्जा केणवि पमाएण ताहे तहा पच्छाएयव्वं जहा पच्चुण्णं पवयणुब्भावणा हवइ । "संजाए उड्डाहे जह गिरिसिद्धेहिं कुसलबुद्धीहिं । लोयस्स धम्मसद्धा पवयणवण्णेण सुट्ठु कया ॥१॥" एवं तावच्चरणकरणानुयोगं लोकं चाधिकृत्य स्थापनाकर्म प्रतिपादितम्,

---

ટીકાર્થ : જે સ્થપાય તે સ્થાપના. તે સ્થાપના વડે, સ્થાપનાનું કે સ્થાપનામાં કર્મ તે સ્થાપનાકર્મ. અહીં કર્મ એટલે સમ્યગ્રીતે ઈષ્ટ પદાર્થની પ્રરૂપણા કરવા રૂપ ક્રિયા !

આ સ્થાપનાકર્મ સ્થાપનાકર્મત્વ નામની જાતિની અપેક્ષાએ એક છે.

સ્થાપનાકર્મમાં પૌંડરીક દૃષ્ટાન્ત છે. तु શબ્દથી સમજી લેવું કે તેવા પ્રકારનું બીજું પણ જે હોય તે દૃષ્ટાન્ત તરીકે લેવું.

એજ વાત કરે છે કે પૌંડરીક નામના અધ્યયનમાં પૌંડરીકની પ્રરૂપણા કરીને પ્રક્રિયા વડે જ અન્યમતનું ખંડન કરવા દ્વારા સ્વમત સ્થાપિત કરાયેલો છે.

**अथवाऽपि** કરીને પશ્ચાર્ધ કહ્યું છે તે સુગમ છે. આ લૌકિક સ્થાપનાકર્મ સમજવું.

(**प्रक्रिययैव** શબ્દનો ભાવ એ છે પૌંડરીકનું વર્ણન જ એ રીતે કરેલ છે કે એમાં જ અન્યમતનો નિરાસ થઈ જાય. અન્યમતનો નિરાસ કરવા માટે સ્વતંત્ર નિરૂપણની જરૂર ન પડે... અહીં પૌંડરીકની સ્થાપના વડે ઈષ્ટઅર્થની પ્રરૂપણા કરાય છે. એટલે તે સ્થાપનાકર્મ બને.)

ભાવાર્થ તો કથાનકથી જાણવો.

તે કથાનક આ પ્રમાણે છે.

એક નગરમાં એક માળી સ્થંડિલની શંકાવાળો છતો જ કરંડીયામાં પુષ્પોને ગ્રહણ કરીને માર્ગમાં આગળ વધે છે. તે સ્થંડિલની શંકાથી અત્યંતવ્યથિત થયો. ત્યારે તેણે ઝડપથી ત્યાં જ સ્થંડિલ વોસિરાવીને તે પુષ્પનો કરંડીયો વિષ્ટાની ઉપર ખાલી કરી દીધો. ત્યારે લોકો પૂછે છે કે "આ શું છે ? કે જેથી અહીં તું પુષ્પોને છાંડે છે." ત્યારે તે કહે છે કે "મને દેવતાએ દર્શન આપ્યા છે. અહીં હંગુશિવ છે." આ રીતે ત્યાં હિંગુશિવ નામનું વ્યંતરસંબંધી સ્થાન ઉત્પન્ન થયું. લોકોએ પણ એને સ્વીકારી લીધું. તેની પૂજા થઈ. ચારેબાજુ ખ્યાતિને પામ્યું. આજે પણ પાટલિપુત્રનગરમાં તે હિંગુશિવ નામનું વાણવ્યંતરનું સ્થાન છે.

(અહીં એ માળીએ તો ભરરસ્તામાં સ્થંડિલ કરી દેવારૂપ પોતાની ભૂલને એવી રીતે સુધારી કે જેથી ત્યાં પ્રસિદ્ધ મંદિર જ તૈયાર થઈ ગયું. એમ કોઈપણ પ્રમાદ વડે જો કોઈક પ્રવચનસંબંધી ઉફ્ફાહ કરાયેલો હોય તો એવી રીતે એને ઢાંકી દેવું કે જેથી હીલનાને બદલે ઉલટી શાસન-પ્રભાવના થાય.

એજ વાત કરે છે કે શાસનનો ઉફ્ફાહ થાય તો જેમ કુશલબુદ્ધિવાળા ગિરિસિદ્ધ વડે પ્રવચનનો વર્ણવાદ, પ્રશંસા ફેલાવવા દ્વારા ખૂબ સારી રીતે લોકની ધર્મશ્રદ્ધા કરી. (તેમ કરવું)

(ગિરિસિદ્ધનું દૃષ્ટાન્ત ખ્યાલમાં નથી. ગીતાર્થો પાસેથી જાણી લેવું.)

આમ ચરણકરણાનુયોગ અને લોકને આશ્રયીને સ્થાપનાકર્મ દર્શાવી દીધું. (શાસનહીલનાનું જે કાર્ય થયું. તેને જ આશ્રયીને શાસન પ્રભાવના કરી. એટલે સ્થાપના વડે ઈષ્ટઅર્થની પ્રરૂપણા થઈ. અર્થાત્ સ્થાપનાકર્મ થયું...)

---

**अधुना द्रव्यानुयोगमधिकृत्योपदर्शयन्नाह –**

सव्वभिचारं हेतुं सहसा वोत्तुं तमेव अन्नेहिं । उववूहइ सप्पसरं सामत्थं चऽप्पणो नाउं ॥६८॥

---

હવે દ્રવ્યાનુયોગને આશ્રયીને સ્થાપનાકર્મ દેખાડતા કહે છે કે

નિર્યુક્તિ-૬૮ ગાથાર્થ વ્યભિચારવાળા હેતુને અચાનક કહી દીધા બાદ પોતાનું સામર્થ્ય જાણીને બીજા હેતુઓ વડે તેને અનેક પ્રકારે પ્રસારતો સાધુ તે ખોટા હેતુની ઉપબૃંહણા કરે.

---

**व्याख्या–सह व्यभिचारेण वर्त्तत इति सव्यभिचारस्तं 'हेतुं' साध्यधर्मान्वयादिलक्षणं 'सहसा' तत्क्षणमेव 'वोत्तुं' अभिधाय 'तमेव' हेतुम् 'अन्यैः' हेतुभिरेव 'उपबृंहते' समर्थयति 'सप्रसरम्' अनेकधा स्फारयन् 'सामर्थ्यं' प्रज्ञाबलम्, चशब्दो भिन्नक्रमः 'आत्मनश्च' स्वस्य च 'ज्ञात्वा' विज्ञाय, चशब्दात्परस्य चेति गाथार्थः ॥ भावार्थस्त्वयम्-द्रव्यास्तिकाद्यनेकनयसङ्कुलप्रवचनज्ञेन साधुना तत्स्थापनाय नयान्तरमतापेक्षया सव्यभिचारं हेतुमभिधाय प्रतिपक्षनयमतानुसारतः तथा समर्थनीयः यथा सम्यगनेकान्तवादप्रतिपत्तिर्भवतीति । आह-उदाहरणभेदस्थापनाधिकारचिन्तायां सव्यभिचारहेत्वभिधानं किमर्थमिति ?, उच्यते, तदाश्रयेण भूयसामुदाहरणानां प्रवृत्तेः, तदन्वितं चोदाहरणमपि प्राय इति ज्ञापनार्थम्, अलं प्रसङ्गेन । अभिहितं**

स्थापनाकर्मद्वारम्,

**टीકાર્થ :** વ્યભિચારવાળો જે હેતુ હોય તે સવ્યભિચાર હેતુ કહેવાય. હેતુ એટલે સાધ્યધર્મના અન્વયાદિ લક્ષણવાળો પદાર્થ. (જોકે વ્યભિચારવાળો છે, એટલે સાચોહેતુ નહિ બને... અહીં તો માત્ર હેતુ શબ્દની વ્યાખ્યા બતાવવાની છે, એટલે હેતુનું વાસ્તવિક લક્ષણ દર્શાવ્યું છે.)

વ્યભિચારવાળો હેતુ તે જ ક્ષણે કહીને તે જ ખોટા હેતુને બીજા હેતુઓ વડે અનેક પ્રકારે વિસ્તારતો પુષ્ટ કરતો સાધુ તે ખોટા હેતુની ઉપબૃંહણા કરે. પણ આ કામ પોતાનું પ્રજ્ઞાબલ અને સામેવાળાનું પ્રજ્ઞાબલ જાણીને જ કરે. (પોતાનું પ્રજ્ઞાબલ એવું હોય કે પોતે ખોટા પણ હેતુને સાચો સાબિત કરી શકે અને પૂર્વપક્ષનું પ્રજ્ઞાબલ એવું હોય કે એ આપણી યુક્તિઓને તોડી ન શકે તો જ એ સાધુએ આ ખોટા હેતુને બીજા હેતુઓ વડે પુષ્ટ કરવાનું કામ કરવું. નહિ તો તો જો પૂર્વપક્ષ બળવાન હોય તો આ ખોટાહેતુને સખત રીતે તોડી નાંખે. લોકમાં આ સાધુ મૃષાવાદી તરીકે સાબિત થાય.. એ મોટું પાપ લાગે. શાસનહીલના ભયંકર થાય.)

ગાથામાં રહેલા **च** શબ્દથી **परस्य च** લેવાનું છે.

ભાવાર્થ આ પ્રમાણે છે.

દ્રવ્યાસ્તિકાય વગેરે અનેક નયોથી ભરેલા એવા પ્રવચનને જાણનારા સાધુએ એ પ્રવચનની સ્થાપના કરવા માટે બીજા નયનાં મતની અપેક્ષાએ વ્યભિચારવાળા એવા હેતુને કહીને પછી પ્રતિપક્ષનયમતનાં અનુસારે તેવી રીતે એ હેતુનું સમર્થન કરવું કે જેથી શ્રોતાને સમ્યગ્ રીતે અનેકાન્તવાદની પ્રતિપત્તિ થાય.

(આ પદાર્થ સ્પષ્ટ કરીએ. જ્ઞાનનયવાદી શ્રોતાઓ હોય, તેઓ જ્ઞાનને જ મુખ્ય ગણે, ક્રિયાને ન માને. હવે "મોક્ષનું કારણ ક્રિયા `," એ ક્રિયાવાદીનો મત છે. આ વાતને સિદ્ધ કરવા ક્રિયાનય અમુક હેતુઓ આપે જ છે. એ હેતુઓમાં જ્ઞાનનયની અપેક્ષાએ વ્યભિચાર આવતો હોય. પણ ક્રિયાનયની અપેક્ષાએ વ્યભિચાર આવતો નથી.

હવે જ્ઞાનનયની અપેક્ષાએ જે હેતુ વ્યભિચારવાળો છે, ગીતાર્થ સાધુ એજ હેતુ જ્ઞાનવાદીઓની સામે રજુ કરે. જ્ઞાનવાદીઓ એ હેતુમાં વ્યભિચાર આપવા પ્રયત્ન કરે, પણ ગીતાર્થ સાધુ પ્રતિપક્ષનય- ક્રિયાનયને અનુસારે એ હેતુનું એવું જોરદાર સમર્થન કરે કે જ્ઞાનવાદીઓએ એ વાત માનવી જ પડે કે "મોક્ષ માટે ક્રિયા પણ અત્યંત જરૂરી છે."

હવે જ્ઞાનવાદીઓ મોક્ષ માટે જ્ઞાનને તો અત્યંત જરૂરી માનતા જ હતા. તેઓ હવે

ક્રિયાને પણ જરૂરી માનવા લાગ્યા. આમ તેઓની માન્યતા આ પ્રમાણે થઈ કે "જ્ઞાન અને ક્રિયા બન્નેની મોક્ષ માટે જરૂર છે."

આ માન્યતા જ અનેકાન્તવાદની પ્રતિપત્તિ છે ને ? અનેકાન્તવાદ એ જ માને છે કે માત્ર જ્ઞાન કે માત્ર ક્રિયા વડે મોક્ષ નથી. પણ બંને ભેગા થાય તો જ મોક્ષ થાય.)

પ્રશ્ન : અત્યારે ઉદાહરણનાં ભેદરૂપ જે સ્થાપનાકર્મ છે, તેના અધિકારની વિચારણા ચાલે છે, એમાં તમે વ્યભિચારવાળા હેતુનું કથન શા માટે કર્યું ?

ઉત્તર : હેતુનાં આધારે ઘણાં બધા દષ્ટાન્તો પ્રવર્તતા હોય છે, એટલે દષ્ટાન્ત માટે હેતુ મુખ્ય છે. એટલે દષ્ટાન્તનો અધિકાર ચાલતો હોવા છતાં વચ્ચે હેતુનું કથન કરેલ છે. વળી "ઉદાહરણ પણ પ્રાયઃ હેતુથી અન્વિત હોય છે." એ જણાવવા માટે અહીં ઉદાહરણનો અધિકાર ચાલતો હોવા છતાં હેતુનું કથન કરેલ છે.

અહીં વિસ્તાર વડે સર્યું. સ્થાપનાકર્મદ્વાર કહેવાઈ ગયું.

(અહીં પણ એક ખોટોહેતુ સ્થાપિત કરીને પછી તેના આધારે ઈષ્ટ અર્થની પ્રરૂપણા કરી છે. માટે સ્થાપનાકર્મ ગણાય.)

---

**अधुना प्रत्युत्पन्नविनाशद्वारमभिधातुकाम आह –**

हौंति पडुप्पन्नविणासणंमि गंधव्विया उदाहरणं । सीसोऽवि कत्थवि जइ अज्झोवज्जिज्ज तो गुरुणा ॥६९॥

---

હવે પ્રત્યુત્પન્ન વિનાશદ્વારને કહેવાની ઈચ્છાવાળા કહે છે કે

નિર્યુક્તિ-૬૯ ગાથાર્થ : પ્રત્યુત્પન્નવિનાશમાં ગાંધર્વિકો ઉદાહરણ છે. જો શિષ્ય પણ ક્યાંક અધ્યુપપન્ન થાય તો ગુરુએ (સમ્યક્રીતે હિતશિક્ષા આપવી)

---

**व्याख्या–भवन्ति प्रत्युत्पन्नविनाशने विचार्ये गान्धर्विका उदाहरणं लौकिकमिति । तत्र प्रत्युत्पन्नस्य वस्तुनो विनाशनं प्रत्युत्पन्नविनाशनं तस्मिन्निति समासः । गान्धर्विका उदाहरणमिति यदुक्तं तदिदम्-जहा एगम्मि णगरे एगो वाणियओ, तस्स बहुयाओ भयणीओ भाइणिज्जा भाउज्जायाओ य, तस्स घरसमीवे राउलिया गंधव्विया संगीयं करेंति दिवसस्स तिन्नि वारे, ताओ वणियमहिलाओ तेण संगीयसद्देण तेसु गंधव्विएसु अज्झोववन्नाओ किंचि कम्मादाणं न करेंति, पच्छा तेण वाणियएण चिंतियं-जहा विणट्ठा एयाओत्ति, को उवाओ होज्जा ? जहा न विणस्संतितित्तिकाउं मित्तस्स कहियं, तेण भण्णइ-अप्पणो घरसमीवे वाणमंतरं करावेहि, तेण कयं, ताहे पाडहियाणं रूवए दाउं**

वायावेइ, जाहे गंधव्विया संगीययं आढवेंति ताहे ते पाडहिया पडहे दिंति वंसादिणो य फुसंति गायंति य, ताहे तेसिं गंधव्वियाणं विग्घो जाओ, पडहसद्देण य ण सुव्वइ गीयसद्दो, तओ ते राउले उवट्ठिया, वाणिओ सद्दाविओ, किं विग्घं करेसित्ति? भणइ-मम घरे देवो, अहं तस्स तिन्नि वेला पडहे दवावेमि, ताहे ते भणिया-जहा अन्नत्थ गायह, किं देवस्स दिवे दिवे अंतराइयं कज्जइ ?। एवं आयरिएणवि सीसेसु अगारीसु अज्झोववज्जमाणेसु तारिसो उवाओ कायव्वो जहा तेसिं दोसस्स तस्स णिवारणा हवइ, मा ते चिंतादिएहिं णरयपडणादिए अवाए पावेहिंति, उक्तं च–'चिंतेइ दट्ठुमिच्छइ दीहं णीससइ तह जरो दाहो । भत्तारोयग मुच्छा उम्मत्तो ण याणई मरणं ॥१॥ पढमे सोयई वेगे दट्ठुं तं गच्छई बिइयवेगे । णीससइ तइयवेगे आरुहइ जरो चउत्थंमि ॥२॥ डज्झइ पंचमवेगे छट्ठे भत्तं न रोयए वेगे । सत्तमियंमि य मुच्छा अट्ठमए होइ उम्मत्तो ॥३॥ णवमे ण याणइ किंचि दसमे पाणेहिं मुच्चइ मणूसो । एएसिमवायाणं सीसे रक्खंति आयरिया ॥४॥ परलोइया अवाया भग्गपइण्णा पडंति नरएसु । ण लहंति पुणो बोहिं हिंडंति य भवसमुद्दंमि ॥५॥" अमुमेवार्थं चेतस्यारोप्याह –'शिष्योऽपि' विनेयोऽपि 'क्वचित्' विलयादौ 'यदी' त्यभ्युपगमदर्शने 'अभ्युपपद्येत' अभिष्वङ्गं कुर्यादित्यर्थः ततो 'गुरुणा' आचार्येण, किम् ?—गाथा–

---

ટીકાર્થ : પ્રત્યુત્પન્નવિનાશની વિચારણા ચાલે છે, તેમાં ગાંધર્વિકો (સંગીતકારો) ઉદાહરણ છે. આ લૌકિકઉદાહરણ સમજવું.

એમાં પ્રત્યુત્પન્ન એવી વસ્તુનો વિનાશ એ પ્રત્યુત્પન્નવિનાશ. તેમાં...... આ પ્રમાણે સમાસ છે. "એમાં ગાંધર્વિકો ઉદાહરણ છે." એમ જે કહ્યું, તે દૃષ્ટાન્ત આ છે –

એક નગરમાં એક વાણિયો હતો. તેને ઘણી બહેનો, ભાણીઓ, ભાભીઓ હતી. તેના ઘરની નજીકમાં રાજકુલના સંગીતકારો દિવસમાં ત્રણ વાર સંગીત વગાડે છે. તે વાણિયાની સ્ત્રીઓ સંગીતના તે શબ્દ વડે તે સંગીતકારોમાં આસક્ત બની ગઈ, કંઈપણ કર્માદાન, ઘરના કાર્યો કરતી નથી.

પછી એ વણિકે વિચાર્યું કે "આ બધી સ્ત્રીઓ તો વિનષ્ટ થઈ ગઈ. એવો કયો ઉપાય કરું ? કે જેથી તેઓ નાશ ન પામે." એમ વિચારી મિત્રને વાત કરી. મિત્ર કહે કે "તારા પોતાના ઘરની પાસે એક વ્યંતરનું મંદિર કરાવી દે." તેણે કરાવી દીધું. પછી પડહ વગાડનારાઓને રૂપિયા આપીને પડહ વગાવડાવે છે. જ્યારે ગાંધર્વિકો સંગીતનો પ્રારંભ કરે ત્યારે પડહ વગાડનારાઓ પડહ વગાડે, વાંસડાઓને સ્પર્શે અને ગાય. ત્યારે

તે ગાંધર્વિકોને વિઘ્ન થયું. પડહના શબ્દથી સંગીતનો શબ્દ સંભળાતો નથી. તેથી તેઓ રાજકુલમાં ઉપસ્થિત થયા (અને ફરિયાદ કરી) રાજકુલમાં વાણિયાને બોલાવાયો. "તું કેમ આ સંગીતકારોને વિઘ્ન કરે છે ?" એમ પૃચ્છા થઈ. વણિક કહે કે "મારા ઘરે દેવ છે. હું તેને ત્રણવાર પડહ અપાવડાવું છે." ત્યારે રાજાએ સંગીતકારોને કહ્યું કે તમે અન્યસ્થાને ગાઓ. રોજેરોજ દેવને અંતરાય શું કરાતો હશે ? (તાત્કાલિક ઉત્પન્ન થયેલ ઉપદ્રવનો વિનાશ કર્યો... એટલે પ્રત્યુત્પન્નવિનાશ છે.)

એમ શિષ્યો જયારે સ્ત્રીઓમાં રાગી થાય ત્યારે આચાર્યે તેવો ઉપાય કરવો કે જેથી શિષ્યોના દોષનું (પ્રત્યુત્પન્નનું) નિવારણ થાય. તે શિષ્યો સ્ત્રીનાં ચિંતનાદિ દ્વારા નરકપતનાદિ વિપાકોને ન પામો એ માટે આ જરૂરી છે. કહ્યું છે કે (૧) પુરુષ સ્ત્રીને વિચારે છે (૨) જોવાને ઈચ્છે છે. (૩) દીર્ઘ નિઃસાસા નાંખે છે (૪) તાવ આવે (૫) દાહ થાય. (૬) ભોજનમાં અરુચિ થાય. (૭) મૂર્ચ્છા પામે. (૮) ઉન્મત્ત બને. (૯) શૂન્ય બને (૧૦) પ્રાણોથી મુક્ત બને.

(આ જ વાતને સ્પષ્ટ કરે છે કે) (૧) પહેલા કામવેગમાં પુરુષ શોક કરે. (૨) બીજા વેગમાં સ્ત્રીને જોવા માટે જાય. (૩) ત્રીજા વેગમાં નીસાસા નાંખે (૪) ચોથા વેગમાં પુરુષ ઉપર જવર-તાવ ચડી જાય. (૫) પાંચમા વેગમાં તે દાહ પામે. (૬) છટ્ઠાવેગમાં તેને ભોજનમાં રુચિ ન થાય. (૭) સાતમા વેગમાં મૂર્છા થાય. (૮) આઠમાં વેગમાં ઉન્મત્ત થાય. (૯) નવમા વેગમાં કંઈપણ જાણે નહિ. (અર્થાત્ શૂન્યમનસ્ક થાય.) (૧૦) દશમા વેગમાં મનુષ્ય પ્રાણોથી યુક્ત બને. આચાર્ય શિષ્યોને આ બધા અપાયોથી રક્ષે. (આ બધા આલૌકિક અપાયો દર્શાવ્યા. હવે) પારલૌકિક અપાયો આ પ્રમાણે છે કે ભ્રષ્ટપ્રતિજ્ઞાવાળાઓ નરકમાં પડે છે. ફરીથી બોધિ પામતા નથી. સંસાર સમુદ્રમાં ફરે છે.

આ જ અર્થને મનમાં આરોપણ કરીને કહે છે કે જે શિષ્ય પણ સ્ત્રી વગેરેમાં આસક્તિ કરે તો પછી આચાર્યે (એને ઉપાય વડે અટકાવવો એ હવેથી ૭૦મી ગાથા સાથે જોડવાનું છે.)

**यदि** શબ્દ અભ્યુપગમને દેખાડવા માટે છે. અર્થાત્ "સાધુને પણ આવું થઈ શકે છે" એ વાતનો અત્રે સ્વીકાર કરેલો છે.

---

वारेयव्वु उवाएण जइवा वाऊलिओ वदेज्जाहि । सव्वेऽवि नत्थि भावा किं पुण जीवो स वोत्तव्वो ॥७०॥

---

નિર્યુક્તિ-૭૦ ગાથાર્થ : ઉપાય વડે અટકાવવો. અથવા તો નાસ્તિક બોલે કે "બધાં પદાર્થો નથી. તો જીવની તો શી વાત કરવી ? તેને આ પ્રમાણે કહેવું.

---

व्याख्या–'वारयितव्यो' निषेद्धव्यः, किं यथाकथञ्चित् ? नेत्याह–'उपायेन' प्रवचनप्रतिपादितेन, यथाऽसौ सम्यग्वर्त्तत इति भावार्थः । एवं तावल्लौकिकं चरणकरणानुयोगं चाधिकृत्य व्याख्यातं प्रत्युत्पन्नविनाशद्वारम्, अधुना द्रव्यानुयोगमधिकृत्याह-यदिवा 'वातूलिको' नास्तिको वदेत्, किं ? -'सर्वेऽपि' घटपटादयः 'णत्थि'त्ति प्राकृतशैल्या न सन्ति 'भावाः' पदार्थाः किं पुनर्जीवः ?, सुतरां नास्तीत्यभिप्रायः, 'स वक्तव्यः' सोऽभिधातव्यः,

---

**ટીકાર્થ** : સ્ત્રીમાં રાગી થયેલા શિષ્યને નિષેધ કરવો/અટકાવવો.

**પ્રશ્ન** : શું ગમે તે રીતે નિષેધ કરે એ ચાલે ?

**ઉત્તર** : ના, શાસ્ત્રમાં બતાવેલા ઉપાય વડે એને સ્ત્રીરાગ કરવાનો નિષેધ કરવો કે જેથી એ સમ્યક્રીતે વર્તે.

આમ લૌકિક અને ચરણકરણાનુયોગને આશ્રયીને પ્રત્યુત્પન્નવિનાશ દ્વારનું વ્યાખ્યાન કરી દીધું.

હવે દ્રવ્યાનુયોગને આશ્રયીને કહે છે કે વાતૂલિક-નાસ્તિક એમ બોલે કે દુનિયમાં ઘટ-પટ વગેરે કોઈપણ પદાર્થો છે જ નહિ, તો પછી જીવની તો શી વાત કરવી ? એ તો સુતરાં નથી એ અભિપ્રાય છે.

**પ્રશ્ન** : **भावाः** બહુવચન છે, **न अस्ति** એકવચન છે. એ કેમ ઘટે ?

**ઉત્તર** : **न अस्ति** એ પ્રાકૃતશૈલીથી લખાયેલ છે. તેનો અર્થ **सन्ति** એ પ્રમાણે કરવો. (પ્રાકૃતમાં લિંગવચન વિ.નો વ્યત્યય થાય છે.)

નાસ્તિક ઉપરપ્રમાણે બોલે તો તેને ઉત્તર આપવો.

---

किमित्याह–

जं भणसि नत्थि भावा वयणमिणं अत्थि नत्थि ? जइ अत्थि । एव पइन्नाहाणी असओ णु निसेहए को णु ! ॥७१॥

---

શું ઉત્તર આપવો ?

એ હવે કહે છે કે

નિર્યુક્તિ-૭૧ ગાથાર્થ : તું જે બોલે છે કે "પદાર્થો નથી" તો આ વચન છે કે નહિ ? જો છે. તો આ પ્રમાણે તમારી પ્રતિજ્ઞાની હાનિ થાય. અને અસત્ એવો તો કોણ નિષેધક બને ?

---

**व्याख्या–'यद्भणसि' यद्ब्रवीषि 'न सन्ति भावा' न विद्यन्ते पदार्था इति, 'वचनमिदं' भावप्रतिषेधकमस्ति नास्तीति विकल्पौ ?, किं चातो ?, यद्यस्ति एवं प्रतिज्ञाहानिः, प्रतिषेधवचनस्यापि भावत्वात्, तस्य च सत्त्वादिति भावार्थः, द्वितीयं विकल्पमधिकृत्याह–'असओणु'त्ति अथासन्निषेधते को नु ?, निषेधवचनस्यैवासत्त्वादित्ययमभिप्राय इति गाथात्रयार्थः ॥**

---

ટીકાર્થ : હે નાસ્તિક ! તું જે વચન બોલે છે કે "પદાર્થો નથી" આ ભાવનું પ્રતિષેધક વચન છે કે નહિ ? એમ બે વિકલ્પ છે.

પ્રશ્ન : આનાથી તમારે શું કામ છે ?

ઉત્તર : જો સર્વભાવનિષેધક વચન છે. એમ કહો તો તમારી "કોઈપણ પદાર્થ નથી" એ પ્રતિજ્ઞાની હાનિ થાય. કેમકે પ્રતિષેધકવચન પણ ભાવરૂપ છે અને એને તો તમે સત્ માનો છો. આ પ્રમાણે ભાવાર્થ છે.

જો નાસ્તિક એમ કહે કે "સર્વભાવનિષેધક વચન પણ નથી" તો આ એણે બીજો વિકલ્પ પકડ્યો. એ બીજા વિકલ્પને આશ્રયીને ઉત્તર આપે છે કે જો એ વચન જ અસત્ છે, તો પછી સર્વભાવનો નિષેધ કરનાર કોણ બનશે ? કેમકે નિષેધવચન જ અસત્ છે. આ અભિપ્રાય છે.

આમ પ્રત્યુત્પન્નવિનાશનું પ્રતિપાદન કરનાર ૬૯-૭૦-૭૧ એ ત્રણેય ગાથાનો અર્થ થઈ ગયો.

---

**यदुक्तम्–'किं पुनर्जीवः' इत्यत्रापि प्रत्युत्पन्नविनाशमधिकृत्याह –**

**णो य विवक्खापुव्वो सद्दोऽजीवुब्भवोत्ति न य सावि । जमजीवस्स उ सिद्धो पडिसेहधणीओ तो जीवो ॥७२॥**

---

૭૦મી નિર્યુક્તિગાથામાં પૂર્વપક્ષે જે પ્રશ્ન ઉભો કરેલો કે ''પદાર્થો જ વિદ્યમાન નથી. તો પછી જીવની તો શી વાત કરવી? અર્થાત્ એ તો સુતરાં અસત્ છે." હવે આ કથનમાં પણ પ્રત્યુત્પન્નવિનાશને અનુસારે જવાબ આપે છે કે

નિર્યુક્તિ ૭૨ ગાથાર્થ : વિવક્ષાપૂર્વકનો શબ્દ અજીવથી ઉત્પન્ન થનારો ન હોય. અને

તે વિવક્ષા પણ અજીવને ન હોય. તેથી પ્રતિષેધનાં ધ્વનિથી જ જીવ સિદ્ધ થઈ જાય છે.

व्याख्या—चशब्दस्यैवकारार्थत्वेनावधारणार्थत्वात् 'न च' नैव 'विवक्षापूर्वो' विवक्षाकारणः इच्छाहेतुरित्यर्थः, 'शब्दो' ध्वनिः 'अजीवोद्भवः' अजीवप्रभव इत्यर्थः, विवक्षापूर्वकश्च जीवनिषेधकः शब्द इति, मा भूद्विवक्षाया एव जीवधर्मत्वासिद्धिरित्यत आह—'न च' नैव 'सापि' विवक्षा 'यद्' यस्मात् कारणाद् 'अजीवस्य तु' अजीवस्यैव, घटादिष्वदर्शनात्, किन्तु मनस्त्वपरिणता( त्य )न्वितत्तत्द्रव्यसाचिव्यतो जीवस्यैव, यतश्चैवमतः 'सिद्धः' प्रतिष्ठितः 'प्रतिषेधध्वनेः' नास्ति जीव इति प्रतिषेधशब्दादेवेत्यर्थः, 'ततः' तस्मात् 'जीव' आत्मेति, अत्र बहु वक्तव्यं तत्तु नोच्यते ग्रन्थविस्तरभयादिति गाथार्थः ॥ व्याख्यातं प्रत्युत्पन्नविनाशद्वारं, तदन्वाख्यानाच्चोदाहरणमिति मूलद्वारम्,

ટીકાર્થ : ગાથામાં રહેલો ( णो य ) च શબ્દ एव અર્થમાં હોવાથી અવધારણ અર્થમાં ગણવાનો છે. અને એટલે આ પ્રમાણે અર્થ થશે કે વિવક્ષા=કહેવાની ઈચ્છા એ છે કારણ જેનું એવો શબ્દ ક્યારેય અજીવથી ઉત્પન્ન થનારો ન જ હોય. (જૂનો અર્થ અહીં આવી ગયો.)

(બે પત્થર ટકરાય અને જે શબ્દ ઉત્પન્ન થાય એ શબ્દની પાછળ કોઈની વિવક્ષા નથી હોતી નથી. પત્થરો એમ નથી વિચારતાં કે "અમે કંઈક કહેવા માટે આ શબ્દને ઉત્પન્ન કરીએ" એ તો એની મેળે જ એ શબ્દ ઉત્પન્ન થાય છે. આવા શબ્દો વિવક્ષા વિના ઉત્પન્ન થયેલા છે. અને એ અજીવથી ઉત્પન્ન થયેલા પણ સંભવી શકે છે. પરંતુ "મારે અમુક વાત કરવી છે" આવી ઇચ્છા-વિવક્ષાપૂર્વક જે શબ્દ બોલાય છે, એ તો અજીવથી ઉત્પન્ન ન જ થાય, કેમકે અજીવને આવી ઈચ્છા, વિવક્ષા હોતી જ નથી.)

પ્રસ્તુતમાં "જીવ નથી" એ પ્રમાણેનો જીવનિષેધક શબ્દ વિવક્ષાપૂર્વક જ ઉત્પન્ન થયેલો છે. (નાસ્તિકની વિવક્ષા છે કે 'મારે જીવનો નિષેધ કરવો.' અને એ ઈચ્છાપૂર્વક આ શબ્દ ઉત્પન્ન થયેલો છે.)

(પ્રશ્ન : વિવક્ષાપૂર્વકનો શબ્દ અજીવજન્ય ન હોય એમ તમે કહ્યું. એનાથી પ્રસ્તુત જીવનિષેધક શબ્દ વિવક્ષાપૂર્વકનો હોવાથી તે અજીવજન્ય નથી એ સિદ્ધ થઈ જાય છે. પણ એટલા માત્રથી એવું તો સિદ્ધ ન જ થાય કે એ "જીવજન્ય છે." "જેમ વિવક્ષા અજીવમાં નથી, તેમ વિવક્ષા જીવમાં પણ નથી" એમ પણ માની શકાય છે.)

ઉત્તર : આ રીતે વિવક્ષાની જ જીવધર્મ તરીકે અસિદ્ધિ ન થઈ જાઓ એ માટે કહે

છે કે તે વિવક્ષા પણ અજીવને નથી જ. કેમકે ઘટાદિમાં વિવક્ષા દેખાતી નથી. પરંતુ મન તરીકેનાં પરિણામ-પરિણતિ-પર્યાયથી યુક્ત એવા મનોવર્ગણા દ્રવ્યની સહાયથી તે વિવક્ષા જીવને જ હોય છે.

(મનોવર્ગણાના પુદ્ગલો જયારે મન તરીકે પરિણમે, ત્યારે એ મનસ્ત્વની પરિણતિથી-પરિણામથી અન્વિત = યુક્ત બનેલા કહેવાય. એની સહાયથી જ જીવ વિવક્ષવાળો બની શકે છે.)

(ગાથામાં બે વાત કરી. (૧) વિવક્ષાપૂર્વક શબ્દ અજીવોદ્ભવ નથી. (૨) વિવક્ષા અજીવને ન જ હોય.)

આમ વિવક્ષાપૂર્વકનો શબ્દ અજીવજન્ય ન હોવાથી અને અજીવવિવક્ષાવાળો ન હોવાથી એ વાત નક્કી માનવી પડે કે વિવક્ષાપૂર્વકનો શબ્દ અજીવભિન્ન એવા વિવક્ષાવાન્ પદાર્થથી જન્ય છે. હવે પ્રસ્તુતમાં પ્રતિષેધવચન વિવક્ષાપૂર્વક છે. એટલે આ **नास्ति जीवः** એ શબ્દ દ્વારા જ વિવક્ષાવાન્ પદાર્થની એટલે કે અજીવભિન્ન-જીવની સિદ્ધિ થઈ જાય છે. આમ પ્રતિષેધવચનથી જ આત્મા પ્રતિષ્ઠિત થઈ ગયો.

આ વિષયમાં ઘણું કહેવાનું છે. પરંતુ ગ્રન્થનો વિસ્તાર થવાના ભયથી કહેતાં નથી. આમ પ્રત્યુત્પન્નવિનાશ દ્વારનું વ્યાખ્યાન થઈ ગયું. તેના વ્યાખ્યાન દ્વારા ઉદાહરણ નામનાં પ્રથમ મૂલદ્વારનું પણ વ્યાખ્યાન થઈ ગયું.

---

**अधुना तद्देशद्वारावयवार्थमभिधित्सुराह –**

आहरणं तद्देसे चउहा अणुसट्ठि तह उवालंभो । पुच्छा निस्सावयणं होइ सुभद्दाऽणुसट्ठीए ॥७३॥

---

હવે તદ્દેશ નામના બીજા મૂલદ્વારનાં અવયવાર્થને કહેવાની ઈચ્છાવાળા કહે છે કે

**નિર્યુક્તિ ૭૩ ગાથાર્થ** તદ્દેશ આહરણ ચાર પ્રકારે છે. (૧) અનુશાસ્તિ (૨) ઉપાલંભ (૩) પૃચ્છા (૪) નિશ્રાવચન. અનુશાસ્તિમાં સુભદ્રા છે.

---

**व्याख्या–उदाहरणमिति पूर्ववद्, उपलक्षणं चेदमत्र, तथा चाह–तस्य देशस्तद्देश उदाहरणदेश इत्यर्थः, अयं 'चतुर्द्धा' चतुष्प्रकारः, तदेव चतुष्प्रकारत्वमुपदर्शयति– अनुशासनमनुशास्तिः–सद्गुणोत्कीर्त्तनेनोपबृंहणमित्यर्थः, तथोपालम्भनमुपालम्भः- भङ्ग्यैव विचित्रं भणनमित्यर्थः, पुच्छा-प्रश्नः किं कथं केनेत्यादि, निश्रावचनम्-एकं कञ्चन निश्राभूतं कृत्वा या विचित्रोक्तिरसौ निश्रावचनमिति । तत्र भवति सुभद्रा नाम**

श्राविकोदाहरणम्, क्व ?-अनुशास्ताविति गाथाक्षरार्थः ॥

ટીકાર્થ : ગાથામાં રહેલો **आहरण** – ઉદાહરણ શબ્દ પૂર્વવત્ સમજી લેવો.

(પ્રશ્ન  આપણે તો અત્યારે **तद्देश** નામના ઉદાહરણનાં બીજા મૂલદ્વારની વાત કરવાની છે, એમાં પાછું **आहरण** પદનું ગ્રહણ કરવાની જરૂર શી છે ?)

ઉત્તર : આહરણ શબ્દ એ અહીં ઉપલક્ષણ છે. એટલે એના દ્વારા આહરણદેશ એમ આખું જ લેવાનું છે.

એટલે જ ગાથામાં પણ એ જ વાત કરે છે. **तद्देसे...** તેનો દેશ એટલે તદ્દેશ. એટલે કે ઉદાહરણનો દેશ.

આ ચાર પ્રકારે છે.

એ ચતુષ્પ્રકારતાને જ દેખાડે છે.

(૧) અનુશાસન એટલે અનુશાસ્તિ. વિદ્યમાનગુણોનાં ઉત્કીર્તન વડે ઉપબૃંહણા કરવી એ અર્થ છે.

(૨) ઉપાલંભન એટલે ઉપાલંભ. ભંગીથી જ વિચિત્ર કથન કરવું એ પ્રમાણે અર્થ છે.

(૩) પૃચ્છા એટલે પ્રશ્ન. શું ? કેવી રીતે ? કોના વડે ?... વગેરે.

(૪) નિશ્રાવચન. એ કોઈક એકને નિશ્રાભૂત કરીને જે વિચિત્ર વચનો કહેવા એ નિશ્રાવચન. (એકને ઉદ્દેશીને બધું બોલવાનું, પણ એના દ્વારા ખરેખર તો બધાં બીજાયને સંભળાવવાનું.)

એમાં અનુશાસ્તિમાં સુભદ્રા નામની શ્રાવિકા ઉદાહરણ

આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ કહેવાઈ ગયો.

**तत्थ अणुसट्ठीए सुभद्दा उदाहरणं-चंपाए णयरीए जिणदत्तस्स सुसावगस्स सुभद्दा नाम धूया, सा अईव रूववई सा य तच्चणियउवासएण दिट्ठा, सो ताए अज्झोववण्णो, तं मग्गई, सावगो भणइ-नाहं मिच्छादिट्ठिस्स धूयं देमि, पच्छा सो साहूणा समीवं गओ धम्मो य अणेण पुच्छिओ, कहिओ साहूहिं, ताहे कवडसावयधम्मं पगहिओ, तत्थ य से सब्भावेणं चेव उवगओ धम्मो, ताहे तेण साहूणं सब्भावो कहिओ, जहा मए कवडेणं दारियाए कए, णं णायं जहा कवडेणं कज्जहित्ति, अण्णमियाणिं देह मे अणुव्वयाइं, लोगे से पयासो सावओ जाओ, तओ काले गए वरया मालया पट्ठवेइ, ताहे तेण**

जिणदत्तेण सावओत्तिकाऊण सुभद्दा दिण्णा, पाणिग्गहणं वत्तं, अन्नया सो भणइ-दारियं घरं णेमि, ताहे तं सावओ भणइ-तं सव्वं उवासयकुलं, एसा तं णाणुवत्तिहिति, पच्छा छोभयं वा लभेज्जत्ति, णिब्बंधे विसज्जिया, णेऊण जुगयं घरं कयं, सासूणणंदाओ पउट्ठाओ भिक्खूण भत्तिं ण करेइत्ति, अन्नया ताहिं सुभद्दाए भत्तारस्स अक्खायं-एसा य सेअवडेहिं समं संसत्ता, सावओ ण सद्दहेइ, अन्नया खमगस्स भिक्खागयस्स अच्छिमि कणुओ पविट्ठो, सुभद्दाए जिब्भाए सो किणुओ फेडिओ, सुभद्दाए चीणपिट्ठेण तिलओ कओ, सो अ खमगस्स निलाडे लग्गो, उवासियाहिं सावयस्स दरिसिओ, सावएण पत्तीयं, ण तहा अणुयत्तइ, सुभद्दा चिंतेइ-किं अच्छेरयं ? जं अहं गिहत्थी छोभगं लभामि, जं पवयणस्स उड्डाहो एयं मे दुक्खइत्ति, सा रत्तिं काउस्सग्गेण ठिया, देवो आगओ, संदिसाहि किं करेमि ?, सा भणइ-एअं मे अयसं पमज्जाहित्ति, देवो भणइ-एवं हवउ, अहमेयस्स णगरस्स चत्तारि दाराइं ठवेहामि, घोसणयं च घोसेहामित्ति, जहा-जा पइव्वया होइ सा एयाणि दाराणि उग्घाडेहिति, तत्थ तुमं चेव एगा उग्घाडेसि ताणि य कवाडाणि, सयणस्स पच्चयनिमित्तं चालणीए उदगं छोढूण दरिसिज्जासि, तओ चालणी फुसियमवि ण गिलिहिति, एवं आसासेऊण णिग्गओ देवो, णयरदाराणि अणेण ठवियाणि, णायरजणो य अद्दण्णो, इओ य आगासे वाया होइ 'णागरजणा मा णिरत्थयं किलिस्सह, जा सीलवई चालणीए छूढं उदगं ण गिलति सा तेण उदगेण दारं अच्छोडेइ, तओ दारं उग्घाडिज्जिस्सति', तत्थ बहुयाओ सेट्ठिसत्थवाहादीणं धूयसुण्हाओ ण सक्कंति पलयंपि लहिउं, ताहे सुभद्दा सयणं आपुच्छइ, अविसज्जंताण य चालणीए उदयं छोढूण तेसिं पाडिहेरं दरिसेइ, तओ विसज्जिया, उवासिआओ एवं चिंतिउमाढत्ताओ-जहा एसा समणपडिलेहिया उग्घाडेहिति, ताए चालणीए उदयं छूढं, ण गिलइत्ति पिच्छित्ता विसन्नाओ, तओ महाजणेण सक्कारिज्जंती तं दारसमीवं गया, अरहंताणं नमो काऊण उदएण अच्छोडिया कवाडा, महया सद्देणं कोंकारवं करेमाणा तिन्नि वि गोपुरदारा उग्घाडिया, उत्तरदारं चालणिपाणिएणं अच्छोडेऊण भणइ–जा मया सरिसी सीलवई होहिति सा एयं दारं उग्घाडेहिति, तं अज्जवि ढक्कियं चेव अच्छइ, पच्छा णायरजणेण साहुकारो कओ–अहो महासइत्ति, अहो जयई धम्मोत्ति । एयं लोइयं, चरणकरणाणुओगं पुण पडुच्च वेयावच्चादिसु अणुसासियव्वा, उज्जुत्ता अणुज्जुत्ता य संठवेयव्वा जहा सीलवंताणं इह

लोए एरिसं फलमिति ।

---

તેમાં અનુશાસ્તિમાં સુભદ્રા દષ્ટાન્ત છે. તે આ પ્રમાણે ચંપા નગરીમાં સુશ્રાવક જિનદત્તને સુભદ્રા નામની દીકરી હતી. તે અત્યંત રૂપવતી હતી. બૌદ્ધનાં ઉપાસકે તેને જોઈ તે તેની ઉપર રાગી થયો. તેની માંગણી કરે છે. શ્રાવક કહે છે કે "હું મિથ્યાત્વીને મારી દીકરી નહિ આપું" પછી તે ઉપાસકસાધુઓની પાસે ગયો, ધર્મની પૃચ્છા કરી. સાધુઓએ એને ધર્મ કહ્યો. ત્યારે એણે કપટપૂર્વકનો શ્રાવકધર્મ સ્વીકાર્યો. (સુભદ્રાને મેળવવાનાં મલિન આશયથી જ એણે શ્રાવકધર્મ સ્વીકારેલો.) પણ ત્યાં તેને ખરેખર એ ધર્મ પરિણમ્યો. ત્યારે તેણે સાધુઓને સાચી વાત કહી કે મેં છોકરીને માટે કપટ વડે ધર્મ કર્યો. હવે ભાન થયું કે હું કપટથી કરતો હતો. (મારાથી એવું ન કરવું જોઈએ.) (અથવા તો હે સાધુઓ ! તમે એ જાણો કે હું કપટથી આ ધર્મ કરતો હતો.) તો હવે મને ફરી અણુવ્રત આપો."

એ પછી તે લોકમાં પ્રસિદ્ધ શ્રાવક થયો. ત્યારબાદ અમુક કાળ પસાર થયા પછી તે લગ્ન સંબંધી માળાઓ શ્રાવકને ત્યાં મોકલે છે. જિનદત્તે પણ એને જૈનશ્રાવક સમજીને દીકરી આપી. લગ્ન થયા. એકવાર તે કહે છે કે ''તમારી દીકરીને હું મારા ઘરે લઈ જાઉં" ત્યારે શ્રાવકપિતા કહે છે કે "તમારું આખું ઘર બૌદ્ધનું ઉપાસક ઘર છે. અને આ દીકરી તેમને અનુસરશે નહિ. (કેમકે એ જૈનશ્રાવિકા છે.) અને આવી પરિસ્થિતિમાં પાછળથી એ અપમાન પામે." (ઘરવાળા એને પરેશાન કરે જ, માટે હું નહિ મોકલું)

ઘણો આગ્રહ પતિએ કર્યો ત્યારે શ્રાવકે દીકરીને વળાવી. પતિ તો એને ત્યાં લઈ જઈ જુદું ઘર કર્યું. "આ સુભદ્રા ૌદ્ધભિક્ષુઓની ભક્તિ કરતી નથી" એટલે સાસુ અને નણંદ એના ઉપર ગુસ્સે ભરાયા. એકવાર એમણે સુભદ્રાના પતિને કહ્યું કે "આ સ્ત્રી શ્વેતપટવાળાઓ સાથે જૈન સાધુઓ સાથે સંબંધવાળી છે" પણ શ્રાવક બનેલો પતિ આ વાત ઉપર શ્રદ્ધા કરતો નથી. ક્યારેક ભિક્ષા માટે આવેલા તપસ્વીની આંખમાં કણિયો પ્રવેશેલો હતો, તેને સુભદ્રાએ જીભ દ્વારા દૂર કર્યો. સુભદ્રાએ સિંદુર વડે તિલક કરેલું હતું, તે તિલક તપસ્વી સાધુના કપાળ ઉપર લાગી ગયું. ઉપાસિકાઓએ શ્રાવકપતિને એ તિલક દેખાડયું. શ્રાવકને હવે ખાતરી થઈ કે "મારી પત્ની કુલટા છે" હવે શ્રાવક તેણીને પૂર્વની જેમ અનુવર્તન કરતો નથી. અર્થાત્ સદ્ભાવ, ઔચિત્ય, લાગણી રાખતો નથી.

સુભદ્રા વિચારે છે કે "એમાં આશ્ચર્ય શું છે કે ? હું ગૃહસ્થી છતી આળ-અપમાનને પામું. પરંતુ આ પ્રવચનનો ઉડ્ડાહ જે થાય છે. એ મને ખૂબ દુ:ખી કરે છે"

તેણી રાત્રે કાઉસ્સગ્ગમાં રહી. દેવ આવ્યો. "આદેશ કરો. શું કરું ?" સ્ત્રી કહે કે "મારા આ અપયશને દૂર કર." દેવ કહે "એ પ્રમાણે થાઓ. હું આ નગરના ચાર બારણા બંધ કરી દઈશ. અને ઘોષણા કરીશ કે જે સ્ત્રી પતિવ્રતા હોય, તેણી આ બારણાઓને ઉઘાડે." તેમાં તું જ એ બારણાઓને ઉઘાડશે. સ્વજનોનાં વિશ્વાસને માટે તું ચાલણીમાં પાણી નાંખીને દેખાડજે. (જેથી તારો ચમત્કાર જોઈ તેઓ તને બારણાં ઉઘાડવા માટે જવા દે.) એ ચાલણી એક ટીપું પણ ગળશે નહિ."

આ પ્રમાણે આશ્વાસન આપીને દેવ નીકળી ગયો. એણે નગરનાં દ્વારો બંધ કરી દીધા. નગરજન વિચલિત થઈ ગયા. આ બાજુ આકાશમાં વાણી થઈ કે હે નાગરજનો ! તમે નિરર્થક ક્લેશ ન કરો. જે શીલવતીની ચાલણીમાં નંખાયેલું પાણી ગળે નહિ, તે શીલવતી તે પાણી વડે બારણાં ઉપર છંટકાવ કરશે, તો બારણું ઉઘાડાશે."

ત્યાં શેઠ-સાર્થવાહ વગેરેની ઘણી બધી દીકરીઓ. પુત્રવધૂઓ પ્રચાર પણ મેળવી શકતા નથી. (અર્થાત્ બારણાં ઉઘાડવાની વાત તો દૂર રહી પણ ચાલણીમાં પાણીને ધારણ કરવા રૂપ પ્રાથમિક કાર્ય પણ કરી શકતા નથી. એ કરે તો જ આગળની પ્રક્રિયા થાય ને ? **पलिकामात्रमपि** એ પ્રમાણે અર્થ લઈએ તો **पलिका** (?) એટલા સાવ સામાન્યમાપનું પણ પાણી મેળવવા સમર્થ બનતાં નથી.)

ત્યારે સુભદ્રા સ્વજનોને પૃચ્છા કરે છે, તેઓ રજા નથી આપતાં ત્યારે ચાલણીમાં પાણી નાંખીને તેઓને પ્રાતિહાર્ય = આશ્ચર્ય દેખાડે છે. પછી સ્વજનોએ એને રજા આપી. ઉપાસિકાઓ આ પ્રમાણે વિચારવા લાગી હતી કે "આ સાધુ વડે પ્રતિલેખિત કરાયેલ, સાધુ સાથે ભ્રષ્ટ બનેલ આ બારણું ઉઘાડશે." (અર્થાત્ કટાક્ષમાં સાસુ-નણંદ વિચારે છે કે આ ભ્રષ્ટ શું બારણું ઉઘાડવાની...) પણ તેણીએ ચાલણીમાં પાણી નાંખ્યું અને એ ગળતું નથી એ જોઈને તે સાસુ-નણંદ ખેદ પામ્યા.

ત્યારબાદ મહાજન વડે સત્કાર કરાતી સુભદ્રા તે બારણાની પાસે ગઈ. અરિહંતોને નમસ્કાર કરીને પાણી વડે બારણાં પર છંટકાવ કર્યો. મોટા શબ્દ વડે કેંકારવ કરતા ત્રણેય નગર દ્વારો ઉઘડી ગયા. ઉત્તરદિશાનાં બારણાં પર ચાલણીનાં પાણી વડે છંટકાવ કરીને સુભદ્રા બોલે છે કે જે મારા જેવી શીલવતી હશે તે આ બારણાંને ઉઘાડશે."

તે બારણું આજે પણ ઢંકાયેલું બંધ જ છે.

પછી નગરલોકે પ્રશંસા કરી કે "અહો મહાસતી ! અહો ! ધર્મ જય પામે છે."

(આ લૌકિક કથાનક અનુશાસ્તિમાં દર્શાવ્યું.)

અનુશાસ્તિમાં ચરણકરણાનુયોગને આશ્રયીને આ પ્રમાણે સમજવું કે વૈયાવચ્ચ વગેરેમાં ઉદ્યમવાળાઓની પ્રશંસા કરવી અને વૈયાવચ્ચાદિમાં ઉદ્યમરહિત સાધુઓને વૈયાવચ્ચાદિમાં સંસ્થાપિત કરવા કે "શીલવાળાઓને આ લોકમાં આવું ફલ મળે છે. (માટે તમે પણ શીલવાન્ - વૈયાવચ્ચાદિમાન્ બનો.)

---

**अमुमेवार्थमुपदर्शयन्नाह –**

साहुक्कारपुरोगं जह सा अणुसासिया पुरजणेणं । वेयावच्चाईसु वि एव जयंते णुवोहेज्जा ॥७४॥

---

આ જ અર્થને દેખાડતાં કહે છે કે

**નિર્યુક્તિ ૭૪ ગાથાર્થ :** જે રીતે નગરજને પ્રશંસાપૂર્વક તેણીની પ્રશં ા કરી. એમ વૈયાવચ્ચાદિમાં યતના કરનારાઓની પણ ઉપબૃંહણા કરવી.

---

**व्याख्या–साधुकारपुरःसरं यथा सुभद्रा '<u>अनुशासिता</u>' सद्गुणोत्कीर्त्तनेनोपबृंहिता, केन ?-'<u>पुरजनेन</u>' नागरिकलोकेन, वैयावृत्त्यादिष्वपि-आदिशब्दात् स्वाध्याया-दिपरिग्रहः, '<u>एवं</u>' यथा सा सुभद्रा '<u>यतमानान्</u>' उद्यमवतः, किम् ?-उपबृंहयेत्, सद्गुणोत्कीर्त्तनेन तत्परिणामवृद्धिं कुर्यात्, यथा–"भरहेणवि पुव्वभवे वेयावच्चं कयं सुविहियाणं । सो तस्स फलविवागेण आसी भरहाहिवो राया ॥१॥ भुंजित्तु भरहवासं सामण्णमणुत्तरं अणुचरित्ता । अट्ठविहकम्ममुक्को भरहनरिंदो गओ सिद्धिं" ॥ इति गाथार्थः ॥ उदाहरणदेशता पुनरस्योदाहृतैकदेशस्यैवोपयोगित्वात्तेनैव चोपसंहारात्, तथा च अप्रमादवद्भिः साधूनां कणुकापनयनादि कर्त्तव्यमिति विहायानुशास्त्योपसंहारमाह, वैयावृत्त्यादिष्वपि देशेनैवोपसंहारः, गुणान्तररहितस्य भरतादेर्निश्श्रयेन तदकरणादिति भावनीयमिति, एवं तावल्लौकिकं चरणकरणानुयोगं चाधिकृत्योक्तं तद्देशद्वारे अनुशास्तिद्वारम्,**

---

**ટીકાર્થ :** જે રીતે નાગરિકલોકો વડે સાધુકાર, "સુંદર, સુંદર" એ શબ્દોચ્ચારપૂર્વક તે સુભદ્રાની સદ્‌ગુણોત્કીર્તન વડે પ્રશંસા કરાઈ. એજ પ્રમાણે એટલે કે સુભદ્રાની માફક જ વૈયાવચ્ચાદિમાં ઉદ્યમવાળા સાધુઓની પણ ઉપબૃંહણા કરવી. સદ્‌ગુણોના ઉત્કીર્તન વડે તેમના પરિણામોની વૃદ્ધિ કરવી. **वैयावृत्यादिषु** માં જે **आदि** શબ્દ છે, એનાથી સ્વાધ્યાયાદિ યોગોનું ગ્રહણ કરવું.

(પરિણામની વૃદ્ધિ કરનારી સદ્ગુણોત્કીર્તના આ પ્રમાણે કે) ભરતે પણ પૂર્વભવમાં સુવિહિત સાધુઓનું વૈયાવચ્ચ કર્યું. તે ભરત વૈયાવચ્ચનાં ફલવિપાક વડે ભરતનો અધિપતિ રાજા થયો. ભરતવાસને ભોગવીને. અનુત્તર=ઉત્કૃષ્ટ સાધુપણું પાળીને આઠ પ્રકારના કર્મથી મુક્ત બનેલ ભરતરાજા સિદ્ધિમાં ગયા. (માટે તમે પણ જે વૈયાવચ્ચ કરો છો, એ અદ્ભુત કાર્ય છે...)

પ્રશ્ન : ઉદાહરણદેશ નામના મૂલદ્વારનાં પેટાદ્વારોનું આ વર્ણન ચાલે છે. એમાં આવા પ્રકારનું અનુશાસ્તિનું દૃષ્ટાન્ત એ ઉદાહરણદેશ શી રીતે કહેવાય ?

ઉત્તર આ દૃષ્ટાન્તની ઉદાહરણદેશતા આ પ્રમાણે કે દૃષ્ટાન્ત તરીકે દેખાડાયેલ પદાર્થનો એક ભાગ જ ઉપયોગી હોવાથી અને એ એક ભાગ વડે જ દૃષ્ટાન્તનો ઉપસંહાર હોવાથી આ દૃષ્ટાન્ત ઉદાહરણદેશ કહી શકાય.

પ્રશ્ન : એકદેશ જ ઉપયોગી બન્યો ? વગેરે બાબતો સ્પષ્ટ નથી સમજાતી.

ઉત્તર જુઓ. પ્રસ્તુત દૃષ્ટાન્તમાં "સુભદ્રાએ જે રીતે સાધુની આંખમાંથી અપ્રમત્તપણે કણિયો દૂર કર્યો, એમ અપ્રમાદીઓએ સાધુઓના કણિયાદિનું અપનયન કરવું જોઈએ." એવો ઉપસંહાર છોડી દઈને માત્ર અનુશાસ્તિ વડે જ ઉપસંહારને કહ્યો છે. (એટલે કે "જે રીતે નગરલોકે સુભદ્રાની અનુશાસ્તિ કરી, તે રીતે આપણે પણ સાધુઓની અનુશાસ્તિ = પ્રશંસા કરવી." એટલો જ ઉપસંહાર કર્યો છે એટલે આખાય ઉદાહરણના એક ભાગનો જ ઉપયોગ કરાયો હોવાથી એ દૃષ્ટાન્ત "તદ્દેશ" તરીકે ગણી શકાય છે.)

વૈયાવચ્ચાદિ ચરણકરણાનુયોગમાં ભરતની વાત કરી. ત્યાં વૈયાવચ્ચાદિમાં પણ દેશથી જ ઉપસંહાર છે.

પ્રશ્ન : ભરતનાં દૃષ્ટાંતમાં દેશોપસંહાર શી રીતે ?

ઉત્તર : "ભરતે વૈયાવચ્ચ કરી છે. એનાથી એને બધા ફલ મળેલા છે..." આ બધી જે વાત કરી અને એના દ્વારા વૈયાવચ્ચગુણની પ્રશંસા-પ્રેરણા કરી. પણ ભરતાદિ જો વૈયાવચ્ચ સિવાયના આજ્ઞાબહુમાન-યતનાપરિણામાદિ ગુણોથી રહિત હોય તો તેવા ભરતાદિની વૈયાવચ્ચ નિશ્ચયથી વૈયાવચ્ચ જ ન ગણાય. અર્થાત્ ભરતાદિએ વૈયાવચ્ચ ત્યારે જ ખરેખર કરેલી ગણાય, જ્યારે એમનામાં બીજા પણ ગુણો હોય. આમ માત્ર વૈયાવચ્ચની જ મહત્તા નથી, એનાથી જ ફલપ્રાપ્તિ નથી. એની સાથે બીજા પણ ગુણો ઉપયોગી બને જ છે. અને અત્રે બીજા બધા ગુણોનો ઉલ્લેખ કર્યા વિના માત્ર વૈયાવચ્ચને



* * * નમોઽત્થુ તસ્સૈ જિનશાસનાય * * *

જ મુખ્ય રીતે દર્શાવ્યું એ દેશથી જ ઉપસંહાર કરેલો ગણાય અને માટે જ ભરતાદિ દષ્ટાન્ત પણ તદ્દેશ ગણી શકાય. (ભરતનાં મનમાં વૈયાવચ્ચ દ્વારા યશ મેળવવાની લાલસા હોત વૈયાવચ્ચ કર્યાનો અહંકાર હોત. વૈયાવચ્ચમાં આજ્ઞાપાલન પ્રત્યે ઉપેક્ષા હોત, ભરત બીજા ઘણાં અતિચારો સેવતાં હોય બીજા યોગોમાં ખૂબ પ્રમાદી હોત તો એમને વૈયાવચ્ચનું આવું વિશિષ્ટફલ ન જ મળત. એટલે જ ત્યાં માત્ર વૈયાવચ્ચથી જ ફલપ્રાપ્તિ નથી. વૈયાવચ્ચ એક અંશભૂત કારણ છે. છતાં પ્રસ્તુતમાં એને જ મુખ્ય કરીને પ્રશંસા કરાઈ એટલે એકદેશ વડે જ ઉપસંહાર કરેલો ગણાય...)

આમ આ તો લૌકિક અને ચરણકરણાનુયોગને આશ્રયીને તદ્દેશદ્વારમાં અનુશાસ્તિદ્વાર કહી દીધું.

---

**अधुना द्रव्यानुयोगमधिकृत्य दर्शयति –**

जेसिंपि अत्थि आया वत्तव्वा तेऽवि अम्हवि स अत्थि । किंतु अकत्ता न भवइ वेययइ जेण सुहदुक्खं ॥७५॥

---

હવે દ્રવ્યાનુયોગને આશ્રયીને એ દ્વારને દેખાડે છે.

**નિર્યુક્તિ ૭૫ ગાથાર્થ :** જેઓના મતમાં આત્મા છે, તેઓને કહેવું કે અમારે પણ આત્મા તો છે. પરંતુ તે અકર્ત્તા નથી. કેમકે તે સુખ-દુ:ખને વેદે છે.

---

व्याख्या–'येषामपि' द्रव्यास्तिकादिनयमतावलम्बिनां तन्त्रान्तरीयाणां किम् ?– 'अस्ति' विद्यते 'आत्मा' जीवः वक्तव्याः 'तेऽपि' तन्त्रान्तरीयाः, साध्वेतत् अस्माकमप्यस्ति सः, तदभावे सर्वक्रियावैफल्यात्, किन्तु 'अकर्त्ता न भवति' सुकृतदुष्कृतानां कर्मणामकर्त्ता न भवति-अनिष्पादको न भवति, किन्तु ? कर्त्तैव, अत्रैवोपपत्तिमाह–'वेदयते' अनुभवति 'येन' कारणेन, किम् ?–'सुखदुःखं' सुकृतदुष्कृतकर्मफलमिति भावः ॥ न चाकर्तुरात्मनस्तदनुभावो युज्यते, अतिप्रसङ्गात्, मुक्तानामपि सांसारिकसुखदुःखवेदनाऽऽपत्तेः, अकर्तृत्वाविशेषात्, प्रकृत्यादिवियोगस्याप्यनाधेयातिशयमेकान्तेनाकर्त्तारमात्मानं प्रत्यकिञ्चित्करत्वाद्, अलं विस्तरेणेति गाथार्थः । उदाहरणदेशता त्वत्राप्युदाहृतस्यैकदेशेनैवोपसंहारात् तत्रैव चासंप्रतिपत्तौ समर्थनाय निदर्शनाभिधानादिति । गतमनुशास्तितद्देशद्वारम्,

---

**ટીકાર્થ :** જે દ્રવ્યાસ્તિક વગેરે નય = મતનું અવલંબન કરનારા સાંખ્ય - બૌદ્ધાદિ

અન્યદાર્શનિકો એમ માને છે કે "આત્મા છે" તેઓને પણ એમ કહેવું કે આ વાત ખૂબ સારી છે. અમારા મતમાં પણ "આત્મા છે" એ વાત માનેલી જ છે. કેમકે જો આત્મા જ ન હોય તો દાન-શીલ-તપાદિ તમામ ક્રિયાઓ નિષ્ફળ થવાની આપત્તિ આવે. કેમકે આત્મા જ ન હોય તો આ ક્રિયાઓનું ફળ કોણ ભોગવે ? આત્મા જ ન હોય તો પછી આ બધી ક્રિયા કોના માટે કરવાની ?

એટલે "આત્મા છે" એ તો સારું. પરંતુ એ આત્મા સારા-ખરાબ કર્મોનો અકર્તા નથી, પરંતુ કર્તા જ છે. તમે એને કર્તા નથી માનતા, એ બરાબર નથી.

"આત્મા કર્તા છે" આ જ વાતમાં યુક્તિ દેખાડે છે કે જે કારણથી આત્મા સારા અને ખરાબ કર્મોનાં ફલરૂપ સુખ અને દુઃખને ભોગવે છે, તે કારણથી તેને કર્તા માનવો પડે.

પ્રશ્ન : આત્મા સુકૃતાદિ કર્મોનો કર્તા ન હોય, છતાં પણ સુખ-દુઃખાદિનો ભોક્તા હોય એવું માનીએ તો શું વાંધો ? એ ફલભોક્તા છે, એટલે એ કર્મકર્તા છે જ એવું માનવાની જરૂર શી છે ?

ઉત્તર : જો આત્મા અકર્તા હોય, તો આત્માને સુખદુઃખાદિ ફલનો અનુભવ સંગત ન થાય. કેમકે અકર્તા આત્માને સુખાદિ ભોક્તા માનવામાં તો અતિપ્રસંગદોષ આવે, એટલે કે જે સુખાદિભોક્તા નથી એમને પણ સુખાદિભોક્તા માનવાની આપત્તિ આવે.

પ્રશ્ન : એ વળી શી રીતે ?

ઉત્તર  અકર્તા એવા મુકતજીવોને પણ સાંસારિક સુખ અને દુઃખની વેદના, અનુભૂતિ માનવાની આપત્તિ આવે. કેમકે જેમ સંસારીજીવો તમારા મતે અકર્તા છે અને છતાં સાંસારિક સુખાદિ ભોક્તા છે. તેમ મુક્તજીવો પણ અકર્તા જ છે. તો તેઓ પણ સુખાદિભોક્તા બનવા જ જોઈએ. બેયમાં અકર્તૃત્વ સમાન છે, અવિશેષ છે.

પ્રશ્ન : જુઓ, સંસારી અને મુક્ત બેય અકર્તા જ છે. પરંતુ સંસારીજીવને પ્રકૃતિ વગેરે પદાર્થોનો સંયોગ છે, અને એને આધારે એને સુખાદિભોગ થાય છે. જ્યારે મુક્તોને પ્રકૃત્યાદિ પદાર્થોનો વિયોગ છે. એટલે તેઓમાં સુખાદિભોગ નથી. (બે સ્ફટિક પત્થરોમાંથી એકની પાસે લાલ-કાળું કપડું મુકાય, તો એ સ્ફટિક લાલ-કાળુ દેખાય. બીજા પાસે ન મુકાય તો એ લાલ-કાળું ન દેખાય. બેય સ્ફટિક તો સમાન જ છે. એમ સંસારી-મુક્ત બેય જીવો સ્ફટિકવત્ અકર્તા જ છે. પરંતુ સંસારીને કપડા સમાન પ્રકૃતિનો સંબંધ હોવાથી લાલાશ-કાળાશ સમાન સાંસારિક સુખ-દુઃખ છે, મુક્તને એ નથી...)

ઉત્તર : તમારા મતે સંસારી કે મુક્ત બંને આત્મા એકાન્તે અકર્તા છે. એમાં કોઈપણ પ્રકારનાં અતિશયનું આધાન પણ થતું નથી. તો આવા અનાધેય-અતિશયવાળા, એકાન્તે અકર્તા એવા આત્મા પ્રત્યે તો પ્રકૃત્યાદિનો વિયોગ પણ સાવ અકિંચિત્કર=નકામો જ બની રહે છે.

(આ પદાર્થ દૃષ્ટાન્ત દ્વારા સમજીએ. કોઠારમાં પડેલા બીજમાંથી અને નદીકિનારે પડેલ કાંકરામાંથી... બેમાંથી એકેયમાંથી અંકુરાની ઉત્પતિ થતી જ નથી એ તો બધા જ જાણે છે. હવે આ બીજ અને કાંકરાને ખેતરમાં જમીન અંદર નાંખી ખાતર-પાણી વગેરે પૂરું પાડવામાં આવે તો બીજમાંથી અંકુરો થશે, પણ કાંકરામાંથી અંકુરો નથી થતો. આવું શા માટે ? જો બીજમાંથી અંકુરો થવાની પાત્રતા હતી, તો કોઠારમાં રહેલા બીજમાંથી અંકુરો શા માટે થતો ન હતો ? કોઠારસ્થ કે ક્ષેત્રસ્થ બેય બીજ તો એક જ છે તે ? તો એકમાંથી અંકુરો ન થાય અને એકમાંથી અંકુરો થાય એવું શા માટે ?

જો એમ કહીએ કે કોઠારસ્થ બીજને ખાતર-પાણી વગેરે સહકારી કારણો મળેલા ન હતા, એટલે એમાંથી અંકુરો ન થયો, અહીં બધા સહકારી કારણો મળી જવાથી અંકુરો થયો."

તો પ્રશ્ન એ થાય કે કોઠારસ્થબીજ કોઠારમાં જેવું હતું એવું ને એવું જ ખેતરમાં સહકારિકારણો મળ્યા પછી છે ? કે એમાં કંઈક વિશેષતા આવી છે ? જો એમાં કોઈપણ વિશેષતા ન આવી હોય તો તો એ જેમ કોઠારમાં અંકુરને ઉત્પન્ન કરનાર ન હતું, એ રીતે અહીં અંકુરને ઉત્પત્તિ કરનાર ન જ બનવું જોઈએ. કેમકે એ તો બેય જગ્યાએ એક સરખું જ છે. જેમ કાંકરો કિનારે હતો કે ખેતરમાં હતો એમાં કોઈ જ ફેરફાર થયો નથી, માટે જ તો એ અંકુરાને ઉત્પન્ન કરતું નથી. સહકારી મળવા છતાં કામ કરતુ નથી. કેમકે એમાં કોઈપણ વિશેષતા આવી નથી. તો એ જ પ્રમાણે બીજમાં પણ જો વિશેષતા ન આવી હોય તો સહકારિકારણો મળવા છતાં પણ અંકુરો ન જ થવો જોઈએ, પણ અંકુરો થાય તો છે જ. એટલે એમ માનવું જ જોઈએ કે કોઠારસ્થ અંકુરમાં જે વિશેષતા, અતિશય ન હતો, સહકારિકારણોએ બીજમાં એ અતિશય ઉત્પન્ન કરી દીધો અને એટલે અતિશયવાળું બીજ અંકુરોત્પાદક બને છે. આમ સહકારિકારણો બીજમાં અતિશયોત્પાદક બને છે, એ વાત નક્કી થઈ.

જેમ વસ્તુનો સંયોગ અતિશયનું આધાન કરવા દ્વારા કાર્યોત્પાદક બને, તેમ વસ્તુનો વિયોગ પણ અતિશયનું આધાન કરવા દ્વારા કાર્યોત્પાદક બને. દા.ત. કુપથ્યસેવન જીવને રોગાદિદુઃખો + તાત્કાલિક સુખ આ બંને આપે છે. જો કુપથ્યસેવન દૂર થાય તો જીવ

રોગાદિ દુઃખો અને તાત્કાલિક સુખ એ બંનેથી રહિત બને છે અને સ્વસ્થતાને પામે છે. આમાં પણ જીવમાં કુપથ્યવિયોગ દ્વારા અમુક પ્રકારની વિશેષતા પ્રગટે જ છે. જેના કારણે રોગાદિનાશ, સ્વસ્થતા વગેરે કાર્યો થાય છે. પણ જો જીવમાં કુપથ્યાદિવિયોગ કોઈપણ પ્રકારના અતિશયને લાવી શકતાં ન હોય અને જીવ સ્વયં સ્વસ્થતાદિ કંઈપણ કાર્યો કરતો જ ન હોય તો કુપથ્યાદિવિયોગ પણ તદ્દન નકામો જ બની રહે. એ કરવા છતાં પણ જીવમાં રોગાદિનાશ વગેરે કાર્યો ન જ થાય.

પ્રસ્તુતમાં તમે આત્માને એકાન્તે અકર્તા, અનાધેયાતિશય માનો છો, એટલે પ્રકૃત્યાદિનો વિયોગ થાય તો પણ આત્મામાં જે સાંસારિક સુખદુઃખો હતા, તે તો એમને એમજ રહેવા જોઈએ. એમાં કોઈ ભેદ પડવો જ ન જોઈએ. જો આત્મા તાત્ત્વિકસુખોનો કર્તા માનો અને પ્રકૃતિવિયોગથી એનામાં અતિશયનું આધાન માનો અને એના દ્વારા સાંસારિક સુખદુઃખનાશ માનો તો તો બરાબર... પણ કર્તૃત્વ અને અતિશયાધાન ન માનેલ હોવાથી પ્રકૃત્યાદિનો વિયોગ પણ આવા આત્મા પ્રત્યે કશું કરનારો બની ન શકે.)

વિસ્તાર વડે સર્યું.

પ્રશ્ન : આમાં ઉદાહરણદેશતા શી રીતે ઘટે ?

ઉત્તર : અહીં પણ ઉદાહરણપદાર્થનાં એક દેશ વડે જ ઉપસંહાર કરાતો હોવાથી ઉદાહરણદેશતા છે અને એકદેશમાં જ પૂર્વપક્ષને સમ્યક્બોધ ન થાય ત્યારે એ પદાર્થના સમર્થનને માટે દૃષ્ટાન્તનું કથન થાય છે માટે ઉદાહરણદેશતા છે.

(આશય એ છે કે આપણે પૂર્વપક્ષને બે વાત કરી કે "અમારા મતમાં પણ આત્મા છે, પરંતુ તે અકર્તા નથી." આમાં આપણે આત્મા હોવો અને અકર્તા ન હોવો એમ બે વાત કરી છે. પણ એમાં આત્માસ્તિત્વ બાબતને ગૌણ કરીને માત્ર કર્તૃત્વ બાબતને જ મુખ્ય રીતે આગળ લાવી છે. એટલે આ એકદેશનો જ ઉપસંહાર કરેલો કહેવાય. અને પૂર્વપક્ષ જયારે આ વાત નથી સ્વીકારતો ત્યારે આપણે એને આ કર્તૃત્વ સ્વીકાર કરાવવા માટે જ દૃષ્ટાન્ત-હેતુ દર્શાવેલ છે કે "એ ભોક્તા છે, માટે કર્તા હોવો જોઈએ..." આમ આ યુક્તિ પણ એ એક-અંશને લઈને જ દર્શાવી છે. આમ ઉદાહરણૈકદેશતા ઘટી શકે છે.)

અનુશાસ્તિતદેશદ્વાર પૂર્ણ થયું.

---

**अधुनोपालम्भद्वारविवक्षयाऽऽह –**

उवलम्भम्मि मिगवाइ नाहियवाईवि एव वत्तव्वो । नत्थित्ति कुविन्नाणं आयाऽभावे सइ

अजुत्तं ॥७६॥

હવે ઉપાલંભદ્વારને કહેવાની ઈચ્છાથી કહે છે.

નિર્યુક્તિ ૭૬ ગાથાર્થ ઉપાલંભમાં મૃગાવતી દૃષ્ટાન્ત છે. નાસ્તિકવાદી પણ આ પ્રમાણે કહેવાયોગ્ય છે કે "નથી" એ પ્રમાણે કુવિજ્ઞાન પણ આત્માનો અભાવ હોતે છતે અયુક્ત છે.

व्याख्या–उपालम्भे प्रतिपाद्ये मृगावतिदेव्युदाहरणम् । एयं च जहा आवस्सए दव्वपरंपराए भणियं तहेव दट्ठव्वं, जाव पव्वइया अज्जचंदणाए सिस्सिणी दिण्णा । अन्नया भगवं विहरमाणो कोसंबीए समोसरिओ, चंदादिच्चा सविमाणेहिं वंदिउं आगया, चउपोरसीयं समोसरणं काउं अत्थमणकाले पडिगया, तओ मिगावई संभंता, अयि ! वियालीकयंति भणिऊणं साहुणीसहिया जाव अज्जचंदणासगासं गया, ताव य अंधयारयं जायं, अज्जचंदणापमुहाहिं साहुणीणं ताव पडिक्कंतं, ताहे सा मिगावई अज्जा अज्जचंदणाए उवालब्भइ, जहा एवं णाम तुमं उत्तमकुलप्पसूया होइऊण एवं करेसि ?, अहो न लट्ठयं, ताहे पणमिऊण पाएसु पडिया, परमेण विणएण खामेइ, खमह मे एगमवराहं, णाहं पुणो एवं करेहामित्ति । अज्जचंदणा य किल तंमि समए संथारोवगया पसुत्ता, इयरीए वि परमसंवेगगयाए केवलनाणं समुप्पन्नं, परमं च अंधयारं वट्टइ, सप्पो य तेणंतरेण आगच्छइ, पव्वत्तिणीए य हत्थो लंबमाणो तीए उप्पाडिओ, पडिबुद्धा य अज्जचंदणा, पुच्छिया-किमेयं ?, सा भणइ-दीहजाइओ, कहं तुमं जाणसि ?, किं कोइ अतिसओ ? आमंति, पडिवाइ अप्पडिवाइत्ति पुच्छिया सा भणइ-अप्पडिवाइत्ति, तओ खामिया । लोगलोगुत्तरसाहरणमेयं । एवं पमायंतो सीसो उवालंभेयव्वोत्ति । उदाहरणदेशता पूर्ववद्योजनीयेति । एवं तावच्चरणकरणानुयोगमधिकृत्य व्याख्यातमुपालम्भद्वारम्,

ટીકાર્થ : તદ્દેશદ્વારનું બીજું દ્વાર ઉપાલંભ કહેવાનું છે, તેમાં મૃગાવતીદેવી ઉદાહરણ છે. આ દૃષ્ટાન્ત જે રીતે આવશ્યકનિર્યુક્તિમાં દ્રવ્યપરંપરાનાં વર્ણનમાં કહેલું હતું તે રીતે જ સમજી લેવું. તે છેક ત્યાંસુધી કે મૃગાવતીએ દીક્ષા લીધી અને આર્યચંદનાનાં શિષ્યા તરીકે મૃગાવતીદેવી પ્રભુ વડે અપાયી. એકવાર ભગવાન વિહાર કરતાં કોશાંબીમાં સમોસર્યા. ચંદ્ર અને સૂર્ય પોતાના વિમાનોની સાથે વંદન કરવા માટે આવ્યા. ચારપ્રહરનું સમવસરણ કરીને સૂર્યાસ્ત સમયે જતાં રહ્યા. (તેમના જવાથી અચાનક અંધારુ થતું

દેખાતા) મૃગાવતી ગભરાઈ ગયા. "અરે ! વિકાળ, મોડીસાંજ થઈ ગઈ" એમ બોલીને સાધ્વીજી સાથે જયાંસુધીમાં આર્યચંદનાની પાસે ગયા. ત્યાંસુધીમાં અંધારુ થઈ ગયું. આર્યચન્દના વગેરે સાધ્વીજીઓએ ત્યાં સુધીમાં પ્રતિક્રમણ કરી લીધું હતું. ત્યારે આર્યચન્દનાએ આર્યા મૃગાવતીને ઠપકો આપ્યો કે "તું ઉત્તમકુલમાં જન્મ પામેલી થઈને આ પ્રમાણે કરે છે ? આ સારું ન કહેવાય." ત્યારે મૃગાવતી પ્રણામ કરી પગમાં પડી. પરમવિનય વડે ખમાવે છે. "મારા આ એક અપરાધને ખમાવો. હું ફરી બીજીવાર આ પ્રમાણે નહિ કરું."

આર્યચન્દના તે સમયે સંથારા ઉપર આડા પડી ચૂકેલા હતા, અને સુઈ ગયા હતા. (થાકેલા ચંદનાજીએ સંથારા પર રહીને જ ઉપદેશ આપ્યો હોય અને તરત અતિથાકનાં કારણે ઉંઘ આવી ગઈ હોય એ શક્ય છે.) આ બાજુ પરમસંવેગને પામેલા મૃગાવતીજીને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યાં તે વખતે જોરદાર અંધકાર હતો. એક સાપ તે જગ્યાએથી આવતો હતો. પ્રવર્તિની ચંદનાનો લાંબો થયેલો હાથ મૃગાવતીએ ઉંચો કરી દીધો. (જેથી સાપ એને ન સ્પર્શે.) આર્યચન્દના જાગી ગયા, પૂછે છે કે "શું થયું ? આ શું છે ?" તેણી કહે છે કે "સાપ છે" "તું કેવી રીતે જાણે ? શું કોઈ અતિશય છે ?"

"હા"

"પ્રતિપાતિ કે અપ્રતિપાતી ?" એ પ્રમાણે પૂછાયેલ મૃગાવતી બોલ્યા કે "અપ્રતિપાતી" ત્યારબાદ ચન્દનાએ ક્ષમા માંગી.

આ લોક અને લોકોત્તર બેયમાં સાધારણ દૃષ્ટાન્ત સમજવું. (લૌકિકઉપાલંભ અને લોકોત્તરઉપાલંભ એમ બેના જુદા દૃષ્ટાન્ત અત્રે દેખાડયા નથી. બેયમાં આ એકજ દૃષ્ટાન્ત સમજવું)

આ રીતે પ્રમાદ કરનાર શિષ્યને પણ ઠપકો આપવો જોઈએ.

ઉદાહરણદેશતા પૂર્વની જેમ જોડી દેવી (આમાં દૃષ્ટાન્તમાંથી માત્ર ઠપકો આપવા રૂપ એકજ અંશને પકડીને ઉપસંહાર કરવામાં આવ્યો છે.)

આમ ચરણકરણાનુયોગને આશ્રયીને ઉપાલમ્ભદ્વારનું વ્યાખ્યાન થઈ ગયું.

---

**अधुना द्रव्यानुयोगमधिकृत्य व्याख्यायते –'<u>नास्तिकवाद्यपि</u>' चार्वाकोऽपि जीवनास्तित्वप्रतिपादक इत्यर्थः एवं '<u>वक्तव्यः</u>' अभिधातव्यः–'<u>नास्ति</u>' न विद्यते, कः ? प्रकरणाज्जीव इति, एवंभूतं '<u>कुविज्ञानं</u>' जीवसत्ताप्रतिषेधावभासीत्यर्थः, आत्माऽभावे सति न युक्तम्, आत्मधर्मत्वाद् ज्ञानस्येति भावना, भूतधर्मता पुनरस्य धर्म्यननुरूपत्वादेव**

न युक्ता, तत्समुदायकार्यताऽपि प्रत्येकं भावाभावविकल्पद्वारेण तिरस्कर्त्तव्येति गाथार्थः ॥

---

હવે દ્રવ્યાનુયોગને આશ્રયીને વ્યાખ્યાન કરાય છે.

નાસ્તિકવાદી એટલે ચાર્વાક એટલે કે "જીવન નથી" એમ પ્રતિપાદન કરનાર. તેને પણ એમ કહેવું કે "જીવ નથી" એવા પ્રકારે જીવસત્તાનાં પ્રતિષેધનો બોધ કરનાર તારું જે કુવિજ્ઞાન છે, એ આત્મા-અભાવ હોતે છતે અસંગત થાય છે. કેમકે જ્ઞાન આત્માનો ધર્મ છે એટલે આ કુવિજ્ઞાનરૂપ જ્ઞાનનાં બળથી જ એના ધર્મી તરીકે આત્માની સિદ્ધિ થઈ જાય છે.

ગાથામાં **नत्थित्ति कुविन्नाणं** એમ લખેલ છે, પણ "કોણ નથી ?" એનો ઉલ્લેખ નથી, પરંતુ અત્યારે જીવનું જ પ્રરૂપણ ચાલી રહ્યું હોવાથી "જીવ નથી" એમ સમજી લેવું.

**પ્રશ્ન :** અમે જ્ઞાનને આત્માનો ધર્મ નહિ, પણ ભૂતનો ધર્મ માનશું. પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ આ પાંચ પ્રકારનાં ભૂત છે. એમાંથી કોઈપણ ભૂતનો એ ધર્મ સંભવી શકે છે. આત્માનો માનવાની જરૂર નથી. (જ્ઞાન એ ધર્મ, આધેય - રહેનાર છે. એનો કોઈ ને કોઈ ધર્મી, આધાર - રાખનાર હોય જ.)

**ઉત્તર :** જ્ઞાનની ભૂતધર્મતા ધર્મીની અનુરૂપતાના કારણે જ યોગ્ય નથી. (જેવો ધર્મ, ધર્મી પણ તેના જેવો જ હોય. ઉષ્ણતાધર્મનો ધર્મી પાણી-બરફ ન બને, પણ અગ્નિ જ બને. તો શીતતાધર્મનો ધર્મી અગ્નિ ન બને, પણ બરફ બને. પરસેવાની કારણતારૂપ ધર્મનો ધર્મી કદિ પવન ન બને... પ્રસ્તુતમાં ઘટાદિ પૃથ્વીમાં, નદી વગેરે જલમાં... કદિ પૂર્વપક્ષે જ્ઞાનધર્મ અનુભવ્યો નથી, કેમકે એ ઘટાદિ તદ્દન જડ છે. તો પછી ચૈતન્યાત્મક જ્ઞાનરૂપ ધર્મનો ધર્મી પૃથ્વી-જલ વગેરે શી રીતે બની શકે ? એટલે જ્ઞાનરૂપ ધર્મ માટે ભૂત-જડવસ્તુ ધર્મી બનવા માટે લાયક જ ન હોવાથી જ્ઞાનને ભૂતધર્મ માનવો યોગ્ય નથી.)

**પ્રશ્ન :** જ્ઞાન એ ભલે એકાદ ભૂતમાં ન રહે, પણ જ્યારે પાંચભૂતનો સમુદાય થાય ત્યારે તેમાં જ્ઞાન ઉત્પન્ન થાય છે એવું તો માની શકાય ને ? આપણું શરીર પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ એ પંચભૂતાત્મક છે અને એમાં જ જ્ઞાન અનુભવાય છે એટલે ભૂતસમુદાયના કાર્ય તરીકે જ્ઞાન માનીએ તો વાંધો ન આવે સ્વતંત્ર આત્મા માનવો જ ન પડે.

**ઉત્તર :** આ ભૂતસમુદાયકાર્યતા પણ પ્રત્યેકભૂતમાં જીવના-જ્ઞાનના ભાવ અને

અભાવનાં વિકલ્પ દ્વારા તિરસ્કરણીય છે.

(આશય એ છે કે અમે તમને બે પ્રશ્ન પૂછીએ છીએ કે તમે પાંચભૂતનાં સમુદાયમાંથી જ્ઞાનની ઉત્પત્તિ માનો છો, પણ એ વાત પછી. પહેલાં અમને એ કહો કે એ દરેકે દરેક ભૂતમાં જ્ઞાન છે કે નહિ ? આ બે વિકલ્પ તમારી સામે છે. જો તમે પહેલો વિકલ્પ સ્વીકારો કે "પૃથ્વી જલ વગેરે દરેકે દરેક ભૂતમાં જ્ઞાન છે." તો એ તો શક્ય જ નથી. કેમકે પૃથ્વી વગેરેમાં જ્ઞાન હોવાનો અનુભવ થતો નથી. અને તમે તો જે પ્રત્યક્ષથી અનુભવાય એને જ માનનારા છો. માટે જ તો જીવ પ્રત્યક્ષ અનુભવાતો ન હોવાથી એને માનતાં નથી. બાકી જો પૃથ્વીમાં જ્ઞાન પ્રત્યક્ષ અનુભવાતું ન હોવા છતાં એની હાજરી તમે માનો તો તો એ રીતે આત્મા નામનો પદાર્થ પણ માની જ શકાય. એટલે જ પહેલો વિકલ્પ તો તમે સ્વીકારી શકતાં જ નથી.

બીજો વિકલ્પ તમે સ્વીકારો કે "પૃથ્વ્યાદિમાં ભલે જ્ઞાન ન હોય પણ એ પાંચના સમૂહમાં જ્ઞાન ઉત્પન્ન થાય." તો એ પણ બરાબર નથી. કેમકે જેમ રેતીની કણમાં તેલનું એક પણ ટીપું નથી તો કરોડો રેતીનાં કણો ભેગા થાય તો પણ એમાંથી તેલ ન જ નીકળે. એમ જો એક એક ભૂતમાં જ્ઞાન ન હોય તો ભૂતપંચકમાં પણ જ્ઞાન ન જ હોઈ શકે. હા ! એક એક તલમાં થોડુંક થોડુંક તેલ છે, તો કરોડો તલ ભેગા કરીને પીંસવાથી એમાંથી તેલ નીકળે છે. પણ પૃથ્વી વગેરેમાં એવું તો તમે માનતાં નથી કે એક એક ભૂતમાં થોડું થોડું જ્ઞાન છે... કેમકે એ માનવામાં કોઈ પ્રમાણ નથી. તમે તો જે પ્રત્યક્ષ અનુભવાય એને જ માનનારા છો અને આમાં થોડું થોડું જ્ઞાન તો પ્રત્યક્ષ અનુભવાતું જ નથી.)

---

**अमुवेवार्थं समर्थयन्नाह –**

अत्थित्ति जा वियक्का अहवा नत्थित्ति जं कुविन्नाणं । अच्चंताभावे पोग्गलस्स एयं चिअ न जुत्तं ॥७७॥

---

આ જ અર્થનું સમર્થન કરતાં કહે છે કે –

**નિર્યુક્તિ ૭૭ ગાથાર્થ : अस्ति** એ પ્રમાણે જે વિતર્ક થાય છે કે **नास्ति** એ પ્રમાણે જે કુવિજ્ઞાન થાય છે. એ આત્માનો અત્યન્તાભાવ હોતે છતે ન ઘટે.

---

**व्याख्या–अस्ति जीव इति एवंभूता या वितर्काऽथवा 'नास्ति' न विद्यत इति एवंभूतं यत्कुविज्ञानं लोकोत्तरापकारि अत्यन्ताभावे 'पुद्गलस्य' जीवस्य 'इदमेव न युक्तम्', इदमेवान्याय्यं । भावना पूर्ववदिति गाथार्थः ॥ उदाहरणदेशता नास्तिकस्य**

परलोकादिप्रतिषेधवादिनो जीवसाधनाद् भावनीयेति । गतमुपालम्भद्वारम्,

ટીકાર્થ : "જીવ છે" આવા પ્રકારનો જે વિશિષ્ટવિચાર અમને આવે છે તે કે "જીવ નથી" એવા પ્રકારે જે લોકોત્તર-અપકારી કુવિજ્ઞાન તમને થાય છે તે જો પુદ્ગલનો-જીવનો અત્યન્તાભાવ હોય તો આ વિતર્ક કે કુવિજ્ઞાન જ સંગત ન થાય. (પછી આગળની ચર્ચાને તો અવકાશ જ ક્યાં છે ?)

પ્રશ્ન  કેમ ? જીવનાં અભાવમાં કુવિજ્ઞાનાદિ કેમ ન ઘટે ?

ઉત્તર : આની વિચારણા પૂર્વની જેમ કરી લેવી. (જ્ઞાન એ ધર્મ છે, તેનો અનુરૂપ ધર્મી અજીવ તો ન જ હોય એટલે એના અનુરૂપ ધર્મી તરીકે જીવની સિદ્ધિ થાય.)

આ ઉપાલંભની ઉદાહરણદેશતા આ પ્રમાણે કે નાસ્તિક તો આત્માનો જ નહિ, પણ પરલોક, મોક્ષ, કર્મ વગેરે બધાનો પ્રતિષેધ કરનાર છે, એવા એ નાસ્તિકની સામે આપણે બીજા બધા જ પદાર્થોની સિદ્ધિ નથી કરી પણ માત્ર જીવની જ સિદ્ધિ કરી છે. એટલે એ રીતે ઉદાહરણદેશતા સંગત થાય છે.

ઉપાલંભદ્વાર પૂર્ણ થયું.

**अधुना शेषद्वारद्वयं व्याचिख्यासुराह –**

पुच्छाए कोणिओ खलु निस्सावयणंमि गोयमस्सामी । नाहियवाइं पुच्छे जीवत्थित्तं अणिच्छंतं ॥७८॥

હવે બાકીના બે દ્વારનું વર્ણન કરવાની ઈચ્છાવાળા ગ્રન્થકાર કહે છે કે –

નિર્યુક્તિ ૭૮ ગાથાર્થ : પૃચ્છામાં કોણિક અને નિશ્રાવચનમાં ગૌતમસ્વામી ઉદાહરણ છે. જીવનાં અસ્તિત્વને નહિ ઈચ્છનારા નાસ્તિકવાદીને પૃચ્છા કરવી.

**व्याख्या–'पृच्छायां' प्रश्न इत्यर्थः, 'कोणिकः' श्रेणिकपुत्रः खलूदाहरणम् । जहा तेण सामी पुच्छिओ-चक्कवट्टिणो अपरिचत्तकामभोगा कालमासे कालं किच्चा कहिं उववज्जंति ?, सामिणा भणियं-अहे सत्तमीए चक्कवट्टीणो उववज्जंति, ताहे भणइ-अहं कत्थ उववज्जिसामि ?, सामिणां भणियं-तुमं छट्ठीपुढवीए, सो भणइ-अहं किं न होमि चक्कवट्टी ? ममवि चउरासी दन्तिसयसहस्साणि, सामिणा भणियं-तव रयणाणि निहीओ य णत्थि, ताहे सो कित्तिमाइं रयणाइं करित्ता ओवतिउमारद्धो, तिमिसगुहाए पविसिउं पवत्तो, भणिओ य किरिमालएणं-वोलीणा चक्कवट्टिणो बारसवि,**

विणास्सिहिसि तुमं, वारिज्जंतो वि ण ठाई, पच्छा कयमालएण आहओ, मओ य छट्ठिं पुढविं गओ, एयं लोइयं । एवं लोगुत्तरेवि बहुस्सुआ आयरिया अट्ठाणि हेऊ य पुच्छियव्वा, पुच्छित्ता य सक्कणिज्जाणि समायरियव्वाणि, असक्कणिज्जाणि परिहरियव्वाणि, भणियं च–"पुच्छह पुच्छावेह य पंडियए साहवे चरणजुत्ते । मा मयलेवविलित्ता पारत्तहियं ण याणिहिह ॥१॥" उदाहरणदेशता पुनरस्याभिहितैकदेश एव प्रष्टुर्ग्रहात् तेनैव चोपसंहारादिति । एवं तावच्चरणकरणानुयोगमधिकृत्य व्याख्यातं पृच्छाद्वारम्, अथुनैतत्प्रतिबद्धां द्रव्यानुयोगवक्तव्यतामपास्य गाथोपन्यासानुलोमतो निश्रावचनमभिधातुकाम आह–'निश्रावचने' निरूप्ये गौतमस्वाम्युदाहरणमिति । एत्थ गागलिमादी जहा पव्वइया तावसा य एवं जहा वइरसामिउप्पत्तीए आवस्सए तहा ताव नेयं जाव गोयमसामिस्स किल अधिई जाया । तत्थ भगवया भण्णइ-चिरसंसट्ठोऽसि मे गोयमा ! चिरपरिचितोऽसि मे गोयमा ! चिरभाविओऽसि मे गोयमा ! तं मा अधिइं करेहि, अंते दोन्निवि तुल्ला भविस्सामो, अन्ने य तन्निस्साए अणुसासिया दुमपत्तए अज्झयणित्ति । एवं जे असहणा विणेया ते अन्ने मद्दवसंपन्ने णिस्सं काऊण तहाऽणुसासियव्वा उवाएण जहा सम्मं पडिवज्जंति । उदाहरणदेशता त्वस्य देशेन-प्रदर्शितलेशत एव तथानुशासनाद् । एवं तावच्चरणकरणानुयोगमधिकृत्य व्याख्यातं पृच्छानिश्रावचनद्वारद्वयम्,

---

ટીકાર્થ : પ્રશ્ન-ઉદાહરણદેશમાં શ્રેણિકપુત્ર કોણિક એ ઉદાહરણ છે. તેણે પ્રભુને પૃચ્છા કરી કે "ચક્રવર્તીઓ જો કામભોગનો પરિત્યાગ ન કરે (દીક્ષા ન લે) તો કાલમાસમાં - (કાળધર્મ પામવાના સમયમાં) કાળ કરીને ક્યાં ઉત્પન્ન થાય ?" પ્રભુએ કહ્યું કે "નીચે સાતમી નારકમાં ચક્રીઓ ઉત્પન્ન થાય." ત્યારે તે કહે છે કે "હું ક્યાં ઉત્પન્ન થઈશ ?" પ્રભુએ કહ્યું કે "તું છઠ્ઠી નારકમાં ઉત્પન્ન થઈશ." તે કહે કે "હું કેમ સાતમીમાં ઉત્પન્ન નહિ થાઉં ?" પ્રભુએ કહ્યું કે "સાતમીમાં ચક્રવર્તીઓ વિગેરે ઉત્પન્ન થાય." (બીજા નહિ) ત્યારે તે કહે કે "શું હું ચક્રવર્તી ન થઈ શકું ? મારી પાસે પણ ૮૪ લાખ હાથીઓ છે." પ્રભુએ કહ્યું કે "તારી પાસે રત્નો અને નવ નિધિ નથી." ત્યારે તેણે કૃત્રિમરત્નો બનાવીને (આખા ભરતક્ષેત્રને) જીતવાની શરુઆત કરી. તમિસ્રાગુફામાં પ્રવેશ કરવા માટે પ્રવૃત્ત થયો. કૃતમાલદેવે તેને કહ્યું કે "બારેય ચક્રવર્તીઓ થઈ ચૂક્યા છે. તું ખતમ થઈ જઈશ." એ અટકાવાતો હોવા છતાં પણ ન અટક્યો. પછી કૃતમાલે એને માર્યો, મરેલો છઠ્ઠી નારકમાં ગયો. આ લૌકિક કથાનક બતાવ્યું.

એમ લોકોત્તરપૃચ્છામાં પણ સમજી લેવું કે બહુશ્રુત આચાર્યોને પદાર્થો અને તેના હેતુઓ કારણો પૂછવા પૂછ્યા બાદ જે શક્ય હોય તે આચરવા અને જે અશક્ય હોય તે છોડી દેવા.

કહ્યું છે કે "ચારિત્રયુક્ત, પંડિતસાધુઓને પૃચ્છા કરો અને પૃચ્છા કરાવો. એવું ન બનો કે અભિમાનનાં લેપથી લેપાયેલા તમે પરલોકસંબંધી હિતને ન જાણો."

આ દૃષ્ટાન્તની ઉદાહરણદેશતા આ પ્રમાણે કે કહેવાયેલા પદાર્થનાં એક દેશમાં જ પ્રશ્નકારનું ગ્રહણ (આગ્રહ) હોવાથી અને તેના વડે જ ઉપસંહાર થતો હોવાથી તે ઉદાહરણદેશ બને. (પ્રભુએ તો ચક્રવર્તી કામભોગ ન ત્યજે તો સાતમીમાં જાય, તું છઠ્ઠીમાં જઈશ. તારી પાસે નિધિ નથી..." વગેરે ઘણી વાત કરેલી. એમાંથી કોણિકે એક જ આગ્રહ રાખ્યો કે "હું ચક્રી બનીને સાતમીમાં જાઉં." છઠ્ઠીગમન સંબંધી પ્રભુવચન પર વિશ્વાસ ન મુક્યો... આ ઉદાહરણદેશતા છે.)

આમ પૃચ્છામાં ચરણકરણાનુયોગને આશ્રયીને પૃચ્છાદ્વારનું વ્યાખ્યાન કર્યું. હવે પૃચ્છા સાથે જોડાયેલ દ્રવ્યાનુયોગની વક્તવ્યતાને બાજુ પર રાખીને ગાથાનાં ઉપન્યાસની અનુકૂળતાથી નિશ્રાવચનને કહેવાની ઈચ્છાવાળા ગ્રન્થકાર શ્રી કહે છે કે નિશ્રાવચન નિરૂપણ કરવાનું છે, તેમાં ગૌતમસ્વામી ઉદાહરણ છે. (પૃચ્છા દ્વારમાં દ્રવ્યાનુયોગનું વર્ણન કરવાનું બાકી છે, પણ આ ૭૮મી ગાથામાં એનું સંપૂર્ણ વર્ણન કરવું શક્ય ન હતું. એટલે એને બાજુ પર રાખી પહેલાં નિશ્રાવચનનું દૃષ્ટાન્ત પ્રથમ દર્શાવી દીધું. એ પછી ૭૯મી ગાથામાં પૃચ્છા દ્રવ્યાનુયોગનું નિરૂપણ કરશે.)

આમાં ગાગલિ વગેરેએ જે રીતે દીક્ષા લીધી અને તાપસોએ જે રીતે દીક્ષા લીધી. એ બધું જે રીતે વજ્રસ્વામીની ઉત્પત્તિમાં આવશ્યકમાં કહ્યું છે. તે રીતે ત્યાંસુધી સમજી લેવું કે છેલ્લે ગૌતમસ્વામીને પોતાને કેવલજ્ઞાન ન થતું હોવા બદલ અત્યંત અધીરજ થઈ. (એ મોટી વાર્તા આવશ્યકમાં છે) ત્યાં ભગવાને કહ્યું કે હે ગૌતમ ! તું તો મારી સાથે લાંબાગાળાથી સંબંધવાળો છે, લાંબાકાળથી પરિચિત છે, લાંબાકાળથી ભાવિત છે તેથી ગૌતમ ! તું અધૃતિ ન કર. છેલ્લે આપણે બંને સમાન થશું."

આમ કહી પ્રભુએ ગૌતમસ્વામીની નિશ્રાથી બીજા જીવોને પણ હિતશિક્ષા આપી. એ હિતશિક્ષા એટલે જ **दुमपत्तए** એ અધ્યયન. (ઉત્તરાધ્યયનમાં આ અધ્યયન છે. જેની દરેક ગાથાની છેલ્લી કડી છે. **समयं गोयम** ! પ્રભુએ ગૌતમને કહેવા દ્વારા ખરેખર તો કરોડો લોકોને આ ઉપદેશ આપ્યો છે, એટલે એ નિશ્રાવચન કહેવાય)

એમ જે શિષ્યો અસહિષ્ણુ હોય, (તેઓને સીધું કશું જ કહી ન શકાય એટલે ) બીજા મૃદુતાસંપન્ન શિષ્યોને નિશ્રાભૂત કરીને તે અસહિષ્ણુઓને હિતશિક્ષા આપવી. એ એવા ઉપાય વડે આપવી કે જેથી તેઓ સારીરીતે એ પદાર્થનો સ્વીકાર કરનારા બને. આની ઉદાહરણદેશતા આ પ્રમાણે કે દેખાડાયેલ પદાર્થોનાં એક લેશથી જ અનુશાસન કરાય છે.

આમ ચરણકરણાનુયોગને આશ્રયીને પૃચ્છા અને નિશ્રાવચનદ્વારનું વ્યાખ્યાન થઈ ગયું.

---

**अधुना द्रव्यानुयोगमधिकृत्य व्याख्यायते-तत्रेदं गाथादलम् – 'णाहियवाइ'मित्यादि, 'नास्तिकवादिनं' चार्वाकं पृच्छेज्जीवास्तित्वमनिच्छन्तं सन्तमिति गाथार्थः ॥ किं पृच्छेत् ?–**

केणंति नत्थि आया जेण परोक्खोत्ति तव कुविन्नाणं । होइ परोक्खं तम्हा नत्थित्ति निसेहए को णु ? ॥७९॥

---

હવે દ્રવ્યાનુયોગને આશ્રયીને વ્યાખ્યાન કરાય છે.

તેમાં આ ગાથાનો ટુકડો છે કે જીવનાં અસ્તિત્વને નહિ ઈચ્છતાં એવા નાસ્તિકવાદીને આ પ્રમાણે પૃચ્છા કરવી. (પૃચ્છા આગળ બતાવશે. એ પૃચ્છાની આખી એક ગાથા છે. એટલે જ જો ૭૮મી ગાથામાં નિશ્રાવચન ન બતાવત અને પૃચ્છાદ્રવ્યાનુયોગ બતાવત તો પણ એ આખો પૂર્ણ ન થાત કેમકે એના માટે કુલ દોઢ ગાથાની જરૂર પડી છે. એટલે જ ૭૮માં નિશ્રાવચન લઈ, પૃચ્છાદ્રવ્યાનુયોગની ભૂમિકા પણ લઈ લીધી. અને પૃચ્છા માટેની એક ગાથા ૭૯મી રાખી.)

નાસ્તિકને શું પૃચ્છા કરવી ? એ કહે છે કે

**નિર્યુક્તિ ૭૯ ગાથાર્થ :** "કયા કારણે આત્મા નથી ?" "જે કારણે તે પરોક્ષ છે." આવું તારું કુવિજ્ઞાન પણ પરોક્ષ છે. તેથી "આત્મા નથી" એ પ્રમાણે નિષેધ કરનાર કોણ થશે ?

---

**व्याख्या–'केनेति' केन हेतुना ? 'नास्त्यात्मा' न विद्यते जीव इति पृच्छेत्, स चेद् ब्रूयात् 'येन परोक्ष' इति येन प्रत्यक्षेण नोपलभ्यत इत्यर्थः, स च वक्तव्यः-भद्र ! तव 'कुविज्ञानं' जीवास्तित्वनिषेधकध्वनिनिमित्तत्वेन तन्निषेधकं भवति परोक्षम्, अन्यप्रमातॄणामिति गम्यते, 'तस्माद्' भवदुपन्यस्तयुक्त्या नास्तीति कृत्वा निषेधते को नु ?, विवक्षाऽभावे विशिष्टशब्दानुत्पत्तेरिति गाथार्थः ॥ उदाहरणदेशता चास्य पूर्ववदिति**

गतं पृच्छाद्वारम् ॥

ટીકાર્થ : નાસ્તિકને પૃચ્છા કરવી કે "આત્મા નથી ?" એવું તું કયા કારણસર કહે છે ?" જો નાસ્તિક એમ બોલે કે "જે કારણથી આત્મા પ્રત્યક્ષથી અનુભવાતો નથી, તેથી તે નથી." તો એને કહેવું કે જીવનાં અસ્તિત્વનો નિષેધ કરનાર શબ્દના નિમિત્ત તરીકે જીવાસ્તિત્વનિષેધક એવું કુવિજ્ઞાન પરોક્ષ છે. તેથી જે ન દેખાય તે અસત્ એવી તમે દર્શાવેલી યુક્તિ પ્રમાણે તો એ જ્ઞાન પણ નથી જ અને તો પછી નિષેધ કરનાર કોણ બનશે ? કેમકે વિવક્ષા ન હોય તો વિશિષ્ટશબ્દની ઉત્પત્તિ જ ન થઈ શકે અને તે વિના નિષેધક કોણ બને ?

(અહીં સાર એ છે કે

● જીવ નથી એ પ્રમાણેનો શબ્દ જ જીવાસ્તિત્વનિષેધક છે, "જીવ નથી" એવું જ્ઞાન નિષેધક ન કહેવાય. પરંતુ એ જીવાસ્તિત્વનિષેધક શબ્દનું નિમિત્તકારણ તો "જીવ નથી" એ જ્ઞાન જ છે. એટલે એ જ્ઞાનરૂપ નિમિત્તકારણમાં અસ્તિત્વનિષેધક શબ્દરૂપ કાર્યનો ઉપચાર કરીએ તો એ જ્ઞાન પણ જીવાસ્તિત્વનિષેધક કહેવાય જ. આ જ વાત '**जीवास्तित्वनिषेधकध्वनिनिमित्तत्वेन तन्निषेधकं**' શબ્દથી દર્શાવી છે.

● એ કુવિજ્ઞાન પરોક્ષ છે એમ નિર્યુક્તિમાં કહ્યું, પણ કોને પરોક્ષ છે ? એ કંઈ જણાવેલ નથી. એટલે નાસ્તિક તો કહી શકે કે હું કુવિજ્ઞાનનો સાક્ષાત અનુભવ કરું છું, માટે એ પરોક્ષ નથી. એટલે વૃત્તિકાર કહે છે કે **अन्यप्रमातृणां** એ શબ્દ અત્રે સમજી લેવો. અર્થાત્ એ કુવિજ્ઞાન એને ભલે પ્રત્યક્ષ હોય, પણ બીજા પ્રમાતાઓને, જ્ઞાન કરનારાઓને તો તમારા કુવિજ્ઞાનનું પ્રત્યક્ષ નથી જ. એટલે એ કુવિજ્ઞાન અસત્ જ માનવું પડે.

જેમ આત્મા નામનો પદાર્થ અમારા મતે સર્વજ્ઞાદિને પ્રત્યક્ષ હોવા છતાં પણ તમે માત્ર તમને એ પ્રત્યક્ષ ન હોવાના કારણે તેને અસત્ માની શકો. તો એજ પ્રમાણે તમારું કુવિજ્ઞાન તમને પ્રત્યક્ષ હોય તો પણ એ બીજા તમામ પ્રમાતાઓને અપ્રત્યક્ષ હોવાથી એ પણ અસત્ જ બની જાય ને ?...

● જો એ કુવિજ્ઞાન જ ન હોય તો "હું જીવનો નિષેધ કરું" એ પ્રમાણેની વિવક્ષા પણ અસંભવિત છે. અને એ ન હોય તો **जीवो नास्ति** એ પ્રમાણે વિશિષ્ટશબ્દ પણ અસંભવિત બને. પણ એ શબ્દ તો છે જ, એટલે વિવક્ષા કુવિજ્ઞાન પણ માનવા જ પડે. તો જેમ ન દેખાતાં એવા પણ કુવિજ્ઞાનાદિ સત્ માની શકાય, તેમ અપ્રત્યક્ષ એવો પણ

જીવ સત્ માની શકાય છે.

આની ઉદાહરણદેશતા પૂર્વની જેમ સમજી લેવી. (આત્મા નથી, કેમકે એ પરોક્ષ છે" એવી પૂર્વપક્ષની વાત સાંભળ્યા પછી ઉત્તરપક્ષે "આત્મા પ્રત્યક્ષ છે" ઈત્યાદિ પદાર્થો ન કહ્યા, પણ માત્ર પૂર્વપક્ષના કુવિજ્ઞાનને અપ્રત્યક્ષ કહી અસત્ સાબિત કરવાનું કામ કર્યું. એટલે આ તદ્દેશ કહેવાય.)

પૃચ્છાદ્વાર પૂર્ણ થયું.

---

अन्नावएसओ नाहियवाई जेसिं नत्थि जीवो उ । दाणाइफलं तेसिं न विज्जइ चउह तद्दोसं ॥८०॥

---

નિર્યુક્તિ ૮૦ ગાથાર્થ : બીજાનાં વ્યપદેશથી નાસ્તિકવાદીને કહેવું કે જેઓના મતે જીવ નથી, તેઓના મતે દાનાદિનું ફલ વિદ્યમાન નથી. તદ્દોષ આહરણ ચાર પ્રકારે છે.

---

व्याख्या-'अन्यापदेशतः' अन्यापदेशेन 'नास्तिकवादी' लोकायतो वक्तव्य इति शेषः, अहो धिक्कष्टं 'येषां' वादिनां 'नास्ति जीव एव' न विद्यते आत्मैव 'दानादिफलं तेषां न विद्यते' दानहोमयागतपःसमाध्यादिफलं-स्वर्गापवर्गादि तेषां-वादिनां न विद्यते-नास्तीत्यर्थः । कदाचित्त एवं श्रुत्वैवं ब्रूयुः-मा भवतु, का नो हानिः ?, 'न ह्यभ्युपगमा एव बाधायै भवन्ती'ति, ततश्च सत्त्ववैचित्र्यान्यथानुपपत्तितस्ते सम्प्रतिपत्तिमानेतव्याः, इत्यलं विस्तरेण, गमनिकामात्रमेतद्, उदाहरणदेशता चरणकरणानुयोगानुसारेण भावनीयेति । गतं निश्राद्वारं, तदन्वाख्यानाच्च तद्देशद्वारम्,

---

ટીકાર્થ નિશ્રાવચનમાં દ્રવ્યાનુયોગ આ રીતે ઘટાવવો કે નાસ્તિકને સીધી વાત કરવાને બદલે નાસ્તિક સાંભળે એ રીતે નાસ્તિકની બાજુમાં રહેલાને કહેવાના બહાને નાસ્તિકને આ વાત સંભળાવવી કે અરે ! આ કષ્ટને ધિક્કાર હો કે જે વાદીઓનાં મતમાં આત્મા જ નથી, તેઓના મતમાં તો દાન, હોમ, યાગ, તપ, સમાધિ વગેરેનું સ્વર્ગ, મોક્ષરૂપ ફલ પણ અસત્ જ બની રહેશે. (એટલે જ આ દાનાદિ કષ્ટ ધિક્કારપાત્ર બની રહે, કેમકે તે નિષ્ફળ બને છે) (આત્મા જ ન હોય તો આ બધા ફલ કોણ ભોગવે ?)

કદાચ તેઓ આ પ્રમાણે સાંભળીને એમ બોલે કે - ભલે ને સ્વર્ગાદિફલ ન હો, એમાં અમને શું નુકસાન છે ? અમારો તો આ અભ્યુપગમ = માન્યતા = સ્વીકાર જ છે કે સ્વર્ગમોક્ષાદિ ફલ નથી જ. અને અભ્યુપગમો જ કંઈ બાધાને માટે = નુકસાનને માટે થતાં નથી. (કોઈક માણસ જૈનને એમ કહે કે "જો તમે પ્રભુવીરને સર્વજ્ઞ ન માનો

તો તમારા શાસ્ત્રો ખોટા પડશે.માટે વીરને સર્વજ્ઞ માનવાની તમને આપત્તિ આવે છે." તો જૈન કહેશે જ કે એ તો ઈષ્ટાપત્તિ છે. અમે વીરને સર્વજ્ઞ જ માનીએ છીએ..)

જો તેઓ આવું બોલે તો એમને જીવોની વિચિત્રતાની અન્યથા-અનુપપત્તિ દ્વારા સમ્યક્બોધ કરાવવો.

(આશય એ છે કે **अन्यथा** એટલે જો તમે જીવ અને દાનાદિફલ રૂપ સ્વર્ગાદિ ન માનો તો જીવોમાં જે વિચિત્રતા દેખાય છે કે કોઈક સુખી છે. કોઈક દુઃખી છે... એ બધું સંગત નહિ થાય. જો દાનાદિ નિષ્ફળ જ હોય તો ગમે એટલું દાન કરવાવાળા અને દાન નહિ કરવાવાળા એ બધા જ કાં તો સુખી જ હોય, અથવા તો પછી દુઃખી જ હોય. પણ એવું તો નથી. અમુક જીવો સુખી છે, અમુક દુઃખી છે, અમુક ગરીબ, અમુક ધનવાન... આ બધી વિચિત્રતાનું કારણ શું ? એટલે એમ માનવું જોઈએ કે જીવ નામનો પદાર્થ છે અને દાનાદિનાં ફલ છે કે જેથી જે જીવ દાનાદિ કરે તે સુખી થાય, જે જીવ તે ન કરે તે દુઃખી થાય..... આમ સત્ત્વની વિચિત્રતા ઘટી શકે.)

વિસ્તાર વડે સર્યું. આ માત્ર અક્ષરગમનિકા જ છે.

ઉદાહરણદેશતા ચરણકરણાનુયોગનાં અનુસારે વિચારી લેવી.

નિશ્રાદ્વાર પૂર્ણ થયું.

તેના વ્યાખ્યાન દ્વારા તદ્દેશદ્વાર પણ પૂર્ણ થયું.

---

**अधुना तद्दोषद्वारावयवार्थप्रचिकटयिषयोपन्यासार्थं गाथावयवमाह–'<u>चउह तद्दोसं</u>' चतुर्धा तद्दोष-इति उदाहरणदोषः, अनुस्वारस्त्वलाक्षणिकः, अथवोदाहरणेनैव सामानाधिकरण्यं, ततश्च तद्दोषमिति तस्योदाहरणस्यैव दोषा यस्मिंस्तत्तद्दोषमिति गाथार्थः ॥**

---

હવે ત્રીજું મૂલદ્વાર તદ્દોષદ્વારનાં અવયવાર્થને પ્રકટ કરવાની ઈચ્છાથી એ દ્વારનો ઉપન્યાસ કરવા માટે આ ગાથાનાં અવયવને કહે છે કે ઉદાહરણદોષ એ ત્રીજું મૂલદ્વાર ચાર પ્રકારે છે. અહીં ગાથામાં **तद्दोषं** એમ અનુસ્વાર કરેલ છે, પણ **दोष** શબ્દ પુલ્લિંગ હોવાથી અને પ્રથમા એકવચનનું જ આ રૂપ હોવાથી એ અનુસ્વાર અલાક્ષણિક = નકામો = નહિવત્ સમજવો. અથવા તો પછી **उदाहरण** શબ્દની સાથે **तद्दोष** શબ્દનું સમાનાધિકરણ્ય સમજવું. એટલે કે **उदाहरण** શબ્દનું વિશેષણ આ **तद्दोष** પદ સમજવું. જો એનું વિશેષણ કરીએ તો બહુવ્રીહિસમાસ કરી શકાય અને તેમાં જ નિત્યપુલ્લિંગ શબ્દો

પણ વિશેષ્ય અનુસારે લિંગવાળા બની શકે એટલે **उदाहरण** પદ નપુંસકલિંગ હોવાથી તેનું વિશેષણ બનનાર **तद्दोष** પદ પણ નપુંસકલિંગ બની શકે.

સમાસ આ પ્રમાણે થશે કે **तस्य = उदाहरणस्य दोषाः यस्मिन् = उदाहरणे तद् तद्दोषं उदाहरणं ।**

---

**उपन्यस्तं चातुर्विध्यं प्रतिपादयन्नाह –**

**पढमं अहम्मजुत्तं पडिलोमं अत्तणो उवन्नासं । दुरुवणियं तु चउत्थं अहम्मजुत्तंमि नलदामो ॥८१॥**

---

ઉપર દર્શાવેલ ચતુર્વિધતાનું જ પ્રતિપાદન કરતાં કહે છે કે –

નિર્યુક્તિ ૮૧ ગાથાર્થ પ્રથમ અધર્મયુક્ત, પ્રતિલોમ, આત્માનો ઉપન્યાસ, દુરુપનીત ચોથું. અધર્મયુક્તમાં નલદામ ઉદાહરણ છે.

---

**व्याख्या–'प्रथमम्' आद्यम् 'अधर्मयुक्तं' पापसम्बद्धमित्यर्थः, तथा 'प्रतिलोमं' प्रतिकूलम्, 'आत्मन उपन्यास' इति आत्मन एवोपन्यासः-तथानिवेदनं यस्मिन्निति, 'दुरुपनीतं चेति' दुष्टमुपनीतं-निगमितमस्मिन्निति चतुर्थमिदं वर्त्तते, अमीषामेव यथोपन्यासमुदाहरणैर्भावार्थमुपदर्शयति-अधर्मयुक्ते नलदामः कुविन्दः, लौकिकमुदाहरणमिति गाथाक्षरार्थः ॥ पर्यन्तावयवार्थः कथानकादवसेयः, तच्चेदम्-चाणक्केण णंदे उत्थाइए चंदगुत्ते रायाणए ठविए एवं सव्वं वण्णित्ता जहा सिक्खाए, तत्थ णंदसंतिएहिं मणुस्सेहिं सह चोरग्गाहो मिलिओ, णगरं मुसइ, चाणक्कोऽवि अन्नं चोरग्गाहं ठविउकामो तिदंडं गहेऊण परिवायगवेसेण णयरं पविट्ठो, गओ णलदामकोलियसगासं, उवविट्ठो वणणसालाए अच्छइ, तस्स दारओ मक्कोडएहिं खइओ, तेण कोलिएण बिलं खणित्ता दड्ढा, ताहे चाणक्केण भण्णइ-किं एए डहसि ?, कोलिओ भणइ-जइ एए समूलजाला ण उच्छाइज्जंति, तो पुणोऽवि खाइस्संति, ताहे चाणक्केण चिंतियं-एस मए लद्धो चोरग्गाहो, एस णंदतेणया समूलया उद्धरिस्सिहिइत्ति चोरग्गाहो कओ, तेण तिखंडिया विसंभिया अम्हे संमिलिया मुसामोत्ति, तेहिं अन्नेवि अक्खाया जे तत्थ मुसगा, बहुया सुहतरागं मुसामोत्ति, तेहिं अन्नेवि अक्खाया, ताहे ते तेण चोरग्गाहेण मिलिऊण सव्वेऽवि मारिया । एवं अहम्मजुत्तं ण भाणियव्वं, ण य कायव्वंति । इदं तावल्लौकिकम्, अनेन लोकोत्तरमपि चरणकरणानुयोगं चाधिकृत्य**

सूचितमवगन्तव्यम्, 'एकग्रहणे तज्जातीयग्रहण'मिति न्यायात् । तत्र चरणकरणानुयोगेन 'णेवं अहम्मजुत्तं कायव्वं किंचि भाणियव्वं वा । थोवगुणं बहुदोसं विसेसओ ठाणपत्तेणं ॥१॥ जम्हा सो अन्नेसिंपि आलंबणं होइ' । द्रव्यानुयोगे तु– 'वादम्मि तहारूवे विज्जाय बलेण पवयणट्ठाए । कुज्जा सावज्जं पिहु जह मोरीणउलिमादीसु ॥१॥ सो परिवायगो विलक्खीकओ त्ति' । उदाहरणदोषता चास्याधर्मयुक्तत्वादेव भावनीयेति । गतमधर्मयुक्तद्वारम्,

---

ટીકાર્થ : તદ્દોષમાં પ્રથમ ઉદાહરણ અધર્મયુક્ત = પાપસંબદ્ધ ઉદાહરણ છે.

બીજું ઉદાહરણ પ્રતિકૂલ નામે છે.

જેમાં આત્માનું જ પોતાનું જ તેવા પ્રકારે નિવેદન થઈ જાય તે આત્મોપન્યાસ ત્રીજું છે.

જેમાં દુષ્ટ = દોષયુક્ત નિગમન થાય તે ચોથું છે.

ઉપન્યાસનાં ક્રમ પ્રમાણે આ ચારેયનાં ભાવાર્થને ઉદાહરણો વડે દેખાડે છે.

એમાં અધર્મયુક્તમાં નલદામ વણકર લૌકિક ઉદાહરણ `

આ ગાથાનો અક્ષરાર્થ થયો.

આ ગાથામાં જે **अहम्मजुत्तंमि नलदामो** એ છેલ્લો ભાગ છે, તેનો અર્થ કથાનક દ્વારા જાણવો. તે કથાનક આ છે.

ચાણક્યે નંદને ગાદી ઉપરથી ઉઠાડી મૂક્યો અને ચંદ્રગુપ્તને રાજા તરીકે સ્થાપિત કર્યો. આ બધું જ આવશ્યકમાં શિક્ષાવિષયમાં કહેલું જ છે. એ પ્રમાણે અહીં પણ સમજી લેવું એમાં ઉપયોગી પદાર્થ આ છે કે ત્યાં નંદસંબંધી માણસોની સાથે કોટવાલ ભળી ગયો, બેય ભેગા મળી નગરને લુંટે છે. ચાણક્ય પણ બીજા કોટવાલને નીમવાની ઈચ્છાવાળો બન્યો, તે ત્રિદંડ-ત્રિશુલ લઈને પરિવ્રાજકનો વેષ પહેરીને નગરમાં પ્રવેશ્યો. નલદામ નામના વણકરની પાસે પહોંચ્યો. વણકર કાપડ વણવાની શાળામાં બેઠેલો હતો. તેને દીકરાને મંકોડાઓએ ચટકા ભર્યા. તે વણકરે (દેખાતા મંકોડા મારવાને બદલે) મંકોડાઓનું દર જ ખોદી નાંખીને બધા મંકોડા બાળી નાંખ્યા. ત્યારે ચાણક્ય કહે છે કે તું આ બધાને કેમ બાળી નાંખે છ? (જેણે ચટકા ભર્યા, એટલાને જ માર ને ?) વણકર કહે કે "જો આ મંકોડાઓ મૂલસહિત ખતમ ન કરાય તો ફરી પાછા ચટકા ભરનારા બને." ત્યારે ચાણકયે વિચાર્યું કે "મને કોટવાલ મળી ગયો. આ વણકર નંદનાં ચોરોને મૂલ સાથે ઉખેડી નાંખશે." એમ વિચારી એને કોટવાલ બનાવ્યો. તેણે ચોરોને વિશ્વાસમાં

લીધા કે "આપણે ભેગા મળીને ચોરી કરીએ" તે ચોરોએ ત્યાં બીજા જે ચોરો હતા, તેમને પણ આ વાત કરી. કે "આપણે ઘણા હશું તો વધુ સારી રીતે ચોરી કરી શકીશું." તે બીજા ચોરોએ પણ વળી અન્ય ચોરોને વાત કરી. આ રીતે બધા ચોરો ભેગા થયા એટલે કોટવાલે એકસાથે બધાને મારી નાંખ્યા.

આવું અધર્મયુક્ત દૃષ્ટાન્ત સાધુએ બોલવું ન જોઈએ અને સ્વયં આવું અધર્મયુક્ત કાર્ય કરવું ન જોઈએ.

આ તો લૌકિક અધર્મયુક્ત દર્શાવ્યું.

આના વડે લોકોત્તર ચરણકરણાનુયોગને આશ્રયીને સૂચિત થઈ ગયેલું જાણવું, ભલે મૂળગાથામાં દર્શાવ્યું ન હોય. કેમકે એવો ન્યાય છે કે એકવસ્તુના ગ્રહણમાં તેને સમાનજાતીયનું પણ ગ્રહણ થઈ જાય." પ્રસ્તુતમાં લૌકિકદૃષ્ટાન્તમાં તદ્દોષદૃષ્ટાન્તત્વ રહેલ છે અને લોકોત્તર વક્ષ્યમાણ દૃષ્ટાન્તમાં પણ તે જ ધર્મ રહેલો છે. આમ આ ધર્મને લઈને બેય સમાનજાતીય બની ગયેલા છે. એટલે લૌકિકનું કથન કર્યું. તેમાં લોકોત્તર તદ્દોષનું પણ સૂચન થઈ જ ગયેલું સમજી શકાય છે.

તેમાં ચરણકરણાનુયોગ વડે તદ્દોષદૃષ્ટાન્ત આ પ્રમાણે સમજવું કે "આ પ્રમાણે કંઈપણ, અધર્મયુક્ત વસ્તુ સાધુએ કરવી નહિ કે બોલવી નહિ કે જેમાં ગુણ થોડા છે અને દોષો ઘણાં છે. એમાં પણ જે સ્થાનપ્રાપ્ત વ્યક્તિ છે. ઊંચા સ્થાને બેઠેલો છે એણે તો વિશેષતઃ આ અધર્મયુક્ત કામ કરવા નહિ કે બોલવા નહિ. કેમકે એ ઊંચા સ્થાને બેઠેલો હોવાથી બીજાઓને પણ આલંબનભૂત બનતો હોય છે.

દ્રવ્યાનુયોગમાં તદ્દોષદૃષ્ટાન્ત આ પ્રમાણે કે તેવા પ્રકારના વાદમાં પ્રવચન-શાસનને માટે વિદ્યાનાં બળ વડે સાવદ્ય પણ કરવું. જેમ મોરલી-નોળીયા વગેરે વડે તે પરિવ્રાજક વિલખો કરાયો. (રોહગુપ્તે પરિવ્રાજકને વાદમાં હરાવ્યો એટલે એણે સર્પાદિ છોડયા હતાં સામે રોહગુપ્તે મોરલી, નોળીયા વગેરે છોડી એની વિદ્યાને નિષ્ફળ બનાવી. આમ થવાથી એ બિચારો વિલખો પડી ગયો. આમાં સાવદ્યક્રિયા થઈ છતાં એ શાસન માટે હોવાથી અપવાદમાર્ગે દોષરૂપ નથી.)

આની ઉદાહરણદોષતા તો અધર્મયુક્ત હોવાના કારણે જ છે એ વિચારી લેવું.

અધર્મયુક્તદ્વાર પૂર્ણ થયું.

---

**अधुना प्रतिलोमद्वारावयवार्थव्याचिख्यासयाऽऽह—**

पडिलोमे जह अभओ पज्जोयं हरइ अवहिओ संतो । गोविंदवायगोऽविय जह परपक्खं

नियत्तेइ ॥८२॥

હવે પ્રતિલોમદ્વારનાં અવયવાર્થનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાથી કહે છે કે –

નિર્યુક્તિ ૮૨ ગાથા ' પ્રતિલોમમાં જે પ્રમાણે અપહરણ કરાયેલો અભય પ્રદ્યોતનું અપહરણ કરે છે. તથા જે રીતે ગોવિંદવાચક પણ પરપક્ષને દૂર કરે છે.

व्याख्या–'प्रतिलोमे' उदाहरणदोषे यथा 'अभयः' अभयकुमारः प्रद्योतं राजानं हृतवान् अपहृतः सन्निति, एतद् ज्ञापकम्, इह च त्रिकालगोचरसूत्रप्रदर्शनार्थो वर्त्तमाननिर्देश इत्यक्षरार्थः । भावार्थः कथानकादवसेयः, तच्च यथाऽऽवश्यके शिक्षायां तथैव द्रष्टव्यमिति । एवं तावल्लौकिकं प्रतिलोमं, लोकोत्तरं तु द्रव्यानुयोगमधिकृत्य सूचयन्नाह–'गोविंदे'त्यादि गाथादलम्, अनेन चरणकरणानुयोगमप्यधिकृत्य सूचितमवगन्तव्यम्, आद्यन्तग्रहणे तन्मध्यपतितस्य तद्ग्रहणेनैव ग्रहणात्, तत्र चरणकरणे 'णो किंचि य पडिलोमं कायव्वं भवभएणमण्णेसिं । अविणीयसिक्खगाण उ जयणाइ जहोचिअं कुज्जा ॥१॥' द्रव्यानुयोगे तु गोपेन्द्रवाचकोऽपि च यथा परपक्षं निवर्त्तयतीत्यर्थः । सो य किर तच्चण्णिओ आसि, विणा( ण्णा )सणणिमित्तं पव्वइओ, पच्छा भावो जाओ, महावादी जात इत्यर्थः । सूचकमिदम्, अत्र च–दव्वट्ठियस्स पज्जवणयट्ठियमेयं तु होइ पडिलोमं । सुहदुक्खाइअभावं इयरेणियरस्स चोइज्जा ॥१॥ अण्णे उ दुट्ठवादिम्मि, किंचि बूया उ किल पडिकूलं । दोरासिपइण्णाए तिण्णि जहा पुच्छ पडिसेहो ॥२॥ उदाहरणदोषता त्वस्य प्रथमपक्षे साध्यार्थासिद्धेः, द्वितीयपक्षे तु शास्त्रविरुद्धभाषणादेव भावनीयेति गाथार्थः ॥ गतं प्रतिलोमद्वारम्,

ટીકાર્થ : પ્રતિલોમ નામનું જે ઉદાહરણદોષદ્વાર છે, તેમાં આ દષ્ટાન્ત છે કે અપહરણ કરાયેલા અભયે પ્રદ્યોતરાજાનું અપહરણ કર્યું.

અહીં સમજી લેવું કે નિર્યુક્તિકારનાં વખતમાં તો આ દષ્ટાન્ત બની ચૂક્યું હોવાથી ખરેખર हरइ શબ્દ ન લખાય. કેમકે આ વર્તમાનકાળનું રૂપ છે. જયારે નિર્યુક્તિકાર વખતે આ ક્રિયા ભૂતકાળ બની ચૂકી હતી. છતાં વર્તમાનકાળનો નિર્દેશ કરેલો છે, તે એવું દેખાડવા માટે કે સૂત્ર ત્રિકાળવિષયક હોય છે. અર્થાત્ ત્રણેય કાળ સૂત્રને માટે જાણે સાક્ષાત્ સામે જ રહેલા છે. એટલે જેમ વર્તમાનપ્રસંગ માટે વર્તમાનપ્રયોગ કરાય એમ ભૂત-ભાવી પ્રસંગો પણ સૂત્ર માટે વર્તમાનસંદેશ હોવાથી વર્તમાનકાળપ્રયોગ કરી શકાય.

આ કથાનકનો ભાવાર્થ કથાનકથી જાણવો. અને તે કથાનક તો જે રીતે

આવશ્યકવૃત્તિમાં શિક્ષાનિરૂપણમાં કહ્યું છે, તે જ પ્રમાણે જાણવું.

આમ આ તો લૌકિક પ્રતિલોમ દષ્ટાન્ત બતાવ્યું. હવે દ્રવ્યાનુયોગને આશ્રયીને લોકોત્તર દષ્ટાન્તનું સૂચન કરતાં **गोविंद...** એ ગાથાદલને કહ્યું છે. આના વડે ચરણકરણાનુયોગને આશ્રયીને પણ દષ્ટાન્ત સૂચિત થયેલું જાણી લેવું. આના વડે ચરણકરણાનુયોગને આશ્રયીને પણ દષ્ટાન્ત સૂચિત થયેલું જાણી લેવું. કેમકે આદિ-પ્રથમ એવા લૌકિકદષ્ટાન્તનું અને અન્તિમ એવા દ્રવ્યાનુયોગ લોકોત્તરદષ્ટાન્તનું ગ્રહણ કરીએ એટલે તે બેની વચ્ચેમાં રહેલા ચરણકરણાનુયોગનું પણ તે બેનાં ગ્રહણથી જ ગ્રહણ થઈ જાય. (અત્યાર સુધી બધે (૧) લૌકિક (૨) ચરણ... (૩) દ્રવ્યાનુયોગ એ ક્રમથી જ દષ્ટાન્તો દેખાડેલા છે, એટલે ચરણદષ્ટાન્ત મધ્યમાં જ રહેલું છે...)

તેમાં ચરણકરણમાં આ પ્રમાણે પ્રતિલોમ દષ્ટાન્ત છે કે સંસાર વધી જવાના ભયને લીધે જ અન્યજીવો પ્રત્યે કંઈપણ પ્રતિકૂલ કાર્ય કરવું નહિ. હા ! જે અવિનયી શિક્ષકો = નૂતન દીક્ષિતાદિઓ હોય તેમને વિનય શીખવાડવા માટે યતનાપૂર્વક યથોચિત પ્રતિકૂલકાર્ય પણ કરવું."

દ્રવ્યાનુયોગમાં તો જે રીતે ગોપેન્દ્રવાચક પરપક્ષને નિવર્તાવે છે. અર્થાત્ પરપક્ષનો ત્યાગ કરી સ્વપક્ષનો સ્વીકાર કરે છે... તે દષ્ટાન્ત સમજવું.

તે ખરેખર બૌદ્ધ હતો, પરંતુ શાસનનો વિનાશ કરવા માટે (કે પછી વિશિષ્ટજ્ઞાનની પ્રાપ્તિ માટે) એણે દીક્ષા લીધી, પાછળથી એને સાચો ભાવ પ્રગટયો. એ મહાવાદી થયો. (અહીં એ પોતાના બૌદ્ધમતને પ્રતિકૂલ બન્યો એટલે પ્રતિલોમ દષ્ટાન્ત ગણાય.)

આ દષ્ટાન્ત સૂચક છે.

આમાં આ પણ સમજવું કે દ્રવ્યાસ્તિકનયને માટે આ પર્યાયાસ્તિકનય એ પ્રતિકૂલ છે. એમાં ઈતર નય વડે = બેમાંથી કોઈપણ નય વડે ઈતરનયને = બેમાંથી કોઈપણ નયને સુખ-દુઃખાદિનો અભાવ થયાની આપત્તિ આપવી. (દ્રવ્યાસ્તિકનય માત્ર દ્રવ્યને માને, તેને નિત્ય માને... એને સમજાવવા માટે કહેવાય કે "આવી રીતે એકાન્તનિત્ય દ્રવ્ય માનશો તો સુખ,દુઃખ વગેરે પદાર્થો સંગત નહિ થાય." તથા પર્યાયાસ્તિકનય માત્ર પર્યાયને માને, તેને અનિત્ય માને એને સમજાવવા માટે કહેવાય કે "આવી રીતે એકાન્ત અનિત્ય પર્યાય જ માનશો તો સુખદુઃખાદિ પદાર્થો સંગત નહિ થાય."

જયારે દ્રવ્યાસ્તિકનયનું ખંડન કરવું હોય ત્યારે પર્યાયાસ્તિકનયનો જ આશરો લેવો પડે અને જયારે પર્યાયાસ્તિકનયનું ખંડન કરવું હોય ત્યારે દ્રવ્યાસ્તિકનયનો આશરો લેવો

नमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स

न मो ऽ त्थु त स्स जि न शा स ना य

પડે. આમ એકબીજા વડે એકબીજાનું ખંડન થાય.)

આ વિષયમાં કેટલાંક આચાર્યો આ પ્રમાણે પણ પ્રતિલોમદૃષ્ટાન્ત દર્શાવે છે કે જો વાદી દુષ્ટ હોય તો એને હરાવવા માટે કંઈક પ્રતિકૂલ = જૈનશાસ્ત્રવિરુદ્ધ પણ બોલવું પડે. જેમ પરિવ્રાજકે વાદમાં એવી પ્રતિજ્ઞા કરી કે "બે રાશિ = પદાર્થો છે, જીવ અને અજીવ." ત્યારે રોહગુપ્તે "ત્રણરાશિ છે, જીવ, અજીવ અને નોજીવ." એમ પ્રતિજ્ઞા કરવી પડી. એમાં પછી નોજીવ અંગે જેટલાં જેટલા પ્રશ્નો થયા, એ બધાનો પ્રતિષેધ કરીને નોજીવની કુતર્કો વડે પણ સિદ્ધિ કરીને શાસન-અપભ્રાજના અટકાવી. (પરિવ્રાજકે વિચાર્યું કે "વાદમાં જૈનસાધુ ખૂબ જ ચતુર હોય છે. એટલે મારા પદાર્થોને તો તોડી જ નાંખશે પણ જો હું જૈનમાન્ય પદાર્થ જ મારી પ્રતિજ્ઞારૂપે જાહેર કરું તો તો એ જૈનસાધુ મારી એ વાતને તોડી નહિ શકે..." એટલે એણે જૈનમાન્ય બે રાશિની પ્રરૂપણા કરી. હવે જો રોહગુપ્ત એને ન હરાવે તો શાસન અપભ્રાજના થાય એટલે એને હરાવવા માટે રોહગુપ્તે નોજીવની પ્રરૂપણા કરી...)

આ બંને દૃષ્ટાન્તોની ઉદાહરણ દોષતા છે. તેમાં પ્રથમપક્ષમાં સાધ્યાર્થની સિદ્ધિ ન થતી હોવાથી ઉદાહરણદોષતા છે. અને બીજા પક્ષમાં તો શાસ્ત્રવિરુદ્ધ ભાષણ હોવાથી જ ઉદાહરણદોષતા વિચારી લેવી.

(એકબીજાનય વડે એકબીજાનયનું ખંડન એ પ્રથમપક્ષ છે. એમાં બંનેયનાં ખંડન થાય છે, પરંતુ એટલા માત્રથી સુખદુઃખાદિ રૂપ સાધ્યાર્થની સિદ્ધિ થતી નથી. ઉલટું એમ થાય કે 'જો બેમાંથી એકેયમાં સુખદુઃખાદિ સંગત નથી થતાં, તો સુખદુઃખાદિ પદાર્થો જ અસત્ હશે' એટલે આમાં સાધ્યાર્થની સિદ્ધિ ન થવા રૂપ મોટો દોષ છે.

**अण्णे उ...** ગાથા એ બીજો પક્ષ છે. એમાં શાસ્ત્રવિરુદ્ધ ભાષણ છે, એટલે ઉદાહરણદોષતા સ્પષ્ટ છે. અલબત્ત અપવાદમાર્ગે એ કરવાની રજા આપી છે. પરંતુ સ્વરૂપથી તો એ ઉદાહરણદોષ કહેવાય જ.)

પ્રતિલોમદ્વાર પૂર્ણ થયું.

---

**इदानीमात्मोपन्यासद्वारं विवृण्वन्नाह –**

**अत्तउवन्नासंमि य तलागभेयंमि पिंगलो थवई ।**

---

હવે આત્મોપન્યાસદ્વારનું વર્ણન કરતાં કહે છે કે –

**નિર્યુક્તિ ૮૩ પૂર્વાર્ધ :** આત્મોપન્યાસમાં તળાવભેદમાં પિંગલ સ્થપતિ ઉદાહરણ છે.

व्याख्या—आत्मन एवोपन्यासो-निवेदनं यस्मिंस्तदात्मोपन्यासं तत्र च तडागभेदे पिङ्गलस्थपतिः उदाहरणमित्यक्षरार्थः ॥ भावार्थः कथानकगम्यः, तच्चेदम्-इह एगस्स रण्णो तलागं सव्वरज्जस्स सारभूअं, तं च तलागं वरिसे वरिसे भरियं भिज्जइ, ताहे राया भणइ-को सो उवाओ होज्जा ? जेण तं न भिज्जेज्जा, तत्थ एगो कविलओ मणूसो भणइ-जइ नवरं महाराय ! इत्थ पिंगलो कविलियाओ से दाढियाओ सिरं से कविलियं सो जीवंतो चेव जंमि ठाणे भिज्जइ तंमि ठाणे णिक्खमइ, तो णवरं ण भिज्जइ, पच्छा कुमारामच्चेण भणियं-महाराय ! एसो चेव एरिसो जारिसयं भणइ, एरिसो णत्थि अन्नो, पच्छा सो तत्थेव मारेत्ता निक्खित्तो । एवं एरिसं न भाणियव्वं जं अप्पवहाए भवइ। इदं लौकिकम्, अनेन च लोकोत्तरमपि सूचितम्, एकग्रहणे तज्जातीयग्रहणात्, तत्र चरणकरणानुयोगे नैवं ब्रूयात् यदुत—'लोइयधम्माओविहु जे पब्भट्ठा णराहमा ते उ । कह दव्वसोयरहिया धम्मस्साराहया होंति ? ॥१॥ इत्यादि । द्रव्यानुयोगे पुनरेकेन्द्रिया जीवाः, व्यक्तोच्छ्वासनिश्वासादिजीवलिङ्गसद्भावात्, घटवत्, इह ये जीवा न भवन्ति न तेषु व्यक्तोच्छ्वासनिश्वासादिजीवलिङ्गसद्भावो, यथा घटे, न च तथैतेष्वसद्भाव इति, तस्माज्जीवा एवैत इति, अत्रात्मनोऽपि तद्रूपाऽऽपत्त्यात्मोपन्यासत्वं भावनीयमिति । उदाहरणदोषता चास्यात्मोपघातजनकत्वेन प्रकटार्थैवेति न भाव्यते । गतमात्मोपन्यासद्वारम्,

---

ટીકાર્થ : જે દૃષ્ટાન્તમાં આત્માનું જ = પોતાનું જ નિવેદન થાય તે આત્મોપન્યાસ ઉદાહરણ કહેવાય. તેમાં તળાવનાં ભેદ વિશે પિંગલ સ્થપતિ ઉદાહરણ છે. આ પ્રમાણે અક્ષરાર્થ થયો. (પીળા-પીળા વર્ણવાળો હોય તે પિંગલ કહેવાય અને બાંધકામ, સમારકામાદિ કાર્ય કરનારો હોય તે સ્થપતિ કહેવાય.)

ભાવાર્થ કથાનકથી જાણવા યોગ્ય છે.

તે આ છે. અહીં એક રાજાનું તળાવ આખા રાજયનાં સારભૂત હતું. પણ દરેકેદરેક વર્ષે એ તળાવ પાણી વડે ભરવામાં આવતું અને તૂટી જતું. (તળાવ તૂટે એટલે બધું પાણી નીકળી જાય..) ત્યારે રાજા કહે છે કે "એવો કયો ઉપાય હોઈ શકે ? કે જેનાથી આ તળાવ તૂટી ન જાય." ત્યાં એક કપિલક મનુષ્ય હતો (પીળાવર્ણવાળો મનુષ્ય હતો.) તે કહે છે કે "મહારાજ ! જે માણસ પીળા વર્ણવાળો હોય, જેના મૂછ-દાઢી પીળા હોય, જેનું મસ્તક પીળું હોય, તે જો જે સ્થાને તળાવ તૂટે છે, તે સ્થાને જીવતો જ નાંખી દેવામાં આવે, દાટી દેવામાં આવે તો પછી એ તળાવ તૂટે નહિ."

પછી કુમારમંત્રીએ કહ્યું કે "મહારાજ ! એવા પ્રકારનો માણસ તો આ જ છે કે જેવા પ્રકારનો માણસ આ વર્ણવે છે. આના જેવો પુરુષ બીજો નથી." પછી તે માણસને ત્યાં જ મારી નાંખીને દાટવામાં આવ્યો. આમ આવા પ્રકારનું ન બોલવું કે જે આપણાં જ વધ માટે થાય.

આ લૌકિક છે.

આના વડે લોકોત્તર પણ સૂચિત થઈ ગયેલું જાણવું. કેમકે એકના ગ્રહણમાં તજ્જાતીયનું ગ્રહણ થઈ જાય. તેમાં ચરણકરણાનુયોગમાં આ પ્રમાણે ન બોલવું કે "જેઓ લૌકિકધર્મથી પણ ભ્રષ્ટ થયેલા છે, તે નરાધમો છે. દ્રવ્યશૌચ = સ્નાન વિનાનાં જીવો શી રીતે ધર્મના આરાધક બને." (આમાં જૈન સાધુઓ પણ સ્નાનરહિત હોવાથી ધર્મના અનારાધક, નરાધમ માનવા પડે... માટે આ આત્મોપન્યાસ છે.)

દ્રવ્યાનુયોગનાં વિષયમાં કોઈ આ પ્રમાણે કહે કે

એકેન્દ્રિયો જીવ છે. વ્યક્ત=સ્પષ્ટ ઉચ્છ્વાસનિશ્વાસાદિરૂપ જીવલિંગોનો સદ્ભાવ હોવાથી. જેમકે ઘટ. (આ દૃષ્ટાન્ત વ્યતિરેક વ્યાપ્તિમાં લેવાનું છે.) અહીં જેઓ જીવ નથી, તેઓમાં વ્યક્ત ઉચ્છ્વાસ-નિશ્વાસાદિરૂપ જીવલિંગોનો સદ્ભાવ હોતો નથી, જેમકે ઘટમાં. (ઘટમાં જીવત્વ નથી, તો વ્યક્તશ્વાસાદિ પણ નથી.) પણ એકેન્દ્રિયોમાં તે રીતે જીવલિંગોનો અસદ્ભાવ નથી, અર્થાત્ એકેન્દ્રિયમાં વ્યક્તોચ્છ્વાસાદિ છે. માટે એકેન્દ્રિયો જીવ જ છે.

(અનુમાનનો આકાર આ પ્રમાણે થશે કે

**एकेन्द्रियाः जीवाः व्यक्तोच्छ्वासादिजीवलिङ्गवत्त्वात्**

**यत्र व्यक्तोच्छ्वासादिमत्त्वं तत्र जीवत्वं यथा मनुष्ये**

**यत्र जीवत्वाभावः तत्र व्यक्तोच्छ्वासाद्यभावः यथा घटे**

**व्यक्तोच्छ्वासादिमन्तश्च एकेन्द्रियाः**

**तस्मादेकेन्द्रियाः जीवाः )**

આ દૃષ્ટાન્ત આત્મોપન્યાસ એટલા માટે બને કે આમાં તો પોતાને પણ એકેન્દ્રિય રૂપ માનવાની આપત્તિ આપે.

(એકેન્દ્રિયો વ્યક્તોચ્છ્વાસાદિવાળા અને જીવરૂપ છે, એમ આપણે પણ એકેન્દ્રિય રૂપ માનવાની આપત્તિ આવે.

(એકેન્દ્રિયો વ્યક્તોચ્છ્વાસાદિવાળા અને જીવરૂપ છે, એમ આપણે પણ

વ્યક્તોચ્છ્વાસાદિવાળા અને જીવરૂપ છીએ, એટલે આપણે એકેન્દ્રિય જેવા જ બની ગયા ને ? તો પછી આપણે પણ એકેન્દ્રિય જ કહેવાઈએ ને ?.... અથવા તો આનો અર્થ એ પણ સંભવે છે કે એકેન્દ્રિયોમાં વ્યક્તોચ્છ્વાસાદિ ખરેખર તો દેખાતાં નથી છતાં તમે એને જીવ માનો છો, તો આનો અર્થ એ કે જીવ હોય અને વ્યક્તોચ્છ્વાસાદિ ન હોય તે શક્ય છે. તો આપણે પણ જીવ હોવા છતાં વ્યક્તોચ્છ્વાસાદિરહિત સિદ્ધ થઈ જઈએ. ઘટ પણ જીવરૂપ અને વ્યક્તોચ્છ્વાસાદિરહિત સિદ્ધ થઈ શકે.

**आत्मनोऽपि = घटस्यापि, तदरुपापत्त्या = जीवारुपापत्त्या** એમ અર્થ લઈએ તો ભાવાર્થ એ થાય કે એકેન્દ્રિયોમાં વ્યક્તોચ્છ્વાસાદિ ન હોવા છતાં જો તમે એને જીવ માનો છો, તો એ રીતે ઘટમાં પણ વ્યક્તોચ્છ્વાસાદિ ન હોવા છતાં એને અજીવરૂપ માનવો પડશે. આમ જે ઘટને અજીવ માનીએ છીએ, એને જ જીવ માનવાની આપત્તિ આવે...)

આની ઉદાહરણદોષતા તો પ્રગટ અર્થવાળી જ છે કેમકે આ તો આત્માનો જ ઉપઘાત ઉત્પન્ન કરનાર છે. એટલે અહીં ઉદાહરણદોષતાની વિચારણા કરાતી નથી.

આત્મોપન્યાસદ્વાર પૂર્ણ થયું.

---

**अधुना दुरुपनीतद्वारं व्याचिख्यासुराह –**

अणिमिसगिण्हण भिक्खुग दुरुवणीए उदाहरणं ॥८३॥

---

હવે દુરુપનીતદ્વારનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાવાળા કહે છે કે –

**નિર્યુક્તિ ૮૩ ઉત્તરાર્ધ : ગાથાર્થ :** દુરુપનીતમાં માછલાઓ પકડનાર ભિક્ષુ ઉદાહરણ છે.

---

**व्याख्या–अत्रानिमिषा-मत्स्यास्तद्ग्रहणे भिक्षुरुदाहरणम्, इदं च लौकिकम्, अनेन चोक्तन्यायाल्लोकोत्तरमप्याक्षिप्तं वेदितव्यमिति गाथादलाक्षरार्थः ॥ भावार्थः कथानकादवसेयः, तच्चेदम्-किल कोइ तच्चणिओ जालवावडकरो मच्छगवहाए चलिओ, धुत्तेण भण्णइ-आयरिय ! अघणा ते कंथा, सो भणइ जालमेतमित्यादि श्लोकादवसेयम्–'कन्थाऽऽचार्याघना ते ननु शफरवधे जालमश्नासि मत्स्यान् ?, ते मे मद्योपदंशान् पिबसि ननु ? युतो वेश्यया यासि वेश्याम् ? । कृत्वाऽरीणां गलेऽङ्घ्री क्व नु तव रिपवो ? येषु सन्धिं छिनद्मि, चौरस्त्वं ? द्यूतहेतोः कितव इति कथं ? येन दासीसुतोऽस्मि ॥' इदं लौकिकं, चरणकरणानुयोगे तु-इय सासणस्सऽवण्णो जायइ**

जेणं न तारिसं बूया । वादेवि उवहसिज्जइ निगमणओ जेण तं चेव ॥१॥ उदाहरणदोषता पुनरस्य स्पष्टैवेति । गतं दुरुपनीतद्वारं, मूलद्वाराणां चोहारणदोषद्वारमिति,

---

**ટીકાર્થ** : અહીં અનિમિષ એટલે માછલા. (પણ દેવ નહિ સમજવા.) તેનું ગ્રહણ કરવામાં ભિક્ષુ ઉદાહરણ છે. આ લૌકિક છે. આના વડે પૂર્વે દર્શાવેલ ન્યાયને અનુસારે (**एकग्रहणे...** એ ન્યાય) લોકોત્તર પણ આક્ષિપ્ત થયેલું - ખેંચાઈ આવેલું - સૂચવાઈ ગયેલું જાણવું.

આ ગાથાનાં અડધા ટુકડાનો અક્ષરાર્થ બતાવ્યો.

ભાવાર્થ કથાનકથી જાણવો.

તે કથાનક આ છે.

કોઈક બૌદ્ધભિક્ષુ હાથમાં જાળ લઈને માછલાઓનો વધ કરવા ચાલ્યો. ધુતારાએ એને કહ્યું કે "આચાર્ય ! તમારી કન્થા (ગોદડી-ગાદલું..) અઘન-કાણાઓવાળી છે. (ધૂતારો જાણે જ છે કે આ તો જાળ છે અને એ કાણાવાળી જ હોય. પણ એક ભિક્ષુ જાળ લઈને જાય છે, એટલે કટાક્ષમાં ધૂતારો આ વાત બોલ્યો.)

તે ભિક્ષુ કહે કે "આ જાળ છે" આ આખું કથાનક શ્લોકથી જાણવું.

તે આ પ્રમાણે -

ધૂતારો  આચાર્ય ! તમારી કન્થા અઘન-કાણાવાળી છે.

ભિક્ષુ  અરે ! આ કન્થા નથી. આ તો માછલાઓનો વધ કરવા માટેની જાળ છે.

ધૂતારો  તું માછલાઓ ખાય છે ?

ભિક્ષુ  (આમ તો નથી ખાતો પણ) દારૂની સાથે નાસ્તા તરીકે ખાઉં છું. (ઉપદંશ-નાસ્તો)

ધૂતારો  અરે ! તમે દારૂ પીઓ છો ?

ભિક્ષુ  (આમ તો નથી પીતો પણ) વેશ્યા ાથે હોઉં, ત્યારે દારૂ પીઉં છું.

ધૂતારો  તમે વેશ્યાગમન કરો છો ?

ભિક્ષુ  (આમ તો નથી કરતો પણ) શત્રુઓનાં ગળા પર પગ મૂકીને વેશ્યાગમન કરું. અર્થાત્ જ્યારે શત્રુવધ કરું, ત્યારે આનંદમાં વેશ્યાગમન કરું છુ.

ધૂતારો  તમારે વળી શત્રુઓ ક્યાં ?

ભિક્ષુ : (આમ તો શત્રુ ન હોય, પણ) જેઓનાં ઘરોમાં સંધિને છેદું એટલે કે ખાતર

પાડું, ચોરી કરું, તેઓ મારા શત્રુ બને.

ધૂતારો તું ચોર છે ?

ભિક્ષુ (આમ તો ચોર નથી, પણ) જુગાર રમવા માટે ચોરી કરવી પડે.

ધૂતારો તમે જુગારી છો ? એ કેવી રીતે ? શા માટે ?

ભિક્ષુ હું દાસીપુત્ર છું. (માટે જુગાર રમું જ ને ?)

ધૂતારો તમે દાસીપુત્ર છો ?

ભિક્ષુ મૂર્ખ ! તો શું કુલવાન માણસો બૌદ્ધભિક્ષુ બનતાં હશે ? બૌદ્ધભિક્ષુ તો દાસીપુત્ર જ હોય.)

આ લૌકિક દૃષ્ટાન્ત કહ્યું.

ચરણકરણાનુયોગમાં દુરુપનીત આ પ્રમાણે કે

આ પ્રમાણે જે વચન વડે શાસનનો અવર્ણવાદ થાય, તેવા પ્રકારનું વચન ન બોલવું. વાદમાં પણ જે નિગમન વડે = ઉપસંહાર વડે ઉપહાસપાત્ર થવાય = મશ્કરીપાત્ર બનાય, તે વચન ન બોલવું.

આની ઉદાહરણદોષતા સ્પષ્ટ જ છે. (વાદની વાત કરી, એ દ્રવ્યાનુયોગમાં સમજવી.)

દુરુપનીતદ્વાર પૂર્ણ થયું અને ચાર મૂલદ્વારોમાં ત્રીજું તદ્દોષ મૂલદ્વાર પૂર્ણ થયું.

---

**साम्प्रतमुपन्यासद्वारं व्याख्यायते, तत्राह –**

चत्तारि उवन्नासे तव्वत्थुग अन्नवत्थुगे चेव । पडिणिभए हेउम्मि य होंति इणमो उदाहरणा ॥८४॥

---

હવે ઉપન્યાસદ્વાર નામના ચોથા મૂલદ્વારનું વ્યાખ્યાન કરાય છે.

તેમાં કહે છે કે

નિર્યુક્તિ ૮૪ ગાથાર્થ ઉપન્યાસદ્વારમાં ચાર ભેદો છે. તદ્વસ્તુ, અન્યવસ્તુક, પ્રતિનિભ અને હેતુ. એ ચારેયમાં આ દૃષ્ટાન્તો છે.

---

**व्याख्या–चत्वारः '<u>उपन्यासे</u>' विचार्ये अधिकृते वा, भेदा भवन्ति इति शेषः, ते चामी-सूचनात् सूत्रमितिकृत्वा तथाधिकारानुवृत्तेश्च तद्वस्तूपन्यासस्तथा तदन्यवस्तूपन्यासः तथा प्रतिनिभोपन्यासः तथा हेतूपन्यासश्च । तत्रैतेषु भेदेषु भवन्ति**

'अमूनि' वक्ष्यमाणान्युदाहरणानीति गाथार्थः ॥ भावार्थस्तु प्रतिभेदं स्वयमेव वक्ष्यति निर्युक्तिकारः ।

---

**ટીકાર્થ :** ઉપન્યાસદ્વાર વિચારાય છે એમાં અથવા તો અત્યારે ઉપન્યાસદ્વાર અધિકૃત છે. (ક્રમશઃ તેનું જ વર્ણન કરવાનો અવસર આવેલો છે") એટલે એમાં ચાર ભેદો છે.

**भवन्ति** શબ્દ ગાથામાં નથી, એ બહારથી સમજી લેવો.

તે ચાર ભેદો આ છે કે તદ્વસ્તુઉપન્યાસ, તદન્યવસ્તુઉપન્યાસ, પ્રતિનિભ-ઉપન્યાસ, હેતુ-ઉપન્યાસ.

**પ્રશ્ન :** ગાથામાં તો તદ્વસ્તુક, અન્યવસ્તુ એમ જ લખેલું છે, ત્યાં તદ્વસ્તુ-ઉપન્યાસ એમ ઉપન્યાસ શબ્દ લખેલો નથી. તો પછી તમે શી રીતે તદ્વસ્તુઉપન્યાસ એમ ઉપન્યાસ શબ્દ જોડો છો ?

**ઉત્તર :** જુઓ ભાઈ ! સૂત્ર કંઈ બધું જ ન લખે, સૂત્રનું કામ માત્ર સૂચન કરવાનું હોય છે. માટે જ તો એ સૂત્ર કહેવાય છે. એટલે સૂત્રમાં તદ્વસ્તુક શબ્દ લખેલો છે એ સૂચનરૂપ છે. એના ઉપરથી આખું દ્વાર તો તદ્વસ્તુ-ઉપન્યાસ જ સમજવાનું છે.

વળી બીજી વાત એ કે અત્યારે ઉપન્યાસદ્વારનો જ અધિકાર ચાલી રહ્યો છે. એટલે અહીં ઉપન્યાસ શબ્દ ન લખેલો હોય તો પણ ઉપન્યાસનો જ અધિકાર ચાલી રહ્યો હોવાથી તદ્વસ્તુક શબ્દથી તદ્વસ્તુક-ઉપન્યાસ... એમ સમજી જ શકાય છે.

તેમાં આ ભેદોમાં આગળ કહેવાશે એ ઉદાહરણો છે.

આ ગાથાર્થ થયો.

ભાવાર્થ તો નિર્યુક્તિકાર દરેકે દરેક ભેદમાં જાતે જ કહેવાના છે.

---

**तत्राद्यभेदव्याचिख्यासयाऽऽह –**

**तव्वत्थुयंमि पुरिसो सव्वं भमिऊण साहइ अपुव्वं ।**

---

તેમાં પ્રથમભેદનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાથી કહે છે કે

**નિર્યુક્તિ ૮૪ :** પૂર્વાર્ધ ટીકાર્થથી સ્પષ્ટ થશે.

---

**अस्या व्याख्या**–'तद्वस्तुके' तद्वस्तूपन्यास इत्यर्थः, पुरि शयनात्पुरुषः 'सर्वं भ्रान्त्वा' सर्वमाहिण्ड्य किम् ?-कथयति अपूर्वम्, वर्त्तमाननिर्देशः पूर्ववदिति गाथादलार्थः ॥ भावार्थः कथानकादवसेयः, तच्चेदम्-एगम्मि देवकुले कप्पडिया

मिलिया भणंति-केण भे भमन्तेहिं किंचि अच्छेरियं दिट्ठं ?, तत्थ एगो कप्पडिगो भणइ-मए दिट्ठंति, जइ पुण एत्थ समणोवासओ नत्थि तो साहेमि, तओ सेसेहिं भणियं-णत्थित्थ समणोवासओ, पच्छा सो भणइ-मए हिंडंतेणं पुव्ववेतालीए समुद्दस्स तडे रुक्खो महइमहंतो दिट्ठो, तस्सेगा साहा समुद्दे पइट्ठिया, एगा य थले, तत्थ जाणि पत्ताणि जले पडंति ताणि जलचराणि सत्ताणि हवंति, जाणि थले ताणि थलचराणि हवंति, ते कप्पडिया भणंति-अहो अच्छेरयं देवेण भट्टारएण णिम्मियंति, तत्थेगो सावगो कप्पडिओ, सो भणइ-जाणि अद्धमज्झे पडंति ताणि किं हवंति ?, ताहे सो खुद्धो भणइ-मया पुव्वं चेव भणियं-जइ सावओ नत्थि तो कहेमि । एतेणं तं चेव पडणवत्थुमहिकिच्चोदाहरियं । एवं तावल्लौकिकम्, इदं चोक्तन्यायाल्लोकोत्तरस्यापि सूचकं, तत्र चरणकरणानुयोगे यः कश्चिद्विनेयः कञ्चनासद्ग्राहं गृहीत्वा न सम्यग्वर्त्तते स खलु तद्वस्तूपन्यासेनैव प्रज्ञापनीयः, यथा कश्चिदाह-"न मांसभक्षणे दोषो, न मद्ये न च मैथुने । प्रवृत्तिरेषा भूतानां, निवृत्तिस्तु महाफला ॥१॥" इदं च किलैवमेव युज्यते, प्रवृत्तिमन्तरेण निवृत्तेः फलाभावात्, निर्विषयत्वेनासम्भवाच्च, तस्मात्फलनिबन्धननिवृत्तिनिमित्तत्वेन प्रवृत्तिरप्यदुष्टैवेति, अत्रोच्यते, इह निवृत्तेर्महाफलत्वं किं दुष्टप्रवृत्तिपरिहारात्मकत्वेनाहोस्विददुष्टप्रवृत्तिपरिहारात्मकत्वेनेति ?, यद्याद्यः पक्षः कथं प्रवृत्तेरदुष्टत्वम्, अथापरस्ततो निवृत्तेरप्यदुष्टत्वात् तन्निवृत्तेरपि प्रवृत्तिरूपाया महाफलत्वप्रसङ्गः, तथा च सति पूर्वापरविरोध इति भावना । द्रव्यानुयोगे तु य एवमाह-एकान्तनित्यो जीवः अमूर्त्तत्वादाकाशवदिति, स खलु तदेवामूर्त्तत्वमाश्रित्य तस्योत्क्षेपणादावनित्ये कर्मण्यपि तावद्वक्तव्यः, कर्मामूर्त्तमनित्यं चेत्ययं वृद्धदर्शनेनोदाहरणदोष एव, यथाऽन्येषां साधर्म्यसमा जातिरिति । गतं तद्वस्तूपन्यासद्वारम्,

---

ટીકાર્થ : આ ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે છે.

तद्वस्तुके એમ લખેલું છે, એનો અર્થ સમજવાનો કે "तद्वस्तूपन्यासे" શરીરમાં રહેલ पुर् નામની નાડીમાં મનનો પ્રવેશ થઈ જવાથી જીવ ઉંઘી જાય છે. એટલે એ હકીકતને આધારે જીવને पुरुष કહેવાય છે. અથવા पुः = શરીર, पुरि शयनात्. શરીરમાં રહેતો હોવાથી પુરુષ. (આ નૈયાયિકાદિની પ્રસિદ્ધ માન્યતા છે.)

આ પુરુષ બધે જ ભમીને અપૂર્વને કહે છે.

અહીં कथयति એ વર્તમાનકાળનો નિર્દેશ કરેલો છે. એ પૂર્વની જેમ સમજી લેવો. (સૂત્ર ત્રિકાલવિષયક હોવાથી એમાં ભૂતકાળને માટે પણ વર્તમાનનો પ્રયોગ થઈ શકે...)

૮૪મી ગાથાના એક ટુકડાનો અર્થ થયો.

એનો ભાવાર્થ કથાનકથી જાણવો.

તે કથાનક આ છે.

એક દેવકુલમાં કાર્પટિકો (ભગવા વસ્ત્રો પહેરીને યાત્રા માટે બધે ફરનારાઓ) ભેગા થયેલા છે, તેઓ વાતો કરે છે કે "બોલો, બધે ભમતાં આપણામાંથી કોઈકે કંઈક આશ્ચર્ય જોયું છે." ત્યાં એક કાર્પટિક કહે છે કે મેં જોયુ છે. જો અહીં કોઈ શ્રમણોપાસક ન હોય તો એ આશ્ચર્ય કહું. તેથી બીજાઓએ કહ્યું કે "અહીં શ્રમણોપાસક (જૈનશ્રાવક) નથી." પછી તે કહે છે કે "ફરતા મેં પૂર્વવૈતાલિકામાં (તે સ્થાનમાં) સમુદ્રનાં કિનારે એક મોટું વૃક્ષ જોયું, તેની એક ડાળી સમુદ્રની ઉપર રહેલી છે અને એક ડાળી સ્થલ = જમીનની ઉપર રહેલી છે. તેમાં જે પાંદડાઓ ડાળી ઉપરથી પાણીમાં પડે છે તે પાંદડાઓ તે જલચરજીવો બને છે, જે પાંદડાઓ જમીન પર પડે છે તે સ્થલચરજીવો બને છે."

તે કાર્પટિકો બોલે છે કે અહો ! પૂજ્ય એવા આપે જબરું આશ્ચર્ય કર્યું. (જોયું)

ત્યાં એક શ્રાવક પણ કાર્પટિક હતો. તે કહે છે કે "જે પાંદડાઓ જલ અને જમીન બેયની અધવચ્ચે પડે છે, તે શું બને છે ?" ત્યારે ક્ષોભ પામેલો તે કાર્પટિક કહે છે કે "મેં પહેલાં જ કહેલું કે જો શ્રાવક ન હોય તો જ હું આશ્ચર્ય કહીશ." (નહિ તો નહિ કહું. આવી બુદ્ધિ સ્યાદ્વાદને જાણનાર... શ્રાવક પાસે જ હોય અને એનો જવાબ આપવાની મારી શક્તિ નથી... એ એનો ભાવ હતો.)

(શબ્દકોષમાં કાર્પટિકનો અર્થ લખ્યો છે કે ''ભગવો પહેરીને યાત્રા માટે ફરનાર." પણ અહીં તો શ્રાવકને પણ કાર્પટિક કહ્યો છે. એને ભગવો વેષ સંભવતો નથી. છતાં કોઈક કારણસર શ્રાવક ભગવો પહેરીને યાત્રા માટે નીકળ્યો હોય એમ સમજવું. અથવા તો પછી કાર્પટિક એટલે ગામડે ગામડે ફરી માલ વેંચી ધંધો કરનારા નાના-નાના વેપારીઓ... એમ અર્થ સંગત લાગે છે...)

અહીં શ્રાવકે પતન પામનારી તે જ વસ્તુને લઈને સામે ઉદાહરણ આપ્યું એટલે આ તદ્વસ્તુ ઉપન્યાસ કહેવાય. આશય એ છે કે કાર્પટિકે પાંદડાઓરૂપ વસ્તુનાં પતનને લઈને વાત શરુ કરી અને શ્રાવકે એજ પર્ણપતનને લઈને સામે પ્રશ્ન કર્યો. એટલે કે કાર્પટિકે

જે વસ્તુનો ઉપન્યાસ કર્યો, શ્રાવકે પણ એજ વસ્તુનો ઉપન્યાસ કર્યો, આમ તદ્વસ્તુ-ઉપન્યાસદ્વાર ઘટે છે.

આ તો લૌકિક દૃષ્ટાન્ત છે. આ દૃષ્ટાન્ત પૂર્વે કહેલા ન્યાયને અનુસારે લોકોત્તર તદ્વસ્તુઉપન્યાસદ્વારનું પણ સૂચક છે. (**एकग्रहणे तज्जातीयग्रहणं** એ ન્યાય આગળ દર્શાવેલો છે. અહીં તદ્વસ્તુઉપન્યાસત્વ જાતિને લઈને લૌકિક અને લોકોત્તર બેય દૃષ્ટાન્તો સજાતીય જ છે. એટલે લૌકિકનાં ગ્રહણમાં તજ્જાતીય લોકોત્તર તદ્વસ્તુઉપન્યાસનું પણ ગ્રહણ થઈ જાય.)

તે લોકોત્તરમાં ચરણકરણાનુયોગને વિશે તદ્વસ્તુઉપન્યાસ આ પ્રમાણે કે જે કોઈ શિષ્ય કોઈક કદાગ્રહને પકડી લઈને સારીરીતે વર્તતો ન હોય, તેને તે જ વસ્તુનાં ઉપન્યાસ વડે જ સમજાવવો.

**પૂર્વપક્ષ :** કોઈક શિષ્ય એમ કહે કે "માંસભક્ષણમાં, દારુમાં અને મૈથુનમાં દોષ નથી. આ તો જીવોની પ્રવૃત્તિ છે. હા! એ બધાની નિવૃત્તિ મહાફલવાળી ખરી." ખરેખર આ પદાર્થ આ પ્રમાણે જ સંગત થાય છે. કેમકે જીવો માંસભક્ષણાદિમાં પ્રવૃત્તિ જ ન કરતા હોય તો પ્રવૃત્તિ વિના નિવૃત્તિનાં ફલનો જ અભાવ થઈ જાય. વળી નિવૃત્તિ નિર્વિષયક બની જવાથી તેનો અસંભવ થાય. માટે માંસભક્ષણાદિ એ જીવોની પ્રવૃત્તિ છે. આ કારણસર ફલના કારણભૂત જે નિવૃત્તિ છે. તેના નિમિત્ત તરીકે પ્રવૃત્તિ પણ દોષરહિત-નિર્દોષ જ છે.

(ભાવાર્થ : માંસભક્ષણાદિ એ પાપ છે જ નહિ. એ તો જીવની સ્વાભાવિક પ્રવૃત્તિ છે. એમાં કશું ખોટું નથી. હા ! એનો ત્યાગ કરીએ તો મોટું ફલ મળે એ વાત સાચી. પણ એ માંસભક્ષણાદિ કરવાથી પાપ લાગે એમ ન બોલવું.

જો જીવની પ્રવૃત્તિ આ માંસભક્ષણાદિમાં હોત જ નહિ તો માંસભક્ષણનિવૃત્તિનું ફલ પણ ન જ હોત. કેમકે પ્રવૃત્તિ જ ન હોવાથી પહેલેથી જ નિવૃત્તિ જેવી જ અવસ્થા છે, એટલે પહેલેથી જ બધા ફલ મળી ચૂક્યા છે, તો નિવૃત્તિનું મોટું ફલ વળી કયું મેળવવાનું ? જેમ બિલકુલ દહીં ન ખાનાર છતાં શર્દીવાળા રોગીને અજાણ વૈદ્ય કહે કે "તમે દહીં છોડી દો તો મોટો લાભ થશે." તો રોગી કહેવાનો જ કે "હું દહીં ખાતો જ નથી. તો પછી એના ત્યાગ દ્વારા મોટો લાભ થવાની વાત સંભવિત જ નથી.." એમ અત્રે સમજવું.

વળી બીજી વાત એ કે માંસભક્ષણ ચાલુ હોય, તો તેનો ત્યાગ કરાય. આમ માંસભક્ષણત્યાગનો વિષય માંસભક્ષણ છે. પણ માંસભક્ષણપ્રવૃત્તિ હોય જ નહિ, તો તેનો

ત્યાગ કરવો શી રીતે શક્ય બને ? કેમકે ત્યાગનો વિષય જ ગેરહાજર છે. આમ જો જીવની માંસભક્ષણ પ્રવૃત્તિ જ ન માનો તો તેની નિવૃત્તિ જ નિર્વિષયક બનશે અને એટલે એ નિવૃત્તિનો અસંભવ થશે. એટલે પ્રવૃત્તિ એ નિવૃત્તિનું નિમિત્ત છે. હવે પ્રસ્તુતશ્લોકમાં તો કહ્યું છે કે 'નિવૃત્તિ મહાફલવાળી છે.' એટલે મહાફલનું કારણ નિવૃત્તિ છે. એ નક્કી થયું. અને એ નિવૃત્તિનું નિમિત્ત માંસભક્ષણપ્રવૃત્તિ છે. એટલે મોટા ફલનાં કારણભૂત નિવૃત્તિનું કારણ બનનાર માંસભક્ષણ પ્રવૃત્તિ નિર્દોષ જ ગણાય. જેમ સ્વસ્થતારૂપી ફલનાં કારણભૂત નિરોગીતા છે. તો એ નિરોગીતાનું કારણ દવાઓ નિર્દોષ જ ગણાય.)

ઉત્તરપક્ષ : અહીં નિવૃત્તિ મહાફલવાળી કહી છે તે કઈ અપેક્ષાએ ?

(૧) નિવૃત્તિ દુષ્ટપ્રવૃત્તિનાં ત્યાગરૂપ છે માટે મહાફલવાળી છે ? કે પછી

(૨) નિવૃત્તિ અદુષ્ટપ્રવૃત્તિનાં ત્યાગરૂપ છે માટે મહાફલવાળી છે ?

આમ બે પક્ષ છે.

તેમાં જો તમે પહેલો પક્ષ સ્વીકારો, તો એનો અર્થ થયો કે માંસભક્ષણપ્રવૃત્તિની નિવૃત્તિ એ દુષ્ટપ્રવૃત્તિની નિવૃત્તિરૂપ છે. એટલે કે માંસભક્ષણપ્રવૃત્તિ દુષ્ટપ્રવૃત્તિ છે. તો હવે તમે જ કહો કે એ પ્રવૃત્તિ અદુષ્ટ શી રીતે ? તમે જ એને દુષ્ટ માની લીધી ને ?

હવે જો બીજો પક્ષ સ્વીકારો તો એનો અર્થ એ થયો કે માંસભક્ષણપ્રવૃત્તિ અદુષ્ટપ્રવૃત્તિ છે, અને છતાં એનો ત્યાગ મહાફલવાળો છે. તો હવે માંસભક્ષણપ્રવૃત્તિની નિવૃત્તિ એ પણ એક પ્રકારની અદુષ્ટપ્રવૃત્તિ જ છે ને ? એટલે માંસભક્ષણપ્રવૃત્તિ નિવૃત્તિ (રૂપ અદુષ્ટપ્રવૃત્તિ)ની નિવૃત્તિ પણ મહાફલવાળી ગણાશે. માંસભક્ષણપ્રવૃત્તિનિવૃત્તિની નિવૃત્તિ એ તો માંસભક્ષણરૂપ જ છે. એટલે માંસભક્ષણપ્રવૃત્તિ પણ મહાફલવાળી ગણાશે.

ટૂંકમાં

માંસભક્ષણપ્રવૃત્તિ અદુષ્ટ છે. અને એની નિવૃત્તિ મહાફલવાળી છે, તો માંસભક્ષણપ્રવૃત્તિનો ત્યાગ અદુષ્ટ છે, તો એની નિવૃત્તિ = માંસભક્ષણ મહાફલવાળું સિદ્ધ થાય.

હવે જો આમ માનીએ કે માંસભક્ષણ પણ મહાફલવાળું અને એનો ત્યાગ પણ મહાફલવાળો તો આ તો પૂર્વાપરવિરોધ જ આવે છે. **निवृत्तिस्तु महाफला** એ શબ્દ દ્વારા તમે પ્રવૃત્તિ કરતાં નિવૃત્તિને મોટા ફલવાળી બતાવો છો અને અત્યારની તમારી વાતો પરથી તો બંને સરખા = મહાફલવાળા સિદ્ધ થયા. આમ તમારી પહેલાંની વાત અને અત્યારની વાત વચ્ચે સ્પષ્ટ વિરોધ આવે છે.

આ અહીં ભાવાર્થ છે.

(અહીં શિષ્યે માંસભક્ષણાદિ વસ્તુનો ઉપન્યાસ કરીને એને નિર્દોષ સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો, તો સામે ગુરુએ એ જ માંસભક્ષણાદિ વસ્તુનો ઉપન્યાસ કરીને એને દોષિત સિદ્ધ કર્યા. નવી કોઈ વસ્તુનો ઉપન્યાસ નથી કર્યો એટલે આ તદ્વસ્તુઉપન્યાસ કહેવાય.)

દ્રવ્યાનુયોગમાં તદ્વસ્તુઉપન્યાસ આ પ્રમાણે થશે કે જે વાદી એમ કહે કે **जीव** (પક્ષ) **एकान्तनित्यः** (સાધ્ય) **अमूर्तत्वात्** (હેતુ) **आकाशवत्** (દૃષ્ટાન્ત).

તે વાદી તે જ **अमूर्तत्व** હેતુને આશ્રયીને તે વાદીને અનિત્ય તરીકે માન્ય એવા ઉત્ક્ષેપણાદિ કર્મને વિશે કહેવા યોગ્ય છે.

આશય એ છે કે નૈયાયિકો જીવને એકાન્તનિત્ય માને છે, જ્યારે દડાની ઉપર જવાની ક્રિયા વગેરે રૂપ કર્મને તેઓ અનિત્ય માને છે. હવે **अमूर्तत्व** એટલે રૂપાદિરહિતત્વ. નૈયાયિકો એમ કહે કે "જીવ અમૂર્ત છે, માટે એકાન્તનિત્ય છે, જેમકે આકાશ." તો સામે કહેવું કે "ઉત્ક્ષેપણાદિ ક્રિયા પણ અમૂર્ત છે, માટે તે પણ એકાન્તનિત્ય માનવી પડશે." પણ ક્રિયા તો તેઓ અનિત્ય જ માને છે, એટલે આ રીતે "જે જે અમૂર્ત હોય તે બધુ એકાન્તનિત્ય હોય" એવી એમની વ્યાપ્તિ ખોટી પડે.

અહીં આ દ્રવ્યાનુયોગદૃષ્ટાન્તને તદ્વસ્તુઉપન્યાસ ગણેલું છે. પણ વૃદ્ધનાં મતે = ચૂર્ણિકારશ્રીનાં મતે તો આ ઉદાહરણ દોષ જ છે. જેમકે નૈયાયિકોનાં મતમાં સાધર્મ્યસમાન જાતિ એ ઉદાહરણદોષ છે. તેમ અત્રે પણ સમજવું.

(શ્રી જિનદાસગણિ મહત્તર એ વૃદ્ધ શબ્દથી લેવાના છે. દૃષ્ટાન્તના ચાર ભેદોમાં જે તદ્દોષ = ઉદાહરણદોષ નામનો ત્રીજો ભેદ છે, એ રૂપ આ પ્રસ્તુત દૃષ્ટાન્ત લેવું એમ અહીં ભાવાર્થ છે. વૃત્તિકારશ્રીએ આને તદ્વસ્તુઉપન્યાસ તરીકે લીધેલ છે. પૂર્વપક્ષે **अमूर्तत्व** હેતુનો ઉપન્યાસ કર્યો, સામે ઉત્તરપક્ષે એ જ હેતુનો ઉપન્યાસ કરી કર્મને નિત્ય માનવાની આપત્તિ આપી પૂર્વપક્ષનું ખંડન કર્યું.)

તદ્વસ્તુઉપન્યાસદ્વાર પૂર્ણ થયું.

---

**अधुना तदन्यवस्तूपन्यासद्वारमभिधातुकाम आह –**

तयअन्नवत्थुगंमिवि अन्नत्ते होइ एगत्तं ॥८४॥

---

હવે તદન્યવસ્તુઉપન્યાસદ્વારને કહેવાની ઈચ્છાવાળા કહે છે કે

નિર્યુક્તિ ૮૪ ઉત્તરાર્ધ : ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

व्याख्या–तदन्यवस्तुकेऽपि उदाहरणे, किम् ?–अन्यत्वे भवत्येकत्वमित्यक्षरार्थः । भावार्थस्त्वयम्–कश्चिदाह इह यस्य वादिनोऽन्यो जीवः अन्यच्च शरीरमिति, तस्यान्यशब्दस्याविशिष्टत्वात्तयोरपि तद्वाच्याविशिष्टत्वेनैकत्वप्रसङ्ग इति, तस्य जीवशरीरापेक्षया तदन्यवस्तूपन्यासेन परिहारः कर्त्तव्यः, कथम् ?, नन्वेवं सति सर्वभावानां परमाणुद्व्यणुकघटपटादीनामेकत्वप्रसङ्गः, अन्यः परमाणुरन्यो द्विप्रदेशिक इत्यादिना प्रकारेणान्यशब्दस्याविशिष्टत्वात्, तेषां च तद्वाच्यत्वेनाविशिष्टत्वादिति, तस्मादन्यो जीवोऽन्यच्छरीरमित्येतदेव शोभनमिति । एतद्द्रव्यानुयोगे, अनेन चेतरस्याप्याक्षेपः, तत्र चरणकरणानुयोगे 'न मांसभक्षण' इत्यादावेव कुग्राहे तदन्यवस्तूपन्यासेन परिहारः, कथम् ?, 'न हिंस्यात् सर्वाणि भूतानी'त्येतदेवं विरुध्यते इति । लौकिकं तु तस्मिन्नेवोदाहरणे तदन्यवस्तूपन्यासेन परिहारः–जहा जाणि पुण पाडिऊण पाडिऊण कोइ खाइ वीणेइ वा ताणि किं हवंति त्ति ?। गतं तदन्यवस्तूपन्यासद्वारम्,

**ટીકાર્થ :** "તદન્યવસ્તુક ઉદાહરણમાં પણ આ દૃષ્ટાન્ત છે કે અન્યત્વમાં એકત્વ છે" આ માત્ર અક્ષરાર્થ છે.

ભાવાર્થ તો આ છે કે કોઈક કહે છે કે - અહીં જે જૈનાદિ વાદીઓ એમ માને છે કે **'अन्यो जीवः अन्यच्च शरीरम्'**- 'જીવ અન્ય છે અને શરીર અન્ય છે.' તેઓને વાંધો એ આવશે કે જીવ અને શરીર એ બંને જગ્યાએ **अन्य** શબ્દ એક સરખો વપરાયેલો છે. અર્થાત્ જીવ માટે પણ **अन्य** શબ્દ અને શરીર માટે પણ **अन्य** શબ્દ વપરાયેલો છે. એટલે જીવ અને શરીર પણ અન્યશબ્દથી વાચ્ય તરીકે અવિશિષ્ટ- સમાન થઈ ગયા. તો એ જીવ અને શરીર એક બની જવાની આપત્તિ જૈનોને આવશે.

(આશય એ છે કે ઘટશબ્દ ઘટ માટે વપરાય, પણ પટ માટે ન વપરાય. કેમકે ઘટ અને પટ બે જુદી જુદી વસ્તુ છે. તેમ જો જીવ અને શરીર બે જુદા જુદા હોત તો **अन्य** શબ્દ જીવ માટે અથવા તો શરીર માટે બેમાંથી એક જ માટે વાપરી શકાય. પણ બંને માટે વાપરી ન શકાય. પરંતુ અહીં તો **अन्य** શબ્દ બંને માટે વપરાયેલો છે, એટલે એનાથી માનવું જ પડે કે ઘટ-પટ જેમ એક શબ્દથી વાચ્ય ન હોવાથી જુદા છે, એમ જીવ-શરીર જુદા નથી, કેમકે એ બે તો **अन्य** નામના એકજ શબ્દથી વાચ્ય છે.

**तस्यान्यशब्दस्याविशिष्टत्वात्तयोरपि...** આ જે પંક્તિ છે, એમાં **तस्य=वादिनः**

जैनस्य એમ અર્થ લેવો. तयोरपि માં જે अपि છે, તેનો અર્થ આ પ્રમાણે છે કે અન્ય શબ્દ જેમ જીવ અને શરીર બંને સ્થાને અવિશિષ્ટ છે, તેમ જીવ અને શરીર પણ અન્ય શબ્દથી વાચ્ય તરીકે અવિશિષ્ટ છે.)

આ પૂર્વપક્ષનું ખંડન જીવ અને શરીરની અપેક્ષાએ કોઈક ત્રીજી જ વસ્તુનો ઉપન્યાસ કરવા દ્વારા કરવું. એ ત્રીજી વસ્તુ-તદન્યવસ્તુ = જીવશરીરાન્યવસ્તુ કહેવાશે.

**પ્રશ્ન :** તે કેવી રીતે કરવું ?

**ઉત્તર :** હે પૂર્વપક્ષ ! જો આ રીતે **अन्यशब्दवाच्यत्व** ધર્મ જીવ અને શરીરમાં હોવાને લીધે એ બેને એક માની લેવાની આપત્તિ આવતી હોય તો તો પરમાણુ-દ્વ્યણુક-ઘટપટ વગેરે તમામ પદાર્થોને એક માની લેવાની આપત્તિ આવશે. કેમકે **अन्यः परमाणुः अन्यो द्विप्रादेशिकः** = પરમાણુ જુદો પદાર્થ છે, દ્વિપ્રાદેશિક સ્કંધ જુદો પદાર્થ છે... વગેરે પ્રકાર વડે અન્યશબ્દ તો બધે જ અવિશિષ્ટ છે. અને એ પરમાણ્વાદિ પદાર્થો પણ અન્યશબ્દવાચ્ય તરીકે અવિશિષ્ટ છે = સમાન છે. તો પછી બધા એકજ માનવાની આપત્તિ આવશે.

પણ જેમ બધા પદાર્થો અન્યશબ્દવાચ્ય હોવા છતાં એક નથી મનાતા, તેમ જીવ અને શરીર અન્યશબ્દવાચ્ય હોવા છતાં પણ એક ન મનાય. એટલે જ **"अन्यो जीवोऽन्यच्च शरीरम्"** આવું અમારું જે કથન છે, તે જ સારું છે. (જીવ અને શરીર આ બેનો ઉપન્યાસ પૂર્વપક્ષે કર્યો, ઉત્તરપક્ષે પરમાણુ-દ્વ્યણુકાદિ વસ્તુનો ઉપન્યાસ કર્યો એટલે તે તદન્યવસ્તુ-ઉપન્યાસ થશે.)

આ દૃષ્ટાન્ત દ્રવ્યાનુયોગમાં છે.

આનાથી ઈતરનો =ચરણકરણાનુયોગનો પણ આક્ષેપ = ગ્રહણ થઈ જાય છે.

તેમાં ચરણકરણાનુયોગમાં તદન્યવસ્તુ-ઉપન્યાસ આ પ્રમાણે કે

તદ્વસ્તુઉપન્યાસમાં **न मांसभक्षणे** એ જે શિષ્યનો કદાગ્રહ બતાવેલો , એ જ કદાગ્રહને વિશે તદન્યવસ્તુના ઉપન્યાસથી પરિહાર કરવો.

**પ્રશ્ન :** કેવી રીતે ?

**ઉત્તર :** એમને કહેવું કે જો માંસભક્ષણાદિમાં દોષ ન હોય. એમ માનશો તો **"न हिंस्यात् सर्वभूतानि"** એ શાસ્ત્રવચન સાથે વિરોધ આવશે. કેમકે અહીં તો તમામે તમામ જીવોને મારવાની ના કહી છે. માંસભક્ષણમાં તો હિંસા થવાની જ. એટલે બે પદાર્થ વિરોધવાળા બને. માટે માંસભક્ષણની વાત ખોટી છે. (અહીં પૂર્વપક્ષે માંસભક્ષણનો પાઠ આપ્યો, તો ઉત્તરપક્ષે એનાથી બીજો પાઠ આપ્યો એટલે તદન્યવસ્તુ-ઉપન્યાસ ગણાય.)

લૌકિક તદન્યવસ્તુઉપન્યાસ તો આ પ્રમાણે કે પૂર્વે જે તદ્વસ્તુમાં કાર્પટિકોની કથા કહેલી. એજ ઉદાહરણમાં તદન્યવસ્તુ-ઉપન્યાસથી કાર્પટિકનું ખંડન શ્રાવક કરે. દા.ત. શ્રાવક બોલે કે જે જે પાંદડાઓને પાડી પાડીને કોઈ ખાઈ જાય, અથવા તો જે પાંદડાઓને કોઈ વીણી લે તે પાંદડાઓ શું બને ? (અહીં કાર્પટિકે "પર્ણપતન"ની વાત કરેલી, પહેલાં તો શ્રાવકે પર્ણપતનને લઈને જ એને પ્રશ્ન કરેલો. જ્યારે અહીં પર્ણપતનને બદલે પર્ણભક્ષણ, પર્ણચયનને લઈને પ્રશ્ન કર્યો, એટલે આ તદન્યવંસ્તુ = પર્ણપતનભિન્ન પર્ણભક્ષણાદિ વસ્તુનો ઉપન્યાસ કહેવાય.)

તદન્યવસ્તુઉપન્યાસદ્વાર પૂર્ણ થયું.

---

**साम्प्रतं प्रतिनिभमभिधित्सुराह –**

तुज्झ पिया मह पिउणो धारेइ अणूणयं पडिनिभंमि ।

---

હવે પ્રતિનિભઉપન્યાસને કહેવાની ઈચ્છાવાળા ગ્રન્થકાર કહે છે કે

નિર્યુક્તિ-૮૫ પૂર્વાર્ધ : ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

---

**गाथादलम् । अस्य व्याख्या–तव पिता मम पितुर्धारयत्यनूनं शतसहस्रमित्यादि गम्यते । 'प्रतिनिभ' इति द्वारोपलक्षणम्, अयमक्षरार्थः, भावार्थः कथानकादवसेयः, तच्चेदम्-एगम्मि नगरे एगो परिव्वायगो सोवण्णएण खोरएण तहिं हिंडइ, सो भणइ-जो मम असुयं सुणावेइ तस्स एयं देमि खोरयं, तत्थ एगो सावओ, तेण भणिअं 'तुज्झ पिया मम पिउणो धारेइ अणूणयं सयसहस्सं । जइ सुयपुव्वं दिज्जउ अह न सुयं खोरयं देहि ॥१॥ इदं लौकिकम्, अनेन च लोकोत्तरमपि सूचितमवगन्तव्यम्, तत्र चरणकरणानुयोगे येषां सर्वथा हिंसायामधर्मः तेषां विध्यनशनविषयोद्रेकचित्त-भङ्गादात्महिंसायामपि अधर्म एवेति तदकरणम् । द्रव्यानुयोगे पुनरदुष्टं मद्वचनमिति मन्यमानो यः कश्चिदाह –'अस्ति जीव' इति, अत्र वद किञ्चित्, स वक्तव्यो यद्यस्ति जीवः एवं तर्हि घटादीनामप्यस्तित्वाज्जीवत्वप्रसङ्ग इति । गतं प्रतिनिभम्,**

---

ટીકાર્થ : ૮૫મી ગાથાનો આ એક અંશ છે. એની વ્યાખ્યા આ પ્રમાણે છે કે "પ્રતિનિભદ્વારમાં આ દૃષ્ટાન્ત છે કે "તારા પિતા મારા પિતાના સંપૂર્ણ=અન્યૂન લાખ રૂપિયા ધારે છે (દેવાદાર છે)" અહીં ગાથામાં **શતસહસ્ર** વગેરે કોઈ સંખ્યા લખી નથી, પણ એ સમજી લેવાની છે. ગાથામાં **पडिनिभंमि** એમ લખેલું છે, એ પ્રતિનિભદ્વારનું

ઉપલક્ષણ છે. અર્થાત્ એ શબ્દથી પ્રતિનિભદ્વારનો બોધ કરવો.

આ અક્ષરાર્થ છે.

ભાવાર્થ કથાનકથી જાણવો.

એ કથાનક આ છે.

એક નગરમાં એક પરિવ્રાજક સુવર્ણમય તાપસભાજન સાથે રાખીને ત્યાં ફરે છે. તે બોલે છે કે "મેં પૂર્વે કદિ ન સાંભળેલી હોય, એવી વાત જે મને સંભળાવશે, તેને હું આ સુવર્ણભાજન આપીશ." ત્યાં એક શ્રાવક હતો તેણે કહ્યું કે "તારા પિતા મારા પિતાના પૂરેપૂરા એક લાખ રૂપિયાના દેવાદાર છે. જો આ વાત તે પૂર્વ સાંભળેલી હોય તો એ ૧ લાખ રૂપિયા આપી દે. અને જો ન સાંભળી હોય તો મેં તને અશ્રુતવાત સંભળાવી એ બદલ આ સુવર્ણભાજન આપી દે."

(એ પરિવ્રાજક ચાલાક હતો. કોઈ ગમે તેવી નવી વાત કરે તો પણ છેલ્લે એકજ જવાબ આપતો કે "આ વાત તો મેં સાંભળેલી જ છે" એટલે એણે સુવર્ણભાજન આપવું ન પડતું. પણ શ્રાવકે એને ફસાવી દીધો. એ પરિવ્રાજક એમ કહે કે "શ્રાવક ! તારી આ વાત તો મેં પૂર્વે સાંભળેલી છે" તો એનો અર્થ એ કે પરિવ્રાજકનાં પિતા ૧ લાખ રૂ.નાં દેવાદાર છે. તો પછી પરિવ્રાજકે એ દેવું ચુકવવું પડે. અને જો એમ કહે કે "આ વાત મેં સાંભળી જ નથી" તો પછી પરિવ્રાજકે સુવર્ણભાજન આપી દેવું પડે.)

આ લૌકિક છે.

આનાથી લોકોત્તર પણ સૂચિત થયેલું જાણવું.

એમાં ચરણકરણાનુયોગમાં પ્રતિનિભદૃષ્ટાન્ત આ પ્રમાણે કે જેઓની એવી માન્યતા છે કે "હિંસા કોઈપણ પ્રકારે થાય, એ અધર્મ છે. અર્થાત્ સર્વથા=સર્વપ્રકારે હિંસા અધર્મ છે." તેઓને એ વાંધો આવશે કે વિષયોદ્રેકવાળા = વિષયાસક્તિવાળા ચિત્તનો ભંગ કરવા દ્વારા જે આત્મહિંસા થાય તેમાં પણ અધર્મ જ માનવો પડે અને તો પછી એ અનશન કરવું છોડી દેવું પડે.

જો મનમાં ખૂબ વાસના જાગે અને રહી જ ન શકાય તો એ વિષયોદ્રેકવાળું ચિત્ત કહેવાય. આવા વખતે વિધિપૂર્વક અનશન કરીને આ વિષયાસક્ત ચિત્તનો નાશ કરવાનો હોય છે. એ શાસ્ત્રમાન્ય પણ છે. ચતુર્થવ્રતભંગ કરવા કરતાં સમાધિથી કાળ કરી જવાની વાત શાસ્ત્રોએ કરેલી જ છે. પણ હવે આ રીતે વિધિ-અનશનથી વિષયાસક્ત ચિત્તનો

ભંગ કરે એમાં મૃત્યુ તો થવાનું જ. એટલે પૂર્વપક્ષ જો કોઈપણ પ્રકારની હિંસાને અધર્મ માને તો આ હિંસાને પણ અધર્મ જ માનવી પડે.

(અહીં **चित्तभङ्गात्** એમ એકવચન કરેલું છે, એટલે વિધિઅનશન-વિષયોદ્રેકચિત્તભંગ એમ બે વસ્તુ નહિ લેવાય. પણ ઉપરમુજબ આખી એકજ વસ્તુ લેવી.)

દ્રવ્યાનુયોગમાં પ્રતિનિભ દૃષ્ટાન્ત આ પ્રમાણે કે જે એવું માનતો હોય કે "મારું વચન દોષરહિત છે." અને એટલે જે એવું બોલે કે "**अस्ति जीवः** આ મારું વચન છે. આમાં કંઈક બોલો." (એટલે કે આમાં ભૂલ કાઢી બતાવો.)

તેને કહેવું કે જો **अस्ति** એ જીવ હોય તો ઘટ વગેરે પણ **अस्ति** હોવાથી એમને પણ જીવ માનવાની આપત્તિ આવશે.

(જેમ **जिनो देवः कृपा धर्मः** આવા વાક્યોનો અર્થ એમ થાય છે કે જે જિન હોય તે દેવ, જે કૃપા હોય તે ધર્મ. આના આધારે જે જે વસ્તુ જિન હોય એ બધી દેવ ગણાય. તો વીર, પાર્શ્વ વગેરે તીર્થંકરો જિન છે, માટે દેવ કહેવાય છે. એમ **अस्ति जीवः** નો અર્થ એવો પણ થાય કે જે જે **अस्ति** છે, તે બધાં જીવ છે. તો ઘટ, પટ વગેરે પદાર્થો **अस्ति** છે જ, બધાં માટે **अस्ति** શબ્દ વપરાય છે, તો બધાં જ પદાર્થો જીવ માનવાની આપત્તિ આવે. અથવા જીવને ઉદ્દેશીને અસ્તિત્વનું વિધાન છે તેને બદલે અસ્તિત્વને ઉદ્દેશીને જીવત્વનું વિધાન કરવામાં આપત્તિ આવવાની જ.)

(આ લૌકિક, લોકોત્તર બંનેમાં પ્રતિનિભ = વિરુદ્ધ દૃષ્ટાન્ત આ પ્રમાણે ઘટાવવું કે લૌકિકમાં પરિવ્રાજક બધી વસ્તુને પૂર્વે સાંભળેલી જ ગણતો. પણ શ્રાવકે એને એવી વાત કરી કે એમાં પરિવ્રાજક પૂર્વશ્રુત કે પૂર્વ-અશ્રુત બેયમાં ફસાય. આમ આ વિરુદ્ધ-પ્રતિનિભ કહી શકાય.

એમ બધી હિંસાને અધર્મ માનનારાને શાસ્ત્રમાન્ય હિંસા પણ અધર્મ માનવાની આપત્તિ, **अस्ति** ને જીવ કહેનારાને ઘટાદિ પદાર્થો પણ જીવ માનવાની આપત્તિ... પ્રતિનિભ સમજી શકાય છે.)

પ્રતિનિભ પૂર્ણ થયું.

---

**अधुना हेतुमाह –**

किं नु जवा किज्जंते ? जेण मुहाए न लब्भंति ॥८५॥

---

હવે હેતુને (હેતુ-ઉપન્યાસ) કહે છે.

નિર્યુક્તિ-૮૫ ઉત્તરાર્ધ : શબ્દાર્થ ટીકાર્થથી સ્પષ્ટ થશે.

---

व्याख्या–किं नु यवाः क्रीयन्ते ?, येन मुधा न लभ्यन्त इत्यक्षरार्थः । भावार्थस्त्वयम्–कोवि गोधो जवे किणाइ, सो अन्नेण पुच्छिज्जइ-किं जवे किणासि ?, सो भणइ-जेण मुहियाए ण लब्भामि । लौकिकमिदं हेतूपन्यासोदाहरणम्, अनेन च लोकोत्तरमप्याक्षिप्तमवगन्तव्यम्, तत् चरणकरणानुयोगे तावत् यद्याह विनेयः– किमितीयं भिक्षाटनाद्याऽतिकष्टा क्रिया क्रियते ?, स वक्तव्यो-येन नरकादिषु न कष्टतरा वेदना वेद्यत इति । द्रव्यानुयोगे तु यद्याह कश्चित्-किमित्यात्मा न चक्षुरादिभिरुपलभ्यते ?, स वक्तव्यो-येनातीन्द्रिय इति । गतं हेतुद्वारम्, तदभिधानाच्चोपन्यासद्वारम्, तदभिधानाच्चोदाहरणद्वारमिति ॥८५॥

---

ટીકાર્થ : શા માટે જવ ખરીદવામાં આવે છે ? કેમકે મફત નથી મળતા... આ અક્ષરાર્થ છે.

ભાવાર્થ આ છે.

કોઈક વેપારી જવ ખરીદે છે, બીજો માણસ એને પુછે કે "કેમ જવ ખરીદે છે ?" વેપારી કહે છે કે "જે કારણથી મફત નથી મળતાં, તે કારણથી ખરીદું છું."

આ લૌકિક હેતૂપન્યાસનું ઉદાહરણ છે. (ખરીદવાનો હેતુ દર્શાવાયો છે...)

આના વડે લોકોત્તર પણ આક્ષિપ્ત = ખેંચાયેલું = ગ્રહણ કરાયેલું જાણવું.

તેમાં ચરણાનુયોગમાં તે આ પ્રમાણે કે જો શિષ્ય કહે કે "શા માટે આ ભિક્ષાટન વગેરે અતિકષ્ટવાળી ક્રિયા કરવાની?" તો તેને ઉત્તર આપવો કે "કેમકે નરક વગેરેમાં વધારે કષ્ટવાળી વેદના વેઠવી ન પડે." (અહીં પણ ભિક્ષાટનાદિ ક્રિયાનું કારણ દર્શાવાયું છે.)

દ્રવ્યાનુયોગમાં હેતુ-ઉપન્યાસ આ પ્રમાણે કે જો કોઈ કહે કે "શા માટે આત્મા ચક્ષુ વગેરેથી જણાતો નથી ? તેને ઉત્તર આપવો કે "કેમકે તે અતીન્દ્રિય છે."

હેતુદ્વાર પૂર્ણ થયું.

આ હેતુ ઉપન્યાસ દ્વાર કહ્યું, એટલે ઉપન્યાસદ્વાર કહેવાઈ ગયું.

આ ઉપન્યાસદ્વારનાં ચાર ભેદ દર્શાવેલા. આહરણ, તદ્દેશ, તદ્દોષ, ઉપન્યાસ. એ દરેકના પાછા ચાર ચાર પેટા વિભાગ હતા. એ બધા દર્શાવ્યા. એમ છેલ્લે ઉપન્યાસનો ચોથો ભેદ હેતુ પણ દર્શાવ્યો એટલે આ આખું ઉદાહરણદ્વાર પૂર્ણ થયું.

* * * न मो ऽ स्तु त स्मै जि न शा स ना य * * *

**साम्प्रतं हेतुरुच्यते-तथा चाह –**

अहवावि इमो हेऊ विन्नेओ तत्थिमो चउविअप्पो । जावग थावग वंसग लूसग हेऊ चउत्थो उ ॥८६॥

હવે હેતુદ્વારનું વર્ણન કરાય છે. (ઉપન્યાસનાં ચોથા ભેદરૂપ હેતુ જુદો અને આ હેતુદ્વારરૂપ હેતુ જુદો એમ ખ્યાલ રાખવો.)

એ જ કહે છે કે

**નિર્યુક્તિ-૮૬** ગાથાર્થ અથવા તો આ હેતુ જાણવો. તેમાં આ હેતુ ચાર પ્રકારનો છે. યાપક, સ્થાપક, વ્યંસક, લૂષક હેતુ ચોથો છે.

**व्याख्या–अथवा तिष्ठतु एष उपन्यासः, उदाहरणचरमभेदलक्षणो हेतुः, 'अपिः' सम्भावने, किं सम्भावयति ?, 'इमो' अयं अन्यद्वार एवोपन्यस्तत्वात्तदुपन्यासनान्तरीयकत्वेन गुणभूतत्वादहेतुरपि, किं तु 'हेऊ विण्णेओ तत्थिमो'त्ति व्यवहितोपन्यासात् तत्रायं-वक्ष्यमाणो हेतुर्विज्ञेयः 'चतुर्विकल्प' इति चतुर्भेदः, विकल्पानुपदर्शयति–यापकः स्थापकः व्यंसकः लूषकः हेतुः चतुर्थस्तु । अन्ये त्वेवं पठन्ति –'हेउत्ति दारमहुणा, चउव्विहो सो उ होइ नायव्वो'त्ति, अत्राप्युक्तमुदाहरणम्, हेतुरित्येतद् द्वारमधुना-तुशब्दस्य पुनःशब्दार्थत्वात् स पुनर्हेतुश्चतुर्विधो भवति ज्ञातव्य इत्येवं गमनिका क्रियते, पश्चार्द्धं तु पूर्ववदेवेति गाथाक्षरार्थः ॥ भावार्थं तु यथावसरं स्वयमेव वक्ष्यति ॥८६॥**

**ટીકાર્થ :** અથવા તો ઉદાહરણનાં છેલ્લા ભેદરૂપ હેતુ ઉપન્યાસ બાજુ પર રહો. (અમે અહીં બીજી પદ્ધતિથી હેતુ કહેશું.)

**अपि** શબ્દ એ સંભાવનાનાં અર્થમાં છે.

**પ્રશ્ન : अपि** શબ્દ શું સંભાવના દર્શાવે છે ?

ઉત્તર આ હેતુ અન્યદ્વારમાં જ (હેતુદ્વારમાં નહિ, પરંતુ ઉદાહરણદ્વારનાં ચોથા ઉપન્યાસદ્વારમાં જ) દર્શાવાયેલો હોવાથી આ હેતુ તે દ્વારનાં ઉપન્યાસને અવિનાભાવી બને. અર્થાત્ આ હેતુ ઉપન્યાસદ્વાર વિના સંભવિત ન બને. અને એટલે આ હેતુ મુખ્ય ન રહે, એ ગૌણ બની જાય અને એટલે આ હેતુ અહેતુ પણ બને.

આ સંભાવના દર્શાવવા માટે **अपि** શબ્દ છે.

(આ પદાર્થ સ્પષ્ટ કરીએ.

૮૫મી ગાથામાં ઉદાહરણના `લ્લાભેદ રૂપ હેતુ દર્શાવ્યો. ઉદાહરણનો છેલ્લો ભેદ ઉપન્યાસ છે. અને ઉપન્યાસનો છેલ્લો ભેદ હેતુ છે એટલે હેતુ એ ઉદાહરણનો છેલ્લો ભેદ પણ કહેવાય. અને એ હેતુ ઉપન્યાસ પણ કહેવાય.

એટલે જ નિર્યુક્તિ-૮૬ની વૃત્તિમાં હેતુ શબ્દ માટે **उपन्यासः, उदाहरणचरमभेदलक्षणो** એમ બે વિશેષણ વાપરેલા છે.

હવે ૮૫મી નિર્યુક્તિમાં ઉદાહરણાત્મક, ઉપન્યાસાત્મક હેતુ કહેવાયેલો છે, જ્યારે ૮૬મી નિર્યુક્તિથી હવે આખું નવું સ્વતંત્ર હેતુદ્વાર કહેવાય છે. આ હેતુદ્વારનો હેતુ એ ઉદાહરણરૂપ નથી.

આમ ઉદાહરણરૂપ હેતુ અને હેતુરૂપ હેતુ એમ બે પ્રકારે હેતુ છે. અત્યાર સુધી ઉદાહરણરૂપ હેતુ કહી ગયા, હવે હેતુરૂપ હેતુ બતાવવો છે. એટલે સહજ રીતે એવું બોલાય કે હવે "આ ઉદાહરણરૂપ હેતુ બાજુ પર રહો. હવે હેતુરૂપ હેતુ બતાવીએ..." આ પદાર્થ દર્શાવવા માટે નિર્યુક્તિમાં **अहवा** શબ્દ છે. વૃત્તિમાં એનો અર્થ ખોલ્યો છે કે **तिष्ठतु एष... लक्षणो हेतुः..**"

આમ નિર્યુક્તિનાં **अहवा** શબ્દનો અર્થ થઈ ગયો.

પછી **अवि इमो - अपि अयं** શબ્દ છે, એમાં **अपि** શબ્દ સંભાવનાના અર્થમાં છે. એનો ભાવાર્થ એ છે કે હેતુ ઉદાહરણદ્વારમાં દર્શાવેલો છે, એટલે ઉદાહરણનાં ઉપન્યાસને અવિનાભાવી બને. અર્થાત્ જયારે ઉદાહરણદ્વારનું વર્ણન આવે, ત્યારે જ એ હેતુનું વર્ણન આવે. સ્વતંત્રરૂપે હેતુનું વર્ણન ન આવે. "ઉદાહરણ કેટલા પ્રકારના ?" એ પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે એના `લ્લા ભેદરૂપે હેતુ દર્શાવાય. પણ એ સિવાય હેતુ ન દર્શાવાય. એટલે આ હેતુ હેતુરૂપે તો ગૌણ જ બની ગયો. આ હેતુ દૃષ્ટાન્તરૂપે = ઉદાહરણરૂપે જ મુખ્ય બની ગયો. એટલે એ હેતુ અહેતુ પણ કહી શકાય. કેમકે હેતુ તરીકે એની મુખ્યતા નથી. ઉદાહરણ તરીકે એની મુખ્યતા `

આમ **अहवा वि इमो** નો સંપૂર્ણ અર્થ આ થશે કે ઉદાહરણનાં ચરમભેદ રૂપ હેતુ તો અહેતુભૂત પણ છે. એટલે અત્યારે એની વાત બાજુ પર રાખો. **किं तु** - પરંતુ અમે આ હેતુ તરીકે મુખ્ય એવા હેતુની વાત કરીએ...)

ગાથામાં **हेऊ विन्नेओ तत्थिमो** લખેલું છે, આમાં **तत्थिमो** શબ્દ સૌથી પહેલાં લેવાનો છે. ગાથામાં તો એનો વ્યવહિતઉપન્યાસ-દૂરઉપન્યાસ-અસ્થાને ઉપન્યાસ કરેલો

હોવાથી એ છેલ્લે છે. એટલે ખરેખર આમ સમજવું કે तत्थिमो हेउ विन्नेओ चउविगप्पो તેમાં આ = વક્ષ્યમાણ હેતુ ચાર પ્રકારનો જાણવો.

એ ચાર ભેદોને જ દેખાડે છે કે યાપક, સ્થાપક, વ્યંસક અને લૂષક.

લૂષક હેતુ ચોથો છે.

કેટલાકો આ ૮૬મી ગાથા. આ પ્રમાણે બોલે છે કે "हेउत्ति दारमहुणा चउव्विहो सो उ होइ नायव्वो" જો આ પાઠ પ્રમાણે વ્યાખ્યા કરીએ, તો આમાં પણ વ્યાખ્યા આ પ્રમાણે થશે કે ઉદાહરણ કહેવાઈ ગયું. હવે हेतु એ પ્રમાણેનું દ્વાર કહેવાય છે. तु શબ્દ पुनः શબ્દના અર્થવાળો છે, એટલે તે વળી (पुनः) હેતુ ચાર પ્રકારનો જાણવા જેવો છે. આ પ્રમાણે એ અન્યપાઠની ટીકા કરાય.

બેય પાઠોમાં પશ્ચાર્ધ-ઉત્તરાર્ધ તો સરખું જ છે. એટલે આ બીજા પાઠમાં પણ પશ્ચાર્ધ તો પૂર્વની જેમ જ સમજી લેવો.

આ ૮૬મી ગાથાનો અક્ષરાર્થ છે.

ભાવાર્થ તો અવસર મુજબ નિર્યુક્તિકાર જાતે જ કહેશે.

---

**तत्राद्यभेदव्याचिख्यासयाऽऽह–**

उब्भामिगा य महिला जावगहेउंमि उंटलिंडाई ।

---

તેમાં પહેલા ભેદની વ્યાખ્યા કરવાની ઈચ્છાથી કહે છે કે –

નિર્યુક્તિ-૮૭ પૂર્વાર્ધ ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

---

**गाथादलम् । व्याख्या-असती महिला, किम् ?–यापयतीति यापकः यापकश्चासौ हेतुश्च यापकहेतुः तस्मिन् उदाहरणमिति शेषः, उष्ट्रलिण्डानीति कथानकसंसूचकमेतदिति अक्षरार्थः ।। भावार्थः कथानकादवसेयः, तच्चेदं कथानकम्-एगो वाणियओ भज्जं गिण्हेऊण पच्चंतं गओ, पाएण खीणदव्वा धणियपरद्धा कयावराहा य । पच्चंतं सेवंती पुरिसा दुरहीयविज्जा य ॥१॥ सा य महिला उब्भामिया, एगंमि पुरिसे लग्गा, तं वाणिययं सागारियंति चिंतिऊण भणइ-वच्च वाणिज्जेण, तेण भणिया-किं धेत्तूण वच्चामि ?, सा भणइ-उट्टलिंडियाओ धेत्तूणं वच्च उज्जेणिं, पच्छा सो सगडं भरेत्ता उज्जेणिं गतो, ताए भणिओ य-जहा एक्केक्कयं दीणारेण दिज्जहत्ति, सा चिंतेइ-वरं खु चिरं खिप्पंतो अच्छउ, तेण ताओ वीहीए उड्डियाओ, कोइ ण पुच्छइ, मूलदेवेण दिट्ठो,**

पुच्छिओ य, सिट्ठं तेण, मूलदेवेण चिंतियं-जहा एस वराओ महिलाछोभिओ, ताहे मूलदेवेण भण्णति-अहमेयाउ तव विक्किणामि जइ ममवि मुल्लस्स अद्धं देहि, तेण भणियं-देमित्ति, अब्भुवगए पच्छा मूलदेवेणं सो हंसो जाएऊण आगासे उप्पइओ, णगरस्स मज्झे ठाइऊण भणइ-जस्स गलए चेडरूवस्स उट्टलिंडिया न बद्धा तं मारेमि, अहं देवो, पच्छा सव्वेण लोएण भीएण दीणारिक्काओ उट्टलिंडियाओ गहियाओ, विक्कियाओ य, ताहे तेण मूलदेवस्स अद्धं दिन्नं । मूलदेवेण य सो भणइ-मंदभग्ग ! तव महिला धुत्ते लग्गा, ताए तव एयं कयं, ण पत्तियति, मूलदेवेण भण्णइ-एहि वच्चामो जा ते दरिसेमि जदि ण पत्तियसि, ताहे गया अन्नाए ले( वे )साए, वियाले ओवासो मग्गिओ, ताए दिण्णो, तत्थ एगंमि पएसे ठिया, सो धुत्तो आगओ, इयरी वि धुत्तेणसह पिबेउमाढत्ता, इमं च गायइ-'इरिमंदिरपण्णहारओ, मह कंतु गतो वणिजारओ । वरिसाण सयं च जीवउ मा जीवंतु घरं कयाइ एउ ॥१॥ मूलदेवो भणइ-'कयलीवणपत्तवेढिया, पइ भणामि देव जं मद्दलएण गज्जती, मुणउ तं मुहुत्तमेव ॥१॥ पच्छा मूलदेवेण भण्णति-किं धुत्ते ?, तओ पभाए निग्गंतूणं पुणरवि आगओ, तीय पुरओ ठिओ, सा सहसा संभंता अब्भुट्ठिया, तओ खाणपिबणे वट्टंते तेण वाणिएणं सव्वं तीए गीयपज्जन्तयं संभारिय। एसो लोइओ हेऊ, लोउत्तरेवि चरणकरणाणुयोगे एवं सीसोऽवि केइ पयत्थे असद्दहंतो कालेणं विज्जादीहिं देवतं आयंपइत्ता सद्दहावेयव्वो । तहा दव्वाणुओगेवि पडिवाइं नाऊण तहा विसेसणबहुलो हेऊ कायव्वो जहा कालजावणा हवइ, तओ सो णावगच्छइ पगयं, कुत्तियावणचच्चरी वा कज्जइ, जहा सिरिगुत्तेण छलुए कया । उक्तो यापकहेतुः,

---

ટીકાર્થ : ૮૭મી ગાથાનાં ટુકડાની વ્યાખ્યા આ પ્રમાણે છે કે અસતી સ્ત્રી યાપકહેતુમાં ઉદાહરણ છે. જે સમય પસાર કરાવે તે યાપક. યાપક એવો જે હેતુ તે યાપકહેતુ.

ગાથામાં જે उंटलिंडाइ લખેલું છે. એ કથાનકનું સંસૂચક પદ છે.

આ અક્ષરાર્થ થયો.

ભાવાર્થ કથાનકથી જાણવો. તે કથાનક આ છે.

એક વણિક પત્નીને લઈને પ્રત્યન્તમાં ગયો. પ્રાયઃ કરીને ક્ષીણદ્રવ્યવાળા, ધનિકોથી પ્રારબ્ધ, અપરાધ કરી ચૂકેલાઓ અને ખોટી રીતે ભણાયેલ વિદ્યાવાળાઓ પ્રત્યન્તનું

સેવન કરે છે. (ગામ કે શહેરાદિમાં જ્યાં હલકી જાતિના, ગરીબાદિ લોકો રહેતા હોય તે પ્રત્યન્ત કહેવાય. જેનું ધન નાશ પામ્યું હોય તે ક્ષીણદ્રવ્યવાળા છે. લેણદારો જેની પાસે સતત ઉઘરાણી કરે તે **धनिकप्रारब्ध** છે. જેઓએ વિદ્યાભ્યાસ બરાબર ન કર્યો હોય અને એટલે જ જેઓ વિદ્વાનો કે શિષ્ટોની વચ્ચે રહી શકે એમ ન હોય તે **दुरधीतविद्य** કહેવાય.)

તે સ્ત્રી પરપુરુષગામિની હતી. એક પુરુષ સાથે લાગેલી હતી. પોતાનો વણિકપતિ એને સાગારિક તરીકે પ્રતિબંધક હતો. (અલ્પસાગારિક એટલે એકાંત અને સાગારિક એટલે એકાન્ત ન હોવો તે. વણિકની હાજરી સ્ત્રીને પાપ કરવા માટેનો એકાન્ત કરી આપતી ન હતી... એમ ભાવ છે) એ વાત વિચારીને સ્ત્રી કહે છે કે "તું વેપાર કરવા જા." વણિક કહે કે "કઈ વસ્તુ લઈને વેપાર કરવા જાઉં ?" તેણી કહે છે કે "ઉંટની લીંડીઓ લઈને ઉજ્જયિની નગરીમાં જા." પછી તે વણિક ગાડું ભરીને ઉજ્જયિની ગયો. તે સ્ત્રીએ કહ્યું કે "એક એક લીંડી એક એક દીનારમાં આપજે." સ્ત્રી વિચારે છે કે "લાંબો સમય પતિ ત્યાં જ રાહ જોતો રહે. ત્યાંજ રહી જાય. તે જ સારું."

(આશય એ છે કે એક એક સોનામહોરમાં એક એક લીંડી વેચવાની હોય, તો એકપણ લીંડી ખરીદનાર કોઈ ન જ મળે. આમ પણ ઉંટની લીંડી કોણ ખરીદે ? એટલે જ્યાંસુધી એ ન વેચાય ત્યાંસુધી પતિ પા ો જ ન આવે. અને એટલે આ સ્ત્રીને પાપ કરવામાં સુવિધા રહે. પતિ બિચારો ભો ો હતો એટલે સ્ત્રીની આ બધી વાતોને સમજી શકે એમ ન હતો. એ તો જેમ સ્ત્રી કહે તેમ કરતો.)

તે વણિકે ઉજ્જયિની જઈ તે લીંડીઓ માર્ગમાં ઉતારી. (જ્યાં બજાર હોય એ સ્થાનમાં ઉતારી.) પણ કોઈપણ એને પુછતું નથી. મૂલદેવે એને જોયો અને પૃચ્છા કરી. (મૂલદેવ એક રાજકુમાર છે, પણ પિતાએ એને કારણસર કાઢી મૂકેલો. એ અત્યંત બુદ્ધિમાન હતો...) વણિકે વાત કરી કે ''એક દીનારમાં એક એક લીંડી વેંચવાની છે." મૂલદેવે વિચાર્યું કે આ બાપડો પત્ની વડે ક્ષોભ પમાડાયેલો છે. (પત્નીથી ઠગાયેલો છે, પત્નીમાં અંધવિશ્વાસુ છે...) ત્યારે મૂલદેવે કહ્યું કે "હું તારી આ લીંડીઓ વેંચી આપુ, જો તું મને પણ અડધું મૂલ્ય = અડધો ભાગ આપે.." તેણે કહ્યું કે "આપીશ" આ રીતે વણિકે વાત સ્વીકારી, એટલે પછી મૂલદેવે તે હંસની યાચના કરી આકાશમાં ઉડ્ડયન કર્યું. (આ હંસ કયો ? કોની પાસેથી માંગ્યો ? વગેરે બાબતો અત્રે જણાવી નથી. મૂલદેવની વિસ્તૃત કથામાં એ બધા ખુલાસા હોય એ શક્ય છે.) નગરની વચ્ચે રહીને બોલે છે કે "જે બાળકનાં ગળામાં ઉંટની લીંડી બાંધેલી નહિં હોય, તેને મારી નાંખીશ. હું દેવ છું." પછી ગભરાયેલા બધા લોકોએ એક એક દીનારનાં બદલામાં એક એક લીંડી લીધી. આ

રીતે બધી લીંડી વેંચાઈ ગઈ. પછી વણિકે મૂલદેવને અડધી રકમ આપી.

મૂલદેવે વણિકને કહ્યું કે "મંદભાગી ! તારી સ્ત્રી કોઈક ધુતારા સાથે લાગેલી છે. તેણેજ તારી આ હાલત કરી છે." પણ વણિક આ વાતનો વિશ્વાસ કરતો નથી. મૂલદેવ કહે છે કે "જો તું વિશ્વાસ નથી કરતો, તો ચાલ મારી સાથે. તને દેખાડું." પછી બંને જણ બીજો વેષ પહેરીને ગયા. સાંજના સમયે એ સ્ત્રી પાસે જગ્યા માંગી. ("અમે મુસાફર છીએ, સાંજે રોકાઈ સવારે જતાં રહેશું... વગેરે રાત રહેવાની રજા માંગી લીધી) તે સ્ત્રીએ પણ જગ્યા આપી. ત્યાં એક સ્થાનમાં બંને રહ્યા. રાત્રે પેલો ધુતારો = પુરપુરુષ આવ્યો. સ્ત્રી પણ એ ધુતારાની સાથે પીવા લાગી. (મદ્યપાન કર્યું.) પછી એ સ્ત્રી ગાય છે કે ''લક્ષ્મીમંદિરનાં પણ્યને ધારણ કરનાર મારો પતિ વેપારમાં લીન બનેલો ગયો છે. તે સો વર્ષ જીવો. પણ જીવતો એ કદાપિ ઘરે ન આવો." (લક્ષ્મી મંદિર એટલે ઉંટ, તેનું પણ્ય એટલે લીંડી. વેચવાની વસ્તુઓ કરિયાણું વગેરે પણ્ય શબ્દથી ઓળખાય છે. આ બધુ સ્ત્રી કટાક્ષમાં બોલે છે.)

આ સાંભળીને મૂલદેવ બોલે છે કે "હે કદલીવનનાં પત્રાથી વીંટળાયેલ સ્ત્રી ! પ્રત્યુત્તર આપું છું કે જે આ ભાગ્ય જોરદાર ગર્જના કરે છે, તે મુહૂર્તમાત્ર જ છે."

પછી મૂલદેવ વણિકને કહે છે કે "કેમ ? એ ધુતારી જ નીકળીને ?"

પછી સવારે નીકળીને ફરી પા ો આવ્યો. (અર્થાત્ એ ઘરમાંથી બહાર નીકળી જઈ નકલીવેષ કાઢી નાંખી મૂળવેષે પાછો આવ્યો.) તે સ્ત્રીની આગળ ઉભો રહ્યો. સ્ત્રી અચાનકપતિનાં આવવાથી સંભ્રમવાળી બની ઉભી થઈ. પછી ખાવા-પીવાની ક્રિયાઓ ચાલતી ત્યારે તે વાણિયાએ તે સ્ત્રીને રાત્રિનાં ગીત સુધીની બધી વાતો યાદ કરાવી.

આ લૌકિક યાપકહેતુ છે.

લોકોત્તરમાં પણ ચરણાનુયોગમાં યાપકહેતુ આ પ્રમાણે કે શિષ્ય પણ જો કોઈ પદાર્થોની શ્રદ્ધા ન કરતો હોય તો અમુક કાળે વિદ્યા વગેરેથી દેવતાને કંપાવીને = આકર્ષીને, એના દ્વારા શિષ્યને તે પદાર્થોની શ્રદ્ધા કરાવવી. તે રીતે દ્રવ્યાનુયોગમાં વિચારીએ તો પ્રતિવાદીને જાણીને તેવા પ્રકારે વિશેષણોથી ભરેલો હેતુ કરવો કે જેથી કાલયાપના થાય. તેથી તે પ્રતિવાદી પ્રકૃતવાતને જાણી ન શકે.

(પ્રતિવાદી જોરદાર હોય અને દલીલો દ્વારા જીતી જાય એમ લાગે. આપણે યુક્તિઓ શોધવાની હોય. એ વખતે સમય જોઈતો હોય, પણ ચાલુ વાદમાં સમય શી રીતે મળે ? ત્યારે કોઈક અનુમાન મૂકી એમાં એટલો બધો મોટો હેતુ બતાવવો કે

પ્રતિવાદી એનો ઉત્તર આપવા એ હેતુનો વિચાર કરે એમાં જ ઘણો સમય નીકળી જાય... હવે આ રીતે એનું મન બીજા માર્ગે ચડી જાય એટલે મોટો ફાયદો એ થાય કે એ મૂળવાત શું ચાલતી હતી... એજ ભૂલી જાય. એ જો એના હાથમાં પાછી આવે તો પાછી જોરદાર દલીલો કરવા માંડે. પણ એનું મન બીજા વિષયમાં ચઢી જવાથી એ મૂળવસ્તુ ભૂલાઈ જાય.)

અથવા તો કુત્રિકાપણની ચર્ચરી કરવી. જેમકે શ્રીગુપ્તે ષડુલુકને વિશે-રોહગુપ્તને વિશે કરી. (કુ-પૃથ્વી. ત્રિક-ત્રણ. આપણ-દુકાન. ત્રણે લોકની બધી વસ્તુઓ જયાં વેચાતી મળતી હોય એવી દુકાન કુત્રિકાપણ કહેવાય છે. આ દુકાન યક્ષાધિષ્ઠિત હોય છે. ત્યાં જઈને જે વસ્તુ માંગવામાં આવે. એ જો ત્રણલોકમાં ક્યાંક પણ હોય અને લાવી શકાય એમ હોય તો એ યક્ષ વસ્તુ લાવી આપે, હા ! એનું મુલ્ય ચુકવવું પડે. આ દુકાનને કોઈ વાણિયો ચલાવે કે પછી એમને એમ યક્ષ દ્વારા એ દુકાન ચાલે. પ્રાચીનકાળમાં ઉજજયિની, ચંપા, અયોધ્યા વગેરે મોટી નગરીઓમાં આવી દુકાનો હોવાની વાત શ્રીબૃહત્કલ્પાદિ ગ્રન્થોમાં જણાવી છે.)

(ચર્ચરી એટલે ગાનારાઓની ટોળી એમ અર્થ લખેલો છે. પણ અહીં માત્ર ટોળી એટલો અર્થ સંગત થાય છે. આશય એ છે કે તે તે પદાર્થની ચર્ચામાં જો કોઈ નિવેડો ન આવતો હોય તો પ્રતિવાદીની સાથે આખું ટોળું લઈ કુત્રિકાપણમાં જવું અને ત્યાં જ એ યક્ષ પાસે તે વિવાદાસ્પદ વસ્તુની માંગણી કરવી...)

(રોહગુપ્તે જીવ-અજીવ-નોજીવ એમ ત્રણ પદાર્થો કહ્યા. આચાર્ય શ્રીગુપ્તે છ માસ એની સાથે વાદ કર્યો, પણ નિવેડો ન આવ્યો. પછી આચાર્ય વિશાળ જનસમુદાય સાથે, રોહગુપ્ત, રાજા બધાની સાથે કુત્રિકાપણમાં ગયો. એમાં 'નોજીવ' નમના પદાર્થની માંગણી કરી, પણ જીવ-અજીવથી જુદો કોઈપણ નોજીવ પદાર્થ યક્ષે ન આપ્યો... આ રીતે રોહગુપ્તની વાત ખોટી પડી. રોહગુપ્ત માટે ષડુલુક એ બીજું નામ વપરાય છે...)

યાપકહેતુ કહેવાઈ ગયો.

---

**साम्प्रतं स्थापकहेतुमधिकृत्याह –**

लोगस्स मज्झजाणण थावगहेऊ उदाहरणं ॥८७॥

---

હવે સ્થાપકહેતુને કહે છે.

**નિર્યુક્તિ-૮૭ ઉત્તરાર્ધ : ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.**

अस्य व्याख्या–'लोकस्य' चतुर्दशरज्ज्वात्मकस्य मध्यज्ञानम्, किम् ?, स्थापकहेतावुदाहरणमित्यक्षरार्थः ॥ भावार्थः कथानकादवसेयः, तच्चेदम्-एगो परिव्वायगो हिंडइ, सो य परूवेइ-खेत्ते दाणाई सफलंतिकट्टु समखेत्ते कायव्वं, अहं लोअस्स मज्झं जाणामि ण पुण अन्नो, तो लोगो तमाढाति, पुच्छिओ य संतो चउसुवि दिसासु खीलए णिहणिऊण रज्जूए पमाणं काऊण माइट्ठाणिओ भणइ-एयं लोयमज्झंति, तओ लोओ विम्हयं गच्छइ-अहो भट्टारएण जाणियंति, एगो य सावओ, तेण नायं, कहं धुत्तो लोयं पयारेइत्ति ?, तो अहंपि वंचामित्ति कलिऊण भणियं-ण एस लोयमज्झो, भुल्लो तुमंति, तओ सावएण पुणो मवेऊण अण्णो देसो कहिओ, जहेस लोयमज्झोत्ति, लोगो तुट्ठो, अण्णे भणंति-अणेगट्ठाणेसु अन्नं अन्नं मज्झं परूवंतयं दट्ठूण विरोधो चोइओत्ति । एवं सो तेण परिवायगो णिप्पिट्ठपसिणवागरणो कओ । एसो लोइओ थावगहेऊ, लोउत्तरेऽवि चरणकरणाणुयोगे कुस्सुतीसु असंभावणिज्जासग्गाहरओ सीसो एवं पण्णवेयव्वो । दव्वाणुजोगे वि साहुणा तारिसं भाणियव्वं तारिसो य पक्खो गेण्हियव्वो जस्स परो उत्तरं चेच दाउं न तीरइ, पुव्वावरविरुद्धो दोसो य ण हवइ ॥८७॥

---

ટીકાર્થ : ચૌદરાજલોક સ્વરૂપ લોકનાં મધ્યભાગનું જ્ઞાન એ સ્થાપકહેતુમાં ઉદાહરણ છે. આ પ્રમાણે અક્ષરાર્થ છે. ભાવાર્થ કથાનકથી જાણવો.

તે આ છે.

એક પરિવ્રાજક બધે ફરે છે તે પ્રરૂપણા કરે છે કે "યોગ્યક્ષેત્રમાં કરાયેલા દાન વગેરે સફલ થાય એટલે સમાનક્ષેત્રમાં આપવું. હું લોકનાં મધ્યભાગને જાણું છું, બીજું કોઈ જાણતું નથી." (અને ત્યાં જ આપેલું દાન સફલ બનશે. કેમકે એ જ સમક્ષેત્ર છે.)

પછી લોકો તેનો આદર કરે છે. જ્યારે પણ લોકો પુછે કે લોકનો મધ્યભાગ કયો ? ત્યારે ચારે દિશાઓમાં ખીલા ઠોકીને દોરડા વડે પ્રમાણ કરીને - માપવાની ક્રિયા કરીને કપટી એવો તે બોલે કે "આ લોકમધ્યભાગ છે." (લોકોને આવર્જિત કરવા માત્ર ઢોંગ જ કરે. જાણે કે લોકમધ્ય જાણવાનો પ્રયત્ન ન કરતો હોય !! એ માટેની બધી ક્રિયા કરે... એટલે લોકોને વિશ્વાસ બેસે.) એટલે લોકો આશ્ચર્ય પામે કે "અહો ! પૂજ્યપુરુષે ખૂબ સારું જાણ્યું."

ત્યાં એક શ્રાવક હતો. તેને ખબર પડી કે "આ ધુતારો કેવી રીતે લોકોને ઠગે છે."



* * * न मो ऽ त्थु तं स्मै ... जि न शा स ना य * * *

શ્રાવકે વિચાર્યું કે "હું પણ એને ઠગું" એમ વિચારીને શ્રાવક બોલ્યો કે "પરિવ્રાજક ! તું જે લોકમધ્યભાગ દર્શાવે છે. એ લોકમધ્ય નથી. તું ભૂલ કરે છે." એમ કહી શ્રાવકે પણ દોરડી દ્વારા માપવાની ક્રિયા કરી અને પરિવ્રાજકે બતાવેલ સ્થાનને બદલે બીજું સ્થાન દર્શાવ્યું કે "આ લોકમધ્ય છે."

આ જોઈ લોકો આનંદ પામ્યા.

આ કથાનકને કેટલાકો બીજી રીતે પણ દર્શાવે છે કે શ્રાવકે તેને ઠપકો આપ્યો કે તું તો અનેક સ્થાનોમાં જુદા જુદા ભાગને લોકમધ્ય તરીકે દેખાડે છે. લોકમધ્ય તો એકજ હોય, આટલા બધા લોકમધ્ય ક્યાંથી હોય, માટે તારી વાતમાં વિરોધ આવે છે."

આ પ્રમાણે તે શ્રાવક વડે તે પરિવ્રાજક નિરુત્તર કરાયો. ( **पृष्ट** - પુછાયેલ. **व्याकरण** - ઉત્તર. નીકળી ગયો છે પુછાયેલા પ્રશ્નનો ઉત્તર જેમાંથી એવો માણસ **निष्पृष्ट प्रश्नव्याकरणः** કહેવાય. ટુંકમાં પુછાયેલા પ્રશ્નનો ઉત્તર જે ન આપી શકે તે..)

આ લૌકિક સ્થાપકહેતુ છે. (શ્રાવકે એની સામે લોકમધ્યભાગ બતાવવાની ક્રિયા કરી, એ સ્થાપના રૂપ જ છે ને ?)

લોકોત્તરમાં પણ ચરણકરણાનુયોગમાં સ્થાપકહેતુ આ પ્રમાણે કે કુશ્રુતિઓ=ખોટા વેદવાક્યોમાં જે અશક્ય બાબતો દર્શાવેલી છે, એના કદાગ્રહમાં ચોંટેલા સાધુને પણ આ જ પ્રમાણે સમજાવવો (કે આ વસ્તુ આમ નથી, પણ આ પ્રમાણે હોઈ શકે.)

દ્રવ્યાનુયોગમાં સ્થાપકહેતુ આ પ્રમાણે કે સાધુએ તેવા પ્રકારનાં જ વચનો બોલવા, તેવા પ્રકારનો જ પક્ષ ગ્રહણ કરવો કે જેનો ઉત્તર આપવા માટે પૂર્વપક્ષ સમર્થ ન બને. અને સાધુનાં વચનોમાં પણ પૂર્વાપરનો વિરોધ ન આવે. અર્થાત્ સાધુનાં પૂર્વે બોલાયેલા વાક્યો અને પછી બોલાયેલા વાક્યો પરસ્પર વિરોધવાળા ન બને... એ રીતે સાધુએ બોલવું.

---

**उक्तः स्थापकः,**

**साम्प्रतं व्यंसकमाह –**

सा सगडतित्तिरी वंसगंमि हेउम्मि होइ नायव्वा ।

---

સ્થાપક હેતુ કહેવાઈ ગયો.

હવે વ્યંસકહેતુને કહે છે.

નિર્યુક્તિ-૮૮ પૂર્વાર્ધ-ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

---

व्याख्या–सा शकटतित्तिरी व्यंसकहेतौ भवति ज्ञातव्येत्यक्षरार्थः ॥ भावार्थः कथानकादवसेयः, तच्चेदम्–जहा एगो गामेल्लगो सगडं कट्ठाण भरेऊण णगरं गच्छइ, तेण गच्छंतेण अंतरा एगा तित्तिरी मइया दिट्ठा, सो तं गिण्हेऊण सगडस्स उवरिं पक्खिविऊण णगरं पइट्ठो, सो एगेण नगरधुत्तेण पुच्छिओ-कहं सगडतित्तिरी लब्भइ ?, तेण गामेल्लएण भण्णइ-तप्पणादुयालियाए लब्भति, तओ तेण सक्खिण उ आहणित्ता सगडं तित्तिरीए सह गहियं, एत्तिलगो चेव किल एस वंसगो त्ति, गुरवो भणंति-तओ सो गामेल्लगो दीणमणसो अच्छइ, तत्थ य एगो मूलदेवसरिसो मणुस्सो आगच्छइ, तेण सो दिट्ठो, तेण पुच्छिओ-किं झियायसि अरे देवाणुप्पिया ?, तेण भणियं-अहमेगेण गोहेण इमेण पगारेण छलिओ, तेण भणियं-मा बीहिह, तप्पणादुयालियं तुमं सोवयारं मग्ग, माइट्ठाणं सिक्खाविओ, एवं भवउत्ति भणिऊण तस्स सगासं गओ, भणियं चणेण-मम जइ सगडं हियं तो मे इयाणिं तप्पणादुयालियं सोवयारं दवावेहि, एवं होउत्ति, घरं णीओ, महिला संदिट्ठा, अलंकियविभूसिया परमेण विणएण एअस्स तप्पणादुयालियं देहि, सा वयणसमं उवट्ठिया, तओ सो सागडिओ भणति-मम अंगुली छिन्ना, इमा चीरेणावेढिया, ण सक्केमि उड्डुयालेउं, तुमं अदुयालिउं देहि, अदुआलिया तेण हत्थेण गहिया, गामं तेण संपट्ठिओ, लोगस्स य कहेइ-जहा मए सतित्तिरीगेण सगडेण गहिया तप्पणादुयालिया, ताहे तेण धुत्तेण सगडं विसज्जियं, तं च पसाएऊण भज्जा णियत्तिया । एस पुण लूसओ चेव कहाणयवसेण भणिओ । एस लोइओ, लोगुत्तरेऽवि चरणकरणाणुयोगे कुस्सुतिभावियस्स तस्स तहा वंसगो पउज्जति जहा संमं पडिवज्जइ.। दव्वाणुओगे पुण कुप्पावयणिओ चोइज्जा-जहा जइ जिणपणीए मग्गे अत्थि जीवो अत्थि घडो, अत्थित्तं जीवेऽवि, घडेवि, दोसु अविसेसेण वट्टइत्ति, तेण अत्थित्तसद्दतुल्लत्तणेण जीवघडाणं एगत्तं भवति, अह अत्थिभावाओ वतिरित्तो जीवो, तेण जीवस्स अभावो भवइत्ति । एस किल एद्दहमेत्तो चेव वंसगो, लूसगेण पुण एत्थ इमं उत्तरं भाणितव्वं-जइ जीवघडा अत्थित्ते वट्टंति, तम्हा तेसिमेगत्तं संभावेहि, एवं ते सव्वभावाणं एगत्तं भवति, कहं ?, अत्थि घडो अत्थि पडो अत्थि परमाणू अत्थि दुपएसिए खंधे, एवं सव्वभावेसु अत्थिभावो वट्टइत्तिकाउं किं सव्वभावा एगीभवंतु ?, एत्थ सीसो भणति-कहं पुण एयं जाणियव्वं ? सव्वभावेसु अत्थिभावो वट्टइ, न य ते एगीभवंति, आयरिओ आह-अणेगंताओ एयं सिज्झइ, एत्थ दिट्ठंतो-खइरो वणस्सई

**वणस्सई पुण खदिरो पलासो वा, एवं जीवोऽवि णियमा अत्थि, अत्थिभावो पुण जीवो व होज्ज अन्नो वा धम्माधम्मागासादीणं ति । उक्तो व्यंसकः,**

---

**ટીકાર્થ :** ગાડાની તે તિત્તિરી વ્યંસકહેતુમાં જાણવી... આ અક્ષરાર્થ છે.

ભાવાર્થ કથાનકથી જાણવો.

તે કથાનક આ છે.

એક ગામડીયો લાકડાનું ગાડું ભરીને નગરમાં જાય છે. જતાં એવા તે ગામડીયાએ વચ્ચે એક તેતરપક્ષિણી મરેલી જોઈ. તેણે તેને પકડીને ગાડાની ઉપર નાંખી નગરમાં પ્રવેશ કર્યો. નગરમાં એક ધુતારાએ ગામડીયાને પૃચ્છા કરી કે "આ શકટતિત્તીરી કેટલા રૂપિયામાં મળશે ?" (ગાડા ઉપર રહેલી તેતર માટે એણે આવો પ્રશ્ન કર્યો. "મરેલી તેતર કંઈ ખરીદવાની વસ્તુ થોડી છે ?" એટલે ગામડિયો સમજયો કે આ માણસ મજાક કરે છે એટલે) તે ગામડીયો કહે છે કે "જો તુ મને મથ્યમાન= બે હાથ વડે ઘસાતો એવો સાથવો આપે તો તને આ શકટતિત્તીરી મળે." (સેકેલા જવ વગેરેનો લોટ એ સાથવો.)

પછી ધુતારાએ સાક્ષીઓ નક્કી કરીને આખું ગાડું તેતરપક્ષીની સાથે લઈ લીધું. (આમાં ધુતારાએ કપટ કર્યું. શકટતિત્તીરી શબ્દનો અર્થ ગામડિયાએ એવો કર્યો કે "શકટ ઉપર રહેલ તિત્તીરી..." જયારે ધુતારાએ કહ્યું કે ''મેં તો શકટ સાથેની તિત્તીરી માટે જ પ્રશ્ન કર્યો છે. અને એ મથ્યમાન સાથવાના બદલામાં આપવાની આણે કબુલાત કરી છે, એટલે એણે મને ગાડું, તેતર બંને આપવા જ પડે.'')

અહીં આટલો જ વ્યંસકહેતુ છે. (ગામડીયાને ઠગનારો હેતુ ધુતારાએ કર્યો, એટલે આ વ્યંસકહેતુ કહેવાય.)

(એ પછી શું બન્યું ? એ અંગે) ગુરુજનો કહે છે કે "ત્યારબાદ તે ગામડીઓ પોતાનું ગાડું જતું રહેવાથી દીનમનવાળો બનીને રહ્યો છે. ત્યાં મૂલદેવ જેવો ચતુર માણસ આવે છે. તેણે તેને જોયો. માણસે પુછ્યું કે "હે દેવાનુપ્રિય ! તું કેમ શોકમગ્ન છે ?" તેણે કહ્યું કે "એક વેપારી (ઠગ) મને આ પ્રકારે ઠગી ગયો છે." તે માણસે કહ્યું કે "ગભરાઈશ નહિ. તારે એની પાસે મથ્યમાન સાથવો લેવાનો છે ને ? તું એની પાસે માંગ કે મને ઉપચારપૂર્વક = આદરપૂર્વક એ મથ્યમાન સાથવો આપ."

આટલું કહીને એ માણસે ગામડીઆને "શું કપટ કરવું" એ શીખવાડી દીધું. ''આ પ્રમાણે થાઓ" એમ બોલીને ગામડીઓ ધુતારાની પાસે ગયો. ગામડીઆએ કહ્યું કે "જો તે મારું શકટ લઈ લીધું છે, તો મને અત્યારે એના બદલામાં મથ્યમાન સાથવો

ઉપચારપૂર્વક અપાવડાવ."

ધુતારાએ કહ્યું કે "સારું" ધુતારો ગામડીઆને ઘરે લઈ ગયો. પોતાની પત્નીને કહ્યું કે "તું અલંકારવાળી અને વિભૂષાવાળી થઈને પરમ વિનયથી આ ગામડીઆને મથ્યમાન સાથવો આપ." (ધુતારો એમ સમજે છે કે, મારે તો મુઠ્ઠીભર સાથવો જ આપવો છે ને ?...) સ્ત્રી તો ધુતારાનાં વચનો સાંભળતાની સાથે જ અલંકૃત થઈને ઉપસ્થિત થઈ. ત્યાર પછી તે ગાડાવાળો કહે છે કે "મારી આંગળી છેદાઈ ગઈ છે. આ આંગળી વસ્ત્ર વીંટાળેલી છે. એટલે સાથવાને મથવાનું કામ હું કરી શકીશ નહિ. તું જ મને સાથવો મથીને આપ."

પેલી સ્ત્રી પોતાના હાથમાં રહેલો સાથવો મથવા માંડી કે તરત જ ગામડાઓએ પોતાના હાથથી એ સ્ત્રીને પકડી અને ગામ તરફ ચાલવા લાગ્યો. લોકોને કહે છે કે "મેં તેતર સહિતનાં ગાડાનાં બદલામાં આ મથ્યમાન કરતો સાથવો લીધો છે." (જેમ શકટતિત્તીરીમાં ધુતારાએ શકટસહિતની તિત્તીરી લીધી. એમ મથ્યમાનસાથવામાં ગામડીઆએ મથન કરનારી સ્ત્રી સહિત સાથવો લીધો. યુક્તિ તો બંને જગ્યાએ એક સરખી જ લાગવાની.)

છેવટે તે ધુતારાએ ગામડીઆને ગાડું પાછું આપી દીધું, એ ગામડીઆને ખુશ કરીને પોતાની પત્નીને પાછી લાવી.

કથાનકનાં વશથી આ તો વળી લૂષકહેતુ જ કહેવાઈ ગયો. (આ વાર્તા વ્યંસકહેતુ દર્શાવવા માટે શરુ કરેલી. બીજાને ઠગવા માટેનો હેતુ એ વ્યંસક છે. પણ આ રીતે ઠગનારાને પણ ઠગી લેવો એ લૂષકહેતુ કહેવાય છે. આ કથામાં છેલ્લે તો ગામડીઆએ ઠગારાને ઠગ્યો, એટલે એ લૂષકહેતુ બની જાય છે. અત્યારે જોકે લૂષકને કહેવાનો અવસર ન હતો, પણ કથાના હિસાબે લૂષકહેતુ કહવાયો.)

આ લૌકિક છે.

લોકોત્તરમાં પણ ચરણકરણાનુયોગ વિશે વ્યંસકહેતુ આ પ્રમાણે કે "કુશ્રુતિઓથી ભાવિત થયેલાની સામે તેવી રીતે વ્યંસકહેતુનો પ્રયોગ કરવો કે જેથી એ સમ્યક્ રીતે સ્વીકારે."

દ્રવ્યાનુયોગને વિશે વ્યંસક આ પ્રમાણે કે જો જિનેશ્વરપ્રણીત માર્ગમાં **अस्ति जीवः, अस्ति घटः** એમ જીવમાં પણ અને ઘટમાં પણ એકસરખી રીતે અસ્તિત્વ હોય તો અસ્તિત્વશબ્દની આ તુલ્યતાના લીધે. જીવ અને ઘટ એક થઈ જવાની આપત્તિ આવે.

હવે જો એમ માનો કે જીવ અસ્તિત્વભાવથી ભિન્ન છે, અર્થાત્ અસ્તિત્વવા ો નથી. તો પછી જીવનો અભાવ થઈ જવાની આપત્તિ આવે.

આ આટલા પુરતો જ વ્યંસકહેતુ છે.

લૂષકહેતુ વડે અહીં આ ઉત્તર આપવો કે જો જીવ અને ઘટ અસ્તિત્વમાં વર્તે છે, અને એટલે તે બેની એકતાની તું સંભાવના કરતો હોય તો તો તારા મતમાં બધા જ પદાર્થોની એકતા થઈ જશે. (જો તું જીવ અને ઘટ અસ્તિત્વવાળા હોવા માત્રથી બંનેને અભિન્ન = એક જ માનતો હોય તો એ રીતે તો બધા જ પદાર્થો એક બનવાની આપત્તિ આવશે જ.)

પ્રશ્ન : એ શી રીતે ?

ઉત્તર : **घटः अस्ति, पटः अस्ति, परमाणुः अस्ति, द्विप्रदेशिकः स्कन्धः अस्ति...** આમ તમામ પદાર્થોમાં અસ્તિત્વભાવ છે જ તો શું એ એ બધા પદાર્થો એક બની જાય છે ? જો ના. તો એ જ રીતે જીવ અને ઘટમાં પણ જાણવું.

અહીં શિષ્ય કહે છે કે ''આ વસ્તુ કેવી રીતે જાણવી ? કે બધા પદાર્થોમાં અસ્તિભાવ છે, પરંતુ તે એક બની જતા નથી.''

આચાર્ય કહે છે કે ''અનેકાન્તથી આ વસ્તુ સિદ્ધ થાય છે.''

આ વસ્તુમાં દૃષ્ટાન્ત આ પ્રમાણે છે.

જે જે ખદિર હોય (ખદિર નામની એક વનસ્પતિ છે) તે તે અવશ્ય વનસ્પતિ હોય જ. પણ જે જે વનસ્પતિ હોય તે તે ખદિર જ હોય એવો નિયમ નથી. એ વનસ્પતિ તો ખદિર પણ હોય કે પલાસરૂપ પણ હોય.

એ રીતે જે જીવ હોય તે તો નિયમથી **अस्ति** છે જ. પણ જે **अस्तिभाव** છે, તે બધા જ કંઈ જીવ ન હોય. એ કદાચ જીવ હોય અથવા તો એ અસ્તિભાવ ધર્માસ્તિકાય કે અધર્માસ્તિકાય વગેરેનો હોય. એટલે કે **अस्तिपदार्थ** ધર્માસ્તિકાય વગેરેરૂપ પણ હોય.

(ટુંકમાં **अस्ति** બધા જ જીવ નથી.)

આ વ્યંસકહેતુ કહેવાઈ ગયો.

---

**साम्प्रतं लूषकमधिकृत्याह –**

तउसगवंसग लूसगहेउम्मि य मोयओ य पुणो ॥८८॥

---

હવે લૂષકહેતુને આશ્રયીને કહે છે.

નિર્યુક્તિ-૮૮ ઉત્તરાર્ધ ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

व्याख्या—त्रपुषव्यंसकप्रयोगे पुनर्लूषके हेतौ च मोदको निदर्शनमिति गाथाक्षरार्थः । भावार्थः कथानकादवसेयः, तच्चेदम्—जहा एगो मणुस्सो तउसाणं भरिएण सगडेण नयरं पविसइ, सो पविसंतो धुत्तेण भण्णइ-जो एयं तउसाण सगडं खाइज्जा तस्स तुमं किं देसि ?, ताहे सगडत्तेण सो धुत्तो भणिओ-तस्साहं तं मोयगं देमि जो नगरद्दारेण ण णिप्फडइ, धुत्तेण भण्णति-तोऽहं एयं तउससगडं खयामि, तुमं पण तं मोयगं देज्जासि जो नगरद्दारेण ण नीसरति, पच्छा सागडिएण अब्भुवगए धुत्तेण सक्खिणो कया, सगडं अहिट्ठित्ता तेसिं तउसाणं एक्केक्कयं खंडं अवणित्ता पच्छा तं सागडियं मोदकं मग्गति, ताहे सागडिओ भणति-इमे तउसा ण खाइया तुमे, धुत्तेण भण्णत्ति-जइ न खाइया तउसा अग्घवेह तुमं, तओ अग्घविएसु कइया आगया, पासंति खंडिया तउसा, ताहे कइया भणंति-को एए खइए तउसे किणइ ?, तओ करणे ववहारो जाओ खइयत्ति, जिओ सागडिओ । एस वंसगो चेव लूसगनिमित्तमुवण्णत्थो, ताहे धुत्तेण मोदगं मग्गिज्जति, अच्चाइओ सागडिओ, जूतिकरा ओलग्गिया, ते तुट्ठा पुच्छंति, तेसिं जहावत्तं सव्वं कहेति, एवं कहिते तेहिं उत्तरं सिक्खाविओ-जहा तुमं खुड्डुयं मोदगं णगरदारे ठवित्ता भण एस स मोदगो ण णीसरइ णगरदारेण, गिण्हाहि, जिओ धुत्तो । एस लोइओ, लोगुत्तरेवि चरणकरणाणुयोगे कुस्सुतिभावितस्स तहा लूसगो पउंजइ-जहा सम्मं पडिवज्जइ । दव्वाणुजोगे पुण पुज्जा भणंति-पुव्वं दरिसिओ चेव । अण्णे पुण भणंति-पुव्वं सयमेव सव्वभिचारं हेउं उच्चारेऊण परविसंभणानिमित्तं सहसा वा भणितो होज्जा, पच्छा तमेव हेउं अण्णेणं निरुत्तवयणेणं ठावेइ । उक्तो लूषकस्तदभिधानाच्च हेतुरपि ।

ટીકાર્થ : વ્યંસકપ્રયોગમાં કાકડી અને લૂષકહેતુમાં મોદક દૃષ્ટાન્ત છે. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ કથાનકથી જાણવો.

તે આ છે.

એક મનુષ્ય કાકડી ભરેલું ગાડું લઈને નગરમાં પ્રવેશે છે. પ્રવેશતા તેને એક ધુતારાએ કહ્યું કે "જે કાકડીનાં આ ગાડાને ખાઈ જાય, અર્થાત્ આ ગાડાની બધી કાકડી ખાઈ જાય, તેને તું શું આપીશ ?" (આ અશક્ય વાત માત્ર મજાકરૂપ સમજી સામે) ગાડાવાળાએ ઉત્તર આપ્યો કે "જે આટલી કાકડી ખાય, તેને હું એવો લાડવો આપીશ કે જે નગરનાં બારણામાંથી ન નીકળી શકે." ધુતારો કહે છે કે "તો પછી હું આ આખું

કાકડીનું ગાડું ખાઈ જઈશ. તું મને બદલામાં તેવો લાડવો આપજે કે જે નગરનાં બારણામાંથી ન નીકળે.." પછી ગાડાવાળાએ એ વાત સ્વીકારી એટલે ધુતારાએ આ અંગે સાક્ષીઓ નક્કી કર્યા અને પોતે ગાડા ઉપર ચઢી તે કાકડીઓના એક એક ટુકડાને દાંત વડે દૂર કરી (ખાઈ) પછી તે ગાડાવાળા પાસે મોદક માંગે છે. ત્યારે ગાડાવાળો કહે છે કે "તેં આ બધી કાકડી ખાધી જ નથી (તેં તો માત્ર એક એક ટુકડો જ ખાધો છે.) ધુતારો કહે છે કે "જો મેં આ ખાધી ન હોય, તો તું એને વેચી બતાવ." પછી તે વેચવાની શરુ કરી ત્યારે ખરીદનારાઓ આવ્યા પણ ખંડિત કાકડીને જુએ છે, ત્યારે ખરીદનારાઓ બોલે છે કે ''કોણ આ ખવાયેલી કાકડીને ખાય ?" પછી કરણમાં = ન્યાયાલયમાં બેનાં ઝઘડાનો નિર્ણય આવ્યો કે "કાકડીઓ ખવાઈ ગયેલી જ ગણાય." આ રીતે ગાડાવાળો હારી ગયો. (ધુતારા વડે જીતાયો.)

આ વ્યંસકહેતુ છે, એનું વર્ણન જો કે આગળ થઈ જ ગયું છે. પરંતુ લૂષક બતાવવો છે, એટલે લૂષક હેતુ બતાવવા માટે જ આ વ્યંસકહેતુ મૂકેલો છે.

પછી ધુતારો મોદકને માંગે છે. ગાડાવાળો દુઃખી થયો. (નગરનાં દરવાજામાંથી ન નીકળે એવો મોટો લાડવો શી રીતે એ આપે ?) એણે જુગારીઓની સેવા કરી. ખુશ થયેલા તેઓ પૃચ્છા કરે છે, ત્યારે ગાડાવાળો એમને જે રીતે હકીકત બનેલી, એ બધી જ વાત કહી દે છે. આ રીતે એણે કહ્યું, એટલે જુગારીઓએ એને ઉત્તર શીખવાડ્યો કે તું નાના લાડવાને નગરનાં બારણે મૂકીને બોલ કે - આ તે લાડવો છે કે જે નગરનાં બારણામાંથી નીકળતો નથી. તું આ લઈ લે. (લાડવો ગમે એટલો નાનો હોય તો પણ પોતાની મેળે તો ન જ નીકળે ને ?) આ રીતે ધુતારો હારી ગયો.

આ લૌકિક લૂષક બતાવ્યો.

લોકોત્તરમાં પણ ચરણકરણાનુયોગમાં લૂષકહેતુ આ પ્રમાણે કે કુશ્રુતિઓથી ભાવિત થયેલાને એવી રીતે લૂષકહેતુ આપવો કે જેથી એ સાચી વાત સ્વીકારે.

દ્રવ્યાનુયોગમાં લૂષકહેતુ અંગે પૂજ્યપુરુષો એમ કહે છે કે "આ લૂષકહેતુ પૂર્વે દેખાડી જ દીધો છે. (જીવ એને ઘટ **अस्ति** હોવાથી અભિન્ન માનીએ તો બધા જ પદાર્થો **अस्ति** હોવાથી અભિન્ન થઈ જાય... એ લૂષકહેતુ આવી ગયો.)

અન્યલોકો આ રીતે લૂષકહેતુ જણાવે છે કે "સામેવાળાને વિશ્વાસ થાય એ માટે પહેલા જાતે જ વ્યભિચારવાળો હેતુ ઉચ્ચારીને પછી એજ હેતુને બીજા ઉત્તરવચનથી (અથવા તો બીજી વ્યુત્પત્તિ દ્વારા) તે હેતુને સ્થાપિત કરવો. અથવા તો એવું બને કે

અચાનક જ વ્યભિચારવાળો હેતુ બોલાઈ ગયો હોય તો પાછળથી તે જ હેતુને બીજા નિરુક્તવચનથી સ્થાપિત કરવો.

(ભાવાર્થ : નિરુકતવચન એટલે ઉત્તરવચન કે વ્યુત્પત્તિઅર્થવાળું વચન. **परविसंभणानिमित्तं** શબ્દ બંને બાજુ જોડી શકાય છે. સવ્યભિચારહેતુઉચ્ચારણ કે સહસા(સવ્યભિચાર)હેતુઉચ્ચારણ બંનેમાં આ શબ્દ સમજી શકાય છે.

વ્યભિચારવાળો હેતુ આ પ્રમાણે કે **आत्मा मोक्षगामी द्रव्यत्वात्** આ અનુમાનમાં દ્રવ્યત્વ હેતુ વ્યભિચારવાળો છે. કેમકે અભવ્યોમાં પણ દ્રવ્યત્વહેતુ છે, પણ એ મોક્ષગામી નથી બનતા. આ હેતુ બીજાને વિશ્વાસ ઉત્પન્ન કરાવવા માટે બોલાયેલ હોય. એટલે બીજાને એમ લાગે કે "આણે વ્યભિચારવાળો હેતુ કહ્યો છે એટલે એની વાત ખોટી પડશે અને મારી વાત સાચી પડશે..." એ માટે જાણી જોઈને આવો હેતુ ઉચ્ચારાય. જેમ શત્રુસૈન્યને એવો વિશ્વાસ પ્રગટે કે "અમે જીતી રહ્યા છીએ, સામેવાળા હારી રહ્યા છે." એ માટે જાણી જોઈને ભાગવાનો-હારવાનો દેખાવ કરાય એટલે શત્રુસૈન્ય વધુ પડતા વિશ્વાસમાં આવી વિવેક ગુમાવે એટલે મોટું આક્રમણ કરી એને હરાવવામાં આવે. એમ અહીં જાણી જોઈને વ્યભિચારવાળો હેતુ કહી પ્રતિવાદીને વિશ્વાસ ઉભો કરાય છે. પણ પછી તરત એ હેતુનો બીજો અર્થ કાઢીને એના દ્વારા આપણી વાત સાચી સાબિત કરાય છે.

પ્રસ્તુતમાં દ્રવ્યત્વ હેતુ આમ તો વ્યભિચારી છે. પણ એનો બીજો અર્થ રાગદ્વેષરહિતત્વ પણ કરવામાં આવેલો છે. એ અર્થ લઈએ, તો આ અનુમાન સાચું પડે કેમકે અભવ્યોમાં રાગદ્વેષરહિતત્વ નથી.

**सहसा वा भणितो होज्जा** માં આ પ્રમાણે અર્થ થાય કે પ્રતિવાદી એમ માનતો નથી કે જીવનો મોક્ષ થાય, એટલે એને એ વાતમાં શ્રદ્ધા ઉત્પન્ન કરાવવા ઉતાવળમાં આવો વ્યભિચારવાળો હેતુ બોલાઈ જાય... પછી ખ્યાલ આવે કે આ હેતુ વ્યભિચારી છે, એટલે એ હેતુનો બીજો અર્થ ગ્રહણ કરીને એને સા ો સાબિત કરવામાં આવે છે. ઘણીવાર એવું બનતું હોય છે કે શ્રોતાને પોતાના પદાર્થમાં વિશ્વાસ જન્માવવા અચાનક કોઈ શબ્દો બોલાઈ જતાં હોય છે, અને પાછળથી હોંશિયાર વક્તા એનો બીજો અર્થ પકડી એમાં આવતા દોષોને અટકાવી દેતો હોય છે. એમ આમાં પણ સમજવું. આ જ લૂષક છે. પહેલાં ખોટો હેતુ બોલાયો એ વ્યંસક ગણી શકાય, પછી એને બીજા નિરુક્તવચનથી સાચો સાબિત કરવો એ લૂષક બને.,..)

લૂષકહેતુ કહેવાઈ ગયો. તેનું કથન થઈ જવાથી હેતુદ્વાર પણ કહેવાઈ ગયું.

साम्प्रतं यदुक्तं 'क्वचित्पञ्चावयव'मिति, तदधिकृतमेव सूत्रं 'धम्मो मंगल'मित्यादिलक्षणमधिकृत्य निदर्श्यते-अहिंसासंयमतपोरूपो धर्म्मः मङ्गलमुत्कृष्टमिति प्रतिज्ञा, इह च धर्म इति धर्मिनिर्देशः, अहिंसासंयमतपोरूप इति धर्मिविशेषणम्, उत्कृष्टं मङ्गलमिति साध्यो धर्मः, धर्मिधर्मसमुदायः प्रतिज्ञा, इयं श्लोकार्द्धेनोक्ता इति, देवादिपूजितत्वादिति हेतुः, आदिशब्दात् सिद्धविद्याधरनरपरिग्रहः, अयं च श्लोकतृतीयपादेन खलूक्तोऽवसेयः, अर्हदादिवदिति दृष्टान्तः, अत्रापि चादिशब्दाद् गणधरादिपरिग्रहः, अयं च श्लोकचरमपादेनोक्तो वेदितव्य इति । न च भावमनोऽधिकृत्यार्हद्दृष्टान्तेऽस्ति कश्चिद्विरोध इति, इह यो यो देवादिपूजितः स स उत्कृष्टं मङ्गलं यथाऽर्हदादयस्तथा च देवादिपूजितो धर्म इत्युपनयः, तस्माद्देवादिपूजितत्वादुत्कृष्टं मङ्गलमिति निगमनम् । इदं चावयवद्वयं सूत्रोक्तावयवत्रयाविनाभूतमितिकृत्वा तेन सूचितमवगन्तव्यमित्यलं विस्तरेण ॥८८॥

હવે પૂર્વે જે કહેલું કે "ક્યાંક પંચાવયવી અનુમાન કરાય છે..." તે પંચાવયવી અનુમાન **धम्मो मंगल...** એ પ્રસ્તુત સૂત્રને આશ્રયીને જ દેખાડાય છે.

તે આ પ્રમાણે -

(૧) પ્રતિજ્ઞા : **अहिंसासंयमतपोरुपो धर्मः** (પક્ષ:) **उत्कृष्टं मङ्गलं** (સાધ્ય)

આમાં **धर्मः** એ ધર્મીનો નિર્દેશ છે એટલે કે જેમાં સાધ્યની સિદ્ધિ કરવાની છે એ પક્ષને જણાવનાર **धर्मः** શબ્દ છે.

**अहिंसासंयमतपोरुपः** આ ધર્મીનું વિશેષણ છે.

**उत्कृष्टं मंगलं** એ સાધ્યધર્મ છે. એટલે કે પક્ષમાં જેની સિદ્ધિ કરવાની છે એવો તે ધર્મ = વિશેષણ છે.

ધર્મી=વિશેષણવાન્ અને ધર્મ = વિશેષણ = સાધ્ય એ બેનો સમુદાય એ પ્રતિજ્ઞા છે. આ પ્રતિજ્ઞા પહેલી ગાથાનાં અડધા શ્લોક વડે કહેવાયેલી છે.

(૨) હેતુ **देवादिपूजितत्वात्** આ હેતુ છે. **देवादि** માં રહેલા **आदि** શબ્દથી સિદ્ધપુરુષો, વિદ્યાધરપુરુષોનું ગ્રહણ કરવું. (અહીં સિદ્ધ તરીકે સિદ્ધ ભગવંતો ન લેવા. પણ આ જ સંસારમાં જે મંત્રસિદ્ધ વગેરે છે, તે લેવા. અથવા તો સિદ્ધ એવી વિદ્યાને ધારણ કરનાર જે માણસ. એમ સમાસ કરવો...)

આ હેતુ શ્લોકનાં ત્રીજા પાદથી કહેવાયેલો જાણવો. ( **देवा वि तं नमंसंति** એ શબ્દ એનું જ સુચન કરે છે.)

(૩) **દષ્ટાન્ત : अर्हदादिवत्** એ દષ્ટાન્ત છે. અહીં પણ **आदि** શબ્દથી ગણધર વગેરેનું ગ્રહણ કરવું. આ દષ્ટાન્ત શ્લોકનાં ચરમપાદ વડે કહેવાયેલું જાણવું. (જેનું સદા ધર્મમાં મન હોય, એ તો તીર્થંકરાદિ જ છે ને ? એટલે **जस्स धम्मे...** એના દ્વારા તીર્થંકરાદિ જ જણાવાય છે.)

**પ્રશ્ન :** તમે કહો છો કે અરિહંતાદિ એ દષ્ટાન્ત છે. પરંતુ જેનું સદા ધર્મમાં મન હોય એ અહીં દષ્ટાન્ત તરીકે લેવાના છે. હવે અરિહંતોને તો કેવલજ્ઞાન જ થઈ ગયું હોવાથી એમને ભાવમન છે જ નહિ. તો "એમનું સદા ધર્મમાં મન છે" એવું કહી જ ન શકાય અને એટલે અરિહંત દષ્ટાન્ત તરીકે માનવામાં વિરોધ આવે.

**ઉત્તર :** 'અરિહંતોમાં ભાવમનને આશ્રયીને વિરોધ આવે છે' એ તમારી વાત બરાબર નથી. કેમકે ભલે એમનામાં ભાવમન ન હોય, પરંતુ અનુત્તરવાસી દેવો વગેરેને તો એ ઉત્તર આપવા એ દ્રવ્યમનનો સ્વીકાર કરે જ છે, એટલે એમનામાં દ્રવ્યમન હોવાથી તેઓનું એ મન સદા ધર્મમાં છે, એમ કહી શકાય છે એટલે તેઓ પણ દષ્ટાન્ત બની શકે.

અથવા તો ભલે અરિહંતોનું મન અત્યારે નથી, પણ અરિહંત બનતાં પૂર્વે તો એમનું મન સદા ધર્મમાં હતું જ, એટલે તેઓ દષ્ટાન્ત તરીકે ગણી શકાય.

(આ જે અર્થ લખ્યો છે, તે છાપેલી પ્રતમાં નીચે જે ટીપ્પણ કરી છે કે "**द्रव्यमनःसत्त्वात्, पूर्वावस्थामाश्रित्य वा** એને આધારે કરેલો છે. પણ આ ટીપ્પણ વર્તમાન વિદ્વાનોની છે, એમને આ પ્રમાણે અર્થ સંગત લાગવાથી આ ટીપ્પણ બતાવી છે.

પરંતુ આ ટીપ્પણ અનુસારે પૂ.પાદ હરિભદ્રસૂરિજીની વૃત્તિ ક્ષતિવાળી બની જાય. કેમકે એની પંક્તિનો અર્થ આ પ્રમાણે થાય કે "ભાવમનને લઈને તો કોઈ વિરોધ નથી જ આવતો." પણ એ વિરોધ કેમ નથી આવતો ? એની તો કોઈપણ યુક્તિ તેઓશ્રીએ દર્શાવેલી જ ન હોવાથી વૃત્તિમાં એટલી ઉણપ ગણાય ને ? આવી ઉણપ લાગી છે, માટે જ તો ત્યાં આવી ટીપ્પણ મુકવી જરૂરી બની ને ?

એ મહાપુરુષની વૃત્તિમાં આવા પ્રકારની ઉણપ હોય એ શક્ય નથી લાગતું.

એટલે આનો અર્થ બીજી રીતે કરવો જોઈએ.

તે આ પ્રમાણે.

અરિહંતને દૃષ્ટાન્ત તરીકે દર્શાવ્યા છે, એટલે પ્રશ્નકાર પુછશે કે "અરિહંતોમાં તો મન છે જ નહિ, તો 'તેઓનું સદા ધર્મમાં મન છે' એમ કેમ કહેવાય ? અને તો પછી તેઓ દૃષ્ટાન્તભૂત કેમ બની શકે ?" એની સામે ઉત્તરરૂપે આ પંક્તિ જાણવી કે "**न च भावमनोऽधिकृत्य दृष्टान्तेऽस्ति कश्चिद् विरोधः**" અર્થાત્ દૃષ્ટાન્તમાં જે વિરોધ આવે છે, તે જો ભાવમનને લઈ લઈએ તો કોઈ વિરોધ ન આવે. આશય એ છે કે અરિહંતોમાં સતત દ્રવ્યમન હોતું નથી, ઉત્તર આપવાના સમયે જ દ્રવ્યમન હોય છે, એટલે "એ સદા ધર્મમાં છે." એમ કહેવું શક્ય નથી. કેમકે સદા માટે એ દ્રવ્યમન હાજર નથી. એમ જ્ઞાનાવરણીયાદિનાં ક્ષયોપશમથી જન્ય ઉપયોગરૂપ જે મન છે એ પણ એમની પાસે નથી. કેમકે એમને ક્ષયોપશમજન્ય કોઈપણ ભાવો નથી. છતાં જ્ઞાનાવરણીયનાં ક્ષયથી જન્ય જે કેવલોપયોગ છે, એ જ ભાવમન છે. અને એ તો એમની પાસે સતત વિદ્યમાન છે, એટલે એ કેવલોપયોગરૂપ ભાવમનને લઈને અરિહંતો પણ સદા ધર્મમાં મનવાળા કહેવાય. એટલે તેઓ પણ દૃષ્ટાન્ત તરીકે લેવાય.

એટલે ભાવમનને લઈને દૃષ્ટાન્તમાં કોઈ વિરોધ આવતો નથી.

સાર એ કે ટીપ્પણાનુસારે જે અર્થ કરેલો છે, તેમાં ભાવમનને લઈને અરિહંતોમાં વિરોધ આવતો હતો, તેનું સમાધાન ટીપ્પણનો પાઠ બહારથી લાવીને કરવાનું છે. જ્યારે આ જે અર્થ કર્યો છે, એમાં અરિહંતોમાં સદા દ્રવ્યમન ન હોવાથી અને ક્ષયોપશમજન્ય ઉપયોગરૂપ મન પણ ન હોવાથી દૃષ્ટાન્ત તરીકે લેવામાં જે વિરોધ આવતો હતો, એ કેવલોપયોગરૂપ ભાવમનને લઈને દૂર થાય છે.

**तत्त्वं तु केवलिगम्यम् ।)**

**(૪) ઉપનય : यः यः देवादिपूजितः स स उत्कृष्टं मंगलं यथा अर्हदादयः ।**

જે જે દેવાદિપૂજિત હોય, તે તે ઉત્કૃષ્ટમંગલ હોય. જેમકે અરિહંતાદિ. અને વળી દેવાદિપૂજિત ધર્મ છે.

**(૫) નિગમન :** તેથી દેવાદિપૂજિત હોવાથી અહિંસાદિરૂપ ધર્મ ઉત્કૃષ્ટમંગલ છે. આ નિગમન છે.

**પ્રશ્ન :** મૂલસૂત્રમાં તો આ ઉપનય-નિગમન નથી બતાવ્યા ને ?

**ઉત્તર** સૂત્રમાં પ્રતિજ્ઞા-હેતુ-ઉદાહરણ આ ત્રણ અવયવો તો બતાવેલા જ છે. પ્રસ્તુત બે અવયવો આ ત્રણ અવયવોને અવિનાભાવી છે. એટલે કે આ ત્રણ અવયવો વિના એ બે અવયવો કદિ હોતા જ નથી. (એ ત્રણ અવયવોની જ અમુક પ્રકારની

ગોઠવણથી આ બે અવયવો બને છે. ઉપનયમાં પક્ષ અને હેતુ જ આવે છે, અને નિગમનમાં હેતુ સહિત આખી પ્રતિજ્ઞા આવે છે...) આમ હોવાથી ત્રણ અવયવોને દર્શાવનાર સૂત્ર દ્વારા એ છેલ્લા બે અવયવો સૂચિત થઈ ગયેલા જાણવા.

અહીં વિસ્તારથી સર્યું.

---

साम्प्रतमेतानेवावयवान् सूत्रस्पर्शिकनिर्युक्त्या प्रतिपादयन्नाह –

धम्मो गुणा अहिंसाइया उ ते परममंगल पइन्ना । देवावि लोगपुज्जा पणमंति सुधम्ममिइ हेऊ ॥८९॥

---

હવે આ જ પાંચ અવયવોને સૂત્રસ્પર્શિકનિર્યુક્તિથી પ્રતિપાદન કરતાં કહે છે કે -

નિર્યુક્તિ ૮૯ ગાથાર્થ : "ધર્મ અહિંસાદિ ગુણો રૂપ છે. અને તે પરમમંગલ છે." આ પ્રતિજ્ઞા છે. "લોકપૂજ્ય દેવો પણ સારાધર્મવાળાને પ્રણામ કરે છે." એ હેતુ છે.

---

**व्याख्या–'धर्मः' प्राग्निरूपितशब्दार्थः, स च क इत्याह-गुणा अहिंसादयः, आदिशब्दात् संयमतपःपरिग्रहः, तुरेवकारार्थः, अहिंसादय एव, ते परममङ्गलमिति प्रतिज्ञा, तथा देवा अपि, अपिशब्दात् सिद्धविद्याधरनरपतिपरिग्रहः, 'लोकपूज्या' लोकपूजनीयाः 'प्रणमंति' नमस्कुर्वन्ति, कम् ?-'सुधर्माणं' शोभनधर्मव्यवस्थितमिति, अयं हेत्वर्थसूचकत्वाद्धेतुरिति गाथार्थः ॥८९॥**

---

ટીકાર્થ : પૂર્વે જેનો શબ્દાર્થ કહેવાઈ ગયો છે, એ ધર્મ શું છે ? એ કહે છે કે એ ધર્મ અહિંસાદિ ગુણો રૂપ છે. અહીં **आदि** શબ્દથી સંયમ અને તપનું ગ્રહણ કરવું. તુ શબ્દ **एव** અર્થવાળો છે. એટલે કે ધર્મ અહિંસાદિ રૂપ જ છે.

અને "તે અહિંસાદિ પરમમંગલ છે." એ પ્રતિજ્ઞા છે.

લોક વડે પૂજનીય એવા દેવો પણ સારાધર્મમાં વ્યવસ્થિત આત્માને પ્રણામ કરે છે. અહીં **देवा वि** માં જે **अपि** શબ્દ છે, તેનાથી સિદ્ધવિદ્યાધર, રાજાનું ગ્રહણ કરવું.

આ હેતુ છે.

પ્રશ્ન : હેતુ તો **देवादिपूजितत्वात्** એમ પંચમ્યન્તવાળું આગળ બતાવેલું. તો **देवा अपि सुधर्माणं प्रणमन्ति** આ વાક્ય હેતુ શી રીતે કહેવાય ?

ઉત્તર : આ વાક્ય ભલે સીધો હેતુ નથી. પણ હેતુના અર્થને સૂચવનાર તો છે જ ને ? તેથી આ હેતુ કહેવાય.

दिट्ठंतो अरहंता अणगारा य बहवो उ जिणसीसा । वत्तणुवत्ते नज्जइ जं नरवइणोऽवि पणमंति ॥९०॥

નિર્યુક્તિ ૯૦ ગાથાર્થ : અરિહંતો અને ઘણાં જિનશિષ્યો રૂપી અણગારો દૃષ્ટાન્ત છે. અનુવૃત્તથી વૃત્ત જણાય છે. કેમકે રાજાઓ પણ નમસ્કાર કરે છે.

व्याख्या–'दृष्टान्तः' प्राग्निरूपितशब्दार्थः, स चाशोकाद्यष्टमहाप्रातिहार्यादिरूपां पूजामर्हन्तीत्यर्हन्तः, तथा अनगाराश्च बहव एव जिनशिष्या इति, न गच्छन्तीत्यगा-वृक्षास्तैः कृतमगारं-गृहं तद्येषां विद्यत इति अर्शआदेराकृतिगणत्वादच्प्रत्ययः अगारा-गृहस्थाः न अगारा-अनगाराः, चशब्दः समुच्चयार्थः, तुरेवकारार्थः, ततश्च बहव एव नाल्पाः, रागादिजेतृत्वाज्जिनास्तच्छिष्याः-तद्विनेया गौतमादयः, आह-अर्हदादीनां परोक्षत्वात् दृष्टान्तत्वमेवायुक्तम्, कथं चैतद्विनिश्चीयते ? यथा ते देवादिपूजिता इति, उच्यते, यत्तावदुक्तं 'परोक्षत्वा'दिति, तदुष्टम्, सूत्रस्य त्रिकालगोचरत्वात् कदाचित्प्रत्यक्षत्वात्, देवादिपूजिता इति च एतद्विनिश्चयायाह–वृत्तम्–अतिक्रान्तम् अनुवर्त्तमानेन-साम्प्रतकालभाविना ज्ञायते, कथमित्यत आह-'यद्' यस्माद् 'नरपतयोऽपि'-राजानोऽपि प्रणमन्ति, इदानीमपि भावसाधुं, ज्ञानादिगुणयुक्तमिति गम्यते । अनेन गुणानां पूज्यत्वमावेदितं भवतीति गाथार्थः ॥९०॥

ટીકાર્થ : જેનો શબ્દાર્થ પૂર્વે નિરૂપણ કરાઈ ગયો છે. તે દૃષ્ટાન્ત તરીકે અહીં અરિહંતો અને ઘણાં બધા જિનશિષ્ય અણગારો છે.

એમાં અશોકવૃક્ષ વગેરે અષ્ટમહાપ્રાતિહાર્ય વગેરે રૂપ પૂજાને માટે જે યોગ્ય હોય તે અરિહંત. જે સ્વયં ન ચાલે, તે **अगः** એટલે કે વૃક્ષ. તેનાથી કરાયેલું હોય તે **अगार** એટલે કે ઘર તે જેઓની પાસે છે તેઓ **अगारः** કહેવાય.

અહીં **अर्श** વગેરે આકૃતિગણ હોવાથી વ્યાકરણાનુસારે **मतुप्** અર્થમાં **अच्** પ્રત્યય લાગ્યો `; એટલે **अगार** = ઘરવાળા એમ અર્થ થાય. (**अच्** પ્રત્યય વિના **अगार** શબ્દ હોય તો **ઘર** અર્થ થાય. અને જો **मतुप्** અર્થવા ે **अच्** લાગે તો શબ્દ તો **अगार** જ બને. પણ એનો અર્થ **ઘરવાળો** થાય.)

**च** શબ્દ સમુચ્ચય અર્થવાળો છે. (અરિહંતો અને અણગારો.)

**तु** શબ્દ **एव** અર્થવાળો છે. તેથી આ પ્રમાણે અર્થ થશે કે ઘણાં બધા જ સાધુઓ

દૃષ્ટાન્ત છે ઓછા નહિ.

એમાં જે રાગાદિને જીતનારા હોય, તે જિન કહેવાય. તેમના શિષ્યો ગૌતમ વગેરે છે.

પ્રશ્ન : દૃષ્ટાન્ત તો એ કહેવાય કે જે પ્રત્યક્ષ હોય. અરિહંત વગેરે તો આપણને પરોક્ષ હોવાથી એમને દૃષ્ટાન્ત માનવા એ જ અયોગ્ય છે.

બીજી વાત એ કે એ દેખાતા જ ન હોવાથી એવો નિશ્ચય શી રીતે કરવો કે તેઓ દેવાદિથી પૂજિત છે.

ઉત્તર : તમે પહેલાં જે વાત કરી કે "પરોક્ષ હોવાથી તેઓ દૃષ્ટાન્ત ન કહેવાય." તે વાત જ દોષવાળી છે. કેમકે સૂત્ર તો ત્રિકાલવિષયક છે, એટલે ક્યારેક તો અરિહંતો પ્રત્યક્ષ છે જ. અને એટલે એ પરોક્ષ ન કહેવાય. (આ સૂત્ર માત્ર શય્યંભવસૂરિના કાળનું જ ન કહેવાય, પણ એની પૂર્વેનાં કાળમાં પણ અને પછીનાં કાળમાં પણ આ સૂત્રની હાજરી માનવાની છે. માત્ર એમણે તો પૂર્વોમાંથી ઉદ્ધાર જ કરેલો છે. એટલે અરિહંતોનાં સમયમાં પણ આ સૂત્રની હાજરી ગણાય, એટલે એ વખતે તો અરિહંતો હાજર હોવાથી, દેવાદિપૂજિત હોવાથી તેઓ પ્રત્યક્ષ જ છે. એટલે જ એમને દૃષ્ટાન્ત માનવામાં કોઈ વિરોધ નથી.)

હવે એ દેવાદિપૂજિત હતાં. એ વાતનો નિશ્ચય કરવા માટે કહે છે કે વર્તમાનકાલભાવી પદાર્થ વડે ભૂતકાલીન પદાર્થ જણાય છે.

પ્રશ્ન : એ શી રીતે ?

ઉત્તર : અત્યારના પણ જ્ઞાનાદિગુણવાળા ભાવસાધુને રાજાઓ પણ નમસ્કાર કરે છે એટલે એનાથી ભૂતકાળનું અનુમાન થઈ શકે છે કે એ અનંતજ્ઞાનાદિ ગુણયુક્ત અરિહંતાદિને તો દેવો પણ નમસ્કાર કરતાં હશે જ. **इदानीमपि भावसाधुं ज्ञानादिगुणयुक्तं** એ ગાથામાં લખેલ નથી, પણ એ સમજી લેવાનું છે.

રાજાઓ જ્ઞાનાદિગુણવાળાંને વંદે છે આ કથન દ્વારા ગુણોની પૂજ્યતા  ણાવાયેલી છે. અર્થાત્ વ્યક્તિ નહિ, પણ ગુણો પૂજનીય છે.

---

उवसंहारो देवा जह तह रायावि पणमइ सुधम्मं । तम्हा धम्मो मंगलमुक्किट्ठमिइ अ निगमणं ॥९१॥

---

**निर्युक्ति-९१ ગાથાર્થ :** ઉપસંહાર આ છે કે જેમ દેવો તેમ રાજાઓ પણ સુધર્મીને

પ્રણામ કરે છે. તેથી ધર્મ ઉત્કૃષ્ટમંગલ છે આ પ્રમાણે નિગમન છે.

व्याख्या–'उपसंहारः' उपनयः, स चायम्-देवा यथा तीर्थकरादीन् तथा राजाऽप्यन्योऽपि जनः प्रणमतीदानीमपि सुधर्माणमिति । यस्मादेवं तस्माद्देवादिपूजितत्वाद् धर्मो मङ्गलमुत्कृष्टमिति च निगमनम् । 'प्रतिज्ञाहेत्वोः पुनर्वचनं निगमन'मिति गाथार्थः ॥९१॥ उक्तं पञ्चावयवम्, एतदभिधानाच्चार्थाधिकारोऽपि धर्मप्रशंसा ।

ટીકાર્થ : ઉપસંહાર એટલે ઉપનય. તે આ છે કે જેમ દેવો તીર્થકરાદિને વંદે છે, તેમ રાજા અને બીજા પણ લોકો આજે પણ સારાધર્મવાળાને પ્રણામ કરે છે.

"જે કારણથી આમ છે, તે કારણથી નક્કી થાય છે કે ધર્મ દેવાદિપૂજિત હોવાથી ઉત્કૃષ્ટમંગલ છે." આ નિગમન છે.

પ્રતિજ્ઞા અને હેતુનું ફરીથી કથન એ નિગમન.

પંચાવયવી અનુમાન કહી દીધું.

આના કથન દ્વારા ધર્મપ્રશંસારૂપ અર્થાધિકાર પણ કહેવાઈ ગયો.

साम्प्रतं दशावयवं तथा स चेहैव जिनशासन इत्यधिकारं चोपदर्शयति-इह च दशावयवाः-प्रतिज्ञादय एव प्रतिज्ञादिशुद्धिसहिता भवन्ति । अवयवत्वं च तुच्छबुद्धीनामधिकृतवाक्यार्थोपकारकत्वेन प्रतिज्ञादीनामिव भावनीयमिति, अत्र बहु वक्तव्यं, तत्तु नोच्यते, गमनिकामात्रत्वात् प्रारम्भस्येति ॥

હવે દશાવયવી અનુમાનને તથા "તે ધર્મ આ જ જૈનશાસનમાં છે" એ અર્થાધિકારને દેખાડે છે.

**પ્રશ્ન** : દશ અવયવ શી રીતે ?

**ઉત્તર** : પ્રતિજ્ઞા વગેરે જે પાંચ અવયવ બતાવ્યા, એ જ પ્રતિજ્ઞાશુદ્ધિ વગેરે સહિત ગણો એટલે દશ થઈ જાય.

**પ્રશ્ન** : પ્રતિજ્ઞા, હેતુ એ બધા તો અનુમાનનાં અવયવ કહેવાય, પણ પ્રતિજ્ઞાશુદ્ધિ વગેરે અનુમાનનાં અવયવ શી રીતે કહેવાય ?

**ઉત્તર** : 'ધર્મ દેવાદિપૂજિત હોવાથી ઉત્કૃષ્ટમંગલ છે' એ પ્રસ્તુતવાક્યાર્થને સિદ્ધ કરવા માટે જેમ પ્રતિજ્ઞા, હેતુ વગેરે ઉપકારક હોવાથી એ અવયવ કહેવાય છે, તો એજ

રીતે પ્રતિજ્ઞાવિશુદ્ધિ, હેતુવિશુદ્ધિ વગેરે પણ અધિકૃત વાક્યાર્થને સિદ્ધ કરવા માટે ઉપયોગી હોવાથી અવયવ કહી શકાય છે.

આમ અધિકૃતવાક્યાર્થને ઉપકારક હોવાને લીધે પ્રતિજ્ઞાશુદ્ધિ વગેરે પ્રતિજ્ઞાની જેમજ અવયવ છે એમ વિચારી લેવું.

(અધિકૃતવાક્યાર્થ તરીકે "**स च इहैव जिनशासने**" એ પણ લઈ શકાય.)

આ વિષયમાં ઘણું કહેવાનું છે, પણ અત્રે કહેતા નથી કેમકે આ વૃત્તિનો આરંભ માત્ર ગમનિકારૂપ જ છે (અર્થાત્ સંક્ષેપતઃ બોધ કરાવવા માટે જ છે.)

---

**साम्प्रतमधिकृतदशावयवप्रतिपादनायाह –**

बिइयपइन्ना जिणसासणंमि साहेंति साहवो धम्मं । हेऊ जम्हा सब्भाविएसुऽहिंसाइसु जयंति ॥९२॥

---

હવે જે અધિકૃત દશ-અવયવ છે, તેનું પ્રતિપાદન કરવાને માટે કહે છે કે –

**નિર્યુક્તિ-૯૨ ગાથાર્થ :** બીજી પ્રતિજ્ઞા આ છે કે "જિનશાસનમાં સાધુઓ ધર્મને સાધે છે." હેતુ આ છે કે "જે કારણથી તેઓ સાચા અહિંસાદિમાં યત્ન કરે છે."

---

**व्याख्या–द्वितीया पञ्चावयवोपन्यस्तप्रथमप्रतिज्ञापेक्षया, प्रतिज्ञा पूर्ववत्, द्वितीया चासौ प्रतिज्ञा च द्वितीयप्रतिज्ञा, सा चेयम्-'जिनशासने' जिनप्रवचने, किम् ?– 'साधयन्ति' निष्पादयन्ति 'साधवः' प्रव्रजिताः 'धर्मं' प्राग्निरूपितशब्दार्थम् । इह च साधव इति धर्म्मिनिर्देशः, शेषस्तु साध्यधर्म इति, अयं प्रतिज्ञानिर्देशः । हेतुनिर्देशमाह- हेतुर्यस्मात् 'साद्भाविकेषु' पारमार्थिकेषु निरुपचरितेष्वर्थेष्वित्यर्थः अहिंसादिषु, आदिशब्दान्मृषावादादिविरतिपरिग्रहः, अन्ये तु व्याचक्षते–'सब्भाविएहिं'ति सद्भावेन निरुपचरितसकलदुःखक्षयायैवेत्यर्थः 'यतन्ते' प्रयत्नं कुर्वन्ति इति गाथार्थः ॥९२॥**

---

**ટીકાર્થ :** "બીજી પ્રતિજ્ઞા" એમ જે લખ્યું છે, એ પંચાવયવી અનુમાનમાં દર્શાવાયેલ પહેલી પ્રતિજ્ઞાની અપેક્ષાએ સમજવું. **धर्मः उत्कृष्टं**... એ પ્રથમ પ્રતિજ્ઞા હતી. આ એની અપેક્ષાએ બીજી પ્રતિજ્ઞા છે. પ્રતિજ્ઞા પૂર્વની જેમ સમજી લેવી. (**धर्मधर्मिसमुदायः प्रतिज्ञा**)

બીજી એવી પ્રતિજ્ઞા આ છે કે જિનશાસનમાં સાધુઓ ધર્મનું નિષ્પાદન કરે છે. ધર્મ શબ્દનો અર્થ પૂર્વે દર્શાવી દીધો છે.

અહીં **साधवः** એ ધર્મીનો = પક્ષનો નિર્દેશ છે. બાકી બધું સાધ્યધર્મ છે. (જિનશાસનમાં ધર્મનિષ્પાદન) આ આખો પ્રતિજ્ઞાનિર્દેશ છે.

હવે હેતુનાં નિર્દેશને કહે છે કે હેતુ આ છે કે "જે કારણથી પારમાર્થિક-ઉપચારરહિત એવા અહિંસાદિ પદાર્થોમાં તેઓ યત્ન કરે છે."

**अहिंसादि** માંના **आदि** શબ્દથી મૃષાવાદાદિની વિરતિનું ગ્રહણ કરવું.

અહીં અન્યલોકો કહે છે કે "સાધુઓ સદ્ભાવથી અહિંસાદિમાં યત્ન કરે છે. એટલે કે સકલ દુ:ખોનાં વાસ્તવિક ક્ષયને માટે જ યત્ન કરે છે."

(**साद्भाविकेषु** એ સપ્તમીવાળો શબ્દ **अहिंसादिषु** નું વિશેષણ બને. એનો ભાવાર્થ એ છે કે સાંખ્ય વગેરે દર્શનોમાં આત્મા એકાન્તે નિત્ય હોવાથી એની હિંસા ખરેખર તો ઘટતી જ નથી, અને એટલે જ અહિંસા પણ નથી ઘટતી. પણ તેઓ વાસ્તવિક હિંસા ન ઘટતી હોવાથી ઔપચારિક હિંસા ઘટાવીને એ રીતે અહિંસાને ઘટાવે છે.

જ્યારે જૈનદર્શનમાં આત્મા કથંચિત્ નિત્યાનિત્ય માનેલો હોવાથી આત્મદ્રવ્યનો વિનાશ ન થતો હોવા છતાં એના મનુષ્યાદિ પર્યાયનો વિનાશ તો થાય જ છે, એટલે એ રીતે જૈનદર્શનમાં વાસ્તવિક હિંસા ઘટે છે, અને માટે જ વાસ્તવિક અહિંસા પણ ઘટે છે.

આમ જૈનસાધુઓ નિરુપચરિત = વાસ્તવિક અહિંસાદિમાં યત્નવાળા

સાંખ્યલોકો ઉપચરિત = કાલ્પનિક અહિંસાદિમાં યત્નવાળા બને છે.

હવે જો **सद्भावेन** એમ તૃતીયાન્ત શબ્દ લઈએ, તો એનો ભાવાર્થ એ છે કે **निरुपचरितसकलदुःखक्षयाय ।**

આ શબ્દનાં પણ બે રીતે અર્થ થાય. એમાં **निरुपचरित** શબ્દ જો દુ:ખનું વિશેષણ લો તો એનો ભાવાર્થ એ કે વાસ્તવિક એવા જે સકલ દુ:ખો, તેના ક્ષયને માટે સાધુઓ યત્ન કરે છે. સાંખ્યમતમાં દુ:ખ વગેરે તો બુદ્ધિનાં ગુણો હોવાથી એ આત્મામાં ઘટતાં નથી. તેઓ આત્મામાં દુ:ખનો માત્ર ઉપચાર જ કરે છે. એટલે એમના મતે સકલ દુ:ખો ઔપચારિક છે. અને એવા દુ:ખોનો ક્ષય કરવાં તેઓ યત્ન કરે છે. હવે જે ખરેખર દુ:ખ છે જ નહિ, એના ક્ષય માટેનો પ્રયત્ન તો મૂર્ખતા જ ગણાય ને ?

જૈનદર્શનમાં તો આત્મામાં એ દુ:ખો વાસ્તવિક રીતે ઘટે છે. એટલે તેના ક્ષય માટેનો પ્રયત્ન પણ જૈનો કરી શકે.

હવે જો **निरुपचरित** શબ્દ **क्षय** નું વિશેષણ લો તો એનો ભાવાર્થ આ પ્રમાણે કે

ભૂખનું દુઃખ આવ્યું એટલે લોકો ભોજન દ્વારા એનો ક્ષય કરે. તરસનાં દુઃખનો પાણી દ્વારા ક્ષય કરે... પણ આ રીતે જે સઘળા દુઃખોનો ક્ષય થાય છે, એ તો ભ્રમાત્મક છે. વાસ્તવિક નથી. કેમકે પાછા એ દુઃખો ઉત્પન્ન થાય છે. જયારે જૈન સાધુઓ તો એ દુઃખ લાવનાર કારણોનો જ ક્ષય કરી નાંખી સદાને માટે એ દુઃખોનો નાશ કરવા માટે યત્ન કરે છે. એટલે તેઓ સઘળા દુઃખોનાં વાસ્તવિક ક્ષયને માટે યત્નવાળા કહેવાય.)

---

**साम्प्रतं प्रतिज्ञाशुद्धिमभिधातुकाम आह –**

जह जिणसासणनिरया धम्मं पालेंति साहवो सुद्धं । न कुतित्थिएसु एवं दीसइ परिवालणोवाओ ॥९३॥

---

હવે પ્રતિજ્ઞાશુદ્ધિને કહેવાની ઈચ્છાવાળા ગ્રન્થકારશ્રી કહે છે કે –

નિર્યુક્તિ- ૯૩ ગાથાર્થ : જે રીતે જિનશાસનમાં લીન સાધુઓ શુદ્ધ ધર્મને પાળે છે. એ રીતે કુતીર્થિકોમાં પરિપાલનનો ઉપાય દેખાતો નથી.

---

**व्याख्या–'यथा' येन प्रकारेण जिनशासननिरता-निश्चयेन रता 'धर्मं' प्राग्निरूपितशब्दार्थं 'पालयन्ति' रक्षन्ति 'साधवः' प्रव्रजिताः षड्जीवनिकायपरिज्ञानेन कृतकारितादिपरिवर्जनेन च 'शुद्धम्' अकलङ्कं, नैवं तन्त्रान्तरीयाः, यस्मान्न कुतीर्थिकेषु, 'एवं' यथा साधुषु दृश्यते परिपालनोपायः, षड्जीवनिकायपरिज्ञानाद्यभावात् । उपायग्रहणं च साभिप्रायकम्, शास्त्रोक्तः खलूपायोऽत्र चिन्त्यते, न पुरुषानुष्ठानं, कापुरुषा हि वितथकारिणोऽपि भवन्त्येवेति गाथार्थः ॥९३॥**

---

ટીકાર્થ : ('સાધુઓ જિનશાસનમાં જ અહિંસાદિ ધર્મના સાધક છે' આ પ્રતિજ્ઞાની શુદ્ધિ કરે છે કે) જિનશાસનમાં ખરેખર લીન બનેલા સાધુઓ જે રીતે ધર્મને રક્ષે છે, એ રીતે અન્યધર્મનાં સાધુઓ રક્ષતા નથી.

જૈન સાધુઓ ષડ્જીવનિકાયનાં બોધ દ્વારા અને કરવું-કરાવવું વગેરેનો ત્યાગ કરવા દ્વારા કલંકરહિત ધર્મનું પાલન કરે છે. (અથવા તો અકલંક શબ્દ ક્રિયાવિશેષણ ગણવો. સાધુઓ ધર્મનું અકલંક રીતે પાલન કરે છે.)

પ્રશ્ન : કુતીર્થિકો શા માટે શુદ્ધધર્મનું પાલન નથી કરતાં ?

ઉત્તર : કેમકે જે રીતે જૈનસાધુઓમાં શુદ્ધધર્મનાં પાલનનો ઉપાય દેખાય છે, એ રીતે કુતીર્થિકોમાં શુદ્ધધર્મનાં પાલનનો ઉપાય દેખાતો નથી. એનું કારણ એ કે તેઓમાં ષડ્જીવનિકાયનાં બોધનો જ અભાવ છે. એના બોધ વિના ષટ્કાયરક્ષારૂપ ધર્મનો ઉપાય

શી રીતે સંભવે ?

પ્રશ્ન : અહીં એવું શા માટે લખ્યું કે "કુતીર્થિકોમાં ધર્મપાલનનો ઉપાય નથી દેખાતો." એના બદલે એમ લખ્યું હોત કે "કુતીર્થિકોમાં ધર્મપાલન નથી" તો પણ ચાલત ને ? ઉપાય શબ્દ લખવાની શી જરૂર ?

ઉત્તર : અહી ઉપાય શબ્દનું ગ્રહણ નકામું નથી કર્યું. એની પાછળ ગ્રન્થકારશ્રીનો કોઈક અભિપ્રાય છે. તે એ છે કે અહીં શાસ્ત્રમાં કહેલા ઉપાયની વિચારણા ચાલે છે. પુરુષનાં અનુષ્ઠાનની વિચારણા નથી ચાલતી. ખોટાપુરુષો તો શાસ્ત્રવિરુદ્ધ ઉપાયો પ્રમાણે પ્રવૃત્તિ કરનારા પણ હોય જ છે.

(આશય એ જણાય છે કે, કોઈ એવો આક્ષેપ કરે કે "કુતીર્થિકો અહિંસાદિનું પાલન નથી કરતાં" તો તેનો બચાવ થઈ શકે કે તે તો અલ્પસત્ત્વવાળા હોવાથી નથી કરતાં. (જેમ કે કેટલાંક જૈનસાધુઓ.) શાસ્ત્રમાં તો અહિંસાદિનું પાલન કરવું ઇત્યાદિ છે જ. એવું ન થઈ શકે તે માટે જણાવ્યું છે કે તેનો ઉપાય જ નથી.

આ વાત દર્શાવવા માટે જ જાણી જોઈને ઉપાય શબ્દનું ગ્રહણ કરેલ છે.)

---

**अत्राह –**

**तेसुवि य धम्मसद्दो धम्मं निययं च ते पसंसंति । नणु भणिओ सावज्जो कुतित्थिधम्मो जिणवरेहिं ॥९४॥**

---

અહીં કોઈક પ્રશ્ન કરે છે કે –

નિર્યુક્તિ-૯૪ ગાથાર્થ : પ્રશ્ન : તેઓમાં પણ ધર્મશબ્દ છે. અને તેઓ પોતાના ધર્મની પ્રશંસા કરે છે.

ઉત્તર : તીર્થંકરોએ કુતીર્થિકોનો ધર્મ સાવદ્ય કહ્યો છે.

---

**व्याख्या–'तेष्वपि च' तन्त्रान्तरीयधर्मेषु, किम् ?–धर्मशब्दो लोके रूढः, तथा धर्म 'निजं च' आत्मीयमेव यथातथं ते 'प्रशंसन्ति' स्तुवन्ति, ततश्च कथमेतदिति, अत्रोच्यते, 'नन्वि'त्यक्षमायां 'भणित' उक्तः पूर्वं 'सावद्यः' सपापः 'कुतीर्थिकधर्मः' चरकादिधर्मः । कैः ?–'जिनवरैः' तीर्थकरैः 'ण जिणेहिं उ पसत्थो' इति वचनात्, षड्जीवनिकाय-परिज्ञानाद्यभावादेवेति, अत्रापि बहु वक्तव्यं तत्तु नोच्यते ग्रन्थविस्तरभयादिति गाथार्थः ॥९४॥**

ટીકાર્થ : પ્રશ્ન : જૈનદર્શન સિવાયનાં ધર્મોમાં પણ ધર્મ શબ્દ લોકમાં રૂઢ થયેલો છે. લોકો શિવધર્મ વગેરે શબ્દો વાપરે જ છે. તથા તેઓ પોતાના જ જેવા તેવા = જે તે પ્રકારનાં ધર્મને પ્રશંસે જ છે. તો પછી એમ શી રીતે કહેવાય ? કે "માત્ર જિનશાસનમાં જ સાધુઓ ધર્મને આરાધે છે ?" તે કુતીર્થિકો પણ ધર્મઆરાધના કરે જ છે ને ?

ઉત્તર : પૂર્વે જ કહી ગયા છીએ કે તીર્થંકરોએ ચરકાદિધર્મને પાપવાળો ધર્મ કહ્યો છે. "**ण जिणेहिं उ पसत्थो**" એ વચન પૂર્વે આવી જ ગયેલું હોવાથી એ વાત પૂર્વે કહેવાઈ જ ગઈ છે.

પ્રશ્ન : પણ જિને કેમ એમનો ધર્મ નથી પ્રશંસ્યો ?

ઉત્તર : ષડ્જીવનિકાયનાં બોધ વગેરેનો અભાવ હોવાના કારણે જ જિનોએ તેમના ધર્મની પ્રશંસા કરી નથી.

પ્રશ્ન : એમનામાં ષટ્કાયજ્ઞાનાદિ નથી, એવું ક્યા આધારે કહી શકો છો ?

ઉત્તર : આ વિષયમાં પણ ઘણું બધું કહેવાનું છે. પણ એ ગ્રન્થનો વિસ્તાર થઈ જવાના ભયથી કહેતાં નથી.

---

**तथा –**

जो तेसु धम्मसद्दो सो उवयारेण निच्छएण इहं । जह सीहसद्दु सीहे पाहण्णुवयारओऽण्णत्थ ॥९५॥

---

વળી –

નિર્યુક્તિ- ૯૫ ગાથાર્થ તેઓમાં જે ધર્મશબ્દ સંભળાય છે, તે ઉપચારથી છે. નિશ્ચયથી અહીં છે. જેમ સિંહ શબ્દ સિંહમાં પ્રધાનતાથી છે, અન્યત્ર ઉપચારથી છે.

---

**व्याख्या–यः '<u>तेषु</u>' तन्त्रान्तरीयधर्मेषु धर्मशब्दः स '<u>उपचारेण</u>' अपरमार्थेन, निश्चयेन '<u>अत्र</u>' जिनशासने, कथम् ?–यथा सिंहशब्दः सिंहे व्यवस्थितः प्राधान्येन, '<u>उपचारतः</u>' उपचारेण '<u>अन्यत्र</u>' माणवकादौ, यथा सिंहो माणवकः, उपचारनिमित्तं च शौर्यक्रौर्यादयः धर्मे त्वहिंसाद्यभिधानादय इति गाथार्थः ॥९५॥**

---

ટીકાર્થ : તન્ત્રાન્તરીય = જૈનેતર ધર્મોમાં જે ધર્મ શબ્દ વપરાય છે, તે ઉપચારથી = અપરમાર્થથી વપરાય છે. નિશ્ચયથી તે ધર્મશબ્દ અહીં જિનશાસનમાં વપરાય છે. અર્થાત્ ત્યાં વપરાતો ધર્મશબ્દ નામમાત્ર છે, જયારે અહીં વપરાતો ધર્મશબ્દ સાર્થક છે.

જેમ સિંહમાં વ્યવસ્થિત = વપરાતો સિંહ શબ્દ પ્રધાનતાથી છે. જ્યારે માણવકાદિમાં વપરાતો સિંહશબ્દ ઉપચારથી છે કે "**सिंह माणवक**" (માણવક એટલે નાની ઉંમરનો માણસ, બાળક.)

પ્રશ્ન : ઉપચાર પણ એમને એમ તો ન થાય એનું પણ કોઈ નિમિત્ત તો હોય જ છે. જેમ રૂપવતીસ્ત્રીનાં મુખમાં ચન્દ્રનો ઉપચાર કરાય છે, એમાં રૂપ, લાવણ્ય, સૌમ્યતા વગેરે નિમિત્ત બને છે. આ નિમિત્તો કદરૂપી સ્ત્રીમાં ન હોવાથી ત્યાં ચન્દ્રનો ઉપચાર કરાતો નથી.

ઉત્તર : માણવકમાં રહેલ શૂરવીરતા, ક્રૂરતા એ તેમાં સિંહશબ્દનો ઉપચાર કરવામાં નિમિત્ત છે. જ્યારે જૈનેતરધર્મોમાં જે અહિંસા, સત્યવાદ વગેરે નામાદિ છે, એ તેમાં ધર્મશબ્દનો ઉપચાર કરવામાં નિમિત્ત છે. (નાનો બાળક જો શૂરવીર, ક્રૂર હોય તો એમાં **सिंह** શબ્દનો ઉપચાર કરવામાં આવે છે.)

(આશય એ છે કે જૈનેતરોમાં ખરેખર ધર્મ નથી. પણ તેઓ અહિંસાદિ પાંચ યમો માને છે. 'ધર્મની આરાધના કરો' એમ બોલે છે, ધર્મનો ખૂબ મહિમા ગાય છે... એટલે લોકો એમનામાં ધર્મ શબ્દ વાપરે છે. હકીકતમાં તેઓમાં સાચો ધર્મ નથી.

---

एस पइन्नासुद्धी हेऊ अहिंसाइएसु पंचसुवि । सब्भावेण जयंती हेउविसुद्धी इमा तत्थ ॥१॥ (भाष्यम्) ॥

---

**દશવૈકાલિક ભાષ્ય-૧ ગાથાર્થ :** આ પ્રતિજ્ઞાવિશુદ્ધિ છે. હેતુ આ છે કે "જૈન સાધુઓ અહિંસાદિ પાંચેયમાં સદ્ભાવથી પ્રયત્ન કરે છે." તેમાં આ હેતુવિશુદ્ધિ છે.

---

**व्याख्या–'एषा' उक्तस्वरूपा प्रतिज्ञायाः शुद्धिः प्रतिज्ञाशुद्धिः, हेतुरहिंसादिषु पञ्चस्वपि सद्भावेन यतन्त इति, अयं च प्राग् व्याख्यात एव, शुद्धिमभिधातुकामेन च भाष्यकृता पुनरुपन्यस्त इति, अत एवाह-हेतोर्विशुद्धिर्हेतुविशुद्धिः, विषयविभाषाव्यवस्थापनं विशुद्धिः, 'इमा' इयं 'तत्र' प्रयोग इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** ઉપર જેનું સ્વરૂપ દર્શાવ્યું તે પ્રતિજ્ઞાશુદ્ધિ છે. હવે હેતુ આ પ્રમાણે છે કે અહિંસાદિ પાંચેયમાં સાધુઓ સદ્ભાવથી યત્ન કરે છે.

આ હેતુનું વ્યાખ્યાન પૂર્વે કરી જ ગયા છે. ભાષ્યકારે ફરીથી એ હેતુ બતાવ્યો એ તો એમને હેતુની વિશુદ્ધિ કહેવી છે, માટે ફરી એ હેતુ દર્શાવ્યો.

આથી જ ભાષ્યકાર કહે છે કે આ અનુમાનપ્રયોગમાં હેતુની વિશુદ્ધિ આ છે.

(આગળ કહેવાશે તે)

વિષયવિભાષાવ્યવસ્થાપન એ વિશુદ્ધિ કહેવાય. આશય એ કે આ હેતુમાં જે વિષય દર્શાવ્યો છે કે "જૈનસાધુઓ અહિંસાદિ પંચકમાં સદ્ભાવથી યત્ન કરે છે" એની વિભાષા એટલે કે જુદા જુદા વિકલ્પો = જૈનસાધુઓ અહિંસાદિમાં યત્નવાળા કેવી રીતે ? એ વગેરે પદાર્થો... એની વ્યવસ્થા કરવી, સ્પષ્ટ કરવા એ હેતુની વિશુદ્ધિ કહેવાય.

---

जं भत्तपाणउवगरणवसहिसयणासणाइसु जयंति । फासुयअकयअकारिय-अणणुमयाणुद्दिट्ठभोई य ॥२॥ (भाष्यम्) ॥

---

ભાષ્ય-૨ ગાથાર્થ : જે કારણથી સાધુઓ ભોજન, પાન, ઉપકરણ, વસતિ, શયન, આસનાદિમાં યત્ન કરે છે. પ્રાસુક, અકૃત, અકારિત, અનનુમત, અનુદ્દિષ્ટ વાપરનારા છે.

---

**व्याख्या–'यद्' यस्मात्, भक्तं च पानं चोपकरणं च वसतिश्च शयनासनादयश्चेति समासस्तेषु, किम् ?–'यतन्ते' प्रयत्नं कुर्वन्ति, कथमेतदेवमित्यत्राह–यस्मात् प्रासुकं चाकृतं चाकारितं चाननुमतं चानुद्दिष्टं च तद्भोक्तुं शीलं येषां ते तथाविधाः, तत्रासवः-प्राणाः प्रगता असवः-प्राणा यस्मादिति प्रासुकं-निर्जीवम्, तच्च स्वकृतमपि भवत्यत आह-अकृतम्, तदपि कारितमपि भवत्यत आह-अकारितम्, तदप्यनुमतमपि भवत्यत आह-अननुमतम्, तदप्युद्दिष्टमपि भवति यावदर्थिकादि न च तदिष्यत इत्यत आह-अनुद्दिष्टमिति । एतत्परिज्ञानोपायश्चोपन्यस्तसकलप्रदानादिलक्षणसूत्रादवगन्तव्य इति गाथार्थः ॥**

---

ટીકાર્થ : જે કારણથી સાધુઓ ભોજન, પાન, ઉપકરણ, વસતિ, શયનાસનાદિમાં પ્રયત્ન કરે છે. (તે કારણથી એમ કહેવાય કે તેઓ જ અહિંસાદિમાં સદ્ભાવથી યત્નવાળા છે.)

**પ્રશ્ન :** પણ સાધુઓ આવા યત્નવાળા છે, એમ શી રીતે કહી શકાય ?

**ઉત્તર :** કેમકે સાધુઓ પ્રાસુક, અકૃત, અકારિત, અનનુમત, અનુદ્દિષ્ટ ભોજન વાપરવાના સ્વભાવવાળા છે. તેમાં **प्रगताः असवः यस्मात् तत् प्रासुकं** એટલે અચિત્ત. **असु** શબ્દનો અર્થ પ્રાણ = જીવ થાય છે. હવે અચિત્તવસ્તુ જાતે બનાવેલી પણ હોઈ શકે છે. જૈનસાધુ જાતે ન બનાવે.. માટે અકૃત શબ્દ વાપર્યો છે. હવે અચિત અકૃત વસ્તુ

બીજા પાસે કરાવાયેલી પણ હોઈ શકે છે. જૈન સાધુ એવી વસ્તુ ન વાપરે એટલે **अकारित** શબ્દ વાપર્યો છે. આવું અચિત્ત, અકૃત, અકારિત વસ્તુ અનુમોદના કરાયેલું પણ હોઈ શકે. (સાધુએ કર્યું, કરાવ્યું ન હોય પણ ગૃહસ્થે ભક્તિથી સાધુ માટે બનાવી દીધું અને સાધુ વહોરે કે સારું કર્યું તેવું માને તો એની અનુમોદનાવાળો ગણાય.) આથી શબ્દ વાપર્યો છે. **अननुमत** ।

આવું અચિત, અકૃત, અકારિત, અનનુમત વસ્તુ યાવદર્થિકાદિ ઉદ્દિષ્ટ દોષવાળું પણ હોઈ શકે. એવું તો ઈષ્ટ નથી જ. એટલે **अनुद्दिष्ट** શબ્દ વાપર્યો છે. (મોટા જમણવારાદિબાદ ખૂબ જ લાડવા વધ્યા હોય તો ગૃહસ્થ વિચારે કે "જે કોઈપણ ગરીબો, બાવાઓ, સાધુઓ આવે, એ બધાને આપવા માટે આ રાખું..." હવે આ વસ્તુ અચિત્ત છે, અકૃત-અકારિત છે. સાધુ માટે બનાવાયેલી નથી. એટલે સાધુ માટે ગૃહસ્થે ભક્તિથી બનાવેલી વસ્તુ સાધુ વહોરે એમાં જે અનુમતિદોષ લાગે છે. એ દોષ પણ અહીં લાગતો નથી. પરંતુ ગૃહસ્થે સાધુ વગેરે બધાને આપવાના ઉદ્દેશથી એ વસ્તુઓ રાખી, એટલે ઉદ્દિષ્ટદોષવાળી વસ્તુ બને છે..)

**પ્રશ્ન :** પણ એ વસ્તુ યાવદર્થિકાદિ રૂપ ઉદ્દિષ્ટદોષદુષ્ટ બની છે, એની ખબર શી રીતે પડે ? ગૃહસ્થના મનનાં ભાવ તો આપણે જાણી શકતા નથી.

**ઉત્તર** ઉદ્દિષ્ટદોષવાળી વસ્તુને જાણવાનો ઉપાય તો ઉપન્યાસ કરાયેલા સકલપ્રદાનાદિલક્ષણવાળા સૂત્રથી જાણી લેવો. (પ્રાયઃ પિંડનિર્યુક્તિમાં એ સૂત્ર દર્શાવાયું છે કે જેમાં ગૃહસ્થ યાચકાદિ તમામે તમામને આપવાનો સંકલ્પ કરે છે. આ સૂત્ર સઘળા યાચકાદિને પ્રદાન કરવાની વાતનું નિરૂપણ કરનાર હોવાથી સકલપ્રદાનાદિલક્ષણવાળું સૂત્ર કહેવાય છે. એ સૂત્રમાં એ ઉપાય દર્શાવ્યા છે કે "વસ્તુ ઉદ્દિષ્ટ છે. એની ખબર શી રીતે પડે" એટલે એ સૂત્રમાંથી આ ઉદ્દિષ્ટનાં પરિજ્ઞાનનો ઉપાય જાણી લેવો.)

---

**तदन्ये पुनः किमित्यत आह –**

अफासुयकयकारियअणुमयउद्दिट्ठभोइणो हंदि । तसथावरहिंसाए जणा अकुसला उ लिप्पंति ॥३॥ (भाष्यम्) ॥

---

જૈનસાધુ સિવાયનાઓ શું કરે છે ? –

**ભાષ્ય-૩ ગાથાર્થ** અપ્રાસુક, કૃત, કારિત, અનુમત, ઉદ્દિષ્ટ વાપરનારા અકુશલ લોકો ત્રસ અને સ્થાવરની હિંસાથી લેપાય છે.

---

व्याख्या–अप्रासुककृतकारितानुमोदितोद्दिष्टभोजिनश्चरकादयः, हन्दीत्युपप्रदर्शने, किमुपप्रदर्शयति ?–त्रसन्तीति त्रसाः–द्वीन्द्रियादयः तिष्ठन्तीति स्थावराः–पृथिव्यादयः तेषां हिंसा-प्राणव्यपरोपणलक्षणा तया 'जनाः' प्राणिनः 'अकुशला': अनिपुणाः स्थूलमतयश्चरकादयो 'लिप्यन्ते' सम्बध्यन्त इत्यर्थः, इह च हिंसाक्रियाजनितेन कर्मणा लिप्यन्त इति भावनीयम्, कारणे कार्योपचारात्, ततश्च ते शुद्धधर्मसाधका न भवन्ति, साधव एव भवन्तीति गाथार्थः ॥

---

ટીકાર્થ : અપ્રાસુક, કૃત, કારિત, અનુમોદિત, ઉદ્દિષ્ટ ભોજનાદિ વાપરનારા, સ્થૂલબુદ્ધિવાળા ચરકાદિઓ ત્રસ અને સ્થાવરજીવોની હિંસા દ્વારા લેપાય છે.

એમાં જે ત્રાસ પામે તે ત્રસજીવો. બેઈન્દ્રિય વગેરે.

જે સ્થિર રહે તે સ્થાવરજીવો. પૃથ્વી વગેરે.

હિંસા એટલે જીવોનાં પ્રાણોને ખતમ કરવા એ.

हंदि શબ્દ ઉપપ્રદર્શનમાં છે. એ શું ઉપપ્રદર્શન કરાવે છે ? એ तसथावरहिंसाए શબ્દથી જ જણાવી દીધું છે.

અહીં "ચરકાદિઓ હિંસા વડે લેપાય છે" એમ કહ્યું છે. પણ એ વાત સમજી લેવી કે હિંસાથી જન્ય એવા કર્મ વડે લેપાય છે.

પ્રશ્ન : "હિંસા વડે લેપાય" એમ ચોક્ખું લખ્યું જ છે, તો પછી ઉપરનો અર્થ શી રીતે લેવાય ?

ઉત્તર હિંસા કારણ છે, કર્મબંધ કાર્ય છે. એટલે કારણમાં કાર્યનો ઉપચાર કરીને હિંસા પોતે જ કર્મ સમજી શકાય. (જેમ ઘી કારણ છે, આયુષ્ય કાર્ય છે. તો ઘી પોતે જ આયુષ્ય કહી શકાય.)

આમ કર્મથી લેપાતા હોવાથી ચરકાદિ એ શુદ્ધધર્મનાં સાધક ન બને. પરંતુ જૈનસાધુઓ જ બને.

---

एसा हेउविसुद्धी दिट्ठंतो तस्स चेव य विसुद्धी । सुत्ते भणिया उ फुडा सुत्तफासे उ इयमन्ना ॥४॥ (भाष्यम्) ॥

---

ભાષ્ય-૪ ગાથાર્થ : આ હેતુવિશુદ્ધિ છે. દૃષ્ટાન્ત અને એની જ વિશુદ્ધિ સૂત્રમાં સ્પષ્ટ કહી છે. સૂત્રસ્પર્શિક નિર્યુક્તિમાં આ અન્ય વિશુદ્ધિ કહી છે.

व्याख्या–'एषा' अनन्तरोक्ता 'हेतुविशुद्धिः' प्राग्निरूपितशब्दार्था, अधुना 'दृष्टान्तः' प्राग्निरूपितशब्दार्थः, तथा 'तस्यैव च' दृष्टान्तस्य विशुद्धिः, किम् ?–सूत्रे भणिता, उक्तैव 'स्फुटा' स्पष्टा ॥

टीકાર્થ : આ હમણાં જ જે કહી ગયા, એ હેતુવિશુદ્ધિ છે. હેતુવિશુદ્ધિનો શબ્દાર્થ પૂર્વે નિરૂપણ કરી દીધો છે. હવે દૃષ્ટાન્ત અને તેની જ વિશુદ્ધિ તો મૂળસૂત્રમાં સ્પષ્ટ કહી જ છે. (એટલે અમે કહેતાં નથી.) (सुत्तफासे उ इयमन्ना નો અર્થ અહીં વૃત્તિમાં લખ્યો નથી. પણ એનો સાર એ છે કે સૂત્રમાં તો એક દૃષ્ટાન્તવિશુદ્ધિ દર્શાવી જ છે, એ ઉપરાંત નિર્યુક્તિમાં બીજી પણ દૃષ્ટાન્તવિશુદ્ધિ દર્શાવાશે.)

तच्चेदं सूत्रम् –

**जहा दुमस्स पुप्फेसु, भमरो आवियइ रसं । ण य पुप्फं किलामेइ, सो अ पीणेइ अप्पयं ॥२॥**

તે સૂત્ર આ છે –

દશવૈકાલિક-૨ ગાથાર્થ જેમ વૃક્ષનાં પુષ્પોને વિશે ભમરો રસને પીએ છે અને પુષ્પને કિલામણા કરતો નથી. અને તે આત્માને પ્રસન્ન કરે છે.

अस्य व्याख्या–अत्राह-अथ कस्माद्दशावयवनिरूपणायां प्रतिज्ञादीन् विहाय सूत्रकृता दृष्टान्त एवोक्त इति ?, उच्यते, दृष्टान्तादेव हेतुप्रतिज्ञे अभ्यूह्ये इति न्यायप्रदर्शनार्थम्, कृतं प्रसङ्गेन प्रकृतं प्रस्तुमः । तत्र 'यथा' येन प्रकारेण 'द्रुमस्य' प्राग्निरूपितशब्दार्थस्य 'पुष्पेषु' प्राग्निरूपितशब्दार्थेष्वेव, असमस्तपदाभिधानमनुमेये (उपमेये) गृहिद्रुमाणामाहारादिपुष्पाण्यधिकृत्य विशिष्टसंबन्धप्रतिपादनार्थमिति, तथा च अन्यायोपार्जितवित्तदानेऽपि ग्रहणं प्रतिषिद्धमेव, 'भ्रमरः' चतुरिन्द्रियविशेषः, किम् ?–'आपिबति' मर्यादया पिबत्यापिबति, कम् ?–रस्यत इति रसस्तं-निर्यासं मकरन्दमित्यर्थः, एष दृष्टान्तः, अयं च तद्देशोदाहरणमधिकृत्य वेदितव्य इति, एतच्च सूत्रस्पर्शिकनिर्युक्तौ दर्शयिष्यति, उक्तं च 'सूत्रस्पर्शे त्वियमन्ये'ति । अधुना दृष्टान्तविशुद्धिमाह–'न च' नैव 'पुष्पं' प्राग्निरूपितस्वरूपं 'क्लामयति' पीडयति, 'स च' भ्रमरः 'प्रीणाति' तर्पयत्यात्मानमिति सूत्रसमुदायार्थः ॥ अवयवार्थं तु निर्युक्तिकारो महता प्रपञ्चेन व्याख्यास्यति ।

ટીકાર્થ : અહીં પ્રશ્ન કરે છે કે દશ અવયવોની નિરૂપણા કરવાની છે, એમાં સૂત્રકારે પ્રતિજ્ઞા વગેરેને છોડીને સીધું દૃષ્ટાન્ત જ કહ્યું એ શા માટે ? પ્રતિજ્ઞાદિ કેમ ન કહ્યા ? (નિર્યુક્તિકારે પ્રતિજ્ઞા, પ્રતિજ્ઞાવિશુદ્ધિ, હેતુ અને હેતુવિશુદ્ધિ બતાવ્યા છે. સૂત્રકારે તો આ બીજા સૂત્રમાં સીધું દૃષ્ટાન્ત બતાવી દીધું. તો સૂત્રકારે પ્રતિજ્ઞાદિ કેમ ન દર્શાવ્યા ?)

એનો ઉત્તર એ છે કે "દૃષ્ટાન્ત દ્વારા જ હેતુ અને પ્રતિજ્ઞા વિચારી શકાય છે, સમજી શકાય છે" એ ન્યાય દેખાડવા માટે સૂત્રકારે પ્રતિજ્ઞાદિ દર્શાવ્યા નથી.

પ્રસંગથી સર્યું.

પ્રકૃતપદાર્થને કહીએ છીએ.

તેમાં

જે પ્રમાણે દ્રુમનાં પુષ્પોને વિશે ભ્રમર નામનો એક પ્રકારનો ચઉરિન્દ્રિયજીવ મર્યાદા વડે રસને પીએ છે... આ દૃષ્ટાન્ત છે.

આમાં દ્રુમશબ્દનો અર્થ પૂર્વે કહી ગયા છે. પુષ્પશબ્દનો અર્થ પણ પૂર્વે કહી જ ગયા છે.

પ્રશ્ન : ગાથામાં **दुमपुप्फेसु** એમ સમાસ કેમ ન કર્યો ? **दुमस्स पुप्फेसु** એમ બે પદો અસમસ્ત = જુદા જુદા કેમ કહ્યા ?

ઉત્તર : ગાથામાં **दुमस्स** અને **पुप्फेसु** એમ બે અસમસ્તપદોનું કથન કર્યું છે, સમાસ નથી કર્યો એ ઉપમેયમાં ગૃહસ્થરૂપી વૃક્ષોનો આહારાદિપુષ્પોને આશ્રયીને વિશિષ્ટસંબંધ છે" એવું પ્રતિપાદન કરવા માટે છે, એમ સમજવું.

(દ્રુમ અને પુષ્પ એ ઉપમા છે. દ્રુમથી ગૃહસ્થ અને પુષ્પથી આહાર સાથે સરખામણી કરવાની છે. એટલે ગૃહસ્થ અને આહાર આ બે વસ્તુ ઉપમેય છે. છઠ્ઠી વિભક્તિનો અર્થ સંબંધ છે. બે વસ્તુ વચ્ચે સંબંધ બતાવવો હોય ત્યારે ષષ્ઠી વિભક્તિ વપરાય. પ્રસ્તુતમાં **दुमस्स पुप्फेसु** એમાં છઠ્ઠી વિભક્તિ કરી છે. આમ તો આ બે પદોનો સમાસ પણ કહી શકાત. પણ સૂત્રકારે ગૃહસ્થ અને આહાર વચ્ચે વિશિષ્ટ સંબંધ દર્શાવવો છે, એટલે **दुमस्स** શબ્દ જુદો રાખી છઠ્ઠી વિભક્તિ દર્શાવી છે.)

પ્રશ્ન : એ વિશિષ્ટ સંબંધ કયો છે ?

ઉત્તર અન્યાય વડે ઉપાર્જન કરાયેલ વિત્તનું=ધનનું=વસ્ત્ર, પાત્ર, ભોજનાદિનું ગૃહસ્થ દાન કરે તો પણ ત્યાં એ ગ્રહણ કરવું નિષિદ્ધ જ છે. આશય એ છે કે ગૃહસ્થ

અન્યાયથી ધન કમાઈને એમાંથી બનેલા આહારાદિ વહોરાવે તો એ વહોરવાનો સ્પષ્ટ નિષેધ છે. અહીં વ્યવહારમાં તો એ વસ્તુ એ ગૃહસ્થની ગણાય. એટલે એ બે વચ્ચે સંબંધ થયો. પરંતુ એ વસ્તુ ન્યાયોપાર્જિત નથી, એટલે ગૃહસ્થનો એ વસ્તુ સાથે વિશિષ્ટ સંબંધ ન ગણાય. માટે જ એ વસ્તુ ન લેવાય.

(જેમ ચોર કોઈની વસ્તુ ચોરી લઈ વહોરાવે તો એ વસ્તુ વહોરી ન શકાય. કેમકે હકીકતમાં એ વસ્તુ બીજાની જ ગણાય અને એટલે એ ખરા માલિકની રજા વિના વસ્તુ ન લેવાય. એમ અન્યાયોપાર્જિત વસ્તુનો ખરો માલિક બીજો જ ગણાય, એની રજા વિના વસ્તુ વહોરી ન શકાય.

**वित्तदानेऽपि** માં જે **अपि** શબ્દ છે, એનો અર્થ એ કે માલિકે વસ્તુ ન આપી હોય તો તો એ વસ્તુ ન જ લેવાય, પરંતુ માલિક વસ્તુ આપતો હોય તો પણ જો એ અન્યાયોપાર્જિત હોય તો એ વસ્તુ ન લેવાય.

"મર્યાદાથી પીએ છે." એનો અર્થ એ કે બધા પુષ્પોમાંથી થોડુંક થોડુંક પીએ છે...

જે પીવાય, જેનો આસ્વાદ લેવાય તે રસ-નિર્યાસ.)

આ ભમરાનું જે દૃષ્ટાન્ત છે, તે તદ્દેશઉદાહરણને આશ્રયીને જાણવું. (સાધુને ભમરાની ઉપમા આપવાની છે, એ અમુક જ અપેક્ષાએ આપવાની છે. એટલે આ તદ્દેશોદાહરણ છે.) આ વાત સૂત્રસ્પર્શિકનિર્યુક્તિમાં દેખાડશે.

ભાષ્યકારે કહ્યું જ છે ને ? કે **सूत्रस्पर्शे त्वियमन्या**" (ભાષ્યગાથા-૪ના છેલ્લા પાદનું અહીં ગ્રહણ કરી લીધું છે.)

હવે દૃષ્ટાન્તની શુદ્ધિને કહે છે.

એ ભમરો પૂર્વે દર્શાવેલા સ્વરૂપવાળા પુષ્પને પીડા કરતો નથી. અને તે ભમરો પોતાની જાતને ખુશ કરે છે.

આ રીતે સૂત્રનો સમુદાયાર્થ = ભાવાર્થ થયો.

એના એક એક શબ્દનાં અર્થનું તો નિર્યુક્તિકાર મોટા વિસ્તારથી વ્યાખ્યાન કરશે.

---

**तथा चाह –**

जह भमरोत्ति य एत्थं दिट्ठंतो होइ आहरणदेसे । चंदमुहि दारिगेयं सोमत्तवहारण ण सेसं ॥९६॥

---

તે જ કહે છે કે –

નિર્યુક્તિ-૯૬ ગાથાર્થ **यथा भ्रमरः** "અહીં દૃષ્ટાન્ત આહરણદેશમાં છે." આ દારિકા = કુમારિકા ચન્દ્રમુખી છે. અહીં સૌમ્યતાનું અવધારણ છે. બીજું નહિ.

---

**व्याख्या–यथा भ्रमर इति च 'अत्र' प्रमाणे दृष्टान्तो भवत्युदाहरणदेशमधिकृत्य, यथा चन्द्रमुखी दारिकेयमित्यत्र सौम्यत्वावधारणं गृह्यते, न शेषं-कलङ्काङ्कितत्वान-वस्थितत्वादीति गाथार्थः ॥९६॥**

---

**ટીકાર્થ :** આ જે દશાવયવી અનુમાનપ્રમાણમાં **यथा भ्रमरः** એ પ્રમાણે દૃષ્ટાન્ત છે. તે ઉદાહરણદેશને આશ્રયીને સમજવું.

જેમ આ છોકરી ચંદ્રમુખી છે." એમાં સૌમ્યતાનું જ અવધારણ થાય છે. પરંતુ કલંકાઙ્કિતત્વ, અનવસ્થિતત્વ વગેરે ગ્રહણ કરાતા નથી.

(છોકરીને ચંદ્રમુખી કહી. હવે ચંદ્ર તો કલંકિત છે, તો શું છોકરીનું મુખ પણ કલંકિત લેવું ?'ચંદ્ર અસ્થિર છે.' તો શું છોકરીનું મુખ પણ અસ્થિર લેવું ? ના. અહીં ચંદ્રની ઉપમા માત્ર સૌમ્યતાગુણને લઈને જ છે.)

---

एवं भमराहरणे अणिययवित्तित्तणं न सेसाणं । गहणं दिट्ठंतविसुद्धि सुत्त भणिया इमा चऽन्ना ॥९७॥

---

નિર્યુક્તિ- ૯૭ ગાથાર્થ : એમ ભમરાનાં દૃષ્ટાન્તમાં અનિયતવૃત્તિત્વ જ લેવાય છે. પણ બીજાનું ગ્રહણ થતું નથી. આ સૂત્રમાં દર્શાવેલી દૃષ્ટાન્તવિશુદ્ધિ છે. આ (વક્ષ્યમાણ) બીજી છે.

---

**व्याख्या–एवं भ्रमरोदाहरणे अनियतवृत्तित्त्वं, गृह्यत इति शेषः, न 'शेषाणाम्' अविरत्यादीनां भ्रमरधर्माणां ग्रहणं, दृष्टान्त इति । एषा दृष्टान्तविशुद्धिः सूत्रे भणिता, इयं चान्या सूत्रस्पर्शनिर्युक्ताविति गाथार्थः ॥९७॥**

---

**ટીકાર્થ :** એમ ભમરાના દૃષ્ટાન્તમાં અનિયતવૃત્તિતા જ ગ્રહણ કરાય છે. (**गृह्यते** શબ્દ ગાથામાં નથી, પણ એ લઈ લેવો.) પરંતુ ભમરામાં રહેલા અવિરતિ, તિર્યંચતા વગેરે ધર્મોનું દૃષ્ટાન્તમાં ગ્રહણ કરવાનું નથી.

સૂત્રમાં આ દૃષ્ટાન્તવિશુદ્ધિ બતાવી. હવે સૂત્રસ્પર્શિકનિર્યુક્તિમાં આ બીજી દૃષ્ટાન્તવિશુદ્ધિ દર્શાવે છે.

---

एत्थ य भणिज्ज कोई समणाणं कीरए सुविहियाणं । पागोवजीविणो त्ति य लिप्पंतारंभदोसेणं ॥९८॥

---

નિર્યુક્તિ- ૯૮ ગાથાર્થ : અહીં કોઈ બોલે કે સુવિહિતશ્રમણોને માટે (ભોજન) બનાવાય છે. આમ તેઓ પાકોપજીવી છે, માટે આરંભદોષથી લેપાય છે.

---

**व्याख्या–अत्र चैवं व्यवस्थिते सति ब्रूयात्कश्चिद्यथा–श्रमणानां क्रियते सुविहितानामिति, एतदुक्तं भवति-यदिदं पाकनिर्वर्तनं गृहिभिः क्रियते, इदं पुण्योपादानसंकल्पेन श्रमणानां क्रियते 'सुविहिताना'मिति तपस्विनां, गृह्णन्ति च ते ततो भिक्षामित्यतः पाकोपजीविन इतिकृत्वा लिप्यन्ते आरम्भदोषेण-आहारकरणक्रियाफलेनेत्यर्थः, तथा च लौकिका अप्याहुः–"क्रयेण क्रायको हन्ति, उपभोगेन खादकः । घातको वधचित्तेन, इत्येष त्रिविधो वधः ॥१॥" इति गाथार्थः ॥९८॥**

---

ટીકાર્થ : ઉપરનો પદાર્થ વ્યવસ્થિત થયો એટલે કોઈક કહે છે કે "સુવિહિત સાધુઓને માટે ભોજન બનાવાય છે." કહેવાનો ભાવ એ છે કે ગૃહસ્થો વડે જે આ પાકનિર્વર્તન કરાય છે. (ભોજન બનાવાય છે) આ ભોજન "અમને પુણ્યની પ્રાપ્તિ થાઓ" એવા સંકલ્પથી શ્રમણોને માટે જ કરાય છે. (સુવિહિતો = તપસ્વીઓ) અને તે સાધુઓ પોતાના માટે બનાવાયેલામાંથી ભિક્ષા લે છે. એટલે સાધુઓ પાકોપજીવી છે. અને એટલે આરંભનાં દોષથી એટલે કે આહાર કરવારૂપ ક્રિયાનાં ફલથી = કર્મથી લેપાય છે.

પ્રશ્ન : પાક તો ગૃહસ્થો કરે છે, તો સાધુને આરંભફલ શી રીતે લાગે ?

ઉત્તર : લૌકિકો પણ કહે છે કે ખરીદનારાઓ ખરીદીથી હિંસા કરે છે. ખાનારાઓ ભોગથી હિંસા કરે છે. મારનારાઓ વધ કરવાના ભાવથી હિંસા કરે છે. આમ આ ત્રણ પ્રકારનો વધ છે. (માંસ ખરીદનાર, ખાનાર કોઈ ન હોત તો પ્રાણીઓની હિંસા થાત જ શા માટે ? એટલે ખરીદનારા કે ખાનારાઓ એ હિંસામાં મુખ્યનિમિત્ત હોવાથી તેઓને હિંસાદોષ લાગે જ. એમ સાધુઓ પોતાના માટે કરાયેલા આરંભમાંથી ભોજન લે છે, એટલે આરંભદોષ લાગે જ. જો સાધુઓ ગૃહસ્થો પાસેથી ભોજન ન લે તો એમને આરંભ જ ન થાત... એમ પૂર્વપક્ષનો આશય છે.)

---

**साम्प्रतमेतत्परिहरणाय गुरुराह –**

वासइ न तणस्स कए न तणं वड्ढइ कए मयकुलाणं । न य रुक्खा सयसाला फुल्लन्ति

कए महुयराणं ॥९९॥

હવે ગુરુ આ પૂર્વપક્ષનું ખંડન કરવા માટે કહે છે –

નિર્યુક્તિ-૯૯ ગાથાર્થ : ઘાસને માટે વરસાદ પડતો નથી. ઘાસ મૃગલાઓ માટે વધતું નથી. સેંકડો શાખાવાળા વૃક્ષો ભમરાઓ માટે પુષ્પિત થતાં નથી.

**व्याख्या–वर्षति न तृणस्य कृते, न तृणार्थमित्यर्थः, तथा न तृणं वर्धते कृते मृगकुलानाम्-अर्थाय तथा नच वृक्षाः शतशाखाः पुष्प्यन्ति 'कृते' अर्थाय मधुकराणाम्, एवं गृहिणोऽपि न साध्वर्थं पाकं निर्वर्तयन्तीत्यभिप्राय इति गाथार्थः ॥९९॥**

ટીકાર્થ : ભાઈ ! વરસાદ વર્ષે છે, એ કંઈ ઘાસને ઉત્પન્ન કરવા માટે નથી વરસતો. ઘાસ વધે છે. એ કંઈ હરણાઓનાં ટો ાઓ માટે નથી વધતું. સેંકડો શાખાવાળા વૃક્ષો કંઈ ભમરાઓ માટે પુષ્પોવાળા નથી થતાં. એમ ગૃહસ્થો પણ સાધુને માટે પાક બનાવતાં નથી. આ પ્રમાણે અભિપ્રાય છે.

(ગાથામાં ત્રણ બાબતો દર્શાવી છે, પણ એની પાછળનો અભિપ્રાય શું છે ? ગ્રન્થકાર એ ત્રણ બાબતો દ્વારા શું કહેવા માંગે છે ? એ વાત જણાવી નથી. એટલે વૃત્તિકારે **एवं गृहिणोऽपि** એ વાક્ય દ્વારા ગ્રન્થકારશ્રીનો અભિપ્રાય દર્શાવ્યો છે.)

**अत्र पुनरप्याह –**

अग्गिम्मि हवी हूयइ आइच्चो तेण पीणिओ संतो । वरिसइ पयाहियाए तेणोसहिओ परोहंति ॥१००॥

અહીં ફરી કોઈ કહે છે કે –

નિર્યુક્તિ-૧૦૦ ગાથાર્થ : અગ્નિમાં હવિષ્ હોમાય છે. તેના વડે ખુશ થયેલો સૂર્ય પ્રજાનાં હિતને માટે વર્ષે છે. તેનાથી ઔષધિઓ ઉગે છે.

**व्याख्या–इह यदुक्तं 'वर्षति न तृणार्थ'मित्यादि, तदसाधु, यस्मादग्नौ हविर्हूयते, आदित्यः 'तेन' हविषा घृतेन प्रीणितः सन् वर्षति, किमर्थम् ?–'प्रजाहितार्थं' लोकहिताय, 'तेन' वर्षितेन, किम् ?, औषध्यः 'प्ररोहन्ति' उद्गच्छन्ति, तथा चोक्तम् – "अग्नावाज्याहुतिः सम्यगादित्यमुपतिष्ठते । आदित्याज्जायते वृष्टिर्वृष्टेरन्नं ततः प्रजाः ॥१॥" इति गाथार्थः ॥१००॥**

ટીકાર્થ : તમે જે કહ્યું કે "ઘાસ માટે વરસાદ નથી પડતો." વગેરે. તે ખોટું છે. કેમકે અગ્નિમાં હવિષ્-ઘીનું હવન કરાય છે. તે ઘીથી ખુશ થયેલો સૂર્ય પ્રજાનાં હિતને માટે વરસાદ વરસાવે છે. તે વરસાદથી ઔષધિઓ ઉગે છે.

કહ્યું જ છે કે અગ્નિમાં ઘીની આહુતિ સારી રીતે સૂર્યને પહોંચે છે એ સૂર્ય દ્વારા વરસાદ થાય છે. વરસાદથી અન્ન થાય છે. તેનાથી પ્રજા જીવે છે. (આમ વરસાદ વરસાવવા પાછળ જેમ સૂર્યની લોકહિતની ભાવના છે. એમ રસોઈ બનાવવા પાછળ ગૃહસ્થોની સાધુને વહોરાવવાદિની ભાવના છે. માટે એ રસોઈ લેનારાઓ દોષી બને છે.)

---

अधुनैतत्परिहारायेदमाह –

किं दुब्भिक्खं जायइ ? जइ एवं अह भवे दुरिट्ठं तु । किं जायइ सव्वत्था दुब्भिक्खं अह भवे इंदो ? ॥१०१॥

वासइ तो किं विग्घं निग्घायाईहिं जायए तस्स । अह वासइ उउसमए न वासई तो तणट्ठाए ॥१०२॥

---

હવે આ વાતનું ખંડન કરવાને માટે આ (વક્ષ્યમાણ) વાતને કહે છે કે –

નિર્યુક્તિ-૧૦૧-૧૦૨ ગાથાર્થ : જો આમ હોય, તો દુકાળ કેમ થાય છે ? જો ખોટી આહુતિ થઈ હોય, તો બધે જ દુકાળ શા માટે ? વળી એમ કહો કે 'ઈંદ્ર વરસાદ વરસાવે છે', તો તેને નિર્ઘાતાદિથી વિઘ્ન કેમ થાય છે ? હવે જો ઋતુના સમયમાં વરસાદ થાય છે, તો પછી એ ઘાસ માટે થતો ન કહેવાય.

---

व्याख्या–किं दुर्भिक्षं जायते यद्येवम् ?, कोऽभिप्राय: ?–तद्धवि: सदा हूयत एव, ततश्च कारणाविच्छेदे न कार्यविच्छेदो युक्त इति, अथ भवेद् 'दुरिष्टं तु' दुर्नक्षत्रं दुर्यजनं वा, अत्राप्युत्तरम्–किं जायते सर्वत्र दुर्भिक्षं ?, नक्षत्रस्य दुरिष्टस्य वा नियतदेशविषयत्वात्, सदैव सद्यज्वनां भावात्, उक्तं च–"सदैव देवा: सद्गावो, ब्राह्मणाश्च क्रियापरा: । यतय: साधवश्चैव, विद्यन्ते स्थितिहेतव: ॥१॥" इत्यादि, अथ भवेदिन्द्र इति, किम् ?, वर्षति, तत: किं 'विघ्न:' अन्तरायो निर्घातादिभिर्जायते ?, आदिशब्दाद्दिग्दाहादिपरिग्रह:, 'तस्य' इन्द्रस्य, परमैश्वर्ययुक्तत्वेन विघ्नानुपपत्तेरिति भावना, अथ वर्षति ऋतुसमये गर्भसद्भात इति वाक्यशेष:, न वर्षति ततस्तृणार्थं, तस्येत्थम्भूतस्याभिसन्धेरभावादिति गाथाद्वयार्थ: ॥१०१-१०२॥

ટીકાર્થ : જો ઘીની આહુતિથી ખુશ થયેલો સૂર્ય પ્રજાનાં હિતને માટે વૃષ્ટિ કરતો હોય તો પછી દુષ્કાળ શા માટે થાય છે ?

પૂર્વપક્ષ : તમારો અભિપ્રાય શું છે ? તમે શું કહેવા માંગો છો ?

ઉત્તર : જુઓ તે ઘી તો સદા માટે હવન કરાય જ છે. અને તમારા હિસાબે વરસાદનું કારણ ઘીનો હવન છે. હવે જો સતત હવન ચાલુ જ છે, તો પછી કારણનો અવિચ્છેદ હોતે છતેં કાર્યનો વિચ્છેદ માનવો યોગ્ય નથી જ.

હવે જો એમ માનો કે "કોઈ દુષ્ટનક્ષત્ર કે દુષ્ટયજ્ઞને કારણે આ દુકાળ પડ્યો છે" તો એમાં પણ ઉત્તર એ છે કે બધે જ દુકાળ કેમ થાય ? કેમકે દુષ્ટનક્ષત્ર કે દુષ્ટયજ્ઞ તો અમુક ચોક્કસ સ્થાનમાં જ હોય છે. એ કંઈ બધેજ નથી હોતા. એટલે જ્યાં દુષ્ટનક્ષત્ર કે દુષ્ટયજ્ઞ નથી, ત્યાં તો દુકાળ ન પડવો જોઈએ ને ?

(પ્રશ્ન : દુષ્ટનક્ષત્ર ભલે બધે ન હોય, પણ એવું ન બને કે બધે જ દુષ્ટયજ્ઞ થાય અને એટલે બધેજ દુકાળ પડે. દુષ્ટયજ્ઞથી ઈંદ્ર ખુશ ન થાય એટલે બધે દુકાળ પડે.)

ઉત્તર : સદાને માટે સાચા યજ્ઞ કરનારાઓ હાજર જ હોવાથી સર્વત્ર ખોટાયજ્ઞ અને એના દ્વારા સર્વત્ર દુકાળ શક્ય જ નથી. કહ્યું છે કે "દેવો, સારી ગાયો, ક્રિયાપર બ્રાહ્મણો, યત્નવાળા સાધુઓ આ બધા જગતની સ્થિતિનાં કારણભૂત પદાર્થો સદા માટે હોય છે..."

(આમાં ક્રિયાપર બ્રાહ્મણો સદા વિદ્યમાન હોવાનું કહ્યું છે, એનાથી આ સિદ્ધ થાય છે કે તે સદા સાચા યજ્ઞ કરનારાઓ એમના મતે છે. તો બધે દુકાળ ન પડવો જોઈએ.)

વળી તમે કહો છો કે ઈન્દ્ર વરસાદ વરસાવે છે તો પ્રશ્ન એ થાય કે તો પછી નિર્ઘાત વગેરે દ્વારા તે ઈન્દ્રને વરસાદ વરસાવવામાં અન્તરાય કેમ થાય છે ? ઈન્દ્ર તો પરમ ઐશ્વર્યવાળો હોવાથી તેને નિર્ઘાતાદિ દ્વારા વિઘ્ન થાય એ ઘટતું જ નથી.

**निर्घातादि** માં રહેલા **आदि** શબ્દથી દિગ્દાહાદિ લેવા. (**निर्घात** એટલે તોફાની પવનનો સુસવાટ. એના લીધે વાદળાઓ વેર-વિખેર થાય, વરસાદ ન પડે. આ રીતે નિર્ઘાતથી વૃષ્ટિમાં અંતરાય થાય છે. **दिग्दाह** એટલે દુકાળાદિ અનિષ્ટોને સૂચવનાર એક પ્રકારનો ઉપદ્રવ. જેમાં બધી દિશાઓમાં લાલાશ દેખાય.)

હવે જો એમ માનો કે "ગર્ભસંઘાત = પાણીનાં ગર્ભરૂપ વાદળોનો સમૂહ ઋતુસમયે વરસે છે." (આમાં ઈંદ્રાદિ કોઈ છે જ નહિ એટલે નિર્ઘાતાદિથી વરસાદનો વ્યાઘાત થાય... અહીં **गर्भसंघात** શબ્દ નિર્યુક્તિવાક્યમાં નથી, તે બહારથી લઈ લેવો.) તો

પછી એનો અર્થ એ થયો કે એ ગર્ભસંઘાત ઘાસ માટે વરસે છે, એમ ન કહેવાય. કેમકે ગર્ભસંઘાતને આવા પ્રકારનો વિચાર જ હોતો નથી કે "હું પૃથ્વી પર ઘાસ ઉગાડવા માટે વૃષ્ટિ કરું."

---

**किं च –**

किं च दुमा पुप्फंति भमराणं कारणा अहासमयं । मा भमरमहुयरिगणा किलामएज्जा अणाहारा ॥१०३॥

---

વળી –

**નિર્યુક્તિ- ૧૦૩ ગાથાર્થ :** શું વૃક્ષો ભમરાઓને માટે યથાસમય પુષ્પિત થાય છે કે "ભમરા-ભમરીનાં સમૂહો આહાર વિના દુ:ખી ન થાઓ..."

---

**व्याख्या–किं च द्रुमाः पुष्प्यन्ति भ्रमराणां 'कारणात्' कारणेन 'यथासमयं' यथाकालं मा भ्रमरमधुकरीगणाः 'क्लामन्' (क्लामिषुः) ग्लानिं प्रतिपद्येरन्, 'अनाहारा' अविद्यमानाहाराः सन्तः, काक्वा नैवैतदित्थमिति गाथार्थः ॥१०३॥**

---

**ટીકાર્થ :** વૃક્ષો સમય પ્રમાણે પુષ્પોવાળા થાય છે, તે શું ભમરાઓ માટે થાય છે ? વૃક્ષો શું એમ વિચારે છે કે "આ ભમરા-ભમરીનાં સમૂહો પુષ્પરસરૂપી આહાર વિના ગ્લાનિને ન પામો..." અને એમ વિચારીને શું તેઓ પુષ્પિત બને છે.

કાકુભાષાથી સમજવું કે "આવું નથી જ."

(**किं** સર્વનામનો પ્રયોગ અનેકરીતે થઈ શકે. એમાં પ્રશ્નરૂપે હોય ત્યારે એમાં જિજ્ઞાસાનો ભાવ હોય છે. દા.ત. **किं अभव्यो मोक्षे गच्छति ?** હે ગુરુ ! શું અભવ્ય મોક્ષે જાય ?... પણ આ જ વાક્ય ગુરુ પણ બોલે ત્યારે એમાં એમનો ભાવ એવો હોય કે "શું અભવ્ય મોક્ષે જતો હશે ? ન જ જાય..." આમ એનો નિષેધ જ એમાં ધ્વનિત થતો હોય છે. પણ એ નિષેધ સ્પષ્ટ દર્શાવેલો નથી હોતો. એ નિષેધ ભાષાની પદ્ધતિ પરથી સમજવાનો હોય છે. આવી ભાષાને **काकु** કહેવાય છે..)

---

**साम्प्रतं पराभिप्रायमाह –**

कस्सइ बुद्धी एसा वित्ती उवकप्पिया पयावइणा । सत्ताणं तेण दुमा पुप्फंति महुयरिगणट्ठा ॥१०४॥

---

હવે પૂર્વપક્ષના અભિપ્રાયને જણાવે છે –

નિર્યુક્તિ-૧૦૪ ગાથાર્થ : કોઈકને બુદ્ધિ થાય કે પ્રજાપતિએ જીવોની આ વૃત્તિ કલ્પેલી છે. તેથી વૃક્ષો મધુકરીના સમૂહને માટે પુષ્પિત થાય છે.

---

**व्याख्या–अथ 'कस्यचिद्बुद्धिः' कस्यचिदभिप्रायः स्याद्यदुत-एषा वृत्तिरुपकल्पिता, केन ?-प्रजापतिना, केषाम् ?–'सत्त्वानां' प्राणिनां तेन कारणेन द्रुमाः पुष्प्यन्ति मधुकरीगणार्थमेवेति गाथार्थः ॥१०४॥**

---

**ટીકાર્થ :** કોઈકનો આવો અભિપ્રાય હોય કે પ્રજાપતિએ = બ્રહ્માએ ભમરી વગેરે જીવોને જીવવા માટે આ વૃત્તિ કલ્પેલી છે. એટલે કે "ભમરીઓએ પુષ્પોનો રસ પીને જીવવું" એ રીતે જ બ્રહ્માએ નક્કી કરેલું છે. એટલે નક્કી થાય છે કે વૃક્ષો જે પુષ્પિત થાય છે. તે (પ્રજાપતિની વ્યવસ્થા અનુસારે) મધુકરીગણને માટે જ પુષ્પિત થાય છે.

---

**अत्रोत्तरमाह –**

तं न भवइ जेण दुमा नामागोयस्स पुव्वविहियस्स । उदएणं पुप्फफलं निवत्तयंती इमं चऽन्नं ॥१०५॥

---

આમાં ઉત્તર આપે છે –

નિર્યુક્તિ-૧૦૫ ગાથાર્થ  તે વાત નથી. કેમકે વૃક્ષો પૂર્વે કરેલા નામ-ગોત્રકર્મનાં ઉદયથી પુષ્પ અને ફલને બનાવે છે. વળી બીજું આ (વક્ષ્યમાણ) છે.

---

**व्याख्या–यदुक्तं परेण तन्न भवति, कुत इत्याह – येन द्रुमा नामगोत्रस्य कर्मणः 'पूर्वविहितस्य' जन्मान्तरोपात्तस्य 'उदयेन' विपाकानुभवलक्षणेन पुष्पफलं 'निर्वर्त्तयन्ति' कुर्वन्ति, अन्यथा सदैव तद्भावप्रसङ्ग इति भावनीयम् । इदं चान्यत्कारणं, वक्ष्यमाणमिति गाथार्थः ॥१०५॥**

---

**ટીકાર્થ :** પૂર્વપક્ષે જે કહ્યું, તે બરાબર નથી. કેમ ? કેમકે વૃક્ષો બીજા જન્મોમાં એકઠા કરેલા કર્મોનાં વિપાકાનુભવરૂપ ઉદયથી પુષ્પ અને ફલને કરે છે. (પુષ્પ અને ફલ બંને વૃક્ષોના અવયવરૂપ હોવાથી તે બે શબ્દોનો સમાહારદ્વન્દ્વ સમાસ થયેલો છે. માટે એકવચન છે.) જો આવું ન હોત અને પ્રજાપતિ વ્યવસ્થાને કારણે તેઓ પુષ્પફલને કરતાં હોત તો તો સદા માટે પુષ્પ અને ફલ થવાની આપત્તિ આવત. કેમકે મધુકરીગણ તો સદા હોય જ છે. પણ એવું તો નથી જ કે સદા પુષ્પ-ફળ હોય. માટે ઉપરની વાત માનવી

યોગ્ય છે.

વળી આ વક્ષ્યમાણ બીજું કારણ છે...

---

अत्थि बहू वणसंडा भमरा जत्थ न उवेंति न वसंति । तत्थऽवि पुप्फंति दुमा पगई एसा दुमगणाणं ॥१०६॥

---

નિર્યુક્તિ- ૧૦૬ ગાથાર્થ ઘણાં વનખંડો છે, જ્યાં ભમરાઓ જતાં નથી, રહેતાં નથી. ત્યાં પણ વૃક્ષો પુષ્પિત થાય છે. એટલે વૃક્ષગણોની આ પ્રકૃતિ = સ્વભાવ જ છે.

---

**व्याख्या–सन्ति बहूनि वनखण्डानि तेषु तेषु स्थानेषु, भ्रमरा यत्र नोपयान्ति अन्यतः, न वसन्ति तेष्वेव, तथापि पुष्प्यन्ति द्रुमाः, अतः 'प्रकृतिरेषा' स्वभाव एष द्रुमगणानामिति गाथार्थः ॥१०६॥**

---

**ટીકાર્થ :** તે તે સ્થાનોમાં ઘણાં બધા વનખંડો છે, કે જ્યાં ભમરાઓ અન્યસ્થાનેથી આવતા નથી કે તે જ સ્થાનોમાં રહેતાં નથી. છતાં પણ ત્યાં વૃક્ષો પુષ્પિત તો થાય જ છે. હવે જો વૃક્ષો ભમરાઓ માટે જ પુષ્પિત થતાં હોય તો આવા ભ્રમરરહિત સ્થાનોમાં વૃક્ષો પુષ્પિત ન જ થવા જોઈએ ને ? આથી માનવું જ જોઈએ કે વૃક્ષસમુહોનો આ સ્વભાવ જ છે.

---

**अत्राह –**

जइ पगई कीस पुणो सव्वं कालं न देंति पुप्फफलं । जं काले पुप्फफलं दयंति गुरुराह अत एव ॥१०७॥

पगई एस दुमाणं जं उउसमयम्मि आगए संते । पुप्फंति पायवगणा फलं च कालेण बंधंति ॥१०८॥

---

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે –

નિર્યુક્તિ-૧૦૭-૧૦૮ ગાથા ' : પ્રશ્ન : જો વૃક્ષોનો આ સ્વભાવ જ છે. તો શા માટે સર્વકાળ પુષ્પ અને ફલને ન આપે.

ઉત્તર : ગુરુ કહે છે કે તે તે કાળમાં જ પુષ્પ-ફલને આપે છે. માટે જ તો વૃક્ષોનો આ સ્વભાવ છે કે તેઓ ઋતુસમય આવે છતે પુષ્પિત થાય છે. અને અમુકકાળે ફલને બાંધે છે.

---

व्याख्या—यदि प्रकृतिः किमिति पुनः सर्वकालं 'न ददति' न प्रयच्छन्ति, किम् ?— पुष्पफलम् ?, एवमाशङ्क्याह-यद्-यस्मात्काले नियत एव पुष्पफलं ददति, गुरुराह-अत एव-अस्मादेव हेतोः ॥ प्रकृतिरेषा द्रुमाणां यद् 'ऋतुसमये' वसन्तादावागते सति पुष्प्यन्ति 'पादपगणा' वृक्षसङ्घाताः तथा फलं च कालेन बध्नन्ति, तदर्थानभ्युपगमे तु नित्यप्रसङ्ग इति गाथाद्वयार्थः ॥ १०७-१०८॥

---

ટીકાર્થ : પ્રશ્ન : જો વૃક્ષોનો આ સ્વભાવ જ છે તો શા માટે તેઓ સદા માટે પુષ્પ અને ફલ નથી આપતા?

આ આશંકા કરીને ગુરુ જવાબ આપે છે કે જે કારણથી તે વૃક્ષો તે તે કાળે જ પુષ્પફલને આપે છે, તે જ કારણથી આ નક્કી થાય છે કે વૃક્ષોનો સ્વભાવ જ એ છે કે વસન્ત વગેરે ઋતુ આવે, ત્યારે વૃક્ષનાં સમૂહો પુષ્પિત થાય. અને અમુકકાળે ફલને બાંધે.

જો આ રીતનો સ્વભાવ ન માનીએ તો કાયમ માટે પુષ્પ-ફલ ઉત્પન્ન થવાની આપત્તિ આવે.

---

साम्प्रतं प्रकृतेऽप्युक्तार्थयोजनां कुर्वन्नाह —

किं नु गिही रंधंती समणाणं कारणा अहासमयं । मा समणा भगवंतो किलामएज्जा अणाहारा ॥१०९॥

---

(આમ વૃક્ષ સંબંધમાં વિસ્તારથી આ બાબત દર્શાવ્યા બાદ) હવે પ્રસ્તુત પદાર્થમાં પણ આ કહેલા પદાર્થનું જોડાણ કરતાં કહે છે કે –

નિર્યુક્તિ-૧૦૯ ગાથાર્થ  શું ગૃહસ્થો સાધુને માટે યથાસમયે રાંધે છે કે "શ્રમણ ભગવંતો આહાર વિના કિલામણા ન પામો."

---

व्याख्या—किं नु गृहिणो 'राध्यन्ति' पाकं निर्वर्तयन्ति श्रमणानां कारणेन यथाकालं ?, 'मा श्रमणा भगवन्तः क्लामन्ननाहारा' इति पूर्ववदिति गाथार्थः ॥१०९॥ न चैतदित्थमित्यभिप्रायः ॥

---

ટીકાર્થ  શું ગૃહસ્થો એવું વિચારે છે કે "સાધુ ભગવંતો આહાર વિના ગ્લાનિ ન પામો" અને એ માટે શું તેઓ ભોજન બનાવે છે.

**पूर्ववत्** નો અર્થ એ છે કે જેમ પૂર્વે **काकु** ભાષામાં અર્થ લીધેલો, તેમ અહીં પણ **काकु** ભાષામાં અર્થ લેવો. અર્થાત્ અભિપ્રાય એ છે કે "આવું નથી જ કે ગૃહસ્થો સાધુ

માટે જ પાક બનાવે છે..."

अत्राह –

समणऽणुकंपनिमित्तं पुण्णनिमित्तं च गिहनिवासी उ । कोइ भणिज्जा पागं करेंति सो भण्णइ न जम्हा ॥११०॥

कंतारे दुब्भिक्खे आयंके वा महइ समुप्पन्ने । रत्तिं समणसुविहिया सव्वाहारं न भुंजंति ॥१११॥

अह कीस पुण गिहत्था रत्तिं आयरतरेण रंधंति । समणेहिं सुविहिएहिं चउव्विहाहारविरएहिं ? ॥११२॥

અહીં પ્રશ્ન કરે છે કે –

નિર્યુક્તિ- ૧૧૦-૧૧૧-૧૧૨ ગાથાર્થ : કોઈ કહે છે કે "ગૃહનિવાસી સાધુઓ થકી અનુકંપા નિમિત્તે અને પુણ્યનિમિત્તે પાકને કરે છે." તેને કહેવું કે આવું નથી. કેમકે જંગલમાં, દુકાળમાં, મોટો આંતક ઉત્પન્ન થાય ત્યારે અને રાત્રે સુવિહિતશ્રમણો સર્વઆહારને વાપરતા નથી. હવે રાત્રિ વગેરેમાં સુવિહિતશ્રમણો ચારે પ્રકારનાં આહારનાં ત્યાગી જ છે, તો શા માટે ગૃહસ્થો રાત્રે વધુ આદરથી ભોજન રાંધે છે ?

व्याख्या–श्रमणेभ्योऽनुकम्पा श्रमणानुकम्पा तन्निमित्तम्, न ह्येते हिरण्यग्रहणादिना अस्माकमनुकम्पां कुर्वन्तीति मत्वा भिक्षादानार्थं पाकं निर्वर्तयन्त्यतः श्रमणानुकम्पानिमित्तं, तथा सामान्येन पुण्यनिमित्तं च गृहनिवासिन एव कश्चिद् ब्रूयात् पाकं कुर्वन्ति, स भण्यते - नैतदेवम्, कुतः ?–यस्मात् 'कान्तारे' अरण्यादौ 'दुर्भिक्षे' अन्नाकाले 'आतङ्के वा' ज्वरादौ महति समुत्पन्ने सति रात्रौ श्रमणाः 'सुविहिताः' शोभनानुष्ठानाः, किम् ?–'सर्वाहारम्' ओदनादि न भुञ्जते ॥ अथ किमिति पुनर्गृहस्था तत्रापि रात्रौ 'आदरतरेण' अत्यादरेण राध्यन्ति, श्रमणैः सुविहितैश्चतुर्विधाहारविरतैः सद्भिरिति गाथात्रयार्थः ॥११०-१११-११२॥

ટીકાર્થ : કોઈક એમ બોલે છે કે "આ સાધુઓ આપણી પાસેથી સુવર્ણ લેવાદિ દ્વારા તો આપણા ઉપર અનુકંપા કરતાં નથી." એમ વિચારીને કોઈક ગૃહસ્થો સાધુઓ થકી પોતાના ઉપર અનુકંપા થાય એ માટે પાકને બનાવે છે. આથી એ પાક શ્રમણાનુકમ્પાનિમિત્તં કરેલો કહેવાય.

તથા "સામાન્યથી પુણ્યપ્રાપ્તિને માટે પણ કોઈક ગૃહસ્થ પાકને કરે."

આવું બોલનારાને કહેવું કે આ વાત આ પ્રમાણે નથી. કેમકે જંગલાદિ સ્થાને, અન્નનાં અકાળમાં, મોટો તાવ વગેરે આવે ત્યારે અને રાત્રે સુવિહિતશ્રમણો ઓદનાદિ સર્વઆહારને વાપરતા નથી.

હવે જો સાધુઓ રાત્રે ચારે પ્રકારનાં આહારથી વિરત જ હોય, તો પછી ગૃહસ્થો શા માટે રાત્રે ખૂબ સારી રીતે પાક કરે છે ?

(આશય એ છે કે ગૃહસ્થો જંગલાદિમાંથી પસાર થતાં હોય ત્યારે તો ત્યાં કોઈ સાધુ વહોરનારા હોતા જ નથી. ત્યારે ગૃહસ્થો જે ભોજન બનાવે છે, એ કોના માટે ? જ્યારે દુકાળમાં અન્નનો લાભ ન થતો હોય ત્યારે સાધુઓ શક્ય એટલા ઉપવાસ કરે છે. તો એ વખતે ગૃહસ્થો જે કંઈ બનાવે છે, એ કોના માટે ? સાધુઓ માટે તાવ વગેરે રોગવાળા હોય તો વાપરતા જ નથી, એ વખતે ગૃહસ્થો ભોજન બનાવે છે. એ કોના માટે ? અને મુખ્ય વાત રાત્રે તો સાધુઓ વહોરતા-વાપરતા નથી. તો ત્યારે ગૃહસ્થો ખૂબ ભોજન બનાવે છે, એ કોના માટે ? આનાથી એમ નક્કી થાય છે કે ગૃહસ્થો આ બધા સ્થાનોમાં પોતાના માટે જ ભોજન બનાવે છે. એટલે સાધુઓ માટે જ તેઓ ભોજન બનાવે છે, એ વાત માની ન શકાય.)

---

**किञ्च –**

अत्थि बहुगामनगरा समणा जत्थ न उवेंति न वसंति । तत्थवि रंधंति गिही पगई एसा गिहत्थाणं ॥११३॥

---

વળી –

**નિર્યુક્તિ-૧૧૩ ગાથાર્થ :** ઘણાં ગામ-નગરો છે. જ્યાં શ્રમણો જતાં નથી, રહેતાં નથી. ત્યાં પણ ગૃહસ્થો રાંધે તો છે જ. એટલે ગૃહસ્થોની આ પ્રકૃતિ જ છે.

---

**व्याख्या–सन्ति बहूनि ग्रामनगराणि तेषु तेषु देशेषु '<u>श्रमणाः</u>' साधवो यत्र नोपयान्ति अन्यतो, न वसन्ति तत्रैव, अथ च तत्रापि राध्यन्ति गृहिणः, अतः प्रकृतिरेषा गृहस्थानामिति गाथार्थः ॥११३॥**

---

ટીકાર્થ : તે તે દેશોમાં ઘણાં ગામ-નગરો છે કે જ્યાં સાધુઓ અન્યસ્થાનેથી આવતાં નથી કે ત્યાં જ વસતા પણ નથી. હવે ત્યાં પણ ગૃહસ્થો ભોજન તો રાંધે છે. આનાથી માનવું જ જોઈએ કે ગૃહસ્થોનો તો આ સ્વભાવ છે કે ભોજન બનાવવું.

**अमुमेवार्थं स्पष्टयन्नाह –**

पगई एस गिहीणं जं गिहिणो गामनगरनिगमेसुं । रंधंति अप्पणो परियणस्स कालेण अट्ठाए ॥११४॥

આ જ અર્થને સ્પષ્ટ કરતાં કહે છે કે –

**નિર્યુક્તિ- ૧૧૪ ગાથાર્થ :** ગૃહસ્થોની આ પ્રકૃતિ છે કે ગામ,નગર, નિગમોને વિશે ગૃહસ્થો તે તે કાળે પોતાના અને પરિવારનાં માટે રાંધે છે.

**व्याख्या–प्रकृतिरेषा गृहिणां वर्त्तते यद्गृहिणो ग्रामनगरनिगमेषु, निगमः–स्थानविशेषः, राध्यन्ति आत्मनः परिजनस्य( च )'अर्थाय' निमित्तं कालेनेति योग इति गाथार्थः ॥११४॥**

**ટીકાર્થ :** (ગાથાર્થની જેમ જ છે. માત્ર) નિગમ એટલે એક વિશેષપ્રકારનું સ્થાન (જ્યાં વેપારીઓ ખૂબ જ હોય તેવું સ્થાન નિગમ કહેવાય છે.)

तत्थ समणा तवस्सी परकडपरनिट्ठियं विगयधूमं । आहारं एसंति जोगाणं साहणट्ठाए ॥११५॥

**નિર્યુક્તિ-૧૧૫ ગાથાર્થ :** ત્યાં તપસ્વીશ્રમણો પરકૃત, પરનિષ્ઠિત, ધૂમરહિત એવા આહારની યોગોને સાધવા માટે ગવેષણા કરે છે.

**व्याख्या–तत्र श्रमणाः 'तपस्विन' इति उद्यतविहारिणो नेतरे, परकृतपरनिष्ठितमिति, कोऽर्थः ?–परार्थं कृतम्-आरब्धं परार्थं च निष्ठितम्-अन्तं गतं, विगतधूमम्-धूमरहितम्, 'एकग्रहणे तज्जातीयग्रहण'मिति न्यायाद्विगताङ्गारं च रागद्वेषमन्तरेणेत्यर्थः, उक्तं च –"रागेण सइंगालं दोसेण सधूमगं वियाणाहि" 'आहारम्' ओदनादिलक्षणम् 'एषन्ते' गवेषन्ते, किमर्थम् ? अत्राह –'योगानां' मनोयोगादीनां संयमयोगानां वा साधनार्थं, न तु वर्णाद्यर्थमिति गाथार्थः ॥११५॥**

**ટીકાર્થ :** આ સ્થાનોમાં જે સંયમમાં ઉદ્યમપૂર્વક વિચારનારા છે, તેવા સાધુઓ બીજાને માટે રાંધવાનું પ્રારંભાયેલ અને બીજા માટે અંત પામેલ એવા ધૂમરહિત આહારની ગવેષણા કરે છે. જે ઉદ્યત વિહારી નથી. તેઓ આવું કરતાં નથી.

ધૂમદોષ એટલે દ્વેષ કરવો. એકનાં ગ્રહણમાં તજ્જાતીયનું પણ ગ્રહણ થઈ જાય એ

ન્યાયથી અહીં विगताङ्गारं વિશેષણ પણ સમજી લેવું. અંગારદોષ એટલે રાગ કરવો. રાગ-દ્વેષ વિના એ સાધુ આહારની ગવેષણા કરે એમ ભાવાર્થ છે. (**विगयधूमं** એ ક્રિયાવિશેષણ છે. ધૂમ અને અંગાર એ દોષત્વજાતિની અપેક્ષાએ સમાનજાતીય છે...)

કહ્યું છે કે "રાગ હોય તો ઈંગાલ અને દ્વેષ હોય તો સધૂમ જાણવું."

પ્રશ્ન : આવા આહારની ગવેષણા શા માટે કરે ?

ઉત્તર મનોયોગાદિની સાધના માટે કે સંયમયોગોની સાધના માટે તે આહારગવેષણા કરે. પરંતુ શરીરનાં વર્ણાદિ માટે આહારગવેષણા ન કરે.

---

नवकोडीपरिसुद्धं उग्गमउप्पायणेसणासुद्धं । छट्ठाणरक्खणट्ठा अहिंसअणुपालणट्ठाए ॥१॥

---

નિર્યુક્તિ-૧ (અહીં આ ગાથા અન્યકર્તાએ બનાવેલી હોવાથી એનો ૧ નંબર આવેલ છે.)

ગાથાર્થ : નવકોટિથી પરિશુદ્ધ, ઉદ્‌ગમ-ઉત્પાદન અને એષણાદોષથી શુદ્ધ એવા આહારને ષટ્‌સ્થાનની રક્ષા માટે, અહિંસાનાં અનુપાલનને માટે વાપરે.

---

**व्याख्या—इयं च किल भिन्नकर्तृकी, अस्या व्याख्या—नवकोटिपरिशुद्धम्, तत्रैता नव कोट्यः, यदुत-ण हणइ १ ण हणावेइ २ हणंतं नाणुजाणइ ३, एवं न किणइ ३, एवं न पयई ३, एताभिः परिशुद्धं, तथा उद्गमोत्पादनैषणाशुद्धमिति, एतद्वस्तुतः सकलोपाधिविशुद्धकोटिख्यापनमेव, एवम्भूतमपि किमर्थं भुञ्जते ?—षट्स्थान-रक्षणार्थम्, तानि चामूनि—'वेयणवेयावच्चे इरियट्ठाए य संजमट्ठाए । तह पाणवत्तियाए छट्ठं पुण धम्मचिंताए ॥१॥" अमून्यपि च भवान्तरे प्रशस्तभावनाभ्या-सादहिंसानुपालनार्थम्, तथा चाह—"नाहारत्यागतोऽभावितमतेर्देहत्यागो भवान्तरेऽप्य-हिंसायै भवती"ति गाथार्थः ॥१॥**

---

ટીકાર્થ : આ ગાથા અન્ય કર્તાએ બનાવેલી છે. આની વ્યાખ્યા આ પ્રમાણે છે કે નવકોટિથી પરિશુદ્ધ આહારને વાપરે. એમાં નવ કોટિઓ આ પ્રમાણે છે કે (૧) હણે નહિ, (૨) હણાવે નહિ (૩) હણતાંને અનુમોદે નહિ. એમ (૧) ખરીદે નહિ... નાં ત્રણ ભેદ અને (૧) પકાવે નહિ...નાં ત્રણ ભેદ થાય. આ નવ કોટિથી પરિશુદ્ધ આહાર વાપરે.

તથા ઉદ્‌ગમ-ઉત્પાદન અને એષણાથી શુદ્ધ આહારને વાપરે.

આ જે લખ્યું છે, એ ખરેખર તો તમામ દોષોથી વિશુદ્ધ એવી કોટિનું જ કથન કરેલું છે. (એટલે કે ૪૨ દોષથી રહિત આહારનું જ પ્રદર્શન કર્યું છે. **उपाधि** = દોષ સમજવું.)

**પ્રશ્ન :** આવા પ્રકારનો આહાર પણ શા માટે વાપરે ?

**ઉત્તર :** ષટ્સ્થાનની રક્ષા માટે વાપરે.

તે ષટ્સ્થાન આ છે. (૧) વેદના (૨) વૈયાવચ્ચ (૩) ઈર્યાસમિતિ માટે (૪) સંયમ માટે (૫) પ્રાણ=જીવનને માટે (૬) ધર્મચિંતાને માટે.

આ છ કારણસર વાપરે.

(**પ્રશ્ન :** પણ આ ષટ્સ્થાનની રક્ષા કરવાની જરૂર શી છે ? અણાહારી જ રહેવું એ જ સારું ને ?)

**ઉત્તર :** આ છ સ્થાન પણ પ્રશસ્ત ભાવનાનાં અભ્યાસ દ્વારા બીજા ભવોમાં અહિંસાનું અનુપાલન થાય એ માટે છે. (જો આ છ સ્થાન માટે પણ સાધુ ન વાપરે તો જલ્દી મૃત્યુ પામે, અને તો પછી દેવાદિભવમાં જાય. પણ અહીં વિશેષઆરાધના દ્વારા આત્માને ભાવિત તો કર્યો જ ન હોવાથી એને ઝાઝો લાભ ન થાય. પણ આ ષટ્સ્થાનની રક્ષા માટે વાપરે, તો જીવતો રહી અહીં પ્રશસ્તભાવનાનો અભ્યાસ કરી ભવાન્તરમાં પણ અહિંસાનું પાલન કરનારો બને.)

કહ્યું જ છે કે અભાવિતમતિવાળાનો આહારત્યાગ દ્વારા દેહત્યાગ ભવાન્તરમાં પણ અહિંસાને માટે થતો નથી. (આ ભવમાં ખોટીરીતે જાતહિંસા કરી એટલે અહિંસા નથી. અને ભવાન્તરમાં અહિંસા પાળવાનો નથી, માટે ત્યાં પણ અહિંસા નથી.)

---

**दिट्ठंतसुद्धि एसा उवसंहारो य सुत्तनिद्दिट्ठो । संति विज्जंतित्ति य संतिं सिद्धिं च साहेंति ॥११६॥**

---

**નિર્યુક્તિ-૧૧૬ ગાથાર્થ :** આ દૃષ્ટાન્તવિશુદ્ધિ છે. ઉપસંહાર સૂત્રમાં દેખાડેલો છે.

---

**व्याख्या–दृष्टान्तशुद्धिरेषा प्रतिपादिता, 'उपसंहारस्तु' उपनयस्तु 'सूत्रनिर्दिष्टः' सूत्रोक्तः,**

---

**ટીકાર્થ :** આ દૃષ્ટાંતશુદ્ધિ પ્રતિપાદિત થઈ. ઉપનય તો સૂત્રમાં દેખાડેલો જ છે. (નિર્યુક્તિગાથાના ઉત્તરાર્ધ **संति...** નો અર્થ કર્યો છે. પણ એ શબ્દ મૂળસૂત્ર ગાથા-૩માં છે... એટલે એ ગાથાનો અર્થ દર્શાવ્યા બાદ એ ઉત્તરાર્ધનો અર્થ દેખાડાશે.)

तच्चेदं सूत्रम्–

**एमेए समणा मुत्ता, जे लोए संति साहुणो । विहंगमा व पुप्फेसु, दाणभत्तेसणा( णे )रया ॥३॥**

ते सूत्र આ છે.

દશવૈકાલિક-૩ ગાથાર્થ : લોકમાં જે આ શ્રમણ, મુક્ત સાધુઓ છે. કે જેઓ પુષ્પોને વિશે ભમરાઓની જેમ દાનભક્તૈષણામાં રત છે, તેઓ આ પ્રકારે છે. (અર્થાત્ जहा दुमस्स બીજી ગાથામાં દર્શાવ્યા પ્રમાણે વર્તનારા છે.

**अस्य व्याख्या–'एवम्' अनेन प्रकारेण 'एते' येऽधिकृताः प्रत्यक्षेण वा परिभ्रमन्तो दृश्यन्ते, श्राम्यन्तीति श्रमणाः, तपस्यन्तीत्यर्थः, एते च तन्त्रान्तरीया अपि भवन्ति, यथोक्तम् – "निग्गंथसक्कतावसगेरुयआजीव पंचहा समणा" अत आह – 'मुक्ता' बाह्याभ्यन्तरेण ग्रन्थेन, ये 'लोके' अर्धतृतीयद्वीपसमुद्रपरिमाणे 'सन्ति' विद्यन्ते, अनेन समयक्षेत्रे सदैव विद्यन्त इत्येतदाह, साधयन्तीति साधवः, किं साधयन्ति ?–ज्ञानादीति गम्यते । अत्राह–ये मुक्तास्ते साधव एवेत्यत इदमयुक्तम्, अत्रोच्यते, इह व्यवहारेण निह्नवा अपि मुक्ता भवन्त्येव न च ते साधव इति तद्व्यवच्छेदार्थत्वान्न दोषः । आह– न च ते 'सदैवसन्ती'त्यनेनैव व्यवच्छिन्ना इति, उच्यते, वर्तमानतीर्थापेक्षयैवेदं सूत्रमिति न दोषः, अथवा-अन्यथा व्याख्यायते-ये लोके सन्ति साधव इत्यत्र य इत्युद्देशः, लोक इत्यनेन समयक्षेत्र एव नान्यत्र, किम् ?–शान्तिः-सिद्धिरुच्यते तां साधयन्तीति शान्तिसाधवः, तथा चोक्तं निर्युक्तिकारेण–"संति विज्जंतित्ति य संतिं सिद्धिं व साहेंति" इदं व्याख्यातमेव । 'विहंगमा इव' भ्रमरा इव पुष्पेषु, किम् ?–'दानभक्तैषणासु रताः' दानग्रहणाद्दत्तं गृह्णन्ति नादत्तम्, भक्तग्रहणेन तदपि भक्तं प्रासुकं न पुनराधाकर्मादि, एषणाग्रहणेन गवेषणादित्रयपरिग्रहः, तेषु स्थानेषु 'रताः' सक्ता इति सूत्रसमासार्थः । अवयवार्थं सूत्रस्पर्शिकनिर्युक्त्या प्रतिपादयति–तत्रापि च विहङ्गमं व्याचष्टे–स द्विविधः– द्रव्यविहङ्गमो भावविहङ्गमश्च ।**

ટીકાર્થ : જે આ અધિકૃતશ્રમણો છે. (કે જેમની વાત ચાલે છે) અથવા તો આ પ્રત્યક્ષથી જ ચારે બાજુ ફરતાં શ્રમણો દેખાય છે. તે આ પ્રકારે છે. (તેઓ પણ ગૃહસ્થોરૂપી પુષ્પોને પીડા કરતાં નથી અને એમના આહાર રૂપી રસને લઈને જાતને

પ્રસન્ન કરે છે.)

જે શ્રમ કરે એટલે કે તપ કરે તે શ્રમણ.

આ તપ કરનારા શ્રમણ તો જૈનેતરો પણ હોઈ શકે છે. કેમકે કહ્યું છે કે "નિર્ગ્રન્થ, શાક્ય, તાપસ, ગેરુક, આજીવક એમ પાંચ પ્રકારે શ્રમણો છે." એટલે જ બીજું વિશેષણ કહે છે કે જે સાધુઓ બાહ્ય, અભ્યન્તર ગ્રન્થથી મુક્ત છે. (પૈસા વગેરે બાહ્યપરિગ્રહ અને મમત્વાદિ આભ્યન્તરપરિગ્રહ)

**जे लोए सन्ति** = જે સાધુઓ આ અઢી દ્વિપસમુદ્ર પ્રમાણ ક્ષેત્રમાં વિદ્યમાન છે. આ "**लोए सन्ति**" દ્વારાં એ વાતને કહી દીધી કે સમયક્ષેત્રમાં સદા માટે સાધુઓ વિદ્યમાન હોય છે.

જે સાધે તે સાધુ. તેઓ શું સાધે ? એ સમજી લેવું કે જ્ઞાનાદિને સાધે.

અહીં કોઈક પ્રશ્ન કરે છે કે "જે મુક્ત હોય તે સાધુ જ હોય. એટલે સાધુ શબ્દ લખવાની જરૂર જ નથી."

એ બાબતમાં ઉત્તર અપાય છે કે "અહીં વ્યવહારથી તો નિહ્નવો પણ મુક્ત છે જ, પરંતુ તે સાધુ નથી. એટલે **साधु** શબ્દ તે નિહ્નવોનો વ્યવચ્છેદ કરવા માટે હોવાથી કોઈ દોષ નથી." (જો માત્ર **मुक्त** શબ્દ લખે, તો નિહ્નવો પણ આવી જાય... એમને ન લેવા માટે **साधु** પદ છે)

**પ્રશ્ન : सदैव सन्ति** એ શબ્દ લખેલો છે, એના દ્વારા જ નિહ્નવોનો વ્યવચ્છેદ થઈ જ જવાનો છે કેમકે તેઓ તો સદા માટે હોતા જ નથી. એટલે **साहुणो** શબ્દ લખવાની જરૂર નથી. (આમ તો **सदैव** શબ્દ લખેલો નથી, પરંતુ એવો અર્થ વૃત્તિકારે જ હમણાં જ ઉપર દર્શાવ્યો છે. એટલે પ્રશ્નકાર આ પ્રમાણે કહે છે.)

**ઉત્તર** : વર્તમાનતીર્થની અપેક્ષાએ આ સૂત્ર છે. એટલે દોષ નથી. (વર્તમાનતીર્થમાં તો સદા માટે નિહ્નવો છે જ. એટલે **सदैव सन्ति** શબ્દ દ્વારા એમનો વ્યવચ્છેદ થઈ ન શકે. એટલે **साहवो** શબ્દ લખેલો છે.)

અથવા તો બીજી રીતે આ ગાથાનું વ્યાખ્યાન કરાય છે. '**जे लोए सन्तिसाहुणो**' લખેલ છે. એમાં **ये** એ ઉદ્દેશ છે. **लोके** એ શબ્દથી એમ જણાવ્યું કે સમયક્ષેત્રમાં જ, અન્યસ્થાને નહિ. પણ એ સમયક્ષેત્રમાં શું ? એ વાત તો હવે બતાવે છે કે **सन्तिसाहुणो**- **शान्ति** = સિદ્ધિ, તેને જે સાધે તેઓ **शान्तिसाधवः** કહેવાય. નિર્યુક્તિકારે ૧૧૬મી નિર્યુક્તિગાથાનાં અંતમાં લખેલું જ છે કે "**संति** એટલે વિદ્યમાન છે, અથવા તો **संति**

એટલે શાંતિ-સિદ્ધિને સાધે છે. તે **शान्तिसाधवः"** આનું વ્યાખ્યાન કરી જ ગયા છીએ.

ભમરા જેમ પુષ્પોમાં લીન છે, તેમ સાધુઓ દાનભક્તની એષણાઓમાં લીન છે.

અહીં **दान** શબ્દનાં ગ્રહણ દ્વારા એમ દર્શાવ્યું કે સાધુઓ અપાયેલી વસ્તુને જ લે છે, નહિ અપાયેલી વસ્તુને નહિ. અને **भक्त** શબ્દનાં ગ્રહણ દ્વારા એમ દર્શાવ્યું કે સાધુ એ દત્તવસ્તુ પણ પ્રાસુક = નિર્દોષ જ લે છે, આધાકર્માદિ લેતાં નથી. **एषणा** શબ્દનાં ગ્રહણ દ્વારા ગવેષણા, ગ્રહણૈષણા, ગ્રાસેષણાનો પરિગ્રહ કરવો. આ બધા સ્થાનોમાં રત=ચોંટેલા આ પ્રમાણે સૂત્રનો સમાસથી અર્થ છે.

(આખો ભાવાર્થ એ છે કે જે રીતે ભમરો પુષ્પરસને પીએ છે, પણ પુષ્પને પીડા કરતાં નથી. એમ મનુષ્યલોકમાં આ જે શ્રમણો, મુક્તો, સાધુઓ છે, જે પુષ્પોમાં ભમરાની માફક દાનભક્તૈષણામાં રત છે. તેઓ પણ બીજી ગાથામાં દર્શાવેલા પ્રકારથી યત્ન કરે છે..)

અવયવાર્થને તો નિર્યુક્તિકાર સૂત્રસ્પર્શિકનિર્યુક્તિથી દેખાડે છે. તેમાં પણ વિહંગમની વ્યાખ્યા કરે છે. તે બે પ્રકારે છે. દ્રવ્યવિહંગમ અને ભાવવિહંગમ.

---

**तत्र तावद्द्रव्यविहङ्गमं प्रतिपादयन्नाह –**

**धारेइ तं तु दव्वं तं दव्वविहङ्गमं वियाणाहि । भावे विहंगमो पुण गुणसन्नासिद्धिओ दुविहो ॥११७॥**

---

તેમાં પ્રથમ તો દ્રવ્યવિહંગમનું પ્રતિપાદન કરતાં કહે છે કે –

નિર્યુક્તિ-૧૧૭ ગાથાર્થ : જે તે દ્રવ્યને ધારી રાખે છે તે દ્રવ્યવિહંગમ જાણો. ભાવમાં વિહંગમ વળી ગુણસિદ્ધિ અને સંજ્ઞાસિદ્ધિથી બે પ્રકારે છે.

---

**व्याख्या–'धारयति' आत्मनि लीनं धत्ते तत्तु 'द्रव्य'मित्यनेन पूर्वोपात्तं कर्म निर्दिशति, येन हेतूभूतेन विहङ्गमेषूत्पत्स्यत इति, तुशब्द एवकारार्थः, अस्थानप्रयुक्तश्च, एवं तु द्रष्टव्यः –धारयत्येव, अनेन च धारयत्येव यदा तदा द्रव्यविहङ्गमो भवति नोपभुङ्क्त इत्येतदावेदितं भवति, द्रव्यमिति चात्र कर्मपुद्गलद्रव्यं गृह्यते, न पुनराकाशादि, तस्यामूर्त्तत्वेन धारणायोगात्, संसारिजीवस्य च कथञ्चिन्मूर्त्तत्वेऽपि प्रकृतानुपयोगित्वात्, तथाहि–यदसौ भवान्तरं नेतुमलं यच्च विहङ्गमहेतुतां प्रतिपद्यते**

तदत्र प्रकृतं, न चैवमन्यः संसारिजीव इति, 'तं द्रव्यविहङ्गम'मित्यत्र यत्तदोर्नित्याभिसंबन्धादन्यतरोपादानेनान्यतरपरिग्रहादयं वाक्यार्थ उपजायते-धारयत्येव तद्द्रव्यं यस्तं द्रव्यविहङ्गममिति, द्रव्यं च तद्विहङ्गमश्च स इति द्रव्यविहङ्गमः, द्रव्यं जीवद्रव्यमेव, विहङ्गमपर्यायेणाऽऽवर्तनाद्, विहङ्गमस्तु कारणे कार्योपचारादिति, तं 'विजानीहि' अनेकैः प्रकारैरागमतो ज्ञाताऽनुपयुक्त इत्येवमादिभिर्जानीहि

---

ટીકાર્થ : જે (જીવ) પોતાના આત્મામાં તે પૂર્વોપાત્ત કર્મને ધારી રાખે છે કે હેતુભૂત જે કર્મ દ્વારા એ (જીવ) ભવિષ્યમાં વિહંગમોમાં ઉત્પન્ન થવાનો હોય. તે જીવ દ્રવ્યવિહંગમ છે એમ જાણો.

અહીં **द्रव्य** શબ્દ લખેલો છે. તેના દ્વારા પૂર્વે એકઠા કરેલા કર્મનો નિર્દેશ કરેલો છે. તુ શબ્દ **एव** કાર અર્થવાળો છે, પણ એ અસ્થાને પ્રયોગ કરાયેલો છે. એ तु પ્રયોગ આ પ્રમાણે જાણવો કે **धारयत्येव** અર્થાત્ **धारेइ** પછી तु નો અન્વય કરવો. આના દ્વારા એ વાત જણાવી દીધી કે જીવ જયારે તે કર્મને ધારણ કરતો જ હોય, ત્યારે જ તે દ્રવ્યવિહંગમ છે. પણ જયારે એ કર્મોને ભોગવતો હોય ત્યારે એ દ્રવ્યજીવ નથી.

**પ્રશ્ન : तं तु दव्वं...** એમાં **द्रव्यं** એ શબ્દથી તમે પૂર્વે બંધાયેલ કર્મ લેવાની વાત કહી. પણ એ દ્રવ્યશબ્દથી આકાશાદિ દ્રવ્ય કેમ ન સમજી શકાય ?

**ઉત્તર : द्रव्य** એ પ્રમાણે જે શબ્દ છે, એનાથી અહીં કર્મપુદ્ગલરૂપ દ્રવ્ય જ લેવાનું છે. પણ આકાશ વગેરે દ્રવ્ય નહિ. કેમકે તે દ્રવ્ય અમૂર્ત હોવાથી જીવ એ આકાશાદિ દ્રવ્યને ધારી જ ન શકે. એટલે કે આકાશાદિ દ્રવ્યોનું ધારણ જ ન થઈ શકે. જયારે અહીં તો "જીવ તે દ્રવ્યને ધારણ કરે છે." એમ અર્થ સંગત કરવાનો છે. હવે જો દ્રવ્ય તરીકે આકાશ લો તો જીવ તે આકાશને ધારણ કરે છે એમ અર્થ થાય. પણ એ શક્ય જ નથી આકાશ અમૂર્ત = રૂપાદિરહિત હોવાથી એનું ધારણ કરવું શક્ય જ નથી.

**પ્રશ્ન :** દ્રવ્ય શબ્દથી આકાશ ભલે ન લેવાય, પરંતુ દ્રવ્ય શબ્દથી જીવદ્રવ્ય કેમ ન લેવાય ? એ તો કોઈક અપેક્ષાએ મૂર્ત છે જ. કેમકે જીવ શરીરથી કથંચિદ્ અભિન્ન હોવાથી જીવ શરીરની જેમ મૂર્ત માનેલું જ છે. તો એનું ધારણ તો શક્ય જ છે ને ? કોઈ માણસ કુકડાને પકડી રાખે, તો કહી શકાય છે કે "માણસે કુકડાને ધારી રાખ્યો છે" તો પ્રસ્તુતમાં દ્રવ્ય શબ્દથી જીવદ્રવ્ય લો ને ?

**ઉત્તર :** સંસારીજીવ કોઈક અપેક્ષાએ મૂર્ત - રૂપાદિમાન છે, છતાં પણ પ્રસ્તુતમાં એ જીવદ્રવ્યનો કોઈ જ ઉપયોગ નથી. તે આ પ્રમાણે - જીવ જે દ્રવ્યને ભવાન્તરમાં લઈ

જવાને સમર્થ હોય અને જે દ્રવ્ય વિહંગમ = પક્ષીભવની કારણતાને પામે એટલે કે પક્ષીભવનું કારણ બને તે દ્રવ્ય જ અહીં દ્રવ્યશબ્દથી લેવું ઈષ્ટ છે. હવે બીજો કોઈ સંસારી જીવ તો આ પ્રમાણે છે નહિ કે જીવ તે સંસારીજીવને પરભવમાં સાથે લઈ જાય અને એ સંસારીજીવ પ્રસ્તુત જીવનાં પક્ષી ભવનું કારણ બને. માટે દ્રવ્યશબ્દથી સંસારીજીવ પણ ન લેવો. પરંતુ કર્મપુદ્ગલાત્મક દ્રવ્ય જ લેવું.

ગાથામાં "**तं द्रव्यविहङ्गमं**" એમ લખેલું છે, પણ **यद्** સર્વનામનું તો કોઈ રૂપ આપ્યું જ નથી. હવે યદ્ અને તદ્ સર્વનામ વચ્ચે નિત્યસંબંધ છે. એટલે કે જ્યાં યદ્ નું રૂપ હોય, ત્યાં તદ્ નું હોય જ અને જ્યાં તદ્ નું રૂપ હોય ત્યાં યદ્નું રૂપ હોય જ એટલે આવો સંબંધ હોવાને લીધે જ જ્યાં બેમાંથી એકનું પણ ગ્રહણ કરેલું હોય, ત્યાં બીજાનું ગ્રહણ થઈ જ જાય. અને એટલે જ અહીં યદ્ સર્વનામનું રૂપ ન હોવા છતાં એ લઈ જ લેવાય. એટલે હવે આ પ્રમાણે વાક્યાર્થ થાય. કે **धारयत्येव..**

**यः तद्द्रव्यं धारयत्येव, तं द्रव्यवहिङ्गमं विजानीहि** જે જીવ તે દ્રવ્યને (જે કર્મપુદ્ગલ પક્ષીભવનું કારણ બને તે દ્રવ્યને) ધારણ જ કરે છે (પણ ભોગવતો નથી) તેને દ્રવ્યવિહંગમ જાણો.

આમાં જે **द्रव्यविहङ्गमं** શબ્દ છે, તેનો સમાસ આ પ્રમાણે થશે કે **द्रव्यं च तद् विहङ्गमश्च इति द्रव्यविहङ्गमः** અહીં જે દ્રવ્યશબ્દ છે, તેનાથી જીવદ્રવ્ય જ લેવું. કેમકે એ જીવદ્રવ્ય જ વિહંગમરૂપ પર્યાય રૂપે પરિણામ પામવાનું છે. (અત્યારે એ જીવદ્રવ્ય મનુષ્યાદિરૂપ હોઈ શકે છે.)

**પ્રશ્ન :** જો એ જીવદ્રવ્ય ભવિષ્યમાં વિહંગમ બનવાનું છે, તો અત્યારે એને વિહંગમ શી રીતે કહેવાય ?

**ઉત્તર :** આ જીવદ્રવ્ય એ વિહંગમરૂપ કાર્યનું કારણ તો ખરું ને ? એટલે જીવદ્રવ્યરૂપ કારણમાં વિહંગમ રૂપ કાર્યનો ઉપચાર કરવાથી જીવદ્રવ્ય એ જ વિહંગમ કહી શકાય છે.

**विजानीहि** માં **वि** ઉપસર્ગ છે, તેનો અર્થ કરે છે કે તે દ્રવ્યવિહંગમને આગમથી જ્ઞાતા અને અનુપયુક્ત, નો આગમથી જ્ઞશરીર... વગેરે અનેક પ્રકારોથી જાણો.

આમ દ્રવ્યવિહંગમની વ્યાખ્યા પૂર્ણ થઈ.

---

**<u>'भावे विहङ्गम'</u> इत्यत्रायं भावशब्दो बह्वर्थः, क्वचिद्द्रव्यवाचकस्तद्यथा 'नासओ भुवि भावस्स, सद्दो हवइ केवलो' भावस्य–द्रव्यस्य वस्तुन इति गम्यते,**

क्वचिच्छुक्लादिष्वपि वर्त्तते–'जं जं जे जे भावे परिणमइ' इत्यादि यान् २ शुक्लादीन् भावानिति गम्यते, क्वचिदौदयिकादिष्वपि वर्तते यथा–'ओदइए ओवसमिए' इत्याद्युक्त्वा 'छव्विहो भावलोगो उ' औदयिकादय एव भावा लोक्यमानत्वाद् भावलोक इति, तदेवमनेकार्थवृत्तिः सन्नौदयिकादिष्वेव वर्तमान इह गृहीत इति, भवनं भावः भवन्त्यस्मिन्निति वा भावः तस्मिन् भावे-कर्मविपाकलक्षणे, किम् ?–'विहङ्गमो' वक्ष्यमाणशब्दार्थः, पुनःशब्दो विशेषणे, न पूर्वस्मादत्यन्तमयमन्य एव जीवः, किंतु स एव जीवस्त एव पुद्गलास्तथाभूता इति विशेषयति, गुणश्च संज्ञा च गुणसंज्ञे गुणः– अन्वर्थः संज्ञा पारिभाषिकी ताभ्यां सिद्धिः गुणसंज्ञासिद्धिः, सिद्धिशब्दः सम्बन्धवाचकः, तथा च लोकेऽपि 'सिद्धिर्भवतु' इत्युक्ते इष्टार्थसम्बन्ध एव प्रतीयत इति, तया गुणसंज्ञासिद्ध्या हेतुभूतया, किम् ?–'द्विविधो' द्विप्रकारः, गुणसिद्ध्या-अन्वर्थसम्बन्धेन तथा संज्ञासिद्ध्या च-यदृच्छाभिधानयोगेन च । आह–यद्येवं द्विविध इति न वक्तव्यम्, गुणसंज्ञासिद्ध्येत्यनेनैव द्वैविध्यस्य गतत्वात्, न, अनेनैव प्रकारेणेह द्वैविध्यं, आगमनोआगमादिभेदेन नेति ज्ञापनार्थमिति गाथार्थः ॥११७॥

---

ગાથામાં **भावे विहङ्गम** એમ લખેલું છે. એમાં આ ભાવશબ્દ ઘણાં બધા અર્થવાળો છે. ક્યાંક ભાવ શબ્દ દ્રવ્યપદાર્થનો વાચક છે. જેમકે "જગતમાં અવિદ્યમાનભાવનો કેવલશબ્દ = શુદ્ધ = અસામાસિક શબ્દ હોતો નથી..." આ પાઠમાં ભાવ એટલે દ્રવ્ય, વસ્તુ એમ અર્થ થાય છે.

(ઘટ પદાર્થ જગતમાં વિદ્યમાન છે, તો એનો વાચક શુદ્ધશબ્દ **ઘટ** મળે છે. એમ પુસ્તક, પાટાદિ પદાર્થો જગતમાં વિદ્યમાન છે, તો એનો વાચક પુસ્તક, પાટાદિ શુદ્ધશબ્દ મળે છે. પણ જે પદાર્થો જગતમાં છે જ નહિ, તેનો વાચક શુદ્ધશબ્દ મળતો નથી. જેમકે **वन्ध्यापुत्र** જગતમાં વિદ્યમાન નથી, તો તેનો વાચક શુદ્ધશબ્દ પણ વિદ્યમાન નથી. એને માટે **वन्ध्यापुत्र** શબ્દ છે, પણ એ તો **वन्ध्यायाः पुत्रः** એમ સામાસિક પદ છે, શુદ્ધપદ નથી... અલબત્ત આ પદાર્થનો અહીં ઉપયોગ નથી. અહીં તો એજ દર્શાવવાનું છે કે **भाव** શબ્દ દ્રવ્ય-વસ્તુનો વાચક બની શકે છે.)

ક્યાંક ભાવશબ્દ શુક્લાદિ ગુણોમાં પણ વર્તે છે. જેમકે " જે જે વસ્તુ જે જે ભાવોરૂપે પરિણમે છે.." અહીં ભાવ તરીકે શુકલ, કૃષ્ણાદિ ભાવો લેવા. કોઈક જગ્યાએ ભાવશબ્દ ઔદયિકાદિ ભાવોને વિશે પણ વપરાય છે. જેમકે ઔદયિક, ઔપશમિક વગેરે છ પદાર્થો

કહીને પછી કહ્યું છે કે "આ છ પ્રકારનો ભાવલોક છે." એટલે કે ઔદયિક વગેરે ભાવો જ ભાવલોકરૂપ છે, કેમકે એ લોક્યમાન = દશ્યમાન છે.

આમ આ પ્રમાણે અનેક અર્થોમાં વર્તનાર ભાવશબ્દ અહીં ઔદયિકાદિ ભાવોમાં વર્તનારો જ ગ્રહણ કરાયેલો છે. અર્થાત્ ભાવ એટલે ઔદયિકાદિ ભાવ.

**भवनं**- થવું એટલે ભાવ. અથવા તો જેને વિશે (ગતિ વગેરે પદાર્થો) થાય તે ભાવ. કર્મવિપાકરૂપ ભાવ હોતે છતેં વિહંગમ બે પ્રકારનો છે. વિહંગમશબ્દનો અર્થ આગળ કહીશું.,

**पुनः** શબ્દ વિશેષપદાર્થ દર્શાવવામાં છે. તે વિશેષપદાર્થ આ છે કે પૂર્વનાં જીવ કરતાં આ અત્યન્ત અન્ય જ જીવ નથી. એટલે કે આ વિહંગમરૂપ અન્યજીવ મનુષ્યાદિરૂપ પૂર્વજીવ કરતાં એકાન્તે જુદો નથી. પરંતુ તે મનુષ્યજીવ જ વિહંગમજીવરૂપ બન્યો છે અને તે જ પુદ્ગલો તથાભૂત = વિહંગમશરીરરૂપ બન્યા ` આ વિશેષપદાર્થને પુનઃ શબ્દ દર્શાવે છે.

હવે એ બે ભેદો દર્શાવે છે.

ગુણ એટલે અન્વર્થ - વ્યુત્પત્તિઅર્થ.

સંજ્ઞા પારિભાષિકી હોય છે. અર્થાત્ રૂઢ થયેલી હોય છે.

અહીં **सिद्धि** શબ્દ સંબંધનો વાચક છે.

લોકમાં પણ જ્યારે "**सिद्धिर्भवतु**" એમ બોલાય છે, ત્યારે ત્યાં એવી જ પ્રતીતિ થાય છે કે "ઈષ્ટ અર્થનો સંબંધ થાઓ. ઈષ્ટવસ્તુની પ્રાપ્તિ થાઓ."

આ ગુણસંજ્ઞાસિદ્ધિ રૂપ હેતુથી વિહંગમ બે પ્રકારે છે. આશય એ છે કે અન્વર્થસંબંધથી તથા યદચ્છાભિધાનનાં યોગથી (ઈચ્છાપ્રમાણે કરાયેલા નામ કથનથી) વિહંગમ બે પ્રકારે છે.

પ્રશ્ન : જો આ રીતે હોય, તો પછી **द्विविध** એ શબ્દ લખવાની જરૂર નથી. કેમકે **गुणसंज्ञासिद्ध्या** આ શબ્દ દ્વારા જ દ્વિવિધતા જણાઈ જાય છે.

ઉત્તર : ના. **द्विविध** શબ્દ લખવાનું પ્રયોજન એ છે કે એનાથી એમ જણાવવું છે કે આ જ પ્રકારે અહીં વિહંગમની દ્વિવિધતા છે. "આગમથી ભાવવિહંગમ અને નોઆગમથી ભાવવિહંગમ." એ રીતે દ્વિવિધતા નથી.

---

**तत्र 'यथोद्देशं निर्देश' इति न्यायमाश्रित्य गुणसिद्ध्या यो**

भावविहङ्गमस्तमभिधित्सुराह –

विहमागासं भण्णइ गुणसिद्धी तप्पइट्ठिओ लोगो । तेण उ विहङ्गमो सो भावत्थो वा गई दुविहा ॥११८॥

---

તેમાં "ઉદ્દેશ પ્રમાણે નિર્દેશ કરવો જોઈએ." એ ન્યાય પ્રમાણે ગુણસિદ્ધથી જે ભાવવિહંગમ છે તેને કહેવાની ઈચ્છાવાળા કહે છે.

નિર્યુક્તિ-૧૧૮ ગાથાર્થ વિહં એટલે આકાશ કહેવાય. તેથી જ ગુણસિદ્ધની અપેક્ષાએ આકાશ પ્રતિષ્ઠિત લોક વિહંગમ કહેવાય. તે ભાવવિહંગમ છે. અથવા ગતિ બે પ્રકારે છે.

---

व्याख्या–विजहाति-विमुञ्चति जीवपुद्गलानिति विहं, ते हि स्थितिक्षयात्स्वयमेव तेभ्य आकाशप्रदेशेभ्यश्च्यवन्ते, ताँश्च्यवमानान्विमुञ्चतीति, शरीरमपि च मलगण्डोलकादि विमुञ्चत्येव (इति)मा भूत् संदेह इत्यत आह–आकाशं भण्यते, न शरीरादि, संज्ञाशब्दत्वात्, आकाशन्ते–दीप्यन्ते स्वधर्मोपेता आत्मादयो यत्र तदाकाशम्, किम् ?–संतिष्ठत इत्यादिक्रियाव्यपोहार्थमाह–'भण्यते' आख्यायते, गुणसिद्धिरित्येतत्पदं गाथाभङ्गभयादस्थाने प्रयुक्तम्, संबन्धश्चास्य 'तेन तु विहंगमः स' इत्यत्र तेन त्वित्यनेन सह वेदितव्य इति, ततश्चायं वाक्यार्थः–तेन तुशब्दस्यैवकारार्थत्वेनावधारणार्थत्वाद्येन विहमाकाशं भण्यते तेनैव कारणेन गुणसिद्ध्या–अन्वर्थसम्बन्धेन विहङ्गमः, कोऽभिधीयत ? इत्याह–'तत्प्रतिष्ठितो लोकः' तदित्यनेनाकाशपरामर्शः, तस्मिन्नाकाशे प्रतिष्ठितः तत्प्रतिष्ठितः, प्रतिष्ठति स्म प्रतिष्ठितः-प्रकर्षेण स्थितवानित्यर्थः, अनेन स्थितः स्थास्यति चेति गम्यते, कोऽसावित्थमित्यत आह – 'लोकः' लोक्यत इति लोकः, केवलज्ञानभास्वता दृश्यत इत्यर्थः, इह धर्मादिपञ्चास्तिकायात्मकत्वेऽपि लोकस्याकाशास्तिकायस्याधारत्वेन निर्दिष्टत्वाच्चत्वार एवास्तिकाया गृह्यन्ते, यतो निर्युक्तिकारेणाभ्यधायि–'तत्प्रतिष्ठितो लोकः', 'विहङ्गमः स' इत्यत्र विहे-नभसि गतो गच्छति गमिष्यति चेति विहङ्गमः, गमिरयमनेकार्थत्वाद्धातूनामवस्थाने वर्त्तते, ततश्च विहे स्थितवांस्तिष्ठति स्थास्यति चेति भावार्थः, स इति–चतुरस्तिकायात्मकः, 'भावार्थ' इति भावश्चासावर्थश्च भावार्थः, अयं भावविहङ्गम इत्यर्थः । उक्त एकेन प्रकारेण भावविहङ्गमः, पुनरपि गुणसिद्धिमन्येन प्रकारेणाभिधातुकाम आह–'वा गतिर्द्विविधे'ति, वाशब्दस्य व्यवहित उपन्यासः, एवं तु द्रष्टव्यः–गतिर्वा द्विविधेति, तत्र

गमनं गच्छति वाऽनयेति गतिः, द्वे विधे यस्याः सेयं द्विविधा, द्वैविध्यं वक्ष्यमाणलक्षणमिति गाथार्थः ॥११८॥

---

ટીકાર્થ : **विह** શબ્દ **वि** ઉપસર્ગપૂર્વક **हा** ધાતુનો બનેલો છે. **हा** ધાતુ ત્યાગવાનાં અર્થમાં છે. ટુંકમાં જે વસ્તુ જીવો અને પુદ્ગલોને છોડી દે છે, તે વસ્તુ **विह** કહેવાય. જીવો અને પુદ્ગલો પોતાની સ્થિતિ-સ્થિરતાનો ક્ષય થાય ત્યારે જાતે જ તે આકાશપ્રદેશોમાંથી ચ્યવી જાય છે, હટી જાય છે અને ચ્યવી જતાં એ પદાર્થોને આ **विह** નામની વસ્તુ છોડી દે છે, પકડી રાખતી નથી.

જોકે આમ તો શરીર પણ મળ, ગંડોલકાદિને છોડે જ છે, ત્યાગે જ છે. એટલે કોઈને એવો સંદેહ થાય કે **विह** એટલે શરીર લેવું ?" આવો સંદેહ ન થાય એ માટે નિર્યુક્તિમાં **विह** શબ્દનો અર્થ દર્શાવી દીધો છે કે **विह** એટલે આકાશ કહેવાય. શરીરાદિ નહિ.

**પ્રશ્ન** : **विह** ના વ્યુત્પત્તિ અર્થ પ્રમાણે તો આકાશ અને શરીર બંને લઈ શકાય છે, તો પછી **आकाश** જ શી રીતે લેવાય?

**ઉત્તર** : અહીં, **विह** શબ્દ સંજ્ઞાશબ્દ-રૂઢિશબ્દ છે. અર્થાત્ આ શબ્દ આકાશ નામના પદાર્થમાં જ રૂઢ હોવાથી **विह** શબ્દથી આકાશ લેવું.

**પ્રશ્ન** : **आकाश** શબ્દનો અર્થ શું ?

**ઉત્તર** : **आ** ઉપસર્ગપૂર્વક **काश्** ધાતુનો અર્થ દીપવું - પ્રગટવું છે. જ્ઞાનાદિ સ્વધર્મથી યુક્ત એવા આત્માવગેરે પદાર્થો જેમાં દીપે છે, દેખાય છે તે આકાશ.

હવે જો માત્ર **विहमाकाशं** આટલું જ લખે, તો ક્રિયાપદ ન હોવાથી શંકા થાય કે અહીં કયું ક્રિયાપદ લેવું **आकाशं संतिष्ठते** એમ લેવું કે **आकाशं भवति** એમ લેવું કે ત્રીજું ચોથું કોઈ ક્રિયાપદ લેવું."

આ બધી ક્રિયાઓના નિરાકરણ માટે કહે છે કે **भण्यते** વિહ આકાશ કહેવાય છે.

ગાથામાં જે **गुणसिद्धि** પદ છે, તે અસ્થાને છે. ગાથાનો ભંગ થઈ જવાના ભયથી એ પદ અસ્થાને મુકાયેલું છે. બાકી ખરેખર એનો સંબંધ આ જ ગાથામાં **तेण उ** જે શબ્દ છે, તેની સાથે જાણવો.

એટલે આ વાક્યાર્થ થશે. કે જે કારણથી **विह** આકાશ કહેવાય છે, તે જ કારણથી ગુણસિદ્ધિથી એટલે કે વ્યુત્પત્તિઅર્થથી વિહંગમ તરીકે આકાશમાં પ્રતિષ્ઠિત લોક સમજવો. **तेण उ** માં જે **तु** છે, તે **एव** કાર અર્થવાળો હોવાથી એ અવધારણઅર્થવાળો = જ કાર

અર્થવાળો સમજવો. એટલે જ **तेनैव** એમ **एव** શબ્દ જોડ્યો છે.

**तत्प्रतिष्ठितो** માં **तत्** શબ્દથી આકાશનો બોધ થાય છે.

સમાસ આ પ્રમાણે કે **तस्मिन् - आकाशे प्रतिष्ठितः इति तत्प्रतिष्ठितः**

**प्रतिष्ठित** એટલે પ્રકર્ષથી રહેલો.

આ શબ્દ દ્વારા **स्थितः स्थास्यति** એ સમજી લેવા. અર્થાત્ આ લોક પ્રતિષ્ઠિત છે, પ્રતિષ્ઠિત હતો અને પ્રતિષ્ઠિત રહેશે.

કોણ આ પ્રમાણે છે ? (તત્પ્રતિષ્ઠિત છે ?) એ દર્શાવવા માટે **लोकः** શબ્દ છે. જે દેખાય તે લોક. અર્થાત્ કેવલજ્ઞાનરૂપી સૂર્યથી જે દેખાય તે લોક.

અહીં આમ તો લોક ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને જીવ એમ પાંચ અસ્તિકાયરૂપ છે, છતાં આ પાંચમાં આકાશાસ્તિકાય આધારભૂત દેખાડેલ છે, એટલે એ સિવાયના ચાર અસ્તિકાય અહીં **लोक** શબ્દથી લેવા. કેમકે નિર્યુક્તિકારે કહ્યું છે કે "**तत्प्रतिष्ठितो लोकः**" (લોક આકાશમાં પ્રતિષ્ઠિત છે. એટલે આકાશ તો આધાર જ છે. જો લોક શબ્દથી આકાશ પણ લઈએ, તો "આકાશ આકાશમાં પ્રતિષ્ઠિત છે." એવો અર્થ થાય, જે સંગત નથી થતું.)

**विहङ्गमः** - શબ્દનો અર્થ આ પ્રમાણે છે કે વિહમાં = આકાશમાં ` ગયો છે, જાય છે. અને જશે તે વિહંગમ.

ધાતુઓ અનેક અર્થવાળા હોવાથી અહીં **गम्** ધાતુ અવસ્થાનમાં, રહેવાના અર્થમાં છે. એટલે અર્થ આ પ્રમાણે કે જે આકાશમાં રહ્યો હતો, રહે છે અને રહેશે.

**स** શબ્દથી ચાર અસ્તિકાય લેવા.

ગાથામાં **भावार्थ** શબ્દ છે. એનો કર્મધારયસમાસ કરવો. ભાવાત્મક અર્થ એટલે ભાવાર્થ. ટુંકમાં આ ભાવવિહંગમ છે, એવો અર્થ થયો. (ભાવાર્થ એટલે જ ભાવવિહંગમ.)

આમ એક પ્રકારે = વ્યુત્પત્તિ અર્થથી ભાવવિહંગમ કહી દીધો. ફરી પાછી એજ ગુણસિદ્ધિને બીજા પ્રકારે કહેવાની ઈચ્છાવાળા કહે છે કે "**वा गति द्विविधा**" અહીં **वा** શબ્દ વ્યવહિત = સ્વસ્થાનથી દૂર મુકેલ છે. એને આ પ્રમાણે સમજવો કે "**गतिर्वा द्विविधा**" અથવા તો **गति** બે પ્રકારે છે. તેમાં ગમન એટલે ગતિ. અથવા તો જેનાવડે વસ્તુ જાય તે ગતિ. તે બે પ્રકારની છે. બે પ્રકાર આગળ કહેવાશે.

तथा चेदमेव द्वैविध्यमुपदर्शयन्नाह –

भावगई कम्मगई भावगइं पप्प अत्थिकाया उ। सव्वे विहंगमा खलु कम्मगईए इमे भेया ॥११९॥

---

હવે આ જ બે પ્રકારને દેખાડતાં કહે છે.

નિર્યુક્તિ-૧૧૯ ગાથાર્થ : ભાવગતિ અને કર્મગતિ (એમ બે ગતિ છે) એમાં ભાવગતિને આશ્રયીને બધા અસ્તિકાયો વિહંગમ છે. કર્મગતિમાં આ ભેદો છે.

---

**व्याख्या–भवन्ति भविष्यन्ति भूतवन्तश्चेति भावाः, अथवा भवन्त्येतेषु स्वगता उत्पादविगमध्रौव्याख्याः परिणामविशेषा इति भावा-अस्तिकायास्तेषां गतिः– तथापरिणामवृत्तिर्भावगतिः, तथा कर्मगतिरित्यत्र क्रियत इति कर्म-ज्ञानावरणादि पारिभाषिकम्, क्रिया वा, कर्म च तद्गतिश्चासौ कर्मगतिः, गमनं गच्छत्यनया वेति गतिः, तत्र 'भावगतिं प्राप्य अस्तिकायास्तु' इति अत्र भावगतिः पूर्ववत्तां प्राप्य– अभ्युपगम्याश्रित्य, किम् ? 'अस्तिकायास्तु' धर्मादयः, तुशब्द एवकारार्थः, स चावधारणे, तस्य च व्यवहितः प्रयोगः, भावगतिमेव प्राप्य न पुनः कर्मगतिं, 'सर्वे विहङ्गमाः खलु' सर्वे-चत्वारः नाकाशमाधारत्वात्, 'विहङ्गमा इति' विहं गच्छन्त्यवतिष्ठन्ते स्वसत्तां बिभ्रतीति विहङ्गमाः, खलुशब्दोऽवधारणे, विहङ्गमा एव, न कदाचिन्न विहङ्गमा इति । 'कर्मगतेः' प्राग्निरूपितशब्दार्थायाः, किम् ?–'इमौ भेदौ' वक्ष्यमाणलक्षणाविति गाथार्थः ॥११९॥**

---

ટીકાર્થ : જે છે, રહેશે અને હતા તે ભાવ. અથવા તો જેમાં સ્વગત = પોતાનામાં જ રહેલા ઉત્પાદ, નાશ, સ્થિરતા નામના વિશેષપરિણામો રહે છે તે ભાવ. આ ભાવ તરીકે અસ્તિકાય છે. તેઓની ગતિ એટલે કે ઉત્પાદાદિ પરિણામરૂપે વૃત્તિ = વર્તવું તે ભાવગતિ.

તથા કર્મગતિમાં કર્મ એટલે જે કરાય તે. આમ તો ઘટ, પટ વગેરે બધું જ કરાય છે. એટલે કર્મ કહેવાય. પરંતુ અહીં જ્ઞાનાવરણાદિ પારિભાષિક = રૂઢ કરેલા કર્મ જ લેવા.

અથવા તો કર્મ એટલે ક્રિયા.

કર્મરૂપ જે ગતિ તે કર્મગતિ.

ગમન એટલે ગતિ અથવા તો જેનાવડે વસ્તુ જાય તે ગતિ.

તેમાં **भावगतिं प्राप्य...** એ શબ્દો જે લખેલા છે, તેમાં ભાવગતિ પૂર્વની જેમ

સમજવી. (આ જ ગાથામાં પૂર્વે બતાવી ગયા તે.) તેને આશ્રયીને તમામે તમામ અસ્તિકાયો વિહંગમ છે.

ગાથામાંનો **तु** શબ્દ **एव**કાર અર્થમાં છે, તે **एव**કાર જકાર અર્થમાં છે. તેનો વ્યવહિત પ્રયોગ છે. એટલે કે ભાવગતિને જ આશ્રયીને બધા અસ્તિકાયો વિહંગમ છે. કર્મગતિની અપેક્ષાએ નહિ. (કેમકે બધા અસ્તિકાયો ભાવ છે, અને બધા જ ઉત્પાદાદિપર્યાયપ્રાપ્તિરૂપ ગતિવાળા છે.)

અહીં બધા એટલે ચાર જ અસ્તિકાય લેવા. આકાશ નહિ, કેમકે એ તો આધાર છે.

જે આકાશમાં જાય છે, એટલે કે આકાશમાં રહે છે એટલે કે આકાશમાં પોતાની સત્તાને ધારણ કરે છે તે **વિહંગમ.**

**खलु** શબ્દ અવધારણમાં છે અર્થાત્ આ અસ્તિકાયો વિહંગમ જ છે. ક્યારેય પણ વિહંગમ નથી એવું નથી.

પૂર્વે જેનો શબ્દાર્થ દર્શાવી દીધો છે, એવી કર્મગતિનાં તો વક્ષ્યમાણ લક્ષણવાળા બે ભેદો છે.

---

**तावेवोपदर्शयन्नाह –**

विहगगई चलणगई कम्मगई उ समासओ दुविहा । तुददयवेययजीवा विहंगमा पप्प विहगगई ॥१२०॥

---

તે જ બે ભેદોને દેખાડતા કહે છે કે –

**નિર્યુક્તિ-૧૨૦ ગાથાર્થ :** કર્મગતિ સંક્ષેપથી બે પ્રકારે છે. વિહગગતિ અને ચલનગતિ એમાં વિહગગતિને આશ્રયીને તો તેના ઉદયનાં વેદક જીવો વિહંગમ બને.

---

**व्याख्या–इह गम्यतेऽनया नामकर्मान्तर्गतया प्रकृत्या प्राणिभिरिति गतिः, विहायसि–आकाशे गतिर्विहायोगतिः, कर्मप्रकृतिरित्यर्थः, तथा चलनगतिरिति, चलिरयं परिस्पन्दने वर्त्तते, चलनं स्पन्दनमित्येकोऽर्थः, चलनं च तद्गतिश्च सा चलनगतिः-गमनक्रियेति भावः । कर्मगतिस्तु समासतो द्विविधेत्यत्र तुशब्द एवकारार्थः, स चावधारणे, कर्मगतिरेव द्विविधा न भावगतिः, तस्या एकरूपत्वेन व्याख्यातत्वात्, तत्र 'तदुदयवेदकजीवा' इति, अत्र तदित्यनेनानन्तरनिर्दिष्टां विहायोगतिं निर्दिशति, तस्या-विहायोगतेः उदयस्तदुदयो विपाक इत्यर्थः, तथा वेदयन्ति-निर्जरयन्ति**

**उपभुञ्जन्तीति वेदकाः तदुदयस्य वेदकाश्च ते जीवाश्चेति समासः, आह—तदुदयवेदका जीवा एव भवन्तीति विशेषणानर्थक्यम्, न, जीवानां वेदकत्वावेदकत्वयोगेन सफलत्वात्, अवेदकाश्च सिद्धा इति । 'विहङ्गमाः प्राप्य विहायोगति'मिति, अत्र विहे विहायोगतेरुदयादुद्गच्छन्तीति विहङ्गमाः, 'प्राप्य' आश्रित्य, किं प्राप्य ?—'विहायोगतिम्' विहायोगतिरुक्ता तां, विपर्यस्तान्यक्षराण्येवं तु द्रष्टव्यानि—विहायोगतिं प्राप्य तदुदयवेदकजीवा विहङ्गमा इति गाथार्थः ॥१२०॥**

---

ટીકાર્થ : અહીં ગતિની વ્યાખ્યા આ પ્રમાણે કરવી કે નામકર્મની અંદર રહેલી જે વિહાયોગતિ નામની પ્રકૃતિથી જીવો ગમન કરે છે તે કર્મપ્રકૃતિ એ જ ગતિ. આકાશમાં ગતિ એ વિહાયોગતિ. એટલે કે એ નામની કર્મપ્રકૃતિ.

**चल्** ધાતુ પરિસ્પન્દન અર્થમાં છે. ચલન, સ્પંદન એ એક જ અર્થ છે. ચલન રૂપ જે ગતિ તે ચલનગતિ એટલે કે ગમનક્રિયા.

કર્મગતિ સંક્ષેપથી બે પ્રકારે છે. એમાં **तु** શબ્દ **एव**કારાર્થવાળો છે, અને **एव**કાર અવધારણમાં છે. એટલે અર્થ આ પ્રમાણે કે કર્મગતિ જ બે પ્રકારે છે. ભાવગતિ નહિ. કેમકે ભાવગતિ તો એકરૂપવાળી વ્યાખ્યાન કરી જ દીધી છે.

**तदुदयवेदकजीवाः** માં **तत्** શબ્દથી હમણાં જ દર્શાવાયેલ વિહાયોગતિનો નિર્દેશ કરેલો છે. તે વિહાયોગતિનો જે વિપાકોદય, તેનું વેદન કરનારા જીવો એ પ્રમાણે સમાસ થાય.

જે વેદે, નિર્જરા કરે, ઉપભોગ કરે તે વેદક.

પ્રશ્ન : તેના ઉદયને વેદનારાઓ તો જીવો જ હોય છે, એટલે **जीव** વિશેષણ નકામું છે.

ઉત્તર : જીવ વેદક અને અવેદક એમ બે પ્રકારે હોય છે, એટલે અહીં જીવ વિશેષણ સાર્થક છે. અવેદક જીવો તરીકે સિદ્ધજીવો છે. (તદુદયવેદક જીવો જ હોય, એની ના નથી. પરંતુ જીવો વેદક અને અવેદક બંને પ્રકારનાં હોય છે... એ પદાર્થ દર્શાવવા **जीव** વિશેષણનો ઉલ્લેખ કર્યો છે. જે તદુયવેદક નથી, એ સિદ્ધોને કર્મગતિને આશ્રયીને વિહંગમ ન ગણવા.)

**विहङ्गमाः प्राप्य विहायोगतिम्** - અહીં વિહમાં-આકાશમાં વિહાયોગતિનાં ઉદયથી જે જીવો ઉડે, ચાલે, જાય તે વિહંગમ. આ અર્થ ઉપર કહી ગયેલ વિહાયોગતિ રૂપ

કર્મગતિને આશ્રયીને સમજવું.

ગાથામાં અક્ષરો આડા-અવળા છે, તે આ પ્રમાણે જાણવા કે વિહાયોગતિને આશ્રયીને વિચારીએ તો તેના ઉદયના વેદક જીવો વિહંગમ છે.

---

**अधुना द्वितीयकर्मगतिभेदमधिकृत्याह –**

चलनंकम्मगइं खलु पडुच्च संसारिणो भवे जीवा । पोग्गलदव्वाइं वा विहंगमा एस गुणसिद्धी ॥१२१॥

---

હવે કર્મગતિનાં બીજા ભેદને આશ્રયીને કહે છે કે –

નિર્યુક્તિ-૧૨૧ ગાથાર્થ ચલનકર્મગતિને આશ્રયીને તો સંસારીજીવો અથવા તો પુદ્ગલદ્રવ્યો વિહંગમ છે. આ ગુણસિદ્ધિ છે.

---

व्याख्या–चलनं-स्पन्दनं, तेन कर्मगतिर्विशेष्यते, कथम् ?–चलनाख्या या कर्मगतिः सा चलनकर्मगतिः, एतदुक्तं भवति–कर्मशब्देन क्रियाऽभिधीयते, सैव गतिशब्देन सैव चलनशब्देन च । तत्र गतेर्विशेषणं क्रिया क्रियाविशेषणं चलनम् । कुतः?–व्यभिचाराद्, इह गतिस्तावन्नरकादिका भवति अतः क्रियया विशेष्यते, क्रियाऽप्यनेकरूपा भोजनादिका ततश्चलनेन विशेष्यते, अतश्चलनाख्या कर्मगतिश्चलनकर्मगतिस्ताम्, अनुस्वारोऽलाक्षणिकः, खलुशब्द एवकारार्थः, स चावधारणे, चलनकर्मगतिमेव, न विहायोगतिं, 'प्रतीत्य' आश्रित्य, किम् ?–संसरणं संसारः, संसरणं ज्ञानावरणादिकर्मयुक्तानां गमनं, स एषामस्तीति संसारिणः, अनेन सिद्धानां व्युदासः, 'भवे' इति, अयं शब्दो भवेयुरित्यस्यार्थे प्रयुक्तः, 'जीवा' उपयोगादिलक्षणाः । ततश्चायं वाक्यार्थः-चलनकर्मगतिमेव प्रतीत्य संसारिणो भवेयुर्जीवा विहङ्गमा इति, विहं गच्छन्ति–चलन्ति सर्वैरात्मप्रदेशैरिति विहङ्गमाः । तथा 'पुद्गलद्रव्याणि वे'त्यादि, पूरणगलनधर्माणः पुद्गलाः, पुद्गलाश्च ते द्रव्याणि च तानि पुद्गलद्रव्याणि, द्रव्यग्रहणं विप्रतिपत्तिनिरासार्थम्, तथा चैते पुद्गलाः कैश्चिदद्रव्याः सन्तोऽभ्युपगम्यन्ते, 'सर्वे भावा निरात्मानः' इत्यादिवचनाद्, अतः पुद्गलानां परमार्थसद्रूपताख्यापनार्थं द्रव्यग्रहणम्, वाशब्दो विकल्पवाची, पुद्गलद्रव्याणि वा संसारिणो वा जीवा विहङ्गमा इति । तत्र जीवानधिकृत्यान्वर्थो निर्दशितः, पुद्गलास्तु विहं गच्छन्तीति विहङ्गमा :, तच्च गमनमेषां स्वतः परतश्च संभवति, अत्र स्वतः परिगृह्यते,

विहङ्गमा इति च प्राकृतशैल्या जीवापेक्षया वोक्तम्, अन्यथा द्रव्यपक्षे विहङ्गमानीति वक्तव्यम्, एष भावविहङ्गमः, कथम् ?–'गुणसिद्ध्या' अन्वर्थसम्बन्धेन, प्राकृतशैल्या वाऽन्यथोपन्यास इति गाथार्थः ॥१२१॥

---

**ટીકાર્થ :** ચલન એટલે સ્પંદન. તે કર્મગતિશબ્દનું વિશેષણ છે.

**પ્રશ્ન :** શી રીતે ચલન કર્મગતિનું વિશેષણ છે ?

**ઉત્તર :** ચલન નામની જે કર્મગતિ તે ચલનકર્મગતિ કહેવાય. કહેવાનો ભાવ એ છે કે અહીં કર્મશબ્દથી ક્રિયા લેવાની છે. તે ક્રિયા જ ગતિશબ્દથી અને તે ક્રિયા જ ચલનશબ્દથી કહેવાય છે. (ગતિ પણ એક ક્રિયા છે અને ચલન પણ એક ક્રિયા જ છે. એટલે એ બંને શબ્દથી ક્રિયા ઓળખાવાય છે.) એમાં ગતિનું વિશેષણ ક્રિયા છે, ક્રિયાનું વિશેષણ ચલન છે.

**પ્રશ્ન :** પણ આ બે વિશેષણો બતાવવાની જરૂર શી પડી ? માત્ર ગતિ શબ્દ કે કર્મગતિ શબ્દ ન ચાલે ?

**ઉત્તર :** વ્યભિચાર આવે છે માટે બે વિશેષણ જરૂરી છે. તે આ પ્રમાણે – જો માત્ર ગતિ જ લખે, તો એ ગતિ તરીકે તો નરકાદિ ચારગતિ પણ લેવાય. આથી ગતિ શબ્દનું વિશેષણ ક્રિયા = કર્મ મૂક્યું. એનાથી એ લાભ થયો કે નરકાદિરૂપ ગતિ નથી લેવાની, પરંતુ કર્મરૂપ = ક્રિયારૂપ ગતિ લેવાની છે.

હવે એ ક્રિયા પણ પાછી ભોજનાદિ અનેકપ્રકારે છે. એટલે ચલનશબ્દ એ ક્રિયાનું વિશેષણ છે. આનો અર્થ એ થશે કે ચલનરૂપી જે કર્મગતિ તે ચલનકર્મગતિ.

**પ્રશ્ન :** જો ચલન એ કર્મશબ્દનું વિશેષણ છે. તો **चलनं** એમ ઉપર અનુસ્વાર કેમ મુક્યો છે ? ચલન શબ્દ તો સમાસમાં જ લઈને કર્મનું વિશેષણ બને ને ?

**ઉત્તર :** અહીં અનુસ્વાર અલાક્ષણિક છે (અર્થરહિત છે, નહિવત્ છે.) એટલે **चलन** શબ્દ કર્મશબ્દનું વિશેષણ બની શકશે.

**खलु** શબ્દ **एव**કારાર્થવાળો છે, **एव**કાર અવધારણમાં છે. આશય એ છે કે ચલનકર્મગતિને આશ્રયીને જ સંસારીજીવો વિહંગમ છે. વિહાયોગતિને આશ્રયીને નહિ.

**संसारिणो** શબ્દનો અર્થ દર્શાવે છે કે સંસરણ કરવું એનું નામ સંસાર, જ્ઞાનાવરણાદિ કર્મોથી યુક્ત એવા જીવોનું ગમન એ સંસાર કહેવાય. તે જેઓને છે તે સંસારી. આ શબ્દથી સિદ્ધોનો વ્યવચ્છેદ કર્યો.

**भवे** શબ્દ **भवेयुः** એ પદનાં અર્થમાં વપરાયેલો છે.

**जीव** એટલે ઉપયોગાદિ લક્ષણવાળા.

તેથી આ વાક્યાર્થ થાય કે ચલનકર્મગતિને જ આશ્રયીને સંસારીજીવો વિહંગમ છે. જેઓ તમામ આત્મપ્રદેશોવડે આકાશમાં જાય છે, તે વિહંગમ. (તમામ સંસારીજીવો જ્યારે એક ભવમાંથી બીજા ભવમાં જાય, ત્યારે તમામ આત્મપ્રદેશોની સાથે જાય છે, એટલે એ બધા જ સંસારીજીવો એ ચલનક્રિયારૂપ ગતિને અનુસારે વિહંગમ બને છે.)

પુરાવાના અને ગળીજવાના સ્વભાવવાળા પદાર્થો પુદ્ગલ કહેવાય. (પુદ્ગલદ્રવ્યમાં પ્રદેશોની વધ-ઘટ થયા જ કરતી હોય છે.)

પુદ્ગલરૂપી જે દ્રવ્યો તે પુદ્ગલદ્રવ્યો.

**પ્રશ્ન :** પુદ્ગલો તો દ્રવ્ય જ હોય. અદ્રવ્ય નહિ. એટલે દ્રવ્યશબ્દ મુકવાની જરૂર નથી.

**ઉત્તર :** ખોટી માન્યતાનાં ખંડન માટે દ્રવ્યપદનું ગ્રહણ કર્યુ છે. કેટલાંક લોકો આ પુદ્ગલોને અદ્રવ્ય રૂપ માને છે. કેમકે એમનું શાસ્ત્રવચન છે કે "બધા જ પદાર્થો નિરાત્મરૂપ = સ્વભાવરહિત = અસત્ છે. અર્થાત્ પુદ્ગલો પણ અસત્ છે."

આથી પુદ્ગલોની વાસ્તવિક સત્તા દર્શાવવા માટે દ્રવ્યપદનું ગ્રહણ કરેલું છે. **वा** પદ વિકલ્પને દર્શાવનાર છે. તે આ પ્રમાણે - પુદ્ગલદ્રવ્યો કે સંસારીજીવો વિહંગમ છે. એમાં જીવોને આશ્રયીને તો વિહંગમ શબ્દનો અન્વય દર્શાવી દીધો.

પુદ્ગલોમાં અન્વયાર્થ આ પ્રમાણે કે તે પુદ્ગલો પણ આકાશમાં ગમન કરે છે, માટે તેઓ પણ વિહંગમ છે. પુદ્ગલોનું તે ગમન સ્વતઃ થાય અને પરતઃ થાય. અહીં પુદ્ગલોનું સ્વતઃ ગમન લેવાનું છે. (છોકરો દડો ફેંકે, તો એ દડાનું સ્વતઃ ગમન નથી, પરતઃ ગમન છે. પણ કોઈની પણ પ્રેરણા વિના જે પરમાણ્વાદિ દ્રવ્યો ગતિ કરે છે તે સ્વતઃ ગમન છે.)

**પ્રશ્ન :** **द्रव्याणि** શબ્દ નપુંસક છે, તો **विहङ्गमाः** પુલ્લિંગશબ્દ કેમ વાપર્યો ?

**ઉત્તર :** પ્રાકૃતશૈલીને અનુસારે અહીં **पुद्गलद्रव्य** પુલ્લિંગ કરેલ છે. અથવા તો એમ સમજો કે વિહઙ્ગમ શબ્દ **जीव** અને **पुद्गलद्रव्य** એમ બંનેનું વિશેષણ છે, એમાં **जीव** તો પુલ્લિંગશબ્દ છે, એટલે એની અપેક્ષાએ **विहङ्गम** શબ્દ પુલ્લિંગ કર્યો છે. બાકી **द्रव्य** શબ્દની અપેક્ષાએ જ જો **विहङ्गम** શબ્દ મુકવાનો હોય તો એ નપુંસકલિંગ જ કહેવો પડે

એ સીધી વાત છે.

આ ભાવવિહંગમ અન્વર્થસંબંધથી દર્શાવ્યો છે.

પ્રશ્ન : ગાથામાં તો **गुणसिद्धि** એમ શબ્દ લખેલો છે, તમે તો ત્રીજીવિભક્તિ પ્રમાણે અર્થ કર્યો છે. તો શી રીતે સંગત થાય ?

ઉત્તર : પહેલી વાત તો એ કે આ ત્રીજીવિભક્તિ જ સમજવી. છતાં જો એમ લાગે કે આ ત્રીજી વિભક્તિ ન બને. તો એમ સમજવું કે પ્રાકૃતશૈલીને કારણે ત્રીજીવિભક્તિનો **अन्यथा उपन्यास** પહેલી વિભક્તિ તરીકે ઉપન્યાસ કરેલો છે. ( **वा** હોવાથી બે વિકલ્પ લેવા પડે.)

---

**एवं गुणसिद्ध्या भावविहङ्गम उक्तः, साम्प्रतं संज्ञासिद्ध्या अभिधातुकाम आह –**

सन्नासिद्धिं पप्पा विहंगमा होंति पक्खिणो सव्वे । इहइं पुण अहिगारो विहासगमणेहि भमरेहिं ॥१२२॥

---

આમ ગુણસિદ્ધિથી ભાવવિહંગમ કહેવાઈ ગયો.

હવે સંજ્ઞાસિદ્ધિથી ભાવવિહંગમને કહેવાને માટે કહે છે કે –

નિર્યુક્તિ-૧૨૨ ગાથાર્થ : સંજ્ઞાસિદ્ધિને આશ્રયીને તમામ પક્ષીઓ વિહંગમ છે. અહીં તો આકાશમાં ગમન કરનાર ભમરાઓવડે અધિકાર છે.

---

**व्याख्या–संज्ञानं संज्ञा नाम रूढिरिति पर्यायाः तया सिद्धिः संज्ञासिद्धिः, संज्ञासम्बन्ध इतियावत्, तां संज्ञासिद्धिं 'प्राप्य' आश्रित्य, किम् ?–विहे गच्छन्तीति विहङ्गमा भवन्ति, के ?–पक्षा येषां सन्ति ते पक्षिणः, 'सर्वे' समस्ता हंसादयः, पुद्गलादीनां विहङ्गमत्वे सत्यप्यमीषामेव लोके प्रतीतत्वात्, इत्थमनेकप्रकारं विहङ्गममभिधाय प्रकृतोपयोगमुपदर्शयति–'इह' सूत्रे, पुनःशब्दोऽवधारणे, इहैव नान्यत्र 'अधिकारः' प्रस्तावः प्रयोजनम्, कैरित्याह–'विहायोगमनैः' आकाशगमनैः 'भ्रमरैः' षट्पदैरिति गाथार्थः ॥१२२॥**

---

ટીકાર્થ : સંજ્ઞાન, સંજ્ઞા, નામ, રૂઢિ આ બધા પર્યાયવાચી શબ્દો છે તેનાથી જે સિદ્ધિ તે સંજ્ઞાસિદ્ધિ. એટલે કે સંજ્ઞાસંબંધ. તે સંજ્ઞાસિદ્ધિને આશ્રયીને વિચારીએ તો હંસ વગેરે પાંખોવાળા = પક્ષીઓ વિહંગમ છે. કેમકે પુદ્ગલો વિહંગમ હોવા છતાં પણ પક્ષીઓ જ લોકમાં વિહંગમ તરીકે પ્રસિદ્ધ છે.

આમ અનેકપ્રકારનાં વિહંગમને દર્શાવીને હવે પ્રકૃતમાં કોનો ઉપયોગ છે ? એ દર્શાવે છે. કે આ સૂત્રમાં જ આકાશમાં ગમન કરનારા ભમરાઓ વડે પ્રયોજન = અધિકાર, પ્રસ્તાવ છે. ગાથામાં **पुनः** શબ્દ છે, તે અવધારણ અર્થમાં છે. એનો ભાવ એ કે આ જ સૂત્રમાં ભમરાઓનો અધિકાર છે, બધા જ સૂત્રોમાં વિહંગમશબ્દથી ભમરા જ લેવાના... એવું નથી.

(૧૧૭થી માંડીને ૧૨૨ ગાથા સુધીમાં **विहंगम** શબ્દનું વર્ણન કરેલ છે. એનો સાર નીચે પ્રમાણે છે.

● વિહંગમ ચાર પ્રકારે છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ વિહંગમ.

● નામ, સ્થાપના સુગમ છે.

● આવતાં ભવમાં પક્ષી બનવું પડે, એવા કર્મોને બાંધી ચુકેલો જીવ દ્રવ્યવિહંગમ.

● ભાવવિહંગમ બે પ્રકારે છે. (૧) અન્વર્થપ્રમાણે (૨) રૂઢીપ્રમાણે. અન્વર્થ = શબ્દાર્થ.

● **શબ્દાર્થ પ્રમાણે (૧) ભાવવિહંગમ :** આકાશમાં રહેલા ધર્માસ્તિકાયાદિ ચારેય અસ્તિકાય. અહીં ગમ્ ધાતુનો અર્થ રહેનાર કરવો. ધર્માસ્તિકાયાદિ ચાર વિહમાં = આકાશમાં રહેલા છે, માટે વિહંગમ.

● **શબ્દાર્થ પ્રમાણે (૨) ભાવવિહંગમ** ભાવગતિ એટલે ભાવોની = પદાર્થોની ઉત્પાદ-વ્યય-ધ્રુવતારૂપ ગતિ. બધા ધર્માસ્તિકાયાદિ આકાશમાં જ ઉત્પાદ-વ્યય-ધ્રુવતાદિરૂપ ગતિવાળા છે, એટલે બધા ધર્માસ્તિકાયાદિ ભાવગતિપ્રમાણે ભાવવિહંગમ છે.

● **શબ્દાર્થ પ્રમાણે (૩) ભાવવિહંગમ :** વિહાયોગતિનામકર્મની અપેક્ષાએ વિચારીએ તો તો તેના ઉદયવાળા ત્રસજીવો આકાશમાં એ ગતિનામકર્મનાં ઉદયથી ગમન કરે છે, એટલે આ નામકર્મનાં ઉદયવાળા જીવો વિહાયોગતિની અપેક્ષાએ ભાવવિહંગમ છે.

● **શબ્દાર્થ પ્રમાણે (૪) ભાવવિહંગમ :** એક ગતિમાંથી બીજી ગતિમાં ચાલવું એ રૂપ જે ચલનક્રિયાત્મક ગતિ છે, એ પ્રમાણે વિચારીએ તો બધાં સંસારીજીવો અને બધાં પુદ્ગલો એકભવમાંથી બીજા ભવમાં કે એકસ્થાનેથી બીજા સ્થાને ગતિ કરે છે, એટલે કે આ રીતે આકાશમાં ચલનગતિવાળા છે. માટે બધાં જ ભાવવિહંગમ કહેવાય. પણ એ ચલનગતિની અપેક્ષાએ જ સમજવું.

● રૂઢિઅર્થ પ્રમાણે તો પક્ષીઓ જ વિહંગમ કહેવાય. બીજા કોઈપણ પદાર્થો નહિ.

● પ્રસ્તુતમાં માત્ર ભમરારૂપ વિહંગમો જ **विहंगम** શબ્દથી લેવાના છે.)

दाणेति दत्तगिण्हण भत्ते भज सेव फासुगेण्हणया । एसणतिगंमि निरया उवसंहारस्स सुद्धि इमा ॥१२३॥

**નિર્યુક્તિ-૧૨૩ ગાથાર્થ** : દાન શબ્દ દત્તનું ગ્રહણ દર્શાવે છે... ટીકાર્થથી સ્પષ્ટ થશે.

**व्याख्या–'दानेति' सूत्रे दानग्रहणं दत्तग्रहणप्रतिपादनार्थम्, दत्तमेव गृह्णन्ति, नादत्तम्, 'भक्त' इति भक्तग्रहणं 'भज सेवायाम्' इत्यस्य निष्ठान्तस्य भवति, अर्थश्चास्य प्रासुकग्रहणं, प्रासुकम्—आधाकर्मादिरहितं गृह्णन्ति, नेतरदिति, एसण त्ति एषणाग्रहणम्, 'एषणात्रितये' गवेषणादिलक्षणे 'निरताः' सक्ताः, 'उपसंहारस्य'-उपनयस्य शुद्धिः 'इयं' वक्ष्यमाणलक्षणेति गाथार्थः ॥१२३॥**

ટીકાર્થ : (ત્રીજી ગાથામાં રહેલા **दाणभत्ते** નો હવે અર્થ દર્શાવે છે...)

સૂત્રમાં દાનશબ્દનું ગ્રહણ જે કરેલ છે, તે એવું દર્શાવવા માટે છે કે સાધુઓ દત્ત વસ્તુનું જ ગ્રહણ કરે છે. અદત્તવસ્તુનું ગ્રહણ કરતાં નથી.

**भज्** ધાતુ કે જે "સેવવું" અર્થવાળો છે, એને **त** પ્રત્યય લાગે એટલે ભક્ત શબ્દ બને. એનો અર્થ એ છે કે સાધુઓ પ્રાસુકનું ગ્રહણ કરે છે. બીજી વસ્તુ લેતાં નથી. પ્રાસુક એટલે આધાકર્મવગેરે દોષોથી રહિત.

**एसण** શબ્દથી એષણાઓનું ગ્રહણ કરેલું છે. સાધુઓ ગવેષણાદિ ત્રણ એષણામાં ચોંટેલા છે.

(આ આખો ઉપનય = ઉપસંહાર દર્શાવી દીધો. ફરી યાદ કરવું કે **साधवः जिनशासन एवाहिंसां साधयन्ति...** એ અનુમાન હતું. એમાં ઉપનયમાં "પક્ષ હેતુવાળો છે" એનું ઉચ્ચારણ કરવાનું હોય છે. "અહીં સાધુઓ દાનભક્તૈષણામાં લીન છે" એમ જે લખ્યું છે, તેના દ્વારા એ ઉપનય જ દર્શાવ્યો છે. ઉપનયની વિશુદ્ધિ હવે દર્શાવે છે)

ઉપનયની વિશુદ્ધિ વક્ષ્યમાણસ્વરૂપવાળી છે.

अवि भमरमहुयरिगणा अविदिन्नं आवियंति कुसुमरसं । समणा पुण भगवन्तो नादिन्नं भोत्तुमिच्छंति ॥१२४॥

**નિર્યુક્તિ-૧૨૪ ગાથાર્થ** : ભમરા અને ભમરીના સમૂહો તો અદત્ત કુસુમરસને પીએ

છે. જયારે શ્રમણ ભગવન્તો તો અદત્ત વાપરવા માટે ઈચ્છતા નથી.

**व्याख्या—अपि भ्रमरमधुकरीगणा, मधुकरीग्रहणमिहापि स्त्रीसंग्रहार्थं, जातिसंग्रहार्थमिति चान्ये, अविदत्तं सन्तं, किम् ?—आपिबन्ति 'कुसुमरसं' कुसुमासवम्, श्रमणाः पुनर्भगवन्तो नादत्तं भोक्तुमिच्छन्तीति विशेष इति गाथार्थः ॥१२४॥**

ટીકાર્થ : વળી બીજીવાત એ કે ભમરા અને ભમરીનાં ગણ નહિ અપાયેલ એવા પણ પુષ્પરસને પીએ છે. જયારે શ્રમણ ભગવંતો નહિ અપાયેલ વસ્તુ વાપરવા ઈચ્છતા નથી. આમ ભમરાઓ અને સાધુઓમાં આટલો ભેદ છે. સાધુઓમાં આ એક વિશેષતા છે.

અહીં ભમરાની સાથે ભમરીઓ પણ લીધી છે, તે અહીં પણ = સાધુપક્ષમાં પણ સ્ત્રીનો = સાધ્વીજીઓનો સંગ્રહ કરવા માટે છે. એટલે કે સાધુઓની જેમ સાધ્વીજીઓ પણ નિર્દોષચર્યાવાળા જ છે. એ દર્શાવવા દૃષ્ટાન્તમાં ભમરાની સાથે ભમરીને પણ લીધી છે.

બીજાઓ વળી એમ કહે છે કે આખી ભમરાની જાતિનું જ ગ્રહણ થઈ જાય, એ માટે ભમરા શબ્દની સાથે **मधुकरी** શબ્દ મુકેલો છે.

**साम्प्रतं सूत्रेणैवोपसंहारविशुद्धिरुच्यते—कश्चिदाह—'दाणभत्तेसणे रया' इत्युक्तम्, यत एवमत एव लोको भक्त्याकृष्टमानसस्तेभ्यः प्रयच्छत्याधाकर्मादि, अस्य ग्रहणे सत्त्वोपरोधः, अग्रहणे स्ववृत्त्यलाभ इति, अत्रोच्यते —**

**वयं च वित्तिं लब्भामो, न य कोइ उवहम्मइ । अहागडेसु रीयंते, पुप्फेसु भमरा जहा ॥४॥**

(આમ નિર્યુક્તિકારે ઉપનયવિશુદ્ધિ બતાવી) હવે સૂત્રથી જ ઉપનયવિશુદ્ધિ (=ઉપસંહારવિશુદ્ધિ) દર્શાવાય છે. તે આ પ્રમાણે

કોઈક કહે છે કે તમે કહ્યું કે - સાધુઓ "**दानभत्तेसणे रया**" છે. પણ સાધુઓ આવા છે, તે જ કારણસર ભક્તિથી ખેંચાયેલા મનવાળો લોક સાધુઓને આધાકર્માદિ આપે જ અને સાધુઓ એનું ગ્રહણ કરે તો જીવોની હિંસા થાય. જો ગ્રહણ ન કરે તો પોતાની આજીવિકાનો અલાભ થાય. આમ બેય બાજુ નુકસાન છે.

અહીં ઉત્તર આપે છે કે

દશવૈકાલિક-૪ ગાથાર્થ : "અમે વૃત્તિને પામશું કોઈ જીવ હણાતો નથી." જે રીતે

પુષ્પોમાં ભમરાઓ, તે રીતે સાધુઓ યથાકૃતમાં વર્તે છે.

**अस्य व्याख्या-वयं च वृत्तिं 'लप्स्यामः' प्राप्स्यामः तथा यथा न कश्चिदुपहन्यते, वर्तमानैष्यत्कालोपन्यासस्त्रैकालिकन्यायप्रदर्शनार्थः, तथा चैते साधवः सर्वकालमेव 'यथाकृतेषु' आत्मार्थमभिनिर्वर्तितेष्वाहारादिषु 'रीयन्ते' गच्छन्ति, वर्त्तन्ते इत्यर्थः, 'पुष्पेषु भ्रमरा यथा' इति, एतच्च पूर्वं भावितमेवेति सूत्रार्थः ॥४॥**

ટીકાર્થ : અમે એ રીતે વૃત્તિ = આજીવિકા = નિર્વાહને પામશું કે જે રીતે કોઈપણ જીવ ન હણાય.

પ્રશ્ન : એકબાજુ **प्राप्स्यामः** ભવિષ્યરૂપ છે, બીજી બાજુ **उपहन्यते** વર્તમાનરૂપ છે આવું કેમ ? કાં તો બંને બાજુ ભવિષ્યરૂપ લો, અથવા તો બંને બાજુ વર્તમાનરૂપ લો.

ઉત્તર : અહીં વર્તમાન અને ભવિષ્યકાલનો ઉપન્યાસ ત્રૈકાલિકન્યાયને દર્શાવવા માટે છે. અર્થાત્ સૂત્ર ત્રિકાલિક હોય છે. ભૂતકાળમાં પણ આ જ સૂત્ર છે, વર્તમાનમાં પણ આ સૂત્ર છે, ભવિષ્યમાં પણ આ જ સૂત્ર છે. (અર્થાત્ સૂત્રનાં પદાર્થ ત્રણે કાળમાં સ્પર્શનારા છે...) એ દર્શાવવા માટે આ બે કાળનો ઉપન્યાસ કરેલો છે.

(અથવા તો ત્રૈકાલિક ન્યાયનો અર્થ આ પ્રમાણે થાય કે સાધુઓ ભૂતકાળમાં, ભવિષ્યમાં કે વર્તમાનમાં તે રીતે જ વૃત્તિને પામે છે' કે જે રીતે કોઈ જીવ મર્યો નથી, મરશે નહિ કે મરતો નથી... આ અર્થ વધુ સંગત થાય છે. કેમકે આગળની પંક્તિનો અર્થ એ રીતે જ દર્શાવાય છે.)

આમ આ સાધુઓ સદા માટે ગૃહસ્થોએ સ્વનિમિત્તે બનાવેલા આહારાદિને વિશે જ વર્તે છે. જેમ ભમરાઓ પુષ્પમાં વર્તે છે. તેમ.

(અહીં **सर्वकालमेव** શબ્દ લખ્યો છે, એનાથી એવો ખ્યાલ આવે છે કે **त्रैफालिकन्याय** નો અર્થ આવો કરવો કે સાધુઓ ત્રણેયકાળમાં દાનભક્તૈષણામાં એ રીતે જ લીન છે, કે જેથી જીવ ન મરે...)

**पुष्पेषु...** નો અર્થ પૂર્વે દર્શાવી જ ગયા છીએ.

**यतश्चैवमतो –**

**महुगारसमा बुद्धा, जे भवंति अणिस्सिया । नाणापिंडरया दंता, तेण वुच्चंति साहुणो ॥५॥ त्तिबेमि । पढमं दुमपुप्फियज्झयणं समत्तं ॥१॥**

આ રીતે છે, માટે જ –

**દશવૈકાલિક-૫ ગાથાર્થ :** જેઓ અનિશ્રિત છે, જુદા જુદા પિંડમાં રત છે. દાન્ત છે, તેઓ મધુકર જેવા છે, બુદ્ધ છે. તેથી જ તેઓ સાધુ કહેવાય છે. એમ હું કહું છું.

**अस्य व्याख्या–'मधुकरसमा' भ्रमरतुल्याः बुध्यन्ते स्म बुद्धा-अधिगततत्त्वा इत्यर्थः, क एवंभूता इत्यत आह–ये भवन्ति भ्रमन्ति वा 'अनिश्रिताः' कुलादिष्वप्रतिबद्धा इत्यर्थः,**

**ટીકાર્થ : मधुकरसमा** એટલે ભ્રમરતુલ્ય. જેઓ બોધ પામી ચૂક્યા છે તે બુદ્ધ. એટલે કે તત્ત્વવેત્તાઓ.

**પ્રશ્ન :** કોણ આવાપ્રકારનાં હોય ?

**ઉત્તર :** જે સાધુઓ કુલાદિમાં અપ્રતિબદ્ધ હોય અથવા તો **भवंति** નો **भमंति** અર્થ કરીએ તો જે સાધુઓ કુલાદિમાં અપ્રતિબદ્ધ બનીને વિચરતા હોય તેઓ મધુકરસમ + બુદ્ધ હોય.

**अत्राह–**

**अस्संजएहिं भमरेहिं जइ समा संजया खलु भवंति । एवं(यं) उवमं किच्चा नूणं अस्संजया समणा ॥१२५॥**

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે –

**નિર્યુક્તિ-૧૨૫ ગાથાર્થ** જો સાધુઓ. અસંયમી એવા ભમરાઓની સાથે સમાન હોય, તો આ ઉપમા પ્રમાણે તો ખરેખર સાધુઓ અસંયમી થયા.

**व्याख्या–'असंयतैः' कुतश्चिदप्यनिवृत्तैः 'भ्रमरैः' षट्पदैः यदि 'समाः' तुल्याः 'संयताः' साधवः, खल्विति समा एव भवन्ति, ततश्चासंज्ञिनोऽपि ते, अत एवैनामित्थंप्रकारामुपमां कृत्वा इदमापद्यते-नूनमसंयताः श्रमणा इति गाथार्थः ॥१२५॥**

**ટીકાર્થ :** ભમરાઓ તો કોઈપણ પાપની નિવૃત્તિવાળા નથી. હવે જો સાધુઓ આવા ભમરાઓની સાથે સમાન જ હોય, તો તો સાધુઓ અસંજ્ઞી પણ સાબિત થાય. (કેમકે ભમરાઓ પણ અસંયમી છે.) એટલે જ આવાપ્રકારની આ ઉપમા જો તમે કરો તો એનાથી તો એવી આપત્તિ આવે કે નક્કી સાધુઓ પણ અસંયમી છે.

**एवमुक्ते सत्याहाचार्यः-एतच्चायुक्तं, सूत्रोक्तविशेषणतिरस्कृतत्वात्, तथा च बुद्धग्रहणादसंज्ञिनो व्यवच्छेदः, अनिश्रितग्रहणाच्चासंयतत्वस्येति । निर्युक्तिकारस्त्वाह –**

उवमा खलु एस कया पुव्वुत्ता देसलक्खणोवणया । अणिययवित्तिनिमित्तं अहिंसअणुपालणट्ठाए ॥१२६॥

---

આ પ્રમાણે કોઈકે કહ્યું એટલે આચાર્ય સ્વયંભવસૂરિજી કહે છે કે આ વાત ખોટી છે. કેમકે આ આપત્તિ સૂત્રમાં કહેલા સાધુનાં વિશેષણો દ્વારા તિરસ્કારાઈ જાય છે. તે આ પ્રમાણે-**બુદ્ધ** શબ્દ લખેલો છે, એનાથી અસંજ્ઞીનો વ્યવચ્છેદ થાય છે. અને અનિશ્રિતશબ્દનાં ગ્રહણથી અસંયતત્વનો વ્યવચ્છેદ થાય છે. (સાધુઓ બુદ્ધ છે, માટે અસંજ્ઞી ન જ હોય. સાધુઓ કુલાદિમાં અપ્રતિબદ્ધ છે, માટે અસંયત પણ ન જ હોય...) (પૂર્વપક્ષનો ઉત્તર મૂલસૂત્રકારનાં મતે અને નિર્યુક્તિકારનાં મતે જુદો જુદો છે..)

નિર્યુક્તિકાર તો આ પ્રમાણે કહે છે કે –

**નિર્યુક્તિ-૧૨૬ ગાથાર્થ :** આ ઉપમા પૂર્વોક્ત દેશલક્ષણ ઉપનયથી કરાયેલી છે. તે અનિયતવૃત્તિ માટે, અહિંસાનાં અનુપાલનને માટે કરાયેલી છે.

---

**व्याख्या–उपमा खलु 'एषा' मधुकरसमेत्यादिरूपा कृता 'पूर्वोक्तात्' पूर्वोक्तेन 'देशलक्षणोपनयाद्' देशलक्षणोपनयेन, यथा चन्द्रमुखी कन्येति, तृतीयार्था चेह पञ्चमी, इयं चानियतवृत्तिनिमित्तं कृता, अहिंसानुपालनार्थम्, इदं च भावय( यिष्य )त्येवेति गाथार्थः ॥१२६॥**

---

**ટીકાર્થ :** આ **मधुकरसमा** વગેરે જે ઉપમા કરેલી છે, તે તો પૂર્વે જણાવેલા દેશલક્ષણ ઉપનયથી કરાયેલી છે. જેમકે **चन्द्रमुखी कन्या** અહીં કન્યાનાં મુખમાં ચન્દ્રની ઉપમા સૌમ્યતારૂપી દેશ-અંશની જ અપેક્ષાએ છે. કલંકિતત્વ, અસ્થિરત્વાદિની અપેક્ષાએ નથી.

આ ઉપમા જે આપી છે, તે સાધુઓની અનિયતવૃત્તિને માટે આપી છે. એનાથી અહિંસાનું અનુપાલન થાય, એ માટે આપી છે.

(આ ઉપમા પ્રમાણે સાધુઓ એકજ સ્થાનેથી બધુ લેનારા ન બને અને જુદાજુદા સ્થાનેથી બધું લાવનારા બને... એનાથી અહિંસાનું અનુપાલન થાય... એ માટે આ ઉપમા કરી છે..)

આ વાત આગળ વિચારવાની જ છે.

जह दुमगणा उ तह नगरजणवया पयणपायणसहावा । जह भमरा तह मुणिमो नवरि अदत्तं न भुंजंति ॥१२७॥

---

નિર્યુક્તિ-૧૨૭ ગાથાર્થ : જે રીતે વૃક્ષગણો, તેમ નગરજનપદો પચન-પાચનનાં સ્વભાવવાળા છે. જે રીતે ભમરાઓ તે રીતે મુનિઓ છે. માત્ર એટલું કે અદત્તને ભોગવતા નથી.

---

**व्याख्या–यथा 'द्रुमगणाः' वृक्षसङ्घाताः स्वभावत एव पुष्पफलनस्वभावाः तथैव 'नगरजनपदा' नगरादिलोकाः स्वयमेव पचनपाचनस्वभावा वर्तन्ते, यथा भ्रमरा इति, भावार्थं वक्ष्यति, तथा मुनयो नवरम्-एतावान्विशेषः-अदत्तं स्वामिभिर्न भुञ्जन्त इति गाथार्थः ॥१२७॥**

---

ટીકાર્થ : જે રીતે વૃક્ષસમૂહો સ્વભાવથી જ પુષ્પ અને ફલને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળા છે. તે જ રીતે નગર વગેરેનાં લોકો જાતે જ રસોઈ પકાવવી, પકાવડાવવી... સ્વભાવવાળા છે. તથા જે રીતે ભમરાઓ છે. તે રીતે મુનિઓ છે, માત્ર આટલો ફરક છે કે માલિકે ન આપેલી વસ્તુને તેઓ ભોગવતા નથી. ભાવાર્થ તો આગળ કહેશે.

---

**अमुमेवार्थं स्पष्टयति –**

कुसुमे सहावफुल्ले आहारंति भमरा जह तहा उ । भत्तं सहावसिद्धं समणसुविहिया गवेसंति ॥१२८॥

---

આ જ અર્થને સ્પષ્ટ કરે છે.

નિર્યુક્તિ-૧૨૮ ગાથાર્થ : સ્વભાવથી વિકસિતપુષ્પને વિશે જેમ ભમરાઓ આહાર કરે છે, તેમ સુવિહિત શ્રમણો સ્વભાવસિદ્ધ ભોજનની ગવેષણા કરે છે.

---

**व्याख्या–'कुसुमे' पुष्पे 'स्वभावफुल्ले' प्रकृतिविकसिते 'आहारयन्ति' कुसुमरसं पिबन्ति 'भ्रमरा' मधुकरा 'यथा' येन प्रकारेण कुसुमपीडामनुत्पादयन्तः 'तथा' तेनैव प्रकारेण 'भक्तम्' ओदनादि 'स्वभावसिद्धम्' आत्मार्थं कृतम् उद्गमादिदोषरहितम् इत्यर्थः, श्रमणाश्च ते सुविहिताश्च श्रमणसुविहिताः–शोभनानुष्ठानवन्त इत्यर्थः 'गवेषयन्ति' अन्वेषयन्तीति गाथार्थः ॥१२८॥**

---

टीકાર્થ : જે પુષ્પ સ્વભાવથી વિકસિત છે. તેને વિશે ભમરાઓ પુષ્પને પીડા ન થાય એ રીતે પુષ્પરસ પીએ છે. તો સુંદર અનુષ્ઠાનવાળા સાધુઓ તે જ પ્રકારે = ગૃહસ્થોને પીડા ન થાય એ રીતે ગૃહસ્થોએ પોતાને માટે બનાવેલ એટલે કે ઉદ્ગમાદિ દોષરહિત એવા આહારની ગવેષણા કરે છે.

---

साम्प्रतं पूर्वोक्तो यो दोषः मधुकरसमा इत्यत्र तत्परिजिहीर्षयैव यावतोपसंहारः क्रियते तदुपदर्शयन्नाह –

उवसंहारो भमरा जह जह समणावि अवहजीवित्ति । दंतत्ति पुण पयंमी नायव्वं वक्कसेसमिणं ॥१२९॥

---

હવે પૂર્વે જે દોષ કહેલો કે "સાધુઓ જો મધુકરતુલ્ય હોય, તો મધુકરની જેમ અસંયમી માનવા પડશે.." એ દોષનો પરિહાર કરવાની ઈચ્છાથી ઉપનય જેટલા અંશે કરાય, તે અંશને દેખાડતા નિર્યુક્તિકાર કહે છે કે –

નિર્યુક્તિ-૧૨૯ ગાથાર્થ : ઉપસંહાર આ છે કે જે રીતે ભમરાઓ અવધજીવી છે, એ રીતે સાધુઓ પણ અવધજીવી છે. **दंत्त** શબ્દમાં આ વાક્યશેષ જાણવું.

---

व्याख्या–'<u>उपसंहार</u>' उपनयः, भ्रमरा यथा अवधजीविनः तथा '<u>श्रमणा अपि</u>' साधवोऽप्येतावतै-वांशेनेति गाथादलार्थः ॥ इतश्च भ्रमरसाधूनां नानात्वमवसेयं, यत आह सूत्रकारः–'<u>नानापिण्डरया दन्ता</u>'इति नाना–अनेकप्रकारोऽभिग्रह-विशेषात्प्रतिगृहमल्पाल्पग्रहणाच्च पिण्ड-आहारपिण्डः, नाना चासौ पिण्डश्च नानापिण्डः, अन्तप्रान्तादिर्वा, तस्मिन् रता-अनुद्वेगवन्तः, '<u>दान्ता</u>' इन्द्रियदमनेन, अनयोश्च स्वरूपमधस्तपसि प्रतिपादितमेव, अत्र चोपन्यस्तगाथाचरमदलस्यावसरः '<u>दान्ता</u>' इति पुनः पदे सौत्रे, किम् ?–ज्ञातव्यो वाक्यशेषोऽयमिति गाथार्थः ॥१२९॥

किंविशिष्टो वाक्यशेषः ?, दान्ता ईर्यादिसमिताश्च ।

---

ટીકાર્થ : ઉપનય આ પ્રમાણે છે કે જે રીતે ભમરાઓ કોઈને પણ માર્યા વિના જીવનારા છે એ જ રીતે સાધુઓ પણ કોઈને માર્યા વિના જ જીવનારા છે.

બસ, આટલા જ અંશથી ઉપનય કરવો. બીજા બધા અંશ ન લેવા.

બીજી બાજુ ભ્રમર અને સાધુ વચ્ચે જે ભેદ છે, તે જાણવો. કેમકે સૂત્રકારે કહ્યું છે કે **नानापिण्डरया दन्ता** એમાં **नाना** - અનેકપ્રકારનો જે આહારપિંડ તેમાં ઉદ્વેગરહિત

આ સાધુઓ છે.

**પ્રશ્ન :** સાધુઓનો પિંડ અનેકપ્રકારનો શા માટે હોય છે ?

**ઉત્તર :** સાધુઓ વિશેષપ્રકારનાં અભિગ્રહો લેતાં હોવાથી અભિગ્રહ પ્રમાણે તેમનો આહારપિંડ અનેક પ્રકારનો થાય. વળી સાધુઓ દરેકે દરેક ઘરે થોડું થોડું લેતાં હોવાથી ઘણાં ઘરો ફરવાને લીધે પણ અનેક પ્રકારનાં આહારપિંડવાળા બને.

**पिण्ड** એટલે આહારપિંડ

અથવા તો **नानापिण्ड** નો અર્થ અન્ત-પ્રાન્ત ભોજન કરો, સાધુઓ આવા પિંડમાં ઉદ્વેગરહિત છે. તથા ઈન્દ્રિયોનાં દમન દ્વારા સાધુઓ દાન્ત છે.

આ **नानापिंड** અને **दान्त** નું સ્વરૂપ નીચે (પૂર્વે) તપનાં વર્ણનમાં પ્રતિપાદિત કરેલું જ છે. (વૃત્તિસંક્ષેપનાં વર્ણનમાં નાનાપિંડનું વર્ણન આવી જાય. તેમાં અભિગ્રહવિશેષો દર્શાવેલા છે... એમ યથાયોગ સમજી લેવું.)

હવે અહીં ગાથામાં ઉપન્યાસ કરાયેલ ચરમદલનો = ઉત્તરાર્ધનો અવસર છે. એમાં જે **दान्ता** એ સૂત્રસંબંધી પદ છે. તેમાં આ વાક્યશેષ છે.

**પ્રશ્ન :** એ વાક્યશેષ કેવો છે ?

**ઉત્તર : दान्ता ईर्यादिसमिताश्च** એમ વાક્યશેષ લેવો.

---

**तथा चाह –**

जह इत्थ चेव इरियाइएसु सव्वंमि दिक्खियपयारे । तसथावरभूयहियं जयंति सब्भावियं साहू ॥१३०॥

---

એ જ કહે છે કે –

**નિર્યુક્તિ-૧૩૦ ગાથાર્થ** જે રીતે આમાં તેમ સાધુઓ ઈર્યા વગેરે તમામ દીક્ષાપ્રચારમાં ત્રણ સ્થાવરજીવોનું હિત થાય એ રીતે યત્ન કરે છે.

---

**व्याख्या–यथा '<u>अत्रैव</u>' अधिकृताध्ययने भ्रमरोपमयैषणासमितौ यतन्ते, तथा ईर्यादिष्वपि तथा सर्वस्मिन् '<u>दीक्षितप्रचारे</u>' साध्वाचरितव्य इत्यर्थः, किम् ?- त्रसस्थावरभूतहितं यतन्ते '<u>साद्भाविकं</u>' पारमार्थिकं साधव इति गाथार्थः ॥१३०॥**

---

**ટીકાર્થ :** જે રીતે સાધુઓ આ પ્રસ્તુતઅધ્યયનમાં દર્શાવ્યા પ્રમાણે ભમરાની ઉપમાથી એષણા સમિતિમાં યત્ન કરે છે, તેમ સાધુઓ ઈર્યાસમિતિ વગેરે તમામે તમામ

સાધ્વાચારોમાં યત્ન કરે છે. એ પણ જે રીતે ત્રસ, સ્થાવર જીવોનું પારમાર્થિક હિત થાય એ રીતે યત્ન કરે છે.

---

**अन्ये पुनरिदं गाथादलं निगमने व्याख्यानयन्ति, न च तदतिचारु, यत आह –**

उवसंहारविसुद्धी एस समत्ता उ निगमणं तेणं । वुच्चंति साहुणोत्ति (य) जेणं ते महुयरसमाणा ॥१३१॥

---

કેટલાંકો વળી આ **नानापिंड...** ગાથાદલને નિગમનમાં ગણીને એ રીતે વ્યાખ્યાન કરે છે. પરંતુ એ બહુ સારું નથી. કેમકે નિર્યુક્તિકાર કહે છે કે –

**નિર્યુક્તિ-૧૩૧ ગાથાર્થ :** આ ઉપસંહારશુદ્ધિ સમાપ્ત થઈ. નિગમન આ છે કે તે કારણથી તેઓ સાધુ કહેવાય છે, જે કારણથી તેઓ મધુકર સમાન છે.

---

**व्याख्या–उपसंहारविशुद्धिरेषा समाप्ता तु, अधुना निगमनावसरः, तच्च सौत्रमुपदर्शयति-'निगमनमिति' द्वारपरामर्शः, तेनोच्यन्ते साधव इति, येन प्रकारेण ते मधुकरसमाना-उक्तन्यायेन भ्रमरतुल्या इति गाथार्थः ॥१३१॥**

---

**ટીકાર્થ :** આ ઉપસંહારવિશુદ્ધિ પૂર્ણ થઈ. હવે નિગમનનો અવસર છે. (આમ નિર્યુક્તિકાર જ જ્યારે હજી ઉપસંહારવિશુદ્ધિની સમાપ્તિ જણાવે છે, ત્યારે ઉપર જે કેટલાંકોએ **नानापिंड-** ગાથાદલ નિગમનમાં કહ્યું છે, એ ન જ ઘટે એ સીધી વાત છે..)

હવે સૂત્રસંબંધી નિગમનને જ દેખાડે છે કે **निगमनम्...** આ શબ્દ નિગમનદ્વારને દેખાડનાર છે. એ નિગમન આ પ્રકારે છે કે જે કારણથી સાધુઓ ઉપર દર્શાવેલા ન્યાયથી ભ્રમરતુલ્ય છે, તે કારણથી તેઓ મધુકરસમાન છે.

---

**निगमनार्थमेव स्पष्टयति –**

तम्हा दयाइगुणसुट्ठिएहिं भमरोव्व अवहवित्तीहिं । साहूहिं साहिउ त्ति उक्किट्ठं मंगलं धम्मो ॥१३२॥

---

હવે આ નિગમનનાં અર્થને જ સ્પષ્ટ કરે છે.

**નિર્યુક્તિ-૧૩૨ ગાથાર્થ :** તે કારણસર દયાદિગુણોમાં સુસ્થિત, ભ્રમરની જેમ અવધવૃત્તિવાળા એવા સાધુઓએ પ્રધાનમંગલરૂપ ધર્મનું નિષ્પાદન કર્યું છે.

---

व्याख्या–तस्माद्दयादिगुणसुस्थितैः, आदिशब्दात् सत्यादिपरिग्रहः, भ्रमर इवावधवृत्तिभिः, कैः ?–साधुभिः 'साधितो' निष्पादितः, 'उत्कृष्टं मङ्गलम्' प्रधानं मङ्गलं 'धर्मः' प्राग्निरूपितशब्दार्थ इति गाथार्थः ॥१३२॥

ટીકાર્થ : (ગાથાર્થવત્ સ્પષ્ટ જ છે.) दयादि માંના आदि શબ્દથી સત્ય વગેરે લેવા. ધર્મનો અર્થ પહેલાં કહી ગયા છીએ.

इदानीं निगमनविशुद्धिमभिधातुकाम आह –

निगमणसुद्धी तित्थंतरावि धम्मत्थमुज्जया विहरे । भण्णइ कायाणं ते जयणं न मुणंति न करेंति ॥१३३॥

હવે નિગમનની વિશુદ્ધિને કહેવાની ઈચ્છાવાળા કહે છે કે –

નિર્યુક્તિ-૧૩૩ ગાથાર્થ નિગમનશુદ્ધિ આ છે કે "તીર્થાન્તરીયો પણ ધર્મને માટે ઉદ્યમવાળા બનેલા વિચરે છે." ઉત્તર કહેવાય છે કે તેઓ ષટ્કાયની યતનાને જાણતાં નથી અને કરતાં નથી.

व्याख्या–निगमनशुद्धिः प्रतिपाद्यते, अत्राह–'तीर्थान्तरीया अपि' चरकपरिव्राजकादयः, किम् ?–'धर्मार्थं' धर्माय 'उद्यता' उद्युक्ता विहरन्ति, अतस्तेऽपि साधवः एवेत्यभिप्रायः । भण्यतेऽत्र प्रतिवचनम्, 'कायानां' पृथिव्यादीनां 'ते' चरकादयः, किम् ?–यतनां-प्रयत्नकरणलक्षणां 'न मन्यन्ते( मुणन्ति )' न जानन्ति न मन्वते वा तथाविधागमाश्रवणात्, न कुर्वन्ति, परिज्ञानाभावात्, भावितमेवेदमधस्तादिति गाथार्थः ॥१३३॥

ટીકાર્થ : નિગમનશુદ્ધિ કહેવાય છે.

એમાં કોઈક કહે છે કે ચરક, પરિવ્રાજક વગેરે પણ ધર્મને માટે ઉદ્યમ કરતાં વિચરે છે. આથી તેઓ પણ સાધુ જ કહેવાય. આ અભિપ્રાય છે. (अतस्तेऽपि साधवः આ શબ્દો ગાથામાં નથી લખેલા. પણ પૂર્વપક્ષનો અભિપ્રાય આ પ્રમાણે કહેવાનો છે, એમ અત્રે વૃત્તિકારે જણાવ્યું.)

આમાં ઉત્તર આપે છે કે તે ચરક વગેરે પૃથ્વી વગેરે ષટ્કાયની યતનાને જાણતા નથી, કેમકે તેઓએ તેવાપ્રકારનાં આગમોનું = ષટ્કાયનિરૂપક આગમોનું શ્રવણ કરેલું નથી. એટલે જ તેઓ ષટ્કાયની યતનાને કરતા પણ નથી. કેમકે તેઓ પાસે તેનું જ્ઞાન

નથી. આ વાત નીચે = પૂર્વે વિચારેલી જ છે.

किंच–

न य उग्गमाइसुद्धं भुंजंती महुयरा वऽणुवरोही । नेव य तिगुत्तिगुत्ता जह साहू निच्चकालंपि ॥१३४॥

વળી –

નિર્યુક્તિ-૧૩૪ ગાથાર્થ : ભમરાઓની જેમ અનુપરોધી તેઓ ઉદ્ગમાદિશુદ્ધ વાપરતા નથી. તેઓ સાધુની જેમ નિત્યકાલ માટે ત્રિગુપ્તિથી ગુપ્ત પણ નથી.

**व्याख्या–न चोद्गमादिशुद्धं भुञ्जते, आदिशब्दादुत्पादनादिपरिग्रहः, 'मधुकरा इव' भ्रमरा इव सत्त्वानामनुपरोधिनः सन्तो, नैव च त्रिगुप्तिगुप्ताः, यथा साधवो नित्यकालमपि, एतदुक्तं भवति-यथा साधवो नित्यकालं त्रिगुप्तिगुप्ता एवं ते न कदाचिदपि, तत्परिज्ञानशून्यत्वात्, तस्मान्नैते साधव इति गाथार्थः ॥१३४॥ साधव एव तु साधवः,**

**ટીકાર્થ :** ભમરાઓ કોઈપણ જીવને પીડા કર્યા વિના પુષ્પરસને પીએ છે, એ રીતે આ ચરકાદિઓ અનુપરોધી = પીડા ન કરનારા નથી. તેઓ ઉદ્ગમ, ઉત્પાદનાદિ દોષોથી શુદ્ધ વસ્તુ વાપરતા નથી. પરંતુ ઉદ્ગમાદિદોષવાળી વસ્તુ વાપરે છે.

તથા જે રીતે સાધુઓ સદા માટે ત્રિગુપ્તિથી ગુપ્ત છે, તે રીતે તે ચરકાદિ તો ક્યારેય પણ ત્રિગુપ્તિગુપ્ત નથી. કેમકે તેઓ ત્રિગુપ્તિના પરિજ્ઞાનથી શૂન્ય છે. તેથી તેઓ સાધુ નથી.

સાધુઓ જ સાધુ છે.

**कथम् ?, यतः–**

कायं वायं च मणं च इंदियाइं च पंच दमयंति । धारेंति बंभचेरं संजमयंति कसाए य ॥१३५॥

પ્રશ્ન : કેમ ?

ઉત્તર : કેમકે

નિર્યુક્તિ-૧૩૫ ગાથાર્થ : સાધુઓ કાયા, વાચા, મન અને પાંચ ઈન્દ્રિયોનું દમન કરે

છે. બ્રહ્મચર્યને ધારણ કરે છે. કષાયોનું સંયમન કરે છે.

**व्याख्या**–कायं वाचं मनश्चेन्द्रियाणि च पञ्च दमयन्ति, तत्र कायेन सुसमाहितपाणिपादास्तिष्ठन्ति गच्छन्ति वा, वाचा निष्प्रयोजनं न ब्रुवते प्रयोजनेऽप्यालोच्य सत्त्वानुपरोधेन, मनसा अकुशलमनोनिरोधं कुशलमनउदीरणं च कुर्वन्ति, इन्द्रियाणि पञ्च दमयन्ति इष्टानिष्टविषयेषु रागद्वेषाकरणेन, पञ्चेति साङ्ख्यपरिकल्पितैकादशेन्द्रियव्यवच्छेदार्थम्, तथा च वाक्पाणिपादपायूपस्थमनांसीन्द्रियाणि तेषामिति, धारयन्ति ब्रह्मचर्यं, सकलगुप्तिपरिपालनात्, तथा संयमयन्ति कषायाँश्च, अनुदयेनोदयविफलीकरणेन चेति गाथार्थः ॥१३५॥

**ટીકાર્થ** : સાધુઓ કાયા, વાણી, મન અને પાંચ ઈન્દ્રિયોનું દમન કરે છે. તેમાં કાયદમન આ રીતે કે સાધુઓ હાથ-પગને સુસમાહિત રાખીને રહે છે કે ચાલે છે. વાચાદમન આ રીતે કે સાધુઓ પ્રયોજન વિના બોલતા નથી, પ્રયોજન આવી પડે તો પણ વિચારીને જીવોને પીડા ન થાય એ રીતનું વિચાર કરીને બોલે. મનોદમન આ રીતે કે અકુશલમનનો નિરોધ કરે અને કુશલમનની ઉદીરણા કરે. પાંચ ઈન્દ્રિયોનું દમન આ રીતે કરે કે ઈષ્ટવિષયોમાં રાગ કે અનિષ્ટવિષયોમાં દ્વેષ ન કરે.

ઈન્દ્રિયો પાંચ જ છે, એટલે પાંચ શબ્દ લખવાની જરૂર ન હોવાછતાં **पंच** શબ્દનું ગ્રહણ કરેલું છે તે સાંખ્યોએ કલ્પેલ અગ્યાર ઈન્દ્રિયોનું ખંડન કરવા માટે છે. તેઓ માને છે કે પાણી, હાથ, પગ, ગુદા, લિંગ, મન, ૫ ઈન્દ્રિયો એમ કુલ ૧૧ ઈન્દ્રિયો છે.

(પાંચ ઈન્દ્રિયો અને મન એ છ જ્ઞાનોપયોગી હોવાથી જ્ઞાનેન્દ્રિયો છે. બાકીની પાંચ ઈન્દ્રિયો કર્મમાં- કાર્યમાં ઉપયોગી હોવાથી એ કર્મેન્દ્રિયો છે. એવું તેમનું માનવું છે.)

આ સાધુઓ નવ વાડોનું પરિપાલન કરવા દ્વારા બ્રહ્મચર્યનું પાલન કરે છે.

આ સાધુઓ કષાયોનો ઉદય જ ન થવા દેવા દ્વારા અને ઉદયમાં આવી ચૂકેલા કષાયોને નિષ્ફળ કરવા દ્વારા કષાયોને સંયમિત કરે છે.

जं च तवे उज्जुत्ता तेणेसिं साहुलक्खणं पुण्णं । तो साहुणो त्ति भण्णति साहवो निगमणं चेयं ॥१३६॥

**નિર્યુક્તિ-૧૩૬ ગાથાર્થ** : વળી જે કારણથી તે સાધુઓ તપમાં ઉદ્યમી છે, તે કારણથી તેઓનું સાધુલક્ષણ પૂર્ણ છે. તેથી સાધુઓ જ સાધુ કહેવાય છે. આ નિગમન છે.

व्याख्या–यच्च 'तपसि' प्राग्वर्णितस्वरूपे, किम् ?–'उद्युक्ता' उद्यता: तेन कारणेनैषां साधुलक्षणं 'पूर्णम्' अविकलम्, कथम् ?-अनेन प्रकारेण साधयन्त्यपवर्गमिति साधवः, यतश्चैवं ततः साधव एव भण्यन्ते साधवो, न चरकादय इति, निगमनं चैतदिति गाथार्थः ॥१३६॥ इत्थमुक्तं दशावयवम्, प्रयोगं त्वेवं वृद्धा दर्शयन्ति-अहिंसादिलक्षणधर्मसाधकाः साधव एव, स्थावरजङ्गमभूतो-परोधपरिहारित्वात्, तदन्यैवंविधपुरुषवत्, विपक्षो दिगम्बरभिक्षुभौतादिवत्, इह ये स्थावरजङ्गमभूतोपरोधपरिहारिणस्ते उभयप्रसिद्धैवंविधपुरुषवदहिंसादि-लक्षणधर्मसाधका दृष्टाः, तथा च साधवः स्थावरजङ्गमभूतोपरोध-परिहारिण इत्युपनयः, तस्मात्स्थावरजङ्गमभूतोपरोधपरिहारित्वात्ते-ऽहिंसादिलक्षणधर्मसाधकाः साधव एवेति निगमनम्, पक्षादिशुद्धयस्तु निदर्शिता एवेति न प्रतन्यन्ते ॥१३६॥ एवमर्थाधिकारद्वयवशात् पञ्चावयवदशावयवाभ्यां वाक्याभ्यां व्याख्यातमध्ययनमिदम् ।

---

**ટીકાર્થ :** વળી પૂર્વે વર્ણવેલા સ્વરૂપવાળા તપમાં સાધુઓ ઉદ્યમી છે. તેથી તેઓનું સાધુલક્ષણ સંપૂર્ણ છે.

**પ્રશ્ન :** સાધુલક્ષણ પૂર્ણ કેવી રીતે ?

**ઉત્તર** આ પ્રકારે તેઓ અપવર્ગને-મોક્ષને સાધે છે, માટે તે સાધુઓ છે. અર્થાત્ તેમની પાસે સંપૂર્ણ સાધુલક્ષણ છે. (જો તેઓ પાસે સાધુલક્ષણ સંપૂર્ણ ન હોત તો તેઓ અપવર્ગને સાધી ન શકત. પણ સાધી શકે છે માટે તેઓમાં સંપૂર્ણ સાધુલક્ષણ મનાય.)

આવું છે માટે જ સાધુઓ જ સાધુ કહેવાય. ચરકાદિ નહિ.

આ નિગમન છે.

(૧૩૧મી ગાથામાં નિગમન બતાવી દીધું, ૧૩૩મી ગાથામાં નિગમનશુદ્ધિની શરુઆત કરી.

હવે આ ૧૩૬મી ગાથામાં કહે છે કે "આ નિગમન છે" પણ એનો અર્થ આ પ્રમાણે સમજવો કે આ નિગમનશુદ્ધિ છે.

અથવા તો "સાધુઓ જ સાધુ કહેવાય છે" એટલો અંશ તો નિગમન જ છે. એટલે એ અપેક્ષાએ નિગમન કહ્યું હોય એમ સંભવિત છે.)

આ પ્રમાણે દશ અવયવવાળું અનુમાન કહ્યું.

વૃદ્ધપુરુષો આ પ્રમાણે અનુમાનપ્રયોગ દેખાડે છે કે

**साधव एव** (પક્ષ) **अहिंसादिलक्षणधर्मसाधकाः** (સાધ્ય) **स्थावरजङ्गमभूतोपरोध-परिहारित्वात्** (હેતુ) **तदन्यैवंविधपुरुषवत्** (દષ્ટાન્ત)

(**तत्** = સાધુઓ, એનાથી અન્ય તરીકે તીર્થંકરાદિ લેવા **एवंविध** = સ્થાવરાદિજીવોનાં ઉપરોધનો પરિહાર કરનારા અને માટે જ અહિંસાદિનાં સાધક... એમ અર્થ લેવો. સાધુઓ પક્ષભૂત હોવાથી તેઓ તો પ્રાયઃ દષ્ટાન્ત તરીકે ન લેવાય. એટલે સાધુઓ સિવાયનાં જ એવા પુરુષને દષ્ટાન્ત તરીકે લેવા કે જેમાં આ હેતુ + સાધ્ય સિદ્ધ હોય..)

અહીં વિપક્ષ તરીકે દિગંબર સાધુ, બૌદ્ધભિક્ષુ વગેરે લેવા. એટલે કે અન્વયવ્યાપ્તિનાં દષ્ટાન્તમાં **तदन्यैवंविधपुरुषवत्** અને વ્યતિરેકવ્યાપ્તિનાં દષ્ટાન્તમાં **दिगम्बरभिक्षुभौतादिवत्** એમ કહેવું. (જેમાં સાધ્ય અને હેતુ બંને હોય તે અન્વયદષ્ટાન્ત. જેમાં બંનેનો અભાવ હોય, તે વિપક્ષવ્યતિરેકદષ્ટાન્ત સમજવા.)

અહીં જે સ્થાવર અને જંગમ જીવોની હિંસાનો પરિહાર કરનારા છે. તેઓ ઉભયને પ્રસિદ્ધ એવા તીર્થંકર, ગણધરાદિ પુરુષની જેમ અહિંસાદિ લક્ષણવાળા ધર્મને સાધનારા દેખાયા છે. (ઉભય એટલે વાદી અને પ્રતિવાદી...)

હવે "જૈન સાધુઓ પણ સ્થાવરજંગમ જીવોની હિંસાનો પરિહાર કરનારા `." આ ઉપનય થયો.

તેથી સ્થાવર-જંગમ (ત્રસ) જીવોની હિંસાનો પરિહાર કરનારા હોવાથી તેઓ અહિંસાદિ લક્ષણવાળા ધર્મને સાધનારા સાધુઓ જ છે. (પણ ધર્મને ન સાધનારા અસાધુ નથી..) આ નિગમન છે.

પક્ષ વગેરે પાંચેયની વિશુદ્ધિઓ તો દેખાડી જ દીધી છે એટલે એનો વિસ્તાર કરતાં નથી.

આમ બે અર્થાધિકારને અનુસારે પંચાવયવી અને દશાવયવી વાક્યો દ્વારા આખું અધ્યયન વ્યાખ્યાન કરાયું.

(**धर्मः उत्कृष्टं मङ्गलं देवादिपूजितत्वात्...** આ પ્રથમગાથાનાં પ્રથમ અર્થાધિકાર પ્રમાણે પંચાવયવી અનુમાન કર્યું.

**साधवः अहिंसादिधर्मसाधकाः...** આ બીજા અર્થાધિકાર પ્રમાણે દશાવયવી અનુમાન કર્યું.

આમાં **धर्मप्रशंसा** એ પ્રથમ અર્થાધિકાર છે. પ્રથમઅનુમાનમાં એજ અર્થાધિકાર છે. **सा इहैव जिनशासने** એ બીજો અર્થાધિકાર છે. બીજા અનુમાનમાં એ અનુસારે જ વર્ણન છે.)

(પહેલીગાથા પહેલાં અનુમાનમાં છે. બીજા અનુમાનમાં બાકીની ચાર ગાથાઓ છે.)

---

**इदानीं भूयोऽपि भङ्ग्यन्तरभाजा दशावयवेनैव वाक्येन सर्वमध्ययनं व्याचष्टे निर्युक्तिकार:–**

ते उ पइन्न विभत्ती हेउ विभत्ती विवक्खपडिसेहो । दिट्ठंतो आसंका तप्पडिसेहो निगमणं च ॥१३७॥

---

હવે બીજી પદ્ધતિવાળા દશાવયવી વાક્ય વડે જ ફરીથી નિર્યુક્તિકાર આ આખા અધ્યયનનું વ્યાખ્યાન કરે છે.

**નિર્યુક્તિ-૧૩૭ ગાથાર્થ :** પ્રતિજ્ઞા, વિભક્તિ, હેતુ, વિભક્તિ, વિપક્ષ, પ્રતિષેધ, દૃષ્ટાન્ત, આશંકા, તત્પ્રતિષેધ અને નિગમન એમ દસ અવયવો છે.

---

**व्याख्या–'ते' इति अवयवा:, तु: पुन:शब्दार्थ:, ते पुनरमी प्रतिज्ञादय:-तत्र प्रतिज्ञानं प्रतिज्ञा-वक्ष्यमाणस्वरूपेत्येकोऽवयव:, तथा विभजनं विभक्ति:-तस्या एव विषयविभागकथनमिति द्वितीय:, तथा हिनोति-गमयति जिज्ञासितधर्मविशिष्टानर्थानिति हेतुस्तृतीय:, तथा विभजनं विभक्तिरिति पूर्ववच्चतुर्थ:, तथा विसदृश: पक्षो विपक्ष: साध्यादिविपर्यय इति पञ्चम:, तथा प्रतिषेधनं प्रतिषेध: विपक्षस्येति गम्यते इत्ययं षष्ठ:, तथा दृष्टमर्थमन्तं नयतीति दृष्टान्त इति सप्तम:, तथा आशङ्कनमाशङ्का प्रक्रमाद् दृष्टान्तस्यैवेत्यष्टम:, तथा तत्प्रतिषेध: अधिकृताशङ्काप्रतिषेध इति नवम:, तथा निश्चितं गमनं निगमनं निश्चितोऽवसाय इति दशम:, चशब्द उक्तसमुच्चयार्थ इति गाथासमासार्थ: ॥१३७॥**

---

**ટીકાર્થ :** **तु** શબ્દ **पुन:** અર્થમાં છે. તે વળી અવયવો આ પ્રતિજ્ઞા વગેરે છે. (૧) તેમાં પ્રતિજ્ઞા વક્ષ્યમાણ સ્વરૂપવાળી છે એ એક અવયવ. (૨) તે પ્રતિજ્ઞાનાં જ વિષયોનાં વિભાગોનું કથન એ બીજો અવયવ છે. (૩) જે વસ્તુ જિજ્ઞાસિતધર્મથી વિશિષ્ટ અર્થને જણાવે તે હેતુ. એ ત્રીજો અવયવ છે. (પર્વતમાં વહ્નિ જિજ્ઞાસિત

છે, આ જિજ્ઞાસિતધર્મ = વહ્નિથી વિશિષ્ટ એવા પર્વતને જણાવવાનું કામ ધૂમ કરે છે એટલે ધૂમ એ હેતુ છે.) (૪) તે હેતુનાં જ વિષયોનાં વિભાગોનું કથન એ ચોથો અવયવ છે. (૫) વિસદૃશ પક્ષ એ વિપક્ષ કહેવાય. સાધ્યાદિનો વિપર્યય એ પાંચમો અવયવ છે. (૬) વિપક્ષનો પ્રતિષેધ એ છઠ્ઠો અવયવ છે. (**विपक्षस्य** શબ્દ બહારથી લાવવો.) (૭) દૃષ્ટ અર્થને = જોયેલા અર્થને અંતે લઈ જાય તે દૃષ્ટાન્ત છે. એ સાતમો અવયવ છે. (૮) દૃષ્ટાન્તની જ આશંકા એ આઠમો અવયવ છે. (**दृष्टान्तस्य** લખેલું નથી, પણ વાત એની જ ચાલે છે, એટલે એની જ આશંકા ગણી શકાય.) (૯) તત્પ્રતિષેધ એટલે અધિકૃત જે દૃષ્ટાન્તની આશંકા છે, તેનો પ્રતિષેધ એ નવમો અવયવ છે. (૧૦) નિશ્ચિત ગમન એટલે નિગમન. નિશ્ચિત બોધ એ દશમો અવયવ છે.

**च** શબ્દ આ કહેવાયેલા ૧૦ અવયવોનો સમુચ્ચય કરવા માટે છે.

આ ગાથાનો સંક્ષેપથી અર્થ કહ્યો.

---

**व्यासार्थं तु प्रत्यवयवं वक्ष्यति ग्रन्थकार एव, तथा चाह –**

धम्मो मंगलमुक्किट्ठंति पइन्ना अत्तवयणनिद्देसो । सो य इहेव जिणमए नन्नत्थ पइन्नपविभत्ती ॥१३८॥

---

વિસ્તૃતઅર્થ તો ગ્રન્થકાર પોતે જ દરેકે દરેક અવયવને આશ્રયીને કહેશે જ. તે જ કહે છે –

**નિર્યુક્તિ-૧૩૮ ગાથાર્થ : धर्मो मङ्गलमुत्कृष्टं** એ પ્રતિજ્ઞા છે. આપ્તવચનનો નિર્દેશ પ્રતિજ્ઞા કહેવાય. "તે અહીં જ જિનમતમાં છે. અન્યત્ર નથી." એ પ્રતિજ્ઞાવિભક્તિ છે.

---

**व्याख्या–'<u>धर्मो मङ्गलमुत्कृष्ट</u>' मिति पूर्ववत् इयं प्रतिज्ञा, आह-केयं प्रतिज्ञेति ?, उच्यते, '<u>आप्तवचननिर्देश</u>' इति तत्राप्तः-अप्रतारकः, अप्रतारकश्चाशेषरागादिक्षयाद्भवति, उक्तं च–"आगमो ह्याप्तवचनमाप्तं दोषक्षयाद्विदुः । वीतरागोऽनृतं वाक्यं, न ब्रूयाद्धेत्वसंभवात् ॥१॥" तस्य वचनम् आप्तवचनं तस्य निर्देश आप्तवचननिर्देशः, आह–अयमागम इति, उच्यते, विप्रतिपन्नसंप्रतिपत्ति-निबन्धनत्वेनैष एव प्रतिज्ञेति न दोषः, पाठान्तरं वा साध्यवचननिर्देश इति, साध्यत इति साध्यम् उच्यत इति वचनम् – अर्थः यस्मात्स एवोच्यते, साध्यं च तद्वचनं च साध्यवचनं साध्यार्थ इत्यर्थः, तस्य**

निर्देशः प्रतिज्ञेति, उक्तः प्रथमोऽवयवः,

ટીકાર્થ : (૧) પ્રતિજ્ઞા : **धर्मः मङ्गलमुत्कृष्टं** આ પૂર્વની જેમ સમજવું. આ પ્રતિજ્ઞા છે.

**પ્રશ્ન :** આ પ્રતિજ્ઞા શું છે ?

**ઉત્તર :** આપ્તવચનનો નિર્દેશ એ પ્રતિજ્ઞા ! તેમાં આપ્ત એટલે જે ઠગનાર ન હોય તે. અપ્રતારક તમામ રાગાદિનાં ક્ષયથી બને. કહ્યું છે કે આગમ એટલે આપ્તવચન. વિદ્વાનો દોષનાં ક્ષય દ્વારા આપ્તને માને છે. (અર્થાત્ જેના દોષો ક્ષય પામ્યા હોય તેને આપ્ત માને છે.) વીતરાગ ખોટું વાક્ય ન બોલે. કેમકે ખોટા વાક્યના હેતુઓનો = રાગ, દ્વેષ, અજ્ઞાનનો તેઓમાં અસંભવ છે.

આ આપ્તનું જે વચન, તેનો નિર્દેશ એ પ્રતિજ્ઞા કહેવાય.

**પ્રશ્ન :** તમે હમણાં તો કહ્યું કે આપ્તનું વચન આગમ કહેવાય. તો પછી આ આપ્તવચનનિર્દેશ આગમ જ કહેવાય. એ પ્રતિજ્ઞા શી રીતે કહેવાય ?

**ઉત્તર :** ખોટી સમજણવાળાને સાચું જ્ઞાન કરાવવામાં આ આગમ કારણભૂત બનતું હોવાથી આ આગમ જ પ્રતિજ્ઞા બની જાય છે. એટલે કોઈ દોષ નથી. (જેઓ ધર્મને ઉત્કૃષ્ટ મંગલ માનવાને બદલે દ્રવ્યાદિને ઉત્કૃષ્ટ મંગલ માને છે, તેઓને સાચો બોધ કરાવવા માટે જ્યારે આ વાક્ય બોલવામાં આવે ત્યારે એ પ્રતિજ્ઞા બની જાય છે. બાકી એ સિવાય સામાન્યથી એ વચન આગમ તરીકે ઓળખાય છે.)

અથવા તો અહીં પાઠાન્તર પણ છે કે **साध्यवचननिर्देशः** એમાં જેની સિદ્ધિ કરાતી હોય તે સાધ્ય. જે બોલાતું હોય, ઉચ્ચારાતું હોય તે વચન. આ અનુસારે વચન એટલે અર્થ = પદાર્થ લેવાશે. કેમકે એ પદાર્થ જ ઉચ્ચારાય છે. એનો સમાસ આ પ્રમાણે કે સાધ્ય એવું વચન = અર્થ એ સાધ્યવચન. અર્થાત્ સાધ્યાર્થ. તેનો નિર્દેશ એ પ્રતિજ્ઞા. (પ્રસ્તુતમાં **उत्कृष्टं मङ्गलं** એ સાધ્યાર્થ છે, એ ધર્મમાં સિદ્ધ કરવાનું છે, એટલે આ સાધ્યાર્થનિર્દેશ પ્રતિજ્ઞા કહેવાશે.)

પહેલો અવયવ કહેવાઈ ગયો.

---

**अधुना द्वितीय उच्यते-स च-अधिकृतो धर्मः किम् ?–'इहैव जिनमते' अस्मिन्नैव मौनीन्द्रे प्रवचने 'नान्यत्र' कपिलादिमतेषु, तथाहि-प्रत्यक्षत एवोपलभ्यन्ते वस्त्राद्यपूतप्रभूतोदकाद्युपभोगेषु परिव्राट्प्रभृतयः प्राण्युपमर्दं कुर्वाणाः, ततश्च कुतस्तेषु**

धर्मः ?, इत्याद्यत्र बहु वक्तव्यं तत्तु नोच्यते, ग्रन्थविस्तरभयाद् भावितत्वाच्चेति । प्रतिज्ञाप्रविभक्तिरियं–प्रतिज्ञाविषयविभागकथनमिति गाथार्थः ॥१३८॥

उक्तो द्वितीयोऽवयवः,

---

(૨) પ્રતિજ્ઞા વિભક્તિ : હવે બીજો અવયવ કહેવાય છે. તે પ્રસ્તુતધર્મ આ જ જિનશાસનમાં છે. કપિલાદિનાં મતોમાં નથી. (મુનીન્દ્ર એટલે તીર્થંકર, તેમનું પ્રવચન તે મૌનીન્દ્ર કહેવાય.) તે આ પ્રમાણે-પરિવ્રાજક વગેરે જીવો વસ્ત્રાદિથી નહિ ગાળેલા, પુષ્કળ પાણી વગેરેનાં ઉપભોગોમાં જીવની હિંસાને કરતાં પ્રત્યક્ષથી જ દેખાય છે. તેથી તેઓમાં ધર્મ શી રીતે હોય? આ વગેરે ઘણી વાતો કહેવાની છે. પરંતુ ગ્રન્થનો વિસ્તાર થવાના ભયથી અને આ પદાર્થ વિચારાઈ ગયેલો હોવાથી અત્રે કહેતાં નથી.

આ પ્રતિજ્ઞાનાં વિષયવિભાગનાં કથનરૂપ પ્રતિજ્ઞાવિભક્તિ નામનો બીજો અવયવ પૂર્ણ થયો. (પ્રતિજ્ઞાનો વિષય ધર્મ છે, તે ઈતરોમાં નથી, આપણામાં ` આ બધું એ વિષયભૂત ધર્મનું વિભાગીકરણ છે...)

બીજો અવયવ કહેવાઈ ગયો.

---

अधुना तृतीय उच्यते –

तत्र

सुरपूइओत्ति हेऊ धम्मट्ठाणे ठिया उ जं परमे । हेउविभत्ति निरुवहि जियाण अवहेण य जियंति ॥१३९॥

---

(૩) હેતુ : હવે ત્રીજો અવયવ કહેવાય છે.

તેમાં

નિર્યુક્તિ-૧૩૯ ગાથાર્થ : "સુરપૂજિત" એ હેતુ છે. જે કારણથી પરમધર્મસ્થાનમાં રહેલાઓ (પૂજાય છે) હેતુવિભક્તિ આ છે કે નિષ્કષાયી અને જીવોનાં વધરહિત તેઓ જીવે છે.

---

व्याख्या–सुरा-देवास्तैः पूजितः सुरपूजितः सुरग्रहणमिन्द्राद्युपलक्षणम्, इतिशब्द उपप्रदर्शने, कोऽयम् ?–'हेतुः' पूर्ववत्, हेत्वर्थसूचकं चेदं वाक्यम्, हेतुस्तु सुरेन्द्रादिपूजितत्वादिति द्रष्टव्यः, अस्यैव सिद्धतां दर्शयति–'धर्मः' पूर्ववत्

तिष्ठत्यस्मिन्निति स्थानम्, धर्मश्चासौ स्थानं च धर्मस्थानम्, स्थानम्-आलयः, तस्मिन् स्थिताः, तुरयमेवकारार्थः, स चावधारणे, अयं चोपरिष्टात् क्रियया सह योक्ष्यते, 'यद्' यस्मात्, किंभूते धर्मस्थाने ?–'परमे' प्रधाने, किम् ?–सुरेन्द्रादिभिः पूज्यन्त एवेति वाक्यशेषः, इति तृतीयोऽवयवः,

---

**ટીકાર્થ :** દેવોવડે આ ધર્મ પૂજિત છે... આ હેતુ છે. અહીં દેવનું ગ્રહણ ઈન્દ્ર વગેરેનું ઉપલક્ષણ છે. અર્થાત્ **सुर** શબ્દથી દેવની જેમ ઈન્દ્ર વગેરે પણ ગણી લેવા.

**इति** શબ્દ ઉપપ્રદર્શનમાં છે. (એટલે કે **सूरपूजितः** એ પ્રમાણેનો આકાર દેખાડનાર આ **इति** શબ્દ છે...)

**પ્રશ્ન :** હેતુ તો પ્રથમા વિભક્તિમાં ન હોય, આ તો પ્રથમા વિભક્તિમાં શબ્દ છે. એને હેતુ કેમ કહેવાય ?

**ઉત્તર :** આ વાક્ય હેતુ નથી. પણ હેતુ અર્થને સુચવનાર આ વાક્ય છે. હેતુ તો **सुरेन्द्रादिपूजितत्वात्** એ પ્રમાણે જાણવો.

આ હેતુ પક્ષમાં સિદ્ધ છે એટલે કે 'ધર્મ ખરેખર દેવાદિપૂજિત છે' એ વાતને દેખાડતાં કહે છે કે ઉત્કૃષ્ટ ધર્મસ્થાનમાં રહેલાઓ દેવેન્દ્રાદિથી પૂજાય છે. એટલે ધર્મ દેવાદિપૂજિત હોવાની વાત તો સિદ્ધ જ છે.

હવે ગાથાનાં શબ્દોનો અર્થ જોઈએ.

**धम्मट्ठाणे ठिया उ जं परमे** આટલા શબ્દો છે.

એમાં ધર્મશબ્દ પૂર્વવત્ સમજવો. જેમાં જીવાદિ રહે તે સ્થાન. ધર્મરૂપ સ્થાન તે ધર્મસ્થાન. સ્થાન એટલે આલય = આધાર. **तु** શબ્દ **एव**કારાર્થવાળો છે, અને **एव**કાર અવધારણમાં છે. એ ઉપર ક્રિયાપદની સાથે જોડશે. **यद्** - યસ્માત્ અર્થ લેવો.

**परमे** શબ્દ ધર્મસ્થાનનું વિશેષણ

**सुरेन्द्रादिभिः पूज्यन्ते एव** આવું ગા ામાં લખેલું નથી, પણ વાક્યનાં શેષ રૂપ સમજવું. એટલે કે એ બહારથી લઈ લેવું.

આ ત્રીજો અવયવ પૂર્ણ થયો.

(ભાવાર્થ એ છે કે ચારિત્રરૂપ ઉત્કૃષ્ટધર્મસ્થાનમાં રહેલાઓ દેવેન્દ્રોને પણ પૂજનીય બન્યા છે. બને છે માટે માનવું જોઈએ કે ધર્મ એ દેવેન્દ્રાદિપૂજિત છે.)

अधुना चतुर्थ उच्यते–हेतुविभक्तिरियम्–हेतुविषयविभागकथनम्, अथ क एते धर्मस्थाने स्थिता इत्यत्राह – 'निरुपधयः' उपधिः छद्म मायेत्यनर्थान्तरम्, अयं च क्रोधाद्युपलक्षणम्, ततश्च निर्गता उपध्यादयः सर्व एव कषाया येभ्यस्ते निरुपधयो-निष्कषायाः, 'जीवानां' पृथ्वीकायादीनाम् 'अवधेन' अपीडया, चशब्दात्तपश्चरणादिना च हेतुभूतेन 'जीवन्ति' प्राणान् धारयन्ति ये त एव धर्मस्थाने स्थिताः, नान्य इति गाथार्थः ॥१३९॥

उक्तश्चतुर्थोऽवयवः,

---

હવે ચોથો અવયવ હેતુવિભક્તિ કહેવાય છે.

(૪) હેતુવિભક્તિ હેતુવિભક્તિ એટલે હેતુનાં વિષયોનાં વિભાગનું કથન.

પ્રશ્ન : આ કોણ છે ? કે જેઓ ધર્મસ્થાનમાં રહેલા છે ?

ઉત્તર : ઉપધિ, છદ્મ, માયા આ બધા સમાનાર્થી શબ્દો છે. અહીં જોકે માયા દર્શાવી છે, પણ એ ક્રોધાદિનું ઉપલક્ષણ છે. એટલે કે ઉપધિશબ્દથી ક્રોધાદિ પણ લઈ લેવા. આશય એ કે ઉપધિ વગેરે તમામે તમામ કષાયો જેઓમાંથી નીકળી ગયા છે તે નિરુપધિ = નિષ્કષાય કહેવાય.

આવા નિષ્કષાયી તથા પૃથ્વીકાયાદિને પીડા ન થાય એ રીતે જીવનારા તથા च શબ્દથી એ પણ લેવું કે તપ, ચારિત્રાદિરૂપ કારણો દ્વારા પ્રાણોને ધારણ કરનારા જે છે, તેઓ જ ધર્મસ્થાનમાં સ્થિત-સ્થિર ગણાય. બીજા નહિ.

(ટુંકમાં આવા સુસાધુઓ ધર્મસ્થિત છે, અને તેઓમાં દેવેન્દ્રાદિપૂજિતત્વ હેતુ છે. બીજામાં નહિ. આ બધું હેતુનાં વિષય વિભાગનું કથન કહેવાય. હેતુ ક્યાં રહે છે, ક્યાં નથી રહેતો... વગેરે વિભાગીકરણ જ આમાં દર્શાવાયું છે.)

ચોથો અવયવ કહેવાઈ ગયો.

---

अधुना पञ्चममभिधित्सुराह –

जिणवयणपदुट्ठेवि हु ससुराईए अधम्मरुइणोऽवि । मंगलबुद्धीइ जणो पणमइ आईदुयविवक्खो ॥१४०॥

---

(૫) વિપક્ષ : હવે પાંચમો विपक्ष અવયવ કહેવાની ઈચ્છાવાળા કહે છે કે

નિર્યુક્તિ-૧૪૦ ગાથા : "જિનપ્રવચનદ્વેષી, અધર્મરુચિવાળા એવા સસરા વગેરેને

પણ લોક મંગલની બુદ્ધિથી નમે છે." આ પ્રથમ બે અવયવનો વિપક્ષ છે.

---

व्याख्या–इह विपक्षः पञ्चम इत्युक्तम्, स चायम्-प्रतिज्ञाविभक्त्योरिति, जिनाः– तीर्थकराः तेषां वचनम्-आगमलक्षणं तस्मिन् प्रद्विष्टा–अप्रीता इति समासस्तान्, अपिशब्दादप्रद्विष्टानपि, हु इत्ययं निपातोऽवधारणार्थः अस्थानप्रयुक्तश्च, स्थानं तु दर्शयिष्यामः, 'श्वशुरादीन्' श्वशुरो-लोकप्रसिद्धः, आदिशब्दात्पित्रादिपरिग्रहः, न विद्यते धर्मे रुचिर्येषां तेऽधर्मरुचयस्तान्, अपिशब्दाद्धर्मरुचीनपि, किम् ?–'मङ्गलबुद्ध्या' मङ्गलप्रधानया धिया, मङ्गलबुद्ध्यैव नामङ्गलबुद्ध्येत्येवमवधारणस्थानम्, किम् ?– 'जनो' लोकः, प्रकर्षेण नमति प्रणमति, 'आद्यद्वयविपक्ष' इति अत्राद्यद्वयं प्रतिज्ञा तच्छुद्धिश्च तस्य विपक्षः साध्यादिविपर्यय इति आद्यद्वयविपक्षः, तत्राधर्मरुचीनपि मङ्गलबुद्ध्या जनः प्रणमतीत्यनेन प्रतिज्ञाविपक्षमाह, तेषामधर्माव्यतिरेकात्, जिनवचनप्रद्विष्टानपीत्यनेन तु तच्छुद्धेः, तत्रापि हेतुप्रयोगप्रवृत्त्या धर्मसिद्धेरिति गाथार्थः ॥१४०॥

---

**ટીકાર્થ** : અહીં "વિપક્ષ પાંચમો અવયવ છે" એમ કહેલું. પણ તે કોનો વિપક્ષ ? એનું સ્પષ્ટીકરણ આ છે કે આ વિપક્ષ પ્રતિજ્ઞાનો અને પ્રતિજ્ઞાવિભક્તિનો છે. એટલે કે પ્રથમ બે અવયવનો આ વિપક્ષ છે.

જેઓ તીર્થંકરનાં આગમરૂપ વચન ઉપર પ્રીતિરહિત છે, દ્વેષવાળા છે, ધર્મમાં રુચિ જેમને નથી તેવા જેઓ છે, લોકો એમને મંગલબુદ્ધિથી નમે છે. આ પહેલા બે અવયવનો વિપક્ષ છે. વિપક્ષ એટલે સાધ્યાદિવિપર્યય (સાધ્યાદિ-અભાવ) (સસરા વગેરેમાં લોકપૂજિતત્વ હેતુ છે. પણ ઉત્કૃષ્ટ મંગલત્વ સાધ્ય નથી. અર્થાત્ સાધ્યાભાવ છે. આનું નામ જ વિપક્ષ છે.)

આમાં **जिणवयणपदुट्ठे वि** માં જે **अपि** શબ્દ છે, તેનાથી જિનવચન-અદ્વેષીઓ પણ લઈ લેવા. **अधम्मदुइणो वि** માં જે **अपि** શબ્દ છે, તેનાથી ધર્મરુચિવાળાઓ પણ લઈ લેવા. **हु** શબ્દ નિપાત છે. તે અવધારણમાં છે. તે અસ્થાને પ્રયોગ કરાયેલો છે. એનું સ્થાન અમે દેખાડીશું. **ससुराईए** માં **श्वशुर** તો લોકમાં પ્રસિદ્ધ જ છે. **आदि** શબ્દથી પિતા વગેરેનું ગ્રહણ કરવું.

"આ સસરા વગેરે મંગલ છે" એ પ્રમાણે મંગલની પ્રધાનતાવાળી બુદ્ધિથી લોકો એમને વંદન કરે છે. **हु** નો અન્વય અહીં કરવાનો છે. એટલે અર્થ આમ થશે કે

મંગલબુદ્ધિથી જ વંદે છે, અમંગલબુદ્ધિથી નહિ.

પ્રશ્ન : આમાં આદ્યઅવયવદ્વિકનો વિપક્ષ શી રીતે ?

ઉત્તર "અધર્મરુચિવાળાઓને પણ લોકો મંગલબુદ્ધિથી નમે છે" આનો અર્થ એ કે અધર્મ પણ ઉત્કૃષ્ટ મંગલ છે. કેમકે લોકો એનેય મંગલ માને છે. એટલે **धर्मः उत्कृष्टमंगलं** - પ્રતિજ્ઞાનો વિપક્ષ આ થયો કે **अधर्मः उत्कृष्टमङ्गलं...**

પ્રશ્ન લોકો અધર્મવાળાઓને મંગલ માનીને નમે છે, તો અધર્મવાળા જીવો જ ઉત્કૃષ્ટમંગલ સાબિત થાય ને ? અધર્મ શી રીતે ઉત્કૃષ્ટમંગલ સાબિત થાય ?

ઉત્તર : અધર્મવાળાઓનો અધર્મની સાથે અભેદ છે. એટલે અધર્મવાળાઓ જો મંગલ સાબિત થાય, તો એનો મતલબ એ કે અધર્મ ઉત્કૃષ્ટમંગલ સાબિત થાય. (જેમ આગળ ધર્મસ્થિત જીવો મંગલબુદ્ધિથી દેવાદિપૂજિત બનતાં હતાં, છતાં ધર્મ મંગલ તરીકે કહ્યો, એમ અહીં પણ સમજવું.)

**जिनवचनप्रद्विष्टानपि** આ શબ્દ દ્વારા પ્રતિજ્ઞાવિશુદ્ધિનો વિપક્ષ કહ્યો.

પ્રશ્ન : આના દ્વારા પ્રતિજ્ઞાવિભક્તિનો વિપક્ષ શી રીતે સિદ્ધ થયો ?

ઉત્તર પ્રતિજ્ઞાવિભક્તિ આ હતી કે "ધર્મ જિનશાસનમાં જ છે" હવે જિનવચનદ્વેષીઓને પણ લોકો મંગલ માની નમન કરે છે. ગ્રન્થકારશ્રી ધર્મને દેવાદિપૂજિત માને છે. હવે આ જિનવચનદ્વેષીઓ પણ લોકપૂજિત તો છેજ. તો હવે તેઓમાં પણ હેતુપ્રયોગની પ્રવૃત્તિ દ્વારા ધર્મની સિદ્ધિ થઈ શકે. તે આ પ્રમાણે **जिनमतद्वेषिणः धर्मवन्तः लोकपूजितत्वात् जिनसाधुवत्** આમ, જૈનેતરમાં પણ ધર્મની સિદ્ધિ થઈ.

એટલે "જૈનશાસનમાં જ ધર્મ છે." એ પ્રતિજ્ઞાવિશુદ્ધિનો વિપર્યય સિદ્ધ થયો કે "જૈનેતરમાં પણ ધર્મ છે" આમ પ્રતિજ્ઞાવિશુદ્ધિનો વિપક્ષ સિદ્ધ થયો.

---

बिइयदुयस्स विवक्खो सुरेहिं पूज्जंति जण्णजाइवि । बुद्धाईवि सुरणया वुच्चन्ते णायपडिवक्खो ॥१४१॥

---

**નિર્યુક્તિ-૧૪૧ ગાથાર્થ :** બીજા દ્વિકનો વિપક્ષ આ છે કે યજ્ઞયાગી પણ દેવોથી પૂજાય છે. દૃષ્ટાન્તનો વિપક્ષ આ છે કે બુદ્ધાદિ પણ દેવનત-દેવવંદિત કહેવાય છે.

---

**व्याख्या—द्वयोः पूरणं द्वितीयं द्वितीयं च तद्द्वयं च द्वितीयद्वयं—हेतुस्तच्छुद्धिश्च, इदं च प्रागुक्तद्वयापेक्षया द्वितीयमुच्यते, तस्यायं विपक्षः-इह सुरैः पूज्यन्ते यज्ञयाजिनोऽपीति,**

इयमत्र भावना-यज्ञयाजिनो हि मङ्गलरूपा न भवन्त्यथ च सुरैः पूज्यन्ते ततश्च सुरपूजितत्वमकारणमिति, एष हेतुविपक्षः, तथा अजितेन्द्रियाः सोपधयश्च यतस्ते वर्तन्ते अतोऽनेनैव ग्रन्थेन 'धर्मस्थाने स्थिताः परम' इत्यादिकाया हेतुविभक्तेरपि विपक्ष उक्तो वेदितव्य इति । उदाहरणविपक्षमधिकृत्याह–बुद्धादयोऽप्यादिशब्दात्कपिलादिपरिग्रहः, ते किम् ?-'सुरनता' देवपूजिता 'उच्यन्ते' भण्यन्ते तच्छासनप्रतिपन्नैरिति ज्ञातप्रतिपक्ष इति गाथार्थः ॥१४१॥

---

ટીકાર્થ : બે સંખ્યાનાં પૂરણરૂપે इय પ્રત્યય લાગે, એટલે द्वितीय શબ્દ બને. બીજી દ્વિક એટલે હેતુ અને હેતુની વિભક્તિ (હેતુની શુદ્ધિ).

આ દ્વિકને બીજી દ્વિક કેમ કહી ? એનો ઉત્તર એ કે પ્રતિજ્ઞા અને પ્રતિજ્ઞાશુદ્ધિ એ રૂપ જે પ્રથમ દ્વિક છે, તેની અપેક્ષાએ આ દ્વિતીય દ્વિક કહેવાય છે.

તેનો આ વિપક્ષ છે કે "અહીં યજ્ઞયાગ કરનારાઓ પણ દેવોથી પૂજાય છે."

અહીં આ ભાવના છે - યજ્ઞયાગ કરનારાઓ મંગલરૂપ નથી, છતાં તેઓ દેવોથી પૂજાય છે. એટલે દેવપૂજિતત્વ એ મંગલત્વસાધ્યનું કારણ નથી. અર્થાત્ આ હેતુ મંગલત્વને સાધી શકનાર નથી. આ હેતુવિપક્ષ છે.

(**धर्मो मङ्गलं देवपूजित्वात्** અનુમાનની વ્યાપ્તિ એવી બને કે **यत्र देवपूजितत्वं तत्र मङ्गलत्वं** હવે યજ્ઞયાગીઓમાં દેવપૂજિતત્વ છે, પરંતુ મંગલત્વ નથી. એટલે આ હેતુ વ્યભિચારી છે. માટે એ સાધ્યસાધક ન બને.) તથા તે યજ્ઞયાગીઓ જિતેન્દ્રિય નથી, કષાયી છે. એટલે આ **सुरेहिं पूज्जंति जण्णजाई वि** આ જ ગ્રન્થથી **धर्मस्थाने स्थिताः परमे...** વગેરે હેતુવિભક્તિનો પણ વિપક્ષ કહેવાયેલો જાણવો. (જેઓ જિતેન્દ્રિય છે, નિષ્કષાયી છે, તેઓ પરમધર્મમાં સ્થિત છે. તેઓ દેવાદિપૂજિત છે... એમ હેતુવિભક્તિ કહેલી. પણ અહીં તો એ સાબિત કરી દેવાયું કે અજિતેન્દ્રિયો, કષાયીઓ પણ દેવાદિપૂજિત છે. એટલે એ હેતુવિભક્તિનો પ્રતિપક્ષ થઈ ગયો.)

હવે ઉદાહરણનાં વિપક્ષને આશ્રયીને કહે છે કે "બુદ્ધ વગેરે પણ દેવાદિપૂજિત છે" એમ બુદ્ધાદિ-શાસનને સ્વીકારનારાઓ માને છે. એટલે "તીર્થંકરાદિ જ દેવાદિપૂજિત નથી.." આમ દૃષ્ટાન્તનો પ્રતિપક્ષ થયો.

---

आह–ननु दृष्टान्तमुपरिष्टाद्वक्ष्यति, एवं ततश्च तत्स्वरूप उक्ते तत्रैव विपक्षस्तत्प्रतिषेधश्च वक्तुं युक्तः तत्किमर्थमिह विपक्षः तत्प्रतिषेधश्चाभिधीयते ?, उच्यते,

विपक्षसाम्यादधिकृत एव विपक्षद्वारे लाघवार्थमभिधीयते, अन्यथेदमपि पृथग्द्वारं स्यात्, तथैव तत्प्रतिषेधोऽपि द्वारान्तरं प्राप्नोति, तथा च सति ग्रन्थगौरवं जायते, तस्माल्लाघवार्थमत्रैवोच्यत इत्यदोषः । आह–''दिट्ठंतो आसंका तप्पडिसेहो''त्ति वचनात् उत्तरत्र दृष्टान्तमभिधाय पुनराशङ्कां तत्प्रतिषेधं च वक्ष्यत्येव, तदाशङ्का च तद्विपक्ष एव, तत् किमर्थमिह पुनर्विपक्षप्रतिषेधावभिधीयेते ?, उच्यते, अनन्तरपरम्पराभेदेन दृष्टान्तद्वैविध्यख्यापनार्थम्, यः खल्वनन्तरमुक्तोऽपि परोक्षत्वादागमगम्यत्वाद्दार्ष्टान्तिकार्थसाधनायालं न भवति तत्प्रसिद्धये चाध्यक्षसिद्धो योऽन्य उच्यते स परम्परादृष्टान्तः, तथा च तीर्थकरांस्तथा साधूँश्च द्वावपि भिन्नावेवोत्तरत्र दृष्टान्तावभिधास्येते, तत्र तीर्थकृल्लक्षणं दृष्टान्तमङ्गीकृत्येह विपक्षप्रतिषेधावुक्तौ, साधूँस्त्वधिकृत्य तत्रैवाशङ्कातत्प्रतिषेधौ दर्शयिष्येते इत्यदोषः ।

---

**પ્રશ્ન :** દૃષ્ટાન્ત તો છેક સાતમો અવયવ છે. એ તો આગળ કહેશે. આ તો વિપક્ષ નામનો પાંચમો અવયવ ચાલે છે. એમાં પહેલા ચાર અવયવનાં વિપક્ષ બતાવ્યા, એ તો બરાબર. પરંતુ દૃષ્ટાન્તનો વિપક્ષ બતાવવો યોગ્ય નથી. જ્યારે સાતમા અવયવ તરીકે દૃષ્ટાન્તનું સ્વરૂપ કહેવાય, ત્યારે ત્યાં જ તેનો વિપક્ષ અને પછી એ વિપક્ષનો પ્રતિષેધ કહેવો યોગ્ય છે. તો અહીં શા માટે દૃષ્ટાન્તનો વિપક્ષ અને એ વિપક્ષનો પ્રતિષેધ કહેવાય છે ?

ઉત્તર પ્રતિજ્ઞાદિ ચારનો વિપક્ષ અને દૃષ્ટાન્તનો વિપક્ષ વિપક્ષ તરીકે સમાન હોવાથી આ અધિકૃત પાંચમા વિપક્ષદ્વારમાં જ ચારના વિપક્ષની જેમ દૃષ્ટાન્તનો વિપક્ષ પણ લાઘવને માટે કહ્યો છે. બાકી જો ક્રમશઃ જ પદાર્થ વર્ણવીએ, સાતમા દૃષ્ટાન્તદ્વાર બાદ તેનો વિપક્ષ અને એ વિપક્ષનો પ્રતિષેધ... આમ બે જુદા દ્વાર માનવા પડે. અને જો એમ કરીએ તો ગ્રન્થનું ગૌરવ થાય. તેથી લાઘવને માટે પાંચમા દ્વારમાં જ દૃષ્ટાન્તવિપક્ષ કહી દીધો છે. (એટલે એ દ્વાર જુદું ન કહેવું પડે, એટલે જ દૃષ્ટાન્તવિપક્ષનાં પ્રતિષેધરૂપ દ્વાર પણ જુદું ન કહેવું પડે... આમ લાઘવ થાય.) આમ અહીં કોઈ દોષ નથી.

**પ્રશ્ન :** તમે લાઘવની વાત કરો છો, પરંતુ આગળ સાતમું દ્વાર દૃષ્ટાન્ત, પછી આઠમું દ્વાર દૃષ્ટાન્તઆશંકા અને નવમું દ્વાર આશંકાપ્રતિષેધ કહેવાના જ છો. હવે દૃષ્ટાન્તાશંકા એટલે દૃષ્ટાન્તવિપક્ષ જ છે. (એટલે જ તત્પ્રતિષેધ પણ દૃષ્ટાન્તવિપક્ષપ્રતિષેધ જ ગણાય.) તો પછી જ્યારે દૃષ્ટાન્તનાં વિપક્ષ અને તત્પ્રતિષેધ ૮-૯ દ્વાર તરીકે કહેવાના જ છે, ત્યારે

પાંચમા દ્વારમાં દૃષ્ટાન્તનાં વિપક્ષને બતાવવાની અને પછી પ્રતિષેધને બતાવવાની જરૂર જ શી છે ?

ઉત્તર : દૃષ્ટાન્ત બે પ્રકારે હોય છે. (૧) અનન્તર અને (૨) પરંપર. આ હકીકત દર્શાવવા માટે જ પાંચમા દ્વારમાં દૃષ્ટાન્તવિપક્ષ બતાવ્યો છે, છઠ્ઠામાં તત્પ્રતિષેધ કહ્યો છે.

પ્રશ્ન : અનન્તર-પરંપરદૃષ્ટાન્ત એટલે શું ?

ઉત્તર : કોઈ પદાર્થની સિદ્ધિ માટે સૌ પ્રથમ જે દૃષ્ટાન્ત આપીએ તે અનન્તરદૃષ્ટાન્ત. હવે આ અનન્તર કહેવાયેલ દૃષ્ટાન્ત પણ પોતે પરોક્ષ હોવાથી માત્ર આગમગમ્ય = આજ્ઞાગમ્ય હોય, (યુક્તિઓ ન હોય) અને માત્ર આજ્ઞાગમ્ય..હોવાથી જ દાર્ષ્ટાન્તિકઅર્થની સિદ્ધિ માટે સમર્થ ન હોય... તો એ અનન્તરદૃષ્ટાન્તને પ્રસિદ્ધ કરવા માટે બીજું જે પ્રત્યક્ષસિદ્ધ દૃષ્ટાન્ત અપાય. તે પરમ્પરદૃષ્ટાન્ત કહેવાય.

જુઓ, આગળ તીર્થંકરો અને સાધુઓ એમ બે જુદા જ દૃષ્ટાન્તો કહેશે. (તેમાં તીર્થંકરનું દૃષ્ટાન્ત પરોક્ષ છે કે તે દેવાદિપૂજિત હતા. માટે જ એ દૃષ્ટાન્ત આગમગમ્ય છે. એટલે જ તેના દ્વારા પ્રસ્તુત ધર્મમાં દેવાદિપૂજિતત્વ દ્વારા સાધ્યસિદ્ધિ થતી નથી. એટલે "તીર્થંકરો દેવાદિપૂજિત હતા" એ વાત સિદ્ધ કરવા માટે વર્તમાનસાધુઓરૂપ પ્રત્યક્ષદૃષ્ટાન્ત અપાય કે "આ વર્તમાનસાધુઓ અહિંસાદિ ધર્મપાલક છે, અને રાજાદિપૂજિત છે, તો એમના કરતાં ઘણાં મહાન તીર્થંકરો તો દેવાદિપૂજિત હોય જ." આમ પરંપરાદૃષ્ટાન્તથી અનંતરદૃષ્ટાન્ત સિદ્ધ થાય અને પછી એ દૃષ્ટાન્તને આધારે **धर्मः उत्कृष्टं मङ्गलं** એ વાત સિદ્ધ થાય.)

પ્રસ્તુતમાં તીર્થંકર નામના અનન્તરદૃષ્ટાન્તને આશ્રયીને અહીં પાંચમા-છઠ્ઠાદ્વારમાં દૃષ્ટાન્તવિપક્ષ અને તદ્વિપક્ષપ્રતિષેધ કહ્યા. જ્યારે સાધુરૂપ પરંપરદૃષ્ટાન્તને આશ્રયીને તો ત્યાં જ = આઠમા, નવમા દ્વારમાં જ આશંકા-પ્રતિષેધ દેખાડાશે. એટલે કોઈ દોષ નથી.

---

**स्यान्मतं –प्रागुक्तेन विधिना लाघवार्थमनुक्ते एव दृष्टान्ते उच्यतां कामम्, इहैव दृष्टान्तविपक्षस्तत्प्रतिषेधश्च, स एव दृष्टान्तः किमित्युत्तरत्रोपदिश्यते ? येन हेतुविभक्तेरनन्तरमिहैव न भण्यते, तथाहि–अत्र दृष्टान्ते भण्यमाने प्रतिज्ञादीनामिव द्विरूपस्यापि दृष्टान्तस्यार्हत्साधुलक्षणस्य एतावेव विपक्षतत्प्रतिषेधावुपपद्येते, ततश्च साधुलक्षणस्य दृष्टान्तस्याशङ्कातत्प्रतिषेधावुत्तरत्र न पृथग् वक्तव्यौ भवतः, तथा च सति ग्रन्थलाघवं जायते, तथा प्रतिज्ञाहेतूदाहरणरूपाः सविशुद्धिकास्त्रयोऽप्यवयवाः**

क्रमेणोक्ता भवन्तीति, अत्रोच्यते, इहाभिधीयमाने दृष्टान्तस्येव प्रतिज्ञादीनामपि प्रत्येकमाशङ्कातत्प्रतिषेधौ वक्तव्यौ स्तः, तथा च सत्यवयवबहुत्वं, दृष्टान्तस्य वा प्रतिज्ञादीनामिव विपक्षतत्प्रतिषेधाभ्यां पृथगाशङ्कातत्प्रतिषेधौ न वक्तव्यौ स्याताम्, एवं सति दशावयवा न प्राप्नुवन्ति, दशावयवं चेदं वाक्यं भङ्ग्यन्तरेण प्रतिपिपादयिषितम्, अस्यापि न्यायस्य प्रदर्शनार्थम्, अत एव यदुक्तं 'साधुलक्षणदृष्टान्तस्याशङ्कातत्प्रतिषेधावुत्तरत्र न पृथग् वक्तव्यौ स्याता'मित्यादि तदपाकृतं वेदितव्यम्, इत्यलं प्रसङ्गेन । एवं प्रतिज्ञादीनां प्रत्येकं विपक्षोऽभिहितः ।

---

પૂર્વપક્ષ : કોઈને એવો વિચાર આવે કે પૂર્વે કહેલી વિધિ પ્રમાણે લાઘવને માટે ભલે તમે દૃષ્ટાન્તના કથન વિના જ અહીં જ તમે દૃષ્ટાન્તવિપક્ષ અને તત્પ્રતિષેધ ભલે કહો, એ તો સમજી શકાય. પણ અમને તો એ જ નથી સમજાતું કે દૃષ્ટાન્ત છેક આગળ સાતમાદ્વારરૂપે શા માટે દેખાડો છો ? તમે હેતુવિભક્તિ નામના ચોથાદ્વાર પછી જ દૃષ્ટાન્ત દ્વાર કેમ નથી કહી દેતા ?

તે આ પ્રમાણે - અહીં પાંચમાદ્વારરૂપે દૃષ્ટાન્ત કહી દો તો જેમ પ્રતિજ્ઞાદિ ચારદ્વારનાં વિપક્ષ અને પ્રતિષેધ કહ્યા, એમ અરિહંત અને સાધુરૂપ બંને પ્રકારનાં દૃષ્ટાન્તનાં વિપક્ષ અને વિપક્ષપ્રતિષેધ ઘટી જાય. એનાથી મોટો ફાયદો એ થાય કે સાધુરૂપ પરંપરદૃષ્ટાન્તનાં આશંકા અને આશંકાપ્રતિષેધ રૂપ જે આઠમા નવમા દ્વાર આગળ જુદા કહેવાના છે, તે કહેવા ન પડે અને એમ થાય તો ગ્રન્થનું લાઘવ થાય.

વળી આ રીતે પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ રૂપ ત્રણેય અવયવો વિશુદ્ધિસહિત ક્રમશઃ કહેવાયેલા થાય.

સાર એ કે અત્યારે જે રીતે તમે નિરૂપણ કરો છો એ મુજબ (૧) પ્રતિજ્ઞા (૨) પ્રતિજ્ઞાવિભક્તિ (૩) હેતુ (૪) હેતુવિભક્તિ (૫) પ્રતિજ્ઞાદિ ચાર દ્વારનો વિપક્ષ અને આગળ આવનારા સાતમા દૃષ્ટાન્તદ્વારમાંના અનન્તરદૃષ્ટાન્તનો વિપક્ષ (૬) પ્રતિજ્ઞાદિ ચાર અને અનન્તરદૃષ્ટાન્તનાં વિપક્ષનો પ્રતિષેધ (૭) બે પ્રકારનાં દૃષ્ટાન્ત (૮) પરંપરદૃષ્ટાન્તનો વિપક્ષ (૯) પરંપરદૃષ્ટાન્તનાં વિપક્ષનો પ્રતિષેધ.

આમાં અધવચ્ચે વિપક્ષ-પ્રતિષેધાદિ મૂકીને દૃષ્ટાન્તને પછી મુકવામાં વિચિત્રતા દેખાય છે. એને બદલે આમ કરો કે

(૧) પ્રતિજ્ઞા (૨) પ્રતિજ્ઞાવિભક્તિ (૩) હેતુ (૪) હેતુવિભક્તિ (૫) દૃષ્ટાન્ત (બંને પ્રકારના) (૬) ૧ થી ૪ દ્વારનો અને પાંચમાં દ્વારનાં બંને દૃષ્ટાન્તનો વિપક્ષ (૭) એ

બધાયનાં વિપક્ષનો પ્રતિષેધ (૮) નિગમન.

આમ બે દ્વાર ઓછા થઈ જાય અને હેતુ બાદ દૃષ્ટાન્તનું કથન પણ સંગત થાય.

ઉત્તરપક્ષ : જો તમારા કહેવા પ્રમાણે પાંચમા અવયવ તરીકે દૃષ્ટાન્ત કહીએ તો પાછો પ્રશ્ન થાય કે જેમ પાંચમા અવયવની પછી આશંકા (વિપક્ષ) અને પ્રતિષેધ એમ બે દ્વાર કહ્યા. તો એ જ રીતે પ્રતિજ્ઞા પછી પણ, પ્રતિજ્ઞાવિભક્તિ પછી પણ, હેતુ પછી પણ... એ બે બે અવયવ કહેવા જોઈએ. દૃષ્ટાન્ત પછી જ કહેવા અને આ બધા પછી ન કહેવા એ કેમ ચાલ?

હવે જો એ પ્રમાણે કરીએ તો તો પાંચેય દ્વારમાં બે બે દ્વાર વધે એટલે કુલ ૧૦ દ્વાર વધે. આમ આ પાંચ + ૧૦ + નિગમન એમ ૧૬ દ્વાર થાય. હવે આમ તો ઘણાં બધા અવયવો થઈ જાય. માટે એ રીતે કહેવું યોગ્ય નથી.

(પ્રશ્ન : આ આપત્તિ ન આવે. દૃષ્ટાન્ત પછી આશંકા દ્વારમાં માત્ર દૃષ્ટાન્તનો જ વિપક્ષ બતાવતા હોત તો તો વાંધો આવે કે પ્રતિજ્ઞાદિના વિપક્ષ કેમ નહિ. પરંતુ એ આશંકાદ્વારમાં પ્રતિજ્ઞાદિ પાંચેયનો વિપક્ષ બતાવીએ જ છીએ, પ્રતિષેધદ્વારમાં એ પાંચેય વિપક્ષનો પ્રતિષેધ બતાવીએ જ છીએ. તો પછી દરેક દ્વાર પછી આશંકાદિ બતાવવાની આપત્તિ, અને એટલે દ્વારો વધી જવાની આપત્તિ આવતી જ નથી.)

ઉત્તર આમ ન ચાલે. જો પ્રતિજ્ઞાદિના પણ જુદા બે દ્વારો વિપક્ષ-પ્રતિષેધ ન કહેવાના હોય, તો પછી પ્રતિજ્ઞાદિની જેમ દૃષ્ટાન્તના પણ વિપક્ષ-પ્રતિષેધાદિ ન જ કહેવા જોઈએ. અને એ રીતે જો વિપક્ષ-પ્રતિષેધાદિ અવયવ ન કહીએ તો દશ અવયવ ન થાય. માત્ર પાંચ + નિગમન એમ છ જ અવયવ થાય. (કદાચ દૃષ્ટાન્ત બાદ ભેગા વિપક્ષ-પ્રતિષેધ કહે તો પણ નવ જ અવયવ થાય, દસ તો ન જ થાય.)

પ્રશ્ન : ભલે ને, દસ અવયવ ન થાય, શું વાંધો ?

ઉત્તર : અરે ભાઈ ! અહીં બીજી પદ્ધતિથી દશાવયવી વાક્ય જ પ્રતિપાદન કરવાને માટે ઈષ્ટ છે.

પ્રશ્ન : પણ એવો આગ્રહ શા માટે દશાવયવી અનુમાન જ કરવું ?

ઉત્તર : દશાવયવી અનુમાન જ પ્રતિપાદન કરવા માટે ઈચ્છાયેલ છે, તે આ ન્યાયના પણ પ્રદર્શનને માટે છે કે ચોક્કસ સંખ્યાની પ્રધાનતા રાખીને અવયવો વધારી પણ શકાય છે, ઘટાડી પણ શકાય છે... (અહીં ૧૦ સંખ્યા ટકી રહે, એ માટે અવયવો ઘટતા હોવા છતાં વધાર્યા છે..)

આથી જ પૂર્વપક્ષે જે કહ્યું કે "સાધુરૂપ દૃષ્ટાન્તના આશંકા અને તત્પ્રતિષેધ આગળ જુદા નહિ કહેવા પડે" તે ખંડિત થયેલું જાણવું. કેમકે અહીં લાઘવની મુખ્યતા નથી, પણ ૧૦ સંખ્યાની મુખ્યતા છે. કાયમ માટે લાઘવન્યાય જ ન લાગે, સંખ્યામુખ્યતાદિ ન્યાય પણ લાગે.

(**अस्यापि न्यायस्य प्रदर्शनार्थं दशावयवं... प्रतिपिपादयिषितम्** એમ અન્વય જોડવો.)

આ પ્રમાણે પ્રતિજ્ઞાદિ ચારનો અને અનન્તર દૃષ્ટાન્તનો દરેકનો વિપક્ષ કહ્યો.

---

**अधुनाऽयमेव प्रतिज्ञादिविपक्षः पञ्चमोऽवयवो वर्तत इत्येतद्दर्शयन्निदमाह –**

एवं तु अवयवाणं चउण्ह पडिवक्खु पंचमोऽवयवो । एत्तो छट्ठोऽवयवो विवक्खपडिसेह तं वोच्छं ॥१४२॥

---

હવે "આ જ પ્રતિજ્ઞાદિ વિપક્ષરૂપ પાંચમો અવયવ ચાલુ છે" એ વાત દેખાડતા આ કથન કરે છે કે –

**નિર્યુક્તિ-૧૪૨ ગાથાર્થ :** આ પ્રમાણે ચાર અવયવોના પ્રતિપક્ષરૂપ પાંચમો અવયવ કહ્યો. હવે વિપક્ષપ્રતિષેધરૂપ છઠ્ઠો અવયવ છે, તેને કહીશ.

---

**व्याख्या–'एवम्' इत्ययम्, एव( वं )कार उपप्रदर्शने, तुरवधारणे, अयमेव 'अवयवानां' प्रमाणाङ्गलक्षणानां 'चतुर्णां' प्रतिज्ञादीनां 'प्रतिपक्षो' विपक्षः, पञ्चमोऽवयव इति, आह–दृष्टान्तस्याप्यत्र विपक्ष उक्त एव, तत्किमर्थं चतुर्णामित्युक्तम् ?, उच्यते, हेतोः सपक्षविपक्षाभ्यामनुवृत्तिव्यावृत्तिरूपत्वेन दृष्टान्तधर्मत्वात्, तद्विपक्ष एव चास्यान्तर्भावाददोष इति । उक्तः पञ्चमोऽवयवः, षष्ठ उच्यते, तथा चाह – 'इत' उत्तरत्र 'षष्ठोऽवयवो' विपक्षप्रतिषेधस्तं 'वक्ष्ये' अभिधास्य इति गाथार्थः ॥१४२॥**

---

**ટીકાર્થ : एवम्-अयम्** અર્થ કરવો. **एवं**કાર ઉપપ્રદર્શનમાં છે. (એટલે કે "આ..." એમ અંગુલિનિર્દેશ સાથે વસ્તુને દેખાડવા માટે વપરાયેલો છે.)

**तु** - અવધારણમાં છે. એટલે અર્થ આ પ્રમાણે થશે કે અનુમાનપ્રમાણનાં અંગભૂત પ્રતિજ્ઞાદિ ચાર અવયવોનાં વિપક્ષભૂત આ પાંચમો અવયવ છે.

**પ્રશ્ન :** આ પાંચમા અવયવમાં તો દૃષ્ટાન્તનો પણ વિપક્ષ કહેલો જ છે, તો પછી શા માટે નિર્યુક્તિકારે **चतुर्णां** એમ કહ્યું. ખરેખર તો પાંચનો વિપક્ષ કહેવાયેલો છે.

ઉત્તર : હેતુ સપક્ષમાં હાજર હોય છે, અને વિપક્ષમાં ગેરહાજર હોય છે, અને આ રીતે હેતુ દૃષ્ટાન્તનો ધર્મ છે. એટલે હેતુ વિપક્ષમાં જ દૃષ્ટાન્તવિપક્ષનો અન્તર્ભાવ થઈ જતો હોવાથી દૃષ્ટાન્તવિપક્ષને જુદો ગણેલો નથી. એટલે **चतुर्णां** લખેલું છે.

(જેમાં સાધ્ય નિશ્ચિત હોય તે સપક્ષ. જ્યારે અન્વયદૃષ્ટાન્ત અપાય, ત્યારે એ સપક્ષમાં- સાધ્યવાન્‌માં હેતુ હાજર જ હોય છે. એટલે ત્યાં હેતુ દૃષ્ટાન્તનો ધર્મ બને છે. એમ જ્યાં સાધ્યનો અભાવ નિશ્ચિત હોય, તે વિપક્ષ કહેવાય. (વ્યતિરેક દૃષ્ટાન્તમાં વિપક્ષ જ બતાવવામાં આવે. પણ જો એમાં હેતુની હાજરી હોય તો એ દૃષ્ટાન્ત જ ન કહેવાય. એટલે હેતુ વિપક્ષમાં ન રહેવા દ્વારા દૃષ્ટાન્તને સિદ્ધ કરે છે. આમ હેતુ વ્યતિરેક દૃષ્ટાન્તનો પણ ધર્મ છે. દા.ત. **पर्वतो वह्निमान् धूमात्** સ્થળે અન્વયદૃષ્ટાન્ત મહાનસ છે. તેમાં ધૂમ છે. વ્યતિરેકદૃષ્ટાન્ત હ્રદ છે, તેમાં ધૂમ નથી. એટલે ધૂમ હેતુ બંનેમાં દૃષ્ટાન્તનો ધર્મ બને છે. એકમાં હાજરી દ્વારા, બીજામાં ગેરહાજરી દ્વારા...)

પાંચમો અવયવ કહેવાઈ ગયો.

હવે છઠ્ઠો અવયવ કહેવાય છે.

એજ કહે છે આગળ વિપક્ષપ્રતિષેધરૂપ છઠ્ઠો અવયવ કહીશ.

---

**इत्थं सामान्येनाभिधायेदानीमाद्यद्वयविपक्षप्रतिषेधमभिधातुकाम आह –**

सायं संमत्त पुमं हासं रइ आउनामगोयसुहं । धम्मफलं आइदुगे विवक्खपडिसेह मो एसो ॥१४३॥

---

આ પ્રમાણે સામાન્યથી કહીને હવે પહેલા બે વિપક્ષનાં પ્રતિષેધને કહેવાની ઈચ્છાવાળા કહે છે કે –

**નિર્યુક્તિ-૧૪૩ ગાથાર્થ** : "શાતા, સમ્યક્ત્વ, પુરુષવેદ, હાસ્ય, રતિ, શુભઆયુષ્ય , નામ, ગોત્ર ધર્મનું ફલ છે." આ પ્રથમદ્વિકમાં વિપક્ષપ્રતિષેધ છે.

---

**व्याख्या–'सायं'ति सातवेदनीयं कर्म 'संमत्तं'ति सम्यक्त्वं सम्यग्भावः सम्यक्त्वं – सम्यक्त्वमोहनीयं कर्मैव, 'पुमं'ति पुंवेदमोहनीयं 'हासं'ति हस्यतेऽनेनेति हासः तद्भावो हास्यं-हास्यमोहनीयम्, रम्यतेऽनयेति रतिः–क्रीडाहेतुः रतिमोहनीयं कर्मैव, 'आउनामगोयसुहं'ति अत्र शुभशब्दः प्रत्येकमभिसंबध्यते अन्ते वचनात्, ततश्च आयुः शुभं नाम शुभं गोत्रं शुभम्, तत्रायुः शुभं तीर्थकरादिसम्बन्धि नामगोत्रे अपि कर्मणी शुभे तेषामेव भवतः, तथाहि–यशोनामादि शुभं तीर्थकरादीनामेव भवति, तथोच्चैर्गोत्रं**

तदपि शुभं तेषामेवेति, 'धर्मफल'मिति धर्मस्य फलम् धर्मफलं, धर्मेण वा फलं धर्मफलम्, एतद् अहिंसादेर्जिनोक्तस्यैव धर्मस्य फलम्, अहिंसादिना जिनोक्तेनैव वा धर्मेण फलमवाप्यते, सर्वमेव चैतत्सुखहेतुत्वाद्धितम्, अतः स एव धर्मो मङ्गलं न श्वशुरादयः, तथाहि–मङ्ग्यते हितमनेनेति मङ्गलम्, तच्च यथोक्तधर्मेणैव मङ्ग्यते नान्येन, तस्मादसावेव मङ्गलं न जिनवचनबाह्याः श्वशुरादय इति स्थितम् । आह – 'मङ्गलबुद्ध्यैव जनः प्रणमती'त्युक्तं तत्कथम् ? इति, उच्यते, मङ्गलबुद्धयापि गोपालाङ्गनादिर्मोहतिमिरोपप्लुतबुद्धिलोचनो जनः प्रणमन्नपि न मङ्गलत्वनिश्चयायालम्, तथाहि-न तैमिरिकद्विचन्द्रोपदर्शनं सचेतसां चक्षुष्मतां द्विचन्द्राकारायाः प्रतीतेः प्रत्ययतां प्रतिपद्यते, अतद्रूप एव तद्रूपाध्यारोपद्वारेण तत्प्रवृत्तेरिति । 'आइदुगे'ति आद्यद्वयं प्रागुक्तं तस्मिन् आद्यद्वयविषये, विपक्षप्रतिषेधः, 'मो' इति निपातो वाक्यालङ्कारार्थः 'एष' इति यथा वर्णित इति गाथार्थः ॥१४३॥

---

ટીકાર્થ : (યાદ રાખો કે **धर्मः उत्कृष्टं मंगलं** એ પ્રતિજ્ઞા છે. "અધર્મીઓ-સસરા વગેરે પણ લોકાદિ પૂજિત હોવાથી અધર્મ પણ મંગલ છે" એ પ્રતિજ્ઞાવિપક્ષ છે.)

શાતાવેદનીય કર્મ, સમ્યક્ત્વ = સમ્યક્ભાવ = સમ્યક્ત્વમોહનીયકર્મ જ, પુંવેદમોહનીય, જેનાથી હાસ્ય ઉત્પન્ન થાય તે હાસ, તદ્ભાવ = હાસ્ય = હાસ્યમોહનીય, જેનાથી જીવ આનંદ પામે તે રતિ = ક્રીડાનાં કારણભૂત રતિમોહનીય કર્મ જ, **आउनामगोयसुहं** અહીં **શુભ** શુભ સૌથી છેલ્લે હોવાથી એ આયુ, નામ અને ગોત્ર એ ત્રણે સાથે જોડવો. એટલે શુભ-આયુ, શુભનામ, શુભગોત્ર એમ અર્થ થાય. તેમાં શુભ આયુષ્ય તીર્થંકરાદિસંબંધી, શુભનામ-ગોત્રકર્મ પણ તીર્થંકરોનાં જ હોય છે. તે આ પ્રમાણે - યશનામ વગેરે શુભ કર્મ તીર્થંકરાદિને જ હોય છે. તથા ઉચ્ચગોત્રરૂપ શુભકર્મ પણ તીર્થંકરાદિને જ હોય છે.

આ શાતાથી માંડીને ગોત્ર સુધીના બધા પદાર્થો ધર્મનું જ ફલ છે અથવા તો ધર્મથી જ આ ફલ મળે છે.

આ બધું ફલ અહિંસાદિરૂપ જિનોક્ત ધર્મનું જ છે. અથવા તો આ બધું ફલ અહિંસાદિ રૂપ જિનોક્ત ધર્મથી જ મેળવાય છે.

આ બધું જ સુખનું કારણ હોવાથી હિતકારી છે. આથી તે જ ધર્મ મંગલ છે. સસરાદિ નહિ. તે આ પ્રમાણે જેનાવડે હિત મેળવાય તે મંગલ. હવે તે હિત તો ઉપર દર્શાવેલ ધર્મથી જ મેળવાય છે. તેથી આ જ મંગલ છે. પણ જિનવચન બાહ્ય સસરા વગેરે મંગલ

નથી. એ વાત સિદ્ધ થઈ.

પ્રશ્ન : આગળ કહી જ ગયા કે "લોકો સસરાદિને મંગલબુદ્ધિથી જ નમે છે." હવે જો એ ખરેખર મંગલ નથી, તો લોકો શા માટે તેમને વંદે છે ?

ઉત્તર : ગોવાળ સ્ત્રી વગેરેરૂપ જે લોક છે, તે મોહરૂપી અંધકારથી ઉપદ્રવિત થયેલ છે બુદ્ધિરૂપી નેત્રો જેમના તેવો છે. એટલે એ મંગલબુદ્ધિથી નમસ્કાર કરતો હોય, તો પણ સસરાદિમાં મંગલત્વનો નિશ્ચય કરવા-કરાવવા માટે સમર્થ નથી.

તે આ પ્રમાણે-તિમિરરોગવાળો આકાશમાં બે ચન્દ્રનું દર્શન કરે ખરો, પરંતુ આ દર્શન એ બુદ્ધિમાન્ ચક્ષુમાન્ સામે બે ચન્દ્રકારવાળી પ્રતીતિની વિશ્વસનીયતાને પામતું નથી. (અર્થાત્ એ ભલે બે ચન્દ્ર જુએ, પણ કોઈપણ ડાહ્યા, દેખતા માણસો એમ ન માને કે આની આ બુદ્ધિ - આ દર્શન સાચું છે.) કેમકે જે તદ્રૂપ નથી = દ્વિચન્દ્રરૂપ નથી, તેમાં જ દ્વિચન્દ્રનાં અધ્યારોપ દ્વારા = મિથ્યાભ્રમ દ્વારા એ મિથ્યાદર્શન પ્રવર્તેલું છે. એટલે એ સાચું ન મનાય. એમ આ મુગ્ધલોકો સસરાદિને મંગલ માને, પણ એ માન્યતા સાચી ન ગણાય. પ્રતિજ્ઞા અને પ્રતિજ્ઞાવિભક્તિ આ પૂર્વે દર્શાવેલા પ્રથમ બે અવયવમાં આ વિપક્ષપ્રતિષેધ દર્શાવ્યો. ગાથામાં **मो** શબ્દ નિપાત છે. એ વાક્યને શોભાવવા માટે છે. **एष** - જે રીતે ઉપર વર્ણવી ગયા, તે રીતનો આ વિપક્ષપ્રતિષેધ છે.

આમ પ્રથમ બે વિપક્ષનો પ્રતિષેધ કહ્યો.

---

**इत्थमाद्यद्वयविपक्षप्रतिषेधः प्रतिपादितः, सम्प्रति हेतुतच्छुद्ध्योर्विपक्ष-प्रतिषेधप्रतिपिपादयिषयेदमाह-**

अजिइंदिय सोवहिया वहगा जइ तेऽवि नाम पुज्जंति । अग्गीवि होज्ज सीओ हेउविभत्तीण पडिसेहो ॥१४४॥

---

હવે હેતુ અને હેતુની શુદ્ધિનાં વિપક્ષનો પ્રતિષેધ કહેવાની ઈચ્છાથી આ ગાથાસૂત્રને કહે છે કે –

નિર્યુક્તિ-૧૪૪ ગાથાર્થ  અજિતેન્દ્રિયો, સકષાયીઓ, વધકો... જો તેઓ પણ પૂજાતા હોય તો અગ્નિ પણ શીત થઈ જાય. આ હેતુ વિભક્તિનો પ્રતિષેધ છે.

---

**व्याख्या-न जितानि श्रोत्रादीनीन्द्रियाणि यैस्ते तथोच्यन्ते, उपधिश्छद्म मायेत्यनर्थान्तरम्, उपधिनासह वर्तन्त इति सोपधयो-मायाविनः परव्यंसका इतियावत् अथवा उपदधातीत्युपधिः-वस्त्राद्यनेकरूपः परिग्रहः, तेन सह वर्त्तन्ते ये ते तथाविधा**

महापरिग्रहा इत्यर्थः, वधन्तीति वधकाः-प्राण्युपमर्दकर्तारः, 'जइ तेऽवि नाम पुज्जंति'त्ति यदीति पराभ्युपगमसंसूचकः, त इति याज्ञिकाः, अपिः संभावने, नाम इति निपातो वाक्यालङ्कारार्थः, येऽजितेन्द्रियादिदोषदुष्टा यज्ञयाजिनो वर्त्तन्ते, यदि ते नाम पूज्यन्ते तर्ह्यग्निरपि भवेच्छीतः, न च कदाचिदप्यसौ शीतो भवति, तथा वियदिन्दीवरस्रजोऽपि वान्ध्येयोरःस्थलशोभामादधीरन्, न चैतद् भवति, यथैवमादिरत्यन्ताभावस्तथेदमपीति मन्यते, अथापि कालदौर्गुण्येन कथञ्चिदविवेकिना जनेन पूज्यन्ते तथापि तेषां न मङ्गलत्वसंप्रसिद्धिः अप्रेक्षावतामतद्रूपेऽपि वस्तुनि तद्रूपाध्यारोपेण प्रवृत्तेः, तथाहि-अकलङ्कधियामेव प्रवृत्तिर्वस्तुनस्तद्वत्तां गमयति, अतथाभूते वस्तुनि तद्बुद्ध्या तेषामप्रवृत्तेः, सुविशुद्धबुद्धयश्च दैत्यामरेन्द्रादयः, ते चाहिंसादिलक्षणं धर्ममेव पूजयन्ति न यज्ञयाजिनः, तस्माद्दैत्यामरेन्द्रादिपूजितत्वाद्धर्म एवोत्कृष्टं मगलं न याज्ञिका इति स्थितम्, 'हेउविभत्तीण'त्ति एष हेतुतद्विभक्त्योः 'पडिसेहो'त्ति विपक्षप्रतिषेधः, विपक्षशब्द इहानुक्तोऽपि प्रकरणाज्ज्ञातव्य इति गाथार्थः ॥१४४॥ एवं हेतुतच्छुद्ध्योर्विपक्षप्रतिषेधो दर्शितः ।

---

**ટીકાર્થ :** જેઓએ શ્રોત્ર વગેરે ઈન્દ્રિયો જીતી નથી, તે અજિતેન્દ્રિયો કહેવાય.

ઉપધિ, છદ્મ, માયા એ સમાનાર્થી શબ્દો છે. જેઓ ઉપધિવાળા હોય તે સોપધિ = માયાવી = બીજાને ઠગનારા.

અથવા તો જે ઉપકાર કરે તે ઉપધિ. તે વસ્ત્રાદિ અનેકપ્રકારનાં પરિગ્રહરૂપ છે. જેઓ આવા પરિગ્રહવાળા હોય તે સોપધિ. એટલે કે મહાપરિગ્રહવાળા.

જેઓ પ્રાણીઓની હિંસા કરે, તે વધક.

**यदि** શબ્દ બીજાની માન્યતાઓ સૂચક છે. (આવા લોકો પૂજાતા હોય... એવું અમે તો માનતા જ નથી, પરંતુ જો પર-પૂર્વપક્ષ આવી વાત માનતો હોય તો... આમ **यदि** શબ્દ અહીં "બીજાની આ માન્યતા છે" એમ સૂચવનાર છે.)

**ते वि** માં **ते** એટલે યજ્ઞ કરનારાઓ.

**अपि** શબ્દ સંભાવનામાં છે. (યાજ્ઞિકો પૂજાય તો નહિ, પણ કદાચ આવું પણ જો સંભવિત હોય...)

**नाम** શબ્દ નિપાત છે, તે વાક્યની શોભા માટે છે.

જે અજિતેન્દ્રિયાદિ દોષદુષ્ટ યાજ્ઞિકો છે, તે જો પૂજાતા હોય તો અગ્નિ પણ શીત

થાય. પણ કદિપણ એ તો શીત થતો નથી. તથા જો યાજ્ઞિકો પૂજાતા હોય તો આકાશપુષ્પની માળા વન્ધ્યાપુત્રનાં છાતીનાં ભાગની શોભાને ધારણ કરનારી બને. (આકાશપુષ્પ હોય જ નહિ, તો માળા શી રીતે બને ? વન્ધ્યાનો પુત્ર હોય જ નહિ, તો એના વક્ષઃસ્થલની શોભાને માળા શી રીતે ધારણ કરે ?)

પણ આવું બનતું નથી.

તો જેમ આ બધું અત્યન્ત અભાવરૂપ છે. તેમ "યાજ્ઞિકો પૂજાય" એ પણ અત્યન્ત અસંભવરૂપ છે એમ માનવું

આમ હોવા છતાં કાલની દુર્ગુણતાને લીધે અવિવેકીજનો થકી તે યાજ્ઞિકો કોઈપણ રીતે પુજાય, તો પણ તેઓની મંગલ તરીકે સિદ્ધિ ન થાય. કેમકે બુદ્ધિરહિત જીવોની તો અતદ્રૂપ વસ્તુમાં પણ તદ્રૂપનાં અધ્યારોપથી પ્રવૃત્તિ થતી હોય છે. અર્થાત્ એ જડલોકો અમંગલને પણ મંગલ માની પ્રવૃત્તિ કરે, પણ એટલા માત્રથી પેલી વસ્તુ મંગલ તરીકે સિદ્ધ ન જ થાય.

તે આ પ્રમાણે

કલંકરહિતબુદ્ધિવાળાઓની પ્રવૃત્તિ જ વસ્તુની તદ્વત્તાને જણાવનારી બને. (એટલે કે "તે તે વસ્તુ તત્તદ્ધર્મવાન્ છે" એવો સાચો બોધ કરાવે.) કેમકે અકલંકબુદ્ધિવાળાઓ કદિ અતથાભૂતવસ્તુમાં = અમંગલાદિરૂપ વસ્તુમાં મંગલત્વની બુદ્ધિ દ્વારા પ્રવૃત્તિ કરતાં નથી. (પણ મંગલભૂત વસ્તુમાં જ મંગલબુદ્ધિથી પ્રવૃત્તિ કરે. એટલે તેમની પ્રવૃત્તિથી નક્કી કરી શકાય કે અમુક વસ્તુ મંગલરૂપ છે.)

હવે દૈત્યનાં અને દેવનાં ઈન્દ્ર વગેરે તો સુવિશુદ્ધ બુદ્ધિવાળા છે. અને તેઓ તો અહિંસાદિ લક્ષણવાળા ધર્મને જ પૂજે છે, યજ્ઞયાગીઓને પૂજતા નથી. તેથી દૈત્યામરેન્દ્રાદિથી આ અહિંસાદિ ધર્મ પૂજાયેલો હોવાથી તે જ ઉત્કૃષ્ટમંગલ છે. યાજ્ઞિકો નહિ, એ વાત સિદ્ધ થઈ.

આ હેતુ + હેતુવિભક્તિનો પ્રતિષેધ કહ્યો. અર્થાત્ આ બેનાં વિપક્ષનો પ્રતિષેધ કહ્યો.

પ્રશ્ન : ગાથામાં તો **हेउविभत्तीण पडिसेहो** એમ જ લખેલું છે. એનો અર્થ તો એ થાય કે હેતુ અને હેતુવિભક્તિનો પ્રતિષેધ કહ્યો. "આ બેનાં વિપક્ષનો પ્રતિષેધ કહ્યો..." એવો અર્થ શી રીતે કરાય ? **विपक्ष** શબ્દ તો છે જ નહિ.

ઉત્તર : વિપક્ષ શબ્દ અહીં કહ્યો નથી, તો પણ પ્રકરણ- વિષય પ્રમાણે એ શબ્દ

જાણી લેવો. (હેતુનો પ્રતિષેધ ન જ હોય, હેતુનું તો મંડન હોય. એટલે હેતુનાં વિપક્ષનો જ પ્રતિષેધ કરવાનો હોય...)

साम्प्रतं दृष्टान्तविपक्षप्रतिषेधं दर्शयन्नाह-

बुद्धाई उवयारे पूयाठाणं जिणा उ सब्भावं । दिट्ठंते पडिसेहो छट्ठो एसो अवयवो उ ॥१४५॥

હવે દૃષ્ટાન્તનાં વિપક્ષનો પ્રતિષેધ દેખાડતાં કહે છે કે –

નિર્યુક્તિ-૧૪૫ ગાથાર્થ : બુદ્ધ વગેરે ઉપચારથી પૂજાસ્થાન છે. જિનો સદ્ભાવથી પૂજાસ્થાન છે. આ દૃષ્ટાન્તમાં પ્રતિષેધ છે. આ છઠ્ઠો અવયવ છે.

व्याख्या-'बुद्धादयः' आदिशब्दात्कपिलादिपरिग्रहः, उपचार इति 'सुपां सुपो भवन्ती'ति न्यायादुपचारेण किञ्चिदतीन्द्रियं कथयन्तीतिकृत्वा न वस्तुस्थित्या पूजायाः स्थानं पूजास्थानम्, जिनास्तु 'सद्भावं' परमार्थमधिकृत्येति वाक्यशेषः सर्वज्ञत्वाद्यसाधारणगुणयुक्तत्वादिति भावना, 'दृष्टान्तप्रतिषेध' इति विपक्षशब्दलोपाद् दृष्टान्तविपक्षप्रतिषेधः, किम् ?-षष्ठ एषोऽवयवः, तुर्विशेषणार्थः, किं विशिनष्टि ?-सर्वोऽप्ययमनन्तरोदितः प्रतिज्ञादिविपक्षप्रतिषेधः पञ्चप्रकारोऽप्येक एवेति गाथार्थः ॥१४५॥

ટીકાર્થ : (૬) દૃષ્ટાન્તવિપક્ષ પ્રતિષેધ : બુદ્ધ વગેરે તો ઉપચારથી જ પૂજાનું સ્થાન છે. તેઓ કંઈક અતીન્દ્રિયપદાર્થોને કહે છે" એટલે લોકોને માટે તે પૂજાનું સ્થાન બની જાય છે. પરંતુ પરમાર્થથી = વસ્તુ સ્થિતિથી તો તેઓ પૂજાસ્થાન નથી.

અહીં **बुद्धादि** માં **आदि** પદથી કપિલાદિ લેવા.

ગાથામાં **उवयारे** સાતમી વિભક્તિ છે, પરંતુ પ્રાકૃતમાં દરેક વિભક્તિ દરેક વિભક્તિ રૂપે સંભવી શકે છે એ ન્યાય પ્રમાણે આ સપ્તમીવિભક્તિ ત્રીજીવિભક્તિનાં અર્થમાં લેવી.

જિનો તો પરમાર્થને આશ્રયીને પૂજાસ્થાન છે. કેમકે તેઓ સર્વજ્ઞત્વ વગેરે અસાધારણ ગુણોથી યુક્ત છે એ ભાવાર્થ છે.

**सद्भावं** શબ્દ ગાથામાં છે, પણ **अधिकृत्य** શબ્દ નથી. એ વાક્યશે

આ દૃષ્ટાન્તપ્રતિષેધ છે.

અહીં વચ્ચે વિપક્ષ શબ્દનો લોપ થઈ ગયેલો છે, એટલે દૃષ્ટાન્તવિપક્ષપ્રતિષેધઃ એમ લેવું. આ છઠ્ઠો અવયવ છે.

तु શબ્દ **विशेष** અર્થમાં છે.

પ્રશ્ન : શું વિશેષાર્થ દર્શાવે છે ?

ઉત્તર હમણાં જ બતાવેલા પ્રતિજ્ઞાદિ પંચકનાં વિપક્ષપંચકનો પ્રતિષેધ પાંચ પ્રકારનો હોવા છતાં પણ એકજ અવયવ ગણવો. આ વિશેષઅર્થ तु બતાવે છે.

---

**षष्ठमवयवमभिधायेदानीं सप्तमं दृष्टान्तनामानमभिधातुकाम आह-**

अरिहंत मग्गगामी दिट्ठंतो साहुणोऽवि समचित्ता । पागरएसु **गिहीसु एसंते** अवहमाणा उ ॥१४६॥

---

છઠ્ઠા અવયવને કહીને હવે સાતમા દૃષ્ટાન્ત નામના અવયવને કહેવાની ઈચ્છાવાળા કહે છે કે

નિર્યુક્તિ-૧૪૬ ગાથાર્થ (૭) દૃષ્ટાન્ત અરિહંતો અને માર્ગ પર જનારા, સમચિત્તવાળા, પાકરત ગૃહસ્થોમાં એષણા કરનારા, વધ નહિકરનારા સાધુઓ પણ દૃષ્ટાન્ત છે.

---

**व्याख्या-पूजामर्हन्तीत्यर्हन्तः, न रुहन्तीति वा अरुहन्तः, किम् ?-दृष्टान्त इति सम्बन्धः, तथा 'मार्गगामिन' इति प्रक्रमात्तदुपदिष्टेन मार्गेण गन्तुं शीलं येषां त एव गृह्यन्ते, के च त इत्यत-आह-'साधवः' साधयन्ति सम्यग्दर्शनादियोगैरपवर्गमिति साधवः, तेऽपि दृष्टान्त इति योगः, किंभूताः ?-'समचित्ता' रागद्वेषरहितचित्ता इत्यर्थः, किमिति तेऽपि दृष्टान्त इति ?, अहिंसादिगुणयुक्तत्वात्, आह च-'पाकरतेषु' आत्मार्थमेव पाकसक्तेषु 'गृहिषु' अगारिषु 'एषन्ते' गवेषयन्ति पिण्डपातमित्यध्याहारः, किं कुर्वाणा इत्यत आह- 'अवहमाणा उ' न घ्नन्तोऽघ्नन्तः, तुरवधारणार्थः, ततश्चाघ्नन्त एव, आरम्भाकरणेन पीडामकुर्वाणा इत्यर्थः । एवं द्विविधोऽपि दृष्टान्त उक्तः, दृष्टान्तवाक्यं चेदं, स तु संस्कृत्य कर्तव्योऽर्हदादिवदिति गाथार्थः ॥१४६॥ उक्तः सप्तमोऽवयवः,**

---

ટીકાર્થ : જે પૂજાને માટે યોગ્ય હોય તે અરિહંત અથવા તો જે સંસારમાં ફરી ન ઊગે તે અરુહન્ત એ દૃષ્ટાન્ત છે. એમ **अरिहंत** શબ્દનો **दृष्टान्त** શબ્દ સાથે સંબંધ જોડવો.

તથા અરિહંતોએ ઉપદેશેલા માર્ગથી જવાનો સ્વભાવ જેઓનો છે, તે રાગદ્વેષરહિત

ચિત્તવાળા સાધુઓ પણ દૃષ્ટાન્ત છે.

એમાં સમ્યગ્દર્શનાદિ યોગોવડે જેઓ મોક્ષને સાધે તે સાધુ.

જેઓ રાગદ્વેષરહિત હોય તે સમચિત્ત.

પ્રશ્ન : આ સાધુઓ પણ કેમ દૃષ્ટાન્ત કહેવાય ?

ઉત્તર : કેમકે તેઓ અહિંસાદિગુણોવાળા છે.

એજ વાત કરે છે કે સ્વનિમિતે જ રસોઈ બનાવવામાં લીન એવા ગૃહસ્થોને વિશે આ સાધુઓ પિંડપાતની = ગોચરીની ગવેષણા કરે છે. **पिंडपातम्** શબ્દ લખ્યો નથી, એનો અધ્યાહાર કરવો.

પ્રશ્ન : તેઓ શું કરતાં કરતાં પિંડપાતની એષણા કરે છે ?

ઉત્તર : આરંભનાં અકરણથી પીડાને નહિ કરતાં તેઓ ગવેષણા કરે છે. **तु** શબ્દ અવધારણ અર્થવાળો છે. અર્થાત્ હિંસા ન જ કરવાની પ્રવૃત્તિ સાથે તેઓ ગવેષણા કરે છે.

આમ અનંતર અને પરંપર બંને પ્રકારનાં દૃષ્ટાન્ત કહ્યા.

પ્રશ્ન : દૃષ્ટાન્ત આ રીતે થોડું દર્શાવાય ? દૃષ્ટાન્તમાં તો **इव, वत्** પ્રત્યયનો ઉપયોગ થતો હોય છે.

ઉત્તર : આ દૃષ્ટાન્તને સૂચવનાર વાક્ય છે. દૃષ્ટાન્ત તો આપણે જ સુધારીને તૈયાર કરવું. તે આ પ્રમાણે **अर्हदादिवत्** ।

આ સાતમો અવયવ કહેવાઈ ગયો.

---

**साम्प्रतमष्टममभिधित्सुराह-**

**तत्थ भवे आसंका उद्दिस्स जइवि कीरए पागो । तेण र विसमं नायं वासतणा तस्स पडिसेहे ॥१४७॥**

---

હવે આઠમા અવયવને કહેવાની ઈચ્છાવાળા નિર્યુક્તિકાર કહે છે કે –

**નિર્યુક્તિ-૧૪૭ ગાથાર્થ :** તેમાં આશંકા થાય કે સાધુઓને પણ ઉદ્દેશીને પાક કરાય છે. તેથી આ દૃષ્ટાન્ત વિષમ છે. તેના પ્રતિષેધમાં વરસાદ, ઘાસ છે.

---

**व्याख्या-'<u>तत्र</u>' तस्मिन् दृष्टान्ते '<u>भवेदाशङ्का</u>' भवत्याक्षेपः, यथा '<u>उद्दिश्य</u>' अङ्गीकृत्य '<u>यतीनपि</u>' संयतानपि, अपिशब्दादपत्यादीन्यपि, '<u>क्रियते</u>' निर्वर्त्यते पाकः,**

कैः ?-गृहिभिरिति गम्यते, ततः किमित्यत आह-तेन कारणेन, र इति निपातः किलशब्दार्थः, 'विषमम्' अतुल्यं 'ज्ञातम्' उदाहरणं, वस्तुतः पाकोपजीवित्वेन साधूनामनवद्यवृत्त्यभावादिति, भावितमेवैतत् पूर्वम्, इत्यष्टमोऽवयवः, इदानीं नवममधिकृत्याह-'वर्षातृणानि तस्य प्रतिषेधे' इति, एतच्च भाष्यकृता प्राक् प्रपञ्चितमेवेति न प्रतन्यत इति गाथार्थः ॥१४७॥ उक्तो नवमोऽवयवः,

---

ટીકાર્થ : (૮) દષ્ટાન્તવિપક્ષ : સાધુરૂપ દષ્ટાન્તમાં આક્ષેપ થાય કે સાધુઓને પણ ઉદ્દેશીને ગૃહસ્થોવડે પાક કરાય જ છે. गृहिभिः શબ્દ લખ્યો નથી, એ સમજી લેવાનો.

यतीनपि માં अपि શબ્દથી સમજવું કે પુત્રાદિને ઉદ્દેશીને પણ પાક કરાય છે.

"તેમ હોય, તોય શું છે ?" એની સામે પૂર્વપક્ષ કહે છે કે આવું છે, તે કારણસર જ આ ઉદાહરણ સરખું નથી - ખોટું છે. કેમકે સાધુઓ ખરેખર તો પોતાના માટે બનનારા પાક ઉપર જીવનારા હોવાથી તેઓને પાપરહિતવૃત્તિ તો નથી જ. અર્થાત્ તેઓમાં હેતુ જ નથી. એટલે આ દષ્ટાન્ત ખોટું બની જાય.

(र અક્ષર નિપાત છે, અને किल - ખરેખર અર્થવાળો છે.)

આ વાત પૂર્વે વિચારેલી જ છે.

આ આઠમો અવયવ થયો.

(૯) દષ્ટાન્તવિપક્ષ પ્રતિષેધ :

હવે નવમા અવયવને આશ્રયીને કહે છે કે વરસાદ, તણખલા આ દષ્ટાન્તવિપક્ષનાં પ્રતિષેધમાં દર્શાવવા. (વર્ષા, ઘાસ પ્રજા માટે જ નથી થતાં. તથાસ્વભાવથી થાય છે તેમ ગૃહસ્થોને ત્યાં રસોઈ સાધુ માટે નથી બનતી. પણ પોતાના માટે બને છે... એટલે એ વાપરનારા સાધુઓ નિષ્પાપવૃત્તિવાળા બનવાથી આ દષ્ટાન્ત સંગત થાય છે.)

આ પદાર્થ ભાષ્યકારે પૂર્વે વિસ્તારથી દર્શાવ્યો જ છે એટલે અહીં એનો વિસ્તાર કરતાં નથી.

નવમો અવયવ કહેવાઈ ગયો.

---

साम्प्रतं चरममभिधित्सुराह-

तम्हा उ सुरनराणं पुज्जत्ता मंगलं सया धम्मो । दसमो एस अवयवो पइन्नहेऊ पुणोवयणं ॥१४८॥

---

હવે છેલ્લો અવયવ કહેવાની ઈચ્છાવાળા ગ્રન્થકાર કહે છે કે –

**નિર્યુક્તિ-૧૪૮ ગાથાર્થ :** "તેથી દેવ અને મનુષ્યોને પૂજ્ય હોવાથી ધર્મ સદા મંગલ છે" આ દશમો અવયવ છે. પ્રતિજ્ઞા અને હેતુનું પુનઃવચન એ નિગમન.

---

**व्याख्या-यस्मादेवं तस्मात् 'सुरनराणां' देवमनुष्याणां पूज्यत इति पूज्यस्तद्भावस्तस्मात् पूज्यत्वात् 'मङ्गलं' प्राग्निरूपितशब्दार्थं 'सदा' सर्वकालं 'धर्मः' प्रागुक्तः, 'दशम एषोऽवयव' इति सङ्ख्याकथनम्, किंविशिष्टोऽयमित्यत आह- 'प्रतिज्ञाहेत्वोः पुनर्वचनं' पुनर्हेतुप्रतिज्ञावचनमिति गाथार्थः ॥१४८॥ उक्तं द्वितीयं दशावयवं, साधनाङ्गता चावयवानां विनेयापेक्षया विशिष्टप्रतिपत्तिजनकत्वेन भावनीयेति । उक्तोऽनुगमः,**

---

**ટીકાર્થ : (૧૦) નિગમન :** જે કારણથી આવું છે, તે કારણથી નક્કી થાય છે કે દેવો અને મનુષ્યોને પણ આ ધર્મ પૂજ્ય હોવાથી ધર્મ સદામાટે મંગલ છે. મંગલનો અર્થ પૂર્વે કહી દીધો છે.

"આ દશમો અવયવ છે" એ સંખ્યાનું કથન કર્યું.

આ અવયવ કેવો વિશિષ્ટ છે ? (કેવા પ્રકારનો છે ?) એ દર્શાવે છે કે ફરીથી હેતુ અને પ્રતિજ્ઞાનું વચન એ આ દશમો અવયવ છે.

(પહેલો અવયવ પ્રતિજ્ઞા છે, ત્રીજો અવયવ હેતુ છે. દશમા અવયવમાં પહેલાં હેતુનો ઉચ્ચાર કરી પછી પ્રતિજ્ઞાનો ઉચ્ચાર કરવાનો હોય છે. અહીં ગાથામાં **प्रतिज्ञाहेत्वोः पुनर्वचनम्** એમ ક્રમ દર્શાવેલો છે. વૃત્તિકારે એ ક્રમ બદલી **हेतुप्रतिज्ञावचनम्** એમ યોગ્ય ક્રમ દર્શાવ્યો છે.)

આ બીજું દશાવયવી અનુમાન કહ્યું.

આ દશેય અવયવો અનુમાનનાં - સાધનનાં અંગો અવયવો છે. શ્રોતા શિષ્યને અનુસારે આ અવયવો વિશિષ્ટબોધને ઉત્પન્ન કરાવનારા હોવાથી તેઓ સાધનનાં અંગ છે... એ વાત વિચારવી. (આશય એ છે કે જે સમ્યગ્જ્ઞાનને ઉત્પન્ન કરે તે પ્રમાણ. અનુમાન પ્રમાણ સાચીઅનુમિતિને ઉત્પન્ન કરે. હવે આ સાચી અનુમિતિને ઉત્પન્ન કરવામાં જે જે વસ્તુ સહાયક બને, તે તે વસ્તુ અનુમાનનું અંગ કહેવાય. આ દસેય અવયવો બધે જ ઉપયોગમાં આવે તેવું નથી. પરંતુ તે તે શિષ્યોને તેવી તેવી પ્રતીતિ કરાવનાર હોવાથી તે રીતે તેઓ અનુમાનનાં અંગ બને છે.)

અનુગમ કહેવાઈ ગયો.

साम्प्रतं नया उच्यन्ते-ते च नैगमसंग्रहव्यवहारऋजुसूत्रशब्दसमभिरूढैवंभूतभेदभिन्नाः खल्वोघतः सप्त भवन्ति, स्वरूपं चैतेषामध आवश्यक-समायिकाध्ययने न्यक्षेण प्रदर्शितमेवातो नेह प्रतन्यते, इह पुनः स्थानाशून्यार्थमेते ज्ञानक्रियानयद्वयान्तर्भावद्वारेण समासतः प्रोच्यन्ते-ज्ञाननयः क्रियानयश्च, तत्र ज्ञाननयदर्शनमिदम्-ज्ञानमेव प्रधानमैहिकामुष्मिकफलप्राप्तिकारणं, युक्तियुक्तत्वात्,

હવે નયો કહેવાય છે.

તે નૈગમ, સંગ્રહ... એવંભૂત ભેદની અપેક્ષાએ સામાન્યથી સાત છે. આ બધાનું સ્વરૂપ નીચે=પૂર્વે આવશ્યકમાં સામાયિકઅધ્યયનમાં વિસ્તારથી દર્શાવેલું જ છે. એટલે અહીં ફરી વિસ્તાર કરતાં નથી. અહીં તો નયનું સ્થાન શૂન્ય ન રહે, તે માટે આ સાતનયો જ્ઞાન અને ક્રિયા આ બે નયમાં અન્તર્ભાવ પમાડીને સંક્ષેપથી કહેવાય છે.

બે નય છે. જ્ઞાનનય અને ક્રિયાનય.

તેમાં જ્ઞાનનયની માન્યતા આ છે કે જ્ઞાન જ આલૌકિક અને પારલૌકિક ફલની પ્રાપ્તિનું પ્રધાનકારણ છે. કેમકે જ્ઞાન યુક્તિયુક્ત છે.

तथा चाह-

णायंमि गिण्हियव्वे अगिण्हियव्वंमि चेव अत्थंमि । जइयव्वमेव इइ जो उवएसो सो नओ नामं ॥१४९॥

એ જ વાત કહે છે કે...

નિર્યુક્તિ-૧૪૯ ગાથાર્થ : ગ્રાહ્ય અર્થ અને અગ્રાહ્ય અર્થ જણાયે છતે જ યત્ન કરવો આ પ્રમાણે જે ઉપદેશ, તે નય છે.

व्याख्या-'णायंमि'त्ति ज्ञाते सम्यक्परिच्छिन्ने 'गिण्हियव्वे'त्ति ग्रहीतव्य उपादेये 'अगिण्हियव्वंमि'त्ति अग्रहीतव्येऽनुपादेये हेय इत्यर्थः, चशब्दः खलूभयोर्ग्रहीतव्याग्रहीतव्ययोर्ज्ञातत्वानुकर्षणार्थः उपेक्षणीयसमुच्चयार्थो वा, एवकारस्त्ववधारणार्थः, तस्य चैवं व्यवहितः प्रयोगो द्रष्टव्यः-ज्ञात एव ग्रहीतव्ये तथाऽग्रहीतव्ये तथोपेक्षणीये चार्थे तु ज्ञात एव नाज्ञाते, 'अत्थंमि'त्ति अर्थे ऐहिकामुष्मिके, तत्रैहिको ग्रहीतव्यः स्रक्चन्दनाङ्गनादिः अग्रहीतव्यो

विषशस्त्रकण्टकादिः उपेक्षणीयः तृणादिः, आमुष्मिको ग्रहीतव्यः सम्यग्दर्शनादिः अग्रहीतव्यो मिथ्यात्वादिः उपेक्षणीयो विवक्षयाऽभ्युदयादिरिति, तस्मिन्नर्थे 'यतितव्यमेवे'ति अनुस्वारलोपाद्यतितव्यम्, एवम्-अनेन प्रक्रमेणैहिकामुष्मिकफलप्राप्त्यर्थिना सत्वेन प्रवृत्त्यादिलक्षणः प्रयत्नः कार्य इत्यर्थः । इत्थं चैतदङ्गीकर्तव्यम्, सम्यगज्ञाते प्रवर्तमानस्य फलविसंवाददर्शनात्, तथा चान्यैरप्युक्तम्-"विज्ञप्तिः फलदा पुंसां, न क्रिया फलदा मता । मिथ्याज्ञानात्प्रवृत्तस्य, फलप्राप्तेरसंभवात् ॥१॥" तथाऽऽमुष्मिकफलप्राप्त्यर्थिनापि ज्ञात एव यतितव्यम्, तथा चागमोऽप्येवमेव व्यवस्थितः, यत उक्तम्-"पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए । अन्नाणी किं काही ?, किंवा णाहिति छेयपावगं ? ॥१॥" इतश्चैतदेवाङ्गीकर्तव्यं यस्मात्तीर्थकरगणधरैरगीतार्थानां केवलानां विहारक्रियाऽपि निषिद्धा, तथा चागमः-"गीयत्थो य विहारो बीओ गीयत्थमीसिओ चेव । इत्तो तइयविहारो णाणुन्नाओ जिणवरेहिं ॥१॥" यस्मादन्धेनान्धः समाकृष्यमाणः सम्यक्पन्थानं न प्रतिपद्यत इत्यभिप्रायः । एवं तावत्क्षायोपशमिकं ज्ञानमधिकृत्योक्तं, क्षायिकम( प्य )ङ्गीकृत्य विशिष्टफलसाधकत्वं तस्यैव विज्ञेयम्, यस्मादर्हतोऽपि भवाम्भोधितटस्थस्य दीक्षां प्रतिपन्नस्योत्कृष्टतपश्चरणवतोऽपि न तावदपवर्गप्राप्तिः संजायते यावज्जीवाजीवाद्यखिलवस्तुपरिच्छेदरूपं केवलज्ञानं नोत्पन्नमिति, तस्माज्ज्ञानमेव प्रधानमैहिकामुष्मिकफलप्राप्तिकारणमिति स्थितम् 'इति जो उवएसो सो णओ णामं' ति 'इति' एवमुक्तेन न्यायेन य उपदेशो-ज्ञानप्राधान्यख्यापनपरः स नयो नाम-ज्ञाननय इत्यर्थः, अयं च ज्ञानवचनक्रियारूपेऽस्मिन्नध्ययने ज्ञानरुपमेवेदमिच्छति, ज्ञानात्मकत्वादस्य, वचनक्रिये तु तत्कार्यत्वात्तदायत्तत्वान्नेच्छति, गुणभूते चेच्छति इति गाथार्थः ॥१४९॥ उक्तो ज्ञाननयः,

---

ટીકાર્થ : ઉપાદેય અર્થનો સમ્યક્બોધ થાય અને હેય અર્થનો સમ્યક્બોધ થાય પછી જ આલોકસંબંધી કે પરલોકસંબંધી પદાર્થોમાં યત્ન કરવો જોઈએ.

**चेव** માં જે **च** છે, એ ગ્રાહ્ય અને અગ્રાહ્ય બંને વસ્તુમાં જ્ઞાતત્વનું અનુકર્ષણ કરવા માટે છે. અર્થાત્ આ બંને અર્થો જ્ઞાત બનવા જોઈએ... એમ બેયમાં જ્ઞાતતાનો સંબંધ કરાવવા માટે છે.

અથવા તો એ **च** ઉપેક્ષણીય પદાર્થોનો સમુચ્ચય કરવા માટે છે.

**चेव**માં જે **एव** છે, તે અવધારણ અર્થવાળો છે. તેનો આ પ્રમાણે વ્યવહિતપ્રયોગ જાણવો કે **ज्ञाते एव ग्रहीतव्ये..** (અર્થાત્ **एव** ને **णायंमि** શબ્દની સાથે જોડવાનો છે. એના મૂળસ્થાનથી હટાવીને બીજા સ્થાને જોડવાનો છે.) પરંતુ ગ્રાહ્ય, અગ્રાહ્યાદિ પદાર્થો અજ્ઞાત હોય, ત્યારે પ્રયત્ન નથી જ કરવાનો.

**अत्थंमि** શબ્દ છે, તેમાં અર્થ બે પ્રકારનો છે. ઐહિકઅર્થ અને આમુષ્મિકઅર્થ. એમાં ઐહિક ગ્રાહ્ય-અર્થો માળા, ચંદન, સ્ત્રી વગેરે.

ઐહિક અગ્રાહ્યઅર્થો ઝેર, શસ્ત્ર, કાંટા વગેરે.

ઐહિક ઉપેક્ષ્યઅર્થો તણખલા વગેરે.

આમુષ્મિક ગ્રાહ્યઅર્થો સમ્યગ્દર્શન વગેરે.

આમુષ્મિક અગ્રાહ્યઅર્થો મિથ્યાત્વ વગેરે.

આમુષ્મિક ઉપેક્ષ્યઅર્થો વિવક્ષા પ્રમાણે સ્વર્ગલોક વગેરે. (આમ તો સ્વર્ગાદિ ઉપેક્ષ્ય ન બને. પરંતુ જેને મોક્ષની જ તીવ્ર લગન છે, એની અપેક્ષાએ તો સ્વર્ગાદિ પણ ઉપેક્ષ્ય જ બની રહે છે. બાકી સામાન્ય દૃષ્ટિથી વિચારીએ તો જેમ તણખલાદિ તુચ્છ છે, એ રીતે કંઈ સ્વર્ગાદિ તુચ્છ નથી. આધ્યાત્મિક દૃષ્ટિથી તેને તુચ્છ ગણીને ઉપેક્ષ્ય કહ્યા છે..)

**यतितव्यमेव** માં અનુસ્વારનો લોપ થયો છે, એટલે **यतितव्यमेवम्** એમ **एवम्** સમજવું.

**एवम्** આ પ્રક્રમથી ઐહિક-આમુષ્મિકફલની પ્રાપ્તિની ઈચ્છાવાળા જીવે જ્ઞાત જ અર્થમાં યત્ન કરવો જોઈએ...

આ પદાર્થ આ પ્રમાણે જ સ્વીકારવો જોઈએ. કેમકે સમ્યગ્ નહિ જણાયેલા પદાર્થમાં જેઓ પ્રવૃત્તિ કરે છે, તેઓને ફલનો વિસંવાદ દેખાય છે. અર્થાત્ તેઓને ફલની પ્રાપ્તિ ન થતી, ઊંધાફલની પ્રાપ્તિ થતી દેખાય છે. એટલે સાચુંફલ મેળવવું હોય તો યત્ન પૂર્વે જ્ઞાન જરૂરી છે.

બીજાઓએ પણ કહ્યું છે કે

"પુરુષોને વિજ્ઞાન ફલદાયી છે. ક્રિયા ફલદાયી મનાઈ નથી. કેમકે મિથ્યાજ્ઞાનથી પ્રવૃત્તિ કરનારાને ફલની પ્રાપ્તિનો સંભવ થતો નથી."

(આ તો ઐહિકફલની અપેક્ષાએ વાત કરી)

એ પ્રમાણે પારલૌકિકફલની પ્રાપ્તિની ઈચ્છાવાળાએ પણ જ્ઞાતપદાર્થમાં જ યત્ન કરવો જોઈએ. આગમપાઠ પણ આ જ પ્રમાણે વ્યવસ્થિત છે. કેમકે કહ્યું છે કે "પ્રથમ

જ્ઞાન છે. પછી દયા છે. આ પ્રમાણે સર્વવિરતિધર રહે છે. અજ્ઞાની શું કરશે ? તે શું પુણ્ય-પાપને જાણશે ?"

વળી આ બીજા કારણસર પણ આ વાત સ્વીકારવી જ જોઈએ તે બીજું કારણ એ છે કે તીર્થંકરગણધરોએ પણ એકલા અગીતાર્થોને વિહાર કરવાની ક્રિયાનો નિષેધ કરેલો છે. આગમપાઠ છે કે "એક ગીતાર્થવિહાર, બીજો ગીતાર્થમિશ્રિતવિહાર, આ સિવાયનાં ત્રીજા વિહારની જિનેશ્વરોએ રજા આપી નથી." એનું કારણ પણ એ છે કે અંધવડે લઈ જવાતો અંધ સાચામાર્ગને પામી શકતો જ નથી એ અભિપ્રાય છે. (અગીતાર્થ અંધ છે, એ શરણે આવેલા અગીતાર્થોરૂપી અંધને ખેંચી જાય છે...)

આમ આ તો ક્ષાયોપશમિકજ્ઞાનને આશ્રયીને કહ્યું.

ક્ષાયિકજ્ઞાનને આશ્રયીને વિચારીએ તો એમાં પણ વિશિષ્ટફલસાધકતા જ્ઞાનની જ જાણવી. કેમકે ભવસમુદ્રનાં સામે કિનારે પહોંચી ચૂકેલા, દીક્ષા લઈ ચૂકેલા, ઉત્કૃષ્ટ તપ-ચારિત્રવાળા એવા પણ અરિહંતોને પણ ત્યાંસુધી મોક્ષની પ્રાપ્તિ થતી નથી, જ્યાંસુધી જીવ-અજીવ વગેરે તમામે તમામ પદાર્થોનાં બોધરૂપ કેવલજ્ઞાન ન થાય.

તેથી જ્ઞાન જ આલૌકિક, પારલૌકિક ફલોની પ્રાપ્તિનું પ્રધાનકારણ છે એ વાત સ્થિર થઈ.

આ ઉપર પ્રમાણેનો જે ઉપદેશ તે જ્ઞાનનય છે. અર્થાત્ જ્ઞાનની પ્રધાનતાને દર્શાવવામાં તત્પર એવો આ નય જ્ઞાનનય છે.

આ નય જ્ઞાન, વચન અને ક્રિયારૂપ આ અધ્યયનને વિશે જ્ઞાનરૂપ જ આ અધ્યયનને માને છે. (આ પ્રથમ અધ્યયન શ્રુતજ્ઞાનરૂપ છે, વચનરૂપ છે અને ચારિત્રક્રિયાનું પ્રતિપાદક હોવાથી ક્રિયારૂપ છે... એમાં જ્ઞાનનય તો એમ જ માને છે કે આ અધ્યયન જ્ઞાનનયરૂપ છે.) કેમકે આ અધ્યયન (આ નયની અપેક્ષાએ) જ્ઞાનાત્મક છે.

**પ્રશ્ન :** શું વચન અને ક્રિયારૂપ આ અધ્યયન નથી ?

**ઉત્તર :** વચન અને ક્રિયા તો આ અધ્યયનનાં કાર્યભૂત છે. એટલે વચન અને ક્રિયા એ જ્ઞાનને આધીન છે. એટલે આ નય વચન-ક્રિયાને સ્વીકારતો નથી. હા ! વચન-ક્રિયાને ગૌણભૂત માને છે. (પહેલાં આ અધ્યયનનું જ્ઞાન થાય, પછી જ ગુરુ એનો ઉપદેશ આપે = વચન બોલે, અને પછી જ શિષ્યો એ ઉપદેશ પ્રમાણે ક્રિયા કરે, આમ વચન અને ક્રિયા એ જ્ઞાનનાં કાર્યભૂત બન્યા.)

જ્ઞાનનય કહેવાઈ ગયો.

अधुना क्रियानयावसरः, तद्दर्शनं चेदम्-क्रियैव प्रधानं, एहिकामुष्मिकफलप्राप्तिकारणं, युक्तियुक्तत्वात्, तथा चायमप्युक्तलक्षणामेव स्वपक्षसिद्धये गाथामाह-

णायंमि गिण्हियव्वे अगिण्हियव्वंमि चेव अत्थंमि । जइयव्वमेव इइ जो उवएसो सो नओ नामं ॥१४९॥

---

હવે ક્રિયાનયનો અવસર છે.

તેની માન્યતા આ છે કે ક્રિયા જ આલૌકિક, પારલૌકિક ફલનું પ્રધાનકારણ છે. કેમકે ક્રિયા યુક્તિયુક્ત છે.

આ નય પણ (પોતાની પુષ્ટિ માટે) ઉપર દર્શાવેલી ગાથાને જ પોતાના પક્ષની સિદ્ધિ માટે કહે છે કે –

નિર્યુક્તિ-૧૪૯ ગાથાર્થ : "ગ્રાહ્ય અને અગ્રાહ્ય અર્થ જણાઈ ગયા બાદ યત્ન કરવો જ જોઈએ" આ પ્રમાણે જે ઉપદેશ, તે નય છે.

---

अस्याः क्रियानयदर्शनानुसारेण व्याख्या-ज्ञाते ग्रहीतव्ये अग्रहीतव्ये चैव अर्थे ऐहिकामुष्मिकफलप्राप्त्यर्थिना यतितव्यमेव, न यस्मात्प्रवृत्त्यादिलक्षणप्रयत्नव्यतिरेकेण ज्ञानवतोऽप्यभिलषितार्थावाप्तिर्दृश्यते, तथा चान्यैरप्युक्तम्-"क्रियैव फलदा पुंसां, न ज्ञानं फलदं मतम् । यतः स्त्रीभक्ष्यभोगज्ञो, न ज्ञानात्सुखितो भवेत् ॥१॥" तथाऽऽमुष्मिकफलप्राप्त्यर्थिनाऽपि क्रियैव कर्तव्या, तथा च मौनीन्द्रप्रवचनमप्येवमेव व्यवस्थितम्, यत उक्तम्-"चेइयकुलगणसंघे आयरियाणं च पवयणसुए य । सव्वेसुवि तेण कयं तवसंजममुज्जमंतेणं ॥१॥" इतश्चैतदेवमङ्गीकर्तव्यम्, यस्मात्तीर्थकरगणधरैः क्रियाविकलानां ज्ञानमपि विफलमेवोक्तं, तथा चागमः- "सुबहुंपि सुयमहीयं किं काही चरणविप्पमुक्कस्स ? । अंधस्स जह पलित्ता दीवसयसहस्सकोडीवि ॥१॥" दृशिक्रियाविकलत्वात्तस्येत्यभिप्रायः । एवं तावत्क्षायोपशमिकं चारित्रमङ्गीकृत्योक्तम्, चारित्रं क्रियेत्यनर्थान्तरम्, क्षायिकमप्यङ्गीकृत्य प्रकृष्टफलसाधकत्वं तस्यैव विज्ञेयम्, यस्मादर्हतोऽपि भगवतः समुत्पन्नकेवलज्ञानस्यापि न तावन्मुक्त्यवाप्तिः संजायते, यस्मा( याव )दखिलकर्मेन्धनानलभूता ह्रस्वपञ्चाक्षरोच्चारणमात्रकालावस्थायिनी सर्वसंवररूपा चारित्रक्रिया नावाप्तेति, तस्मात्क्रियैव प्रधानमैहिकामुष्मिकफलप्राप्तिकारणमिति स्थितम् । 'इति जो उवएसो सो णओ णामं'ति 'इति' एवमुक्तेन न्यायेन

य उपदेशः किम् ?- क्रियाप्राधान्यख्यापनपरः स नयो नाम-क्रियानय इत्यर्थः अयं च ज्ञानवचनक्रियारूपेऽस्मिन्नध्ययने क्रियारूपमेवेदमिच्छति, तदात्मकत्वादस्य, ज्ञानवचने तु तदर्थमुपादीयमानत्वादप्रधानत्वान्नेच्छति गुणभूते चेच्छतीति गाथार्थः ॥१४९॥ उक्तः क्रियानयः,

---

ટીકાર્થ : આ ગાથાની ક્રિયાનયની માન્યતાને અનુસારે વ્યાખ્યા આ પ્રમાણે છે કે ગ્રાહ્ય અને અગ્રાહ્ય અર્થ જણાઈ ગયા બાદ ઐહિક-આમુષ્મિક ફલ પ્રાપ્તિની ઈચ્છાથી યત્ન કરવો જ જોઈએ. કેમકે પ્રવૃત્તિ વગેરે રૂપ પ્રયત્ન વિના જ્ઞાનવાળાને પણ ઈષ્ટ અર્થની પ્રાપ્તિ દેખાતી નથી.

બીજાઓએ પણ કહ્યું છે કે "પુરુષોને ક્રિયા જ ફલદાયી છે. જ્ઞાન ફલદાયી મનાયું નથી. કેમકે સ્ત્રી અને ભક્ષ્યનાં ભોગને જાણનારો જ્ઞાનમાત્રથી સુખી થતો નથી."

(આમ આ તો ઐહિકફલની અપેક્ષાએ વાત કરી.)

એમ પારલૌકિકફલની પ્રાપ્તિની ઈચ્છાવાળાએ પણ ક્રિયા જ કરવી જોઈએ.

જુઓ, તીર્થંકરનું પ્રવચન પણ આ પ્રમાણે જ વ્યવસ્થિત છે. કેમકે કહ્યું છે કે "ચૈત્ય, કુલ, ગણ, સંઘ, આચાર્ય, પ્રવચન, શ્રુત.... આ તમામ વસ્તુમાં તેણે પોતાનું કર્તવ્ય બજાવી દીધું છે, જેણે તપ અને સંયમમાં ઉદ્યમ કરે છે." (અહીં તપાદિઉદ્યમ એ ક્રિયા છે, એ ક્રિયાથી જ જીવ કૃતકૃત્ય માન્યો છે.)

વળી આ બીજા કારણસર પણ આ વાત આ પ્રમાણે સ્વીકારવી જોઈએ. કેમકે તીર્થંકર અને ગણધરોએ ક્રિયાહીન જીવોનું જ્ઞાન પણ નિષ્ફલ જ કહ્યું છે.

આગમપાઠ છે કે "ગમે એટલું શ્રુત ભણેલું હોય તો પણ ચારિત્રથી હીન જીવને એ શું લાભ કરશે ? જેમ અંધને લાખો કરોડો પ્રગટેલા દીપકો કશો જ લાભ ન કરે." આ પાઠનો અભિપ્રાય એ છે કે અંધ જોવાની ક્રિયા વિનાનો છે, એટલે એને દીપકો નિષ્ફળ છે. એમ ચારિત્રક્રિયા વિનાનાંને શ્રુત નિષ્ફલ છે.

આમ આ તો ક્ષાયોપશમિકચારિત્રને આશ્રયીને કહ્યું.

(પ્રશ્ન : અહીં તો ક્રિયાની વાત ચાલે છે, એમાં વળી ચારિત્રની વાત કેમ કરો છો ?)

ઉત્તર : ચારિત્ર, ક્રિયા આ બધા સમાનાર્થીશબ્દો છે.

હવે ક્ષાયિકચારિત્રની અપેક્ષાએ વિચારીએ તો પણ ઉત્કૃષ્ટફલની સાધકતા ચારિત્રની જ જાણવી. કેમકે અરિહંત ભગવંતોને કેવલજ્ઞાન થઈ ગયા બાદ પણ ત્યાંસુધી મુક્તિની

પ્રાપ્તિ થતી નથી જયાંસુધી તમામ કર્મરૂપી ઈન્ધનને માટે અગ્નિ સમાન, પાંચ હ્રસ્વઅક્ષરોનાં ઉચ્ચાર કરવામાં જેટલો કાળ લાગે, માત્ર એટલા જ કાળ રહેનાર, એવી સર્વસંવરરૂપ ચારિત્રક્રિયા પ્રાપ્ત ન થાય.

આમ ક્રિયા જ ઐહિક-આમુષ્મિકફલની પ્રાપ્તિનું પ્રધાનકારણ છે. એ વાત નક્કી થઈ.

આમ ઉપર બતાવેલા ન્યાય પ્રમાણે જે ઉપદેશ આપવો, ક્રિયાની પ્રધાનતા દેખાડવામાં તત્પર તે ઉપદેશ ક્રિયાનય છે.

હવે આ અધ્યયન જ્ઞાન, વચન અને ક્રિયા રૂપ છે. એમાં આ નય તો આ અધ્યયનને ક્રિયારૂપ જ માને છે. કેમકે (આ નયની અપેક્ષાએ) આ અધ્યયન ક્રિયારૂપ છે. જ્ઞાન અને વચન તો આ ક્રિયાની પ્રાપ્તિ માટે જ ગ્રહણ કરાય છે, અને માટે જ તે અપ્રધાન છે, અને માટે જ આ નય જ્ઞાન અને વચનને ઈચ્છતો નથી. હા ! જ્ઞાનવચનને ગૌણભૂત ઈચ્છે છે.

આ ક્રિયાનય કહેવાઈ ગયો.

---

**इत्थं ज्ञाननयक्रियानयस्वरूपं श्रुत्वाऽविदिततदभिप्रायो विनेयः संशयापन्नः सन्नाह-कमत्र तत्त्वं ?, पक्षद्वयेऽपि युक्तिसंभवाद्, आचार्यः पुनराह अथवा ज्ञानक्रियानयमतं प्रत्येकमभिधायाधुना स्थितपक्षमुपदर्शयन् पुनराह-**

सव्वेसिंपि नयाणं बहुविहवत्तव्वयं निसामेत्ता । तं सव्वनयविसुद्धं जं चरणगुणट्ठिओ साहू ॥१५०॥

---

આ પ્રમાણે જ્ઞાનનય અને ક્રિયાનયના સ્વરૂપને સાંભળીને તેના અભિપ્રાયને નહિ જાણનાર શિષ્ય સંશય પામ્યો છતો કહે છે કે "આમાં તત્ત્વ શું છે ? કેમકે બંને પક્ષમાં યુક્તિનો સંભવ છે. બેય સાચા લાગે છે."

આચાર્ય એનો જવાબ આપે છે કે

નિર્યુક્તિ-૧૫૦ ગાથાર્થ : તમામ નયોની ઘણી બધી વાતો સાંભળીને (એમ પરમાર્થ જાણવો કે) જે ચારિત્રગુણસ્થિત સાધુ છે, તે સર્વનયવિશુદ્ધ છે.

---

**व्याख्या-'सर्वेषा'मिति मूलनयानामपिशब्दात्तद्भेदानां च द्रव्यास्तिकादीनां 'बहुविधवक्तव्यतां' सामान्यमेव विशेषा एव उभयमेव वाऽनपेक्षमित्यादिरूपाम्, अथवा नामादीनां नयानां कः कं साधुमिच्छतीत्यादिरूपां 'निशम्य' श्रुत्वा तत् 'सर्वनयविशुद्धं'**

सर्वनयसंमतं वचनं 'यच्चरणगुणस्थितः साधुः' यस्मात्सर्वनया एव (सर्वेऽपि नया) भावविषयं निक्षेपमिच्छन्तीति गाथार्थः ॥१५०॥

---

ટીકાર્થ सर्वेषां नयानां એટલે નૈગમાદિ સાત મૂલનયો... अपि શબ્દથી આ સાતનાં જ ભેદરૂપ દ્રવ્યાસ્તિકાયાદિ નયો પણ લઈ લેવા.

આ બધાની અનેકપ્રકારની વાતો આ પ્રમાણે કે કોઈ નય એમ માને છે કે "સામાન્ય નામનો જ પદાર્થ છે" કોઈ નય એમ માને છે કે "વિશેષ નામનો જ પદાર્થ છે" કોઈ વળી બંને માને છે. પણ બંનેને એકબીજાની અપેક્ષા વિનાના = સ્વતંત્ર માને છે.

આ બધા નયોની બહુવિધવક્તવ્યતા દર્શાવી.

અથવા તો નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ એ પણ ચાર નયો છે. આમાંથી કયો નય કોને સાધુ માને છે ?... એ પણ બધા નયોની બહુવિધવક્તવ્યતા કહેવાય.

આ બધું સાંભળ્યા બાદ સંદેહ ન કરવો. પરંતુ એમ તત્ત્વ જાણવું કે "ચારિત્રગુણસ્થિત આત્મા સાધુ છે" આવું વચન સર્વનયને સંમત છે.

(ચારિત્ર એટલે ક્રિયા, ગુણ એટલે જ્ઞાન... આમ આચારાંગવૃત્તિકારે દર્શાવ્યું છે.)

પ્રશ્ન : આ વચન બધા નયોને સંમત કેમ બને છે ?

ઉત્તર : કેમકે તમામ નયો ભાવવિષયક નિક્ષેપને ઈચ્છે છે. અર્થાત્ ભાવનિક્ષેપમાં જે વસ્તુ આવે, તે બધા જ નયો માન્ય રાખે, કેમકે બધા જ નયો ભાવને તો માને જ છે. હવે જે ચારિત્રગુણસ્થિત સાધુ છે, એ તો ભાવવાળો છે જ. એ સાધુપદનો ભાવનિક્ષેપો ` એટલે બધા જ નયો આ સાધુને તો સાધુ તરીકે માનવા તૈયાર થાય જ છે.

---

दुमपुप्फियनिज्जुत्ती समासओ वण्णिया विभासाए। जिणचउद्दसपुव्वी वित्थरेण कहयंति से अट्ठं ॥१५१॥ दुमपुप्फियनिज्जुत्ती समत्ता ।

---

નિર્યુક્તિ-૧૫૧ ગાથાર્થ : વિભાષાથી = વિશિષ્ટભાષા દ્વારા અથવા તો જુદા જુદા વિકલ્પો દ્વારા દ્રુમપુષ્પિકાનિર્યુક્તિનું સંક્ષેપથી વર્ણન કર્યું. જિનેશ્વરો અને ચૌદપૂર્વીઓ વિસ્તારથી તેના અર્થને કહે છે.

---

सुगमा ।

इत्याचार्यश्रीहरिभद्रसूरिविरचितायां दशवैकालिकटीकायां द्रुमपुष्पिकाध्ययनं समाप्तम् ।

व्याख्यायाध्ययनमिदं प्राप्तं यत्कुशलमिह मया किञ्चित् । सद्धर्मलाभमखिलं लभतां भव्यो जनस्तेन ॥१॥

---

ટીકાર્થ : ગાથા સુગમ છે.

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિવિરચિત એવી દશવૈકાલિકટીકામાં આ દ્રુમપુષ્પિકા અધ્યયન સમાપ્ત થયું.

આ અધ્યયનનું વ્યાખ્યાન કરીને મેં જે કંઈ કુશલ= પુણ્યાનુબંધીપુણ્ય પ્રાપ્ત કર્યું હોય, તેનાથી ભવ્યલોક સદ્ધર્મનાં સંપૂર્ણ લાભને પામો.

**इति सूरिपुरन्दरश्रीमद्धरिभद्रसूरिविरचितायां दशवैकालिकबृहद्वृत्तौ प्रथममध्ययनं द्रुमपुष्पिकाख्यं समाप्तम् ।**

સભાષાંતર દશવૈકાલિકસૂત્ર ભાગ-૧ સંપૂર્ણ